णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

# ન્યાયસિદ્ધાન્તમુક્તાવલી

ભાગ : ૧

વિવેચનકાર

પં. ચન્દ્રશેખરવિજયજી

૩૫૦

કમલ પ્રકાશન ટ્રસ્ટ

**પ્રકાશક :**

**કમલ પ્રકાશન ટ્રસ્ટ**

જીવતલાલ પ્રતાપશી સંસ્કૃતિ ભવન

૨૭૭૭, નિશા પોળ, ઝવેરીવાડ,

રીલિફ રોડ, અમદાવાદ-૧

ફોન : ૨૫૩૫૫૮૨૩, ૨૫૩૫૬૦૩૩

**વિવેચનકાર પરિચય :**

સિદ્ધાન્તમહોદધિ, સચ્ચારિત્રચૂડામણિ,

સ્વ. પૂજ્યપાદ આ. ભગવંત શ્રીમદ્વિજય

પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબના વિનેય

**પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી**

**આવૃત્તિ :**

પ્રથમ સંસ્કરણ : નકલ : ૧૦૦૦ વિ.સં. ૨૦૬૩

તા. ૫-૧૧-૨૦૦૬

મૂલ્ય રૂા. ૧૦૦/-

**ટાઈપસેટિંગ :**

**અરિહંત ગ્રાફિક્સ**

ખાડિયા ચાર રસ્તા, ખાડિયા, અમદાવાદ.

**મુદ્રક :**

**ભગવતી ઓફસેટ**

બારડોલપુરા,

અમદાવાદ

**ઉમળકાભર્યા હૈયે અમે સ્વીકારીએ છીએ**
**આપનું સ્નેહભર્યું સૌજન્ય.**

કમલ પ્રકાશન ટ્રસ્ટ તરફથી પ્રગટ થતાં શાસ્ત્ર ગ્રંથો કે તેના વિવેચનોમાં આપના શ્રીસંઘે જ્ઞાનખાતાની રકમ આપી લાભ લીધો તે બદલ ખૂબ ખૂબ ધન્યવાદ.

● સૌજન્ય ●

પ.પૂ. જિનસુંદરવિજયજી મ.સા.ની પ્રેરણાથી

**શ્રી ઘાટકોપર જૈન શ્વે. મૂ.પૂ. તપગચ્છ સંઘ**

નવરોજ ક્રોસ લેન, ઘાટકોપર (વેસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૮૬.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | ઉપોદ્‌ઘાત | ૧ |
| ૨. | સમાપ્તપુનરાત્તત્વ | ૫ |
| ૩. | મંગલવાદ | ૯ |
| ૪. | ઈશ્વરકર્તૃત્વવાદ | ૨૩ |
| ૫. | પદાર્થ-નિરૂપણ | ૨૭ |
| ૬. | શક્તિવાદ | ૨૯ |
| ૭. | દ્રવ્ય-નિરૂપણ | ૩૫ |
| ૮. | તમોવાદ | ૪૪ |
| ૯. | ગુણ-નિરૂપણ | ૪૬ |
| ૧૦. | જાતિનિરૂપણ | ૪૮ |
| ૧૧. | વિશેષ-નિરૂપણ | ૫૪ |
| ૧૨. | સમવાય-નિરૂપણ | ૫૫ |
| ૧૩. | અભાવ-નિરૂપણ | ૬૦ |
| ૧૪. | સાધર્મ્ય-નિરૂપણ | ૬૫ |
| ૧૫. | પૃથ્વી-નિરૂપણ | ૧૧૪ |
| ૧૬. | જલ-નિરૂપણ | ૧૩૬ |
| ૧૭. | તેજસ-નિરૂપણ | ૧૪૬ |
| ૧૮. | વાયુ-નિરૂપણ | ૧૫૩ |
| ૧૯. | આકાશ-નિરૂપણ | ૧૫૮ |
| ૨૦. | કાળ-નિરૂપણ | ૧૬૨ |
| ૨૧. | દિગ્‌-નિરૂપણ | ૧૬૭ |
| ૨૨. | આત્મ-નિરૂપણ | ૧૬૮ |
| ૨૩. | મન-આત્મવાદ | ૧૭૫ |
| ૨૪. | સાંખ્યમત-નિરૂપણ અને ખંડન | ૨૦૩ |
| ૨૫. | બુદ્ધિ-નિરૂપણ | ૨૧૩ |
| ૨૬. | પ્રત્યક્ષ-નિરૂપણ | ૨૨૨ |
| ૨૭. | અલૌકિક-સંનિકર્ષ | ૨૬૧ |

જોડાઓ.... જોડાઓ.... જોડાઓ....

**સત્સંગની અને સંસ્કરણની સાથોસાથ**
**સમ્યગજ્ઞાન આપતી અજોડ સંસ્થા એટલે...**
**શેઠશ્રી કાંતિલાલ લલ્લુભાઈ ઝવેરી સંસ્કૃતિ પ્રચારક ટ્રસ્ટ સંચાલિત**

**પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય**

# પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા

પ્રેરણામૂર્તિ : **પ.પૂ. પંન્યાસશ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબ**
**તથા પૂ. સાધ્વીશ્રી મહાનંદાશ્રીજીના સ્વર્ગીય માતુશ્રી**
**સુભદ્રાબેન કાંતિલાલ પ્રતાપશી હ. પ્રફુલ્લભાઈ**
પ્રેરણાદાતા : **પ.પૂ. પંન્યાસશ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબ**
સંયોજક : **પૂ. મુનિશ્રી જિતરક્ષિતવિજયજી મ.સાહેબ**

---

**સંસ્કૃત પાઠશાળાની કેટલીક વિશિષ્ટતાઓ :**

● ૩ કે ૫ વર્ષનો કોર્ષ ● રહેવાનું અને જમવાનું નિઃશુલ્ક ● પ્રકરણ-ભાષ્ય-કર્મગ્રંથ-સંસ્કૃત-પ્રાકૃતાદિનો અભ્યાસ ● અંગ્રેજી-સંગીત-નામું-કોમ્પ્યુટર-પૂજનાદિનો કોર્સ ● વિવિધ પ્રકારની સ્કોલરશીપ અને ઈનામો ● મુમુક્ષુ આત્માઓને સંયમની વિશિષ્ટ તાલીમ ● અભ્યાસ પૂર્ણ થયા બાદ સારી પાઠશાળામાં ગોઠવવા પ્રયત્ન

---

તા.ક.: આ સંસ્થામાં દાન આપવાની ભાવનાવાળા
પુણ્યશાળીઓએ નીચેના સરનામે સંપર્ક કરવો.


સંપર્ક સ્થળ : **પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા**
**તપોવન સંસ્કારપીઠ**, મુ. અમીયાપુર, પો. સુઘડ,
જિ. ગાંધીનગર-૩૮૨૪૨૪. ફોન : (૦૭૯) ૨૩૨૮૯૭૩૮, ૨૩૨૭૬૯૦૧-૯૦૨

**લલિતભાઈનો મોબાઈલ નં. : ૯૪૨૬૦ ૬૦૦૯૩**
**રાજુભાઈનો મોબાઈલ નં. : ૯૪૨૬૫ ૦૫૮૮૨**


---

**નોંધ :** પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોને, પંડિતવર્યોને પરિચિતોમાંથી વિદ્યાર્થીઓને મોકલવાની પ્રેરણા કરવા વિનંતી છે. તપોવન પધારો તો અવશ્ય સંસ્કૃત પાઠશાળાની મુલાકાત લેવાનું ચૂકશો નહિ.

પૂ.પાદ પં. પ્રવરશ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબના ચિંતનોથી ભરપૂર

# મુક્તિદૂત

માસિક

**સંપાદક : ગુણવંત શાહ**

**સહસંપાદક : ભદ્રેશ શાહ**

## માસિકના ગ્રાહક બનવાથી આપશ્રીને

પૂજ્યશ્રીના પરોક્ષ સત્સંગનો લાભ મળશે.

૭૨ વર્ષના અનુભવોનો નિચોડ મળશે.

ધર્મ-સંસ્કૃતિ-રાષ્ટ્ર રક્ષાના ઉપાયો જાણવા મળશે.

**થોડામાં ઘણુ જાણવાનું મળશે.**

ત્રિવાર્ષિક લવાજમ માત્ર રૂ.૧૫૦/-

ત્રિવાર્ષિક લવાજમ માત્ર રૂ.૧૫૦/-

ત્રિવાર્ષિક લવાજમ માત્ર રૂ.૧૫૦/-

લવાજમ ભરવાનું સ્થળ :

**કમલ પ્રકાશન ટ્રસ્ટ**

જી.પ્ર. સંસ્કૃતિ ભવન ૨૭૭૭, નિશા પોળ,

રિલીફ રોડ, અમદાવાદ. ફોન : ૨૫૩૫૫૮૨૩

# ઓ માતાઓ ! ઓ પિતાઓ !

## તમારો લાડકવાયો

ઉચ્ચ શિક્ષણ સાથે સુસંસ્કાર મેળવે

તેવું તમે ઈચ્છો છો ?

ઘડપણમાં તમારી સેવા કરે

તેવું તમે ઈચ્છો છો ?

વડિલોનો વિનયી બને

તેવું તમે ઈચ્છો છો ?

દેવ અને ગુરુનો ઉપાસક બને

તેવું તમે ઈચ્છો છો ?

જિનશાસનનો સાચો શ્રાવક બને

તેવું તમે ઈચ્છો છો ?

અને તમારા ઘરનો કુળદીપક બને

તેવું તમે ઈચ્છો છો ?

**તો, તેને ત્રણ વર્ષ માટે તપોવનમાં પ્રવેશ આપવો જ રહ્યો.**

**ઉચ્ચ સંસ્કાર સાથે ઉચ્ચ શિક્ષણના**

**સોપાન સર કરવાના લક્ષને વરેલા**

# તપોવનમાં ભણતા બાળકો

**અતિથિઓને નમોનમઃ કરે છે.**

...રોજ નવકારશી કરે છે.

...રોજ અષ્ટપ્રકારી જિનપૂજા કરે છે.

... રોજ રાત્રિભોજનનો ત્યાગ કરે છે.

...રોજ ગુરુવંદન કરે છે.

...રોજ નવી નવી વાર્તાઓ સાંભળે છે.

...રોજ કુમારપાળ રાજાની આરતિ ઉતારે છે.

...રોજ નવી નવી વંદનાઓ ગાય છે.

...રોજ નવા સ્તવનના રાગ શીખે છે.

...કોમ્પ્યુટર શીખે છે ...કરાટે શીખે છે...

...સ્કેટીંગ શીખે છે ...યોગાસન શીખે છે...

...સંગીતકળા શીખે છે... નૃત્યકળા શીખે છે...

...લલીતકળા શીખે છે ...ચિત્રકળા શીખે છે...

...વકતૃત્વકળા શીખે છે ...અભિનયકળા શીખે છે...

...અંગ્રેજીમાં Speech આપતાં પણ શીખે છે...

**માતાપિતાના સેવક બને છે.**

**પ્રભુના ભક્ત બને છે.**

**ગરીબોના બેલી બને છે.**

**પ્રાણીઓના મિત્ર બને છે.**

**શક્તિમાન બનવા સાથે ગુણવાન બને છે.**

# णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

## ઉપોદ્‌ઘાત

દરેક ભારતીય દર્શનનું અધ્યયન કરવા માટે ન્યાયશાસ્ત્રનું જ્ઞાન અત્યંત જરૂરી છે. જેટલું ન્યાયશાસ્ત્રનું જ્ઞાન સારું તેટલો જલ્દીથી બીજા શાસ્ત્રોમાં પ્રવેશ થઈ શકે.

ન્યાયશાસ્ત્ર એટલે વસ્તુતઃ બુદ્ધિને તીક્ષ્ણ બનાવનારું શાસ્ત્ર.

તે ન્યાયશાસ્ત્ર બે વિભાગમાં વહેંચાયેલું છે : કોઈ એક વિષય લઈને શુદ્ધ જિજ્ઞાસાભાવથી વિદ્વાન્ પુરુષો જે શાસ્ત્રચર્ચા કરે તેને 'વાદ' કહેવાય અને પોતે વિજય મેળવવાની ઈચ્છાથી જે શાસ્ત્રની ચર્ચા કરે તે 'જલ્પ' (વિવાદ) કહેવાય.

ન્યાયશાસ્ત્રનો ઘણો મોટો ભાગ આ વાદ અને જલ્પમાં રોકાયેલ છે. અર્થાત્ વાદી-પ્રતિવાદીએ કેવી રીતે પોતપોતાના પક્ષનું પ્રતિપાદન કરવું, સામાપક્ષની ત્રુટિઓ શોધીને તેને નિર્બળ બનાવવો, સામાને કેવી રીતે ફસાવી દેવો વગેરે દાવપેચો રમવાની રીતો આ વિભાગમાં અજમાવેલી છે. બાકી રહેલો ઘણો થોડો ભાગ દેહભિન્ન આત્માની સત્તા અને તેના સાધનોનું પ્રતિપાદન કરવામાં રોકાયેલો છે.

એટલે એનો અર્થ એ થયો કે ન્યાયશાસ્ત્રમાંનો પ્રથમ મોટો વિભાગ તે 'સાધનવિભાગ' છે અને બીજો નાનો વિભાગ તે 'સાધ્યવિભાગ' છે. દેહભિન્ન આત્મા એ 'સાધ્ય' છે અને તેની સિદ્ધિ માટેના વાદ, જલ્પ વગેરે તેના સાધન છે.

ન્યાયની વ્યાખ્યા કરતાં વાત્સ્યાયને કહ્યું છે કે,'**प्रमाणैः अर्थपरीक्षणं न्यायः ।**' એટલે કે પ્રમાણ અને તર્કથી સિદ્ધાન્તની પરીક્ષા-રક્ષા કરવી તે ન્યાયનું કાર્ય છે. બીજાઓથી તોડી પાડવામાં આવતા પોતાના સિદ્ધાન્તોની રક્ષા કરવા માટે જલ્પ, વિતંડા વગેરેની યોજના કરવામાં આવી છે. નાના છોડની રક્ષા જેમ કાંટાની વાડથી થાય છે તેમ સ્વસિદ્ધાન્તોની રક્ષા જલ્પ, વિતંડા વગેરેથી થાય.

ન્યાય ત્રણ વિભાગમાં વહેંચાયેલ છે : (૧) પ્રાચીન ન્યાય કે જે જૈન અને બૌદ્ધધર્મની પ્રતિષ્ઠા પૂર્વેનો છે. (૨) મધ્ય ન્યાય કે જે જૈન અને બૌદ્ધધર્મના યૌવન કાળનો છે. (૩) નવ્ય ન્યાય કે જે બૌદ્ધધર્મના પતન અને બ્રાહ્મણ-ધર્મના પુનરુત્થાન કાળનો કહેવાય છે.

અથવા એમ પણ કહી શકાય કે જેમાં મૂળ સૂત્રો હોય અને તે સૂત્રો ઉપર ભાષ્યવાર્તિક, તાત્પર્ય, ટીકા આદિ હોય તે પ્રાચીન ન્યાય કહેવાય છે. જેમાં આ બધું

ન હોય, અર્થાત્ પ્રાચીન સૂત્રપદ્ધતિની ઉપેક્ષા કરીને સ્વતંત્રરૂપે ગ્રન્થનિર્માણ કરવામાં આવ્યું હોય તે નવ્ય ન્યાય કહેવાય છે.

ઉપનિષદ્‌કાળમાં ઋષિ-મુનિઓ આત્માના અસ્તિત્વની પ્રતિષ્ઠા કરવા ઘણો ઉહાપોહ કરતા. એ અરસામાં સાધ્ય એવા આત્માની સિદ્ધિ માટેના શંકા-સમાધાનવાળા ન્યાયગ્રન્થોનો ઉદય થયો. એથી એ ન્યાયગ્રન્થોને સાધ્યપ્રધાન ન્યાયશાસ્ત્ર કહેવાય છે. પરંતુ જ્યારથી આત્મા અંગેની વિચારણા પણ પ્રતિપક્ષરૂપ બનીને વાદ-વિવાદમાં પરિણમવા લાગી, જય-પરાજયની ભાવનાઓથી કલંકિત થવા લાગી ત્યારથી નવા શાસ્ત્રોની રચના નવા રૂપમાં થવા લાગી. હવે પંચાવયવ વાક્ય, હેત્વાભાસ, જાતિ, નિગ્રહસ્થાન વગેરેનું પ્રતિપાદન ન્યાયગ્રન્થોમાં થવા લાગ્યું. થોડા જ સમયમાં ન્યાયશાસ્ત્ર આત્મતત્ત્વના વિવેચનથી ક્યાંય દૂર જઈને, સાધ્યને ક્યાંય છોડીને વાદ-વિવાદની કળાને નિરૂપવામાં, અર્થાત્ સાધનને મુખ્ય બનાવવામાં પ્રધાન બન્યું. આથી જ આ ન્યાયશાસ્ત્રો 'સાધનપ્રધાન' ન્યાયશાસ્ત્ર કહેવાય છે.

આમ ન્યાયશાસ્ત્ર શરૂઆતમાં જે આત્માના નિરૂપણના કારણે સાધ્યપ્રધાન હતું તે કાળક્રમે વાદવિવાદના નિરૂપણમાં પરિણમી સાધનપ્રધાન બન્યું. આ ભેદ બે ય શાસ્ત્રમાં કહેલી ન્યાયપદની વ્યાખ્યાથી પણ સ્પષ્ટ થઈ જાય છે. પ્રાચીન સાધ્યપ્રધાન ન્યાયગ્રન્થમાં '**आन्वीक्षिकी न्यायविद्या**' કહેલ છે, અર્થાત્ પ્રમેયરૂપ આત્માનું અન્વેષણ કરે તે ન્યાયવિદ્યા કહેવાય. જ્યારે પાછળથી રચાયેલા ન્યાયશાસ્ત્રમાં ન્યાયની વ્યાખ્યા કરતાં કહ્યું છે કે, '**प्रमाणैः अर्थपरीक्षणं न्यायः ।**' આ વ્યાખ્યામાં પ્રમેય આત્માને ગૌણ બનાવી તેના સાધનરૂપ પ્રમાણ આદિને મુખ્ય બનાવવામાં આવ્યા છે.

**પ્રાચીન ન્યાય :** પ્રાચીન ન્યાયના નિર્માતા મેધાતિથિ ગૌતમ હતા, જેઓ મિથિલા નગરી પાસે જન્મ્યા હતા. જ્યારે એ જ પ્રાચીન ન્યાયને સારી રીતે પરિષ્કૃત કરનાર અક્ષપાદ હતા કે જે પ્રભાસપાટણમાં રહ્યા હતા. કેટલાક ગૌતમ અને અક્ષપાદને એક જ માને છે તે બરાબર નથી, તેમજ મેધાતિથિ અને ગૌતમને જુદા માને છે તે પણ બરાબર નથી, કેમકે 'મેધાતિથિ' પોતે જ ગૌતમ ગોત્રના હોઈને 'મેધાતિથિ ગૌતમ' કહેવાય છે.

પ્રાચીન ન્યાયના આદ્યપ્રણેતા મેધાતિથિ ગૌતમ હતા અને તેમનો સૌથી પ્રથમ ગ્રન્થ ન્યાયસૂત્ર છે કે જે અત્યારે પણ ઉપલબ્ધ છે. ત્યારપછી તે સૂત્ર ઉપર વાત્સ્યાયનનું ન્યાય ભાષ્ય અને તેની ઉપર ઉદ્યોતકરનું ન્યાયવાર્તિક; વાર્તિક ઉપર વાચસ્પતિ મિશ્રની ન્યાયવાર્તિકતાત્પર્ય ટીકા, તે ટીકા ઉપર ઉદયનાચાર્યની ન્યાયવાર્તિક-તાત્પર્ય પરિશુદ્ધિ

ટીકા વગેરે ગ્રન્થો રચાયા છે. આ બધા ય ગ્રન્થો પ્રાચીન ન્યાયના કહેવાય છે.

**મધ્યન્યાય :** પ્રાચીન ન્યાય અને નવ્ય ન્યાયની રચનાકાળની વચ્ચેના કાળમાં ખાસ કરીને જૈન અને બૌદ્ધ દાર્શનિકોએ જે ન્યાયગ્રન્થોની રચના કરી તે મધ્યન્યાય કહેવાય છે, જેમાં મુખ્યત્વે જૈનોમાં સિદ્ધસેનદિવાકરસૂરિ તથા બૌદ્ધોમાં આચાર્ય દિઙ્નાગ એ બે મધ્યન્યાયના પ્રવર્તક કહેવાય છે.

**નવ્ય ન્યાય :** બૌદ્ધધર્મના પતન પછી બારમી સદીમાં રચાયેલા ન્યાયગ્રન્થો નવ્યન્યાયના કહેવાય છે જેના આદ્યપ્રણેતા ગંગેશ ઉપાધ્યાય છે. આ ન્યાયમાં જ માત્ર અવચ્છેદકની ભાષા જોવા મળે છે. પૂર્વે કહ્યા મુજબ અહીં સૂત્ર આદિનું અવલંબન લેવામાં આવ્યું નથી.

નવ્ય ન્યાયના ગ્રન્થોમાં મુખ્ય ગ્રન્થ ગંગેશ ઉપાધ્યાય રચિત તત્ત્વચિંતામણિ ગણાય છે, જેના ઉપર વર્ધમાન ઉપાધ્યાયની તત્ત્વચિંતામણી પ્રકાશ ટીકા, રઘુનાથ શિરોમણિની દીધિતિ, જગદીશની જાગદીશી, ગદાધરની ગાદાધરી વગેરે ટીકા-પ્રટીકાઓ રચાયેલી મળે છે.

તાત્પર્ય એ છે કે જેમાં પ્રમેય એવા આત્મારૂપ સાધ્યને અનુલક્ષીને સૂત્રાદિની રચનાપૂર્વક પ્રતિપાદન કરવામાં આવ્યું હોય તેને સાધ્યપ્રતિપાદક પ્રાચીન ન્યાય કહેવાય અને જેમાં પ્રમાણ આદિ સોળ પદાર્થરૂપ સાધનને અનુલક્ષીને સૂત્રાદિની ઉપેક્ષા કરવાપૂર્વક સ્વતંત્ર શૈલીએ પ્રતિપાદન કરવામાં આવ્યું હોય તે શાસ્ત્ર નવ્ય ન્યાય કહેવાય.

આ હિસાબે પ્રસ્તુત મુક્તાવલી ગ્રન્થ કે જે વિશ્વનાથ પંચાનનકૃત છે તે નવ્યન્યાય કહેવાય, કેમકે અહીં સૂત્રાદિ ક્રમની ઉપેક્ષા છે તેમજ પ્રમાણ આદિ સાધનોની પ્રધાનતા છે. ન્યાય અને વૈશેષિક દર્શન-એ બેમાં ઘણી સમાનતા હોવાથી એમને સમાનતંત્ર કહેવામાં આવે છે. એથી જ ન્યાયગ્રન્થમાં વૈશેષિક દર્શનની માન્યતાઓનો પણ પ્રધાનપણે નિર્દેશ જોવામાં આવે છે. ન્યાયદૃષ્ટિએ પ્રમાણાદિ સોળ પદાર્થો છે, જ્યારે વૈશેષિક દૃષ્ટિએ દ્રવ્યાદિ છ પદાર્થો છે. ન્યાયના પ્રધાન ગ્રન્થોમાં પ્રમાણ આદિ સોળ પદાર્થોનું પ્રતિપાદન મુખ્ય હોય છે, જ્યારે વૈશેષિકપ્રધાન ન્યાયગ્રન્થોમાં દ્રવ્યાદિ છ પદાર્થોનું પ્રતિપાદન મુખ્ય હોય છે. આ હિસાબે પ્રસ્તુત મુક્તાવલી વૈશેષિકપ્રધાન ન્યાયગ્રન્થ કહેવાય, કેમકે તેમાં દ્રવ્યાદિ છ પદાર્થોનું પ્રતિપાદન મુખ્ય છે.

વિશ્વનાથ પંચાનને કારિકાવલી નામનો ૧૬૮ શ્લોકનો ગ્રન્થ રચ્યો છે. તેની ઉપર

તેમણે જ (સ્વોપજ્ઞ) મુક્તાવલી નામની ટીકા રચી છે. અને તે સમગ્ર મુક્તાવલી ઉપર દિનકરી નામની ટીકા છે જે દિનકર ભટ્ટે રચેલી છે. તે મુક્તાવલી તેમજ દિનકરી ઉપર (પ્રત્યક્ષાદિ ચાર ખંડ સુધી) રામરુદ્ર ભટ્ટાચાર્યની રામરુદ્રી નામની ટીકા છે.

| | **ન્યાય પ્રકાર** | **મુખ્ય ગ્રન્થકર્તા** | **મુખ્ય ગ્રન્થ** | **ગ્રન્થરચના** |
|---|---|---|---|---|
| ૧. | પ્રાચીન ન્યાય | મેધાતિથિ ગૌતમ<br>અતિ જૂના પ્રવર્તક અક્ષપાદ | ન્યાયસૂત્ર | સૂત્રાદિ ક્રમપૂર્વક |
| ૨. | મધ્ય ન્યાય | જૈન : સિદ્ધસેનદિવાકરસૂરિ<br>બૌદ્ધ : આચાર્ય દિઙ્નાગ | ન્યાયાવતાર<br>પ્રમાણસમુચ્ચય | મિશ્ર |
| ૩. | નવ્ય ન્યાય | ગંગેશ ઉપાધ્યાય | તત્ત્વચિંતામણિ | સૂત્રાદિ ક્રમથી<br>સ્વતંત્ર |

**સમય :** પ્રાચીન ન્યાય : પ્રમેયાત્મપ્રધાન સાધ્યપ્રધાન યુગ

મધ્ય ન્યાય : મધ્ય યુગ

નવ્ય ન્યાય : પ્રમાણ, જલ્પાદિપ્રધાન સાધનપ્રધાન યુગ

## ન્યાય - વૈશેષિક દર્શનમાં મુખ્ય ભેદ

| **ન્યાય** | **વૈશેષિક** |
|---|---|
| ૧. **अनुमानतः शब्दप्रमाणं भिन्नम् ।** | ૧. **न भिन्नम् ।** |
| ૨. **आप्ताः प्रमाणम् ।** | ૨. **वेदाः प्रमाणम् ।** |
| ૩. **प्रत्यक्षादि चतुः प्रमाणानि ।** | ૩. **प्रत्यक्षानुमाने द्वे प्रमाणे ।** |
| ૪. **प्रमाणादि षोडशपदार्थाः ।** | ૪. **द्रव्यादयः षट् पदार्थाः ।** |
| ૫. **पिठरपाकवादिनः ।** | ૫. **पीलुपाकवादिनः ।** |

લિ.

ગુરુપાદપદ્મરેણુ

**પં. ચન્દ્રશેખરવિજય**

**मुक्तावली : चूडामणीकृतविधुर्वलयीकृतवासुकिः ।**
**भवो भवतु भव्याय लीलाताण्डवपण्डितः ॥१॥**

**ટિપ્પણ :** કાવ્યના અનેક દોષોમાં સમાપ્તપુનરાત્તત્વ નામક દોષ આવે છે. ક્રિયાપદાર્થની સાથે અન્વય થવાથી જેની આકાંક્ષા શાંત થઈ છે તે વિશેષ્યવાચક પદનું અન્ય વિશેષણની સાથે અન્વય કરવા ફરીથી જે અનુસંધાન=જોડાણ થાય છે તેને 'સમાપ્તપુનરાત્તત્વ' કાવ્યદોષ કહેવાય છે.

**क्रियान्वयेन शान्ताकाङ्क्षस्य विशेष्यवाचकपदस्य विशेषणान्तरान्वयार्थं पुनरनुसन्धानं समाप्तपुनरात्तत्त्वं नाम काव्यदोषः ।**

આ જ દોષ પ્રસ્તુતમાં પણ સંભવે છે. **भव** વિશેષ્યપદ સાથે **भवतु** ક્રિયાનો અન્વય થઈ જતાં જિજ્ઞાસા-આકાંક્ષા પૂર્ણ થાય છે. ત્યાર બાદ મંગલકાર **लीलाताण्डवपण्डितः** એ વિશેષણની ઉપસ્થિતિ કરે છે. આ વિશેષણનો અન્વય **भव** વિશેષ્ય સાથે કરવો પડે છે. આ રીતે આકાંક્ષા શાંત થઈ ગયા બાદ અન્ય વિશેષણનો ઉક્ત વિશેષ્ય સાથે અન્વય કરવો પડતો હોવાથી સમાપ્તપુનરાત્તત્વ નામનો દોષ આવે છે. ઉક્ત દોષનો નિરાસ આ રીતે થઈ શકે કે જો **लीलाताण्डवपण्डितः** પદને વિશેષ્યવાચક બનાવીએ અને તેના વિશેષણ તરીકે **भव** પદનો બોધ કરીએ તો અંતિમ પદ **लीलाताण्डवपण्डितः** નો બોધ થતાં એની સાથે કોઈ વિશેષણનો અન્વય કરવાનો ન હોવાથી સમાપ્તપુનરાત્તત્વ દોષ ટકતો નથી. પરંતુ આ યુક્તિ અસંગત ગણાય છે, કેમકે ગમે તે પદને વિશેષ્ય કે વિશેષણ ન બનાવી શકાય. પરંતુ જાતિપ્રવૃત્તિનિમિત્તક પદ અને ગુણ-ક્રિયા-દ્રવ્યપ્રવૃત્તિ-નિમિત્તક પદમાંથી કોઈપણ એક-એમ બે પદ ઉપસ્થિત થતાં હોય ત્યારે જાતિપ્રવૃત્તિ-નિમિત્તક પદ હોય તે જ વિશેષ્ય બને એવો નિયમ છે. એટલે પ્રસ્તુતમાં **लीलाताण्डवे पण्डा अस्य अस्ति इति लीलाताण्डवपण्डितः** એવું પદ તો ગુણપ્રવૃત્તિનિમિત્તક છે, જ્યારે **भव** પદ જાતિપ્રવૃત્તિનિમિત્તક છે, માટે અહીં **भव** પદ જ વિશેષ્ય બની શકે.

જે પદ જ્યાં પ્રવૃત્ત થાય તે પ્રવૃત્તિમાં જો જાતિ નિમિત્ત બને તો તે પદ જાતિ-પ્રવૃત્તિનિમિત્તક કહેવાય. આ રીતે પ્રવૃત્તિમાં જો દ્રવ્ય, ગુણ કે ક્રિયા નિમિત્ત બને તો તે પદ ક્રમશઃ દ્રવ્ય, ગુણ કે ક્રિયાપ્રવૃત્તિનિમિત્તક કહેવાય. **भव** પદ **भव**=મહાદેવમાં પ્રવૃત્ત થાય છે. તેમાં '**भव**' માં રહેલી **भवत्व** જાતિ નિમિત્ત બને છે. '**गो**' પદ બધી

ગાયમાં પ્રવૃત્ત થાય છે તો તે પ્રવૃત્તિમાં નિમિત્તભૂત **गोत्व** જાતિ છે. **गो** શબ્દ **गोत्व** જાતિને લઈને થાય છે = **गो** શબ્દની પ્રવૃત્તિનું નિમિત્ત **गोत्व** છે = **गो** શબ્દ જાતિપ્રવૃત્તિ-નિમિત્તક બને છે.

તેવી જ રીતે '**पण्डित**' પદની અમુક મનુષ્યમાં પ્રવૃત્તિ થવામાં તે મનુષ્યમાં રહેલી તેની **पण्डा** = બુદ્ધિ નિમિત્ત બને છે માટે તે **पण्डित** પદ ગુણપ્રવૃત્તિનિમિત્તક કહેવાય. એ જ રીતે **पाचक** પદ પચનક્રિયાને લીધે છે માટે 'પાચક' પદ ક્રિયાપ્રવૃત્તિનિમિત્તક છે.

**પ્રશ્ન** : અહીં **भवति अस्मात् जगत् इति भवः** એવી વ્યુત્પત્તિ કરીને **भव** પદ ક્રિયાપ્રવૃત્તિનિમિત્તક પણ થઈ શકે છે તો પછી **भव** પદને ક્રિયાપ્રવૃત્તિનિમિત્તક તરીકે ન લેતાં જાતિપ્રવૃત્તિનિમિત્તક તરીકે ગ્રહણ કર્યું તેનું શું કારણ ?

**ઉત્તર** : '**योगात् रूढेः बलीयस्त्वम्** ।' એ ન્યાયથી કોઈપણ પદના યૌગિક અને રૂઢ એમ બે અર્થ થતાં હોય ત્યારે રૂઢાર્થ બળવાન બને છે. તેથી અહીં **भव** પદ શિવમાં રૂઢ છે માટે તેને જાતિપ્રવૃત્તિનિમિત્તક પદ કહ્યું. અન્યથા જો ક્રિયાપ્રવૃત્તિનિમિત્તક **भव** પદ લઈએ તો **भव** પદનો અર્થ 'કાળ' પણ કરવો પડે, કારણ કે જગતને ઉત્પન્ન થવામાં કાળ એ પણ કારણભૂત છે. દરેક યુગમાં ઈશ્વર નવા ભવનો અવતાર લે છે માટે અનેક ભવ થવાથી તેમાં રહેલ **भवत्व** એ જાતિ બને છે. એટલે કલ્પભેદથી નૃસિંહશરીરવત્ શિવ-શરીર પણ ભિન્ન હોવાથી જાતિબાધક એક વ્યક્તિત્વની શંકા પણ ટળી જાય છે. આમ **भव** પદ જાતિપ્રવૃત્તિનિમિત્તક બનવાથી તે **भव** પદ જ વિશેષ્ય બની શકે.

આ આપત્તિથી **भव** પદ વિશેષ્યવાચક બની રહે છે અને તેથી ઉક્ત કાવ્યદોષ ટળી શક્યો નહિ એટલે હવે અન્ય ઉપાયથી દોષનો નિરાસ કરતાં પહેલાં આપણે દોષનું વિશેષ સ્વરૂપ સમજી લઈએ.

**આકાંક્ષા બે પ્રકારે** : (૧) ઉત્થાપ્ય (૨) ઉત્થિત. ક્રિયાના અન્વય બાદ ઉઠાવવી પડતી આકાંક્ષા ઉત્થાપ્ય કહેવાય. દા.ત. **रामो गच्छति पण्डितः** । અહીં **रामः गच्छति** એટલું થયા પછી **कीदृशः रामः** એવી આકાંક્ષા સ્વયમેવ ઊઠતી નથી પરંતુ તેને ઉઠાવવી પડે છે માટે તે ઉત્થાપ્ય કહેવાય. બીજા પ્રકારની આકાંક્ષા સ્વયમેવ ઉત્થિત બને છે. દા.ત. **पिता गच्छति चैत्रस्य** । અહીં **पिता गच्छति** એટલું થયા પછી પણ **कस्य पिता** એ પ્રમાણે સ્વયં આકાંક્ષા ઉત્થિત બને છે.

જ્યાં ઉત્થિત આકાંક્ષા હોય ત્યાં સમાપ્તપુનરાત્તત્વ દોષ ન આવે. પરંતુ ઉત્થાપ્ય આકાંક્ષામાં જ આ દોષ આવે છે. અહીં પણ ઉક્ત શ્લોકમાં **भव** પદના અનુસારે

ઉત્થાપ્ય આકાંક્ષા બને છે, કેમકે '**भवो भवतु भव्याय**' એવા શાબ્દબોધ પછી **कीदृशो भवः** એવો પ્રશ્ન ઉઠાવવો પડે છે. પરંતુ **चूडामणीकृतविधुः** એ બોલતાંની સાથે જ આકાંક્ષા ઉત્થિત બને છે કે, '**किमर्थं चूडामणीकरणम् ? वलयीकृतवासुकिः किमर्थम् ?**' આમ આ પદોમાં સહજ ઉત્થિત આકાંક્ષા રહેલી છે અને તે આકાંક્ષા **लीलाताण्डवपण्डितः** એ પદ બોલતાં જ શાંત થઈ જાય છે. એ બે પદને લઈને સમાપ્તપુનરાત્તત્વ દોષ લાગતો નથી. આ દોષ અર્થાન્વય કરવામાં આવતો હોવાથી તેનો શ્લોકાન્વય **लीलाताण्डवपण्डितः भवः भव्याय भवतु** એ રીતે કરવો.

---

**मुक्तावली : निजनिर्मितकारिकावलीमतिसङ्क्षिप्तचिरन्तनोक्तिभिः ।**
**विशदीकरवाणि कौतुकान्ननु राजीवदयावशंवदः ॥२॥**

---

**ટિપ્પણ :** બીજા શ્લોકમાં અભિધેય જણાવતાં કહે છે કે પોતે બનાવેલી જે કારિકાવલી, તેને કૌતુકથી તથા રાજીવ નામના શિષ્ય ઉપરની દયા=કૃપાને વશ થઈ ચિરંતનાચાર્યોના અતિસંક્ષિપ્ત વચનોથી વિશદ-વિસ્તૃત કરું છું. પૂર્વ ઋષિઓના વચનો શબ્દથી અતિસંક્ષિપ્ત છે પણ અર્થથી તો અતિ ગૌરવવાળા છે.

આ ગ્રન્થના નિર્માણમાં પોતાના ક્લેશના અભાવને સૂચવવા '**कौतुकान्ननु**' પદનું ઉપાદાન છે અને પોતાના ગ્રન્થના નિર્માણનું પ્રયોજન જણાવવા '**राजीवदया**' ઈત્યાદિ પદનું ઉપાદાન છે.

---

**मुक्तावली : सद्रव्या गुणगुम्फिता सुकृतिनां सत्कर्मणां ज्ञापिका ।**
**सत्सामान्यविशेषनित्यमिलिताऽभावप्रकर्षोज्ज्वला ॥**
**विष्णोर्वक्षसि विश्वनाथकृतिना सिद्धान्तमुक्तावली ।**
**विन्यस्ता मनसो मुदं वितनुतां सद्युक्तिरेषा चिरम् ॥३॥**

---

**ટિપ્પણ :** વિષ્ણુના વક્ષઃસ્થળમાં વિશ્વનાથ પંડિત દ્વારા સમર્પિત કરાયેલી આ સિદ્ધાન્તમુક્તાવલી પંડિત પુરુષોના મનના આનંદને વિસ્તારો. મુક્તાવલી કેવી છે ? **सद्रव्या** જેમાં દ્રવ્યાદિ પદાર્થોનું નિરૂપણ છે, અર્થાત્ મુક્તાવલી પ્રતિપાદ્યતા સંબંધથી દ્રવ્યાદિ પદાર્થવાળી છે અને તેમાં ગુણો પણ ગૂંથાયેલા છે. **सत्कर्म** એટલે પાંચ પ્રકારના કર્મનું પણ વિવેચન એમાં છે. તથા સામાન્ય, વિશેષ અને નિત્યમિલિત=સમવાય

સંબંધવાળી અને અભાવના પ્રકર્ષથી ઉજ્જ્વલ એવી આ મુક્તાવલી છે. વળી સિદ્ધાન્ત-રૂપપંક્તિ = મુક્તાવલીવાળી તેમજ **સદ્યુક્તિ** એટલે સારી યુક્તિ-પ્રયુક્તિવાળી એવી આ સિદ્ધાન્તમુક્તાવલી પંડિત પુરુષોના મનનો આનંદ વિસ્તારો.

હવે સંપૂર્ણ શ્લોકને મુક્તાવલી=મોતીની માળા એ પક્ષમાં લગાડીએ.

**સદ્દ્વ્યા**-માણિક્યાદિ વિશિષ્ટ દ્રવ્યોવાળી તથા દોરીથી ગૂંથેલી અને પુણ્યશાળી પુરુષોના સત્કર્મને જણાવનારી તેમજ સામાન્ય અને વિશિષ્ટ એ બંને જાતના મોતી જેમાં હંમેશા મળેલા હોય છે તેવી તથા **તેજોઽભાવ** = અંધકારમાં અત્યંત ઉજ્જવલ લાગતી અને જેમાં મોતીની ગોઠવણ સારા આયોજનથી કરવામાં આવી છે તેવી મોતીની માળા વિશ્વનાથ પંડિત દ્વારા વિષ્ણુના વક્ષઃસ્થળમાં અર્પિત કરાયેલી લાંબા સમય સુધી સજ્જનના મનને આનંદ આપો.

---

**कारिकावली : नूतनजलधररुचये गोपवधूटीदुकूलचौराय ।**
**तस्मै कृष्णाय नमः संसारमहीरुहस्य बीजाय ॥१॥**

---

**ટિપ્પણ :** હવે કારિકાવલી ગ્રન્થની શરૂઆતમાં મંગલાચરણ કરતાં કૃષ્ણને નમસ્કાર કરે છે. નમસ્કાર=નમ્રભાવ=પોતાનો અપકર્ષ અને પરનો ઉત્કર્ષ-સૂચકભાવ. **स्वापकर्षावधिकपरोत्कर्षानुकूलव्यापारः नमस्कारः ।**

**तस्मै नमः कृष्णाय ।** અહીં **यत्** વિના **तत्** શબ્દ આવેલ છે, એનાથી સૂચિત થાય છે કે **तत्** શબ્દ જેમ પૂર્વપરામર્શક છે તેમ પ્રસિદ્ધપરામર્શક પણ છે, અર્થાત્ **तत्** શબ્દ પ્રસિદ્ધવાચક પદોનો પરામર્શ (બોધ) કરવા માટે પણ વપરાય છે.

**नूतनजलधररुचये** – અહીં નવીન મેઘના જેવી કાંતિવાળા કૃષ્ણ કહ્યા તો તે કાંતિ = શ્યામતા બીજા પણ અનેક પદાર્થોમાં રહેલી છે. તો તે સર્વ પદાર્થોને છોડીને નૂતન જલધરની ઉપમા આપી તે સૂચવે છે કે જેમ શ્રીકૃષ્ણ નવીન જલધરની જેવી કાંતિવાળા છે તેમ કૃષ્ણને કરેલ નમસ્કાર નૂતન જલધરની માફક શીઘ્ર ફળદાયક પણ છે.

**गोपवधूटीदुकूलचौराय** - આ પદથી કૃષ્ણનું પામર જન પ્રત્યે પણ વાત્સલ્ય સૂચિત થાય છે. અથવા તો **गाः** = ઇન્દ્રિયો, તેનું રક્ષણ કરનાર **गोपः** = મન અને તેની **वधूटी** = સ્ત્રી, એટલે કે બુદ્ધિ, તેના આવરણને હરનાર એવા તે કૃષ્ણને નમસ્કાર થાઓ.

**संसारमहीरुहस्य बीजाय**-આ પદથી જણાવે છે કે કૃષ્ણ સંસારરૂપ વૃક્ષના બીજરૂપ એટલે કે અસાધારણ કારણરૂપ છે. એવા તે કૃષ્ણને નમસ્કાર થાઓ.

**मुक्तावली : विघ्नविघाताय कृतं मङ्गलं शिष्यशिक्षायै ग्रन्थतो निबध्नाति-नूतनेति ।**

**મુક્તાવલી :** વિઘ્નના વિઘાત માટે મંગલ કરવામાં આવે છે. યદ્યપિ વિઘ્નવિઘાતક મંગલ એ ભાવાત્મક વસ્તુ છે એટલે તે તો આત્મામાં જ થાય છે. શબ્દરૂપ મંગલ તો દ્રવ્ય મંગલ છે. તેના કરવા માત્રથી વિઘ્નનો નાશ થઈ ન જાય, તો પછી ગ્રન્થમાં મંગલને શબ્દથી બાંધવાની શી જરૂર ?

એના ઉત્તરરૂપે **शिष्यशिक्षायै** એ પદ મૂક્યું છે. શિષ્યો પણ ગ્રન્થનો આરંભ કરતાં મંગલ કરે તેવો બોધ આપવા માટે ગ્રન્થમાં શબ્દથી મંગલ કરવામાં આવ્યું છે.

**ટિપ્પણ :** આપણે ઉપોદ્‌ઘાતમાં જોઈ ગયા કે નૈયાયિકો બે પ્રકારના છે : નવ્ય અને પ્રાચીન. 'મંગલનું કાર્ય વિઘ્નધ્વંસ છે' તે વિચાર નવ્યોનો છે. જ્યારે 'મંગલનું કાર્ય સમાપ્તિ છે' તેવો મંગલ અને સમાપ્તિ વચ્ચેનો કાર્ય-કારણભાવ પ્રાચીન નૈયાયિકો માને છે. પ્રસ્તુત ગ્રન્થ નવ્ય નૈયાયિકોનો છે એટલે કહ્યું કે વિઘ્નવિઘાત માટે મંગલ કર્યું છે. તેની પંક્તિ '**विघ्नविघाताय कृतं मङ्गलम्**' એ છે.

અહીં પદને અનુલક્ષીને આપણે ઉપસર્ગના સ્વરૂપનો કાંઈક વિચાર કરીએ.

ઉપસર્ગ બે પ્રકારના છે : વાચક અને દ્યોતક.

વાચક ઉપસર્ગ તેને કહેવાય કે જે ધાતુના જ કોઈપણ અર્થનો બોધક બને. અર્થાત્ ધાતુના અનેક અર્થમાંથી એક અર્થને પ્રગટ કરે, બીજા અર્થોને તિરોહિત રાખે. વાચક ઉપસર્ગનું આટલું જ કાર્ય છે. તેનો પોતાનો કોઈ સ્વતંત્ર અર્થ નથી. જ્યારે દ્યોતક ઉપસર્ગમાં તો ઉપસર્ગનો પોતાનો અમુક અર્થ હોય છે. એટલે જ્યારે દ્યોતક ઉપસર્ગ આવે ત્યારે એમ કહેવાય કે ઉપસર્ગ ધાતુના અર્થ ઉપર ઉપસર્ગ કરે છે અને તેનો અર્થ ફેરવી નાંખે છે : સ્પષ્ટ કરે છે વગેરે...

દા.ત. **गम्** ધાતુનો અર્થ 'ગમનક્રિયા' છે, પણ તેની સાથે **अनु** ઉપસર્ગ જોડવામાં આવે તો 'પાછળ જવું' : 'અનુસરવું' તેવો અર્થ થઈ જાય. **ग्रह्** ધાતુ ગ્રહણાર્થક છે, પણ **वि** પૂર્વક **ग्रह्** ધાતુ વિગ્રહાર્થક બની જાય છે. એ જ રીતે સંગ્રહ, અનુગ્રહ, નિગ્રહ વગેરે સ્થાને ઉપસર્ગો ધાતુના અર્થમાં વિશિષ્ટતા લાવે છે.

પ્રસ્તુતમાં **वि** ઉપસર્ગ દ્યોતક તરીકે છે, અર્થાત્ તે **घात** પદના અર્થને પ્રકાશિત

કરે છે. ઘાતનો અર્થ નાશ, ધ્વંસ, અભાવ છે. અભાવ તો પ્રાગભાવ, ધ્વંસાભાવ, અત્યંતાભાવ વગેરે અનેક પ્રકારે છે. તો અહીં ક્યો અભાવ લેવો? એનો ઉત્તર **वि** પદ આપે છે. તે કહે છે કે અહીં ધ્વંસાભાવ : ઉત્પત્તિમદ્ એવો અભાવ લેવો.

**પ્રશ્ન :** ઘાતનો જ અર્થ ઉત્પત્તિમદ્ અભાવ કરી લઈએ તો ન ચાલે ? કારણ કે તેમ કરવાથી **वि** પદની જરૂર ન રહે.

**ઉત્તર :** જરૂર ચાલી શકે, પણ જ્યારે આ રીતે **वि** પદ પડ્યું હોય ત્યારે ઉત્પત્તિમદ્ અભાવ એવો વિશિષ્ટાર્થ **घात** પદથી વાચ્ય ન લેવાય, કેમકે તેમ કરવાથી **वि** પદ નિરર્થક બનવાની આપત્તિ આવે. એટલે **घात** નો અર્થ માત્ર વિશેષ્યપરક અર્થાત્ અભાવ પરક જ લેવો અને પછી સાથે રહેલા **वि** પદ રૂપ વિશેષણનો અર્થ ઉત્પત્તિમદ્ લેવો. નિયમ છે કે **विशिष्टवाचकानां पदानां सति पृथक्विशेषणवाचकपदसमवधाने विशेष्यमात्रपरत्वम् ।** વિશિષ્ટ વાચક પદો જ્યારે વિશેષણ વાચક પદનું સમવધાન હોય ત્યારે વિશિષ્ટને બદલે અવિશિષ્ટ=વિશેષ્ય અર્થના બોધક બને છે. કવિ કાલીદાસે આ નિયમનું રઘુવંશમાં અનુસરણ કર્યું છે : **सकीचकैर्मारुतपूर्णरन्ध्रैः ।** વસ્તુતઃ **कीचक** એટલે જ 'પવનભર્યા છિદ્રોવાળો વાંસ' થાય છે, છતાં અહીં કાલીદાસ **कीचक** પદની સાથે તેના વિશેષણ તરીકે **मारुतपूर्णरन्ध्र** પદની યોજના કરે છે એટલે હવે અહીં વિશિષ્ટાર્થ બોધક **कीचक** પદ વિશેષ્યાર્થ વાંસબોધક જ બને અને **मारुतपूर्णरन्ध्र** રૂપ વિશેષણ 'પવનભર્યા છિદ્રોવાળો' એવો અર્થ જણાવે છે.

મુક્તાવલીમાં **ननु मङ्गलं न विघ्नध्वंसं प्रति न वा समाप्तिं प्रति कारणम्** ઇત્યાદિ નાસ્તિકની જે પંક્તિ આવવાની છે તે પંક્તિની પૂર્વે આસ્તિક-નાસ્તિકની વચ્ચે કેટલીક વિચારણા થઈ છે જે અત્રે જોઈ લઈએ.

**નાસ્તિક : मङ्गलं न कर्तव्यं निष्फलत्वात् चैत्यवन्दनवत् ।** જે નિષ્ફળ હોય તે કર્તવ્ય ન કહેવાય. મંગલમાં નિષ્ફળતા છે માટે તેમાં અકર્તવ્યતા છે.

**આસ્તિક :** અહીં સ્વરૂપાસિદ્ધિ દોષ છે, અર્થાત્ પક્ષ મંગલમાં હેતુરૂપ નિષ્ફળતા જ નથી = અસિદ્ધ છે માટે પહેલાં મંગલની નિષ્ફળતાને સિદ્ધ કરો પછી અકર્તવ્યતાની વાત.

**નાસ્તિક : मङ्गलं निष्फलं फलविशेषाभावकूटवत्त्वात् ।** જે જે સર્વ ફળ-વિશેષાભાવના કૂટવાળું હોય તે નિષ્ફળ હોય. મંગલનું કોઈ જ ફળ નથી. સ્વર્ગ, પુત્ર, સ્ત્રી, ધન, યશઃપ્રાપ્તિ વગેરે કોઈપણ ફળવિશેષ (અમુક ફળ) મંગલથી પ્રાપ્ય નથી.

એટલે મંગલ યાવત્ ફળવિશેષોના અભાવના કૂટવાળું (સમૂહ) છે. તેથી તે નિષ્ફળ એટલે કે ફળસામાન્યાભાવવાળું છે. જેનું એકપણ ફળવિશેષ ન હોય તે ફળ વિનાનું = ફળસામાન્યાભાવવાળું કહેવાય.

**આસ્તિક :** તમે મંગલમાં નિષ્ફળતા સિદ્ધ કરવા જે હેતુ આપ્યો છે તે પણ અસિદ્ધ છે, કેમકે ભલે મંગલમાં સ્વર્ગાદિ ફળવિશેષો ન હોય પણ મંગલના વિઘ્નધ્વંસ કે મતાંતરે સમાપ્તિ એ ફળવિશેષ તો છે જ. માટે મંગલમાં ફળવિશેષાભાવ હોવા છતાં ફળવિશેષાભાવકૂટ તો નથી જ, કેમકે એકપણ ફળવિશેષનો સદ્‌ભાવ હોય તો ત્યાં ફળવિશેષાભાવકૂટ તો ન જ કહેવાય.

આ હકીકતનું અનુમાન આ રીતે થાય કે : "**मङ्गलं न फलविशेषाभावकूटवत् विघ्नध्वंससमाप्तिफलवत्त्वात् ।**"

બસ, આ જ વાત મુક્તાવલીકાર નાસ્તિક તરફથી કહે છે કે **ननु मङ्गलं न विघ्नध्वंसं प्रति न वा समाप्तिं प्रति कारणम् ।** નવ્ય અને પ્રાચીન એ બે ય નૈયાયિકોની માન્યતાને તોડી પાડવા માટે નાસ્તિક બે ય ફળોનો નિષેધ કરે છે. જો કે અહીં નાસ્તિક ફાવે તેમ નથી, તે વાત આપણે મુક્તાવલીમાં જોઈશું. પણ જો બે ય ફળ મંગલમાં અસિદ્ધ થઈ જાય તો ફળવિશેષાભાવકૂટ હેતુ સિદ્ધ થઈ જાય, તેથી તે હેતુ દ્વારા મંગલની નિષ્ફળતા સિદ્ધ થઈ જાય. અને નિષ્ફળતા સિદ્ધ થાય એટલે નિષ્ફળતાહેતુક મંગલમાં અકર્તવ્યતાનું અનુમાન પણ સિદ્ધ થઈ જાય છે.

---

**मुक्तावली : ननु मङ्गलं न विघ्नध्वंसं प्रति न वा समाप्तिं प्रति कारणं, विनाऽपि मङ्गलं नास्तिकादीनां ग्रन्थेषु निर्विघ्नपरिसमाप्तिदर्शनादिति चेत् ? न,**

---

**મુક્તાવલી : નાસ્તિક :** મંગલ અને સમાપ્તિનો કાર્યકારણભાવ બનતો નથી, કેમકે જે બે વચ્ચે કાર્યકારણભાવ બને તે બે નો અન્વયસહચાર અને વ્યતિરેકસહચાર હોવો જોઈએ. તે અહીં નથી. અહીં તો અન્વયવ્યભિચાર અને વ્યતિરેકવ્યભિચાર છે. માટે મંગલનું ફળ વિઘ્નધ્વંસ કે સમાપ્તિ એકેય નથી. કાદંબરીને લઈને અન્વયવ્યભિચાર છે તથા નાસ્તિક ગ્રન્થને લઈને વ્યતિરેકવ્યભિચાર છે.

**यत्सत्त्वे यत्सत्त्वं** અર્થાત્ કારણસત્ત્વે કાર્યસત્ત્વં = અન્વયસહચાર.

**यदसत्त्वे यदसत्त्वं** અર્થાત્ કારણાસત્ત્વે કાર્યાસત્ત્વં = વ્યતિરેકસહચાર.

**यत्सत्त्वे यदसत्त्वं** અર્થાત્ કારણસત્ત્વે કાર્યાસત્ત્વં = અન્વયવ્યભિચાર.

**यदसत्त्वे यत्सत्त्वं** અર્થાત્ કારણાસત્ત્વે કાર્યસત્ત્વં = વ્યતિરેકવ્યભિચાર.

પ્રસ્તુતમાં મંગલ કારણ હોય અને સમાપ્તિ કાર્ય હોય તો **मङ्गलसत्त्वे समाप्तिसत्त्वं** અન્વયસહચાર અને **मङ्गलासत्त्वे समाप्त्यसत्त्वं** વ્યતિરેકસહચાર હોવા જોઈએ, પણ એવું તો છે નહિ. કાદંબરી ગ્રન્થમાં મંગલ છે પણ સમાપ્તિ નથી એટલે અન્વયવ્યભિચાર દોષ આવી ગયો. તેમજ નાસ્તિકના ગ્રન્થમાં મંગલ તો હોય નહિ છતાં નિર્વિઘ્ને સમાપ્તિ થઈ જાય છે એટલે ત્યાં વ્યતિરેકવ્યભિચાર દોષ આવી જાય છે. માટે મંગલનું ફળ નથી તો વિઘ્નધ્વંસ કે નથી તો સમાપ્તિ : **मङ्गलं न विघ्नध्वंसफलकं न वा समाप्तिफलकं अन्वयव्यतिरेक-व्यभिचारदर्शनात् ।** એટલે હવે જે બે ફળવિશેષને લીધે તમે કહ્યું હતું કે મંગલમાં ફળવિશેષાભાવકૂટ છે જ નહિ માટે તે નિષ્ફળ નથી તે વાત હવે તે બે ફળવિશેષને મંગલના કાર્ય તરીકે દૂર કરવાથી ઊડી જાય છે એટલે **मङ्गलं निष्फलं फलविशेषाभावकूटवत्त्वात्** આ અનુમાન સાચું બને છે, કેમકે અહીં સ્વરૂપાસિદ્ધિ દોષ રહેતો નથી. એથી આ અનુમાનથી મંગલમાં નિષ્ફળતા સાબિત થઈ જાય છે.

---

**मुक्तावली : अविगीतशिष्टाचारविषयत्वेन मङ्गलस्य सफलत्वे सिद्धे तत्र च फलजिज्ञासायां सम्भवति दृष्टफलकत्वे अदृष्टफलकल्पनाया अन्याय्यत्वात् उपस्थितत्वाच्च समाप्तिरेव तत्फलं कल्प्यते ।**

---

**મુક્તાવલી :** આની સામે નૈયાયિક કહે છે કે અહીં મંગલ સફળ છે, કેમકે તે અવિગીતશિષ્ટાચારનો વિષય છે, અર્થાત્ શિષ્ટ પુરુષોના અવિગીત (અનિન્દિત) આચારનો વિષય છે. જે જે અવિગીતશિષ્ટાચાર વિષય હોય તે તે સફળ હોય. મંગલ પણ તેવું જ છે માટે તે સફળ છે. આ રીતે અનુમાનથી મંગલમાં સફળત્વ સિદ્ધ થઈ જાય છે.

હવે પ્રશ્ન થાય છે કે મંગલ જો સફળ છે તો તેનું ફળ શું ? એના ઉત્તરમાં એ જ કહેવાનું કે જો ઉપસ્થિત અને દષ્ટ ફળ તરીકે સમાપ્તિને કહી શકાય તેમ હોય તો અનુપસ્થિત અને અદષ્ટ એવા સ્વર્ગફળની કલ્પના શા માટે કરવી જોઈએ ? તેમાં ગૌરવ છે. માટે મંગલનું ફળ સમાપ્તિ નક્કી થાય છે. આ રીતે મંગલ-સમાપ્તિનો કાર્ય-કારણભાવ સ્થિર થઈ જાય છે.

---

**ટિપ્પણ :** આની સામે નૈયાયિકો અનુમાન કરે છે કે : **मङ्गलं सफलम् अविगीत-शिष्टाचारविषयत्वात् ।** હવે અહીં 'અવિગીતશિષ્ટાચારવિષયત્વ' હેતુનું પદકૃત્ય કરીએ. હેતુમાં એકપણ પદ નિરર્થક ન જ હોવું જોઈએ.

હેતુમાં સાધ્યની વ્યાપ્તિ રહે છે. એટલે કે **यत्र यत्र हेतुः तत्र तत्र साध्यम्** - એવી પ્રતીતિ સર્વત્ર થાય તો જ સાધ્યની વ્યાપ્તિ હેતુમાં રહી કહેવાય. હવે **मङ्गलं सफलं विषयत्वात्** એટલું જ કહીશું તો ચાલશે ? ના, કેમકે અહીં હેતુ-સાધ્યની વ્યાપ્તિ નહિ મળે. **यत्र यत्र विषयत्वं तत्र तत्र सफलत्वं** એવું બનતું નથી.

જ્યારે આપણને સુખનું જ્ઞાન થાય છે ત્યારે જ્ઞાનનો વિષય સુખ બન્યું, સુખમાં વિષયત્વ રહ્યું પણ ત્યાં સફલત્વ રહેતું નથી, કેમકે સુખ તો ફળ છે. હા, એનું જો કોઈ બીજું ફળ હોત તો તે ફળવાળું સફળ સુખ કહેવાત. દા.ત. મોક્ષ ફળ કહેવાય પણ સફળ નહિ, કેમકે મોક્ષનું વળી કોઈ ફળ નથી. પણ રત્નત્રયી સફળ કહેવાય, કેમકે રત્નત્રયીનું ફળ મોક્ષ છે.

આમ સુખમાં વિષયત્વ છતાં સફલત્વ ન રહ્યું એટલે **यत्र विषयत्वं तत्र सफलत्वं** ન બનવાથી કેવળ વિષયત્વ સદ્હેતુ ન બન્યો પણ વ્યભિચારી બન્યો. તો હવે **आचार-विषयत्व** લઈએ એટલે **मङ्गलं सफलम् आचारविषयत्वात्** એવું અનુમાન થયું. અહીં પણ વ્યાપ્તિ નથી થતી. **आचार** = પ્રયત્ન. જે જે પ્રયત્નનો વિષય બને તે તે સફળ હોય ? ના, કેમ ? પશુ જલમાં પોતાનું પૂછડું પછાડે છે. એ પુચ્છતાડન એના પ્રયત્ન=આચારનો વિષય છે, કેમકે પુચ્છતાડનનો પ્રયત્ન=પુચ્છતાડનવિષયકપ્રયત્ન. આમ પ્રયત્નનું વિષયત્વ પુચ્છતાડનમાં રહ્યું પણ આ ચેષ્ટાનું કોઈ ફળ નથી, માટે તે પુચ્છતાડનમાં સફળત્વ નથી. આ રીતે અહીં પણ વ્યભિચાર દોષ આવ્યો. એને દૂર કરવા આપણે કહીશું કે જેનો પ્રયત્ન હોય તે વ્યક્તિ શિષ્ટ જોઈએ. પશુ શિષ્ટ નથી માટે તેનું દૃષ્ટાંત ન લેવાય.

એટલે હવે શિષ્ટાચારવિષયત્વ હેતુ થયો. **मङ्गलं सफलं शिष्टाचारविषयत्वात् ।** જ્યાં જ્યાં શિષ્ટાચારવિષયતા હોય ત્યાં ત્યાં સફલત્વ હોય. આ વ્યાપ્તિ પણ બરાબર નથી. શિષ્ટ એટલે **वेदप्रमाणाभ्युपगन्ता,** અર્થાત્ જે પુરુષ વેદને પ્રમાણ માને તે શિષ્ટ. હવે એવા કોઈ શિષ્ટ પુરુષે ભ્રમથી અમાવાસ્યાએ કરવાનો યજ્ઞ પૂર્ણિમાએ કરી દીધો. શું આ યજ્ઞ સફળ બને ? નહિ જ. એટલે એ યજ્ઞ શિષ્ટાચારવિષય તો બન્યો પણ તેમાં સફળતા ન આવી. આમ હેતુ વ્યભિચારી બન્યો.

આ દોષ નિવારવા એમ કહેવામાં આવે છે કે શિષ્ટ એટલે **वेदप्रमाणाभ्युपगन्ता** નહિ, કિન્તુ ફલસાધનતા-અંશમાં ભ્રાન્તિશૂન્ય. જેને સ્વર્ગાદિ ફળના સાધનભૂત યજ્ઞાદિમાં કોઈ ભ્રાન્તિ ન હોય તે શિષ્ટ. આ વ્યાખ્યા મુજબ પેલો ભ્રાન્ત પુરુષ શિષ્ટ નહિ કહેવાય. એટલે તેના યજ્ઞમાં શિષ્ટાચારવિષયત્વ જશે જ નહિ. એથી વ્યભિચાર નહિ આવે. પણ હવે નવી આપત્તિ આવી. તે આપત્તિ જોતાં પહેલાં આપણે સાધ્ય-સફળત્વ એટલે શું ? તે વિચારી લઈએ.

ભયાનક અનિષ્ટના અનુબંધ પડે તેવું ફળ જે પ્રવૃત્તિ કરવાથી આવે તે પ્રવૃત્તિ સફળ (ફળવાળી) છતાં વસ્તુતઃ સફળ ન કહેવાય. એટલે **सफलत्वं बलवदनिष्टाननुबन्धिफल-(इष्ट)जनकत्वम्** એમ જ અર્થ કરવો પડે. હવે પેલી આપત્તિ જોઈએ.

જે ભ્રાન્તિ વિનાનો શિષ્ટ પુરુષ શ્યેનયાગ કરે છે તેના શ્યેનયાગમાં શિષ્ટાચાર-વિષયત્વ તો છે, પણ ત્યાં હમણાં જ કહ્યું તેવું સફલત્વ તો નથી, કેમકે શ્યેનયાગની હિંસાથી તો નરકના ભયાનક ફળનો અનુબંધ પડવાનો છે. આમ થવાથી હેતુ જશે અને સાધ્ય ન જતાં વ્યભિચાર દોષની આપત્તિ આવી. આ આપત્તિ દૂર કરવા માટે '**अविगीत**' પદ મૂક્યું. **अविगीत** એટલે બલવદનિષ્ટનો અનનુબંધિ, અર્થાત્ બલવદનિષ્ટનો અનનુબંધિ જે શિષ્ટાચાર, તેનું વિષયત્વ તે હેતુ બન્યો. શ્યેનયાગમાં આ હેતુ હવે જશે જ નહિ, કેમકે તે તો નરકરૂપ બલવદનિષ્ટનો અનુબંધિ શિષ્ટાચાર છે. (હેતુ જાય અને સાધ્ય ન જાય તો ત્યાં વ્યભિચાર દોષ આવે. હવે તો હેતુ પણ નથી જતો એટલે વ્યભિચાર દોષ રહ્યો નહિ.)

અહીં અવિગીતશિષ્ટાચારવિષયત્વ હેતુનું પદકૃત્ય પૂર્ણ થાય છે.

હવે આ હેતુથી મંગલમાં સફળત્વ સિદ્ધ થાય છે એટલે નાસ્તિકનું પહેલું અનુમાન **मङ्गलं न कर्तव्यं निष्फलत्वात्** એ ઊડી જાય છે, કેમકે તેની સામે આ અનુમાન ઊભું થયું કે **मङ्गलं कर्तव्यं सफलत्वात्** ।

---

**मुक्तावली : इत्थं च यत्र मङ्गलं न दृश्यते तत्रापि जन्मान्तरीयं तत् कल्प्यते। यत्र च सत्यपि मङ्गले समाप्तिर्न दृश्यते तत्र बलवत्तरो विघ्नो विघ्नप्राचुर्यं वा बोध्यम् । प्रचुरस्यैवाऽस्य बलवत्तरविघ्ननिवारणे कारणत्वम् ।** (**वा** પદ મૂકીને વિઘ્નપ્રાચુર્યમાં પોતાની અરૂચિ બતાવી.)

---

**મુક્તાવલી :** હવે જ્યાં નાસ્તિક ગ્રન્થોમાં સમાપ્તિ હોવા છતાં મંગલ દેખાતું નથી ત્યાં જન્માંતરીય મંગલની કલ્પના કરી લેવી જોઈએ. અને કાદંબરીમાં મંગલ છતાં સમાપ્તિ ન થઈ તેનું કારણ બલવત્તર વિઘ્ન અથવા ઘણાં વિઘ્નના નાશને કરનારું બળવાન મંગલ જ ન હતું તેમ કહેવું જોઈએ.

---

**मुक्तावली : विघ्नध्वंसस्तु मङ्गलस्य द्वारमित्याहुः प्राञ्चः ।**

---

**મુક્તાવલી :** સમાપ્તિ પ્રત્યે મંગલ કારણ છે પણ વિઘ્નધ્વંસ દ્વારા. જ્યારે આ રીતે મંગલ-સમાપ્તિનો કાર્યકારણભાવ નિશ્ચિત થયો ત્યારે નાસ્તિકાત્માની ગ્રન્થસમાપ્તિ પ્રત્યે પણ મંગલની કારણતા સાધવી રહી. એટલે પ્રસ્તુત જન્મમાં મંગલ કર્યું નથી માટે જન્માન્તરીય મંગલની કલ્પના કરવી રહી આ પ્રમાણે પ્રાચીનો કહે છે.

જો સાધારણ મંગલ ભયાનક વિઘ્નોનો નાશ ન કરે તો પ્રતિબંધક વિઘ્નોની હાજરીમાં મંગલ હોવા છતાં સમાપ્તિ ન થાય તે સહજ છે. દંડ એ ઘટ પ્રત્યે કારણ છે. તે હાજર હોય તો પણ વચ્ચે કોઈ પ્રતિબંધક આવે તો ઘટ ન જ થાય. તેથી કંઈ ઘટ પ્રત્યે દંડ કારણ નથી એમ ન કહેવાય. આમ મંગલ વિઘ્નધ્વંસ દ્વારા સમાપ્તિ-કાર્ય કરે છે એમ પ્રાચીન નૈયાયિકો કહે છે.

---

**ટિપ્પણ :** મુક્તાવલીકાર એમ કહે છે કે આ પ્રમાણે પ્રાચીન નૈયાયિકો માને છે. તેનો અર્થ એ થયો કે મુક્તાવલીકારને પોતાને પ્રાચીનોનો આ મત ઈષ્ટ નથી. એટલે જ તેમણે કહ્યું કે,'તેઓ આમ કહે છે.' આમ **પ્રાञ્ચઃ આહુઃ** પદથી તેમણે આ વાતમાં પોતાનો અસ્વરસ-અસંમતિ સૂચિત કરેલ છે. મુક્તાવલીકાર તો નવ્ય નૈયાયિક છે એટલે અહીં તેઓ પોતાનો અસ્વરસ સૂચવી જાય તે સહજ છે.

આ વાતમાં તેમની અરુચિ એ છે કે જો મંગલ વિઘ્નધ્વંસ કરવા દ્વારા સમાપ્તિ-કાર્ય કરતું હોય તો પછી મંગલના સાક્ષાત્ ફળ વિઘ્નધ્વંસને ન લેતાં પારંપરિક ફળરૂપ સમાપ્તિ સાથે મંગલનો કાર્યકારણભાવ શા માટે લેવો જોઈએ ? મંગલ તો વિઘ્નધ્વંસ કરવામાં જ પોતાનું બળ (કાર્ય) પૂરું કરે છે. પછી તેનાથી જ સમાપ્તિ શા માટે કહેવી જોઈએ?

આની સામે પ્રાચીનોનો ઉત્તર એ છે કે મંગલ એ વ્યાપારી (વ્યાપારવાળું) અને વિઘ્નધ્વંસ એ વ્યાપાર છે. વ્યાપારથી વ્યાપારીની કંઈ અન્યથાસિદ્ધિ ન થઈ જાય. જો તેમ થાય તો તો દંડ પણ ઘટનું કારણ ન બનતાં ઘટ પ્રત્યે અન્યથાસિદ્ધ થઈ જાય, કેમકે

વ્યાપારિ દંડ ચક્રમાં ભ્રમી ઉત્પન્ન કરવારૂપ વ્યાપાર દ્વારા ઘટ ઉત્પન્ન કરે છે. એટલે હવે ઘટનું કારણ ભ્રમી રૂપ વ્યાપાર જ બનશે અને દંડ એ ઘટ પ્રત્યે અન્યથાસિદ્ધ થઈ જશે. પણ આમ તો બનતું નથી માટે પ્રસ્તુતમાં પણ મંગલ વિઘ્નધ્વંસ દ્વારા સમાપ્તિ કરે તેથી તે મંગલ અન્યથાસિદ્ધ ન થઈ જાય. વ્યાપાર તેને કહેવાય કે જે કારણથી ઉત્પન્ન થયેલ હોય અને જે કારણજન્ય કાર્યને ઉત્પન્ન કરતો હોય. **कारणजन्यत्वे सति कार्यजनकत्वं व्यापारत्वम् ।** મંગલરૂપ કારણથી વિઘ્નધ્વંસ ઉત્પન્ન થાય છે અને તે વિઘ્નધ્વંસથી સમાપ્તિ-કાર્ય ઉત્પન્ન થાય છે.

મંગલ-કારણ, વિઘ્નધ્વંસ જન્ય અને જનક, સમાપ્તિ-કાર્ય.

નૈયાયિકો માને છે કે કાર્યની અવ્યવહિત પૂર્વક્ષણમાં કારણની હાજરી હોવી જોઈએ. હવે દાન દેવાથી સ્વર્ગ મળે છે માટે દાન અને સ્વર્ગનો કાર્ય-કારણભાવ થયો. પણ દાન તો ક્યારનું ય થઈ ગયું અને તેનાથી જે સ્વર્ગ મળે તે તો આયુષ્ય પૂર્ણ થયા બાદ મળે, તો પછી સ્વર્ગની અવ્યવહિત પૂર્વક્ષણમાં દાનક્રિયા તો છે નહિ પછી તે બે વચ્ચે કાર્ય-કારણભાવ કેમ જામે? આથી કાર્ય-કારણભાવ જમાવવા માટે જ દાન અને સ્વર્ગની વચ્ચે એક વ્યાપાર માનવો પડે છે. ભલે દાનક્રિયા નષ્ટ થઈ ગઈ પણ તેનાથી જે શુભ અદૃષ્ટ (પુણ્ય) ઉત્પન્ન થયું તે તો સ્વર્ગપ્રાપ્તિની અવ્યવહિત પૂર્વક્ષણમાં છે જ. આમ શુભ અદૃષ્ટરૂપ વ્યાપાર માનવાથી જ દાનની સ્વર્ગ પ્રત્યેની કારણતા ઉત્પન્ન થાય છે. આથી બે વસ્તુનો કાર્ય-કારણભાવ જમાવવા માટે 'વ્યાપાર' માનવો પડે છે. એટલે દાનથી શુભ અદૃષ્ટના વ્યાપાર દ્વારા સ્વર્ગ ઉત્પન્ન થાય છે તો જેમ સ્વર્ગ પ્રત્યે દાન અન્યથાસિદ્ધ નથી (અકારણ નથી) તેમ સમાપ્તિ પ્રત્યે મંગલ પણ અન્યથાસિદ્ધ નથી. આ પ્રાચીનોનું મંતવ્ય છે.

---

**मुक्तावली : नव्यास्तु मङ्गलस्य विघ्नध्वंस एव फलम् ।**

---

**મુક્તાવલી :** નવ્યો તો કહે છે કે મંગલનું ફળ વિઘ્નધ્વંસ જ છે, સમાપ્તિ નહિ.

---

**ટિપ્પણ : નવ્ય :** કારણ બે જાતના હોય છે : સ્વરૂપયોગ્ય અને ફલોપધાયક.

**સ્વરૂપયોગ્ય :** આ એવું કારણ છે કે તે જો જરૂરી બીજી સામગ્રી મળે તો અવશ્ય પોતાનું કાર્ય કરી આપે. પણ જ્યાં સુધી તેને કાર્ય કરવા માટે જરૂરી સામગ્રી ન મળે ત્યાં સુધી તે કાર્ય ન કરે. એટલે તેના સ્વરૂપમાં તે કાર્યનું કારણ બનવાની યોગ્યતા તો છે જ. એનો કંઈ ઇન્કાર કરી શકાય નહિ. અરણ્યમાં પડેલો દંડ જો બીજી બધી કુલાલાદિ

સામગ્રી-યુક્ત બને તો તે જરૂર ઘટકાર્ય કરી શકે. એટલે એમ કહેવાય કે ઘટકાર્યને ઉત્પન્ન કરવાની યોગ્યતા એ દંડના સ્વરૂપમાં જરૂર છે. **इतरकारणसमवधाने यत् कार्यजनकं तत् स्वरूपयोग्यं कारणम्** । જરૂરી સામગ્રીના અભાવમાં જે વસ્તુ કાર્ય ન કરી શકે તો તેટલા માત્રથી તે કાર્ય પ્રત્યેની તે વસ્તુની કારણતા ઊડી ન જાય.

**ફલોપધાયક :** આ એવું કારણ છે કે જે બધી જરૂરી સામગ્રીથી યુક્ત બનેલું છે અને તેથી જ જેની ઉત્તરક્ષણમાં કાર્ય થઈ જવાનું છે. અર્થાત્ કાર્યરૂપ ફળનું જે ઉપધાન (જનન) કરે તે ફલોપધાયક કારણ કહેવાય.

સ્વરૂપયોગ્યતાવાળો અરણ્યસ્થ દંડ જો કુંભારના હાથમાં આવી જાય અને ઘટ માટેની બીજી બધી સામગ્રી લાવીને તે દંડથી કુંભાર ઘટ ઉત્પન્ન કરે તો તે દંડ હવે ઘટનું ફલોપધાયક કારણ બની જાય. તંતુ અને તંતુનો સંયોગ થતાં ઉત્તરક્ષણે જ પટકાર્ય થાય છે માટે તંતુ અને તંતુનો સંયોગ પટ પ્રત્યે ફલોપધાયક કારણ કહેવાય.

હવે પ્રસ્તુતમાં વિઘ્નધ્વંસ પ્રત્યે મંગલ કેવું કારણ છે ? તે જોઈએ.

---

**मुक्तावली : समाप्तिस्तु बुद्धिप्रतिभादिकारणकलापात् ।**

---

**મુક્તાવલી :** સમાપ્તિ તો બુદ્ધિ, પ્રતિભા, વિઘ્નધ્વંસ વગેરેથી થાય, અર્થાત્ મંગલથી તો માત્ર વિઘ્નધ્વંસ જ થાય, પણ સમાપ્તિ નહિ.

---

**मुक्तावली : न चैवं स्वतःसिद्धविघ्नविरहवता कृतस्य मङ्गलस्य निष्फलत्वापत्तिरिति वाच्यम्, इष्टापत्तेः ।**

---

**મુક્તાવલી : પ્રાચીન :** જો મંગલનું ફળ વિઘ્નધ્વંસ હોય તો જે આસ્તિકને વિઘ્નનો સ્વતઃસિદ્ધ (સહજ રીતે) અત્યંતાભાવ છે તેને તો મંગલકરણ નિષ્ફળ જ જશે ને ? કેમકે ત્યાં વિઘ્ન જ નથી, માટે મંગલથી વિઘ્નધ્વંસ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**નવ્ય :** હા, એવા સ્થાને મંગલ ભલે નિષ્ફળ બને. અમને તેમાં ઇષ્ટાપત્તિ જ છે.

---

**मुक्तावली : विघ्नशङ्कया तदाचरणात्, तथैव शिष्टाचारात् ।**

---

**મુક્તાવલી : (પ્રાચીન :** તો તેવા નિષ્ફળ કાર્યમાં પ્રવૃત્તિ કેમ કરી ?)

**નવ્ય :** વિઘ્નોની શંકાથી મંગલમાં પ્રવૃત્તિ કરવામાં આવે છે. મંગલ કરનારને એવું

જ્ઞાન હોતું નથી કે મને સ્વતઃસિદ્ધ વિઘ્નાત્યન્તાભાવ છે. એ તો વિઘ્નની સંભાવના માનીને જ મંગલ કરે છે.

'વિઘ્નની શંકા માત્રથી વિઘ્નધ્વંસ માટે મંગલમાં પ્રવૃત્તિ શી રીતે ઘટે ?' એવો પ્રશ્ન પણ ન કરવો, કેમકે આ જ પ્રમાણે શિષ્ટ પુરુષોનો આચાર છે કે જ્યાં વિઘ્નની શંકા હોય ત્યાં તેના નાશ માટે યથોચિત પ્રવૃત્તિ કરવી.

---

**ટિપ્પણ :** જે આસ્તિકને સ્વતઃસિદ્ધ વિઘ્નાત્યતાભાવ છે તેને મંગલ નિષ્ફળ જરૂર જાય, કેમકે તે મંગલથી વિઘ્નધ્વંસરૂપ કાર્ય થઈ શકે તેમ નથી. એટલે એ વાત નક્કી થઈ કે મંગલ વિઘ્નધ્વંસ ત્યારે જ કરી શકે જ્યારે વિઘ્નરૂપ પ્રતિયોગીની હાજરી હોય, અર્થાત્ વિઘ્નધ્વંસરૂપ કાર્ય કરવા માટે જેમ મંગલની જરૂર છે તેમ વિઘ્નોની પણ જરૂર છે. જો વિઘ્નો જ ન હોય તો માત્ર મંગલથી વિઘ્નધ્વંસ શે થાય ? **सति विघ्ने तन्नाशस्य कारणम् मङ्गलम् ।** જો વિઘ્નધ્વંસ પ્રતિ વિઘ્નરૂપ જરૂરી સામગ્રી પણ હાજર હોત તો મંગલથી અવશ્ય વિઘ્નધ્વંસનું કાર્ય થાત, પણ અહીં સ્વતઃસિદ્ધ વિઘ્નાત્યંતાભાવ છે એટલે વિઘ્નરૂપ સામગ્રીના અભાવે મંગલ પોતાનું કાર્ય વિઘ્નધ્વંસ કરી શકતું નથી.

પણ, તેથી મંગલની કારણતા મટી ન જાય, કિન્તુ આવા મંગલને સ્વરૂપયોગ્ય-કારણતાવાળું કહેવાય. જરૂરી સામગ્રી મળતાં જે કાર્યને ઉત્પન્ન કરે તે સ્વરૂપયોગ્ય કારણ કહેવાય. ઘટનાશમાં જેમ દંડની જરૂર છે તેમ ઘટની પણ જરૂર છે, અર્થાત્ નાશ પ્રત્યે પ્રતિયોગીની પણ કારણતા છે.

---

**मुक्तावली : न च तस्य निष्फलत्वे तद्बोधकवेदाप्रामाण्यापत्तिरिति वाच्यम्, सति विघ्ने तन्नाशस्यैव वेदबोधिततत्वात् । अत एव पापभ्रमेण कृतस्य प्रायश्चित्तस्य निष्फलत्वेऽपि न तद्बोधकवेदाप्रामाण्यम् ।**

---

**મુક્તાવલી : પ્રાચીન :** જો સ્વતઃસિદ્ધ વિઘ્નાત્યંતાભાવવાળા આસ્તિકનું મંગલ નિષ્ફળ જાય તો વેદમાં જે વિઘ્નધ્વંસ અને મંગલનો કાર્ય-કારણભાવ કહ્યો છે તે અપ્રમાણ થઈ જાય, કેમકે અહીં તો મંગલ છતાં તેનું કાર્ય ન થવા રૂપ અન્વયવ્યભિચાર આવ્યો.

**ઉત્તર :** વેદમાં મંગલને વિઘ્નધ્વંસ પ્રત્યે કારણ કહ્યું તે સ્વરૂપયોગ્ય કારણ કહ્યું છે, નહિ કે ફલોપધાયક. એટલે જો વિઘ્નરૂપ સામગ્રી હાજર હોય તો મંગલ જરૂર વિઘ્નધ્વંસ કરે. આથી વેદની પંક્તિ અપ્રમાણ થતી નથી.

આ હકીકત છે માટે જ 'કીડીની હત્યારૂપ પાપ મારાથી થયું છે' એવા ભ્રમથી કોઈ તેનું પ્રાયશ્ચિત્ત કરે તો ત્યાં યદ્યપિ હત્યા ન થઈ હોય તો પ્રાયશ્ચિત્ત નિષ્ફળ જાય. છતાં પ્રાયશ્ચિત્તથી પાપનાશ થાય તેવો પાપનાશ-પ્રાયશ્ચિત્તનો કાર્ય-કારણભાવ કહેનાર વેદપંક્તિ કાંઈ અપ્રમાણ ન થાય, કેમકે અહીં પાપનાશ પ્રત્યે પ્રાયશ્ચિત્તની સ્વરૂપ-યોગ્યતારૂપ કારણતા છે. જો પાપ હોત તો પ્રાયશ્ચિત્ત તેનો નાશ કરી દેત.

---

**मुक्तावली : मङ्गलं च विघ्नध्वंसविशेषे कारणम्, विघ्नध्वंसविशेषे च विनायकस्तवपाठादिः ।**

---

**મુક્તાવલી : પ્રશ્ન :** તમે મંગલ-વિઘ્નધ્વંસનો જે કાર્ય-કારણભાવ બનાવ્યો તેમાં વ્યતિરેક -વ્યભિચાર દોષ આવે છે, અર્થાત્ મંગલ વિના પણ વિઘ્નધ્વંસ થઈ જાય છે. તે આ રીતે : એક માણસ વિનાયકસ્તવપાઠ કરે છે અને તેના વિઘ્નોનો ધ્વંસ થાય છે. બીજો એક માણસ પ્રાયશ્ચિત્ત ધર્મ કરે છે અને તેના વિઘ્નોનો ધ્વંસ થાય છે. આ બે ય સ્થળે મંગલ વિના જ વિઘ્નધ્વંસ થાય છે. આ બે ય સ્થળે મંગલ વિના જ વિઘ્નધ્વંસ થયો માટે વ્યતિરેકવ્યભિચાર દોષ આવ્યો.

**ઉત્તર :** અમે કહીશું કે જે વિઘ્નધ્વંસ મંગલથી થયા હોય તે બધા વિઘ્નધ્વંસવિશેષ પ્રત્યે જ મંગલ કારણ, જે વિઘ્નધ્વંસ વિનાયકસ્તવપાઠથી થયા હોય તે બધા વિઘ્નધ્વંસ-વિશેષ પ્રત્યે વિનાયકસ્તવપાઠ કારણ, અને જે વિઘ્નધ્વંસ પ્રાયશ્ચિત્તથી થયા હોય તે વિઘ્નધ્વંસવિશેષ પ્રત્યે પ્રાયશ્ચિત્ત કારણ માનવું. એટલે હવે વ્યતિરેકવ્યભિચાર દોષ નહિ આવે, કેમકે મંગલથી થનારા વિઘ્નધ્વંસવિશેષ પ્રત્યે જ અમે મંગલને કારણ માનીએ છીએ. **मङ्गलोत्तरजायमानविघ्नध्वंसविशेषं प्रत्येव मङ्गलं कारणम् ।**

**પ્રશ્ન :** વિનાયકસ્તવપાઠ પણ એક પ્રકારનું મંગલ જ છે ને ?

**ઉત્તર :** ના, મંગલ તો શબ્દાત્મક છે. વિનાયકસ્તવપાઠ એ જરૂર મંગલ છે, પણ વિનાયકસ્તવના પાઠની ક્રિયા તે મંગલ નથી, કેમકે મંગલ ક્રિયાત્મક ન હોય.

---

**मुक्तावली : क्वचिच्च विघ्नात्यन्ताभाव एव समाप्तिसाधनं, प्रतिबन्धक-संसर्गाभावस्यैव कार्यजनकत्वात् ।**

---

**મુક્તાવલી : પ્રશ્ન :** મંગલ અને વિઘ્નધ્વંસનો કાર્ય-કારણભાવ તો થયો પણ તમે કહ્યું કે સમાપ્તિ મંગલથી થતી નથી પરંતુ બુદ્ધિ, પ્રતિભા, વિઘ્નધ્વંસાદિ કારણસમૂહથી

થાય છે, અર્થાત્ વિઘ્નધ્વંસ અને સમાપ્તિનો કાર્ય-કારણભાવ બન્યો.

આ કાર્ય-કારણભાવમાં વ્યતિરેકવ્યભિચાર આવે છે. એટલે કે સ્વતઃસિદ્ધ વિઘ્નનો વિરહ (વિઘ્નાત્યન્તાભાવ) જ્યાં છે ત્યાં જે સમાપ્તિ થઈ તે વિઘ્નધ્વંસરૂપ કારણ વિના જ થઈ એટલે વ્યતિરેકવ્યભિચાર દોષ આવ્યો.

**ઉત્તર :** અમે કહીશું કે કેટલાક સ્થાને સમાપ્તિનું કારણ વિઘ્નધ્વંસ છે અને કેટલાક સ્થાને સમાપ્તિનું કારણ વિઘ્નાત્યન્તાભાવ છે.

**પ્રશ્ન :** આ તો સમાપ્તિના અનનુગત કારણો થયા. એક જ અનુગત કારણ શું થાય?

**ઉત્તર :** વિઘ્નધ્વંસ અને વિઘ્નાત્યંતાભાવ બન્ને મૂળ તો વિઘ્નસંસર્ગાભાવરૂપ છે. માટે સમાપ્તિનું અનુગત સાધક = કારણ વિઘ્નસંસર્ગાભાવ કહીશું. આમ મંગલ અને વિઘ્નસંસર્ગાભાવ વચ્ચે તેમજ વિઘ્નસંસર્ગાભાવ અને સમાપ્તિ વચ્ચે કાર્ય-કારણભાવ સ્થિર થયો.

---

**ટિપ્પણ :** ન્યાયદર્શનનો નિયમ છે કે પ્રતિબંધક જે સંબંધથી રહીને કાર્યને અટકાવતું હોય તે જ સંબંધથી તેનો અભાવ હોય તો જ કાર્ય થાય. દા.ત. કુલાલ ઘટકાર્ય કરી રહ્યો છે. તે વખતે ચક્ર ઉપર કુલાલનો છોકરો આવીને બેસી જાય તો ત્યાં એમ કહેવાય કે ઘટકાર્ય થવામાં છોકરાનો ચક્ર સાથેનો સંબંધ પ્રતિબંધક છે. એ જ વખતે ચક્ર ઉપર સમવાયસંબંધથી છોકરા રૂપ પ્રતિબંધકનો અભાવ છે છતાં પણ કાર્ય ન થાય. કાર્ય થવા માટે તો હવે સંયોગ સંબંધથી જ છોકરારૂપ પ્રતિબંધકનો અભાવ જોઈએ. એટલે એ નિયમ થયો કે, **यद्सम्बन्धावच्छिन्नः प्रतियोगी कार्यं प्रति प्रतिबन्धकः, तद्-सम्बन्धावच्छिन्नप्रतियोगिताकः अभावः कार्यजनकः ।** હવે આ નિયમ મુજબ પ્રસ્તુતમાં સમાપ્તિ પ્રત્યે વિઘ્ન પ્રતિબંધક છે અને વિઘ્નરૂપ પ્રતિબંધકનો અભાવ સમાપ્તિજનક છે. અહીં વિઘ્ન આત્મામાં જે સંબંધથી રહેતા હોય તે સંબંધથી તેનો અભાવ સમાપ્તિ-કાર્યનો જનક બને. વિઘ્ન=પ્રતિબંધક=અદૃષ્ટ=કર્મ આત્માનો ગુણ આત્મામાં સમવાયસંબંધથી રહીને સમાપ્તિનો પ્રતિબંધક બને છે માટે સમવાયસંબંધથી રહેનારા વિઘ્નોનો અભાવ સમાપ્તિનો જનક બને એમ કહેવાય.

**समवायसम्बन्धावच्छिन्नप्रतियोगिताकः विघ्नाभावः** એટલે **आत्मनि समवायेन विघ्नो नास्ति** એમ થવું જોઈએ.

નૈયાયિકનો નિયમ છે કે અભાવોમાં જે અત્યન્તાભાવ છે તેની પ્રતિયોગિતા કોઈ ને કોઈ સંબંધથી અવચ્છિન્ન હોય, પણ જે ધ્વંસરૂપ અભાવ છે અથવા તો પ્રાગભાવરૂપ

અભાવ છે તેની પ્રતિયોગિતા કોઈ સંબંધથી અવચ્છિન્ન ન હોય. તેનું કારણ એ છે કે ભૂતલ ઉપર ઘટ હોવા છતાં '**समवायेन घटो नास्ति**' એમ કહી શકાય છે કે કપાલમાં ઘટ હોવા છતાં ત્યાં **संयोगेन** ઘટનો અત્યંતાભાવ કહી શકાય છે. એટલે અહીં અત્યંતાભાવમાં સ્પષ્ટ કરવું જ પડે કે અભાવની પ્રતિયોગિતા ક્યા સંબંધથી લેવાની ઇષ્ટ છે ? જ્યારે પ્રાગભાવ કે ધ્વંસાભાવમાં આની સ્પષ્ટતા કરવાની જરૂર રહેતી નથી, કેમકે **ध्वस्तस्तु ध्वस्तः एव । संयोगेनापि घटो ध्वस्तः, समवायेनापि घटो ध्वस्तः ।** ઘટ જ્યારે ધ્વંસ પામે ત્યારે એ તમામે તમામ સંબંધથી ધ્વંસ પામે. કોઈક સંબંધથી ઘટધ્વંસ થયો છે અને કોઈક સંબંધથી નથી થયો એવું ત્યાં બોલી શકાતું નથી. એ જ વાત પ્રાગભાવમાં પણ સમજવી. એટલે આ બે અભાવોની પ્રતિયોગિતા સંબંધાવચ્છિન્ન ન બને. એટલે હવે સમાપ્તિના જે બે કારણો વિઘ્નધ્વંસ અને વિઘ્નાત્યન્તાભાવ કહ્યા એમાં વિઘ્નાત્યંતાભાવ તો યત્કિંચિત્સંબંધાવચ્છિન્ન છે જ, એટલે તે તો સમાપ્તિનું કારણ બની જશે. પણ વિઘ્નધ્વંસ યત્કિંચિત્સંબંધાવચ્છિન્ન નથી, તે સમાપ્તિનું કારણ શી રીતે બને ?

**ઉત્તર :** તમારી વાત સાચી છે પણ સાથે જ એ વાત ખ્યાલમાં રાખો કે જે ભૂતલ ઉપર **घटो ध्वस्तः** એવી પ્રતીતિ થાય છે ત્યાં જ **भूतले घटो नास्ति** એવી પ્રતીતિ પણ થાય છે. એ જ રીતે ચક્ર ઉપર ઘટ-પ્રાગભાવની પ્રતીતિ થાય છે ત્યાં જ **चक्रे घटो नास्ति** એવી પ્રતીતિ પણ થાય છે. એટલે પ્રાગભાવ કે ધ્વંસાભાવના અધિકરણમાં અત્યંતાભાવની પણ પ્રતીતિ થાય છે. માટે અમે કહીશું કે આત્મારૂપ અધિકરણમાં જેમ વિઘ્નધ્વંસની પ્રતીતિ થાય છે તેમ ત્યાં **विघ्नो नास्ति** એવી અત્યંતાભાવની પણ પ્રતીતિ થાય છે. એટલે ભલે વિઘ્નધ્વંસની પ્રતિયોગિતા કોઈ સંબંધથી અવચ્છિન્ન ન હોય પણ ત્યાં જ પ્રતીયમાન વિઘ્નાત્યન્તાભાવની પ્રતિયોગિતા તો સમવાયસંબંધાવચ્છિન્ન છે જ. માટે આ રીતે વિઘ્નધ્વંસના સ્થાને વિઘ્નાત્યંતાભાવની પ્રતીતિ લઈને તમે આપેલી આપત્તિ અમે દૂર કરીશું.

યદ્યપિ પ્રાચીનો ધ્વંસ કે પ્રાગભાવના અધિકરણમાં અત્યંતાભાવની પ્રતીતિ માનતા નથી તથાપિ તેમનો એ સિદ્ધાન્ત અપ્રામાણિક છે, કેમકે ધ્વંસ-પ્રાગભાવની પ્રતીતિ જ્યાં થાય છે ત્યાં અત્યંતાભાવની પ્રતીતિ પ્રત્યક્ષસિદ્ધ છે.

ઉપરની વિચારણાથી એ નક્કી થાય છે કે વિઘ્નાત્યન્તાભાવ બે પ્રકારે છે : (૧) **स्वतःसिद्धविघ्नासत्त्वप्रयुक्तः** અને (૨) **विघ्नध्वंसप्रयुक्तः** - એટલે કે **विघ्नध्वंसाधिकरणे प्रतीयमानः ।**

**પ્રશ્ન :** તમે કહ્યું કે જ્યાં ધ્વંસની પ્રતીતિ હોય, **भूतले घटो ध्वस्तः** એવું જ્યાં થાય

ત્યાં જ **भूतले घटो नास्ति** એવી અત્યન્તાભાવની પણ પ્રતીતિ થાય છે. એની સામે અમે કહીશું કે તેવા સ્થાને **भूतले घटो नास्ति** એવી જે પ્રતીતિ થાય છે તે વસ્તુતઃ ધ્વંસની જ પ્રતીતિ છે, અત્યન્તાભાવની નહિ.

**ઉત્તર :** જો એમ જ હોય તો જે ભૂતલ ઉપર બે ઘટ પડ્યા છે ત્યાં એક ઘટનો ધ્વંસ થાય ત્યારે જેમ **भूतले घटो ध्वस्तः** એમ બોલાય છે તેમ **भूतले घटो नास्ति** એમ બોલવાની પણ આપત્તિ આવશે, કેમકે ધ્વંસની પ્રતીતિને જ તમે અત્યંતાભાવની પ્રતીતિ કહો છો, અર્થાત્ **भूतले घटो ध्वस्तः - भूतले घटो नास्ति** થાય. પણ આમ તો બનતું નથી, કેમકે તે ભૂતલ ઉપર હજી એક ઘટ પડ્યો છે માટે ત્યાં **भूतले घटो नास्ति** કહી શકાય નહિ.

એથી હવે સાબિત થયું કે : (૧) ધ્વંસ અને અત્યંતાભાવની પ્રતીતિ જુદી છે. (૨) જ્યાં ધ્વંસની પ્રતીતિ થાય ત્યાં અત્યંતાભાવની જુદી પ્રતીતિ થઈ શકે છે. (૩) તેથી જે આત્મામાં વિઘ્નધ્વંસ થયો તે આત્મામાં વિઘ્નાત્યન્તાભાવ પણ કહી શકાય છે.

આ વિઘ્નાત્યન્તાભાવ યત્કિંચિત્સંબંધાવચ્છિન્ન છે માટે તેને લઈને સમાપ્તિ અને વિઘ્નસંસર્ગાભાવનો કાર્ય-કારણભાવ સ્થિર થશે. એટલે સમાપ્તિ પ્રત્યે વિઘ્નસંસર્ગાભાવને જે કારણ કહ્યું ત્યાં 'વિઘ્નસંસર્ગાભાવ' પદથી ધ્વંસ અને પ્રાગભાવરૂપ બે ય સંસર્ગાભાવ ન લેવા, પરંતુ સંસર્ગ(સંબન્ધ)અવચ્છિન્ન અભાવ= અત્યન્તાભાવ લેવો, અર્થાત્ સમાપ્તિ પ્રત્યે સમવાયસંબન્ધાવચ્છિન્ન- પ્રતિયોગિતાક વિઘ્નાત્યન્તાભાવરૂપ સંસર્ગાભાવ કારણ છે.

---

**मुक्तावली : इत्थं च नास्तिकादीनां ग्रन्थेषु जन्मान्तरीयमङ्गलजन्यदुरित-ध्वंसः स्वतःसिद्धविघ्नात्यन्ताभावो वाऽस्तीति न व्यभिचार इत्याहुः ।**

---

**મુક્તાવલી :** હવે જે નાસ્તિકના ગ્રન્થોને લઈને વ્યતિરેકવ્યભિચાર દોષ આવતો હતો તે નહિ આવે, કેમકે તેઓએ જન્માંતરમાં જે મંગલ કર્યું હતું તેનાથી વિઘ્નનો ધ્વંસ થયો તેવી કલ્પના કરી શકાય છે અથવા તો આ કલ્પનાથી સર્યું, કેમકે અહીં મંગલની તથા વિઘ્નોના ધ્વંસની કલ્પના કરવી પડે છે કે જે ગૌરવગ્રસ્ત છે. એના કરતાં **लाघवात्** એમ કહી શકાય કે નાસ્તિકના ગ્રન્થમાં વિઘ્નનો અત્યંતાભાવ હતો, અર્થાત્ વિઘ્નો જ ન હતા, અને તેથી ત્યાં વિઘ્નાત્યન્તાભાવાત્મક સંસર્ગાભાવ હાજર હોવાથી જ સમાપ્તિ-કાર્ય થયેલ છે, માટે વ્યભિચાર દોષ ન આવે.

**मुक्तावली : संसारमहीरुहस्य बीजायेति । संसार एव महीरुहो वृक्षस्तस्य बीजाय, निमित्तकारणायेत्यर्थः । एतेन ईश्वरे प्रमाणमपि दर्शितं भवति, तथाहि-यथा घटादि कार्यं कर्तृजन्यं तथा क्षित्यङ्कुरादिकमपि ।**

**મુક્તાવલી** : કારિકાવલીના પ્રથમ શ્લોકમાં **तस्मै कृष्णाय नमः संसारमहीरुहस्य बीजाय** કહ્યું છે. તેની ઉપર ટીકા કરતાં વિશ્વનાથ પંચાનન કહે છે કે, 'સંસારમહીરુહ' સમાસનો ષષ્ઠી તત્પુરુષમાં વિગ્રહ ન કરવો પરંતુ કર્મધારયથી વિગ્રહ કરવો જે અહીં બતાવી જ દીધો છે. ઈશ્વરમાંથી સંસાર ઉત્પન્ન થયો નથી એટલે સંસારમહીરુહનું સમવાયિકારણરૂપ બીજ ન લેવું પણ નિમિત્તકારણ રૂપ લેવું. ઈશ્વર સંસારની ઉત્પત્તિમાં નિમિત્તકારણ છે.

**क्षित्यङ्कुरादिकं सकर्तृकं कार्यत्वात् । यत् कार्यं तत् सकर्तृकं यथा घटः । तथा चेदं ( क्षित्यङ्कुरादिकं कार्यम् ।) तस्मात् तथा ( सकर्तृकम् )** । ઘટાદિ જે કોઈ કાર્ય છે તે બધા યનો કોઈ ને કોઈ કર્તા દેખાય છે તો ક્ષિત્યાદિ પણ કાર્ય (જન્ય) છે માટે તેનો પણ કોઈ કર્તા હોવો જોઈએ.

**ટિપ્પણ : પ્રશ્ન** : તમે ઈશ્વરને જગત્કાર્યનું નિમિત્તકારણ કહ્યું, અર્થાત્ **ईश्वरः जगत्कर्ता** એવું જે અનુમાન કરવાનું સાહસ કરો છો તે બરોબર નથી, કેમકે ઈશ્વરરૂપ પક્ષ જ અહીં અપ્રસિદ્ધ છે. પક્ષ તો વાદી-પ્રતિવાદી બે ય ને પ્રસિદ્ધ હોવો જોઈએ. આમ અહીં પક્ષાસિદ્ધિ દોષ આવે છે.

**ઉત્તર** : જ્યારે આ રીતે પક્ષાસિદ્ધિ દોષ આપવામાં આવે ત્યારે પક્ષરૂપ ધર્મીનું ગ્રાહક બની જાય તેવું અનુમાન કરવું જોઈએ, અર્થાત્ એવું અનુમાન કરવું કે જેનાથી પક્ષની સિદ્ધિ આપોઆપ થઈ જાય.

**क्षित्यङ्कुरादिकं सकर्तृकं कार्यत्वात्** – આ અનુમાનમાં જે પક્ષ છે તે તો વાદી-પ્રતિવાદી બે ય ને સંમત છે. એટલે અહીં પક્ષાસિદ્ધિ દોષ સંભવતો નથી. હવે આ અનુમાનથી ક્ષિત્યાદિનો જે કર્તા સિદ્ધ થશે તે ઈશ્વર જ સિદ્ધ થશે.

**मुक्तावली : न च तत्कर्तृत्वमस्मदादीनां सम्भवतीत्यतस्तत्कर्तृत्वेनेश्वर-सिद्धिः ।**

**મુક્તાવલી : પ્રશ્ન** : આપણો જીવાત્મા જ તેનો કર્તા ન બની શકે ?

**ઉત્તર** : જીવાત્માને કર્તા માનવામાં બે આપત્તિ આવે છે : (૧) વિનિગમનાવિરહ: **एकपक्षनिर्णायकयुक्तिः विनिगमना । तस्या विरहः=अभावः** અર્થાત્ ક્યો જીવાત્મા ક્ષિત્યાદિનો કર્તા ? દેવદત્તનો, યજ્ઞદત્તનો કે ચૈત્ર-મૈત્રાદિનો ? આમાંથી કોઇ એકનો કર્તા તરીકે નિર્ણય થઈ શકતો નથી. (૨) બીજી વાત એ પણ છે કે જે કર્તા બને તેને કાર્યના ઉપાદાન(સમવાયિકારણ)નું જ્ઞાન હોવું જોઈએ. કુલાલને ઘટકાર્યના ઉપાદાન માટીનું જ્ઞાન છે માટે તે ઘટ બનાવવાનો યત્ન કરે છે. ક્ષિત્યાદિના ઉપાદાનરૂપ પરમાણુનું આપણા જેવા જીવાત્માને જ્ઞાન નથી, કેમકે પરમાણુમાં મહત્ત્વ નથી. મહત્ત્વ વિનાની વસ્તુનું આપણને પ્રત્યક્ષ જ્ઞાન થઈ શકે નહિ.

આ બે કારણસર ક્ષિત્યાદિનું કર્તૃત્વ જીવાત્મામાં ઘટી શકતું નથી એટલે ક્ષિત્યાદિના કર્તા તરીકે ઇશ્વરને માનવો જ રહ્યો.

---

**मुक्तावली : न च शरीराजन्यत्वेन कर्त्रजन्यत्वसाधकेन सत्प्रतिपक्ष इति वाच्यम्, अप्रयोजकत्वात् ।**

---

**મુક્તાવલી** : **પ્રશ્ન** : **क्षित्यादिकं सकर्तृकं कार्यत्वात् ।** આ અનુમાન સામે અમે સત્-પ્રતિપક્ષ ઊભો કરીશું કે **क्षित्यादिकं अकर्तृकं शरीराजन्यत्वात् ।** જે જે શરીરથી અજન્ય છે તેનો કોઈ કર્તા નથી હોતો, જેમકે આકાશાદિ. ક્ષિત્યાદિ પણ શરીરાજન્ય છે માટે અકર્તૃક છે.

**ઉત્તર** : તમારા આ અનુમાનનો હેતુ અપ્રયોજક છે, અર્થાત્ સાધ્યને સિદ્ધ કરનારો નથી માટે તમારું અનુમાન અમારા ઈશ્વરસાધક અનુમાનની સામે ઊભું રહી શકતું નથી.

---

**ટિપ્પણ** : કોઈ વ્યક્તિ કોઈના હેતુને અપ્રયોજક કહે એટલે ત્યાં સમજી લેવું કે હેતુને અપ્રયોજક કહેનાર વ્યક્તિનું એમ કહેવું છે કે **अस्तु हेतुः, माऽस्तु साध्यम् ।** પ્રસ્તુતમાં ઈશ્વરકર્તૃત્વવાદીએ નાસ્તિકનો હેતુ અપ્રયોજક કહ્યો, એટલે એનો અર્થ એ થયો કે ઈશ્વરકર્તૃત્વવાદી નાસ્તિકને એમ કહે છે કે **अस्तु शरीराजन्यत्वं माऽस्तु अकर्तृकत्वम् ।** અર્થાત્ ક્ષિત્યાદિ ભલે શરીરાજન્ય હોય પણ તેથી તે અકર્તૃક કેમ બની જાય ?

જ્યારે આવો દોષ ઊભો કરવામાં આવે ત્યારે નાસ્તિકની ફરજ થઈ પડે છે કે તેણે તેના વિપક્ષનો બાધક તર્ક ઊભો કરી દેવો જોઈએ. તર્ક એટલે વ્યાપ્યના આરોપથી વ્યાપકનો આરોપ કરવો. દા.ત. **वह्निमान् धूमात्** સ્થાને કોઈ ધૂમહેતુને અપ્રયોજક કહી

દે કે **पर्वते अस्तु धूमः माऽस्तु वह्निः** તો તેની સામે તર્ક કરાય કે **यदि धूमो वह्निं विनाऽपि स्यात् तर्हि वह्निजन्यो न स्यात्** । અર્થાત્ **यदि वह्निर्न स्यात् तर्हि धूमोऽपि न स्यात्=यदि वह्न्यभावः स्यात् तर्हि धूमाभावोऽपि स्यात्** । અહીં પ્રથમ વહ્ન્યભાવ(વ્યાપ્ય)નો આરોપ કરીને પછી ધૂમાભાવ(વ્યાપક)નો આરોપ કર્યો છે. જો પર્વતમાં વહ્ન્યભાવ હોય તો તો ધૂમાભાવ પણ હોવો જ જોઈએ. પણ ધૂમ તો છે જ, (તમે પણ **अस्तु धूमः** કહ્યું જ છે) માટે વહ્નિ પણ હોવો જ જોઈએ, કેમકે ધૂમ-વહ્નિનો કાર્ય-કારણભાવ સર્વત્ર સિદ્ધ છે.

પ્રસ્તુતમાં જયારે ઈશ્વરકર્તૃત્વવાદીએ નાસ્તિકના હેતુને અપ્રયોજક (**अस्तु शरीराजन्यत्वं माऽस्तु अकर्तृकत्वम्** ) કહ્યો ત્યારે તેની સામે નાસ્તિકે તર્ક કરવો જોઈએ, પણ તે તેમ કરી શકતો નથી એટલે હવે તેનું અનુમાન હેત્વાભાસ બની જાય છે.

વળી **शरीराजन्यत्वं** હેતુમાં શરીર વિશેષણ વ્યર્થ છે, કેમકે જે જે શરીરથી અજન્ય હોય તે તે અકર્તૃક હોય (આકાશવત્) તેમ ન કહેતાં જે જે અજન્ય હોય તે તે અકર્તૃક હોય (આકાશવત્) એમ કહી શકાય છે. આવું કહેતાં જો વ્યભિચાર દોષ આવતો હોય તો જરૂર વિશેષણ મુકાત, પણ તેમ તો છે નહિ, છતાં 'શરીર' વિશેષણ મૂક્યું છે માટે વ્યર્થવિશેષણ-વ્યાપ્યત્વાસિદ્ધિ દોષ આવે છે. દા.ત. **पर्वतो धूमवान् वह्नेः** । અહીં **यत्र वह्निः तत्र धूमः** વ્યાપ્તિ કરતાં વ્યભિચાર દોષ આવે છે. (કેમકે અયોગોલકમાં વહ્નિ છે પણ ધૂમ નથી.) તેને દૂર કરવા **आर्द्रेन्धनवह्नेः** હેતુ મૂકીએ, અર્થાત્ વહ્નિને 'આર્દ્રેન્ધનત્વ' વિશેષણ લગાડીએ તો તે વ્યભિચાર દોષ રહેતો નથી, કેમકે જ્યાં આર્દ્રેન્ધનવહ્નિ હોય ત્યાં ધૂમ હોય જ. આમ વ્યભિચારવારક વિશેષણ જ સાર્થક કહેવાય.

પ્રસ્તુતમાં શરીર વિશેષણ ન હોય તો પણ **यत्र अजन्यत्वं तत्र अकर्तृकत्वम्** વ્યાપ્તિ બની રહે છે. હવે આમ **अजन्यत्वात्** હેતુ મૂકે તો ક્ષિત્યાદિ પક્ષમાં અજન્યત્વ હેતુ રહી શકતો નથી, કેમકે ક્ષિત્યાદિ તો જન્ય છે. માટે સ્વરૂપાસિદ્ધિ દોષ પણ આવી જાય છે.

હવે પોતાની વાત સિદ્ધ ન થઈ છતાં વિજય મેળવવો હોય ત્યારે સામાની વાતને જૂઠી ઠરાવવા કોશિશ કરવી પડે. એટલે નાસ્તિક પણ ઈશ્વરવાદીને કહે છે કે તમારો કાર્યત્વ હેતુ અપ્રયોજક છે, અર્થાત્ **अस्तु ( क्षित्यादौ ) कार्यत्वम् माऽस्तु सकर्तृकत्वम्** । આના અનુસંધાનમાં હવે મુક્તાવલી જોવી.

---

**मुक्तावली : मम तु कर्तृत्वेन कार्यत्वेन कार्यकारणभाव एवानुकूलस्तर्कः ।**

---

**મુક્તાવલી :** અમારો હેતુ અપ્રયોજક નથી, કેમકે અમારે તો કર્તા અને કાર્ય વચ્ચેનો

કાર્યકારણભાવ જ અનુકૂલ તર્ક છે. જગતમાં સર્વત્ર કાર્ય અને તેના કર્તા વચ્ચે કાર્ય-કારણભાવ છે એ વાત પ્રસિદ્ધ છે. હવે જો ક્ષિત્યાદિમાં કાર્યત્વ કબૂલ હોય અને તેનું કર્તૃત્વ કબૂલ ન હોય તો એનો અર્થ એ થયો કે કર્તા વિના પણ કાર્ય થઈ શકે છે. આમ થતાં કુલાલ વિના પણ ઘટ થઈ જવાની આપત્તિ આવશે કે જે તમને પણ ઇષ્ટ નથી.

**यदि कार्यं कर्तारं विनाऽपि स्यात् तर्हि कार्य-कर्त्रोः कार्यकारणभावो न स्यात् । तथा सति कुलालं विनाऽपि घटः स्यात् ।**

અહીં વ્યાપ્યારોપ વડે વ્યાપકારોપ આ રીતે છે :

જો ક્ષિત્યાદિમાં સકર્તૃકત્વનો અભાવ (વ્યાપ્ય) હોય તો કાર્યત્વનો પણ અભાવ (વ્યાપક) થઈ જશે, પણ ત્યાં કાર્યત્વનો અભાવ તો નથી જ.

---

**ટિપ્પણ :** હવે તે કર્તા કોણ ? એ પ્રશ્નની સામે લાઘવ તર્ક છે કે જો એક જ કર્તા અને તે પણ નિત્ય સિદ્ધ થાય તો અનેક અને અનિત્યને કર્તા માનવામાં ગૌરવ છે. **एको नित्यश्चेत् तदा लाघवम् ।**

આમ આ તર્કથી એક અને નિત્ય તરીકે ઈશ્વર કર્તા તરીકે સિદ્ધ થઈ જાય છે.

**क्षित्यादिकं सकर्तृकं कार्यत्वात्**-આ હેતુમાં ક્ષિત્યાદિ કાર્ય છે અને ઈશ્વર કારણ છે. ઈશ્વરમાં કારણતા રહે છે અને કૃતિ (પ્રયત્ન) પણ રહે છે, માટે કારણતાવચ્છેદક કૃતિ બની શકે. પણ કૃતિ તો જગતમાં અનેક છે, એટલે કારણતાવચ્છેદક અનંતા થવાથી ગૌરવ આવે. માટે લાઘવાત્ જગત્કાર્યનું કારણ ઈશ્વર ન કહેતાં કૃતિ (ઈશ્વરની) કહેવી જોઈએ. તેથી કારણતાવચ્છેદક કૃતિત્વ થાય અને તે તો જાતિ હોવાથી એક જ છે, એટલે તે એક જ જાતિ કારણતાવચ્છેદક બનતાં લાઘવ થાય. માટે સકર્તૃકત્વનો પણ અભાવ નથી. આમ થતાં અમારા સદ્ધેતુથી ક્ષિત્યાદિનો કર્તા સિદ્ધ થયો.

---

**मुक्तावली : 'द्यावाभूमी जनयन् देव एको विश्वस्य कर्ता भुवनस्य गोप्ता' इत्यादय आगमा अप्यनुसन्धेयाः ।**

---

**મુક્તાવલી :** વળી **द्यावाभूमी जनयन्** ઇત્યાદિ આગમવાક્યો પણ ઈશ્વરને જગત્કર્તા તરીકે સિદ્ધ કરે છે. ઘણાં રસોઈયા રસોઈ બગાડે, ઘણાં ડૉક્ટરો કેસ બગાડે, તેથી એક જ કર્તા માનવામાં લાઘવ છે.

કહેવત છે ને કે **तुण्डे तुण्डे मतिर्भिन्ना ।**

**कारिकावली : द्रव्यं गुणस्तथा कर्म सामान्यं सविशेषकम् ।**
**समवायस्तथाऽभावः पदार्थाः सप्त कीर्तिताः ॥२॥**

**मुक्तावली : पदार्थान् विभजते-द्रव्यमिति । अत्र सप्तमस्याऽभावत्व-कथनादेव षण्णां भावत्वं प्राप्तं, तेन भावत्वेन पृथगुपन्यासो न कृतः । एते च पदार्था वैशेषिकनये प्रसिद्धाः, नैयायिकानामप्यविरुद्धाः । प्रतिपादितं चैवमेव भाष्ये ।**

**મુક્તાવલી :** પદાર્થોનું વિભાજન કરે છે. તે પદાર્થો સાત છે : દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ અને અભાવ. પ્રથમ છ પદાર્થો ભાવરૂપ છે એવી પ્રતીતિ તો સાતમો પદાર્થ 'અભાવ' કહેવાથી થઈ જાય છે, એટલે જુદું સ્પષ્ટીકરણ કર્યું નથી. આ સાત પદાર્થો વૈશેષિક દર્શનમાં પ્રસિદ્ધ છે અને તે સાતેય પદાર્થો ન્યાયદર્શનને પણ માન્ય છે, કારણ કે ન્યાયભાષ્યમાં તેવું જ પ્રતિપાદન આવે છે.

**ટિપ્પણ : पदार्थान् विभजते-पदार्थान् प्रतिपादयति ।** પદાર્થોનું પ્રતિપાદન એટલે પદાર્થત્વના વ્યાપ્ય ધર્મોને આગળ કરીને થતું પ્રતિપાદન. પદાર્થત્વના વ્યાપ્ય ધર્મો દ્રવ્યત્વ, ગુણત્વ વગેરે સાત છે. તે દ્રવ્યત્વાદિ ધર્મોને આગળ કરીને જે પ્રતિપાદન થાય તેને પદાર્થોનું પ્રતિપાદન-પદાર્થોનું વિભાજન કહેવાય.

પદાર્થત્વના સાક્ષાત્ વ્યાપ્ય ધર્મો દ્રવ્યત્વાદિ છે તેમ પદાર્થત્વના પરંપરયા વ્યાપ્ય ધર્મો પૃથ્વીત્વાદિ છે. પદાર્થત્વવ્યાપ્યદ્રવ્યત્વ અને દ્રવ્યત્વવ્યાપ્યપૃથ્વીત્વ છે. એટલે માત્ર પદાર્થત્વના વ્યાપ્ય ધર્મથી જો પ્રતિપાદન કરીએ તો પરંપરયા વ્યાપ્ય ધર્મ પૃથ્વીત્વાદિને લઈને પણ પદાર્થોનું પ્રતિપાદન થઈ જશે. આ આપત્તિ દૂર કરવા સાક્ષાત્ વ્યાપ્ય ધર્મ કહેવું જોઈએ. પદાર્થ-વિભાજન = પદાર્થત્વના સાક્ષાત્ વ્યાપ્ય ધર્મનું પ્રતિપાદન.

આ રીતે દ્રવ્યનું વિભાજન એટલે દ્રવ્યત્વના સાક્ષાત્ વ્યાપ્ય ધર્મને આગળ કરીને કરાતું પ્રતિપાદન એ અર્થ થયો. અહીં દ્રવ્યત્વના સાક્ષાત્ વ્યાપ્ય ધર્મ ભૂતત્વ, મૂર્તત્વ અને અમૂર્તત્વ એ ત્રણ છે જ.

**પ્રશ્ન :** આ ત્રણમાં નવે ય નો સમાવેશ થઈ જ જાય છે તો શું તે રીતે દ્રવ્ય ત્રણ કહેવાય ?

**ઉત્તર :** ના, જે સાક્ષાત્ વ્યાપ્ય ધર્મ લેવા જોઈએ તે મિથો વિરુદ્ધ પણ હોવા જોઈએ. ભૂતત્વ અને મૂર્તત્વ તેવા નથી. પૃથ્વ્યાદિ ચારમાં ભૂતત્વ-મૂર્તત્વ બે ય રહે છે એટલે આ ધર્મો લઈ શકાય નહિ. પરસ્પર વિરુદ્ધ હોય તેવા તો પૃથ્વીત્વાદિ નવ જ છે. જ્યાં પૃથ્વીત્વ છે ત્યાં જલત્વાદિ નથી અને જ્યાં જલત્વ છે ત્યાં પૃથ્વીત્વાદિ નથી.

એટલે હવે એ વાત નક્કી થઈ કે પદાર્થનું વિભાજન = **पदार्थत्वसाक्षात्व्याप्य-मिथोविरूद्धयावद्धर्मपुरस्कारेण प्रतिपादनम् ।** પદાર્થત્વના મિથો વિરુદ્ધ સાક્ષાત્ વ્યાપ્ય ધર્મો જેટલા હોય તેટલા બધા ય લેવા જોઈએ, પણ એક, બે કે ચાર નહિ. માટે પદાર્થનું વિભાજન=પદાર્થત્વસાક્ષાત્વ્યાપ્યમિથોવિરુદ્ધયાવદ્ધર્મપુરસ્કારેણ પ્રતિપાદન થાય.

યદ્યપિ ભાવત્વ અને અભાવત્વ આવા જ ધર્મો છે, એટલે ખરેખર તો ભાવ અને અભાવ એમ બે જ પદાર્થ કહેવા જોઈએ, પરંતુ શિષ્યમતિને વિકસાવવા માટે દ્રવ્યત્વાદિ સાત પદાર્થો લીધા છે.

પ્રતિપાદન=નિરૂપણ=નામોત્કીર્તન=પદાર્થના નામ આપે છે.

**मुक्तावली : अत एवोपमानचिन्तामणौ सप्तपदार्थभिन्नतया शक्ति-सादृश्यादीनामप्यतिरिक्तपदार्थत्वमाशङ्कितम् । ननु कथमेत एव पदार्थाः? शक्तिसादृश्यादीनामप्यतिरिक्तपदार्थत्वात् । तथाहि-मण्यादिसमवहितेन वह्निना दाहो न जन्यते, तच्छून्येन तु जन्यते । तत्र मण्यादिना वह्नौ दाहानुकूला शक्तिर्नाश्यते, उत्तेजकेन मण्याद्यपसारणेन च जन्यत इति कल्प्यते ।**

**મુક્તાવલી** : પદાર્થો સાત છે, માટે જ ઉપમાનચિન્તામણિ ગ્રન્થમાં શક્તિ અને સાદૃશ્ય એ બે પદાર્થોની અતિરિક્ત પદાર્થ તરીકે શંકા કરી છે કે પદાર્થો સાત જ કેમ કહ્યા? શક્તિ અને સાદૃશ્યને પણ આઠમો અને નવમો પદાર્થ કેમ ન કહ્યો ?

(હવે શક્તિવાદી પોતાનો પૂર્વપક્ષ સ્થિર કરે છે.)

સામાન્યતઃ વહ્નિમાંથી દાહ નીકળે છે, પણ જ્યારે તે વહ્નિની પાસે ચન્દ્રકાન્ત મણિ મૂકવામાં આવે છે ત્યારે તે વહ્નિમાંથી દાહ થતો નથી. જ્યારે ચન્દ્રકાન્ત મણિ દૂર કરવામાં આવે છે ત્યારે વળી પાછો વહ્નિમાંથી દાહ પેદા થાય છે. અહીં અમારું કહેવું એ છે કે જો દાહ પ્રત્યે વહ્નિ જ કારણ હોત તો મણિના સદ્ભાવમાં પણ દાહ થવો જોઈએ, કેમકે ત્યારે પણ વહ્નિ તો છે જ, પણ તેમ થતું નથી. એટલે જ એમ કહેવું પડશે કે જ્યારે ચન્દ્રકાન્ત મણિ વહ્નિની પાસે મૂકવામાં આવે છે ત્યારે દાહને ઉત્પન્ન કરવાની વહ્નિમાં રહેલી શક્તિનો તે નાશ કરે છે અને જ્યારે મણિ દૂર થાય છે ત્યારે વહ્નિમાં દાહાનુકૂલ શક્તિ ઉત્પન્ન થઈ જાય છે. આમ વહ્નિમાં **शक्तिसत्त्वे दाहसत्त्वं, शक्ति-असत्त्वे दाहासत्त्वं** એવો અન્વય-વ્યતિરેકસહચાર માનવો જ જોઈએ. આથી 'શક્તિ' **નામનો** જૂદો પદાર્થ સિદ્ધ થાય છે.

**ટિપ્પણ : નૈયાયિક** : શક્તિ નામનો ભલે એક જૂદો પદાર્થ સિદ્ધ થયો પણ તેનો સાતમાંથી કોઈપણ પદાર્થમાં સમાવેશ ન કરી શકાય ?

**શક્તિવાદી** : ના, તે આ રીતે : (૧) શક્તિ દ્રવ્યરૂપ પદાર્થ નથી, કેમકે શક્તિ તો ગુણાદિમાં પણ રહે છે. જો શક્તિ દ્રવ્યરૂપ પદાર્થ હોય તો દ્રવ્ય તો ગુણાદિમાં રહી શકે નહિ, એટલે શક્તિ પણ ગુણાદિમાં રહી ન શકે. પણ શક્તિ ગુણાદિમાં રહે તો છે જ, માટે તેને દ્રવ્યપદાર્થ સ્વરૂપ ન મનાય. **शक्तिः न द्रव्यात्मिका गुणादिवृत्तित्वात् ।**

(૨) શક્તિ ગુણ-કર્મ પદાર્થરૂપ પણ નથી, કેમકે શક્તિ ગુણ-કર્મમાં પણ રહે છે.

જો તે ગુણ કે કર્મરૂપ હોત તો તે ગુણ-કર્મમાં ન રહી શકત, કેમકે ગુણ-કર્મ એ ગુણ-કર્મમાં રહેતા નથી. **शक्तिः न गुणकर्मरूपा, गुणादिवृत्तित्वात् ।**

(૩) શક્તિ સામાન્ય, વિશેષ, સમવાય, અત્યન્તાભાવ સ્વરૂપ પણ નથી, કેમકે શક્તિ ઉત્પત્તિમદ્ અને વિનાશી છે. જે ઉત્પત્તિમદ્ અને વિનાશી હોય તે સામાન્યાદિ સ્વરૂપ ન હોય, કેમકે સામાન્ય, વિશેષ, સમવાય અને અત્યંતાભાવ તો નિત્ય છે અને ધ્વંસાભાવ ઉત્પત્તિમદ્ હોવા છતાં વિનાશી નથી. પ્રાગભાવ વિનાશી છે પણ ઉત્પત્તિમદ્ નથી. આમ દ્રવ્યાદિ સાતમાં ક્યાંય પણ શક્તિ પદાર્થનો સમાવેશ થતો નથી માટે તેને સાત પદાર્થથી અતિરિક્ત આઠમો પદાર્થ માનવો જોઈએ.

---

**मुक्तावली : एवं सादृश्यमप्यतिरिक्तः पदार्थः, तद्धि न षट्सु भावेष्वन्तर्भवति, सामान्येऽपि सत्त्वात् । यथा गोत्वं नित्यं तथा अश्वत्वमपीति सादृश्यप्रतीतेः । नाप्यभावे, सत्त्वेन प्रतीयमानत्वादिति चेत् ? न,**

---

**મુક્તાવલી** : આ જ રીતે સાદશ્યને પણ અતિરિક્ત નવમો પદાર્થ માનવો જોઈએ. **चन्द्रसदृशं मुखम् ।** અહીં મુખમાં ચન્દ્રનું જે સાદશ્ય છે તે સાદશ્ય નામનો પદાર્થ દ્રવ્યાદિ સાત પદાર્થમાં ક્યાંય સમાવેશ પામતો નથી. તે આ રીતે : દ્રવ્યાદિ છ ભાવપદાર્થોમાં તેનો અન્તર્ભાવ થતો નથી, કેમકે દ્રવ્યાદિ છ ભાવપદાર્થો સામાન્યમાં રહેતા નથી, જ્યારે સાદશ્ય તો સામાન્યમાં પણ રહે છે, કેમકે જેમ ગોત્વ નિત્ય છે તેમ અશ્વત્વ પણ નિત્ય છે. એટલે નિત્યતાને લીધે ગોત્વ અને અશ્વત્વ બે સમાન છે, અર્થાત્ નિત્યતાને લીધે ગોત્વનું સાદશ્ય અશ્વત્વ સામાન્યમાં પ્રતીત થાય છે. આમ સાદશ્ય તો સામાન્યમાં પણ રહે છે માટે છ ભાવપદાર્થરૂપ સાદશ્ય ન મનાય, કારણ કે છ પદાર્થો તો સામાન્યમાં રહેતા નથી.

વળી અભાવરૂપ સાતમા પદાર્થમાં પણ તેનો સમાવેશ થઈ શકે નહિ, કેમકે સાદશ્ય તો ભાવપદાર્થ તરીકે પ્રતીત થાય છે. જો સાદશ્ય અભાવરૂપ પદાર્થ બને તો તેની ભાવ તરીકે પ્રતીતિ ન થઈ શકે.

---

**मुक्तावली : मण्याद्यभावविशिष्टवह्न्यादेर्दाहादिकं प्रति स्वातन्त्र्येण मण्यभावादेरेव वा हेतुत्वं कल्प्यते । अनेनैव सामञ्जस्ये अनन्तशक्ति-तत्प्रागभावध्वंसकल्पनाऽनौचित्यात् ।**

---

**મુક્તાવલી :** સાત પદાર્થવાદી નૈયાયિક હવે આ બે ય પૂર્વપક્ષનું ખંડન કરતાં પ્રથમ 'શક્તિ પદાર્થને માનવાની જ જરૂર નથી' તે વાત સિદ્ધ કરે છે. શક્તિવાદીએ વહ્નિમાં દાહાનુકૂલ શક્તિ માનીને **शक्तिसत्त्वे दाहसत्त्वं शक्ति-असत्त्वे दाहासत्त्वम्** એવો અન્વયવ્યતિરેક કર્યો હતો, પણ નૈયાયિક તો કહે છે કે ચન્દ્રકાન્ત મણિ વિનાનો વહ્નિ હોય તો દાહ થાય અને ચન્દ્રકાન્ત મણિયુક્ત વહ્નિ હોય, અર્થાત્ ચન્દ્રકાન્ત મણિ વિનાનો વહ્નિ ન હોય તો દાહ થાય નહિ. **मणि-असमवहितवह्निसत्त्वे दाहसत्त्वम् मणि-असमवहितवह्नि-असत्त्वे दाहासत्त्वम्** આવો જ અન્વયવ્યતિરેક માનવો જોઈએ. અર્થાત્ દાહ પ્રત્યે માત્ર વહ્નિને જ કારણ ન કહેતાં મણ્યાદ્યભાવવિશિષ્ટ વહ્નિને કારણ કહેવું જોઈએ અથવા દાહ પ્રત્યે મણ્યભાવ તથા વહ્નિ એમ બે જુદા જુદા (સ્વતન્ત્ર) કારણો કહેવા જોઈએ. આટલેથી જ કામ પતી જાય છે તો શક્તિપદાર્થ, તેના પ્રાગભાવો અને તેના ધ્વંસો માનવાની શી જરૂર ? એ ઉચિત નથી.

---

**मुक्तावली : न चोत्तेजके सति प्रतिबन्धकसद्भावेऽपि कथं दाह इति वाच्यम्, उत्तेजकाभावविशिष्टमण्यभावस्य हेतुत्वात् ।**

---

**મુક્તાવલી : શક્તિવાદી :** તમે કહ્યું કે મણ્યભાવવિશિષ્ટ વહ્નિ દાહનું કારણ છે તો ભલે, તમે અહીં ફસાઈ જશો. જે વહ્નિ પાસે ચન્દ્રકાન્ત મણિ છે અને તેથી જ્યાં દાહ થતો નથી ત્યાં જ જો બીજો સૂર્યકાન્ત મણિ લાવીને મૂકવામાં આવે તો ચન્દ્રકાન્ત મણિ હોવા છતાં દાહ થાય છે, કેમકે સૂર્યકાન્ત મણિ દાહનો ઉત્તેજક છે. આ સ્થાને (ચન્દ્રકાન્ત) મણ્યભાવવિશિષ્ટ વહ્નિ નથી, છતાં દાહ તો થયો. તમે તો મણ્યભાવવિશિષ્ટ વહ્નિને દાહનું કારણ કહો છો, તો કારણ વિના કાર્ય થઈ જવાથી વ્યતિરેકવ્યભિચાર આવ્યો. અમારે તો સીધી જ વાત છે કે ઉત્તેજક આવવાથી વહ્નિમાં શક્તિ ઉત્પન્ન થઈ ગઈ એટલે દાહ થઈ ગયો.

**નૈયાયિક :** સારું ત્યારે, હવે અમે થોડો પરિષ્કાર કરીશું. વસ્તુસ્થિતિ એ છે કે જો ઉત્તેજકાભાવવિશિષ્ટ ચન્દ્રમણિ હોય તો તે દાહનો પ્રતિબંધક બને છે. **उत्तेजकाभाव-विशिष्टचन्द्रमणिः दाहप्रतिबन्धकः ।** કાર્ય માત્ર પ્રત્યે પ્રતિબંધકાભાવ કારણ છે, એટલે દાહરૂપ કાર્યમાં ઉત્તેજકાભાવવિશિષ્ટ ચન્દ્રમણિ પ્રતિબંધક છે માટે ઉત્તેજકાભાવવિશિષ્ટ ચન્દ્રમણિનો અભાવ કારણ છે. હવે જે જે સ્થિતિમાં ઉત્તેજકાભાવવિશિષ્ટ મણિનો અભાવ હોય તે તે સ્થિતિમાં દાહ થઈ જશે. જ્યાં ઉત્તેજકાભાવવિશિષ્ટ મણિ જ હોય

ત્યાં દાહ નહિ થાય.

દાહ થવાની ત્રણ અવસ્થાઓ છે. તે ત્રણેય અવસ્થામાં ઉત્તેજકાભાવવિશિષ્ટ મણ્યભાવ છે જ. જુઓ :

| | ઉત્તેજક સૂર્યમણિ | ચન્દ્રમણિ | દાહ | |
|---|---|---|---|---|
| (૧) | ✔ | ✔ | ✔ | થશે. |
| (૨) | ✗ | ✗ | ✔ | થશે. |
| (૩) | ✔ | ✗ | ✔ | થશે. |

(૧) જ્યાં સૂર્ય-ચન્દ્ર બે ય મણિ છે ત્યાં ચન્દ્રમણિ હોવા છતાં ઉત્તેજકાભાવવિશિષ્ટ ચન્દ્રમણિનો તો અભાવ જ છે, માટે દાહ થયો.

(૨) જ્યાં બે ય નથી ત્યાં તો ચન્દ્રકાન્ત મણિ જ નથી, એટલે ઉત્તેજકાભાવવિશિષ્ટ મણિનો પણ અભાવ જ થઈ ગયો. આમ ઉત્તેજકાભાવવિશિષ્ટ મણ્યભાવ કારણ ઉપસ્થિત થતાં દાહ થયો.

(૩) જ્યાં ઉત્તેજક છે અને ચન્દ્રકાન્ત મણિ નથી ત્યાં પણ ચન્દ્રમણિ જ નથી, એટલે ઉત્તેજકાભાવવિશિષ્ટ મણિનો પણ સુતરાં અભાવ જ છે. આમ અહીં પણ ઉત્તેજકાભાવ-વિશિષ્ટ મણ્યભાવરૂપ કારણ હાજર થવાથી દાહકાર્ય થયું.

અને જ્યાં ઉત્તેજક નથી અને ચન્દ્રકાન્ત મણિ છે ત્યાં તો જે મણિ છે તે તો ઉત્તેજકાભાવવિશિષ્ટ મણિ છે. તે તો પ્રતિબંધક છે, માટે ત્યાં દાહકાર્ય ન જ થાય.

આમ હવે શક્તિ પદાર્થ માનવાની જરૂર રહેતી નથી. વળી શક્તિ પદાર્થ માનવાથી તે અનંત શક્તિના પ્રાગભાવ, ધ્વંસ વગેરેની કલ્પના કરવી પડે તે ગૌરવ પણ છે. માટે પણ શક્તિ પદાર્થ માનવાની જરૂર નથી.

---

**ટિપ્પણ :** ઉત્તેજકાભાવવિશિષ્ટ મણિનો અભાવ = વિશિષ્ટ મણિનો અભાવ. આપણે મુક્તાવલીમાં જોયું કે ત્રણ અવસ્થામાં આવો વિશિષ્ટ અભાવ (ઉત્તેજકાભાવ-વિશિષ્ટ મણ્યભાવ) સ્પષ્ટ દેખાય છે. આ વિશિષ્ટાભાવ ક્રમશઃ વિશેષણાભાવ પ્રયુક્ત, વિશેષ્યાભાવ પ્રયુક્ત અને ઉભયાભાવ પ્રયુક્ત હોય છે.

| | ઉત્તેજક=સૂર્યમણિ | ચન્દ્રમણિ | દાહ | |
|---|---|---|---|---|
| (૧) | ✔ | ✔ | વિશિષ્ટાભાવ ✔ | વિશેષણાભાવ પ્રયુક્ત |
| (૨) | ✗ | ✗ | વિશિષ્ટાભાવ ✔ | વિશેષ્યાભાવ પ્રયુક્ત |
| (૩) | ✔ | ✗ | વિશિષ્ટાભાવ ✔ | ઉભયાભાવ પ્રયુક્ત |

ઉત્તેજકાભાવવિશિષ્ટ મણિ : અહીં મણિ એ વિશેષ્ય છે. ઉત્તેજકાભાવ એ વિશેષણ છે.


નંબર ૧માં ઉત્તેજકાભાવરૂપ વિશેષણ નથી અને વિશેષ્ય છે માટે અહીં વિશેષણાભાવ પ્રયુક્ત વિશિષ્ટાભાવ કહેવાય.

નંબર ૨માં ઉત્તેજકાભાવરૂપ વિશેષણ તો છે પણ મણિરૂપ વિશેષ્ય નથી માટે અહીં વિશેષ્યાભાવ પ્રયુક્ત વિશિષ્ટાભાવ કહેવાય.

નંબર ૩માં ઉત્તેજકાભાવરૂપ વિશેષણ નથી (કેમકે ઉત્તેજક છે) અને મણિરૂપ વિશેષ્ય પણ નથી માટે અહીં ઉભયાભાવ પ્રયુક્ત વિશિષ્ટાભાવ છે એમ કહેવાય.

આમ ત્રણેય સ્થાને દાહના કારણરૂપ જુદી જુદી જાતના (વિશેષણાભાવ પ્રયુક્ત, વિશેષ્યાભાવ પ્રયુક્ત અને ઉભયાભાવ પ્રયુક્ત) વિશિષ્ટાભાવ હાજર છે માટે દાહકાર્ય થયું. આમ દાહ પ્રત્યે શક્તિને કારણ ન માનવા છતાં બધું બરોબર થઈ જાય છે, માટે શક્તિ નામનો પદાર્થ માનવાની જરૂર રહેતી નથી.

**શક્તિવાદી :** કાર્ય માત્ર પ્રત્યે તે તે કાર્યના કારણમાં કાર્યાનુકૂલ (કાર્યજનક) શક્તિ માનીએ તો કારણતાવચ્છેદક એક જ શક્તિ બને. જ્યારે શક્તિ ન માનવાથી તો તે તે દંડાદિ કારણમાં રહેલ દંડત્વાદિ કારણતાવચ્છેદક અનંતા માનવા પડે. એક જ ઘટ પ્રત્યે દંડત્વેન, ચક્રત્વેન અને કુલાલત્વેન દંડ, ચક્ર, કુલાલાદિને કારણ કહેવા પડે. જ્યારે અમારે તો શક્તિમત્ત્વેન દંડાદિની કારણતા કહી શકાય. આ જ મોટું લાઘવ છે.




**નૈયાયિક :** પણ દંડાદિમાં ઘટાનુકૂલ જે શક્તિ તમે કહો છો તે અતીન્દ્રિય છે, તો તેને અભિવ્યક્ત કોણ કરે ? અર્થાત્ તેનો અભિવ્યંજક કોણ ?

**શક્તિવાદી :** દંડત્વાદિના જ્ઞાન તેના અભિવ્યંજક બનશે. 'ઘટાદિ પ્રત્યે દંડાદિની કારણતા દંડત્વાદિરૂપથી છે' તેવું જ્ઞાન થાય એટલે દંડત્વાદિના જ્ઞાનથી દંડાદિમાં રહેલી ઘટાનુકૂલ શક્તિનું પણ જ્ઞાન થાય અને પછી શક્તિમત્ત્વેન ઘટત્વેન દંડ-ઘટનો કાર્ય-કારણભાવ જમાવી શકાય.

**નૈયાયિક :** આ તો મહાગૌરવ થયું. જ્યારે દંડત્વના જ્ઞાનની જરૂર રહે જ છે, તે પછી જ જો શક્તિજ્ઞાન થાય અને તે પછી કાર્ય-કારણભાવ બને તો તેના કરતાં આવશ્યક એવા દંડત્વેન જ ઘટ પ્રત્યેની કારણતા (દંડમાં) કેમ ન માનવી ? અર્થાત્ દંડત્વેન ઘટત્વેન જ કાર્ય-કારણભાવ કેમ ન માનવો ? આમ શક્તિ માનવામાં જ ગૌરવ છે, ન માનવામાં તો લાઘવ છે.

---

**मुक्तावली : सादृश्यमपि न पदार्थान्तरं किन्तु तद्भिन्नत्वे सति तद्गतभूयोधर्मवत्त्वम् । यथा चन्द्रभिन्नत्वे सति चन्द्रगताह्लादकादिमत्त्वं मुखे चन्द्रसादृश्यमिति ।**

---

**મુક્તાવલી :** આ જ રીતે સાદૃશ્ય પણ અતિરિક્ત પદાર્થ નથી. સાદૃશ્ય એટલે **तद्भिन्नत्वे सति तद्गतभूयोधर्मवत्त्वम्** । મુખમાં ચન્દ્રનું સાદૃશ્ય છે. એટલે મુખમાં ચન્દ્રથી જે ભિન્નપણું હોવા સાથે ચન્દ્રમાં રહેલા આહ્લાદકત્વ, સૌમ્યતાદિ ઘણા ધર્મોવાળાપણું (જે મુખમાં છે) છે તે જ ચન્દ્રનું મુખમાં સાદૃશ્ય કહેવાય.

**कारिकावली : क्षित्यप्तेजोमरुद्व्योमकालदिग्देहिनो मनः । द्रव्याणि...**

**मुक्तावली : द्रव्याणि विभजते-क्षित्यबित्यादि । क्षितिः पृथिवी, आपो जलानि, तेजो वह्निः, मरुद् वायुः, व्योम आकाशः, कालः समयः, दिग् आशा, देही आत्मा, मनः एतानि नव द्रव्याणीत्यर्थः ।**

**મુક્તાવલી :** પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ, કાળ, દિશા, આત્મા અને મન એ નવ દ્રવ્યો છે.

**मुक्तावली : ननु द्रव्यत्वजातौ किं मानम् ? न हि तत्र प्रत्यक्षं प्रमाणं, घृतजतुप्रभृतिषु द्रव्यत्वाग्रहादिति चेत् ? न,**

**મુક્તાવલી : પ્રશ્ન :** દ્રવ્યત્વ જાતિમાં પ્રમાણ શું છે ? અર્થાત્ દ્રવ્યત્વ જાતિ શી રીતે સિદ્ધ થાય ? જ્યાં સુધી દ્રવ્યત્વ જાતિ સિદ્ધ ન થાય ત્યાં સુધી પૃથ્વ્યાદિ નવ દ્રવ્ય કેમ કહેવાય?

**ઉત્તર :** અરે, જેમ ઘટ, ઘટ, ઘટ... એવી દરેક ઘટમાં એકસરખી પ્રત્યક્ષ પ્રતીતિ થાય છે, તેથી જેમ ઘટત્વ જાતિની સિદ્ધિ થાય છે તેમ **द्रव्यं...द्रव्यं...द्रव्यं...** એવી બધા દ્રવ્યોમાં અનુગત પ્રતીતિરૂપ પ્રત્યક્ષ પ્રમાણથી જ દ્રવ્યત્વ જાતિ સિદ્ધ છે ને ?

**પ્રશ્ન :** ના, દરેક ઘટમાં ઘટ, ઘટ, ઘટ એવી જે અનુગત પ્રતીતિ થાય છે તેમ દરેક દ્રવ્યમાં દ્રવ્ય, દ્રવ્ય એવી પ્રતીતિ થતી નથી. ઘટ તો જેટલા છે તે બધા એકસરખી આકૃતિવાળા છે માટે ઘટ, ઘટ, ઘટ એવી એકસરખી પ્રતીતિ થાય છે. જ્યારે દ્રવ્ય તો બધા એકસરખી આકૃતિવાળા નથી. અરે, એક પૃથ્વી દ્રવ્ય પણ અનેકાનેક આકૃતિવાળું છે. વળી ઘી, લાખ (જતુ) વગેરેને પામર પુરુષો દ્રવ્ય તરીકે જાણતા નથી તો પછી દ્રવ્યત્વ જાતિ સિદ્ધ શી રીતે થાય ?

**ટિપ્પણ :** દરેક પદાર્થમાં જે જાતિ હોય છે તે જાતિની અભિવ્યક્તિ અનુગત એક-સરખી આકૃતિથી થાય છે. જેમકે મનુષ્યો બધા એકસરખા બે હાથ-પગ, એક મોં, બે આંખ, બે કાન વગેરેવાળા હોય છે, માટે તેનાથી દરેક મનુષ્યમાં મનુષ્યત્વ જાતિ આપણને પ્રત્યક્ષ થાય છે. પણ પૃથ્વ્યાદિ નવ દ્રવ્યમાં આમ બનતું નથી. કોઈ પૃથ્વી દ્રવરૂપ છે તો કોઈ કઠિન છે, કોઈમાં સ્નેહ છે તો કોઈમાં વળી ગંધ છે. આમ આકૃતિ

આદિનો નવેય દ્રવ્યમાં પુષ્કળ ભેદ છે માટે તે નવેયમાં દ્રવ્યત્વ જાતિનું પ્રત્યક્ષ થતું નથી. એટલે પ્રશ્ન થાય છે કે દ્રવ્યત્વ જાતિ પ્રત્યક્ષ થતી નથી તો પછી દ્રવ્યત્વવાળા નવે ય દ્રવ્ય જ કેમ કહેવાય? આના ઉત્તરમાં આગળ કહેવામાં આવશે કે અનુમાનથી દ્રવ્યત્વ જાતિ સિદ્ધ થશે. હવે એ વાતને અહીં પડતી મૂકીને એ વાતની ભૂમિકારૂપે કાંઈક વિચારીએ.



ઉપર પડેલા ત્રણ ઘટને જોઈને આપણને **ઘટઃ ઘટઃ ઘટઃ** એવું જ અનુગત જ્ઞાન થાય છે, પણ ત્યાં **પટઃ પટઃ પટઃ** એવું અનુગત જ્ઞાન થતું નથી. એનું શું કારણ ? એનો ઉત્તર એ છે કે સામે રહેલા પદાર્થોમાં આપણને પટત્વનું પ્રત્યક્ષ ન થતાં ઘટત્વનું પ્રત્યક્ષ થયું છે માટે આપણે **ઘટઃ ઘટઃ ઘટઃ** કહીએ છીએ. અહીં ફરી પ્રશ્ન થાય કે ભલે ઘટત્વનું પ્રત્યક્ષ આપણને થયું પણ ઘટનું આપણને પ્રત્યક્ષ થયું છે તે શી રીતે સિદ્ધ થાય ? આનું સમાધાન એ છે કે અનુવ્યવસાય જ્ઞાનથી 'આપણને ઘટનું પ્રત્યક્ષ થયું છે' એમ જણાય છે.

નૈયાયિકોના સિદ્ધાન્ત મુજબ જ્યારે ઘટ પદાર્થ સાથે ઇન્દ્રિયસન્નિકર્ષ થાય છે ત્યારે સૌપ્રથમ ઘટ અને ઘટત્વનું પ્રત્યક્ષ (નિર્વિકલ્પક) થાય છે. પછી **अयं घटः** એવું વ્યવસાયી જ્ઞાન (સવિકલ્પક) થાય છે. પછી **'घटज्ञानवानहम्'** અથવા **'घटमहं जानामि'** એવું અનુવ્યવસાય જ્ઞાન થાય છે. આ અનુવ્યવસાય જ્ઞાનથી 'ઘટનું મને પ્રત્યક્ષ થયું છે' એ હકીકત જણાય છે.

હવે જેમ **ઘટઃ ઘટઃ ઘટઃ** એમ ત્રણેય ઘટમાં ઘટત્વની પ્રતીતિ થાય છે તેમ સામે પડેલા ઘટ, જલ, ઘૃત અને અગ્નિને જોઈને કોઈ એમ નથી કહેતું કે **द्रव्यं द्रव्यं द्रव्यं।** આમ કેમ? જો આમ જ હોય તો નક્કી થાય છે કે જેમ ત્રણેય ઘટમાં રહેલી ઘટત્વ જાતિનું પ્રત્યક્ષ થયું છે તેમ ચારેય દ્રવ્યમાં રહેલી દ્રવ્યત્વ જાતિનું પ્રત્યક્ષ થયું નથી. તો પછી દ્રવ્યત્વ જાતિના પ્રત્યક્ષ વિના પૃથ્વી વગેરે નવ પદાર્થોને દ્રવ્ય કેમ કહેવાય ?

---

**मुक्तावली : कार्यसमवायिकारणताऽवच्छेदकतया, संयोगस्य विभागस्य वा समवायिकारणताऽवच्छेदकतया द्रव्यत्वजातिसिद्धेरिति ।**

---

**મુક્તાવલી :** ઉત્તર : કાર્યમાત્રનું સમવાયિકારણ દ્રવ્ય જ છે, માટે દ્રવ્યમાં કાર્યમાત્રની સમવાયિકારણતા છે. તે સમવાયિકારણતાના અવચ્છેદક તરીકે કયો ધર્મ

આવે ? દ્રવ્યમાં રહેનારો દ્રવ્યત્વ ધર્મ જ આવે. માટે કાર્યસમવાયિકારણતાવચ્છેદક તરીકે દ્રવ્યત્વ જાતિ અનુમાનથી સિદ્ધ થઈ જાય છે. અથવા સંયોગકાર્યની સમવાયિકારણતાના અવચ્છેદક તરીકે અથવા તો વિભાગકાર્યની સમવાયિકારણતાના અવચ્છેદક તરીકે દ્રવ્યત્વ જાતિની સિદ્ધિ થશે.

---

**ટિપ્પણ :** આ મુખ્ય પ્રશ્ન છે. હવે જો અનુમાનથી દ્રવ્યત્વ જાતિ સિદ્ધ કરવા માટે અનુમાન કરીએ કે **'द्रव्यत्वं द्रव्यनिष्ठम्'** તો અહીં આશ્રયાસિદ્ધિ, પક્ષાસિદ્ધિ દોષ આવે, કેમકે દ્રવ્યત્વ જ હજી સિદ્ધ નથી. એટલે હવે અનુમાન એવું કરવું જોઈએ કે જે દ્રવ્યત્વરૂપ પક્ષ(ધર્મી)નો ઉલ્લેખ કર્યા વિના પણ દ્રવ્યત્વને સિદ્ધ કરી આપે. (ઈશ્વરકર્તૃત્વવાદમાં પણ **'क्षित्यादिकं सकर्तृकं'** એ અનુમાન આવું જ ધર્મીગ્રાહક અનુમાન હતું.) એટલે હવે દ્રવ્યત્વનું નામ લીધા વિના જ દ્રવ્યત્વની (જાતિની) સિદ્ધિ કરવાની રહી. જ્યારે આમ કરવું હોય ત્યારે તે દ્રવ્યત્વને પ્રતિયોગિતા, પ્રતિપાદ્યતા, કાર્યતા, કારણતા આદિમાંના કોઈ એક ધર્મના અવચ્છેદક તરીકે સિદ્ધ કરવો જોઈએ. અહીં આપણે કારણતાના અવચ્છેદક તરીકે દ્રવ્યત્વને સિદ્ધ કરીશું. પણ તે પૂર્વે આપણે એક વાત ઉપર વિશેષ લક્ષ આપીએ કે દ્રવ્યાદિ સાતેય પદાર્થો કોઈ ને કોઈ કાર્ય પ્રતિ કારણ બનશે, પણ દ્રવ્યાદિ સાતેય પદાર્થો બધા ય કાર્ય પ્રત્યે સમવાયિકારણ તો નહિ જ બને. કાર્યમાત્ર પ્રત્યે સમવાયિકારણ જો બની શકે તો તે માત્ર પૃથ્વી આદિ નવ દ્રવ્ય જ બને છે, અર્થાત્ સાતમાંથી દ્રવ્યરૂપ એક જ પદાર્થ કાર્યમાત્રનું સમવાયિકારણ બની શકે છે. હવે આ વાતને વિસ્તારીએ.

| | કાર્ય | કારણ | કયું કારણ ? |
|---|---|---|---|
| ૧ | ઘટદ્રવ્ય | કપાલ(દ્રવ્ય) | સમવાયિકારણ |
| ૨ | ઘટરૂપ | ઘટ (દ્રવ્ય) | સમવાયિકારણ |
| ૩ | ઘટનું નીલરૂપ | કપાલનીલરૂપ (ગુણ) | અસમવાયિકારણ |
| ૪ | ઘટ | કપાલસંયોગ (ગુણ) | અસમવાયિકારણ |
| ૫ | ઘટ પ્રત્યક્ષમાં | ઘટદ્રવ્ય (દ્રવ્ય) | નિમિત્તકારણ |
| ૬ | ઘટનીલરૂપના પ્રત્યક્ષમાં | ઘટનીલરૂપ (ગુણ) | નિમિત્તકારણ |
| ૭ | કર્મના પ્રત્યક્ષમાં | કર્મ | નિમિત્તકારણ |
| ૮ | સામાન્યના પ્રત્યક્ષમાં | સામાન્ય | નિમિત્તકારણ |
| ૯ | વિશેષના પ્રત્યક્ષમાં | વિશેષ | નિમિત્તકારણ |

| | | | |
|---|---|---|---|
| ૧૦ | સમવાયના પ્રત્યક્ષમાં | સમવાય | નિમિત્તકારણ |
| ૧૧ | અભાવના પ્રત્યક્ષમાં | અભાવ | નિમિત્તકારણ |

કોઈપણ વિષયનું પ્રત્યક્ષ કરવું હોય તો તેમાં તે વિષય નિમિત્તકારણ બને છે. એ જ રીતે કોઈપણ દ્રવ્યાદિનો ધ્વંસ થાય તો તે ધ્વંસ પ્રત્યે તે દ્રવ્યાદિ પ્રતિયોગીઓ કારણ બને, કેમકે દ્રવ્યાદિ વિના દ્રવ્યાદિનો ધ્વંસ થઈ શકે જ નહિ. **ध्वंसं प्रति प्रतियोगिनः कारणत्वम् । घटध्वंसं प्रति घटः कारणम् । कर्मध्वंसं प्रति कर्म कारणम् । नीलरूपध्वंसं प्रति नीलरूपं कारणम् ।**


આ રીતે આપણે જોઈ શકીએ છીએ કે દ્રવ્યાદિ સાતેય પદાર્થો વિષયરૂપે નિમિત્તકારણ બની શકે છે. કેટલાક ધ્વંસ પ્રત્યે નિમિત્તકારણ બની શકે છે. (ઘટધ્વંસ પ્રત્યે ઘટ) કેટલાક વળી અસમવાયિકારણ પણ બની શકે છે. (પટ પ્રત્યે તન્તુસંયોગ) પણ સમવાયિકારણ તો માત્ર પૃથ્વ્યાદિ નવ દ્રવ્યો જ બની શકે છે, અર્થાત્ દ્રવ્ય સિવાયના બાકીના ગુણાદિ છ પદાર્થો કોઈપણ કાર્યનું સમવાયિકારણ તો ન જ બની શકે, અર્થાત્ સમવાયસંબંધથી ગુણાદિમાં કોઈ કાર્ય ઉત્પન્ન થઈ શકે જ નહિ. જો સમવાય સંબંધથી કોઈ કાર્ય ક્યાંક થાય તો તે દ્રવ્યમાં જ થાય. માટે પૃથ્વ્યાદિ નવ દ્રવ્ય જ કાર્યનું સમવાયિકારણ બની શકે.

ઘટરૂપાદિ ઘટદ્રવ્યમાં સમવાયસંબંધથી ઉત્પન્ન થાય છે માટે પૃથ્વીરૂપી ઘટદ્રવ્ય એ ઘટરૂપાદિનું સમવાયિકારણ કહેવાય. એ રીતે જલાદિ પણ પોતાના રૂપાદિનું સમવાયિકારણ બને છે. આકાશમાં પણ સમવાયસંબંધથી શબ્દ ઉત્પન્ન થાય છે માટે શબ્દનું સમવાયિકારણ આકાશ દ્રવ્ય બને. તેમ કાળ, દિશા સંયોગાદિનું સમવાયિકારણ બને, કેમકે કાળ, દિશામાં પણ સંયોગાદિ ગુણો સમવાયસંબંધથી ઉત્પન્ન થાય છે. આત્મામાં સુખાદિ સમવાયસંબંધથી ઉત્પન્ન થાય છે માટે આત્મા પણ સુખાદિનું સમવાયિકારણ બને અને મનમાં પણ સંયોગાદિ ગુણો સમવાયસંબંધથી ઉત્પન્ન થાય છે માટે મન એ સંયોગાદિનું સમવાયિકારણ બને. આમ નવેય દ્રવ્યો સમવાયિકારણ બને છે માટે નવેયમાં સમવાયિકારણતા રહી.

અહીં પ્રશ્ન થાય કે દ્રવ્યાદિ સાતેય પદાર્થમાં સમવાયિકારણતા ન રહી અને દ્રવ્યરૂપ એક પદાર્થના પૃથ્વ્યાદિ નવેય વિભાગમાં સમવાયિકારણતા રહી તેનું શું કારણ? પૃથ્વ્યાદિ નવમાં એવી કોઈ સમાનતા હોવી જોઈએ જેથી તે પૃથ્વ્યાદિ નવેયમાં સમવાયિકારણતા આવી, અર્થાત્ પૃથ્વ્યાદિ નવેયમાં બધે રહેનારો અને તેની બહાર ગુણાદિમાં ક્યાંય નહિ રહેનારો એવો કોઈ સમવાયિકારણતાનો અવચ્છેદક ધર્મ હોવો

જોઈએ કે જે સમવાયિકારણતાને પોતાની સાથે જ પકડી રાખે. હવે પૃથ્વીત્વ એવો ધર્મ નથી, કેમકે તે તો માત્ર પૃથ્વીરૂપ દ્રવ્યમાં જ રહે, જલાદિ દ્રવ્યમાં નહિ. અને જો પ્રમેયત્વ લઈએ તો તે નવેય દ્રવ્યમાં તો રહે છે પણ દ્રવ્યની બહાર ગુણાદિમાં પણ રહે છે માટે તેને પણ ન લેવાય. એટલે સમવાયિકારણતાની સાથે જ રહેનારો અવચ્છેદક ધર્મ માત્ર દ્રવ્યત્વ જ બને. **द्रवति = तांस्तान् पर्यायान् गच्छति = प्राप्नोति इति द्रव्यम् ।** આ ઉપરથી અનુમાન થાય કે **कार्यसमवायिकारणता किञ्चिद्धर्मावच्छिन्ना कारणतात्वात् तन्तुनिष्ठपटसमवायिकारणतावत् ।** જેમ તંતુમાં પટની સમવાયિકારણતા છે, તો તે તન્તુત્વધર્મથી અવચ્છિન્ન છે તેમ જગતના તમામ કાર્યના જે સમવાયિકારણો છે તેમનામાં રહેલી સમવાયિકારણતા કોઈક ધર્મથી અવચ્છિન્ન હોવી જ જોઈએ. એ ધર્મ જ દ્રવ્યત્વ. અથવા એવું પણ અનુમાન થાય કે **पृथ्व्यादिनिष्ठसमवायिकारणता किञ्चिद्धर्मावच्छिन्ना कारणतात्वात्, तन्तुनिष्ठपटसमवायिकारणतावत् ।**

હવે આ અનુમાનને ચિત્રમાં સમજીએ :




આ કાર્યતા કાર્યતાથી અવચ્છિન્ના છે. આ કાર્યતા સમવાયસંબંધથી અવચ્છિન્ના છે, કેમકે કાર્ય સમવાયિકારણમાં સમવાયસંબંધથી રહે છે. (કાર્યને રહેવાનો સંબંધ તે કાર્યતાનો અવચ્છેદકસંબંધ) હવે સમવાયિકારણમાં જે સમવાયિકારણતા છે તેનો અવચ્છેદક ધર્મ અને સંબંધ જોઈએ. સમવાયિકારણતાનો અવચ્છેદકસંબંધ તે બને કે જે સમવાયિકારણને રહેવાનો સંબંધ હોય. સમવાયિકારણ સમવાયિકારણમાં (પોતાનામાં) તાદાત્મ્યસંબંધથી રહે છે માટે સમવાયિકારણતા તાદાત્મ્યસંબંધથી અવચ્છિન્ના થઈ. હવે સમવાયિકારણતાનો અવચ્છેદક ધર્મ કયો ? સમવાયિકારણમાં રહેનારો ધર્મ તે સમવાયિકારણતાનો અવચ્છેદક ધર્મ બને. સમવાયિકારણ દ્રવ્ય જ છે માટે તેમાં રહેનારો દ્રવ્યત્વ ધર્મ સમવાયિકારણતાનો અવચ્છેદક બને. આમ સમવાયિકારણતાના અવચ્છેદક તરીકે દ્રવ્યત્વ જાતિની અનુમાનથી સિદ્ધિ થઈ. હવે તે અનુમાનને વિસ્તારીને આમ કહી શકાય : **समवायसम्बन्धावच्छिन्नकार्यत्वावच्छिन्नकार्यतानिरूपिततादात्म्य-**

सम्बन्धावच्छिन्ना समवायिकारणता किञ्चिद्धर्मावच्छिन्ना कारणतात्वात् तन्तु-निष्ठपटसमवायिकारणतावत् । या या कारणता सा सा किञ्चिद्धर्मावच्छिन्ना, तस्मात् समवायिकारणताऽपि किञ्चिद्धर्मावच्छिन्ना । स च धर्मः द्रव्यत्वम् ।


- કાર્ય-સમવાયિકારણતાવચ્છેદકતયા
- સંયોગ-સમવાયિકારણતાવચ્છેદકતયા
- વિભાગ-સમવાયિકારણતાવચ્છેદકતયા

આમ ત્રણ રીતે દ્રવ્યત્વ જાતિની સિદ્ધિ બતાવી છે.

ન્યાયશૈલીમાં એક અક્ષર પણ વ્યર્થ ન હોય ત્યાં આમ ત્રણ ત્રણ વાક્યો મૂક્યા તે વખતે આપણે સમજી શકીએ કે પૂર્વ પૂર્વ વિકલ્પોમાં કાંઈક વાંધો આવતો હોય ત્યારે જ તેને તેને છોડીને ઉત્તર વિકલ્પ મૂકતાં જાય, અર્થાત્ 'વા'કાર પૂર્વ પૂર્વ વિકલ્પોમાં અરુચિસૂચક છે.


અહીં કાર્યસમવાયિકારણતાવચ્છેદકતયા દ્રવ્યત્વ જાતિ સિદ્ધ કરી તેમાં કાંઈક વાંધો આવે છે માટે જ તે પક્ષનો ત્યાગ કરીને સંયોગસમવાયિકારણતાવચ્છેદકતયા કહ્યું. એમાં પણ કાંઈક વાંધો આવે છે માટે છેવટે વિભાગસમવાયિકારણતાવચ્છેદકતયા દ્રવ્યત્વ જાતિ સિદ્ધ થાય એમ કહ્યું. હવે આપણે તે વાંધો ક્રમશઃ જોઈએ.

આપણે પૂર્વે જોઈ ગયા કે કાર્યસમવાયિકારણતાવચ્છેદકતયા જે દ્રવ્યત્વ જાતિ સિદ્ધ કરી તેમાં કાર્યતાનો અવચ્છેદક કાર્યતા જ બનાવ્યો હતો. અહીં વાંધો આવે છે. તે એ કે સ્વ સ્વનો અવચ્છેદક બની શકે નહિ. માટે જે અનુમાન કર્યું છે તેમાં ઘટકતયા '**कार्यत्वावच्छिन्नकार्यता**' અંશ જ દોષદુષ્ટ છે માટે તેને ત્યાગવું જ પડે. તો શું કરવું? 'કાર્યસામાન્યની એટલે કે દ્રવ્ય, ગુણ, કર્માદિમાંથી કોઈપણ કાર્યની સમવાયિકારણતા નવ દ્રવ્યમાં છે' તેમ ન કહેતાં શું કહેવું ? એનું સમાધાન શોધતાં 'દ્રવ્યરૂપ કાર્યની સમવાયિકારણતાનો અવચ્છેદક' એમ કહીએ તો કાર્યતા દ્રવ્યત્વધર્મથી અવચ્છિન્ન બને, એટલે સ્વ સ્વનો અવચ્છેદક ન રહે. આમ એ દોષ તો ટળી જાય પણ પાછી બીજી ઉપાધિ ઊભી થાય. તે આ રીતે :




દ્રવ્ય સામાન્યની સમવાયિકારણતા શું નવેય દ્રવ્યમાં છે ? અર્થાત્ દ્રવ્યરૂપ કાર્યનું સમવાયિકારણ શું નવેય દ્રવ્ય બને છે ? એનો જવાબ એ છે કે ના, સ્વ=પૃથ્વી ઘટસ્વરૂપ દ્રવ્યનું સમવાયિકારણ બને. જલ પણ શુદ્ધ જલરૂપ દ્રવ્યનું સમવાયિકારણ બને. એ જ રીતે તેજ પણ દ્રવ્યનું સમવાયિકારણ બને અને વાયુ પણ તેમાં ઉત્પન્ન થતાં બીજા વાયુનું સમવાયિકારણ બને છે. પણ આકાશ, કાળ, દિશા, આત્મા અને મન તો શબ્દ, સંયોગ, સુખાદિરૂપ ગુણકાર્યના સમવાયિકારણ બને છે. અર્થાત્ દ્રવ્યકાર્યનું સમવાયિકારણ તો પૃથિવ્યાદિ ચાર દ્રવ્ય જ બને. બાકીના પાંચ તો ગુણકાર્યનું સમવાયિકારણ બને. અર્થાત્ નવેય દ્રવ્યમાં દ્રવ્યકાર્યની સમવાયિકારણતા ન જ આવી. આમ દ્રવ્યરૂપ કાર્ય લેવા જતાં નવેય દ્રવ્યમાં તેની સમવાયિકારણતા ન મળી.

તો હવે ગુણરૂપ કાર્યની સમવાયિકારણતા લઈએ. નવેય દ્રવ્યોમાં ગુણરૂપ કાર્ય તો જરૂર ઉત્પન્ન થાય છે. આકાશાદિમાં શબ્દાદિ ગુણરૂપ કાર્ય ઉત્પન્ન થાય છે અને ઘટ પૃથિવ્યાદિમાં રકતરૂપાદિ ગુણકાર્યો ઉત્પન્ન થાય છે. એટલે ગુણકાર્યની સમવાયિકારણતા નવેય દ્રવ્યમાં મળે છે. વળી કાર્યતાનો અવચ્છેદક ગુણત્વ બને છે એટલે ત્યાં સ્વ સ્વનો અવચ્છેદક બનવાની આપત્તિ પણ નથી. પણ અહીં નવી આપત્તિ છે. તે આ રીતે :




આ ચિત્રમાં ગુણત્વાવચ્છિન્ન કાર્યતા દેખાય છે, અર્થાત્ કાર્યતાનો અવચ્છેદક ગુણત્વ છે. એનો અર્થ એ થયો કે જ્યાં જ્યાં ગુણત્વ હોય ત્યાં ત્યાં કાર્યત્વ હોવું જ જોઈએ. પણ પરમાણુ વગેરેમાં જે નિત્ય ગુણો છે ત્યાં ગુણત્વ તો છે પણ કાર્યત્વ (જન્યત્વ) નથી માટે કાર્યતાનો અવચ્છેદક ગુણત્વ બની જ ન શકે. આ આપત્તિને લીધે હવે અહીં સંયોગકાર્યની સમવાયિકારણતાના અવચ્છેદક તરીકે દ્રવ્યત્વ જાતિ સિદ્ધ કરવાની રહે છે.




જો કે આમ તો અહીં કોઈ આપત્તિ નથી, કેમકે કાર્યતાનો અવચ્છેદક સંયોગત્વ છે. એટલે સ્વ એ સ્વનો અવચ્છેદક બનતો નથી. અને નવેય સમવાયિકારણોમાં સંયોગરૂપ કાર્ય હોઈ શકે. માટે સંયોગકાર્યની સમવાયિકારણતા નવેયમાં મળે છે. અને સંયોગ અનિત્ય છે માટે જ્યાં સંયોગત્વ છે ત્યાં કાર્યત્વ પણ છે જ. એટલે સંયોગત્વ એ કાર્યતાનો અવચ્છેદક પણ બને છે. પરન્તુ કેટલાક નૈયાયિકો આકાશ-કાળનો કે આકાશાત્માનો કે દિગાત્માનો નિત્ય સંયોગ માને છે. એ મતે અહીં આપત્તિ આવે છે કે તે નિત્ય સંયોગમાં સંયોગત્વ છે પણ કાર્યત્વ (જન્યત્વ) નથી. માટે હવે કાર્યતાનો અવચ્છેદક સંયોગત્વ ન બની શકે.

(વસ્તુતઃ **अप्राप्तयोस्तु या प्राप्तिः सः संयोग इति स्मृतः ।** બે વિભક્ત વસ્તુનો જે સંબંધ તે સંયોગ કહેવાય છે. આકાશ-કાળાદિ ક્યારેય પણ જુદા ન હતા કે પછી અમુક કાળે તેમનો સંયોગ થયો હોય. માટે તે બે નો સંયોગ જ ન કહેવાય.)

એટલે આ પક્ષને પણ છોડીને વિભાગરૂપ કાર્ય લીધું. કોઈના પણ મતે વિભાગ નિત્ય નથી. જે કોઈ વિભાગ છે તે જન્ય(કાર્ય)રૂપ જ છે, માટે જ્યાં વિભાગત્વ છે ત્યાં અવશ્ય કાર્યત્વ છે. માટે કાર્યતાનો અવચ્છેદક વિભાગત્વ બની જાય છે. આમ છેલ્લે વિભાગસમવાયિકારણતાવચ્છેદકતયા દ્રવ્યત્વ જાતિ સિદ્ધ થઈ. અહીં કોઈ આપત્તિ નથી, કેમકે નવેય દ્રવ્યમાં વિભાગરૂપ કાર્ય ઉત્પન્ન થાય છે. વિભાગકાર્યતાનો અવચ્છેદક વિભાગત્વ બને છે, માટે સ્વ એ સ્વનો અવચ્છેદક બનતો નથી. તેમજ બધા યના માટે બધા વિભાગ કાર્યરૂપ જ હોય છે, માટે કાર્યત્વ અને વિભાગત્વ ક્રમશઃ અવચ્છેદ્ય-અવચ્છેદક પણ બની શકે છે.

વળી બીજી રીતે પણ દ્રવ્યત્વ જાતિની સિદ્ધિ થાય છે. તે આ રીતે : તંતુસંયોગથી પટ ઉત્પન્ન થાય કે નહિ ? જો હા, તો પટ ઉત્પન્ન થયા પછી ત્યાં તંતુસંયોગ છે કે નહિ ? છે, તો તે પછીની ક્ષણે પુનઃ પટ ઉત્પન્ન થવો જોઈએ, કારણ કે આપણે કહ્યું કે પટ પ્રત્યે તંતુસંયોગ એ કારણ છે. કારણની હાજરી હોય તો કાર્ય થયા જ કરવું

જોઈએ. આમ પુનઃ પુનઃ પટ થયા કરવો જોઈએ.

આ આપત્તિ દૂર કરવા કહેવું પડે કે દ્રવ્યોત્પત્તિમાં દ્રવ્ય પ્રતિબંધક છે. એટલે જ્યાં એક પટ ઉત્પન્ન થઈ ગયો ત્યાં યદ્યપિ તંતુસંયોગરૂપ પટ-કારણ તો છે છતાં બીજો પટ ન બને, કારણ કે ત્યાં ઉત્પન્ન થયેલો પટરૂપી પ્રતિબંધક બેઠો છે.

આમ નિયમ એ થયો કે દ્રવ્યમાં ઉત્પન્ન થયેલું દ્રવ્ય દ્રવ્યોત્પત્તિમાં પ્રતિબંધક છે. માટે દ્રવ્યોત્પત્તિપ્રતિબંધકતાવચ્છેદકતયા દ્રવ્યત્વ જાતિની સિદ્ધિ થાય, અર્થાત્ દ્રવ્યોત્પત્તિ રૂપ કાર્ય, તેમાં પ્રતિબંધક પ્રથમતઃ ઉત્પન્ન થયેલું દ્રવ્ય, એમાં પ્રતિબંધકતા રહી, એનો અવચ્છેદક દ્રવ્યત્વ થાય.

**मुक्तावली : ननु दशमं द्रव्यं तमः कुतो नोक्तं ? तद्धि प्रत्यक्षेण गृह्यते, तस्य च रूपवत्त्वात् कर्मवत्त्वाच्च द्रव्यत्वम् । तद्धि गन्धशून्यत्वान्न पृथिवी, नीलरूपवत्त्वाच्च न जलादिकम् । तत्प्रत्यक्षे चालोकनिरपेक्षं चक्षुः कारणमिति चेत् ?**

**મુક્તાવલી :** હવે અહીં પૂર્વપક્ષ પ્રશ્ન કરે છે કે દ્રવ્ય નવ જ કેમ ? અંધકારને પણ દશમા દ્રવ્ય તરીકે કેમ ન મનાય ? તેની સામે પ્રશ્ન થાય કે જો અંધકારને દ્રવ્ય માનીએ તો જે ગુણ-ક્રિયાવાળું હોય તે દ્રવ્ય કહેવાય છે, તો આ અંધકારરૂપ દ્રવ્યમાં ગુણ શું અને ક્રિયા શું ?

**પૂર્વપક્ષ :** અંધકારમાં નીલરૂપ તે ગુણ છે અને ચલનક્રિયા પણ છે, કેમકે 'જેમ જેમ સૂર્ય આવતો જાય તેમ તેમ અંધકાર ચાલ્યો જાય છે' તેવી પ્રતીતિ થાય છે. માટે અંધકારમાં ગુણ અને ક્રિયા હોવાથી તેને આપણે દ્રવ્ય તરીકે માની લઈએ.

**પ્રશ્ન :** પણ અંધકારનો આ નવ દ્રવ્યમાં સમાવેશ થઈ શકે કે નહિ ?

**પૂર્વપક્ષ :** ના, જુઓ; પૃથ્વીમાં તેનો સમાવેશ ન થાય, કેમકે પૃથ્વી ગન્ધવતી હોય, જ્યારે **तमो न पृथ्वी गन्धशून्यत्वात्** । તેમજ જલાદિ આઠમાં પણ તેનો સમાવેશ ન થાય, કેમકે જલ અને તેજમાં શ્વેત રૂપ છે. અને બાકીનામાં તો રૂપ જ નથી. જ્યારે અંધકાર નીલરૂપવાન્ છે માટે **तमो न जलादिस्वरूपम्, नीलरूपवत्त्वात्** । આમ નવમાં **तमः** નો સમાવેશ ન થયો માટે તેને નવથી અતિરિક્ત દશમું દ્રવ્ય માનવું જોઈએ.

**પ્રશ્ન :** દ્રવ્યનું પ્રત્યક્ષ કરવું હોય તો આલોકસંયોગ જોઈએ. અને અંધકારમાં આલોકસંયોગ થાય તો તમસ્ ચાલ્યું જાય છે. એટલે એનું પ્રત્યક્ષ તો આલોકસંયોગ વિના જ થાય છે. એટલે આલોકસંયોગ વિના જેનું પ્રત્યક્ષ થાય તેને દ્રવ્ય જ કેમ કહેવાય ?

**પૂર્વપક્ષ :** અંધકારના પ્રત્યક્ષમાં આલોકસંયોગ કારણ જ નથી, આલોક વિના માત્ર ચક્ષુથી જ પ્રત્યક્ષ થઈ શકે છે એટલે તેના પ્રત્યક્ષમાં આલોકનિરપેક્ષ ચક્ષુ કારણ છે.

**मुक्तावली : न, आवश्यकतेजोऽभावेनैवोपपत्तौ द्रव्यान्तरकल्पनाया अन्याय्यत्वात् । रूपवत्ताप्रतीतिस्तु भ्रमरूपा, कर्मवत्ताप्रतीतिरप्यालोकापसरणौपाधिकी भ्रान्तिरेव । तमसोऽतिरिक्तद्रव्यत्वे अनन्तावयवादिकल्पनागौरवं च स्यात् । सुवर्णस्य यथा तेजस्यन्तर्भावस्तथाऽग्रे वक्ष्यते ।**

**મુક્તાવલી : નૈયાયિક :** ના, તમસ્ એ તેજ-અભાવ છે અને તેજ-અભાવથી કામ પતી જાય તો તેને જુદું દ્રવ્ય માનવાની શી જરૂર ?

**પૂર્વપક્ષ :** જો તમસ્ એ તેજ-અભાવ હોય તો શું અભાવમાં નીલરૂપ રહે ?

**ઉત્તર :** અભાવમાં નીલાદિ રૂપ રહે નહિ, પરંતુ અંધકારમાં જે નીલરૂપ જણાય છે તે વાસ્તવિક છે જ નહિ પણ ભ્રમ છે. તેવી જ રીતે તેમાં ચલનક્રિયા પણ છે જ નહિ, પરંતુ ઉપચાર જ થાય છે.

**પૂર્વપક્ષ :** તમસ્ એ તેજ-અભાવ કહો તો તેવી જ રીતે તેને બદલે તેજને તમસ્-અભાવ કેમ ન કહેવાય ? આ બેમાંથી શું માનવું તેનો કોઈ વિનિગમક છે ? જો ના, તો તમસ્‌ને દસમું દ્રવ્ય જ માનવું જોઈએ.

**નૈયાયિક :** જો તેજને તમસ્-અભાવરૂપ માનીએ તો તેજમાં જે ભાસ્વરશુક્લ રૂપ અને ઉષ્ણ સ્પર્શ છે તે તમસ્-અભાવરૂપ એ તેજમાં શી રીતે સંભવે ? કેમકે અભાવાત્મક પદાર્થોમાં ભાસ્વરશુક્લ રૂપ કે ઉષ્ણસ્પર્શાદિ ગુણ રહી શકે નહિ. એટલે તેજસ્‌ને તો દ્રવ્યાત્મક માનવું આવશ્યક જ છે.

વળી તમસ્‌ને તેજના અભાવરૂપ ન માનીએ અને દસમું અતિરિક્ત દ્રવ્ય માનીએ તો તમસ્ દ્રવ્યના અનંતા અવયવો, તેના અનન્ત પ્રાગભાવ, (આલોકસંયોગ થતાં) અનંતા ધ્વંસ વગેરે માનવા પડે. તેમાં મહાગૌરવ છે. માટે તમસ્‌ને તેજ-અભાવરૂપ જ માનવું જોઈએ.

**પૂર્વપક્ષ :** ભલે તમસ્ એ તેજ-અભાવરૂપ હોય, પણ સુવર્ણને તો નવ દ્રવ્યથી અતિરિક્ત દશમા દ્રવ્ય તરીકે માનવું જોઈએ ને ?

**નૈયાયિક :** સુવર્ણ એક પ્રકારનું તેજ દ્રવ્ય છે  તે વાત મુક્તાવલીમાં આગળ કહેવામાં આવશે.

कारिकावली : अथ गुणा रूपं रसो गन्धस्ततः परम् ॥३॥
स्पर्शः संख्या परिमितिः पृथक्त्वं च ततः परम् ।
संयोगश्च विभागश्च परत्वं चापरत्वकम् ॥४॥
बुद्धिः सुखं दुःखमिच्छा द्वेषो यत्नो गुरुत्वकम् ।
द्रवत्वं स्नेहसंस्कारावदृष्टं शब्द एव च ॥५॥

मुक्तावली : गुणान् विभजते - अथ गुणा इति । एते गुणाश्चतुर्विंशति-संख्याकाः कणादेन कण्ठतः 'च' शब्देन च दर्शिताः । तत्र गुणत्वजाति-सिद्धिरग्रे वक्ष्यते ।

**મુક્તાવલી : ગુણ :** કણાદ ઋષિએ સત્તર ગુણ કહ્યા છે અને સાથે જ 'ચ' મૂકીને તે 'ચ'કારથી બીજા સાત ગુણ સૂચિત કર્યા છે. ૧૭+૭=૨૪. જેમ પૃથિવ્યાદિનું 'દ્રવ્ય' એવું નામ દ્રવ્યત્વથી થયું તેમ અહીં પણ રૂપાદિને ગુણ નામ આપ્યું તેનું કારણ ગુણત્વ જાતિ છે, જેનું વિવેચન આગળ કરવામાં આવશે. (અહીં તો ચોવીસે ય ગુણો સ્પષ્ટ જ બતાવી દીધા છે.)

कारिकावली : उत्क्षेपणं ततोऽपक्षेपणमाकुञ्चनं तथा ।
प्रसारणं च गमनं कर्माण्येतानि पञ्च च ॥६॥
भ्रमणं रेचनं स्यन्दनोर्ध्वज्वलनमेव च ।
तिर्यग्गमनमप्यत्र गमनादेव लभ्यते ॥७॥

मुक्तावली : कर्माणि विभजते - उत्क्षेपणमिति । कर्मत्वजातिस्तु प्रत्यक्षसिद्धा । एवमुत्क्षेपणत्वादिकमपि । ननु भ्रमणादिकमपि पञ्चकर्माधिकतया कुतो नोक्तमत आह - भ्रमणमित्यादि ।

**મુક્તાવલી : કર્મ :** ઉત્ક્ષેપણ, અપક્ષેપણ, આકુંચન, પ્રસારણ અને ગમન એમ પાંચ કર્મ છે. આ પાંચમાં કર્મત્વ જાતિ પ્રત્યક્ષ સિદ્ધ છે. જેમ **ઘટઃ ઘટઃ** એવા પ્રસિદ્ધ વ્યવહારથી ઘટત્વ જાતિ સિદ્ધ છે તેમ **કર્મ** એવો પણ લોકવ્યવહાર થાય જ છે, માટે

તેનાથી કર્મત્વ જાતિ પણ સિદ્ધ છે.

**પ્રશ્ન :** જગતમાં કર્મ પાંચ જ કેમ ? ભ્રમણ, રેચનાદિ જુદા કેમ નહિ ?

**ઉત્તર :** ગમનકર્મમાં ભ્રમણાદિનો સમાવેશ થઈ જાય છે.

**પ્રશ્ન :** તો ઉત્ક્ષેપણાદિ પણ ગમનમાં આવી જ જાય છે, છતાં તેનું જુદું ગ્રહણ શા માટે કર્યું ?

**ઉત્તર :** મુનિઓને નિયોગ, પર્યનુયોગાદિ ઉચિત નથી. 'નિયોગ' એટલે 'આમ કેમ ન કર્યું' એવો પ્રશ્ન અને 'પર્યનુયોગ' એટલે 'આમ શા માટે કર્યું' એવો પ્રશ્ન. આવી જાતના પ્રશ્નો કોઈપણ ઋષિ-મુનિઓને ન થઈ શકે, કેમકે તેઓ સ્વતન્ત્ર ઈચ્છાવાળા હોય છે માટે શિષ્યની બુદ્ધિનું જે રીતે વૈશદ્ય થાય તે રીતે નિરૂપણ કરી શકે છે. માટે જેટલું તેમને યોગ્ય લાગ્યું તેટલું નિરૂપણ કર્યું.

**कारिकावली : सामान्यं द्विविधं प्रोक्तं परं चापरमेव च ।**
**द्रव्यादित्रिकवृत्तिस्तु सत्ता परतयोच्यते ॥८॥**

**मुक्तावली : सामान्यं निरूपयति-सामान्यमिति । तल्लक्षणं तु नित्यत्वे सत्यनेकसमवेतत्वम् । अनेकसमवेतत्वं संयोगादीनामप्यस्त्यत उक्तं नित्यत्वे सतीति । नित्यत्वे सति समवेतत्वं गगनपरिमाणादीनामप्यस्तीत्यत उक्तमनेकेति । नित्यत्वे सत्यनेकवृत्तित्वमत्यन्ताभावस्याप्यस्ति अतो वृत्तित्व-सामान्यं विहाय समवेतत्वमित्युक्तम् ।**

**મુક્તાવલી :** લક્ષણ : **नित्यत्वे सति अनेकसमवेतत्वं सामान्यत्वम् = जातित्वम् ।** જે નિત્ય હોય અને અનેકમાં સમવેત (સમવાયસંબંધથી રહેનાર) હોય તે જાતિ કહેવાય. ઘટત્વ એ જાતિ છે, કેમકે તે નિત્ય છે અને અનેક ઘટોમાં સમવાયસંબંધથી વૃત્તિ છે.

હવે આપણે જાતિના આ લક્ષણનું પદકૃત્ય કરીએ :

(૧) જો માત્ર **अनेकसमवेतत्वं जातित्वम्** કહીએ તો સંયોગાદિ ગુણો દ્વિષ્ઠ એટલે કે ઘટભૂતલસંયોગ ગુણ ઘટ અને ભૂતલમાં (અનેકમાં) સમવાયસંબંધથી રહે છે. આમ ઘટભૂતલસંયોગ અનેકસમવેત બની જતાં તે જાતિ બની જવાની આપત્તિ આવે છે. તેને દૂર કરવા '**नित्यत्वे सति**' મૂક્યું. સંયોગ એ નિત્ય નથી.

(૨) જો **नित्यत्वे सति समवेतत्वम्** એવું જ કહે, અર્થાત્ **अनेकसमवेतत्वम्** ન કહે તો આકાશનું પરિમાણ જાતિ બની જવાની આપત્તિ આવે, કેમકે તે નિત્ય હોવા સાથે આકાશમાં સમવેત છે જ. એટલે હવે **अनेकसमवेतत्वम्** કહેવાથી ગગનપરિમાણ જાતિ નહિ બને, કેમકે તે નિત્ય હોઈને (આકાશમાં) એકમાં જ સમવેત છે.

(૩) **नित्यत्वे सति अनेकवृत्तित्वम्** કહેવામાં આવે, અર્થાત્ જો 'નિત્ય હોઈને અનેકમાં (ગમે તે સંબંધથી) રહે તે જાતિ' એમ કહેવાય તો અત્યંતાભાવ જાતિ બની જાય, કેમકે તે નિત્ય છે અને અનેક જગ્યાએ રહે છે. (નૈયાયિકના મતે અત્યંતાભાવ નિત્ય છે અને એક જ છે જે અનેક જગ્યાએ રહે છે. ઘટાત્યંતાભાવ ભૂતલ ઉપર જુદા જુદા અનેક ઠેકાણે રહે છે.) આથી **वृत्तित्वम्** ન કહેતાં **समवेतत्वम् = समवायेन वृत्तित्वम्** કહ્યું એટલે અત્યંતાભાવ જાતિ નહિ બને, કેમકે તે સમવાયસંબંધથી રહેતો

નથી પણ સ્વરૂપસંબંધથી રહે છે.

**मुक्तावली : एकव्यक्तिमात्रवृत्तिस्तु न जातिः । तथा चोक्तम्- व्यक्तेरभेद-स्तुल्यत्वं संकरोऽथाऽनवस्थितिः । रूपहानिरसम्बन्धो जातिबाधकसङ्ग्रहः ।**

**મુક્તાવલી :** માત્ર એક જ વ્યક્તિમાં જે ધર્મ રહેતો હોય તેને જાતિ ન કહેવાય. જાતિ બનવામાં આવતા બાધકો છ પ્રકારના કહ્યા છે : (૧) વ્યક્તિનો અભેદ (૨) તુલ્યપણું (૩) સંકર (૪) અનવસ્થા (૫) રૂપહાનિ અને (૬) અસંબંધ.

(૧) **व्यक्तेः अभेदः** : એક જ વ્યક્તિમાં રહેનારો ધર્મ જાતિ ન કહેવાય, જેમકે આકાશત્વ. આકાશત્વ એ નિત્ય એવા આકાશમાં રહે છે પણ તે જાતિ ન બને, કેમકે અહીં અનેકસમવેતત્વ નથી. અર્થાત્ વ્યક્તિનો જ્યાં અભેદ હોય : તાદાત્મ્યભાવ હોય ત્યાં જે ધર્મ રહે તે જાતિ ન કહેવાય. એટલે આકાશત્વ, કાલત્વ વગેરે એક અભિન્ન વ્યક્તિમાં રહેનારા ધર્મો જાતિ ન કહેવાય પણ ઉપાધિરૂપ ધર્મો કહેવાય. જાતિરૂપ ધર્મો સમવાયસંબંધથી પોતાના આધારમાં રહે, જ્યારે ઉપાધિરૂપ ધર્મો સ્વરૂપસંબંધથી રહે. આકાશત્વને જાતિ ન બનાવવા પહેલા નંબરનો જાતિબાધક લાગુ પડે છે.

(૨) **तुल्यत्वम्** : આ બીજો જાતિબાધક છે. ઘટમાં ઘટત્વ અને કલશત્વ બે ય છે. જેમાં ઘટત્વ રહે છે તેમાં જ કલશત્વ પણ રહે છે. એટલે જગતમાં ઘટત્વના જેટલા આધાર છે તેટલા જ (તુલ્ય) કલશત્વના આધાર છે. એટલે ઘટત્વ અને કલશત્વમાં કોઈ ભેદ નથી, બે ય એક જ છે. માટે આ બે ય ધર્મો બે જુદી જુદી જાતિ ન ગણાય.(જો ઘટત્વને જાતિ ગણીએ તો કલશત્વને ઉપાધિરૂપ ધર્મ ગણવો જોઈએ.) **तुल्यत्वं अन्यूनानतिरिक्तवृत्तित्वम् ।**

(૩) **संकरः : परस्परात्यन्ताभावसमानाधिकरणयोः धर्मयोरेकत्र समावेशः संकरः।** જે બે ધર્મો એકબીજા સાથે અન્યત્ર ન રહેતાં હોય છતાં એક જગ્યાએ બે ય ભેગા રહેતા હોય તો તે બે ધર્મો જાતિ ન કહેવાય, જેમકે આકાશમાં ભૂતત્વ છે અને મૂર્તત્વ નથી, મનમાં મૂર્તત્વ છે પણ ભૂતત્વ નથી અને પૃથ્વ્યાદિ ચારમાં ભૂતત્વ-મૂર્તત્વ બે ય છે. આ જ કારણે શરીરત્વ, ઈન્દ્રિયત્વ, ઉદ્ભૂતત્વ, પરમાણુત્વ, દ્વ્યણુકત્વ, ત્ર્યણુકત્વ આદિ બધા યનો પૃથ્વીત્વ સાથે સંકર થવાથી તે જાતિ ન બને.

(૪) **अनवस्था** : આ જાતિબાધકથી સામાન્યત્વ ધર્મ એ જાતિ ન બને. ઘટત્વ, પટત્વ, કટત્વમાં જાતિ, જાતિ, જાતિ એવો અનુગત વ્યવહાર થાય છે માટે આ ત્રણ

જાતિમાં પણ એક 'જાતિત્વ' નામની જાતિ રહેવી જોઈએ. હવે જો આ રીતે ઘટત્વાદિરૂપ જાતિમાં જાતિત્વરૂપ જાતિ રહે તો એ ઘટત્વાદિ જાતિ એ જાતિમતી બની કહેવાય. હવે જ્યારે એ નિયમ થયો કે જાતિ જાતિમતી હોય ત્યારે જાતિત્વ પણ જાતિ છે માટે તે પણ જાતિમતી બનવી જોઈએ. એટલે જાતિત્વ એ જાતિ છે માટે તેમાં જાતિત્વ નામની જાતિ રહી. આ જાતિમાં પણ જાતિ હોય એટલે તેમાં પણ જાતિત્વ નામની જાતિ રહે છે. આમ અનવસ્થા ચાલે. માટે સામાન્યમાં સામાન્યત્વ ધર્મ જાતિ કહેવાય નહિ. આ વાત નીચેના ચિત્રમાં સ્પષ્ટ જણાય છે.

**ઘટત્વાદિ જાતિ = જાતિમતી**

**જાતિમતી = જાતિ**

ઘટત્વાદિ જાતિ

↓

જાતિત્વ = જાતિ

↓

જાતિત્વ = જાતિ

↓


જાતિત્વ = જાતિ

(૫) રૂપહાનિ: આ પાંચમા જાતિબાધકથી વિશેષમાં રહેનાર વિશેષત્વ ધર્મ જાતિ નહિ બને. જો વિશેષત્વને જાતિ માનીએ તો વિશેષના સ્વરૂપની હાનિ થાય. તે આ પ્રમાણે : વિશેષનું સ્વરૂપ છે કે (૧) વિશેષ સ્વતઃ = પોતે જ એક પરમાણુથી બીજા પરમાણુનો વ્યાવર્ત્તક = જુદો પાડનાર છે. (૨) અને પોતે જ બીજા વિશેષથી વ્યાવૃત્ત (જુદો સિદ્ધ થયેલો) છે.

હવે એવો નિયમ છે કે જાતિમાન્ પદાર્થનો બીજા પદાર્થથી ભેદ થવામાં જાતિ કારણ છે. ઘટત્વવાન્ ઘટનો પટથી ભેદ થવામાં ઘટત્વ જાતિ કારણ છે. પ્રસ્તુતમાં પણ જો વિશેષમાં વિશેષત્વ જાતિ રહે તો એક પરમાણુથી બીજા પરમાણુનો ભેદ વિશેષ પોતે ન કરે પણ પોતાનામાં રહેલી વિશેષત્વ જાતિ દ્વારા જ તે વિશેષ પરમાણુનો ભેદ કરનાર બને. આમ થાય એટલે વિશેષ પરમાણુનો સ્વતઃ વ્યાવર્ત્તક ન બન્યો પણ જાતિ દ્વારા એટલે કે પરતઃ વ્યાવર્ત્તક બન્યો.

હવે વિશેષના સ્વતઃ વ્યાવૃત્તત્વ સ્વરૂપ બીજા ઘટકની હાનિ જોઈએ. એક વિશેષ બીજા વિશેષથી સ્વતઃ જ જુદો છે. પણ જો વિશેષમાં વિશેષત્વ જાતિ માનીએ તો બે ય વિશેષમાં વિશેષત્વ જાતિ છે. અને જાતિનું કાર્ય તો બે ય વિશેષમાં એક અનુગત


સમાન પ્રતીતિ કરાવવાનું છે. એટલે ઘટત્વેન બધા ઘટ જેમ સરખા છે તેમ વિશેષત્વેન બધા ય વિશેષ સરખા ગણાઈ જાય. આમ થતાં એક વિશેષ બીજા વિશેષથી જુદો છે (સ્વતઃ) એવી પ્રતીતિ નહિ થાય.




આમ વિશેષત્વને જાતિ માનવાથી વિશેષના બે ય સ્વરૂપની હાનિ થઈ જશે માટે વિશેષત્વને ઉપાધિરૂપ ધર્મ જ મનાય.

(૬) **असम्बन्धः : समवायप्रतियोगित्वसमवायानुयोगित्वात्यन्ताभावोऽसम्बन्धः ।**

સમવાય અને અભાવ એ બે એવા પદાર્થ છે જે કોઈમાં સમવાયસંબંધથી રહેતા નથી અને કોઈને પોતાનામાં સમવાયસંબંધથી રાખતા પણ નથી.




**ચિત્ર-૧** **ચિત્ર-૨**

**ચિત્ર : ૧** જો સમવાયસંબંધથી કોઈમાં સમવાય અને અભાવ રહે તો સમવાયનો અનુયોગી કોઈ બને અને પ્રતિયોગી સમવાય અને અભાવ બને. તેમ થતાં કોઈમાં સમવાયની અનુયોગિતા આવે અને સમવાય અને અભાવમાં સમવાયની પ્રતિયોગિતા આવે. પણ આમ બનતું નથી માટે કહેવાય કે સમવાય અને અભાવમાં સમવાયની પ્રતિયોગિતાનો અભાવ છે.

**ચિત્ર : ૨** જો સમવાયસંબંધથી સમવાય અને અભાવમાં કોઈ રહેતું હોત તો સમવાયના અનુયોગી સમવાય અને અભાવ બનત અને કોઈ પ્રતિયોગી બનત. તેથી

સમવાય અને અભાવમાં સમવાયની અનુયોગિતા આવત અને કોઈમાં સમવાયની પ્રતિયોગિતા આવત. પણ આમ બનતું નથી માટે કહેવાય કે સમવાય અને અભાવમાં સમવાયની અનુયોગિતાનો અભાવ છે.

આમ સમવાયની અનુયોગિતા-પ્રતિયોગિતાનો અભાવ તે જ અસંબંધ છે. અર્થાત્ જો સમવાય અને અભાવમાં સમવાયસંબંધથી કોઈ રહેતું નથી તો તેમાં રહેલા સમવાયત્વ-અભાવત્વ પણ સમવાયસંબંધથી રહેતા નથી તેમ કહેવું જ પડે. હવે જે સમવાયસંબંધથી ન રહે તે સમવાયત્વ-અભાવત્વ જાતિ ન જ કહેવાય.

વળી સમવાયસંબંધમાં રહેલ સમવાયત્વ જો સમવાયસંબંધથી રહે તો બે સમવાય-સંબંધ બની જાય. તેથી **'समवायस्तु एक एव'** એ સિદ્ધાન્તનો ભંગ થાય છે માટે પણ સમવાયત્વ જાતિ ન મનાય, ઉપાધિ જ મનાય. એથી સમવાયત્વ ધર્મ સમવાયમાં સ્વરૂપસંબંધથી રહી જાય.

---

**कारिकावली : परभिन्ना तु या जातिः सैवापरतयोच्यते ।**
**द्रव्यत्वादिकजातिस्तु परापरतयोच्यते ॥९॥**
**व्यापकत्वात्पराऽपि स्याद् व्याप्यत्वादपराऽपि च ।**

---

**मुक्तावली : परत्वमधिकदेशवृत्तित्वम्, अपरत्वमल्पदेशवृत्तित्वम् । सकलजात्यपेक्षया सत्ताया अधिकदेशवृत्तित्वात्परत्वं, तदपेक्षया चान्यासां जातीनामपरत्वम् । पृथिवीत्वाद्यपेक्षया द्रव्यत्वस्याऽधिकदेशवृत्तित्वाद् व्यापकत्वात्परत्वं, सत्ताऽपेक्षयाऽल्पदेशवृत्तित्वाद् व्याप्यत्वादपरत्वम् । तथा च धर्मद्वयसमावेशाद् उभयमविरुद्धम् ।**

---

**મુક્તાવલી :** જાતિ બે પ્રકારે : (૧) પર = વ્યાપક = અધિકદેશવૃત્તિ.
(૨) અપર = વ્યાપ્ય = અલ્પદેશવૃત્તિ.

દ્રવ્યત્વાદિ સકળ જાતિની અપેક્ષાએ સત્તા અધિકદેશવૃત્તિ છે માટે તે પરજાતિ કહેવાય, જ્યારે તેની અપેક્ષાએ દ્રવ્યત્વાદિ જાતિ અપર કહેવાય.


વળી પૃથ્વીત્વાદિની અપેક્ષાએ દ્રવ્યત્વ અધિકદેશવૃત્તિ=વ્યાપક છે માટે તે 'પર' કહેવાય જ્યારે સત્તાની અપેક્ષાએ દ્રવ્યત્વ ન્યૂનદેશવૃત્તિ=વ્યાપ્ય છે માટે તે 'અપર' પણ કહેવાય.

| | | | |
|---|---|---|---|
| **દ્રવ્યત્વ** | ૧. | પર | પૃથ્વીત્વાપેક્ષયા. |
| | ૨. | અપર | સત્તાપેક્ષયા. |
| **પૃથ્વીત્વ** | ૧. | પર | ઘટત્વાપેક્ષયા. |
| | ૨. | અપર | દ્રવ્યત્વાપેક્ષયા. |
| **ઘટત્વ** | ૧. | પર | પાટલીપુત્રીયઘટત્વાપેક્ષયા. |
| | ૨. | અપર | પૃથ્વીત્વાપેક્ષયા. |

**कारिकावली : अन्त्यो नित्यद्रव्यवृत्तिर्विशेषः परिकीर्तितः ॥१०॥**

**मुक्तावली : विशेषं निरूपयति–अन्त्य इति । अन्तेऽवसाने वर्तत इति अन्त्यः, यदपेक्षया विशेषो नास्तीत्यर्थः । घटादीनां द्व्यणुकपर्यन्तानां तत्तदवयव-भेदात्परस्परं भेदः, परमाणूनां परस्परभेदको विशेष एव, स तु स्वत एव व्यावृत्तः, तेन तत्र विशेषान्तरापेक्षा नास्तीत्यर्थः ।**

**મુક્તાવલી :** જે અંતમાં રહે છે, અર્થાત્ જેની પછી વળી કોઈ વિશેષ નથી તેવો પદાર્થ વિશેષ કહેવાય. આ વિશેષ પદાર્થ પરમાણુમાં રહે છે. તેનું કારણ એ છે કે એક ઘટથી બીજો ઘટ જુદો કેમ છે ? એના ઉત્તરમાં કહી શકાય કે એક ઘટના કપાલ બીજા ઘટના કપાલથી જુદા છે માટે. **कपालभेदात् घटभेदः** । એ રીતે વળી પૂછવામાં આવે કે બે કપાલ જુદા કેમ છે ? તેનો પણ ઉત્તર આપી શકાય કે **कपालिकाभेदात् कपालभेदः** । એવી રીતે **क्षुल्लककपालिकाभेदात् तत्कपालिकाभेदः** । આમ યાવત્ બે દ્વ્યણુકના ભેદ પ્રત્યે પરમાણુનો ભેદ કારણ કહી શકાય. પણ હવે કોઈ પૂછે કે એક પરમાણુથી બીજો પરમાણુ જુદો કેમ છે ? તો તેનો ઉત્તર શું આપવો ? જો પરમાણુના અવયવો હોત તો તેમના ભેદથી પરમાણુભેદ કહી શકાત, પણ તેમ તો છે નહિ. એથી એક પરમાણુથી બીજા પરમાણુનો ભેદ કરાવનાર વિશેષ નામનો એક પદાર્થ દરેક પરમાણુમાં રહેલો માનવો પડે છે. વિશેષ (૧) અંત્ય દ્રવ્યમાં રહે. (૨) નિત્ય દ્રવ્યમાં રહે.




વળી કોઈ પૂછે કે વિશેષથી બે પરમાણુ જુદા પ્રતીત થયા પણ યોગીઓને એક વિશેષથી બીજો વિશેષ જુદો કેમ પ્રતીત થાય છે ? શું તે માટે વળી વિશેષમાં વિશેષ માનશો ? તેમ કરવા જતાં તો અનવસ્થા ચાલે. માટે તેવી અનવસ્થા ન ચાલે એટલે અમે એમ કહીશું કે તે વિશેષ તો પોતે પોતાની મેળે જ બીજા વિશેષથી છૂટો પડી જાય છે, અર્થાત્ વિશેષ સ્વતઃ વ્યાવૃત્ત છે.

આમ વિશેષ એ પરમાણુનો વ્યાવર્ત્તક બન્યો અને સ્વતઃ વ્યાવૃત્ત બન્યો. વિશેષ નામક પદાર્થ માનવાથી જ તે દર્શનકાર 'વૈશેષિક' કહેવાય છે.

कारिकावली : घटादीनां कपालादौ द्रव्येषु गुणकर्मणोः ।
तेषु जातेश्च सम्बन्धः समवायः प्रकीर्तितः ॥११॥

मुक्तावली : [1]समवायं दर्शयति-घटादीनामिति । अवयवावयविनोर्जाति-व्यक्त्योर्गुणगुणिनोः क्रियाक्रियावतोर्नित्यद्रव्यविशेषयोश्च यः सम्बन्धः स समवायः । समवायत्वं नित्यसम्बन्धत्वम् । [2]तत्र प्रमाणं तु गुणक्रियादि-विशिष्टबुद्धिर्विशेषणविशेष्यसम्बन्धविषया विशिष्टबुद्धित्वाद् 'दण्डी पुरुष' इति विशिष्टबुद्धिवद् इत्यनुमानम् । अनेन संयोगादिबाधात् समवायसिद्धिः । [3]न च स्वरूपसम्बन्धेन सिद्धसाधनमर्थान्तरं वा ? [4]अनन्तस्वरूपाणां सम्बन्धत्वकल्पने गौरवाल्लाघवादेकसमवायसिद्धिः । [5]न च समवायस्यैकत्वे वायौ रूपवत्ताबुद्धिप्रसङ्गः, [6]तत्र रूपसमवायसत्त्वेऽपि रूपाभावात् । [7]न चैवमभावस्यापि वैशिष्ट्यं सम्बन्धान्तरं सिद्ध्येदिति वाच्यम्, [8]तस्य नित्यत्वे भूतले घटानयनानन्तरमपि घटाभावबुद्धिप्रसङ्गात्, घटाभावस्य तत्र सत्त्वात् तस्य च नित्यत्वात् । [9]अन्यथा देशान्तरेऽपि घटाभावप्रतीतिर्न स्याद्, वैशिष्ट्यस्य च तत्र सत्त्वात् ।

[1]**મુક્તાવલી :** આ પાંચનો જે નિત્યસંબંધ છે તેનું નામ સમવાય છે.

| | |
|---|---|
| ૧. ઘટદ્રવ્યનો કપાલદ્રવ્યમાં | : અવયવીનો અવયવમાં. |
| ૨. ઘટરૂપનો ઘટદ્રવ્યમાં | : ગુણનો ગુણીમાં. |
| ૩. ફલક્રિયાનો ફળદ્રવ્યમાં | : ક્રિયાનો ક્રિયાવાન્‌માં. |
| ૪. ઘટત્વ જાતિનો ઘટદ્રવ્યમાં | : જાતિનો જાતિમાન્‌માં. |
| ૫. વિશેષનો પરમાણુમાં | : વિશેષનો વિશેષવાન્‌માં. |

[2]ઘટ અને કપાલની જેમ તે બે વચ્ચેના સમવાયસંબંધનું પ્રત્યક્ષ તો નથી, એટલે તેને અનુમાન પ્રમાણથી સિદ્ધ કરવામાં આવે છે.

**दण्डी पुरुषः** આ એક વિશિષ્ટ બુદ્ધિ છે. (વિશેષણથી યુક્ત એવા વિશેષ્યની બુદ્ધિ = વિશિષ્ટબુદ્ધિ) આ વિશિષ્ટ બુદ્ધિમાં વિશેષણ, વિશેષ્ય અને સંસર્ગ એ ત્રણે વિષયતયા ભાસમાન થાય છે. એટલે જે કોઈ વિશિષ્ટ બુદ્ધિ હોય તે આ ત્રણ વિષયક હોય એવી

વ્યાપ્તિ બની. હવે –

| | | |
|---|---|---|
| **नीलरूपवान् घटः** | ગુણવિશિષ્ટ બુદ્ધિ | **नील** વિશેષણ, **घट** વિશેષ્ય |
| **पतनक्रियावत् फलम्** | ક્રિયાવિશિષ્ટ બુદ્ધિ | **पतन** વિશેષણ, **फल** વિશેષ્ય |
| **घटत्ववान् घटः** | જાતિવિશિષ્ટ બુદ્ધિ | **घटत्व** વિશેષણ, **घट** વિશેષ્ય |

આ ત્રણમાં વિશેષણ-વિશેષ્ય તો ભાસે છે પણ તે બે વચ્ચેનો કોઈ સંસર્ગ પણ ભાસવો જોઈએ. તે કયો સંસર્ગ ? સંયોગરૂપ સંબંધ ત્યાં ભાસમાન થાય છે એમ તો કહેવાય નહિ, કેમકે '**द्रव्यद्रव्ययोरेव संयोगः**' એ નિયમથી અહીં ગુણ-ગુણી આદિનો સંયોગ તો બાધિત થાય છે. માટે ગુણ, ક્રિયાદિ વિશિષ્ટ બુદ્ધિમાં ભાસમાન સંસર્ગ તે સમવાય જ માનવો જોઈએ.

જેમ દ્રવ્ય-દ્રવ્યનો સંયોગસંબંધ હોય તેમ અયુત સિદ્ધ પદાર્થનો સમવાયસંબંધ હોય, અર્થાત્ **युक् पृथक्भावे** = છૂટા રહેલા. **अयुत** = સાથે જ રહેલા. **अयुततया सिद्धौ यौ पदार्थौ तौ अयुतसिद्धौ ।** જે બે ય જયાં સુધી હાજર છે ત્યાં સુધી પરસ્પર ભેગા રહીને જ પોતાનું અસ્તિત્વ રાખી શકે છે તે બે પદાર્થ વચ્ચેનો સંબંધ તે સમવાયસંબંધ કહેવાય.

ઘટ અને કપાલ બે ય જયાં સુધી વિદ્યમાન છે ત્યાં સુધી સાથે રહીને જ વિદ્યમાન છે. ઘટ અને ભૂતલની જેમ જુદા રહીને પણ તેઓ વિદ્યમાન રહી શકતા નથી. માટે તે બે વચ્ચેનો સંબંધ સમવાયસંબંધ કહેવાય.

[૩]**વેદાન્તી :** અમે તો ગુણ-ગુણી આદિ પાંચેય વચ્ચે સ્વરૂપસંબંધ જ માનીએ છીએ. અમને તો આ પાંચેય સ્થાને સ્વરૂપસંબંધ સિદ્ધ જ છે. તેને તમે ફરી સિદ્ધ કરવા ગયા તેથી ત્યાં સિદ્ધસાધન નામનો દોષ આવ્યો.

(અહીં પ્રશ્ન કરનાર વેદાન્તી એમ સમજે છે કે નૈયાયિકો આ પાંચ સ્થાને પોતાને માન્ય સ્વરૂપસંબંધ સિદ્ધ કરવાનો અનુમાનથી યત્ન કરે છે.)

**નૈયાયિક :** ના, અમે તો ઉક્ત અનુમાનથી સમવાયને સિદ્ધ કર્યો છે જે તમને પૂર્વે સિદ્ધ છે જ નહિ, માટે અહીં સિદ્ધસાધન દોષ નથી.

**વેદાન્તી :** તો પછી અર્થાન્તર દોષ લાગુ પડે છે. જે વાત સિદ્ધ કરવાની ઈચ્છાથી અનુમાન કર્યું તે વખતે અનુમાનથી બીજી જ કોઈ વાત સિદ્ધ થવી તે અર્થાન્તર દોષ કહેવાય. ઈષ્ટ અર્થથી અન્ય અર્થ-અર્થાન્તર-સિદ્ધ થઈ જવો તે અર્થાન્તર કહેવાય. તમે સ્વરૂપસંબંધ સિદ્ધ કરવા અનુમાન કર્યું અને સિદ્ધ થઈ ગયો સમવાયસંબંધ. **विनायकं प्रकुर्वाणो रचयामास वानरम् ।**

[4]**નૈયાયિક** : ના, અમે સ્વરૂપસંબંધ સિદ્ધ કરવા ગયા હતા તે વાત જ ખોટી છે. અમે તો સમવાયને સિદ્ધ કરવા યત્ન કર્યો અને અનુમાનથી ગુણ-ગુણી આદિનો સમવાયસંબંધ જ સિદ્ધ કર્યો. એટલે અમને સિદ્ધસાધન કે અર્થાન્તર એકેય દોષ લાગતો નથી. વળી જો અમે ગુણ-ગુણી આદિ પાંચ વચ્ચે સ્વરૂપસંબંધ સિદ્ધ કરીએ તો અનંતા સ્વરૂપસંબંધ માનવા પડે, એટલે તેમાં તો ગૌરવ છે. તેના કરતાં લાઘવાત્ બધા ય વચ્ચે એક અને નિત્ય સમવાયસંબંધ જ કેમ ન માનવો ?

[5]**પ્રશ્ન** : સારું, જો સમવાય એક જ હોય તો તેનો અર્થ તો એ થયો ને કે વાયુમાં જેમ સ્પર્શસમવાય છે તેમ રૂપસમવાય પણ છે. તો પછી વાયુમાં સ્પર્શવત્તાની, અર્થાત્ **वायुः स्पर्शवान्** એવી બુદ્ધિ થાય છે તેમ હવે રૂપસમવાય પણ હોવાથી વાયુમાં રૂપવત્તાની, અર્થાત્ **वायू रूपवान्** એવી પણ પ્રતીતિ થવાની આપત્તિ આવશે.

[6]**ઉત્તર** : ના, જરાય નહિ. વાયુમાં રૂપસમવાય હોવા છતાં ત્યાં રૂપ નથી, એટલે વાયુમાં રૂપવત્તાની બુદ્ધિ થવાની આપત્તિ આવશે નહિ.

આમ ગુણ-ગુણી આદિ પાંચ સ્થાનોમાં તો અનંતા સ્વરૂપસંબંધ માનવા કરતાં નિત્ય અને એક જ સમવાયસંબંધ માનવો ઉચિત છે.

[7]**પ્રશ્ન** : જો આમ જ હોય તો જગતમાં અભાવોને રહેવા માટે અનંતા સ્વરૂપસંબંધ શા માટે માનવા જોઈએ ? ત્યાં તમને ગૌરવ નડતું નથી ? એના કરતાં ત્યાં પણ સમવાયની જેમ એક જ વૈશિષ્ટ્ય નામનો સંબંધ માની લો ને !

[8]**ઉત્તર** : ભલે કદાચ તેમ માની લઈએ. પણ વૈશિષ્ટ્ય સંબંધ નિત્ય માનવો કે અનિત્ય? અર્થાત્ ભૂતલ ઉપર જે ઘટાભાવ રહેલો છે તે જે વૈશિષ્ટ્ય સંબંધથી રહ્યો છે તે વૈશિષ્ટ્ય સંબંધ નિત્ય કે અનિત્ય ?

જો નિત્ય માનીશું તો **घटाभाववद् भूतलम्** એવી પ્રતીતિ જે ભૂતલ ઉપર થાય છે તે ભૂતલ ઉપર ઘટ લાવ્યા પછી પણ **घटाभाववद् भूतलम्** એવી જ પ્રતીતિ થયા કરશે, કેમકે ભૂતલ ઉપર ઘટ આવી ગયા પછી પણ ત્યાં ઘટાભાવ છે જ, કેમકે ઘટાભાવ નિત્ય છે એટલે ઘટ આવવાથી ઘટાભાવ નષ્ટ થતો નથી પણ ઢંકાઈ જાય છે. એટલે હવે ઘટાભાવરૂપ વિશેષણ છે, ભૂતલરૂપ વિશેષ્ય છે અને વૈશિષ્ટ્ય સંબંધ પણ નિત્ય હોવાથી ત્યાં છે જ. આમ ભૂતલ ઉપર ઘટ આવ્યા પછી પણ ઘટાભાવ, ભૂતલ અને તે બે વચ્ચેનો સંબંધ, આમ ત્રણેયની હાજરી હોવાથી '**घटाभाववद् भूतलम्**' એવી બુદ્ધિ થયા કરશે. માટે વૈશિષ્ટ્ય સંબંધને નિત્ય માનવામાં આ આપત્તિ આવે છે.

[9]**પૂર્વપક્ષ** : તો ઘટાભાવને અનિત્ય માનીએ જેથી આ આપત્તિ નહિ આવે, કેમકે

ઘટ આવવાથી ઘટાભાવ નષ્ટ થઈ ગયો, એટલે ભૂતલ તો છે અને નિત્ય એવો વૈશિષ્ટ્ય સંબંધ પણ છે પરંતુ વિશિષ્ટ બુદ્ધિ થવામાં જરૂરી ઘટાભાવરૂપ વિશેષણ નથી માટે **'घटाभाववद् भूतलम्'** એવી બુદ્ધિ થશે નહિ.

**ઉત્તરપક્ષ :** ઘટાભાવને અનિત્ય માની શકાય નહિ, કેમકે ઘટાભાવ જગતમાં એક જ છે. જો એક સ્થળે ઘટાભાવ નષ્ટ થયો તો **वने मृतः हरिः गृहेऽपि मृतः** એ ન્યાયથી પછી બીજે ક્યાંય ઘટાભાવની સાચી પ્રતીતિ પણ થશે નહિ. એટલે ઘટાભાવ તો નિત્ય જ માનવો જોઈએ. અને તેથી ઘટવાળા ભૂતલ ઉપર નિત્ય ઘટાભાવ, નિત્ય વૈશિષ્ટ્ય સંબંધ અને ભૂતલ એ ત્રણેય હોવાથી **'घटाभाववद् भूतलम्'** બુદ્ધિ થવાની આપત્તિ ઊભી જ રહે છે.

---

**मुक्तावली : मम तु घटे पाकरक्ततादशायां श्यामरूपस्य नष्टत्वान्न तद्वत्ताबुद्धिः । वैशिष्ट्यस्यानित्यत्वे त्वनन्तवैशिष्ट्यकल्पने तत्रैव गौरवम् । एवं च तत्तत्कालीनं तत्तद्भूतलादिकं तत्तदभावानां सम्बन्धः ।**

---

**મુક્તાવલી : વેદાન્તી :** આવી આપત્તિ તો ગુણ-ગુણી વચ્ચે સમવાયસંબંધ માનવામાં પણ આવશે. અગ્નિમાં મૂકેલો ઘટ પહેલાં શ્યામરૂપવાળો હતો પછી જ્યારે તે તપીને લાલ થયો ત્યારે તે **'रक्तो घटः'** કહેવાય છે. પણ હવે તે વખતે **श्यामो घटः** એવી બુદ્ધિ થવાની આપત્તિ આવશે, કેમકે રક્તસમવાય અને શ્યામસમવાય એક જ છે. એટલે જો રક્તસમવાય છે તો શ્યામસમવાય પણ છે જ, માટે **श्यामो घटः** એવી પણ પ્રતીતિ થવી જોઈએ.

**નૈયાયિક :** ના, વાયુમાં રૂપવત્તાબુદ્ધિની આપત્તિ વખતે અમે જે વાત કહી ચૂક્યા છીએ તે જ વાત અહીં પણ લાગુ પડે છે. રક્તઘટદશામાં યદ્યપિ શ્યામસમવાય છે પરંતુ શ્યામરૂપ નથી, એટલે **श्यामो घटः** એવી બુદ્ધિ થશે નહિ. જ્યારે અભાવ-સ્થાને તો વૈશિષ્ટ્ય સંબંધ નિત્ય છે અને ઘટાભાવ પણ નિત્ય છે, એટલે **घटवद् भूतलं** સ્થાને **'घटाभाववद् भूतलं'** એવી પ્રતીતિ થવાની આપત્તિ દુર્નિવાર છે.


**વેદાન્તી :** સારું, તો પછી વૈશિષ્ટ્ય સંબંધ અનિત્ય માનો એટલે આ આપત્તિ નહિ રહે, કેમકે ઘટ આવવાથી વૈશિષ્ટ્ય સંબંધ નાશ પામે છે અને ઘટ જવાથી વૈશિષ્ટ્ય સંબંધ ઉત્પન્ન થાય છે. એટલે જ્યારે ભૂતલ ઉપર ઘટ છે ત્યારે નિત્ય ઘટાભાવ અને ભૂતલ હોવા છતાં તે બે વચ્ચેનો વૈશિષ્ટ્ય સંબંધ નથી, એટલે હવે **घटाभाववद् भूतलं** એવી બુદ્ધિ થવાની આપત્તિ નહિ આવે.

**નૈયાયિક :** ઓહો, જો વૈશિષ્ટ્ય સંબંધને અનિત્ય માનીએ તો તો અનંતા વૈશિષ્ટ્ય સંબંધ થઈ ગયા. આ તો પાછું મહાગૌરવ થયું. અનંતા નિત્ય સ્વરૂપસંબંધને ન માનીને લાઘવાત્ એક વૈશિષ્ટ્ય સંબંધ માનવા આ વિચારણા કરી અને અંતે તો લાઘવને બદલે ગૌરવ જ થયું, તો પછી અનંતા અનિત્ય વૈશિષ્ટ્ય સંબંધ માનવા કરતાં અનંતા નિત્ય સ્વરૂપસંબંધ કેમ ન માનવા ?

**વેદાન્તી :** ભલે, તમે અભાવ-સ્થાને નિત્ય સ્વરૂપસંબંધ માનો, પણ તેને તમે નિત્ય માનો છો એટલે તમને પણ ઘટવદ્ ભૂતલ સ્થાને **ઘટાભાવવદ્ ભૂતલં** બુદ્ધિ થવાની આપત્તિ આવશે જ, કેમકે ઘટવદ્ ભૂતલ સ્થાને નિત્ય એવો ઘટાભાવ છે, નિત્ય સ્વરૂપસંબંધ પણ છે અને ભૂતલ પણ છે.

**નૈયાયિક :** સ્વરૂપસંબંધ જરૂર નિત્ય છે અને તે પણ અધિકરણ સ્વરૂપ છે, અર્થાત્ ઘટાભાવવદ્ ભૂતલ સ્થાને ભૂતલ અધિકરણ સ્વરૂપસંબંધ રૂપ બને છે. આમ સ્વરૂપસંબંધ અધિકરણ ભૂતલસ્વરૂપ છે. પણ ઘટાભાવવદ્ ભૂતલ બુદ્ધિ માટે જે સ્વરૂપસંબંધની જરૂર છે તે વિશેષણરહિત શુદ્ધ સ્વરૂપસંબંધની નહિ પણ વિશેષણયુક્ત સ્વરૂપસંબંધની જરૂર છે. અર્થાત્ ઘટાભાવવદ્ભૂતલબુદ્ધિકાલીનત્વથી વિશિષ્ટ સ્વરૂપસંબંધ એ જ ઘટાભાવવદ્ ભૂતલની બુદ્ધિ કરાવે. જ્યારે ઘટ આવ્યો ત્યારે તો ઘટાભાવવદ્ભૂતલબુદ્ધિકાલીનત્વવિશિષ્ટ સ્વરૂપસંબંધ નથી જ, પણ હવે તો ઘટવદ્ભૂતલબુદ્ધિકાલીન સ્વરૂપસંબંધ છે. આમ ઘટાભાવની પ્રતીતિ કરાવનાર તે ભૂતલરૂપ સ્વરૂપસંબંધ ન હોવાથી ઘટ આવ્યા બાદ ઘટાભાવવદ્ ભૂતલની બુદ્ધિ થવાની આપત્તિ નહિ આવે. માટે અભાવસ્થાને સ્વરૂપસંબંધ અને ગુણ-ગુણી આદિ પાંચ સ્થાને સમવાયસંબંધને જ માનવો જોઈએ.

**घटाभाववद् भूतलम्** **घटवद् भूतलम्**




•

**कारिकावली : अभावस्तु द्विधा संसर्गान्योन्याभावभेदतः ।**
**प्रागभावस्तथा ध्वंसोऽप्यत्यन्ताभाव एव च ॥१२॥**
**एवं त्रैविध्यमापन्नः संसर्गाभाव इष्यते ।**

**मुक्तावली : अभावं विभजते-अभावस्त्विति । अभावत्वं द्रव्यादिषट्का-ऽन्योन्याभाववत्त्वम् । संसर्गेति । संसर्गाभावान्योन्याभावभेदादित्यर्थः । अन्योन्याभावस्यैकविधत्वात्तद्विभागाभावात् संसर्गाभावं विभजते-प्रागभाव इति । संसर्गाभावत्वमन्योन्याभावभिन्नाभावत्वम् । अन्योन्याभावत्वं तादात्म्यसम्बन्धावच्छिन्नप्रतियोगिताकाभावत्वम् ।**

**મુક્તાવલી :** અભાવમાં દ્રવ્યાદિ છ પદાર્થનો ભેદ રહે છે, અર્થાત્ **अभावो द्रव्यं न, गुणो न, कर्म न, सामान्यं न, विशेषो न, समवायो न । अभावः द्रव्यादिषट्कभेदवान् ।** દ્રવ્યાદિ છનો ભેદ = અન્યોન્યાભાવ જેમાં હોય તે 'અભાવ' કહેવાય.

અભાવ બે પ્રકારે છે : (૧) સંસર્ગાભાવ (૨) અન્યોન્યાભાવ.

**અન્યોન્યાભાવ : घटः पटो न** અહીં ઘટ એ પટ નથી એટલે ઘટ તાદાત્મ્યથી પટ નથી. તાદાત્મ્યથી તો ઘટ ઘટ જ છે. એટલે **घटः पटो न, घटे पटस्य भेदः, घटे पटस्य अन्योन्याभावः=घटानुयोगिक-पटप्रतियोगिक-अभावः, अभावीयप्रतियोगिता पटे ।** આ પટમાં રહેલી પ્રતિયોગિતાનો અવચ્છેદક સંબંધ તાદાત્મ્ય છે માટે તાદાત્મ્ય-સંબંધાવચ્છિન્નપ્રતિયોગિતાક આ અભાવ કહેવાય. એટલે અન્યોન્યાભાવનું લક્ષણ એ થયું કે **तादात्म्यसम्बन्धावच्छिन्नप्रतियोगिताकाभावत्वम् अन्योन्याभावत्वम् ।**

**સંસર્ગાભાવ : अन्योन्याभावभिन्नाभावत्वम् संसर्गाभावत्वम् ।** આપણે જોયું કે અન્યોન્યાભાવની પ્રતિયોગિતા તાદાત્મ્યસંબંધથી અવચ્છિન્ના છે અને સંસર્ગાભાવ એ અન્યોન્યાભાવથી ભિન્ન છે, માટે સંસર્ગાભાવની પ્રતિયોગિતા તાદાત્મ્યસંબંધથી અવચ્છિન્ના ન જ હોવી જોઈએ. એટલે હવે સંસર્ગાભાવનું લક્ષણ આ થયું કે **तादात्म्यसम्बन्धानवच्छिन्नप्रतियोगिताक-अभावः संसर्गाभावः ।**

**मुक्तावली : विनाश्यभावत्वं प्रागभावत्वम् । जन्याभावत्वं ध्वंसत्वम् । नित्यसंसर्गाभावत्वमत्यन्ताभावत्वम् । यत्र तु भूतलादौ घटादिकमपसारितं**

**पुनरानीतं च तत्र घटकालस्य सम्बन्धाघटकत्वादत्यन्ताभावस्य नित्यत्वेऽपि घटकाले न घटात्यन्ताभावबुद्धिः । तत्रोत्पादविनाशशाली चतुर्थोऽयमभाव इति केचित् ।**

---

**મુક્તાવલી :** સંસર્ગાભાવ ત્રણ પ્રકારે છે : પ્રાગભાવ, ધ્વંસાભાવ, અત્યંતાભાવ.

**(૧) પ્રાગભાવ : विनाश्यभावत्वं प्रागभावत्वम् ।** અથવા **उत्पत्तेः प्राक् कारणे कार्यस्याभावत्वम् प्रागभावत्वम् ।**

પ્રાગભાવ ઉત્પન્ન થતો નથી પણ કાર્યની ઉત્પત્તિ થતાં તેનો વિનાશ થઈ જાય છે. કપાલમાં ઘટનો પ્રાગભાવ છે. કપાલમાં ઘટનો પ્રાગભાવ સમવાયથી, સંયોગથી અને સ્વરૂપથી-બધા સંબંધથી છે. પ્રાગભાવ એટલે અમુક સંબંધથી પ્રાગભાવ અને અમુક સંબંધથી પ્રાગભાવ નહિ એવું કહેવાય નહિ, એટલે ઘટમાં રહેલ પ્રાગભાવની પ્રતિયોગિતાનો અવચ્છેદક સંબંધ અમુક ચોક્કસ સંબંધ મળે નહિ, તેથી તે પ્રતિયોગિતા બધા સંબંધથી અનવચ્છિન્ના છે, માટે તાદાત્મ્યસંબંધથી પણ અનવચ્છિન્ના છે. તેથી એ પ્રાગભાવ તાદાત્મ્યસંબંધાનવચ્છિન્નપ્રતિયોગિતાક થવાથી તેને 'સંસર્ગાભાવ' કહેવાય.

**(૨) ધ્વંસાભાવ :** પ્રાગભાવની જેમ ધ્વંસાભાવની પ્રતિયોગિતા પણ કોઈપણ સંબંધથી અવચ્છિન્ના હોતી નથી. **भूतले घटो ध्वस्त एव** અમુક સંબંધથી રહેલો ઘટ ધ્વસ્ત થયો અને અમુક સંબંધથી રહેલો ઘટ ધ્વસ્ત ન થયો એમ કહેવાય નહિ, એટલે ધ્વંસની પ્રતિયોગિતા બધા સંબંધથી અનવચ્છિન્ના બની એટલે તાદાત્મ્યસંબંધથી પણ અનવચ્છિન્ના જ બની. તેથી તાદાત્મ્યસમ્બન્ધાનવચ્છિન્નપ્રતિયોગિતાક એવો ધ્વંસાભાવ સંસર્ગાભાવ જ કહેવાય.

**जन्याभावत्वं = ध्वंसत्वम् ।** ધ્વંસ ઉત્પન્ન થાય છે પણ ઉત્પન્ન થયેલો ધ્વંસ કદી નષ્ટ થતો નથી.

**(૩) નિત્ય અત્યંતાભાવ : नित्यत्वे सति संसर्गाभावत्वम् अत्यन्ताभावत्वम् ।** જે નિત્ય એવો સંસર્ગાભાવ હોય તે અત્યંતાભાવ કહેવાય. ધ્વંસ અને પ્રાગભાવ રૂપ સંસર્ગાભાવ એ અત્યંતાભાવ ન કહેવાય, કેમકે તે બે ય નિત્ય નથી. નિત્ય = અનાદિ - અનંત.

આ અત્યન્તાભાવ અનાદિ-અનંત છે. એનો અર્થ એ થયો કે તે ત્રણે કાળમાં વિદ્યમાન છે. આથી જ અત્યંતાભાવને કોઈ ત્રૈકાલિક અભાવ પણ કહે છે.

**પ્રશ્ન** : વાયુમાં રૂપનો અભાવ ત્રણે કાળમાં મળે માટે તે અત્યંતાભાવ તો નિત્ય કહેવાય. પણ **भूतले घटो नास्ति** આ સ્થાને ભૂતલ ઉપર ઘટનો જે અત્યંતાભાવ છે તે નિત્ય કેમ કહેવાય, કેમકે ઘટ આવ્યા પછી અત્યંતાભાવનો ત્યાં નાશ થાય છે. અને જો ત્યાં ઘટ આવ્યા પછી અત્યંતાભાવનો નાશ ન થાય તો તો પૂર્વે કહ્યું તેમ ઘટવદ્ ભૂતલ સ્થાને ઘટાભાવવદ્ ભૂતલની પ્રતીતિ થવાની આપત્તિ આવશે, કેમકે ત્યાં નિત્ય ઘટાભાવ છે, નિત્ય સ્વરૂપસંબંધ છે અને ભૂતલ પણ છે.

**ઉત્તર** : સમવાયના પ્રકરણમાં આ પ્રશ્નનું સમાધાન કર્યું છે છતાં અહીં ફરી ટૂંકમાં જણાવવાનું કે જ્યાં ભૂતલ ઉપરથી ઘટ દૂર કરવામાં આવ્યો અને પછી પાછો લાવવામાં આવ્યો ત્યાં ઘટાભાવવદ્ ભૂતલની બુદ્ધિ નહિ થાય, કેમકે તે વખતે ઘટકાળનો જે ભૂતલ રૂપ સ્વરૂપસંબંધ છે તે ઘટાભાવવદ્ ભૂતલ એવી બુદ્ધિ માટે ઘટતો (ઉપયોગી) નથી. એટલે ઘટાભાવ નિત્ય હોવા છતાં ઘટાભાવવદ્ ભૂતલ એવી બુદ્ધિકાલીન ભૂતલરૂપ સ્વરૂપસંબંધ ન હોવાથી તે વખતે ઘટાભાવવદ્ ભૂતલ એવી બુદ્ધિ નહિ થાય. એટલે ઘટાત્યંતાભાવને નિત્ય માનવામાં કોઈ આપત્તિ નથી.

કેટલાક નૈયાયિકો ઉપરની આપત્તિને ટાળવા માટે ભૂતલ પર ઘટાભાવને અનિત્ય માને છે, અર્થાત્ આ અભાવને ઉત્પાદ-વિનાશશાલી એવો ચોથો સંસર્ગાભાવ માને છે. એમના મતે વાયુમાં રૂપાભાવ એ નિત્ય અત્યંતાભાવ કહેવાય છે અને આ ઉત્પાદ-વિનાશશાલી અભાવને સામયિક અભાવ પણ કહેવાય છે.

---

**मुक्तावली : अत्र ध्वंसप्रागभावयोरधिकरणे नात्यन्ताभाव इति प्राचां मतम्। श्यामघटे रक्तो नास्ति रक्तघटे श्यामो नास्तीति धीश्च प्रागभावं ध्वंसं चावगाहते न तु तदत्यन्ताभावं तयोर्विरोधात् । नव्यास्तु तत्र विरोधे मानाभावात् ध्वंसादिकालावच्छेदेनाप्यत्यन्ताभावो वर्तत इत्याहुः ।**

---

**મુક્તાવલી** : જે ધ્વંસ કે પ્રાગભાવનું અધિકરણ હોય તે અત્યંતાભાવનું અધિકરણ ન બની શકે એવો પ્રાચીનોનો મત છે.

**નવ્ય** : તો પછી જે શ્યામ ઘટમાં રક્તનો પ્રાગભાવ છે અને અગ્નિમાં લાલ થયેલા જે રક્ત ઘટમાં શ્યામનો ધ્વંસાભાવ છે ત્યાં **श्यामघटे रक्तो नास्ति** અને **रक्तघटे श्यामो नास्ति** એવી અત્યંતાભાવની પ્રતીતિ શી રીતે થાય છે ?

**પ્રાચીન** : વસ્તુતઃ આ પ્રતીતિ ધ્વંસાભાવ અને પ્રાગભાવની જ છે, અત્યંતાભાવની

નહિ, કેમકે અમારો સિદ્ધાંત છે કે ધ્વંસ-પ્રાગભાવના અધિકરણમાં અત્યંતાભાવનો વિરોધ છે.

જ્યારે નવ્યો તો કહે છે કે ધ્વંસ-પ્રાગભાવના અધિકરણમાં અત્યંતાભાવની પ્રતીતિ સાક્ષાત્ થાય છે માટે ધ્વંસાદિના અધિકરણમાં અત્યંતાભાવનો વિરોધ માનવામાં કોઈ પ્રમાણ નથી.

---

**मुक्तावली : नन्वस्तु अभावानामधिकरणात्मकत्वं लाघवादिति चेत् ? न, अनन्ताधिकरणात्मकत्वकल्पनापेक्षयाऽतिरिक्तकल्पनाया एव लघीयस्त्वात् । एवं चाधाराधेयभावोऽप्युपपद्यते । एवं च तत्तच्छब्दगन्धरसाद्यभावानां प्रत्यक्षत्वमप्युपपद्यते । अन्यथा तत्तदधिकरणानां तत्तदिन्द्रियाग्राह्यत्वात् प्रत्यक्षत्वं न स्यात् । एतेन ज्ञानविशेषकालविशेषाद्यात्मकत्वमभावस्येति प्रत्युक्तमप्रत्यक्षत्वापत्तेः ।**

---

**મુક્તાવલી : પ્રશ્ન :** ભૂતલ ઉપર જે ઘટાભાવ છે તે ઘટાભાવને ભૂતલ સ્વરૂપ જ માની લેવામાં આવે તો શું વાંધો છે ? જો આ રીતે અભાવ એ ભૂતલાદિ અધિકરણ સ્વરૂપ બની જાય તો અભાવ નામનો અલગ પદાર્થ માનવાની જરૂર ન રહે તે લાઘવ છે.

**ઉત્તર :** આવું લાઘવ કરવા જતાં ઘણી આપત્તિઓ આવે છે.

**પહેલી આપત્તિ :** જો ભૂતલાદિ અનંત અધિકરણો ઘટાભાવ, પટાભાવ, મઠાભાવ સ્વરૂપ બની જાય તો અનંત ભૂતલાદિમાં અનંત ઘટાભાવત્વ, પટાભાવત્વ, મઠાભાવત્વ રહે. માટે આ તો મોટું ગૌરવ છે. તેના કરતાં એક જ અભાવ જુદો માની લઈએ તો એક જ અભાવમાં ઘટાભાવત્વાદિ રહે તો શું તેમાં લાઘવ નથી ?

**બીજી આપત્તિ :** જો ભૂતલ જ ઘટાભાવ સ્વરૂપ હોય તો **भूतलः घटाभावः** એમ બોલવું જોઈએ, પણ વ્યવહારમાં તો **भूतले घटाभावः** એમ બોલાય છે, અર્થાત્ ભૂતલ એ આધાર છે અને ઘટાભાવ એ આધેય છે. હવે જો અભાવને ભૂતલાદિ અધિકરણસ્વરૂપ માનીએ તો જે આ આધાર-આધેયભાવ પ્રસિદ્ધ છે તે શી રીતે ઘટશે ? ભૂતલ અને ઘટાભાવ એ બે જુદા હોય ત્યારે જ આવો આધાર-આધેયભાવ બની શકે.

**ત્રીજી આપત્તિ :** એક નિયમ છે કે જે ઈન્દ્રિયથી જે વસ્તુનું પ્રત્યક્ષ થાય તે જ

ઈન્દ્રિયથી તે વસ્તુના અભાવનું પ્રત્યક્ષ થાય. રસનેન્દ્રિયથી આમ્રમાં રહેલા મધુર રસનું પ્રત્યક્ષ થાય છે તો આમ્રમાં રહેલા મધુર રસના અભાવનું પ્રત્યક્ષ પણ તે રસનેન્દ્રિયથી જ થઈ શકે.

હવે જો આમ્રમાં રહેલો મધુરરસાભાવ આમ્ર-અધિકરણસ્વરૂપ જ હોય તો મધુર-રસાભાવ સ્વરૂપ આમ્રનું પ્રત્યક્ષ રસનેન્દ્રિય નહિ કરી શકે, એટલે મધુરરસાભાવનું પ્રત્યક્ષ જ નહિ થાય. કહેવાનો આશય એ છે કે આમ્ર-અધિકરણસ્વરૂપ મધુરરસાભાવનું પ્રત્યક્ષ તે જ ઈન્દ્રિય કરી શકે જે મધુર રસનું પ્રત્યક્ષ કરતી હોય. હવે જો રસનેન્દ્રિય મધુરરસાભાવનું પ્રત્યક્ષ ન કરી શકે તો મધુરરસાભાવનું સર્વથા અપ્રત્યક્ષ થઈ જવાની આપત્તિ આવે. આ આપત્તિ ત્યારે જ દૂર થઈ શકે જ્યારે રસાભાવને અધિકરણ સ્વરૂપ ન માનતાં અધિકરણથી ભિન્ન-અધિકરણમાં રહેનારો માનવામાં આવે.

ગન્ધાદિભાવનું પ્રત્યક્ષ પણ આ રીતે જ સમજી લેવું.

જેઓ અભાવને જ્ઞાનસ્વરૂપ કે કાળસ્વરૂપ માને છે તેમની વાત પણ અધિકરણસ્વરૂપ અભાવના ખંડનથી ખંડિત થાય છે. તે આ રીતે :

(૧) જો ઘટાભાવ, પટાભાવાદિ તે તે જ્ઞાન કે તે તે કાળસ્વરૂપ હોય તો અસંખ્ય જ્ઞાન કે અસંખ્ય કાળમાં ઘટાભાવત્વાદિ રહ્યા. તે કરતાં એક જ અભાવમાં ઘટાભાવત્વાદિ માનવામાં લાઘવ છે.

(૨) જ્ઞાન કે કાળસ્વરૂપ અભાવ માનવાથી જ્ઞાનમાં અભાવ (વિષયતયા), કાળમાં અભાવ એવો જે આધાર-આધેયભાવ પ્રસિદ્ધ છે તે અનુપપન્ન થઈ જાય.

(૩) ઘટાભાવાદિ જો જ્ઞાનસ્વરૂપ કે કાળસ્વરૂપ બને તો તે ઘટાભાવાદિનું પ્રત્યક્ષ ચક્ષુથી નહિ થવાની આપત્તિ આવશે, કેમકે ઘટાભાવ એ જ્ઞાનસ્વરૂપ કે કાળસ્વરૂપ બને તો ચક્ષુથી જ્ઞાન કે કાળનું પ્રત્યક્ષ નથી થતું, માટે તત્સ્વરૂપ ઘટાભાવનું પણ પ્રત્યક્ષ ન જ થાય. આમ થતાં '**चक्षुषा·घटाभावं पश्यामि**' એવો જે વ્યવહાર થાય છે તેનો વિલોપ થઈ જશે.

આ ત્રણેય આપત્તિઓનું નિવારણ કરવા માટે અભાવને જેમ અધિકરણ સ્વરૂપ ન માન્યો તેમ જ્ઞાનસ્વરૂપ કે કાળસ્વરૂપ પણ માની શકાય નહિ.

कारिकावली : सप्तानामपि साधर्म्यं ज्ञेयत्वादिकमुच्यते ॥१३॥

मुक्तावली : इदानीं पदार्थानां साधर्म्यवैधर्म्ये वक्तुमुपक्रमते-सप्तानामिति । समानो धर्मो येषां ते सधर्माणः, तेषां भावः साधर्म्यं, समानो धर्म इति फलितार्थः । एवं विरुद्धो धर्मो येषां ते विधर्माणः, तेषां भावो वैधर्म्यं, विरुद्धो धर्म इति फलितार्थः । ज्ञेयत्वं ज्ञानविषयता, सा च सर्वत्रैवास्ति, ईश्वरज्ञानविषयतायाः केवलान्वयित्वात् । एवमभिधेयत्वप्रमेयत्वादिकं बोध्यम् ॥

**મુક્તાવલી** : હવે સાત, છ, પાંચ વગેરે પદાર્થોનું તથા દ્રવ્યોનું સાધર્મ્ય જણાવે છે.

જેમનો સમાન ધર્મ હોય તેમનું સાધર્મ્ય કહેવાય. સાધર્મ્ય અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ અને અસંભવ દોષથી મુક્ત હોવું જોઈએ. જે ધર્મ જેમનામાં ન રહેતો હોય તે બધાનું તે ધર્મ વૈધર્મ્ય કહેવાય.

**સાત પદાર્થનું સાધર્મ્ય** : જગતના તમામ = સાતેય પદાર્થો ઈશ્વરના જ્ઞાનનો વિષય બને છે માટે તે બધા યમાં જ્ઞાનવિષયતા રહે. જ્ઞાનનો વિષય બને તે 'જ્ઞેય' કહેવાય. જ્ઞેયમાં જ્ઞેયત્વ રહે. આમ સાતેય પદાર્થમાં જ્ઞેયત્વ ધર્મ સાધર્મ્ય થયું. એ જ પ્રમાણે સાતેય પદાર્થ અભિધાનનો વિષય=અભિધેય છે, શબ્દથી વાચ્ય છે, ઈશ્વરીય પ્રમાનો (યથાર્થ જ્ઞાનનો) વિષય છે માટે પ્રમેય છે. એટલે અભિધેયત્વ, વાચ્યત્વ, પ્રમેયત્વ પણ સાતેય પદાર્થનું સાધર્મ્ય કહેવાય.

कारिकावली : द्रव्यादयः पञ्च भावा अनेके समवायिनः ।
सत्तावन्तस्त्रयस्त्वाद्या गुणादिर्निर्गुणक्रियः ॥१४॥

मुक्तावली : द्रव्यादय इति । द्रव्यगुणकर्मसामान्यविशेषाणां साधर्म्यमनेकत्वं समवायित्वं च । यद्यप्यनेकत्वमभावेऽप्यस्ति तथाप्यनेकत्वे सति भावत्वं पञ्चानां साधर्म्यम् । तथा चानेकभाववृत्तिपदार्थविभाजकोपाधिमत्त्वमिति फलितोऽर्थः, तेन प्रत्येकं घटादावाकाशादौ च नाव्याप्तिः ।

**મુક્તાવલી : દ્રવ્યાદિ પાંચ પદાર્થનું સાધર્મ્ય :** ૧. અનેકત્વ ૨. સમવાયિત્વ.

**(૧) અનેકત્વ :** દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય અને વિશેષ એ પાંચેય પદાર્થ અનેક છે માટે પાંચેયમાં અનેકત્વરૂપ સાધર્મ્ય રહે છે.

**પ્રશ્ન :** અનેકત્વ તો તે પાંચ પદાર્થની બહાર રહેલા અભાવમાં પણ છે, (સમવાયમાં નથી, કેમકે સમવાય તો એક જ છે.) તો અભાવમાં આ સાધર્મ્ય અતિવ્યાપ્ત થયું ને ?

**ઉત્તર :** બરોબર છે, તો હવે માત્ર અનેકત્વને પાંચનું સાધર્મ્ય ન કહેતાં '**अनेकत्वे सति भावत्वम्**' ને પાંચનું સાધર્મ્ય કહીશું. હવે જે સમવાય છે તે ભાવરૂપ હોવા છતાં અનેકરૂપ નથી, અને અભાવ છે તે અનેકરૂપ હોવા છતાં ભાવરૂપ નથી માટે તે બે ય માં લક્ષણ અતિવ્યાપ્ત થશે નહિ.

અનેક હોઈને જે ભાવરૂપ છે તેવા તો દ્રવ્યાદિ પાંચ જ છે.

**પ્રશ્ન :** હજી પણ દોષ આવે છે. દ્રવ્યાદિ પાંચેયમાં સર્વત્ર આ લક્ષણ જવું જોઈએ, પણ તેમ થતું નથી. હા, બે ઘટ, બે ગુણ વગેરેમાં **अनेकत्वे सति भावत्वम्** કબૂલ છે, પણ એક ઘટદ્રવ્ય, એક ઘટરૂપાત્મક ગુણ, એક પતન ક્રિયા, એક ઘટત્વ જાતિ, એક પરમાણુમાં રહેલ વિશેષ એ પ્રત્યેકમાં **एकत्वे सति भावत्वम्** છે, **अनेकत्वे सति भावत्वम्** ક્યાં છે ? માટે આ લક્ષણ અવ્યાપ્તિ દોષથી દૂષિત કહેવાય. વળી આકાશ, કાળ, દિશા દ્રવ્ય તો એક જ છે, માટે તેમાં ય **अनेकत्वे सति भावत्वम्** ની અવ્યાપ્તિ થશે.

**ઉત્તર :** આ બે ય દોષ દૂર કરવા હવે **अनेकत्वे सति भावत्वम्** ને પાંચનું સાધર્મ્ય ન કહેતાં અમે કહીશું કે જે અનેક ભાવ રૂપ બે ઘટ, બે ગુણ, બે કર્મ, બે જાતિ, બે વિશેષ છે તેમાં જે પદાર્થ-વિભાજક ઉપાધિ = દ્રવ્યત્વ, ગુણત્વ, કર્મત્વ, સામાન્યત્વ, વિશેષત્વ એ પાંચ છે તે ઉપાધિવાળાપણું એ આ પાંચનું સાધર્મ્ય સમજવું. આમ એક ઘટ વગેરે પણ પાંચમાંની કોઈ ને કોઈ ઉપાધિવાળા હોવાથી તેમાં અવ્યાપ્તિ નહિ થાય. એટલે આ પાંચનું સાધર્મ્ય : **अनेकभाववृत्तिपदार्थविभाजकोपाधिमत्त्वम् ।**

---

**मुक्तावली : समवायित्वं च समवायसम्बन्धेन सम्बन्धित्वं न तु समवायवत्त्वं सामान्यादावभावात् ( तथा च समवेतवृत्तिपदार्थविभाजकोपाधिमत्त्वमिति फलितोऽर्थः । तेन नित्यद्रव्येषु नाव्याप्तिः।) । सत्तावन्त इति । द्रव्यगुण-**

**कर्मणां सत्तावत्त्वमित्यर्थः । गुणादिरिति । यद्यपि गुणक्रियाशून्यत्वमाद्यक्षणे घटादावतिव्याप्तं क्रियाशून्यत्वं च गगनादावतिव्याप्तं तथापि गुणवदवृत्तिधर्मवत्त्वं कर्मवदवृत्तिपदार्थविभाजकोपाधिमत्त्वं च तदर्थः । न हि घटत्वादिकं द्रव्यत्वादिकं वा गुणवदवृत्ति कर्मवदवृत्ति वा, किन्तु गुणत्वादिकं तथा, आकाशत्वादिकं तु न पदार्थविभाजकोपाधिः ॥१४॥**

---

**મુક્તાવલી : (૨) સમવાયિત્વ :** દ્રવ્યાદિ પાંચેયનું બીજું સાધર્મ્ય સમવાયિત્વ છે. **समवायित्वं समवायसम्बन्धेन अनुयोगित्वम् ।** જે વસ્તુ સમવાયસંબંધથી બીજા કોઈને પોતાનામાં રાખે તે રાખનાર વસ્તુ સમવાયસંબંધની અનુયોગી કહેવાય. દા.ત. ઘટમાં ઘટત્વ વગેરે સમવાયસંબંધથી રહે છે માટે ઘટત્વને સમવાયસંબંધથી રાખનાર ઘટદ્રવ્ય એ સમવાયાનુયોગી કહેવાય. એ જ રીતે ઘટરૂપ ઘટરૂપત્વ જાતિને સમવાયથી પોતાનામાં રાખે છે માટે ઘટરૂપ ગુણ પણ સમવાયાનુયોગી કહેવાય.

સમવાયાનુયોગી એટલે સમવાયવાન્. આમ દ્રવ્યાદિ પાંચેય પદાર્થ સમવાયાનુયોગી-સમવાયવાન્ છે માટે સમવાયાનુયોગિત્વ-સમવાયવત્ત્વ = સમવાયિત્વ એ તેમનું સાધર્મ્ય છે.

**પ્રશ્ન :** આ સાધર્મ્યની સામાન્ય અને વિશેષમાં અવ્યાપ્તિ થઈ જાય છે, કેમકે દ્રવ્ય, ગુણ, કર્મ તો પોતાનામાં રૂપાદિને કે છેવટે દ્રવ્યત્વાદિ જાતિને સમવાયસંબંધથી રાખનારા જરૂર છે, પણ સામાન્ય અને વિશેષમાં તો રૂપાદિ નથી રહેતા, તેમ અનવસ્થા અને રૂપહાનિ જાતિબાધકને લીધે સામાન્યત્વ, વિશેષત્વ જાતિ પણ રહેતી નથી. આથી સામાન્ય, વિશેષ તો સમવાયથી કોઈને રાખનારા સમવાયાનુયોગી-સમવાયવાન્ ન જ બન્યા ને ?

**ઉત્તર :** તમારી વાત તદ્દન સાચી છે. તો હવે સમવાયિત્વ એટલે સમવાયાનુયોગિત્વ = સમવાયવત્ત્વ ન કહેતાં સમવાયપ્રતિયોગિત્વ = સમવાયસમ્બન્ધેન સમ્બન્ધિત્વ કહીશું. દ્રવ્યાદિ ત્રણ જ પદાર્થો સમવાયથી કોઈને રાખનારા છે છતાં દ્રવ્યાદિ પાંચેય પદાર્થ સમવાયથી કોઈમાં રહેનારા તો જરૂર છે. તે આ રીતે :

સમવાયસંબંધથી ઘટદ્રવ્ય કપાલમાં રહેનાર છે.

સમવાયસંબંધથી ઘટરૂપ ગુણ ઘટમાં રહેનાર છે.

સમવાયસંબંધથી ચલનાદિ ક્રિયા ઘટમાં રહેનાર છે.

સમવાયસંબંધથી ઘટત્વ જાતિ ઘટમાં રહેનાર છે.

સમવાયસંબંધથી વિશેષ ઘટપરમાણુમાં રહેનાર છે.

આમ દ્રવ્યાદિ પાંચેય પદાર્થ સમવાયપ્રતિયોગી = સમવાયસંબંધથી રહેનાર તો છે જ. માટે સમવાયિત્વ એટલે સમવાયસંબંધેન સંબંધિત્વ(પ્રતિયોગિત્વ)ને અમે આ પાંચેયનું સાધર્મ્ય કહીશું.

**પ્રશ્ન :** તમે કહ્યું કે દ્રવ્યાદિ પ્રાંચેય સમવાયસંબંધથી રહેનારા હોવાથી સમવાયિત્વ = સમવાયપ્રતિયોગિત્વ એ તેમનું સાધર્મ્ય છે. પણ હજી અહીં અવ્યાપ્તિ આવે છે. જે છૂટા નિત્ય પરમાણુ છે તથા નિત્ય એવા જે આકાશાદિ છે તે બધા નિત્ય દ્રવ્યો ક્યાંય સમવાયસંબંધથી રહેનારા નથી તેનું શું ?

**ઉત્તર :** તો અમે સમવાયિત્વ = સમવાયપ્રતિયોગિત્વને પાંચનું સાધર્મ્ય ન કહેતાં એમ કહીશું કે સમવેતવૃત્તિપદાર્થવિભાજક-ઉપાધિવાળાપણું એ આ પાંચનું સાધર્મ્ય કહેવાય. જે દ્રવ્યાદિ પાંચ સમવેત છે (સમવાયસંબંધથી રહેનારા છે) તેમાં દ્રવ્યત્વાદિ પાંચ પદાર્થ-વિભાજક ઉપાધિ છે જ. તે ઉપાધિવાળા નિત્ય પરમાણુ તથા આકાશાદિ દ્રવ્યો છે જ. એટલે **'समवेतवृत्तिपदार्थविभाजकोपाधिमत्त्वम्'** એ આ પાંચનું સર્વ દોષરહિત સાધર્મ્ય થયું.

**દ્રવ્યાદિ ત્રણનું સાધર્મ્ય :** દ્રવ્યાદિ ત્રણમાં જ સત્તા રહે છે, અર્થાત્ સત્તા દ્રવ્યાદિ ત્રણમાં બધે જ રહે છે અને દ્રવ્યાદિ ત્રણ સિવાય બીજે ક્યાંય રહેતી નથી માટે દ્રવ્યાદિ ત્રણનું સાધર્મ્ય સત્તાવત્ત્વ કહેવાય. સત્તાવત્ત્વ = સત્તા.

**ગુણાદિ છ પદાર્થનું સાધર્મ્ય :** (૧) નિર્ગુણત્વ (૨) નિષ્ક્રિયત્વ.

દ્રવ્ય સિવાયના ગુણાદિ છ પદાર્થ નિર્ગુણ અને નિષ્ક્રિય છે એટલે તે છનું સાધર્મ્ય નિર્ગુણત્વ, નિષ્ક્રિયત્વ કરીએ તો ચાલી શકે, પણ તેમ કરતાં અતિવ્યાપ્તિ દોષ આવે છે. તે આ રીતે :

**(૧) નિર્ગુણત્વ :** ગુણાદિ છયે પદાર્થ નિર્ગુણ છે માટે તેમનું નિર્ગુણત્વ સાધર્મ્ય છે.

**પ્રશ્ન :** નિર્ગુણત્વ તો અલક્ષ્યભૂત દ્રવ્યમાં અતિવ્યાપ્ત થાય છે, કેમકે નૈયાયિકના મતે આદ્યક્ષણીય ઘટ નિર્ગુણ અને નિષ્ક્રિય છે એટલે આદ્યક્ષણીય ઘટમાં આ નિર્ગુણત્વ લક્ષણ અતિવ્યાપ્ત થયું.

**ઉત્તર :** બરોબર છે. તો હવે એ અતિવ્યાપ્તિ દૂર કરવા અમે નિર્ગુણત્વ એટલે (ફલિતાર્થ = નિષ્કર્ષ = સાર) ગુણવદવૃત્તિધર્મવત્ત્વ કહીશું. જે ગુણવદ્ છે તેમાં અવૃત્તિ

ધર્મો જેમાં હોય તે બધાનું સાધર્મ્ય કહેવાય. ગુણવદ્ તો દ્રવ્ય જ હોય. તેમાં વૃત્તિધર્મ છે દ્રવ્યત્વ, અવૃત્તિધર્મ ગુણત્વાદિ છે, માટે ગુણવદ્‌માં અવૃત્તિધર્મવાળાપણું એ ગુણાદિ છનું સાધર્મ્ય થાય. હવે જે આદ્યક્ષણીય ઘટ છે તે તો ગુણવદ્ = દ્રવ્યમાં વૃત્તિ દ્રવ્યત્વ ધર્મવાળો છે પણ ગુણવદ્‌માં અવૃત્તિ ગુણત્વાદિ ધર્મવાળો નથી જ. માટે તેમાં ગુણવદ-વૃત્તિધર્મવત્ત્વ ન જતાં અતિવ્યાપ્તિ દોષ નહિ આવે, માટે નિર્ગુણત્વ = ગુણવદવૃત્તિધર્મવત્ત્વ એ ફલિતાર્થ થયો.

(૨) **નિષ્ક્રિયત્વ** : પૂર્વોક્ત રીતે નિષ્ક્રિયત્વ પણ આદ્યક્ષણીય ઘટમાં છે, અને **कर्मवदवृत्तिधर्मवत्त्व** કહેવાથી તે ઘટને લઈને આવતી અતિવ્યાપ્તિ દૂર પણ થઈ જાય છે માટે **कर्मवदवृत्तिधर्मवत्त्व** એ નિષ્ક્રિયત્વનો ફલિતાર્થ થાય.

**પ્રશ્ન** : ભલે આદ્યક્ષણીય ઘટની અતિવ્યાપ્તિ દૂર થઈ જાય, પણ હજી આકાશમાં લક્ષણની અતિવ્યાપ્તિ આવે છે. તે આ રીતે :

આકાશ નિષ્ક્રિય છે, અર્થાત્ કર્મવદ્ નથી. જે કર્મવદ્ છે તે દ્રવ્ય જ હોય. પણ આકાશ દ્રવ્ય તો કર્મવદ્ નથી એટલે કર્મવદ્ = ઘટાદિ દ્રવ્યો, તેમાં અવૃત્તિધર્મ આકાશત્વ છે, એટલે કે **कर्मवदवृत्तिधर्म = आकाशत्व,** તે વાળાપણું આકાશમાં જતું રહ્યું.

**ઉત્તર** : બરોબર છે. આ અતિવ્યાપ્તિ દૂર કરવા ગુણાદિ છ નું સાધર્મ્ય **कर्मवद्-अवृत्तिधर्मवत्त्व** ન કહેતાં હવે **कर्मवदवृत्तिपदार्थविभाजकोपाधिमत्त्वम्** કહીશું.

કર્મવદ્ = ઘટાદિ દ્રવ્યો (આકાશ નહિ). કર્મવદ્‌વૃત્તિપદાર્થવિભાજક-ઉપાધિ = દ્રવ્યત્વ અને કર્મવદ્‌માં અવૃત્તિપદાર્થવિભાજક-ઉપાધિ = ગુણત્વાદિ છ, તે વાળાપણું ગુણાદિમાં ગયું, આકાશમાં નહિ, કેમકે આકાશમાં ગુણત્વાદિ ધર્મો નથી જ.

હવે 'આકાશત્વ' કર્મવદવૃત્તિપદાર્થવિભાજક-ઉપાધિથી નહિ પકડાય, કેમકે આકાશત્વ એ ધર્મ જરૂર છે પણ પદાર્થવિભાજક-ઉપાધિ તો નથી જ. (દ્રવ્યવિભાજક-ઉપાધિ છે) આમ '**कर्मवदवृत्तिपदार्थविभाजकोपाधिमत्त्वम्**' કહેવાથી આકાશમાં કે આદ્યક્ષણીય ઘટમાં ક્યાંય લક્ષણની અતિવ્યાપ્તિ ન થતાં ગુણાદિ છનું આ શુદ્ધ સાધર્મ્ય થયું.

---

**कारिकावली : सामान्यपरिहीनास्तु सर्वे जात्यादयो मताः ।**
**पारिमाण्डल्यभिन्नानां कारणत्वमुदाहृतम् ॥१५॥**

---

**मुक्तावली : सामान्येति । सामान्यानधिकरणत्वं सामान्यादीनामित्यर्थः ।**

**पारिमाण्डल्येति । पारिमाण्डल्यं अणुपरिमाणम्, कारणत्वं तद्भिन्नानां साधर्म्यमित्यर्थः । अणुपरिमाणं तु न कस्यापि कारणम् । तद्धि स्वाश्रयारब्धद्रव्यपरिमाणारम्भकं भवेत् । तच्च न संभवति, परिमाणस्य स्वसमानजातीयोत्कृष्टपरिमाणजनकत्वनियमात् महदारब्धस्य महत्तरत्ववदणुजन्यस्याणुतरत्वप्रसङ्गात् ।**

---

**મુક્તાવલી : સામાન્યાદિ ચારનું સાધર્મ્ય : સામાન્યાનધિકરણતા.** સામાન્યાદિ ચારમાં સામાન્ય = જાતિ રહેતી નથી એટલે સામાન્યાદિ ચાર એ સામાન્યનું અધિકરણ બનતા નથી, જ્યારે દ્રવ્યાદિ ત્રણ તો સામાન્યનું અધિકરણ બને છે. માટે સામાન્યાનધિકરણત્વ એ સામાન્યાદિ ચારનું સાધર્મ્ય છે.

**પારિમાંડલ્ય સિવાયના સર્વ પદાર્થનું સાધર્મ્ય : કારણત્વ.** પારિમાંડલ્યેતર = પરમાણુના પરિમાણ સિવાયના બાકીના તમામ પદાર્થો. તેમનું સાધર્મ્ય છે, કારણત્વ. કેમકે પરમાણુના પરિમાણ સિવાયના જગતના તમામ પદાર્થો કોઈ ને કોઈ કાર્યનું સમવાયી કે અસમવાયી કે નિમિત્તકારણ પણ બને જ છે. માટે તે બધા યનું સાધર્મ્ય 'કારણત્વ' થાય. પરમાણુનું પરિમાણ તો કોઈનું ય કારણ બનતું નથી.

**પ્રશ્ન :** પરિમાણ તો પરિમાણનું કારણ બની શકે. દા.ત. કપાલનું પરિમાણ ઘટ પરિમાણનું કારણ બને છે. તો શું ત્યારે પરમાણુ-પરિમાણ એ દ્વ્યણુક પરિમાણનું કારણ ન બને ?

**ઉત્તર :** ના, તેમ બની શકતું નથી, કેમકે નિયમ એવો છે કે જો એક પરિમાણ પોતાના આશ્રયથી ઉત્પન્ન થયેલા દ્રવ્યમાં પરિમાણ ઉત્પન્ન કરે તો (૧) પોતાની જાતનું જ પરિમાણ ઉત્પન્ન કરે, અને (૨) પોતાનાથી ઉત્કૃષ્ટ પરિમાણ જ ઉત્પન્ન કરે.

**પરિમાણ ત્રણ પ્રકારે :** (૧) અણુ પરિમાણ (૨) મહત્ પરિમાણ (૩) પરમમહત્ પરિમાણ.

જે પરિમાણ જેવું હોય તેમાંનું જ તેણે ઉત્પન્ન કરવું જોઈએ. દા.ત. કપાલ પરિમાણ એ જે ઘટ પરિમાણને ઉત્પન્ન કરે છે તે કપાલ પરિમાણના જેવું મહત્ પરિમાણ છે, એટલે કે કપાલ પરિમાણનું સજાતીય છે અને કપાલ પરિમાણથી ઉત્કૃષ્ટ પણ છે જ. આમ કપાલ પરિમાણે પોતાના આશ્રયભૂત કપાલથી ઉત્પન્ન થયેલા = ઘટ દ્રવ્યમાં જે પરિમાણ ઉત્પન્ન કર્યું તે સ્વસજાતીય અને સ્વોત્કૃષ્ટ ઉત્પન્ન કર્યું : '**परिमाणं स्वाश्रयारब्ध-**

द्रव्यपरिमाणजनकं यदि भवेत् तदा स्वसजातीयोत्कृष्टजनकमेव भवेत् ।'

હવે પરમાણુ પરિમાણ પોતાના આશ્રયરૂપ પરમાણુથી ઉત્પન્ન થયેલા દ્વ્યણુકમાં જો પરિમાણ ઉત્પન્ન કરે તો તે પરિમાણ સ્વસજાતીય-સ્વોત્કૃષ્ટ જ હોવું જોઈએ. (આરંભક = કારણ)

પરમાણુ પરિમાણ એ અણુ પરિમાણ છે માટે દ્વ્યણુકમાં પણ તત્સજાતીય અણુ પરિમાણ જ તેણે ઉત્પન્ન કરવું જોઈએ. આ વાત તો જાણે ઘટી જાય છે, કેમકે દ્વ્યણુકમાં પણ કોઈ મહત્ પરિમાણ નથી પણ અણુ પરિમાણ જ છે.

પણ પરમાણુ પરિમાણથી ઉત્પન્ન થતું દ્વ્યણુક પરિમાણ એ પરમાણુ પરિમાણ કરતાં ઉત્કૃષ્ટ હોવું જોઈએ એ વાત ઘટતી નથી, કેમકે અણુનું ઉત્કૃષ્ટ તો અણુતર પરિમાણ થાય. (જેમ મહત્‌નું ઉત્કૃષ્ટ મહત્તર થાય છે તેમ) હવે અણુતર એટલે તો વધારે અણુ, અર્થાત્ અણુ કરતાં ય અણુ. આમ જો થાય તો તે પરમાણુ પરિમાણ કરતાં દ્વ્યણુકનું પરિમાણ વધારે નાનું થવાની આપત્તિ આવે. પણ વસ્તુસ્થિતિ તો તેવી નથી, કેમકે પરમાણુ પરિમાણ કરતાં દ્વ્યણુક પરિમાણ તો ઉત્કૃષ્ટ = મોટું જ છે. માટે આ બીજો નિયમ અહીં લાગુ પડતો નથી. એટલે પરમાણુનું પરિમાણ એ દ્વ્યણુકના પરિમાણને ઉત્પન્ન કરીને તેનું કારણ બની શકે નહિ.

પરમાણુ પરિમાણથી દ્વ્યણુક પરિમાણ પણ ઉપલક્ષણથી સમજી લેવાનું છે, કેમકે દ્વ્યણુક પરિમાણ પણ ત્ર્યણુક પરિમાણનું કારણ બની શકતું નથી, કેમકે દ્વ્યણુક પરિમાણનું સજાતીય પરિમાણ ત્ર્યણુકમાં નથી. દ્વ્યણુક પરિમાણ એ અણુ પરિમાણ છે જ્યારે ત્ર્યણુકમાં મહત્ પરિમાણ છે. જો દ્વ્યણુક પરિમાણ ત્ર્યણુકમાં પરિમાણ ઉત્પન્ન કરે તો સ્વસજાતીય અણુ પરિમાણ જ ઉત્પન્ન કરે. આમ તો બને નહિ, કેમકે તેમ થતાં ત્ર્યણુકનું અણુ પરિમાણ પણ ચતુરણુકના પરિમાણને ય અણુ જ ઉત્પન્ન કરે. યાવત્ કપાલ ઘટમાં પણ અણુ પરિમાણ જ ઉત્પન્ન થાય અને તેથી જગતમાત્રનું અપ્રત્યક્ષ થવાની આપત્તિ આવે. એટલે દ્વ્યણુક પરિમાણ એ ત્ર્યણુક પરિમાણનું કારણ નથી એમ નક્કી થયું.

ત્ર્યણુક પરિમાણ ચતુરણુક પરિમાણનું કારણ જરૂર બને છે, કેમકે ત્ર્યણુક પરિમાણ પોતાના સજાતીય અને ઉત્કૃષ્ટ એવા મહત્ પરિમાણને ચતુરણુકમાં ઉત્પન્ન કરી શકે છે. આમ આગળ પણ સમજવું.

**પ્રશ્ન :** જો અણુ પરિમાણ એ દ્વ્યણુક પરિમાણને અને દ્વ્યણુક પરિમાણ એ ત્ર્યણુક

પરિમાણને ઉત્પન્ન ન કરતા હોય તો દ્વ્યણુક પરિમાણ તથા ત્ર્યણુક પરિમાણને કોણ ઉત્પન્ન કરે ?

**ઉત્તર** : બે પરમાણુમાં રહેલી દ્વિત્વ સંખ્યાથી દ્વ્યણુક પરિમાણ ઉત્પન્ન થાય છે અને ત્રણ દ્વ્યણુકમાં રહેલી (ત્રણ દ્વ્યણુકનો એક ત્ર્યણુક બને) ત્રિત્વ સંખ્યાથી ત્ર્યણુકમાં મહત્ પરિમાણ ઉત્પન્ન થાય છે એમ જ માનવું જોઈએ.

આમ એ વાત સ્થિર થઈ કે પારિમાંડલ્ય = અણુ પરિમાણ = પરમાણુનું પરિમાણ તથા દ્વ્યણુકનું પરિમાણ એ કોઈ પ્રત્યે કારણ બનતા નથી.

---

**मुक्तावली : एवं परममहत्परिमाणमतीन्द्रियसामान्यं विशेषाश्च बोध्याः । इदमपि योगिप्रत्यक्षे विषयस्य न कारणत्वम् । ज्ञायमानं सामान्यं न प्रत्यासत्तिः । ज्ञायमानं लिङ्गं नानुमितिकरणमित्यभिप्रायेणोक्तम् ।**

---

**મુક્તાવલી :** આગળ વધતાં મુક્તાવલીકાર કહે છે કે આ પારિમાંડલ્ય તો ઉપલક્ષણ છે, અર્થાત્ એકલું પારિમાંડલ્ય જ અકારણ છે એવું નથી પરન્તુ પરમમહત્પરિમાણ, અતીન્દ્રિય સામાન્ય = પરમાણુત્વ, ગુરૂત્વત્વ (ગુરુત્વગુણનિષ્ઠજાતિ) તથા વિશેષ પણ અકારણ છે એમ સમજવું. આમ કુલ ચાર અકારણ બન્યા એટલે તે ચાર સિવાયના બધા ય પદાર્થોનું કારણત્વ સાધર્મ્ય સ્થિર થયું.

પરમાણુ પરિમાણ[૧], પરમમહત્પરિમાણ[૨], અતીન્દ્રિય સામાન્ય[૩], વિશેષ[૪]-આ ચાર પદાર્થ કેમ કોઈનું કારણ બનતા નથી તે જોઈએ. પણ તે જોવા માટે જગતના બીજા પદાર્થો કેમ કારણ બને છે તે વિચારવું જોઈએ.

જગતના પદાર્થો કારણ બને છે તેમાં ત્રણ મુખ્ય કારણ છે.

(૧) વસ્તુનું પ્રત્યક્ષ થવામાં વસ્તુ વિષયવિધયા કારણ બને. **वस्तुप्रत्यक्षे वस्तुनः विषयविधया कारणत्वम्** । (૨) વસ્તુનું પ્રત્યક્ષ થાય ત્યારે તે વસ્તુમાં રહેલું મહત્ પરિમાણ એ કારણ બને, કેમકે મહત્ પરિમાણ વિના વસ્તુનું પ્રત્યક્ષ થાય નહિ. (૩) વસ્તુનો નાશ થાય તો તે નાશ પ્રત્યે વસ્તુ કારણ બને. વસ્તુ વિના વસ્તુનો નાશ થઈ શકે નહિ. આ ત્રણ વાત પરમાણુ પરિમાણ આદિ ચારેયમાં યથાસંભવ લાગુ પડતી નથી.

(૧) પરમાણુ પરિમાણ આદિ ચારેયનું આપણને પ્રત્યક્ષ થતું નથી માટે તેઓ વિષયવિધયા કારણ બની શકે નહિ.

(૨) પરમાણુ પરિમાણ આદિના આશ્રયભૂત પરમાણુનું આપણને પ્રત્યક્ષ જ થતું નથી. જો થતું હોત તો પરમાણુ આદિમાં મહત્ પરિમાણ જ હોત અને તે પ્રત્યક્ષમાં મહત્પરિમાણ કારણ હોત.

**પ્રશ્ન :** યોગિપ્રત્યક્ષમાં તો આ ચારેય વિષય બને છે માટે વિષયવિધયા તો ચાર કારણ બને ને ?

**ઉત્તર :** ના, યોગીને જરૂર આ પરમાણુ પરિમાણ આદિ ચારેયનું પ્રત્યક્ષ થાય છે પણ એ ચારેય પ્રત્યક્ષમાં વિષય બનીને કારણ બને છે એમ ન કહેવાય, કેમકે જો વિષય બનીને યોગિપ્રત્યક્ષમાં વસ્તુ કારણ બને એમ કહીએ તો તો અતીત-અનાગત વસ્તુઓ કે જે નષ્ટ થઈ છે, અનુત્પન્ન છે તેનું પ્રત્યક્ષ યોગીને પણ નહિ થવાની આપત્તિ આવે, કેમકે નષ્ટ અને અનુત્પન્ન વસ્તુ પ્રત્યક્ષમાં વિષય બનવા તરીકે હાજર થઈ શકતી નથી.

હવે યોગીને તો નષ્ટ-અનુત્પન્ન વસ્તુઓનું પણ પ્રત્યક્ષ થાય છે માટે માનવું જ રહ્યું કે તેના પ્રત્યક્ષમાં વસ્તુ વિષય બનીને વિષયવિધયા કારણ બનતી નથી. જેમ અતીત-અનાગત વસ્તુ વિષયવિધયા કારણ ન બને તેમ વિદ્યમાન પરમાણુ પરિમાણ આદિ પણ તે યોગીના પ્રત્યક્ષમાં વિષયવિધયા કારણ ન જ બને એમ કહેવામાં કશો બાધ નથી.

(૩) પરમાણુ પરિમાણાદિના આશ્રયનો નાશ પણ થતો નથી. જો નાશ થતો હોત તો આશ્રય નાશ થતા પરમાણુ પરિમાણનો નાશ થાત. તેથી પરમાણુ પરિમાણના નાશ પ્રત્યે પરમાણુ પરિમાણ કારણ બનત. પણ પરમાણુઓનો નાશ થતો જ નથી. આમ પરમાણુ પરિમાણાદિ ચારેય કોઈ રીતે કારણ બનતા નથી.

હવે પરમાણુ પરિમાણાદિ ચારેયને કારણ તરીકે સિદ્ધ કરનાર ત્રણ બાબત ઉપસ્થિત કરવામાં આવે છે.

**પ્રશ્ન :** સારું, ભલે યોગિપ્રત્યક્ષમાં વિષયવિધયા પરમાણુ પરિમાણ આદિ ચારેય કારણ ન બને પણ જ્ઞાયમાન સામાન્યરૂપ તે ચારેય અલૌકિક પ્રત્યક્ષ કરવામાં તો કારણ બને જ છે. તે આ રીતે :

સામાન્ય એટલે જાતિ લઈએ તો ઉપરના ચારમાંથી અતીન્દ્રિય સામાન્યરૂપ પરમાણુત્વ જ લેવાય. પણ **'समानानां भावः सामान्यम्'** એવો સામાન્યનો અર્થ કરીએ તો બાકીના પરમાણુ પરિમાણ આદિ ત્રણેય લેવાય, કેમકે તે પરમાણુ પરિમાણ આદિ પણ તે પરમાણુ આદિમાં સામાન્ય-સાધારણ છે જ. આમ ચારેય જ્ઞાયમાન = જ્ઞાન-

વિષયીભૂત એવા સામાન્ય છે અને તે ચારેય આ રીતે અલૌકિક પ્રત્યક્ષમાં કારણ બને છે.

(૧) **પરમાણુ પરિમાણ : परमाणुः अणुपरिमाणवान्** એવું જ્ઞાન થયા બાદ **सर्वे परमाणवोऽणुपरिमाणवन्तः** એવું સર્વ પરમાણુ પરિમાણનું અલૌકિક પ્રત્યક્ષ થાય છે. અહીં પરમાણુ પરિમાણ એ સામાન્ય=સાધારણ બને છે, અર્થાત્ પરમાણુ પરિમાણ એ સામાન્યલક્ષણા (સ્વરૂપ) પ્રત્યાસત્તિ (સંબંધ) બનીને તેના દ્વારા સકળ પરમાણુ પરિમાણનું અલૌકિક પ્રત્યક્ષ કરાવે છે. આ અલૌકિક પ્રત્યક્ષમાં પરમાણુ પરિમાણ રૂપ જ્ઞાયમાન સામાન્ય કારણ બની ગયું.

(૨) **પરમ મહત્ પરિમાણ :** આ રીતે પરમ મહત્ પરિમાણ પણ જ્ઞાયમાન સામાન્ય બની જાય છે. **सर्वगतः आत्मा परममहत्परिमाणवान् ।** સર્વગત એવો આત્મા પરમમહત્-પરિમાણવાળો છે એવું જ્ઞાન થયા બાદ **सर्वे सर्वगताः कालादयः परममहत्परिमाणवन्तः** એવું અલૌકિક પ્રત્યક્ષ થયું.

અહીં પરમમહત્પરિમાણ એ જ્ઞાયમાન સામાન્ય બન્યું જેણે સઘળા પરમ મહત્ પરિમાણનું અલૌકિક સંબંધથી અલૌકિક પ્રત્યક્ષ કરાવ્યું. આમ પરમ મહત્ પરિમાણરૂપ જ્ઞાયમાન સામાન્ય અલૌકિક પ્રત્યક્ષમાં કારણ બની ગયું.

(૩) **અતીન્દ્રિય સામાન્ય :** (પરમાણુત્વ) પરમાણુત્વથી સકળ પરમાણુનો માનસબોધ થાય ત્યાં અતીન્દ્રિય એવું પરમાણુત્વ રૂપ સામાન્ય કારણ બની જાય.

(૪) **વિશેષ : नित्यद्रव्यं विशेषवत्** એવું જ્ઞાન થયા બાદ જે **सर्वाणि नित्यद्रव्याणि विशेषवन्ति** એવું અલૌકિક પ્રત્યક્ષ થાય તેમાં વિશેષ રૂપ જ્ઞાયમાન સામાન્ય કારણ બની જાય છે.

આમ પરમાણુ પરિમાણ આદિ ચારેય જ્ઞાયમાન સામાન્ય બનીને અલૌકિક પ્રત્યક્ષમાં કારણ તો બને છે, તો તમે આ ચારનો કારણ તરીકે નિષેધ કેમ કરો છો ?

**ઉત્તર :** અલૌકિક પ્રત્યક્ષમાં જ્ઞાયમાન સામાન્ય કારણ નથી કિન્તુ સામાન્યનું જ્ઞાન કારણ છે, કેમકે જ્ઞાયમાન સામાન્યને કારણ કહેવું એટલે એ અર્થ થાય કે વર્ત્તમાનકાળમાં જે જ્ઞાન, તે જ્ઞાનનો વિષય બનતું સામાન્ય તે જ્ઞાયમાન સામાન્ય. આવું જ્ઞાયમાન સામાન્ય અલૌકિક પ્રત્યક્ષ પ્રત્યે અલૌકિક સન્નિકર્ષ બની શકે નહિ, કેમકે જો આમ જ માનીએ તો અતીતકાલીન ઘટાદિ રૂપ સામાન્યના જ્ઞાનથી જે અલૌકિક પ્રત્યક્ષ થાય છે

તે નહિ થાય, કેમકે તે ઘટાદિ હાજર નથી. એટલે જ્ઞાયમાન સામાન્યને અલૌકિક પ્રત્યક્ષ પ્રત્યે પ્રત્યાસત્તિ (સંબંધ) ન કહેતાં સામાન્યના જ્ઞાનને અલૌકિક પ્રત્યક્ષ પ્રત્યે પ્રત્યાસત્તિ કહેવી જોઈએ. આથી જે ઘટરૂપ સામાન્ય નષ્ટ થયેલ છે તેનું પણ જ્ઞાન તો વર્ત્તમાનમાં થઈ શકે છે. એટલે તે સામાન્યના જ્ઞાનરૂપ પ્રત્યાસત્તિથી ઘટનું અલૌકિક પ્રત્યક્ષ થઈ જશે.

હવે જ્યારે આ રીતે જ્ઞાયમાન સામાન્ય તે અલૌકિક પ્રત્યક્ષ પ્રત્યે પ્રત્યાસત્તિ નથી પરંતુ સામાન્યનું જ્ઞાન અલૌકિક પ્રત્યક્ષ પ્રત્યે પ્રત્યાસત્તિ છે ત્યારે સામાન્યનું જ્ઞાન જ કારણ બન્યું પણ પરમાણુ પરિમાણ આદિ જ્ઞાયમાન સામાન્ય કારણ ન બન્યા.

**अनुमितिलिङ्ग( हेतु )तया कारणत्वम् ।**

પરમાણુ પરિમાણ આદિ ચારેય કારણ બની જશે. તે આ રીતે :

(૧) **परमाणुः द्रव्यं परमाणुपरिमाणात् ।**

(૨) **आकाशः विभुः परममहत्परिमाणात् ।**

(૩) **परमाणुत्वत्वं न जातिः परमाणुत्व( एक व्यक्ति )वृत्तित्वात् ।**

(૪) **अयं परमाणुः अस्मात्परमाणोर्भिन्नः विशेषात् ।**

આ ચારેય સ્થાને અનુમિતિમાં પરમાણુ પરિમાણ આદિ ચારેય હેતુ બને જ છે ને?

**ઉત્તર** : ના, અનુમિતિમાં પરમાણુ પરિમાણ આદિ ચાર હેતુ નથી પણ પરમાણુ પરિમાણ આદિનું જ્ઞાન એ અનુમિતિમાં કારણ છે. પર્વતમાં વહ્નિની અનુમિતિમાં ધૂમ કારણ નથી પણ ધૂમનું જ્ઞાન કારણ છે.

વહ્નિનું કાર્ય ધૂમ છે, કારણ ધૂમ નહિ.

વહ્નિ-જ્ઞાનનું કારણ ધૂમ-જ્ઞાન છે.

સાધ્ય-જ્ઞાનનું કારણ હેતુ-જ્ઞાન છે, હેતુ નહિ.

અનુમિતિનું કારણ હેતુ-જ્ઞાન છે, હેતુ નહિ.

આમ પરમાણુ પરિમાણ આદિ ચારેય કોઈનું કારણ બનતા નથી એ વાત સ્થિર થઈ.

---

**मुक्तावली : आत्ममानसप्रत्यक्षे आत्मपरममहत्त्वस्य कारणत्वात्परम-महत्परिमाणं कालादेर्बोध्यम् । तस्यापि न कारणत्वमित्याचार्याणामाशय**

इत्यन्ये । तन्न, ज्ञानातिरिक्तं प्रत्येवाकारणताया आचार्यैरुक्तत्वात् ।

---

**मुक्तावली :** હવે અહીં પરમમહત્‌પરિમાણને અકારણ કહ્યું છે પણ તેમાં આત્માના પરમમહત્‌પરિમાણને અકારણ સમજવું નહિ પરંતુ કાલ વગેરેનું પરમમહત્‌પરિમાણ અકારણ સમજવું, કેમકે આત્માના માનસપ્રત્યક્ષમાં આત્માનું પરમમહત્પરિમાણ કારણ બને જ છે. આત્માનું માનસપ્રત્યક્ષ આપણને પણ થાય છે. (**अहमस्मि, अहं सुखी**) તો તે પ્રત્યક્ષ કાર્યમાં તેનું પરમ મહત્‌પરિમાણ કારણ બની જાય છે, કેમકે નિયમ છે કે વસ્તુના પ્રત્યક્ષમાં તે વસ્તુનું મહત્‌પરિમાણ એ કારણ છે.

અહીં વર્ધમાનાચાર્યનું મન્તવ્ય વિરુદ્ધમાં પડે છે. તેમનું કહેવું એ છે કે ઉદયનાચાર્યે જે કહ્યું છે કે પરમ મહત્ પરિમાણ કોઈનું કારણ ન બને તે 'આત્માદિ બધા યના પરમ મહત્પરિમાણ કોઈના કારણ નથી' એ જ હેતુથી કહ્યું છે, પછી આત્માના પરમ મહત્પરિમાણને એમાંથી બાદ કેમ કરાય ?

આના ઉત્તરમાં મુક્તાવલીકાર કહે છે કે નહિ, વર્ધમાનાચાર્યની તે વાત બરાબર નથી, કેમકે ઉદયનાચાર્યને જે વાત સંમત છે તે જ અમે કહી છે. ઉદયનાચાર્યે ત્યાં કહ્યું જ છે કે જ્ઞાનાતિરિક્ત કાર્યો પ્રત્યે પરમમહત્પરિમાણાદિ કારણ નથી. આનો અર્થ એ જ થયો કે આત્માના માનસજ્ઞાન(પ્રત્યક્ષ)માં તો એનું પરમમહત્પરિમાણ જરૂર કારણ બની શકે છે. એટલે હવે કાળ, દિશા વગેરેના જ પરમમહત્‌પરિમાણ અકારણ છે પણ આત્માના પરમમહત્‌પરિમાણની અકારણતા છે નહિ.

પ્રાચીનો તો જ્ઞાયમાન સામાન્યને અલૌકિક પ્રત્યક્ષમાં અને જ્ઞાયમાન લિંગ (હેતુ)ને અનુમિતિમાં કારણ માને છે. આવું નવ્યો માનતા નથી. તેમના મતે તો સામાન્યનું જ્ઞાન અને લિંગનું જ્ઞાન જ અલૌકિક પ્રત્યક્ષમાં કે અનુમિતિમાં હેતુ છે. એમના અભિપ્રાયને કબૂલ કરીને જ આ સાધર્મ્ય કહેવામાં આવ્યું કે પારિમાંડલ્યાદિથી ભિન્ન પદાર્થોનું કારણત્વ એ સાધર્મ્ય છે. (અર્થાત્ પારિમાંડલ્યાદિમાં અકારણત્વ છે.)

---

**कारिकावली :** अन्यथासिद्धिशून्यस्य नियता पूर्ववर्तिता ।
कारणत्वं भवेत्तस्य त्रैविध्यं परिकीर्तितम् ॥१६॥
समवायिकारणत्वं ज्ञेयमथाप्यसमवायिहेतुत्वम् ।
एवं न्यायनयज्ञैस्तृतीयमुक्तं निमित्तहेतुत्वम् ॥१७॥

**मुक्तावली : ननु कारणत्वं किम् ? अत आह - अन्यथासिद्धीति । तस्य कारणत्वस्य ।**

**મુક્તાવલી : કારણ : अन्यथासिद्धिशून्यत्वे सति नियतपूर्ववृत्तित्वम् कारणत्वम् ।** જે કાર્ય પ્રત્યે અન્યથાસિદ્ધ ન હોય, અર્થાત્ અનન્યથાસિદ્ધ હોય અને કાર્યની નિયત પૂર્વવૃત્તિ હોય તે કારણ કહેવાય.

કારણના આ લક્ષણનું પદકૃત્ય કરીએ : જો નિયત પદ કાઢીને **अन्यथासिद्धिशून्यत्वे सति पूर्ववृत्तित्वम्** કહેવામાં આવે તો એકાદ ઘટકાર્ય પ્રત્યે કારણ બનેલો રાસભ ઘટ સામાન્ય પ્રત્યે કારણ બની જવાની આપત્તિ આવે. રાસભ એ અમુક ઘટકાર્યની પૂર્વમાં વૃત્તિ (રહેનાર) તો જરૂર છે, પણ ઘટ સામાન્ય એટલે કે બધા ય ઘટ પ્રત્યે તેની નિયત (વ્યાપક) પૂર્વવૃત્તિતા તો નથી જ. અર્થાત્ દરેક ઘટકાર્ય પ્રત્યે રાસભ અવશ્ય હાજર હોવો જ જોઈએ તેવો નિયમ નથી. એટલે નિયત પદના નિવેશથી રાસભમાં લક્ષણની અતિવ્યાપ્તિ થશે નહિ. ઘટ પ્રત્યે દંડ, કુલાલ, ચક્ર, માટી વગેરે નિયત પૂર્વવૃત્તિ છે, અર્થાત્ તમામ ઘટકાર્ય પ્રત્યે આ બધા પૂર્વક્ષણમાં અવશ્ય હાજર હોય છે એટલે દંડાદિને ઘટકાર્ય પ્રત્યે કારણ કહેવાય છે. દંડાદિ ઘટકાર્યના નિયતપૂર્વવૃત્તિ છે માટે દંડાદિમાં ઘટકાર્યની નિયતપૂર્વવૃત્તિતા=કારણતા છે. આમ કારણતા એ કોઈ જુદો પદાર્થ નથી પરંતુ નિયતપૂર્વવૃત્તિતા એ જ કારણતા છે. અહીં પૂર્વવૃત્તિતા એટલે કાર્યના અધિકરણમાં કાર્યની પૂર્વક્ષણે વૃત્તિતા સમજવી. વળી આ પૂર્વવૃત્તિતા વ્યવહિત ન જોઈએ પણ અવ્યવહિતપૂર્વક્ષણવૃત્તિતા જોઈએ, પછી ભલે એ અવ્યવહિતપૂર્વક્ષણવૃત્તિતા સાક્ષાત્ હોય કે પરંપરયા (વ્યાપાર દ્વારા) હોય.

હવે જો **नियतपूर्ववृत्तित्वं कारणत्वम्** કહીએ, અર્થાત્ **अन्यथासिद्धिशून्यत्वे सति** એટલો ભાગ કાઢી નાંખીએ તો જે પાંચને ઘટાદિ કાર્ય પ્રત્યે અન્યથાસિદ્ધ-અકારણ કહેવામાં આવ્યા છે તે દંડત્વ, કપાલરૂપ, આકાશ આદિ પાંચેયમાં આ લક્ષણ અતિવ્યાપ્ત થાય, કેમકે દંડત્વાદિ ઘટની પૂર્વમાં નિયતવૃત્તિ છે. આ આપત્તિ દૂર કરવા સત્યંત(સતિ સુધીનો)ભાગ મૂકવામાં આવ્યો છે. દંડત્વાદિ અન્યથાસિદ્ધ છે.

**( १ ) यद् अन्यथा कार्यं सिद्धं भवति तदन्यथासिद्धम् ।**

**( २ ) यद् अन्तरेण कार्यं सिद्धं भवति तदन्यथासिद्धम् ।**

**( ३ ) यद् विना कार्यं सिद्धं भवति तदन्यथासिद्धम् ।**

જેના વિના પણ બીજાઓ દ્વારા કાર્ય સિદ્ધ થઈ જતું હોય તે 'અન્યથાસિદ્ધ' કહેવાય અને જેના વિના બીજાઓની હાજરી છતાં કાર્ય સિદ્ધ ન થાય તે અનન્યથાસિદ્ધ કહેવાય.

રાસભ વિના દંડાદિથી ઘટકાર્ય સિદ્ધ થઈ શકે છે માટે રાસભ એ ઘટ પ્રત્યે અન્યથાસિદ્ધ કહેવાય અને દંડ વિના કુલાલાદિની હાજરી હોવા છતાં ઘટકાર્ય થઈ શકતું નથી માટે દંડ એ ઘટકાર્ય પ્રત્યે અનન્યથાસિદ્ધ કારણ કહેવાય. એ રીતે ચક્રાદિ પણ ઘટ પ્રત્યે અનન્યથાસિદ્ધ કારણ કહેવાય.

યદ્યપિ અરણ્યસ્થ દંડ એ અમુક ઘટ પ્રત્યે અન્યથાસિદ્ધ છે તથાપિ ઘટ સામાન્ય પ્રત્યે તે અન્યથાસિદ્ધ ન કહેવાય પણ તે સ્વરૂપયોગ્ય કારણ કહેવાય.

યદ્યપિ આકાશને નૈયાયિકોએ કાર્યમાત્ર પ્રત્યે સાધારણ કારણોની ગણત્રીમાં ગણ્યું છે તથાપિ મુક્તાવલીકારે આકાશને ત્રીજા નંબરનું અન્યથાસિદ્ધ કહીને કાર્યમાત્ર પ્રત્યેની તેની સાધારણકારણતા ઉડાડી દીધી છે.

કાર્યમાત્ર પ્રત્યે સાધારણ કારણો વધુમાં વધુ નવ છે. તે આ રીતે :

(૧) ઈશ્વરનું જ્ઞાન (૨) ઈશ્વરની ઇચ્છા (૩) ઈશ્વરની કૃતિ (૪) ઈશ્વર (૫) આકાશ (૬) કાળ (૭) દિશા (૮) પ્રાગભાવ (૯) પ્રતિબંધકાભાવ (૧૦) પુણ્ય / ધર્મ (૧૧) પાપ / અધર્મ.

---

**कारिकावली : यत्समवेतं कार्यं भवति ज्ञेयं तु समवायिजनकं तत् ।**
**तत्रासन्नं जनकं द्वितीयमाभ्यां परं तृतीयं स्यात् ॥१८॥**

---

**मुक्तावली : तत्रेति । समवायिकारणे आसन्नं प्रत्यासन्नं कारणं द्वितीयम-समवायिकारणमित्यर्थः ।**

---

**મુક્તાવલી :** કારણ ત્રણ પ્રકારે : (૧) સમવાયી, (૨) અસમવાયી, (૩) નિમિત્ત.

**(૧) સમવાયિકારણ :** જેમાં સમવાયસંબંધથી કાર્ય ઉત્પન્ન થાય તે સમવાયિકારણ કહેવાય. ઘટ સમવાયસંબંધથી કપાલમાં ઉત્પન્ન થાય છે માટે કપાલ એ ઘટનું સમવાયિકારણ કહેવાય. પટનું રૂપ પટમાં સમવાયસંબંધથી ઉત્પન્ન થાય છે માટે પટરૂપનું સમવાયિકારણ પટ કહેવાય.

**(૨) અસમવાયિકારણ :** જે સમવાયિકારણમાં રહે (પ્રત્યાસન્ન) અને જે કાર્યને ઉત્પન્ન કરે તે કાર્યનું અસમવાયિકારણ કહેવાય. ઘટ પ્રત્યે કપાલદ્વયસંયોગ એ

અસમવાયિકારણ છે, કેમકે કપાલદ્વયસંયોગ એ ઘટના સમવાયિકારણ કપાલમાં રહે છે (પ્રત્યાસન્ન છે) અને ઘટરૂપી કાર્યને ઉત્પન્ન કરે છે. કપાલદ્વયસંયોગ થાય તો જ ઘટ થાય.

---

**मुक्तावली : अत्र यद्यपि तुरीतन्तुसंयोगानां पटासमवायिकारणत्वं स्यात्, वेगादीनामभिघाताद्यसमवायिकारणत्वं स्यात् । एवं ज्ञानादीनामपीच्छाद्यसमवायिकारणत्वं स्यात् । तथापि पटासमवायिकारणलक्षणे तुरीतन्तुसंयोगभिन्नत्वं देयम् । तुरीतन्तुसंयोगस्तु तुरीपटसंयोगं प्रत्यसमवायिकारणं भवत्येव । एवं वेगादिकमपि वेगस्पन्दाद्यसमवायिकारणं भवत्येवेति तत्तत्कार्यासमवायिकारणलक्षणे तत्तद्भिन्नत्वं देयम् । आत्मविशेषगुणानां तु कुत्राप्यसमवायिकारणत्वं नास्ति तेन तद्भिन्नत्वं सामान्यलक्षणे देयमेव ।**

---

**મુક્તાવલી : પ્રશ્ન :** તમે અસમવાયિકારણનું લક્ષણ કર્યું કે જે કાર્ય સમવાયિકારણમાં રહેતું હોય અને સમવાયિકારણમાં કાર્યને ઉત્પન્ન કરતું હોય તે તે કાર્યનું અસમવાયિકારણ કહેવાય. હવે આ નિયમથી તો પટ પ્રત્યે તુરીતન્તુસંયોગ, અભિઘાત પ્રત્યે વેગ અને ઇચ્છાદિ પ્રત્યે જ્ઞાનાદિ પણ અસમવાયિકારણ બની જશે કે જે ઇષ્ટ નથી.

હવે આ વાત જરાક વિસ્તારથી જોઈએ.

પટનું અસમવાયિકારણ તન્તુસંયોગ છે, કેમકે પટના સમવાયિકારણ તંતુમાં તંતુસંયોગ રહીને સમવાયિકારણ તન્તુમાં પટને ઉત્પન્ન કરે છે. પણ હવે તો તુરીતંતુસંયોગ પણ પટનું અસમવાયિકારણ બની જશે, કેમકે પટના સમવાયિકારણ તન્તુમાં તુરીતન્તુસંયોગ રહીને પટને ઉત્પન્ન કરે છે. (તુરીતન્તુસંયોગ તુરીમાં અને તંતુમાં બે ય માં રહે છે.) તુરી અને તંતુના સંયોગ વિના પટ ઉત્પન્ન થઈ શકે નહિ. આમ તુરીતંતુસંયોગ એ પટનું અસમવાયિકારણ બની જવાની આપત્તિ આવશે. વસ્તુતઃ તો તુરીતંતુસંયોગ એ પટનું નિમિત્તકારણ જ છે.

એ જ રીતે અભિઘાત કાર્યનું અસમવાયિકારણ 'વેગ' બની જવાની આપત્તિ આવશે. અભિઘાત(શબ્દજનક સંયોગ)નું સમવાયિકારણ કોઈ દ્રવ્ય બને. તેમાં જે વેગ રહેલો છે તે અભિઘાતને ઉત્પન્ન કરે છે. વેગ વિના અભિઘાત થાય નહિ. વસ્તુતઃ અભિઘાત પ્રત્યે વેગ તો નિમિત્તકારણ છે. એ જ રીતે ઇચ્છા પ્રત્યે જ્ઞાન

અસમવાયિકારણ બનશે. એ જ રીતે યત્ન પ્રતિ ઈચ્છા અસમવાયિકારણ બનશે. વસ્તુતઃ ઈચ્છાદિ પ્રત્યે જ્ઞાનાદિ નિમિત્તકારણ જ છે.

આમ **समवायिकारणे प्रत्यासन्नं कार्यजनकं असमवायिकारणम् ।** એવું અસમવાયિકારણનું લક્ષણ ઉક્ત ત્રણ સ્થળે અતિવ્યાપ્ત થયું.

**ઉત્તર** : તો હવે પટનું અસમવાયિકારણ કોણ ? અભિઘાતનું અસમવાયિકારણ કોણ? ઈચ્છાનું અસમવાયિકારણ કોણ ? એના જવાબમાં અમે પટના જ અસમવાયિકારણનું, અભિઘાતના જ અસમવાયિકારણનું વિશેષ લક્ષણ બનાવીશું. તે આ રીતે :

**पटासमवायिकारणत्वम् - तुरीतन्तुसंयोगभिन्नत्वे सति समवायिकारणप्रत्यासन्नत्वे सति कार्यजनकत्वम् ।**

**अभिघातासमवायिकारणत्वम् - वेगभिन्नत्वे सति समवायिकारणप्रत्यासन्नत्वे सति कार्यजनकत्वम् ।**


આત્માના ઈચ્છાદિ ગુણો માટે આવું વિશેષ લક્ષણ બનાવવું નહિ પડે, કેમકે આત્માના ઈચ્છાદિ ગુણો કોઈનું પણ અસમવાયિકારણ બનતા જ નથી, અર્થાત્ સર્વત્ર નિમિત્તકારણ જ બને છે. એટલે અસમવાયિકારણનું જે સામાન્ય લક્ષણ છે એ જ લક્ષણમાં '**ज्ञानादिगुणभिन्नत्वे सति**' એટલો સત્યંત ભાગ ઉમેરી દઈશું, અર્થાત્ **ज्ञानादिगुणभिन्नत्वे सति समवायिकारणे प्रत्यासन्नं कार्यजनकम् असमवायिकारणम् ।**

**પ્રશ્ન** : તો પછી આ અસમવાયિકારણના સામાન્ય લક્ષણમાં જ '**तुरीतन्तुसंयोग-भिन्नत्वे सति**' કે '**वेगभिन्नत्वे सति**' એટલું સત્યંત દલ ઉમેરી દો ને ? શા માટે પટના કે અભિઘાતના અસમવાયિકારણના વિશેષ લક્ષણ બનાવીને તેમાં તેનું ભિન્નત્વ લેવું જોઈએ ?

**ઉત્તર** : તમે કહ્યું તેમ ત્યારે જ બને કે જ્યારે તુરીતન્તુસંયોગ કે વેગ ક્યાંય પણ કોઈનું પણ અસમવાયિકારણ બનતા જ ન હોય (આત્માના જ્ઞાનાદિ ગુણની જેમ), પણ તેમ તો બનતું નથી. તુરીતન્તુસંયોગ પટનું અસમવાયિકારણ ન હોવા છતાં તુરીપટસંયોગનું તો અસમવાયિકારણ બને જ છે. એ જ રીતે વેગ પણ અભિઘાતનું અસમવાયિકારણ ન હોવા છતાં વેગ-સ્પન્દ વગેરેનું તો અસમવાયિકારણ બને જ છે. માટે અસમવાયિકારણના સામાન્ય લક્ષણમાં જ તેની ભિન્નતાનો નિવેશ કરી દેવાય નહિ. એટલે પટાસમવાયિકારણના કે અભિઘાતાસમવાયિકારણના વિશેષ લક્ષણમાં જ

તેમના ભિન્નત્વનો નિવેશ કરવો જ રહ્યો.

**मुक्तावली : अत्र समवायिकारणे प्रत्यासन्नं द्विविधं कार्यैकार्थप्रत्यासत्त्या कारणैकार्थप्रत्यासत्त्या च । आद्यं यथा घटादिकं प्रति कपालसंयोगादिकमसमवायिकारणम् । तत्र कार्येण घटेन सह कारणस्य कपालसंयोगस्य एकस्मिन् कपाले प्रत्यासत्तिरस्ति ।**




મુક્તાવલી : અસમવાયિકારણને સમવાયિકારણમાં **प्रत्यासन्नम्** કહ્યું તે બે રીતે : (૧) **कार्यैकार्थप्रत्यासत्त्या** અને (૨) **कारणैकार्थप्रत्यासत्त्या** । કાર્યની સાથે એક અર્થમાં જે અસમવાયિકારણ રહે તે **कार्यैकार्थप्रत्यासत्ति**થી સમવાયિકારણમાં પ્રત્યાસન્ન કહેવાય અને કાર્યની સાથે નહિ કિન્તુ કાર્યના સમવાયિકારણની સાથે જે એક જગ્યાએ રહે તે અસમવાયિકારણ **कारणैकार्थप्रत्यासत्त्या** પ્રત્યાસન્ન કહેવાય.

(૧) **कार्यैकार्थप्रत्यासत्तिः**-દા.ત. ઘટ કાર્ય છે, એનું સમવાયિકારણ કપાલ છે અને અસમવાયિકારણ કપાલદ્વયસંયોગ છે. આ કપાલદ્વયસંયોગ એ ઘટરૂપ કાર્યની સાથે એક અર્થ કપાલમાં રહી જાય છે. જે કપાલમાં ઘટ છે તે જ કપાલમાં કપાલદ્વયસંયોગ પણ છે.

**कार्येण घटेन सह कारणस्य कपालद्वयसंयोगस्य एकस्मिन् अर्थे कपाले प्रत्यासत्तिः ।**

કાર્યની સાથે એક અર્થમાં કપાલદ્વયસંયોગ રહ્યો તે **कार्यैकार्थप्रत्यासत्तिः** ।

**मुक्तावली : द्वितीयं यथा घटरूपं प्रति कपालरूपमसमवायिकारणम् । तत्र स्वगतरूपादिकं प्रति समवायिकारणं घटः, तेन सह कपालरूपस्यैकस्मिन् कपाले प्रत्यासत्तिरस्ति । तथा च क्वचित्समवायसम्बन्धेन क्वचित्स्वसमवायिसमवेतत्वसम्बन्धेनेति फलितोऽर्थः । इत्थं च कार्यैकार्थकारणैकार्थान्यतरप्रत्यासत्त्या समवायिकारणे प्रत्यासन्नं कारणं ज्ञानादिभिन्नमसमवायिकारणमिति सामान्यलक्षणं पर्यवसितम् । आभ्यां समवायिकारणासमवायि-**

**कारणाभ्यां परं=भिन्नं कारणं तृतीयं=निमित्तकारणमित्यर्थः ।**

---


**મુક્તાવલી :** (૨) **कारणैकार्थप्रत्यासत्तिः** – ઘટરૂપ પ્રત્યે કપાલરૂપ અસમવાયિકારણ છે તે કારણૈકાર્થપ્રત્યાસત્તિથી સમજવું પરન્તુ કાર્યૈકાર્થપ્રત્યાસત્તિથી નહિ, કેમકે ઘટરૂપનું સમવાયિકારણ ઘટ છે. તે ઘટમાં કાંઈ કપાલરૂપ રહેતું નથી, પ્રત્યાસન્ન નથી. જેમ ઘટમાં ઘટરૂપ કાર્ય રહે છે તેમ કપાલરૂપ પણ અસમવાયિકારણ રૂપે રહેતું હોત તો કાર્યની સાથે એકાર્થમાં અસમવાયિકારણ કપાલરૂપની પ્રત્યાસત્તિ કહેવાત, પણ તેમ તો છે નહિ.

હકીકતે તો ઘટરૂપનું સમવાયિકારણ ઘટ છે અને કપાલરૂપનું સમવાયિકારણ કપાલ છે, અર્થાત્ કાર્ય ઘટરૂપનું સમવાયિકારણ જે ઘટ છે તેના સમવાયિકારણ કપાલમાં અસમવાયિકારણ કપાલરૂપ રહ્યું છે. એટલે કે જ્યાં ઘટરૂપ કાર્ય છે ત્યાં કાર્યની સાથે કપાલરૂપ રહેતું નથી પણ ઘટરૂપના કારણની સાથે અસમવાયિકારણ કપાલરૂપ રહે છે, અર્થાત્ ઘટરૂપનું કારણ ઘટ એ જે કપાલમાં રહે છે, તે જ કપાલમાં કપાલરૂપ પણ રહે છે.

આમ ઘટરૂપ કાર્યની સાથે ઘટમાં કપાલરૂપ ન રહ્યું પણ ઘટરૂપ કાર્યના કારણની સાથે કપાલમાં કપાલરૂપ રહ્યું છે. એટલે કાર્યની સાથે નહિ પણ કાર્યના કારણની સાથે એક અર્થમાં અસમવાયિકારણ કપાલરૂપ રહ્યું માટે કારણૈકાર્થપ્રત્યાસત્ત્યા ઘટરૂપ પ્રત્યે કપાલરૂપ અસમવાયિકારણ કહેવાય.


**પ્રશ્ન :** કાર્યૈકાર્થપ્રત્યાસત્તિથી જ્યાં ઘટરૂપ કાર્ય અને કારણ કપાલસંયોગ સાથે રહ્યા ત્યાં તો કાર્યકારણ એક અધિકરણ થવાથી તે બે વચ્ચેનો કાર્યકારણભાવ જામ્યો તે નિઃશંક છે. પણ જ્યાં કારણૈકાર્થપ્રત્યાસત્તિ છે ત્યાં તો અસમવાયિકારણ સાથે કાર્યનું એક અધિકરણ નથી બતાવ્યું કિન્તુ અસમવાયિકારણ સાથે કાર્યના કારણને એકાધિકરણ કર્યું છે. કારણ સાથે કારણ રહે એટલે કાંઈ કાર્યકારણભાવ ન થાય. કાર્યકારણભાવ બનાવવા માટે તો કાર્ય અને કારણ જ એકાધિકરણ થવા જોઈએ.


**ઉત્તર :** તમારી વાત બરાબર છે. એટલે જ કાર્યૈકાર્થપ્રત્યાસત્તિનો ફલિતાર્થ સમવાયસંબંધથી કાર્યૈકાર્થપ્રત્યાસત્તિ અને કારણૈકાર્થપ્રત્યાસત્તિનો ફલિતાર્થ સ્વસમવાયિસમવેતત્વ સંબંધથી કારણૈકાર્થપ્રત્યાસત્તિ બતાવ્યો છે. અર્થાત્ જ્યાં કાર્ય રહે ત્યાં અસમવાયિકારણ સમવાયસંબંધથી (કાર્યૈકાર્થપ્રત્યાસત્તિ સ્થાને) અથવા સ્વસમવાયિસમવેતત્વ સંબંધથી (કારણૈકાર્થપ્રત્યાસત્તિ સ્થાને) રહે એવો અમારો આશય છે.




જુઓ, કાર્યૈકાર્થપ્રત્યાસત્તિ સ્થાને ઘટકાર્ય કપાલમાં છે તો તે જ કપાલમાં અસમવાયિકારણ કપાલસંયોગ સમવાયસંબંધથી છે.

આ જ રીતે કારણૈકાર્થપ્રત્યાસત્તિ સ્થાને ઘટરૂપ કાર્ય ઘટમાં છે તો તે જ ઘટમાં કપાલરૂપ સ્વસમવાયિસમવેતત્વ સંબંધથી પહોંચી જાય છે. સ્વ = કપાલરૂપ, તેનું સમવાયી કપાલ, તેમાં સમવેત ઘટ છે માટે તેમાં સ્વસમવાયિસમવેતત્વ રહ્યું. તે સંબંધથી અસમવાયિકારણ કપાલરૂપ ઘટમાં ગયું. આમ એક જ ઘટરૂપ અધિકરણમાં ઘટરૂપ અને કપાલરૂપ રહી ગયા માટે તે બે વચ્ચેનો કાર્યકારણભાવ સિદ્ધ થઈ ગયો.




આ રીતે સમવાયિકારણમાં પ્રત્યાસન્ન અસમવાયિકારણ એટલે કાર્યૈકાર્થ-કારણૈકાર્થ અન્યતર પ્રત્યાસત્તિથી પ્રત્યાસન્ન અસમવાયિકારણ થયું, એટલે કે સમવાયસંબંધ કે સ્વસમવાયિસમવેતત્વ સંબંધથી પ્રત્યાસન્ન અસમવાયિકારણ થયું.

(૩) **નિમિત્તકારણ :** આ બે કારણ સિવાયના બાકીના જે કોઈપણ કારણ હોય તે નિમિત્તકારણ કહેવાય છે.

---

**कारिकावली : येन सह पूर्वभावः कारणमादाय वा यस्य ।**
**अन्यं प्रति पूर्वभावे ज्ञाते यत्पूर्वभावविज्ञानम् ॥१९॥**

---

**मुक्तावली : इदानीमन्यथासिद्धत्वमेव कियतां पदार्थानामत आह–येनेति ।**

यत्कार्यं प्रति कारणस्य पूर्ववृत्तिता येन रूपेण गृह्यते तत्कार्यं प्रति तद्रूपमन्यथासिद्धमित्यर्थः यथा घटं प्रति दण्डत्वमिति । द्वितीयमन्यथासिद्ध-माह-कारणमिति । यस्य स्वातन्त्र्येणान्वयव्यतिरेकौ न स्तः, किन्तु कारणमादायैवान्वयव्यतिरेकौ गृह्येते तदन्यथासिद्धम्, यथा दण्डरूपम् । तृतीयमाह -अन्यं प्रतीति । अन्यं प्रति पूर्ववृत्तित्वं गृहीत्वैव यस्य यत्कार्यं प्रति पूर्ववृत्तित्वं गृह्यते तस्य तत्कार्यं प्रत्यन्यथासिद्धत्वम्, यथा घटादिकं प्रत्याकाशस्य । तस्य हि घटादिकं प्रति कारणत्वमाकाशत्वेनैव स्यात् । तद्धि शब्दसमवायिकारणत्वम् । एवं च तस्य शब्दं प्रति कारणत्वं गृहीत्वैव घटादिकं प्रति जनकत्वं ग्राह्यमतस्तदन्यथासिद्धम् । ननु शब्दाश्रयत्वेन तस्य कारणत्वे काऽन्यथासिद्धिरिति चेत् ? पञ्चमीति गृहाण । नन्वाकाशस्य शब्दं प्रति जनकत्वे किमवच्छेदकमिति चेत् ? कवत्त्वादिकं विशेषपदार्थो वेति ॥

---

**મુક્તાવલી :** કારણનું લક્ષણ '**अन्यथासिद्धिशून्यत्वे सति नियतपूर्ववृत्तित्वम्**' કહ્યું તેમાં '**अन्यथासिद्धि**' પદ આવ્યું તે અન્યથાસિદ્ધિ શું છે ? તેનો જવાબ આપતાં કહે છે કે અન્યથાસિદ્ધિ પાંચ છે. તે આ રીતે :

**(૧) પહેલી અન્યથાસિદ્ધિ : येन ( रूपेण ) सह पूर्वभावः** – દંડત્વ : ઘટકાર્ય પ્રત્યે દંડકારણનો જે પૂર્વભાવ છે તે દંડત્વેન રૂપેણ છે, અર્થાત્ દંડત્વેન રૂપેણ દંડ ઘટ પ્રત્યે કારણ છે. માટે જે દંડત્વરૂપથી દંડ ઘટ પ્રત્યે કારણ બને છે તે દંડત્વ એ પ્રથમ અન્યથા-સિદ્ધ કહેવાય.

**(૨) બીજી અન્યથાસિદ્ધિ : कारणमादाय वा यस्य ( अन्वयव्यतिरेकौ )** ઘટરૂપી કાર્યની પ્રત્યે દંડરૂપી કારણને લઈને જે દંડરૂપના અન્વય-વ્યતિરેક ચાલે છે તે દંડરૂપ ઘટ પ્રત્યે અન્યથાસિદ્ધ કહેવાય. દંડરૂપ હોય તો ઘટ હોય, દંડરૂપ ન હોય તો ઘટ ન હોય. આવો ઘટ સાથે દંડરૂપનો સાક્ષાત્ અન્વયવ્યતિરેક થતો નથી પણ પરંપરયા અન્વય-વ્યતિરેક થાય છે. તે આ રીતે :

દંડના હોવાને કારણે દંડરૂપ હોય તો ઘટ હોય અને દંડના ન હોવાને લઈને દંડરૂપ ન હોય તો ઘટ ન હોય. આમ જેના અન્વય-વ્યતિરેક દંડ કારણને લઈને ચાલતા હોય તે દંડરૂપ ઘટ પ્રત્યે અન્યથાસિદ્ધ કહેવાય.

(૩) ત્રીજી અન્યથાસિદ્ધિ : **अन्यं प्रति पूर्वभावे ज्ञाते यत्पूर्वभावविज्ञानम् ।** બીજાના પ્રત્યે જેની પૂર્વવૃત્તિતા જાણ્યા પછી જ ઘટાદિ કાર્ય પ્રત્યે પૂર્વવૃત્તિત્વ જણાય તો તે ઘટ પ્રત્યે અન્યથાસિદ્ધ કહેવાય.

ઘટ પ્રત્યે કદાચ આકાશને કારણ કહીએ તો તે આકાશત્વ રૂપથી જ આકાશને કારણ કહી શકાય. અહીં આકાશત્વ એટલે શું ? તે પ્રશ્નના ઉત્તરમાં **आकाशत्वं शब्दसमवायिकारणत्वम् ।** અર્થાત્ આકાશ એ શબ્દનું સમવાયિકારણ છે. સમવાયિકારણ એ કાર્યની પૂર્વવૃત્તિ જ હોય એવો બોધ પણ અહીં સાથે જ થઈ જાય, એટલે ઘટ પ્રત્યે આકાશને પૂર્વવૃત્તિરૂપે વિચારવા જતાં શબ્દ પ્રત્યે તેની પૂર્વવૃત્તિતા જણાય. એટલે **अन्यं प्रति = शब्दं प्रति** આકાશની પૂર્વવૃત્તિતા જણાઈ ત્યાર બાદ ઘટ પ્રત્યે તેની પૂર્વવૃત્તિતા જણાઈ માટે આકાશ પણ અન્યથાસિદ્ધ કહેવાય.

**પ્રશ્ન** : શબ્દના સમવાયિકારણ તરીકે આકાશને વિચારવામાં આવે ત્યારે જરૂર 'શબ્દનું પૂર્વવૃત્તિ આકાશ છે' એવો બોધ થઈ જશે, કેમકે સમવાયિકારણ હંમેશા કાર્યનું પૂર્વવૃત્તિ જ હોય. પણ શબ્દાશ્રય તરીકે જ્યારે આકાશનો બોધ કરવામાં આવે ત્યારે 'આકાશ શબ્દનું પૂર્વવૃત્તિ છે' એવું જ્ઞાન થવાનો નિયમ નથી તો પછી તે વખતે આકાશ શબ્દના પૂર્વવૃત્તિ તરીકે ન જણાતાં આ ત્રીજા નંબરનું અન્યથાસિદ્ધ આકાશ શી રીતે બનશે ?

**ઉત્તર** : તે વખતે પાંચમી અન્યથાસિદ્ધિમાં આકાશનું ગ્રહણ કરી લેવું.

**પ્રશ્ન** : હવે જે પક્ષે આકાશ શબ્દનું સમવાયિકારણ છે તે પક્ષે આકાશમાં રહેલી શબ્દસમવાયિકારણતાનો અવચ્છેદક કોણ બનશે ?

**ઉત્તર** : આકાશત્વ એ શબ્દસમવાયિકારણતાનો અવચ્છેદક બનશે.

**પ્રશ્ન** : એ તો બરાબર નથી, કેમકે આકાશત્વ એટલે શબ્દસમવાયિકારણત્વ. શબ્દ-સમવાયિકારણતાનો અવચ્છેદક આકાશત્વરૂપ શબ્દસમવાયિકારણત્વ કેમ બની શકે ? કેમકે સ્વ એ સ્વનો અવચ્છેદક બની શકે નહિ ને ?

**ઉત્તર** : તો પછી આકાશમાં રહેલ શબ્દ-સમવાયિકારણતાનો અવચ્છેદક કવત્ત્વ, ખવત્ત્વ, ગવત્ત્વ આદિ કહીશું. આકાશ એ કવત્ છે, ખવત્ છે, ગવત્ છે માટે તેમાં કવત્ત્વાદિ રહે છે.

**પ્રશ્ન** : એ પણ બરાબર નથી, કેમકે આ રીતે તો શબ્દ-સમવાયિકારણત્વના અનેક અવચ્છેદક બનતાં મહાગૌરવ થાય છે.

**ઉત્તર :** તો પછી આકાશમાં એક 'વિશેષ' નામનો પદાર્થ માની લઈને કહીશું કે શબ્દસમવાયિકારણનો અવચ્છેદક તે 'વિશેષ' નામનો એક જ પદાર્થ બને. હવે આમાં ગૌરવ દોષ રહેતો નથી.

---

**कारिकावली :** जनकं प्रति पूर्ववृत्तितामपरिज्ञाय न यस्य गृह्यते ।
अतिरिक्तमथापि यद्भवेन्नियतावश्यकपूर्वभाविनः ॥२०॥
एते पञ्चान्यथासिद्धा दण्डत्वादिकमादिमम् ।
घटादौ दण्डरूपादि द्वितीयमपि दर्शितम् ॥२१॥
तृतीयं तु भवेद्व्योम कुलालजनकोऽपरः ।
पञ्चमो रासभादिः स्यादेतेष्वावश्यकस्त्वसौ ॥२२॥

---

**मुक्तावली :** चतुर्थमन्यथासिद्धमाह-जनकं प्रतीति । यत्कार्यजनकं प्रति पूर्ववृत्तित्वं गृहीत्वैव यस्य यत्कार्यं प्रति पूर्ववृत्तित्वं गृह्यते तस्य तत्कार्यं प्रत्यन्थासिद्धत्वम्, यथा कुलालपितुर्घटं प्रति । तस्य हि कुलालपितृत्वेन घटं प्रति जनकत्वेऽन्यथासिद्धिः, कुलालत्वेन रूपेण जनकत्वे त्विष्टापत्तिः, कुलालमात्रस्य घटं प्रति जनकत्वात् । पञ्चममन्यथासिद्धमाह-अतिरिक्त-मिति । अवश्यक्लृप्तनियतपूर्ववर्तिन एव कार्यसम्भवे तद्भिन्नमन्यथा-सिद्धमित्यर्थः । अत एव प्रत्यक्षे महत्त्वं कारणमनेकद्रव्यत्वमन्यथासिद्धम् । तत्र हि महत्त्वमवश्यक्लृप्तं तेनानेकद्रव्यत्वमन्यथासिद्धम् । न च वैपरीत्ये किं विनिगमकमिति वाच्यम्, महत्त्वत्वजातेः कारणतावच्छेदके लाघवात् ।

---

**મુક્તાવલી : (૪) ચોથી અન્યથાસિદ્ધિ : जनकं प्रति पूर्ववृत्तितां अपरिज्ञाय न यस्य गृह्येते अन्वयव्यतिरेकौ ।** જનક કુલાલ પ્રત્યે જેની પૂર્વવૃત્તિતા જાણ્યા વિના ઘટાદિ કાર્ય પ્રત્યે જેની પૂર્વવૃત્તિતા ન જણાય તે કુલાલ-પિતા ઘટ પ્રત્યે અન્યથાસિદ્ધ કહેવાય. કહેવાનો આશય એ છે કે 'ઘટ પ્રત્યે કુલાલપિતા પૂર્વવૃત્તિ છે' એ વાત 'કુલાલ પ્રત્યે કુલાલ-પિતા પૂર્વવૃત્તિ છે' એમ જાણ્યા વિના જાણી શકાય નહિ, અર્થાત્ ઘટપૂર્વવૃત્તિ કુલાલ-પિતા એટલા માટે છે કે તે ઘટના પૂર્વવૃત્તિ કુલાલન પણ પૂર્વવૃત્તિ છે. જે ઘટના

પૂર્વવૃત્તિના પણ પૂર્વવૃત્તિ હોય છે તે કુલાલપિતા ઘટનો તો સુતરાં પૂર્વવૃત્તિ હોય જ.

**પ્રશ્ન :** કુલાલ-પિતા પોતે જ કુલાલરૂપ થઈને ઘટ બનાવે તો શું તે ઘટ પ્રત્યે કુલાલ-પિતા કુલાલત્વેન રૂપેણ અન્યથાસિદ્ધ કહેવાય ?

**ઉત્તર :** કુલાલત્વેન રૂપેણ કુલાલ-પિતા ઘટનું કારણ બને છે, અર્થાત્ તે ઘટ પ્રત્યે અન્યથાસિદ્ધ ન બને તેમાં અમને ઈષ્ટાપત્તિ જ છે, કેમકે કુલાલમાત્ર ઘટના જનક છે.

આ ચોથી અન્યથાસિદ્ધિને બીજા શબ્દોમાં કહેવી હોય તો 'કાર્યના કારણનું કારણ તે ચોથી અન્યથાસિદ્ધિ' એમ પણ કહી શકાય.

**(૫) પાંચમી અન્યથાસિદ્ધિ : अवश्यक्लृप्तनियतपूर्ववर्तिनो भिन्नम् ।** જે અવશ્યક્લૃપ્ત હોય અને કાર્ય પ્રત્યે નિયતપૂર્વવર્તિ હોય તેનાથી ભિન્ન બધા ય પાંચમી અન્યથાસિદ્ધિમાં ગણાય. અવશ્યકલૃપ્ત એટલે જેના વિના ચાલી જ ન શકે તેવા દંડાદિ. અથવા અવશ્યકલૃપ્ત એટલે લઘુ. ત્રણ પ્રકારના ગુરુ હોય છે તેમાં ગમે તે પ્રકારનો અલઘુ-ગુરુ હોય તે અવશ્યકલૃપ્ત ન કહેવાય, અર્થાત્ જે ત્રણ પ્રકારમાંના ગુરૂમાંથી એકેયમાં આવી જાય તે લઘુ ન કહેવાય, અર્થાત્ અવશ્યક્લૃપ્તથી ભિન્ન કહેવાય. દંડત્વ, દંડરૂપ, આકાશ, કુલાલ-પિતા આ ચારેય ત્રણેય પ્રકારના લઘુમાં ક્યાંય સમાવેશ પામતા નથી માટે તે ચારેય અવશ્યકલૃપ્ત(લઘુ)થી ભિન્ન છે. એટલે ચારેય અન્યથાસિદ્ધ પાંચમામાં સમાઈ જાય છે, અર્થાત્ ચારેય અન્યથાસિદ્ધનું જે ફળ છે તે પાંચમા અન્યથાસિદ્ધથી ચરિતાર્થ થઈ જાય છે. માટે જ મુક્તાવલીકારે પાંચમા અન્યથાસિદ્ધને આવશ્યક અન્યથાસિદ્ધ કહેલ છે. દંડત્વાદિ ઘટની નિયતપૂર્વવૃત્તિ હોવા છતાં અવશ્યક્લૃપ્ત-લઘુ નથી માટે અવશ્યક્લૃપ્ત નિયતપૂર્વવૃત્તિથી ભિન્ન છે.

---

**ટિપ્પણ :** હવે ત્રણેય પ્રકારના લાઘવ વિચારીએ : (૧) શરીરકૃત લાઘવ, (૨) ઉપસ્થિતિકૃત લાઘવ અને (૩) સંબંધકૃત લાઘવ.

**(૧) શરીરકૃત લાઘવ :** પ્રત્યક્ષ સ્વરૂપ કાર્ય પ્રત્યે મહત્ત્વ=મહત્પરિમાણ કારણ છે. હવે કોઈ કહે કે અનેકદ્રવ્યત્વ કારણ છે તો શું સમજવું ? મહત્ત્વનું શરીર લઘુ છે, જ્યારે અનેક-દ્રવ્યત્વનું શરીર ગુરુ છે. માટે લઘુથી ગુરુ અન્યથાસિદ્ધ થઈ જાય, અર્થાત્ પ્રત્યક્ષ પ્રત્યે મહત્ત્વ જ કારણ બને. અનેકદ્રવ્યત્વ અન્યથાસિદ્ધ થાય, કેમકે તેમાં શરીરકૃત લાઘવ નથી પણ ગૌરવ છે.

વળી જો અનેકદ્રવ્યત્વને જ કારણ માનીએ (પ્રત્યક્ષ પ્રત્યે) અને મહત્ત્વને અન્યથાસિદ્ધ માનીએ (આવી વિપરીત કલ્પના કરીએ) તો અનેકદ્રવ્યત્વમાં કારણતા રહી

એટલે કારણતાવચ્છેદક અનેકદ્રવ્યત્વત્વ બને જે જાતિ નથી અને મહત્ત્વ (મહત્પરિમાણ)ને કારણ માનતા તે મહત્ત્વ ગુણમાં રહેલી મહત્ત્વત્વ જાતિ જ કારણતાવચ્છેદક બની જાય છે જેમાં લાઘવ છે.

(૨) **ઉપસ્થિતિકૃત લાઘવ :** કોઈપણ કાર્યની ઉત્પત્તિમાં તે કાર્યનો પ્રાગભાવ કારણ છે. તે નિયમ મુજબ રૂપકાર્યોત્પત્તિમાં રૂપપ્રાગભાવ કારણ બને. પણ જ્યાં રૂપ-કાર્યોત્પત્તિ થવાની છે ત્યાં તે કાર્યોત્પત્તિમાં પૂર્વે જેમ રૂપનો પ્રાગભાવ છે તેમ રસનો પણ પ્રાગભાવ છે. તો પછી રૂપકાર્યોત્પત્તિ પ્રત્યે રૂપપ્રાગભાવને જ કારણ કહેવું અને રસપ્રાગભાવને કારણ કેમ ન કહેવું ?

એનો ઉત્તર એ છે કે રૂપકાર્યોત્પત્તિને વિચારતી વખતે રૂપની તો ઉપસ્થિતિ થયેલી જ છે. હવે તેના કારણમાં માત્ર પ્રાગભાવની જ ઉપસ્થિતિ કરવાની રહી. જ્યારે રૂપકાર્યોત્પત્તિમાં રસપ્રાગભાવને કારણ કહીએ તો રસની અને પ્રાગભાવની એમ બે ઉપસ્થિતિ કરવી પડે. આથી શીઘ્રોપસ્થિતિ ન થાય. આમ રૂપકાર્યોત્પત્તિ પ્રત્યે રૂપપ્રાગભાવની કારણતા શીઘ્ર ઉપસ્થિત થાય છે માટે તેમાં ઉપસ્થિતિકૃત લાઘવ છે, જે લાઘવ રસપ્રાગભાવની કારણતામાં શીઘ્રોપસ્થિતિ ન થવાથી નથી, કિન્તુ ત્યાં ગૌરવ છે. માટે ઉપસ્થિતિથી લઘુભૂત રૂપપ્રાગભાવ વડે ઉપસ્થિતિથી ગુરુભૂત રસપ્રાગભાવ અન્યથાસિદ્ધ થઈ જાય.

પ્રસ્તુતમાં આકાશમાં ઘટકાર્ય પ્રત્યે ઉપસ્થિતિકૃત લાઘવનો અભાવ છે, કેમકે શબ્દ પ્રત્યે આકાશની પૂર્વવૃત્તિતા ઉપસ્થિત થયા બાદ ઘટ પ્રત્યે આકાશની પૂર્વવૃત્તિતા ઉપસ્થિત થાય છે. આમ અહીં શીઘ્રોપસ્થિતિના અભાવને લીધે આકાશમાં અવશ્યક્લૃપ્તત્વ (લઘુત્વ) ન હોવાથી અર્થાત્ તે અવશ્યકલૃપ્તથી ભિન્ન હોવાથી પાંચમા અન્યથાસિદ્ધમાં સમાઈ જાય છે.

(૩) **સંબંધકૃત લાઘવ :** દંડત્વ, દંડરૂપ કે કુલાલ-પિતાને ઘટ પ્રતિ કારણ માનીએ તો તેમાં સંબંધકૃત ગૌરવ આવે, કેમકે દંડત્વનો આશ્રય દંડ, તે દંડ સ્વાશ્રયજન્ય-ભ્રમિવત્તા સંબંધથી ઘટ પ્રતિ કારણ બને. જ્યારે દંડને કારણ માનવામાં આટલો લાંબો સંબંધ માનવો પડતો નથી. ત્યાં તો સ્વજન્યભ્રમિવત્ત્વ સંબંધ જ કહેવાનો રહે છે. આ જ રીતે દંડરૂપને કારણ માનવા કરતાં દંડને કારણ માનવામાં સંબંધકૃત લાઘવ છે. એ જ રીતે કુલાલ-પિતાને કારણ માનવા કરતાં કુલાલને કારણ માનવામાં લાઘવ છે. આથી દંડત્વ, દંડરૂપ, કુલાલ-પિતા એ સંબંધકૃત ગૌરવથી ગ્રસ્ત હોવાથી અવશ્યક્લૃપ્ત = લઘુ ન રહ્યા, અર્થાત્ નિયતપૂર્વવર્તિ હોવા છતાં અવશ્યક્લૃપ્ત નિયતપૂર્વવર્તિથી ભિન્ન

બનીને અન્યથાસિદ્ધ બન્યા.

ઉપસ્થિતિકૃત ગૌરવને લીધે આકાશ અને સંબંધકૃત ગૌરવને લીધે દંડત્વ, દંડરૂપ અને કુલાલ-પિતા અવશ્યક્લૃપ્તથી (લઘુથી) ભિન્ન થતાં પાંચમી અન્યથાસિદ્ધિનો વિષય બને.

આ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે પહેલી ચારેય અન્યથાસિદ્ધિનો પાંચમી અન્યથાસિદ્ધિમાં સમાવેશ થઈ જાય છે અને તે ચારેય નિયતપૂર્વવૃત્તિ હોવા છતાં અવશ્યકલૃપ્ત (શરીરાદિકૃત લાઘવવાળા) નથી માટે જ તેઓ અન્યથાસિદ્ધ બને છે.

---

**मुक्तावली : रासभादिरिति । यद्यपि यत्किञ्चिद्घटव्यक्तिं प्रति रासभस्य नियतपूर्ववृत्तित्वमस्ति तथापि घटजातीयं प्रति सिद्धकारणभावैर्दण्डादिभि-रेव तद्व्यक्तेरपि सम्भवे रासभोऽन्यथासिद्ध इति भावः ।**

---

**મુક્તાવલી : પ્રશ્ન :** જે ઘટવિશેષ રાસભથી બન્યો તે ઘટવિશેષ પ્રત્યે તો રાસભ કારણ ખરો ને? કે ત્યાં પણ તે અન્યથાસિદ્ધ કહેવાય ?

**ઉત્તર :** અન્યથાસિદ્ધ એટલે જેના વિના પણ કાર્ય સિદ્ધ થઈ શકતું હોય. તો હવે ભલે રાસભની મદદથી ઘટ બન્યો, છતાં બીજા બધા ઘટો પ્રત્યે તો દંડાદિ જ સિદ્ધ કારણ તરીકે છે. તે દંડાદિથી જ આ ઘટ પણ બની શકતો હતો, અર્થાત્ રાસભ વિના પણ આ ઘટ બની શકતો હતો માટે તે ઘટ પ્રત્યે રાસભ નિયતપૂર્વવૃત્તિ હોવા છતાં અન્યત્ર સિદ્ધ કારણ રૂપ દંડાદિથી જ ઘટ બની શકે તેમ હતો માટે તે ઘટ પ્રત્યે પણ રાસભ અન્યથાસિદ્ધ કહેવાય.

---

**मुक्तावली : एतेषु पञ्चस्वन्यथासिद्धेषु मध्ये पञ्चमोऽन्यथासिद्ध आवश्यकः, तेनैव परेषां चरितार्थत्वात् । तथाहि-दण्डादिभिरवश्यक्लृप्तनियत-पूर्ववर्तिभिरेव कार्यसम्भवे दण्डत्वादिकमन्यथासिद्धम् । न च वैपरीत्ये किं विनिगमकमिति वाच्यम्, दण्डत्वस्य कारणत्वे दण्डघटितायाः परम्परायाः सम्बन्धत्वकल्पने गौरवात् । एवमन्येषामप्यनेनैव चरितार्थत्वं सम्भवतीति बोध्यम् ॥**

---

**મુક્તાવલી :** પ્રથમના ચારેય અન્યથાસિદ્ધોનું પ્રયોજન પંચમ અન્યથાસિદ્ધથી સિદ્ધ

થઈ જાય છે, અર્થાત્ પાંચમા અન્યથાસિદ્ધમાં પહેલા ચારેય ચરિતાર્થ થઈ જાય છે. (**सिद्धप्रयोजनत्वं चरितार्थत्वम्**) પાંચેયમાં પંચમ અન્યથાસિદ્ધ જ સૌથી મહત્ત્વનો છે.

**પ્રશ્ન :** ઘટ પ્રત્યે દંડાદિ જ કારણ કહ્યા અને દંડત્વાદિને અન્યથાસિદ્ધ કહ્યા તેને બદલે તેથી ઉલ્ટું જ અર્થાત્ દંડત્વાદિ કારણ અને દંડાદિને અન્યથાસિદ્ધ કેમ ન કહેવાય?

**ઉત્તર :** આ પ્રશ્નનો જવાબ સંબંધકૃત લાઘવના વિચારમાં અપાઈ ગયો છે. દંડત્વને કારણ માનવામાં જે સંબંધ (લાંબો) માનવો પડે છે તેમાં દંડ તો વચ્ચે (ઘટકતયા) આવી જ રહે છે. તો પછી જ્યારે દંડ આવશ્યક જ છે તો તેને જ કારણ માનવામાં લાઘવ રહેલું છે. આ જ રીતનું સમાધાન દંડરૂપ, આકાશ, કુલાલ-પિતાના સંબંધમાં પણ સમજી લેવું.

---

**कारिकावली : समवायिकारणत्वं द्रव्यस्यैवेति विज्ञेयम् ।**
**गुणकर्ममात्रवृत्ति ज्ञेयमथाप्यसमवायिहेतुत्वम् ॥२३॥**

---

**मुक्तावली : समवायीति । स्पष्टम् । गुणकर्मेति । असमवायिकारणत्वं गुणकर्मभिन्नानां वैधर्म्यं न तु गुणकर्मणोः साधर्म्यमित्यत्र तात्पर्यम् । अथवाऽसमवायिकारणवृत्तिसत्ताभिन्नजातिमत्त्वं तदर्थः, तेन ज्ञानादीनाम-समवायिकारणत्वविरहेऽपि न क्षतिः ॥**

---

**મુક્તાવલી : દ્રવ્યનું સાધર્મ્ય - સમવાયિકારણત્વ :** નવેય દ્રવ્યનું સાધર્મ્ય સમવાયિકારણત્વ છે, અર્થાત્ નવેય દ્રવ્ય કોઈ ને કોઈ કાર્યનું સમવાયિકારણ અવશ્ય બને છે. સમવાયિકારણ જો કોઈ બની શકતું હોય તો દ્રવ્ય જ બને, ગુણાદિ નહિ. આ અંગે વિશેષ વિચારણા દ્રવ્યત્વ જાતિની સિદ્ધિમાં કરી છે.

**ગુણકર્મનું સાધર્મ્ય - અસમવાયિકારણત્વ :** ગુણ અને કર્મ એ કોઈ કાર્યનું સમવાયિકારણ તો બની શકે જ નહિ, પરંતુ ઘટાદિ દ્રવ્યકાર્ય પ્રત્યે કપાલાદિ સંયોગરૂપ ગુણ તથા પટરૂપાદિ કાર્ય પ્રત્યે તન્તુરૂપાદિ ગુણ અસમવાયિકારણ બને. આમ ગુણ-કર્મમાં જ અસમવાયિકારણતા રહે.

**પ્રશ્ન :** આ સાધર્મ્ય ગુણ-કર્મમાં બધે જ વ્યાપ્ત થતું નથી. તમે જ પૂર્વે અસમવાયિકારણના વિચારમાં જણાવી ગયા છો કે આત્માના જ્ઞાનાદિ ગુણો ક્યારેય પણ કોઈપણ કાર્યનું અસમવાયિકારણ બનતા જ નથી. આમ જ્ઞાનાદિ ગુણોમાં

અસમવાયિકારણતા સાધર્મ્યની અવ્યાપ્તિ આવશે.

**ઉત્તર :** 'અસમવાયિકારણત્વ એ ગુણ-કર્મનું સાધર્મ્ય છે' એમ કહેવા પાછળ તાત્પર્ય એ છે કે અસમવાયિકારણત્વ ગુણકર્મભિન્ન એવા દ્રવ્યાદિનું વૈધર્મ્ય છે, અર્થાત્ જો અસમવાયિકારણ કોઈ બને તો ગુણકર્મ જ બને, તદ્ભિન્ન દ્રવ્યાદિ તો ન જ બને એટલું જ અમારું કહેવું છે. ગુણકર્મ બધા ય અસમવાયિકારણ બને જ એમ કહેવાનો અહીં આશય નથી. એટલે હવે જ્ઞાનાદિ ગુણો અસમવાયિકારણ ન બને તો તેથી અસમવાયિકારણત્વના વૈધર્મ્યને કહેનારા અમને કોઈ આપત્તિ નથી.

**પ્રશ્ન :** સાધર્મ્યના પ્રકરણમાં વૈધર્મ્યની વાતો કરવી તે ઉચિત છે ? અર્થાત્ ગુણકર્મનું અસમવાયિકારણત્વ એ જો તેમનું સાધર્મ્ય હોય તો બધા ય ગુણકર્મમાં અસમવાયિકારણત્વ રહેવું જ જોઈએ. જો તેમ ન બને તો સાધર્મ્યનું સ્વરૂપ બદલવું વ્યાજબી છે, પરંતુ 'ગુણકર્મ-ભિન્નમાં અસમવાયિકારણત્વ નથી' એવું વૈધર્મ્ય કહેવું તે તો વ્યાજબી ન જ ગણાય.

**ઉત્તર :** તો પછી હવે અમે ગુણકર્મનું એવું સાધર્મ્ય કહીશું કે જેથી જ્ઞાનાદિ ગુણોમાં અવ્યાપ્તિ ન આવે. તેવું સાધર્મ્ય આ છે : **असमवायिकारणवृत्तिसत्ताभिन्नजातिमत्त्वम् ।**

અસમવાયિકારણ જે ગુણો બનતા હોય તેમાં સત્તા જાતિ રહે છે તથા ગુણત્વ-કર્મત્વ જાતિ પણ રહે છે. આ સિવાય બીજી કોઈ જાતિ રહેતી નથી. હવે સત્તાભિન્ન જાતિ કહેવાથી ગુણત્વ અને કર્મત્વ બે જ જાતિ લેવાય. તે બે જાતિવાળાપણું તમામ ગુણકર્મમાં ચાલ્યું જાય છે, અર્થાત્ જ્ઞાનાદિ ગુણો પણ અસમવાયિકારણ ન હોવા છતાં અસમવાયિકારણમાં રહેનારી સત્તાભિન્ન ગુણત્વ જાતિવાળા તો છે જ.

**પ્રશ્ન :** અહીં માત્ર **असमवायिकारणवृत्तिजातिमत्त्वम्** એટલું જ કહે તો શું વાંધો આવે? 'સત્તાભિન્ન' શા માટે કહ્યું છે ?

**ઉત્તર :** જો તેમ કહે તો અસમવાયિકારણમાં રહેનાર સત્તાજાતિવાળા દ્રવ્ય પણ બની જતાં દ્રવ્યમાં સાધર્મ્યની અતિવ્યાપ્તિ થઈ જાય છે. તે દોષ દૂર કરવા સત્તાભિન્ન જાતિ લેવાનું કહ્યું છે. હવે અસમવાયિકારણમાં સત્તાભિન્ન જાતિ ગુણત્વ અને કર્મત્વ જ છે. તે વાળાપણું તો ગુણ અને કર્મમાં જ જાય.

---

**कारिकावली : अन्यत्र नित्यद्रव्येभ्य आश्रितत्वमिहोच्यते ।**
**क्षित्यादीनां नवानां तु द्रव्यत्वं गुणयोगिता ॥२४॥**

---

मुक्तावली : अन्यत्रेति । नित्यद्रव्याणि परमाण्वाकाशादीनि विहायाश्रितत्वं साधर्म्यमित्यर्थः । आश्रितत्वं तु समवायादिसम्बन्धेन वृत्तिमत्त्वं, विशेषणतया नित्यानामपि कालादौ वृत्तेः । इदानीं द्रव्यस्यैव विशिष्य साधर्म्यं वक्तुमारभते - क्षित्यादीनामिति । स्पष्टम् ॥

---

कारिकावली : क्षितिर्जलं तथा तेजः पवनो मन एव च ।
परापरत्वमूर्त्तत्वक्रियावेगाश्रया अमी ॥२५॥

---

मुक्तावली : क्षितिरिति । पृथिव्यप्तेजोवायुमनसां परत्वापरत्ववत्त्वं मूर्तत्वं वेगवत्त्वं कर्मवत्त्वं च साधर्म्यम् । न च यत्र घटादौ परत्वमपरत्वं वा नोत्पन्नं तत्राव्याप्तिरिति वाच्यम्, परत्वादिसमानाधिकरणद्रव्यत्वव्याप्यजातिमत्त्वस्य विवक्षितत्वात् ।

---

**મુક્તાવલી : નિત્ય દ્રવ્ય સિવાયના પદાર્થોનું સાધર્મ્ય :** પરમાણુ અને આકાશ આદિને છોડીને બાકીના બધા ય (ઘટાદિ અનિત્ય અને વિશેષાદિ નિત્ય) પદાર્થોનું સાધર્મ્ય આશ્રિતત્વ છે, અર્થાત્ તે બધા ય પદાર્થ ક્યાંય ને ક્યાંય આશ્રિત-રહેનારા છે. અહીં ક્યાંય પણ સમવાયસંબંધથી જ રહેવાપણું લેવું. જો તેમ ન કહીએ તો કાલિકસંબંધથી નિત્યદ્રવ્ય પરમાણુ, આકાશ વગેરે પણ આશ્રિત થઈ જતાં લક્ષણ અતિવ્યાપ્ત થશે.

**નવ દ્રવ્યનું સાધર્મ્ય :** (૧) દ્રવ્યત્વ, (૨) ગુણયોગિત્વ. નવ દ્રવ્યનું સાધર્મ્ય દ્રવ્યત્વ છે તથા નવેયમાં ગુણ રહે છે માટે તેમનું સાધર્મ્ય ગુણયોગિત્વ-ગુણવત્ત્વ પણ છે.

**પાંચ મૂર્ત પદાર્થનું સાધર્મ્ય :** પૃથ્વ્યાદિ પાંચેયમાં પરત્વાદિ સાધર્મ્ય છે. એક પૃથ્વી નજીકમાં હોય તો જેની નજીકમાં હોય તેની અપેક્ષાએ તે ઘટાદિ પૃથ્વી બીજી દૂર રહેલી ઘટાદિ પૃથ્વીથી 'અપર' કહેવાય અને તે દૂર રહેલી ઘટાદિ પૃથ્વી 'પર' કહેવાય. આમ એક વ્યક્તિની અપેક્ષાએ તે ઘટ પૃથ્વી આદિ પાંચેયમાં પરત્વ, અપરત્વ ઉત્પન્ન થાય.

૧. પરત્વ ૨. અપરત્વ ૩. મૂર્તત્વ ૪. ક્રિયાવત્ત્વ (ક્રિયા) ૫. વેગવત્ત્વ (વેગ).

**(૧) પરત્વ (૨) અપરત્વ : પ્રશ્ન :** જે ઘટાદિ પૃથ્વીમાં કોઈની પણ અપેક્ષાએ પરત્વ-અપરત્વ ઉત્પન્ન થયું નથી ત્યાં આ બે સાધર્મ્યની અવ્યાપ્તિ થશે ને ?

**ઉત્તર :** તો હવે એમ કહીશું કે જ્યાં ખરેખર પરત્વાદિ ઉત્પન્ન થયેલા હોય તે પૃથિવ્યાદિ ઉક્ત પાંચ જ હોય. તેવા પરત્વને સમાનાધિકરણ એવી દ્રવ્યત્વ વ્યાપ્ત જાતિ પૃથિવિત્વાદિ પાંચ જ બને. તે જાતિવાળાપણું જેમાં પરત્વ ઉત્પન્ન નથી થતું તે પૃથ્વી વગેરેમાં પણ આવી જાય. એટલે પરત્વસમાનાધિકરણદ્રવ્યત્વવ્યાપ્યજાતિમત્તા સાધર્મ્ય થયું.

---

**मुक्तावली : मूर्तत्वमपकृष्टपरिमाणवत्त्वं तच्च तेषामेव, गगनादिपरिमाणस्य कुतोऽप्यपकृष्टत्वाभावात् । पूर्ववत्कर्मवत्त्वं कर्मसमानाधिकरणद्रव्यत्व-व्याप्यजातिमत्त्वं, वेगवत्त्वं वेगवद्वृत्तिद्रव्यत्वव्याप्यजातिमत्त्वं च बोध्यम् ॥**

---

**મુક્તાવલી : (૩) મૂર્તત્વ :** મૂર્તત્વ એટલે અપકૃષ્ટપરિમાણવત્ત્વ. પૃથ્વી ઇત્યાદિ પાંચેયનું અપકૃષ્ટ પરિમાણ છે. બાકી રહેલા ગગનાદિ ચારનું પરિમાણ અપકૃષ્ટ નથી.

**(૪) કર્મવત્ત્વ (૫) વેગવત્ત્વ :** કર્મવત્ત્વ અને વેગવત્ત્વ પણ આ પાંચેયનું સાધર્મ્ય છે. જ્યાં કર્મ કે વેગ ઉત્પન્ન થયા નથી તે પૃથ્વ્યાદિમાં સાધર્મ્યની અવ્યાપ્તિ ન થાય તે માટે પરત્વની જેમ કહેવું કે **कर्मवद्वृत्तिद्रव्यत्वव्याप्यजातिमत्त्वम्** । ( **वद्वृत्तिः** = સમાનાધિકરણ) એ જ પ્રમાણે **वेगवद्वृत्तिद्रव्यत्वव्याप्यजातिमत्त्वम्** પણ થાય.

---

**कारिकावली : कालखात्मदिशां सर्वगतत्वं परमं महत् ।**

**क्षित्यादि पञ्च भूतानि चत्वारि स्पर्शवन्ति हि ॥२६॥**

---

**मुक्तावली : कालेति । कालाकाशात्मदिशां सर्वगतत्वं = सर्वमूर्तद्रव्य-संयोगित्वं परममहत्त्वं च साधर्म्यम् । परममहत्त्वत्वं जातिविशेषः अपकर्षानाश्रयपरिमाणत्वं वा । क्षित्यादीति । पृथिव्यप्तेजोवाय्वाकाशानां भूतत्वम् साधर्म्यम् । तच्च बहिरिन्द्रियग्राह्यविशेषगुणवत्त्वम् । अत्र ग्राह्यत्वं लौकिकप्रत्यक्षस्वरूपयोग्यत्वं बोध्यम् । तेन ज्ञातो घट इत्यादिप्रत्यक्षे ज्ञानस्याप्युपनीतभानविषयत्वात्तद्वत्यात्मनि नातिव्याप्तिः । न वा प्रत्यक्षाविषयरूपादिमति परमाण्वादावव्याप्तिः, तस्यापि स्वरूपयोग्यत्वात्, महत्त्वलक्षणकारणान्तरासन्निधानाच्च न प्रत्यक्षम् । अथवाऽऽत्मावृत्ति-**

**विशेषगुणवत्त्वं तत्त्वम् । चत्वारीति । पृथिव्यप्तेजोवायूनां स्पर्शवत्त्वम् ॥**

---

**મુક્તાવલી : આકાશ, કાળ, દિશા, આત્માનું સાધર્મ્ય :** ૧. સર્વગતત્વ ૨. પરમમહત્ત્વ (પરમ-મહત્પરિમાણવત્ત્વ). આકાશાદિ ચારેય સર્વગત છે, અર્થાત્ સર્વ મૂર્ત દ્રવ્યના સંયોગવાળા છે માટે સર્વગતત્વ એ તેમનું સાધર્મ્ય કહેવાય. એ ચારેય પરમમહત્પરિમાણવાળા પણ છે માટે **परममहत्परिमाणवत्त्व** = પરમમહત્પરિમાણ = પરમમહત્ત્વ એ તેમનું સાધર્મ્ય થયું. પરમમહત્પરિમાણ - પરમમહત્ત્વ, તેમાં રહેનાર પરમમહત્ત્વત્વ એ જાતિ છે અથવા તો અપકર્ષ-અનાશ્રયપરિમાણત્વરૂપ ઉપાધિ છે.

---

**ટિપ્પણ : પ્રશ્ન :** પરમમહત્પરિમાણ = પરમમહત્ત્વ, તેમાં રહેનાર = પરમ-મહત્ત્વત્વ એ શું છે ? જાતિ છે કે ઉપાધિ છે ?

**ઉત્તર :** પરમમહત્ત્વત્વ એ જાતિ છે, કેમકે પરમમહત્પરિમાણ = પરમમહત્ત્વ અનેક છે, માટે અનેકમાં રહેલ પરમમહત્ત્વત્વ જાતિ બને.

**પ્રશ્ન :** જે ધર્મ જાતિ બને તે કારણતાવચ્છેદક બનવો જોઈએ તેવો નિયમ છે. જો પરમમહત્પરિમાણ = પરમમહત્ત્વ કોઈનું પણ કારણ બને તો તે પરમમહત્ત્વમાં કારણતા રહે અને તો તો કારણતાવચ્છેદક પરમમહત્ત્વત્વ જાતિ બને. પણ પારિમાંડલ્ય પ્રકરણમાં આપણે જોયું કે પરમમહત્પરિમાણ કોઈનું કારણ બનતું નથી તો પછી પરમ-મહત્પરિમાણ=પરમમહત્ત્વમાં રહેનાર પરમમહત્ત્વત્વ ધર્મ કારણતાનો અવચ્છેદક બનશે નહિ માટે જાતિ નહિ બને.

**ઉત્તર :** તમે કહ્યું કે પરમમહત્પરિમાણ કોઈનું કારણ બનતું નથી એ વાત જ ખોટી છે. '**अहं सुखी**' એવું જે આત્માનું માનસપ્રત્યક્ષ થાય છે તેમ '**अहं महान्**' એવું પણ આત્માનું માનસપ્રત્યક્ષ થાય છે. આ પ્રત્યક્ષમાં આત્માનું પરમમહત્ત્વ વિષયવિધયા કારણ બની જાય છે તેથી કારણતાવચ્છેદક આત્માનું પરમમહત્ત્વ**ત્વ**બને છે. આ જ પરમમહત્ત્વત્વ આકાશ આદિમાં પણ છે, માટે કારણતાવચ્છેદક તરીકે સિદ્ધ થતું પરમમહત્ત્વત્વ જરૂર જાતિ બને.

આ સંબંધમાં વાચસ્પતિ મિશ્રનું કહેવું એ છે કે '**अहं महत्**' એવી જે આત્માને પ્રતીતિ થાય છે તે **शरीरावच्छेदेन** જ આત્માની પ્રતીતિ છે, સર્વવ્યાપક આત્માની નહિ. આમ સર્વવ્યાપક આત્માનું પ્રત્યક્ષ થતું ન હોવાથી આત્માનું પરમમહત્પરિમાણ વિષયવિધયા કારણ બની શકે જ નહિ, તેથી કારણતાવચ્છેદક પરમમહત્ત્વત્વ બની શકે

જ નહિ, તેથી તે જાતિ ન બને.

વાચસ્પતિ મિશ્રના આ મતને લક્ષ્યમાં રાખીને મુક્તાવલીકાર કહે છે કે પરમ-મહત્ત્વત્વને જો જાતિ માનવામાં અરુચિ હોય તો તે અખંડ ઉપાધિરૂપ છે, અર્થાત્ **अपकर्षअनाश्रयपरिमाणवत्त्वं परममहत्त्वत्वम् ।**

**પ્રશ્ન : अपकर्ष-अनाश्रयपरिमाणवत्त्वम्** કહેવા કરતાં **उत्कर्षाश्रयपरिमाणवत्त्वं** કેમ ન કહ્યું ?

**ઉત્તર :** જે અપરમ (પરમભિન્ન) મહત્પરિમાણ છે એ પણ અન્યની અપેક્ષાએ ઉત્કૃષ્ટ તો છે જ, માટે તેને પણ પરમમહત્પરિમાણ કહેવું પડે. જેમકે ઘટ, પટ એ બદરની અપેક્ષાએ ઉત્કૃષ્ટત્વાશ્રયપરિમાણવાળા છે તો તે પણ પરમમહત્ થઈ જવાની આપત્તિ આવશે, માટે નિષેધરૂપ વાક્ય (અપકર્ષઅનાશ્રય...) કહ્યું છે. એટલે હવે તે જ ઘટ મકાનની અપેક્ષાએ અપકર્ષ-આશ્રયપરિમાણવાળો છે. માટે અપકર્ષ-અનાશ્રય-પરિમાણવત્ત્વ કહેવાથી ઘટમાં પરમમહત્પરિમાણવત્ત્વની આપત્તિ નહિ આવે.

આકાશાદિથી વધુ કોઈ મોટા હોત તો જરૂર આકાશ આદિ તેની અપેક્ષાએ અપકર્ષ-આશ્રયપરિમાણવાળા થાત, પણ તેવું તો છે નહિ. માટે આકાશ આદિનું પરિમાણ હંમેશા અપકર્ષઅનાશ્રયપરિમાણ સ્વરૂપ છે. માટે પરમમહત્ત્વત્વ અપકર્ષ-અનાશ્રયપરિમાણવત્ત્વ રૂપ અખંડ ઉપાધિ છે એમ કહેવું તે તદ્દન સમુચિત છે.

---

**મુક્તાવલી :** પૃથ્વી, અપ્, તેજ, વાયુ, આકાશનું સાધર્મ્ય ભૂતત્વ છે. **भूतत्वं = बहिरिन्द्रियग्राह्यविशेषगुणवत्त्वम् ।** બાહ્યેન્દ્રિય શ્રોત્ર, ત્વક્, ચક્ષુ, રસના અને ઘ્રાણ એમ પાંચ છે. તેનાથી ગ્રાહ્ય વિશેષ ગુણો અનુક્રમે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ એ પાંચ છે. આ વિશેષ ગુણવાળા અનુક્રમે આકાશ, વાયુ, અગ્નિ, જલ અને પૃથ્વી છે. માટે બહિરિન્દ્રિયથી ગ્રાહ્ય વિશેષ ગુણવાળાપણું = ભૂતત્વ એ આ પાંચનું સાધર્મ્ય છે.

અહીં **बहिरिन्द्रियग्राह्यविशेषगुणवत्त्वम्** નું પદકૃત્ય કરીએ.

**बहिः પદ :** જો **बहिर्** પદ મૂકવામાં ન આવે તો આત્મામાં ભૂતત્વની અતિવ્યાપ્તિ થાય, કેમકે મનરૂપી આંતર ઇન્દ્રિયથી ગ્રાહ્ય વિશેષ જ્ઞાન ગુણવાળો તો આત્મા પણ છે જ.

**विशेष પદ :** જો વિશેષ પદ ન કહીને **बाह्येन्द्रियग्राह्यगुणवत्त्वम्** એટલું જ કહેવામાં આવે તો કાળમાં અતિવ્યાપ્તિ થાય, અર્થાત્ કાળ પણ ભૂત થઈ જવાની આપત્તિ આવે, કેમકે બાહ્યેન્દ્રિયથી ગ્રાહ્ય જે ઘટ-ભૂતલાદિસંયોગ ગુણ, તે વાળો તો કાળ પણ છે.

**ગુણ પદ :** જો ગુણ પદ દૂર કરવામાં આવે અને **बाह्येन्द्रियग्राह्यजातिमत्त्वम्** એટલું જ કહેવામાં આવે તો દ્રવ્યમાં પણ ભૂતત્વની અતિવ્યાપ્તિ થાય, કેમકે તે બાહ્યેન્દ્રિય ગ્રાહ્ય દ્રવ્યત્વ જાતિવાળું છે.

**પ્રશ્ન : बहिरिन्द्रियग्राह्यविशेषगुणवत्त्वं भूतत्वम्** તમે કહ્યું. અહીં 'ગ્રાહ્યત્વ' એટલે શું ? જો ગ્રાહ્યત્વ એટલે જ્ઞાનવિષયતા એટલું જ કહો તો **बहिरिन्द्रियग्राह्यविशेषगुणवत्त्वम्** એટલે **बहिरिन्द्रियजन्यज्ञानविषयविशेषगुणवत्त्वम्** એવો અર્થ થાય. આ થવાથી આત્મામાં ભૂતત્વની અતિવ્યાપ્તિ થઈ જશે. તે આ રીતે : **अयं घटः** એવું વ્યવસાયાત્મક (સવિકલ્પક) જ્ઞાન થયા પછી **घटमहं जानामि, घटज्ञानवान् अहम्, ज्ञातो घटः** એવું અનુવ્યવસાયાત્મક જ્ઞાન થાય છે, અર્થાત્ **घटज्ञानविषयकज्ञानवान् अहम्** એવું જ્ઞાન થાય છે. આ અનુવ્યવસાય જ્ઞાનમાં ઘટજ્ઞાનરૂપ વ્યવસાય જ્ઞાન વિષય બને છે. અહીં આ વ્યવસાયાત્મક ઘટજ્ઞાન ચક્ષુસંયોગ-સંનિકર્ષથી ઉત્પન્ન થયું છે માટે ચક્ષુસંયોગરૂપ લૌકિક સંનિકર્ષથી પ્રયોજ્ય વિષયતાવાળું છે. તેમજ તે **अयं घटः** જ્ઞાન જ્ઞાનલક્ષણારૂપ અલૌકિક સંનિકર્ષાત્મક અનુવ્યવસાય જ્ઞાનની વિષયતાનો આશ્રય પણ બનેલું છે. ટૂંકમાં કહેવાનો આશય એ છે કે **अयं घटः** જ્ઞાન ચક્ષુસંયોગરૂપ લૌકિક સંનિકર્ષ પ્રયોજ્ય વિષયતાવાળું છે તે સાથે જ અનુવ્યવસાય જ્ઞાનની વિષયતાવાળું પણ છે જ.

આમ **ज्ञातो घटः** સ્વરૂપ ઘટજ્ઞાનવિષયકજ્ઞાન બહિરિન્દ્રિયગ્રાહ્ય વિશેષગુણરૂપ બન્યું. તે ગુણવાળો આત્મા થતાં તેમાં ભૂતત્વની અતિવ્યાપ્તિ થઈ.

**ઉત્તર :** આ આપત્તિ દૂર કરવા ગ્રાહ્યત્વ એટલે માત્ર જ્ઞાનવિષયતા ન કહીને જે કેવળ લૌકિક સંનિકર્ષથી જ પ્રયોજ્ય હોય, અર્થાત્ જે અલૌકિક સન્નિકર્ષનો વિષય ન હોય તેવો જે બહિરિન્દ્રિયજન્યપ્રત્યક્ષવિષય, તેની જે સ્વરૂપયોગ્યતા તે ગ્રાહ્યત્વ સમજવું.

હવે આમ કહેવાથી ઉપર આપેલી અતિવ્યાપ્તિ નહિ આવે, કેમકે **घटज्ञानवान् अहम्** એવું જે જ્ઞાન તે માત્ર લૌકિક સન્નિકર્ષથી પ્રયોજ્ય નથી કિન્તુ અલૌકિક સન્નિકર્ષની વિષયતાવાળું પણ છે. માટે તે જ્ઞાન **बहिरिन्द्रियग्राह्यविशेषगुणवत्त्व** કહી શકાય નહિ.

કહેવાનો આશય એ છે કે **ज्ञातो घटः** એવા પ્રત્યક્ષાત્મક અનુવ્યવસાય જ્ઞાનમાં **अयं घटः** જ્ઞાન પ્રકાર માનેલું છે. **अयं घटः** જ્ઞાન એ ઉપનીત જે ઘટજ્ઞાનનું જ્ઞાનલક્ષણાસન્નિકર્ષજન્ય અનુવ્યવસાયાત્મક જ્ઞાન=ભાન તેનો વિષય બન્યું છે. એટલે

માત્ર લૌકિક પ્રત્યક્ષ પ્રયોજ્ય વિષયતાવાળું આ જ્ઞાન ન હોવાથી તેને લઈને આત્મામાં અતિવ્યાપ્તિ આવી શકે નહિ.

**સ્વરૂપયોગ્યતા-નિવેશનું ફળ :**

જો બહિરિન્દ્રિયગ્રાહ્યવિશેષગુણવત્ત્વમાં 'ગ્રાહ્ય' પદથી બહિરિન્દ્રિય પ્રત્યક્ષની સ્વરૂપયોગ્યતાવાળા વિશેષ ગુણોવાળાપણું કહેવામાં આવે નહિ તો પરમાણુમાં ભૂતત્વની અવ્યાપ્તિ આવે, કેમકે પરમાણુના વિશેષ ગુણો રૂપાદિ બહિરિન્દ્રિયથી ગ્રાહ્ય નથી.

હવે વિશેષગુણોની પ્રત્યક્ષ થવા માટેની સ્વરૂપયોગ્યતા કહી એટલે તેવી સ્વરૂપયોગ્યતા પરમાણુમાં રહેલા ગુણોમાં તો છે જ. માટે પ્રત્યક્ષની સ્વરૂપ-યોગ્યતાવાળા વિશેષગુણવાળાપણું પરમાણુમાં છે જ, માટે ત્યાં અવ્યાપ્તિ આવે નહિ.

**પ્રશ્ન :** જો પરમાણુના રૂપાદિમાં પ્રત્યક્ષનો વિષય બનવાની સ્વરૂપયોગ્યતા છે તો તેમનું પ્રત્યક્ષ કેમ થતું નથી ?

**ઉત્તર :** જો પરમાણુમાં મહત્ત્વરૂપ કારણાન્તરનું સન્નિધાન હોત તો જરૂર પરમાણુના રૂપાદિનું પ્રત્યક્ષ થાત, પણ પરમાણુમાં રહેલ રૂપાદિના પ્રત્યક્ષ માટે જરૂરી મહત્ત્વ નથી માટે તે પરમાણુના રૂપાદિનું પ્રત્યક્ષ થતું નથી.

આ રીતે ભૂતત્વ એટલે **बहिरिन्द्रियग्राह्यविशेषगुणवत्त्वम्** અને તેમાં વળી **ग्राह्यत्व** એટલે **लौकिकसन्निकर्षमात्रप्रयोज्यं यद् बहिरिन्द्रियजन्यप्रत्यक्षविषयत्वं तत् स्वरूपयोग्यत्वम्** એવો અર્થ કર્યો, તેથી તેવા ભૂતત્વની આત્મામાં અતિવ્યાપ્તિ અને પરમાણુમાં અવ્યાપ્તિ આવી નહિ.

**પ્રશ્ન :** આત્માની અતિવ્યાપ્તિ દૂર કરવા માટે તમારે ભૂતત્વનું ઘણું ગૌરવભૂત નિર્વચન કરવું પડ્યું છે જે યોગ્ય નથી. વળી આ લક્ષણ (**बहिरिन्द्रियग्राह्यविशेष-गुणवत्त्वं भूतत्वम्**) ઈન્દ્રિયોરૂપ ભૂતમાં અવ્યાપ્ત થાય છે. ઇન્દ્રિયોનું રૂપ અનુદ્ભૂત છે એટલે તે બાહ્યેન્દ્રિયગ્રાહ્ય વિશેષ ગુણ નથી.

**ઉત્તર :** તો પછી **भूतत्वम्** એટલે **आत्माऽवृत्तिविशेषगुणवत्त्वम्** એટલું જ લઘુભૂત નિર્વચન કરીશું. વળી તેથી અવ્યાપ્તિ પણ નહિ આવે. આત્મામાં અવૃત્તિ એવા વિશેષ ગુણો શબ્દ, સ્પર્શ, રૂપ, ગંધ, રસ, સાંસિદ્ધિક દ્રવ્યત્વ અને સ્નેહ છે. તે વાળા પૃથ્વી, જળ, તેજ, પવન અને આકાશ એ પાંચ જ છે માટે તે પાંચનું સાધર્મ્ય ભૂતત્વ થયું.

પૃથ્વી, જલ, તેજ, વાયુ આ ચારનું સાધર્મ્ય સ્પર્શવત્ત્વ છે.

**ટિપ્પણ : અલૌકિક સન્નિકર્ષ :** ન્યાયપ્રવેશિકાની નોટમાં જે છ પ્રકારના ઇન્દ્રિય અને પદાર્થના સન્નિકર્ષ કહ્યા તે બધા લૌકિક સન્નિકર્ષ કહેવાય છે. તેમનાથી અતિરિક્ત ત્રણ પ્રકારના અલૌકિક સન્નિકર્ષ કહેવાય છે.

(૧) યોગજ પ્રત્યાસત્તિ.

(૨) જ્ઞાનલક્ષણા પ્રત્યાસત્તિ.

(૩) સામાન્યલક્ષણા પ્રત્યાસત્તિ.

**(૧) યોગજ પ્રત્યાસત્તિ :** પ્રત્યાસત્તિ = સન્નિકર્ષ = વ્યાપાર = સંબંધ. યોગીઓને ભૂત, ભવિષ્યત્, સૂક્ષ્મ, વ્યવહિત અને વિપ્રકૃષ્ટ (દૂરવર્તી) વસ્તુઓનું પણ પ્રત્યક્ષ થાય છે. ભૂતકાલીન, ભવિષ્યકાલીન વગેરે વસ્તુઓ સાથે ઇન્દ્રિયનો સંબંધ હોઈ શકતો નથી છતાં તે વસ્તુઓનું તેમને પ્રત્યક્ષ થાય છે. તેથી ત્યાં માનવું પડે કે ત્યાં કોઈ અલૌકિક સન્નિકર્ષ થયો છે. આ સન્નિકર્ષ યોગસિદ્ધિથી ઉત્પન્ન થયેલા સામર્થ્યથી પ્રાપ્ત થાય છે માટે તેને 'યોગજ સન્નિકર્ષ' કહેવાય છે.

આ સન્નિકર્ષ બે પ્રકારે છે : (૧) યુક્ત, (૨) યુંજાન.

યુક્ત અલૌકિક સન્નિકર્ષથી સર્વદા તમામ વસ્તુઓનું પ્રત્યક્ષ થયા કરે છે. યુંજાન અલૌકિક સન્નિકર્ષથી જ્યારે વિચાર કરવામાં (ઉપયોગ મૂકવામાં) આવે ત્યારે જ વસ્તુનું પ્રત્યક્ષ થાય છે. કહ્યું છે કે : **युक्तस्य सर्वदा भानं, चिन्तासहकृतोऽपरः ।**

**(૨) જ્ઞાનલક્ષણા પ્રત્યાસત્તિ :** જ્ઞાનલક્ષણા=સ્વરૂપ જ્ઞાન, એ જ જ્યાં સંબંધ (પ્રત્યાસત્તિ) સ્વરૂપ બને તે જ્ઞાનલક્ષણા=સ્વરૂપ પ્રત્યાસત્તિ કહેવાય.

એક દિવસ દેવદત્ત બજારમાં ગયો. કોઈ એક દુકાને જઈને ચંદનનો ટૂકડો સુંઘ્યો, અને નિર્ણય કર્યો કે ચંદનનો ટૂકડો સુગંધી છે. **चन्दनखण्डं सुरभि ।** પછી તે ઘેર ગયો. બીજે દિવસે ફરી બજારમાં ગયો. ત્યાં દૂરથી જ કોઈએ તેને ચંદનનો ટૂકડો બતાવ્યો અને પૂછ્યું કે, 'આ ચંદનનો ટૂકડો કેવો છે ?' દેવદત્તે દૂરથી જોઈને જ કહી દીધું કે,'**चन्दनखण्डं सुरभि ।**' અહીં ચંદનનાં ટૂકડા સાથે દેવદત્તની ચક્ષુરિન્દ્રિયનો સંયોગ જરૂર થયો છે પણ ઘ્રાણેન્દ્રિયનો સંયોગ તો નથી, છતાં પણ **चन्दनखण्डं सुरभि** એમ તે કહે છે તેથી નક્કી થાય છે કે દૂર ઊભા રહેલા દેવદત્તમાં ચંદન, ચંદનત્વ જાતિ અને ચંદનનો સૌરભ ગુણ એ ત્રણેય વસ્તુનું પ્રત્યક્ષ થઈ રહ્યું છે. હવે અહીં ચંદનનું પ્રત્યક્ષ તો ચક્ષુરિન્દ્રિયનો ચંદન સાથે સંયોગ થવાથી થઈ શકે છે, તેમજ ચંદનત્વ જાતિનું પ્રત્યક્ષ પણ ચક્ષુસંયુક્ત (ચંદન) સમવેતત્વ સંબંધથી થઈ શકે છે. આ બે તો લૌકિક સન્નિકર્ષ

જ થયા પણ સૌરભ ગુણ સાથે ચક્ષુનો લૌકિક સન્નિકર્ષ તો શી રીતે બને ?

હવે જ્યારે સૌરભનું પ્રત્યક્ષ તો થયું જ છે અને તે ચક્ષુરિન્દ્રિયના લૌકિક સન્નિકર્ષથી જન્ય નથી ત્યારે માનવું જ પડે કે સૌરભ સાથે જ્ઞાનલક્ષણા પ્રત્યાસત્તિ નામનો અલૌકિક સંનિકર્ષ થયેલો છે, અર્થાત્ ચક્ષુથી સૌરભનું પ્રત્યક્ષ થાય છે તે, તે બે વચ્ચેના અલૌકિક સન્નિકર્ષથી થાય છે. ચક્ષુસંયુક્ત મન છે, મનસંયુક્ત આત્મા છે અને આત્મામાં સમવેત ગઈકાલે થયેલું સૌરભનું જ્ઞાન છે. એ ચક્ષુસંયુક્ત-મનસંયુક્ત-આત્મસમવેત જ્ઞાન એ જ જ્ઞાનલક્ષણારૂપ અલૌકિક સન્નિકર્ષ છે, અર્થાત્ તે જ્ઞાનરૂપ સન્નિકર્ષથી ચક્ષુ વડે સૌરભનું પ્રત્યક્ષ જ્ઞાન થાય છે.

આમ હોવાથી જ સૌરભ એ ચક્ષુરિન્દ્રિયનો વિષય ન હોવા છતાં આવા સ્થાને નૈયાયિકો **चन्दनखण्डं सुरभि** એવા જ્ઞાનને ચાક્ષુષપ્રત્યક્ષ માને છે.

**(૩) સામાન્યલક્ષણા પ્રત્યાસત્તિ** : જ્યારે આપણે એક વસ્તુનું જ્ઞાન પ્રાપ્ત કરી લઈએ છીએ ત્યારે તે પ્રકારની બધી વસ્તુઓને આપોઆપ સમજી લઈએ છીએ, અર્થાત્ ધૂમત્વેન એક ધૂમનું જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી જગતના તમામ ધૂમનું જ્ઞાન આપણને થઈ જાય છે, તમામ ધૂમનું પ્રત્યક્ષ કરવા જવું પડતું નથી. કહેવાનો આશય એ છે કે જ્યારે ધૂમાદિ વસ્તુનું આપણને પ્રત્યક્ષ થાય છે ત્યારે તે વસ્તુમાં રહેલા ધૂમત્વાદિ સામાન્ય ધર્મ દ્વારા તમામ ધૂમાદિનું પ્રત્યક્ષ થઈ જાય છે. જ્યારે આપણે મહાનસમાં ધૂમ અને વહ્નિ જોઈએ છીએ ત્યારે આપણને માત્ર ધૂમ-વહ્નિનું પ્રત્યક્ષ થતું નથી પણ ધૂમત્વેન તમામ ધૂમનું અને વહ્નિત્વેન તમામ વહ્નિનું પ્રત્યક્ષ થઈ જાય છે.

જો માત્ર મહાનસીય ધૂમ-વહ્નિનું પ્રત્યક્ષ આપણને થતું હોત તો **यत्र यत्र धूमः तत्र तत्र वह्निः** એવી ધૂમસામાન્ય અને વહ્નિસામાન્યની વ્યાપ્તિનું ગ્રહણ થઈ શકત નહિ. પણ આવી વ્યાપ્તિનું ગ્રહણ તો થાય છે માટે ત્યાં આગળ માનવું જોઈએ કે આપણને બીજા બધા ધૂમ અને વહ્નિ સાથે કોઈ અલૌકિક સન્નિકર્ષ થયો છે. આ સન્નિકર્ષ ધૂમત્વ-વહ્નિત્વ સામાન્યસ્વરૂપ છે, અર્થાત્ તમામ ધૂમ-વહ્નિનું અલૌકિક પ્રત્યક્ષ થવામાં ધૂમત્વ-વહ્નિત્વ સામાન્ય એ જ સન્નિકર્ષરૂપ બને છે. માટે જ સામાન્ય છે સ્વરૂપ જેનું એવો સન્નિકર્ષ તે સામાન્યલક્ષણા સંનિકર્ષ કહેવાય.

કેટલાક નૈયાયિકો સામાન્યલક્ષણા સંનિકર્ષ માનતા નથી. પણ તે બરોબર નથી, કેમકે જો સામાન્યલક્ષણા સંનિકર્ષ માનવામાં ન આવે તો મહાનસીય ધૂમ-વહ્નિનું પ્રત્યક્ષ થયા પછી જગતના તમામ ધૂમ-વહ્નિનું પ્રત્યક્ષ થશે નહિ, તો પછી **धूमो वह्निव्याप्यो न वा ?** એવો સંશય પણ થશે નહિ, કેમકે બધા ધૂમ-વહ્નિના પ્રત્યક્ષ વિના તે બધા ધૂમ-

વહ્નિની વ્યાપ્તિ ન બને અને તેથી વ્યાપ્તિમાં સંશય પણ ન પડે. પણ આવો વ્યાપ્તિસંશય થાય છે માટે માનવું જ જોઈએ કે ધૂમત્વ-વહ્નિત્વરૂપ સામાન્યલક્ષણા પ્રત્યાસત્તિથી તમામ ધૂમ-વહ્નિનું પ્રત્યક્ષ થાય છે.

પક્ષધર મિશ્ર સામાન્યલક્ષણા પ્રત્યાસત્તિ માને છે, જ્યારે રઘુનાથ શિરોમણી સામાન્યલક્ષણા પ્રત્યાસત્તિ માનતા નથી.

**પ્રશ્ન :** સામાન્યલક્ષણા અને જ્ઞાનલક્ષણામાં ભેદ શું ?

**ઉત્તર :** સામાન્યલક્ષણા પ્રત્યાસત્તિમાં ધૂમત્વ અને વહ્નિત્વ સામાન્યના આશ્રયભૂત જે ધૂમ અને વહ્નિ છે તેની સાથે ઇન્દ્રિયનો સન્નિકર્ષ થાય છે અને ધૂમત્વ-વહ્નિત્વ સામાન્ય દ્વારા ભૂત-ભવિષ્યકાલીન, વ્યવહિત, વિપ્રકૃષ્ટ ધૂમ અને વહ્નિ (આશ્રય) સાથે પણ સન્નિકર્ષ થાય છે.

જ્ઞાનલક્ષણા પ્રત્યાસત્તિમાં આવું બનતું નથી. અહીં તો આશ્રય સાથે નહિ પણ જેનું જ્ઞાન થાય છે તેની જ સાથે સન્નિકર્ષ થાય છે. **'चन्दनखण्डं सुरभि'** એ પ્રતીતિમાં સુરભિના આશ્રય ચંદનખંડ સાથે નહિ પણ સાક્ષાત્ સૌરભ સાથે જ જ્ઞાનલક્ષણા પ્રત્યાસત્તિથી ચક્ષુરિન્દ્રિયનો સન્નિકર્ષ થાય છે. અને સામાન્યલક્ષણા સ્થાનમાં ધૂમત્વ અને વહ્નિત્વ સાથે નહિ પણ તેના આધારભૂત ધૂમ અને વહ્નિ સાથે સામાન્યલક્ષણા સન્નિકર્ષથી ઇન્દ્રિયનો અલૌકિક સન્નિકર્ષ થાય છે.

કહ્યું છે કે : **आसत्तिः आश्रयाणां तु सामान्यज्ञानमिष्यते ।**

**विषयी यस्य तस्यैव व्यापारो ज्ञानलक्षणः ॥**

---

**कारिकावली : द्रव्यारम्भश्चतुर्षु स्यादथाकाशशरीरिणाम् ।**

**अव्याप्यवृत्तिः क्षणिको विशेषगुण इष्यते ॥२७॥**

---

**मुक्तावली : द्रव्यारम्भ इति । पृथिव्यप्तेजोवायुषु चतुर्षु द्रव्यारम्भकत्वम् साधर्म्यम् । न च द्रव्यानारम्भके घटादावव्याप्तिः, द्रव्यसमवायिकारण-वृत्तिद्रव्यत्वव्याप्यजातिमत्त्वस्य विवक्षितत्वात् ।**

---

**મુક્તાવલી : द्रव्यारम्भकत्वम्** - પૃથ્વ્યાદિ ચાર દ્રવ્યના આરંભક એટલે કે ઉત્પાદક છે માટે પૃથ્વ્યાદિ ચારમાં દ્રવ્યારંભકત્વ સાધર્મ્ય છે.

**પ્રશ્ન :** ઘટ પૃથ્વીમાં લક્ષણની અવ્યાપ્તિ થશે, કેમકે અન્ત્ય દ્રવ્ય કોઈનો આરંભક = ઉત્પાદક નથી.

**ઉત્તર :** આ અવ્યાપ્તિ દૂર કરવા માટે **द्रव्यसमवायिकारणवृत्तिद्रव्यत्वव्याप्य-जातिमत्त्वम्** એ સાધર્મ્ય કરશું. યદ્યપિ સમવાયિકારણ નવેય દ્રવ્યો બને છે તથાપિ દ્રવ્ય-કાર્યનું સમવાયિકારણ તો પૃથ્વ્યાદિ ચાર જ બને છે, કેમકે આકાશાદિ પાંચ દ્રવ્યો ગુણના સમવાયિકારણ છે. એટલે દ્રવ્ય સમવાયિકારણ તો પૃથ્વ્યાદિ ચાર જ બન્યા અને તેમાં રહેનારી દ્રવ્યત્વ-વ્યાપ્યજાતિ પૃથ્વીત્વાદિ ચાર બને. તે વાળાપણું ઘટાદિમાં જવાથી અવ્યાપ્તિ નહિ આવે.

---

**मुक्तावली : आकाशशरीरिणामिति । आकाशात्मनामव्याप्यवृत्तिक्षणिक-विशेषगुणवत्त्वं साधर्म्यमित्यर्थः । आकाशस्य विशेषगुणः शब्दः, स चाव्याप्यवृत्तिर्यदा किञ्चिदवच्छेदेन शब्द उत्पद्यते तदाऽन्यावच्छेदेन तदभावस्यापि सत्त्वात् । क्षणिकत्वं च तृतीयक्षणवृत्तिध्वंसप्रतियोगित्वम् । योग्यविभुविशेषगुणानां स्वोत्तरवृत्तिविशेषगुणनाश्यत्वात्प्रथमशब्दस्य द्वितीयशब्देन नाशः । एवं ज्ञानादीनामपि । ज्ञानादिकं हि यदाऽऽत्मनि विभौ शरीराद्यवच्छेदेनोत्पद्यते तदा घटाद्यवच्छेदेन तदभावोऽस्त्येव । एवं ज्ञानादिकमपि क्षणद्वयावस्थायि ।**

---

**મુક્તાવલી : આકાશ અને આત્માનું સાધર્મ્ય : अव्याप्यवृत्तिक्षणिकविशेषगुण-वत्त्वम् ।** આકાશનો વિશેષ ગુણ શબ્દ છે અને આત્માના વિશેષ ગુણો જ્ઞાનાદિ છે. બન્ને ય અવ્યાપ્યવૃત્તિ છે અને ક્ષણિક પણ છે. તે આ રીતે :

ભેરીથી જ્યારે આકાશમાં શબ્દ ઉત્પન્ન થાય છે ત્યારે તે શબ્દ સમગ્ર આકાશમાં ઉત્પન્ન થતો નથી પણ ભેર્યવચ્છિન્ન આકાશમાં જ ઉત્પન્ન થાય છે. એટલે **अन्यावच्छेदेन** તો તે શબ્દનો આકાશમાં અભાવ પણ છે જ. આથી એક જ અધિકરણમાં જેનો **भिन्नभिन्नावच्छेदेन** સદ્ભાવ અને અભાવ મળે તે શબ્દ 'અવ્યાપ્યવૃત્તિ' કહેવાય. એક જ વૃક્ષ રૂપ અધિકરણમાં **शाखावच्छेदेन** કપિસંયોગ છે, પણ **मूलावच्छेदेन** કપિસંયોગનો અભાવ પણ છે. એટલે ત્યાં કપિસંયોગ એ અવ્યાપ્યવૃત્તિ ગુણ કહેવાય.

જેમ શબ્દ અવ્યાપ્યવૃત્તિ વિશેષ ગુણ છે તેમ 'ક્ષણિક' વિશેષ ગુણ પણ છે. તે આ

રીતે :

પ્રથમ ક્ષણે શબ્દ ઉત્પન્ન થાય છે, બીજી ક્ષણે શબ્દની સ્થિતિ રહે છે અને ત્રીજી ક્ષણે શબ્દનો નાશ થાય છે. આમ ઉત્પત્તિ બાદ ત્રીજી ક્ષણે તેનો અવશ્ય ધ્વંસ થઈ જાય છે માટે તે ક્ષણિક કહેવાય, અર્થાત્ ત્રીજી ક્ષણે અવશ્ય થઈ જનારા ધ્વંસનો જે પ્રતિયોગી હોય તેને નૈયાયિકો ક્ષણિક કહે છે. **क्षणिकत्वं तृतीयक्षणवृत्तिध्वंसप्रतियोगित्वम् ।**

નૈયાયિકોના મતે ક્ષણિક એટલે માત્ર એક ક્ષણ રહેનાર નહિ પણ ઉત્પત્તિની અને સ્થિતિની એમ બે ક્ષણ રહેનાર ક્ષણિક કહેવાય છે.

**પ્રશ્ન :** શબ્દ એ ઉત્પન્ન થયા પછી ત્રીજી ક્ષણે કેમ નષ્ટ થઈ જાય ? ચોથી ક્ષણે કેમ નષ્ટ ન થાય ? અહીં વિનિગમક શું છે ?

**ઉત્તર :** વિભુના જે યોગ્ય વિશેષ ગુણો હોય તેમનો પોતાની ઉત્તરમાં ઉત્પન્ન થયેલા વિશેષ ગુણથી નાશ થઈ જાય છે એવો નિયમ છે. આકાશ કે આત્મા એ વિભુ છે અને શબ્દ કે જ્ઞાનાદિ એ તેમના યોગ્ય વિશેષ ગુણો છે. (આત્માનો અદૃષ્ટરૂપ વિશેષ ગુણ યોગ્ય નથી, કેમકે તેનું પ્રત્યક્ષ થતું નથી. જ્યારે જ્ઞાનાદિ વિશેષ ગુણો યોગ્ય છે, કેમકે તેમનું પ્રત્યક્ષ થઈ શકે છે.)

**ક્ષણ પહેલી :** શબ્દ કે જ્ઞાનની ઉત્પત્તિ.

**ક્ષણ બીજી :** સ્થિતિ, દ્વિતીય શબ્દ કે જ્ઞાનની ઉત્પત્તિ.

**ક્ષણ ત્રીજી :** પ્રથમ શબ્દ કે જ્ઞાનનો નાશ, દ્વિતીય શબ્દ-જ્ઞાનની સ્થિતિ, તૃતીય શબ્દ-જ્ઞાનની ઉત્પત્તિ.

**ક્ષણ ચોથી :** દ્વિતીય શબ્દ-જ્ઞાનનો નાશ, તૃતીય શબ્દ-જ્ઞાનની સ્થિતિ, ચતુર્થ શબ્દ-જ્ઞાનની ઉત્પત્તિ.

**ક્ષણ પાંચમી :** તૃતીય શબ્દ-જ્ઞાનનો નાશ, ચતુર્થ શબ્દ-જ્ઞાનની સ્થિતિ.

**ક્ષણ છટ્ઠી :** ચતુર્થ શબ્દ-જ્ઞાનનો નાશ.

અહીં સ્પષ્ટ દેખાય છે કે જેની ઉત્તર-કાળમાં ઉત્પત્તિ છે તે સ્થિતિવાળા જ્ઞાન-શબ્દનો ઉત્તર ક્ષણમાં નાશ કરે છે.

હવે આ જ વાત જરાક વિસ્તારથી વિચારીએ.

૧. **પહેલી ક્ષણે : क** શબ્દ કે જ્ઞાન (ઘટનું) ઉત્પન્ન થાય છે.

૨. **બીજી ક્ષણે : क** શબ્દ કે જ્ઞાન સ્થિતિ પામે છે. તેની સાથે જ આ ક્ષણે નવું પટનું જ્ઞાન કે નવો **ख** શબ્દ ઉત્પન્ન થાય.

૩. **ત્રીજી ક્ષણે : क** શબ્દ કે જ્ઞાન (ઘટનું) એ બીજી ક્ષણે ઉત્પન્ન થયેલા નવા પટના જ્ઞાનથી કે **ख** શબ્દથી નાશ પામે છે. આ ક્ષણે નવા ઉત્પન્ન થયેલા જ્ઞાન-શબ્દની સ્થિતિ હોય છે. અને અહીં જ વળી નવું મઠનું જ્ઞાન કે **ग** શબ્દ ઉત્પન્ન થાય છે.

૪. **ચોથી ક્ષણે :** ત્રીજી ક્ષણે ઉત્પન્ન થયેલું મઠનું જ્ઞાન પટના જ્ઞાનનો નાશ કરે છે અને ત્રીજી ક્ષણે ઉત્પન્ન થયેલ **ग** શબ્દ **ख** શબ્દનો નાશ કરે છે. અહીં **क** શબ્દ કે ઘટનું જ્ઞાન સજાતીય પણ ઉત્પન્ન થઈ શકે.

જેમ **भेर्यवच्छेदेन** આકાશમાં ઉત્પન્ન થયેલા શબ્દનો **अन्यावच्छेदेन** અભાવ મળે છે તેવી જ રીતે આત્મામાં પણ જ્ઞાનનું સમજી લેવું. ન્યાય-મતે તો આત્મા સર્વત્ર વ્યાપક છે. એમાં **शरीरावच्छेदेन** આત્મામાં જે ક્ષણે જ્ઞાન ઉત્પન્ન થાય છે તે જ ક્ષણે **घटाद्यवच्छेदेन** જે આત્મા છે ત્યાં તે જ્ઞાનનો અભાવ પણ મળે જ છે. માટે આત્માના જ્ઞાનાદિ ગુણો અવ્યાપ્યવૃત્તિ છે. વળી પૂર્વવત્ તેઓ દ્વિક્ષણસ્થાયી હોવાથી ક્ષણિક પણ છે જ.

---

**मुक्तावली : इत्थं चाव्याप्यवृत्तिविशेषगुणवत्त्वं क्षणिकविशेषगुणवत्त्वञ्चार्थः। पृथिव्यादौ रूपादिर्विशेषगुणोऽस्तीत्यतोऽव्याप्यवृत्तीत्युक्तम् । पृथिव्यादावव्याप्यवृत्तिः संयोगादिरस्तीत्यतो विशेषगुणेत्युक्तम् ।**

---

**મુક્તાવલી : પ્રશ્ન :** તમારે આત્મા અને આકાશનું સાધર્મ્ય કહેવું છે તો **अव्याप्यवृत्तिविशेषगुणवत्त्वम्** એટલું જ કહો, અથવા તો **क्षणिकविशेषगुणवत्त्वम्** એટલું જ કહો તો પણ કોઈ દોષ નથી આવતો પછી શા માટે **अव्याप्यवृत्तिक्षणिकविशेषगुणवत्त्वम्** એમ બધું સાથે કહો છો ?

**ઉત્તર :** તમારી વાત બરાબર છે. અમે હવે આત્મા અને આકાશનું એવું એક જ સાધર્મ્ય ન કહેતાં બે સાધર્મ્ય કહીશું :

(૧) **अव्याप्यवृत्तिविशेषगुणवत्त्वम् ।**

(૨) **क्षणिकविशेषगुणवत्त्वम् ।**

આ પહેલા સાધર્મ્યમાં જો માત્ર '**अव्याप्यवृत्तिगुणवत्त्वम्**' કહેત તો તેવો તો સંયોગ ગુણ છે જ. તે વાળા જે ઘટાદિ, તેમાં સાધર્મ્યની અતિવ્યાપ્તિ થાય અને જો માત્ર **विशेषगुणवत्त्वम्** કહેત તો તેવા રૂપાદિ છે. તે વાળા ઘટાદિમાં અતિવ્યાપ્તિ થાય.

રૂપાદિ વ્યાપ્યવૃત્તિ છે અને સંયોગ સામાન્ય ગુણ છે, માટે **अव्याप्यवृत्तिविशेषगुणवत्त्वम्** કહેવાથી બે ય અતિવ્યાપ્તિનું નિવારણ થઈ જશે.

એ જ રીતે બીજા **क्षणिकविशेषगुणवत्त्वम्** સાધર્મ્યમાં પણ સમજી લેવું.

---

**मुक्तावली : न च रूपादीनामपि कदाचित् तृतीयक्षणे नाशसम्भवात् क्षणिकविशेषगुणवत्त्वं क्षित्यादावतिव्याप्तमिति वाच्यम्, चतुःक्षणवृत्तिजन्यावृत्तिजातिमद्विशेषगुणवत्त्वस्य तदर्थत्वात्, अपेक्षाबुद्धिः क्षणत्रयं तिष्ठति, क्षणचतुष्टयं तु न किमपि जन्यज्ञानादिकं तिष्ठति । रूपत्वादिकं तु क्षणचतुष्टयस्थायिन्यपि रूपादौ वर्तत इति तद्व्युदासः । ईश्वरज्ञानस्य चतुःक्षणवृत्तित्वाज्ज्ञानत्वस्य तद्वृत्तित्वाज्जन्येत्युक्तम् । यद्याकाशजीवात्मनोः साधर्म्यं तदा जन्येति न देयम्, द्वेषत्वादिकमादाय लक्षणसमन्वयात् । परममहत्त्वस्य तादृशगुणत्वाच्चतुर्थक्षणे द्वित्वादीनामपि नाशाभ्युपगमात् द्वित्वादीनामपि तथात्वात्तद्वारणाय विशेषेति । त्रिक्षणवृत्तित्वं वा वक्तव्यम् । द्वेषत्वादिकमादायात्मनि लक्षणसमन्वयः ॥**

---

**મુક્તાવલી : પ્રશ્ન :** આ બીજા સાધર્મ્યને લઈને અમે ઘટાદિમાં અતિવ્યાપ્તિ આપીશું. જુઓ; એક એવો ઘટ છે કે જે પહેલી ક્ષણે નિર્ગુણ ઉત્પન્ન થયો. પછી ઘટોત્પત્તિની બીજી ક્ષણે ઘટરૂપ (વિશેષ ગુણ) ઉત્પન્ન થયું. પછી ઘટોત્પત્તિની ત્રીજી ક્ષણે ઘટનો નાશ થઈ ગયો. આ ત્રીજી ક્ષણ એ રૂપની સ્થિતિક્ષણ છે. જ્યારે ત્રીજી ક્ષણે ઘટનો નાશ થયો ત્યારે ચોથી ક્ષણે (અર્થાત્ રૂપોત્પત્તિની ત્રીજી ક્ષણે) રૂપનાશ પણ થઈ જ જાય, કેમકે ઘટનાશ અને દ્રવ્યનાશ એ ગુણનાશનું કારણ છે, માટે કારણના નાશે કાર્યનાશ થઈ જ જાય. આમ ઉત્પન્ન થયેલું રૂપ આવા સ્થાને બે જ ક્ષણ રહ્યું માટે તે ઘટરૂપ કે જે 'વિશેષ ગુણ છે' તેમાં ક્ષણિકત્વ આવી ગયું. આમ આવું ઘટરૂપ ક્ષણિકવિશેષગુણ બન્યું તેથી તદ્વાન્ ઘટમાં ક્ષણિકવિશેષગુણવત્ત્વ આવી જતાં લક્ષણની અતિવ્યાપ્તિ થઈ ગઈ.

| | | |
|---|---|---|
| પહેલી ક્ષણ | ઘટોત્પત્તિ | ......... |
| બીજી ક્ષણ | ઘટસ્થિતિ | રૂપોત્પત્તિ. |

ત્રીજી ક્ષણ   ઘટનાશ   રૂપસ્થિતિ.

ચોથી ક્ષણ   ......   રૂપનાશ.

**ઉત્તર :** યદ્યપિ સામાન્યતઃ તો ઘટ દ્વિક્ષણસ્થાયી ન હોય અને તેથી તદ્રૂપાદિ પણ દ્વિક્ષણસ્થાયી ન હોય પણ જ્યાં ક્યાંક આવું જ બને તો તેવા ઘટાદિમાં **क्षणिकविशेषगुणवत्त्वम्** સાધર્મ્યની અતિવ્યાપ્તિ થઈ જાય. એટલે આ આપત્તિ દૂર કરવા અમે **क्षणिकविशेषगुणवत्त्वम्** સાધર્મ્યનો પરિષ્કાર આ રીતે કરીશું :

**चतु:क्षणवृत्तिजन्यावृत्तिजातिमद्विशेषगुणवत्त्वम्** - જે જન્ય પદાર્થો ચોથી ક્ષણમાં રહી શકતા હોય તેમાં ન રહેનારી જાતિવાળા જે વિશેષ ગુણો, તે જ્ઞાનાદિ અને શબ્દ જ છે. તે વાળા આકાશ અને આત્મા જ છે, માટે તે બેનું આ સાધર્મ્ય થાય. જન્ય એવા જ્ઞાનાદિ કે શબ્દ દ્વિક્ષણસ્થાયી છે, અર્થાત્ ચોથી ક્ષણ સુધી તો તે રહેતા જ નથી. ચોથી ક્ષણમાં પણ રહી જાય તેવા તો ઘટરૂપાદિ જ છે, અર્થાત્ જન્ય એવા ઘટરૂપ વગેરે સેંકડો ક્ષણ સુધી રહે છે તો ચોથી ક્ષણે તો સુતરાં તે રહે જ છે. આવા ચતુર્થક્ષણવૃત્તિજન્યપદાર્થ ઘટરૂપાદિમાં વૃત્તિ જાતિ છે રૂપત્વાદિ, અવૃત્તિ જાતિ છે શબ્દત્વ-જ્ઞાનત્વાદિ, એ જાતિવાળા વિશેષગુણ શબ્દ-જ્ઞાનાદિ, તે વાળા આકાશાત્મા જ બને.

હવે પૂર્વોક્ત દ્વિક્ષણસ્થાયી ઘટમાં સાધર્મ્યની અતિવ્યાપ્તિ નહિ થાય, કેમકે તે ઘટનું ઘટરૂપ ભલે બે જ ક્ષણ રહ્યું પણ તેમાં જે રૂપત્વ જાતિ છે તે તો બીજા ચાર વગેરે ક્ષણો સુધી રહેનાર રૂપમાં વૃત્તિ જાતિ છે, અર્થાત્ ચાર ક્ષણ સુધી રહેનાર જન્યરૂપાદિમાં ન રહેનાર-અવૃત્તિ જાતિ નથી. તેથી તેવી અવૃત્તિ જાતિવાળું તે દ્વિક્ષણસ્થાયી ઘટરૂપ ન બન્યું. તેથી તેવા ઘટરૂપવાળા ઘટમાં સાધર્મ્યના લક્ષણની અતિવ્યાપ્તિ ન જ થઈ.

**પ્રશ્ન :** શબ્દ-જ્ઞાનાદિ દ્વિક્ષણસ્થાયી છે એટલે ત્રીજી ક્ષણે તેમનો નાશ થવાથી ત્રીજી ક્ષણમાં પણ રહેતા નથી તો તમે ચોથી ક્ષણમાં રહેનારમાં ન રહેતી જાતિવાળા વિશેષગુણ કેમ કહ્યા ? ત્રીજી ક્ષણમાં રહેનારમાં ન રહેતી જાતિવાળા શબ્દ-જ્ઞાનાદિ વિશેષગુણ છે જ. તો ત્રીજી ક્ષણને છોડીને ચોથી ક્ષણ સુધી જવું તે ગૌરવગ્રસ્ત છે ને?

**ઉત્તર :** ના, સામાન્યતઃ તો જ્ઞાન દ્વિક્ષણસ્થાયી છે જ. પણ અપેક્ષાબુદ્ધિ સ્વરૂપ જે જ્ઞાન છે તે ત્રિક્ષણસ્થાયી છે. (કેમકે દ્વિત્વનાશથી અપેક્ષાબુદ્ધિ સ્વરૂપ જ્ઞાનનો ચોથી ક્ષણે નાશ માનવામાં આવેલ છે.) એટલે જો ત્રિક્ષણવૃત્તિ જે જન્ય પદાર્થ, તેમાં ન રહેનારી જાતિ લઈએ તો અપેક્ષાબુદ્ધિ સ્વરૂપ જ્ઞાન ત્રિક્ષણવૃત્તિ છે જ, તેમાં રહેનારી જ્ઞાનત્વ જાતિ બની જાય, ન રહેનારી જાતિ ન બને. તેથી આત્મામાં સાધર્મ્યની અવ્યાપ્તિ થઈ

જાય. તે ન થાય માટે ત્રીજી ક્ષણ છોડીને ચોથી ક્ષણ સુધી જવું પડ્યું.

**પ્રશ્ન :** ભલે, પરંતુ જન્ય પદ કેમ લીધું ? અર્થાત્ ચાર ક્ષણ સુધી રહેનાર જે જન્ય, તેમાં ન રહેનારી જે જાતિ શબ્દત્વ-જ્ઞાનત્વાદિ, એમ શા માટે કહ્યું ? જન્ય ન કહો તો શું ન ચાલે ?

**ઉત્તર :** ના, ન ચાલે. ઈશ્વરનું જ્ઞાન નિત્ય છે એટલે તે તો ચોથી ક્ષણમાં રહેનાર પદાર્થ બની ગયો. તેમાં ન રહેનારી જ્ઞાનત્વ જાતિ શી રીતે બને ? આમ થાય તો વળી આત્મામાં સાધર્મ્યની અવ્યાપ્તિ આવે. આ અવ્યાપ્તિ ટાળવા 'જન્ય' પદનો નિવેશ કર્યો.

હવે ઈશ્વરીય જ્ઞાન લેવાય જ નહિ. જે જન્ય પદાર્થો રૂપાદિ ચતુર્થક્ષણવૃત્તિ છે તેમાં જ્ઞાનત્વાદિ જાતિ નથી જ રહેતી. માટે તેમાં ન રહેનારી જાતિ જ્ઞાનત્વાદિવાળા જ્ઞાનાદિ વિશિષ્ટ ગુણ બન્યા. તે વાળા આકાશ-આત્મા બની ગયા.

**પ્રશ્ન :** કારિકાવલીમાં તો **अथाकाशशरीरिणाम्** પદ છે. આકાશ અને શરીરી એટલે શરીરવાળો આત્મા, તે બેનું સાધર્મ્ય કહેવું છે તો પછી અશરીરી ઈશ્વરાત્માને સાધર્મ્યના લક્ષ્ય તરીકે કેમ લો છો ? અને જો આ રીતે ઈશ્વરાત્મા અલક્ષ્ય હોય તો પછી 'જન્ય' પદની જરૂર ક્યાં રહી ?

**ઉત્તર :** બરાબર છે. જો તેમજ હોય તો 'જન્ય' પદની જરૂર રહેતી નથી. પછી તો **चतुर्थक्षणवृत्ति-अवृत्तिजातिमद्विशेषगुणवत्त्वम्** એટલું જ સાધર્મ્ય-લક્ષણ બસ છે. પણ આમ થતાં જ્ઞાનત્વ જાતિ તો નહિ જ પકડાય, કેમકે તે તો ચતુર્થક્ષણવૃત્તિપદાર્થ નિત્યજ્ઞાનમાં વૃત્તિજાતિ છે. એટલે હવે દ્વેષત્વાદિ જાતિ પકડવી પડે. ઈશ્વરમાં દ્વેષ નથી અને સંસારી આત્માનો દ્વેષ દ્વિક્ષણસ્થાયી જ છે માટે ચોથી ક્ષણમાં રહેનારમાં (વૃત્તિ) દ્વેષત્વાદિ તથા શબ્દત્વ અવૃત્તિ છે જ. તે વાળા વિશેષગુણ દ્વેષાદિ અને શબ્દ, તે વાળા આકાશ-આત્મા બની જાય છે.

દ્વેષવાળા જીવાત્મા જ બને એટલે ઈશ્વરાત્મામાં આ લક્ષણ જાય નહિ. પણ હવે જો જીવાત્મા અને આકાશ જ આ સાધર્મ્યનું લક્ષ્ય બનાવીએ ત્યારે ઈશ્વરમાં આ સાધર્મ્ય ન જવાથી ઈષ્ટાપત્તિ જ ગણાય.

હવે **चतुर्थक्षणवृत्तिजन्य-अवृत्तिजातिमद्विशेषगुणवत्त्वम्** સાધર્મ્યમાં મૂકેલા 'વિશેષ' પદનું ફળ જોઈએ.

જો 'વિશેષ' પદ ન કહે અને **चतुर्थक्षणवृत्तिजन्यअवृत्तिजातिमद्गुणवत्त्वम्** એટલું જ કહે તો સાધર્મ્યની કાલાદિમાં અતિવ્યાપ્તિ થઈ જાય. તે આ રીતે :

કાલાદિનું પરમમહત્ત્વ (પરમ મહત્ પરિમાણ) એ નિત્ય છે માટે તે ચોથી ક્ષણમાં રહેનાર જન્ય પદાર્થ તો નથી જ. એથી ચતુર્થક્ષણવૃત્તિજન્યમાં અવૃત્તિ પરમ મહત્પરિમાણ (પરમમહત્ત્વ) ગુણ, એ ગુણવાળા આકાશ-આત્મા બનવા સાથે કાલાદિ પણ બની જતાં કાલાદિમાં અતિવ્યાપ્તિ થઈ. તેને દૂર કરવા 'વિશેષ' પદ મૂક્યું. તે વિશેષ ગુણ નથી માટે કાલાદિમાં અતિવ્યાપ્તિ નહિ આવે.

**પ્રશ્ન :** અરે ! આ અતિવ્યાપ્તિ તો બરોબર નથી, કેમકે પરમમહત્ત્વત્વ જાતિ જ નથી. એ તો **अपकर्षअनाश्रयपरिमाणवत्त्वम्** રૂપ ઉપાધિ છે. એટલે પરમમહત્ત્વત્વ ચતુર્થક્ષણવૃત્તિજન્ય અવૃત્તિ જાતિ ન હોવાથી આપત્તિ આવે તેમ નથી, માટે 'વિશેષ' પદની જરૂર જ નથી.

**ઉત્તર :** તમારી વાત બરાબર છે. તો પછી અમે વિશેષ પદનું સાર્થક્ય આ રીતે કરીશું :

અપેક્ષાબુદ્ધિથી ઘટાદિમાં જે દ્વિત્વાદિ ઉત્પન્ન થયા છે તેનો ચોથી ક્ષણે નાશ થાય છે, અર્થાત્ દ્વિત્વગુણ ચાર ક્ષણ સુધી રહેનાર નથી. એટલે ચોથી ક્ષણ સુધી રહેનાર જન્યમાં ન રહેનાર દ્વિત્વત્વ જાતિ બની, તે વાળો દ્વિત્વગુણ બન્યો, તે વાળા ઘટાદિ બનતાં તેમનામાં સાધર્મ્યની અતિવ્યાપ્તિ થઈ. આ અતિવ્યાપ્તિ દૂર કરવા વિશેષ પદ જરૂરી છે. હવે દ્વિત્વ એ સામાન્ય ગુણ છે, વિશેષ ગુણ નથી માટે ત્યાં અતિવ્યાપ્તિ નહિ થાય.

અથવા તો આ બધી વાત છોડો. પૂર્વે જે ત્રિક્ષણવૃત્તિ લક્ષણ કહ્યું હતું તેને જ લઈને આકાશ-આત્મામાં સાધર્મ્યનો સમન્વય થઈ જશે. માત્ર વાત એટલી કે જ્ઞાનત્વને લઈને તે સાધર્મ્યનો સમન્વય નહિ થાય, કેમકે પૂર્વે કહ્યા મુજબ અપેક્ષાબુદ્ધિ સ્વરૂપ જ્ઞાન ત્રિક્ષણવૃત્તિ છે જ. એટલે દ્વેષત્વાદિને લઈને આ સાધર્મ્યનો આકાશ અને આત્મામાં સમન્વય થઈ જશે. તે આ રીતે :

ત્રિક્ષણ સુધી રહેનારા જે જન્ય પદાર્થો ઘટરૂપાદિ તથા અપેક્ષાબુદ્ધિ આદિ, તેમાં ન રહેનારા શબ્દત્વ-દ્વેષત્વ-ઈચ્છાત્વ, તે વાળા વિશેષગુણ શબ્દ કે દ્વેષાદિ, તે વાળા આકાશ તથા જીવાત્મા અને ઈશ્વરાત્મા. વળી અહીં જન્ય પદ ન લઈએ તો પણ ચાલે, અર્થાત્ **त्रिक्षणवृत्तिजातिमद्विशेषगुणवत्त्वम्** કહીએ તો ય સાધર્મ્યનો સમન્વય થઈ જાય. પણ તે વખતે આકાશ અને જીવાત્માનું સાધર્મ્ય સમજવાનું રહે. તે આ રીતે :

ત્રિક્ષણવૃત્તિ ઘટરૂપ, અપેક્ષા જ્ઞાન, નિત્યેચ્છાદિક, પરમમહત્પરિમાણ, દ્વિત્વાદિ.

તેમાં અવૃત્તિ શબ્દત્વ-દ્વેષત્વાદિ જાતિ, તે જાતિવાળા શબ્દ-દ્વેષાદિ વિશેષગુણ, તે વાળા આકાશ અને જીવાત્મા બની જાય. આમ દ્વેષત્વાદિને લઈને પણ આકાશ-જીવાત્મામાં સાધર્મ્યનો સમન્વય થઈ જાય.

---

**कारिकावली : रूपद्रवत्वप्रत्यक्षयोगिनः प्रथमास्त्रयः ।**

**गुरुणी द्वे रसवती द्वयोर्नैमित्तिको द्रवः ॥२८॥**

---

**मुक्तावली : रूपद्रवत्वेति । पृथिव्यप्तेजसां रूपवत्त्वं द्रवत्ववत्त्वं प्रत्यक्षविषयत्वं च साधर्म्यमित्यर्थः । न च चक्षुरादीनां भर्जनकपालस्थवह्नेरूष्मणश्च रूपवत्त्वे किं मानमिति वाच्यम्, तत्रापि तेजस्त्वादिना रूपानुमानात् । एवं वाय्वानीतपृथिवीजलतेजोभागानामपि पृथिवीत्वादिना रूपानुमानं बोध्यम् । न च घटादौ द्रुतसुवर्णादिभिन्ने तेजसि च द्रवत्ववत्त्वमव्याप्तमिति वाच्यम्, द्रवत्ववद्वृत्तिद्रव्यत्वव्याप्यजातिमत्त्वस्य विवक्षितत्वात् । घृतजतुप्रभृतिषु पृथिवीषु, जलेषु, द्रुतसुवर्णादौ तेजसि च द्रवत्वसत्त्वात्तत्र च पृथिवीत्वादिसत्त्वात्तदादाय सर्वत्र लक्षणसमन्वयः । न च प्रत्यक्षविषयत्वं परमाण्वादावव्याप्तमतिव्याप्तं च रूपादाविति वाच्यम्, चाक्षुषलौकिकप्रत्यक्षविषयवृत्तिद्रव्यत्वव्याप्यजातिमत्त्वस्य विवक्षितत्वात् । आत्मन्यतिव्याप्तिवारणाय चाक्षुषेति । गुरुणीति । गुरुत्ववत्त्वं रसवत्त्वं च पृथिवीजलयोरित्यर्थः । न च घ्राणेन्द्रियादीनां वाय्वानीतपार्थिवादिभागानां च रसादिमत्त्वे किं मानमिति वाच्यम्, तत्रापि पृथिवीत्वादिना तदनुमानात् । द्वयोरिति । पृथिवीतेजसोरित्यर्थः । न च नैमित्तिकद्रवत्ववत्त्वं घटादौ वह्न्यादौ चाव्याप्तमिति वाच्यम्, नैमित्तिकद्रवत्वसमानाधिकरणद्रव्यत्वव्याप्यजातिमत्त्वस्य विवक्षितत्वात् ।**

---

મુક્તાવલી : પૃથ્વી, જલ, તેજનું સાધર્મ્ય : (૧) **रूपवत्त्वम्** (૨) **द्रवत्ववत्त्वम्** (૩) **प्रत्यक्षविषयत्वम् ।**

(૧) **रूपवत्त्वम् :** પૃથ્વ્યાદિ ત્રણ જ રૂપવત્ છે. બાકીના વાયુ આદિ દ્રવ્યો અરૂપી છે માટે પૃથ્વ્યાદિ ત્રણનું રૂપવત્ત્વ સાધર્મ્ય થાય.

**પ્રશ્ન :** ચક્ષુ એ તૈજસ પદાર્થ છે, ઘ્રાણેન્દ્રિય એ પાર્થિવ પદાર્થ છે, રસના એ જલીય પદાર્થ છે. તો આ ચક્ષુરાદિ રૂપ ત્રણ ઇન્દ્રિય તેજ, પૃથ્વી અને જલ પદાર્થ છે. અને તેમાં રૂપવત્ત્વ સાધર્મ્ય શી રીતે ઘટશે ? જો એમ કહો કે ચક્ષુરાદિમાં રૂપ છે પણ તે અનુદ્‌ભૂત છે, તો તેમાં પ્રમાણ શું છે ?

વળી ભર્જનકપાલસ્થ વહ્નિ, જેનું રૂપ દેખાતું જ નથી તેના રૂપવત્ત્વમાં શું પ્રમાણ છે ? એ જ રીતે ઉષ્માને તમે તૈજસ પદાર્થ માનો છો તો તેનામાં રૂપવત્ત્વ હોવામાં શું પ્રમાણ છે ?

**ઉત્તર :** તેજસ્ત્વાદિ હેતુઓથી અમે ત્યાં અપ્રત્યક્ષ રૂપનું અનુમાન કરીશું :

(૧) **चक्षुः रूपवत्, तेजस्त्वात्, प्रदीपवत् ।** જે તેજસ્ હોય તે રૂપવત્ હોય જ. ચક્ષુ તેજસ્ છે માટે તે પણ રૂપવત્ છે.

(૨) **घ्राणं रूपवत्, पृथ्वीत्वात्, घटवत् ।** જે પૃથ્વી હોય તે બધી રૂપવત્ હોય છે. જેમકે ઘટ. તેમ ઘ્રાણ પૃથ્વી છે માટે તે રૂપવત્ છે.

(૩) **रसनं रूपवत्, जलत्वात्, करकावत् ।**

(૪) **भर्जनकपालस्थवह्निः रूपवत्, तेजस्त्वात् विद्युद्वत् ।**

(૫) **उष्म रूपवत्, तेजस्त्वात्, प्रभावत् ।**

**પ્રશ્ન :** વાયુમાં જે પૃથ્વી, જલ, તેજના પરમાણુ - દ્‌વ્યણુકાદિ અતિ સૂક્ષ્મ દૃષ્ટિને અગોચર પદાર્થો જે આવે છે તેમનું પ્રત્યક્ષ તો થતું નથી, તો તેમનામાં રૂપવત્ત્વ છે એના શી ખાતરી ? છે કોઈ પ્રમાણ ?

**ઉત્તર :** ત્યાં પણ પૃથ્વીત્વાદિ હેતુથી રૂપવત્તાનું અનુમાન કરવું. તે આ રીતે :

(૧) **पृथ्वीपरमाणवः रूपवन्तः, पृथ्वीत्वात् घटवत् ।**

(૨) **जलपरमाणवः रूपवन्तः, जलत्वात् कासारवत् ।**

(૩) **तेजःपरमाणवः रूपवन्तः, तेजस्त्वात् प्रदीपवत् ।**

(૨) **द्रवत्ववत्त्वम् :** પૃથ્વ્યાદિ ત્રણેયમાં દ્રવત્વ છે માટે તે દ્રવત્વવત્ત્વ એ પૃથ્વ્યાદિ ત્રણનું સાધર્મ્ય કહેવાય.

**પ્રશ્ન :** ઘટાદિમાં કે દ્રવેલા સુવર્ણથી ભિન્ન વહ્નિ વગેરે તેજસ્ પદાર્થમાં દ્રવત્વવત્ત્વ

અવ્યાપ્ત થાય છે ને ?

ઉત્તર : હા, તો હવે અમે **द्रवत्ववद्वृत्ति( द्रवत्वसमानाधिकरण )द्रव्यत्वव्याप्यजातिमत्त्वम्** એ પૃથ્વ્યાદિ ત્રણનું સાધર્મ્ય કરીશું. જે કોઈ ઘૃત, જતુ, જલ, દ્રુત સુવર્ણાદિ દ્રવત્વવદ્ છે તે પૃથ્વ્યાદિ ત્રણ જ છે, માટે તેમાં રહેનારી દ્રવ્યત્વવ્યાપ્યજાતિ પૃથ્વીત્વાદિ ત્રણ જ મળે. તે વાળા ઘટાદિ-વહ્ન્યાદિ છે જ, માટે તેમાં અવ્યાપ્તિ નહિ આવે.

(૩) **प्रत्यक्षविषयत्वम्** : પૃથ્વ્યાદિ ત્રણનું જ પ્રત્યક્ષ થાય છે. બાકીના દ્રવ્યોનું પ્રત્યક્ષ થતું નથી માટે પ્રત્યક્ષવિષયત્વ એ ત્રણનું સાધર્મ્ય છે.

**પ્રશ્ન :** પૃથ્વ્યાદિના પરમાણુમાં સાધર્મ્યની અવ્યાપ્તિ થશે, કેમકે પરમાણુનું પ્રત્યક્ષ થતું નથી. વળી ઘટરૂપાદિમાં આ સાધર્મ્યની=લક્ષણની અતિવ્યાપ્તિ પણ થશે.

ઉત્તર : ના, **चाक्षुषलौकिकप्रत्यक्षविषयद्रव्यत्वव्याप्यजातिमत्त्वम्** એ આ સાધર્મ્યનો ફલિતાર્થ છે, માટે કોઈ આપત્તિ નહિ આવે. જે ચાક્ષુષલૌકિકપ્રત્યક્ષવિષય ઘટાદિ છે તેમાં દ્રવ્યત્વવ્યાપ્યજાતિ પૃથ્વીત્વાદિ ત્રણ જ મળે. તે વાળા પરમાણુ છે અને રૂપાદિ ગુણો નથી. માટે આ રીતે સમન્વય થઈ જાય છે.

અહીં જો 'ચાક્ષુષ' ન કહેત તો આત્માનું મન ઇન્દ્રિયથી લૌકિક પ્રત્યક્ષ થાય જ છે, એટલે તેમાં રહેલી દ્રવ્યત્વવ્યાપ્યઆત્મત્વ જાતિવાળો આત્મા બની જતાં તેનામાં સાધર્મ્યની અતિવ્યાપ્તિ થઈ જાત.

**પૃથ્વી-જલનું સાધર્મ્ય :** (૧) ગુરુત્વવત્ત્વ (૨) રસવત્ત્વ. પૃથ્વી અને જલમાં જ ગુરુત્વ અને રસ છે માટે તે બેનું ગુરૂત્વવત્ત્વ અને રસવત્ત્વ એ સાધર્મ્ય છે. સુવર્ણ તૈજસ દ્રવ્ય છે. તેમાં જે ગુરુત્વ છે તે પાર્થિવ પરમાણુના કારણે છે.

**પ્રશ્ન :** ઘ્રાણેન્દ્રિય પૃથ્વી પદાર્થ છે તો તેનામાં 'ગુરૂત્વ અને રસ' છે તેમાં શું પ્રમાણ છે ? વળી વાયુમાં ઘસડાઈ આવેલ પાર્થિવ-જલીય ભાગોમાં ગુરૂત્વવત્ત્વ, રસવત્ત્વ છે તેમાં શું પ્રમાણ છે ?

ઉત્તર : પૂર્વવત્ પૃથ્વીત્વાદિ હેતુથી તેમનામાં ગુરુત્વ અને રસનું અનુમાન કરી લેવું :

(૧) **घ्राणेन्द्रियं गुरुत्ववत् पृथ्वीत्वात् घटवत् ।**

(૨) **वाय्वानीतपार्थिवभागाः रसवन्तः पृथ्वीत्वात् घटवत् ।**

(૩) **वाय्वानीतजलीयभागाः रसवन्तः जलत्वात् करकावत् ।**

**પૃથ્વી અને તેજનું સાધર્મ્ય : નૈમિત્તિક દ્રવત્વવત્ત્વ** : પૃથ્વી અને તેજમાં જે દ્રવત્વ છે તે નૈમિત્તિક દ્રવત્વ છે અને જલમાં સાંસિદ્ધિક દ્રવત્વ છે.

**પ્રશ્ન** : ઘટાદિ અને વહ્નયાદિમાં નૈમિત્તિક દ્રવત્વવત્ત્વ અવ્યાપ્ત થાય છે.

**ઉત્તર** : **नैमित्तिकद्रवत्वसमानाधिकरणद्रव्यत्वव्याप्यजातिमत्त्वम्** ફલિતાર્થ છે. હવે ઘટાદિ-વહ્નયાદિમાં અવ્યાપ્તિ નહિ આવે.

---

**कारिकावली : आत्मानो भूतवर्गाश्च विशेषगुणयोगिनः ।**
**यदुक्तं यस्य साधर्म्यं वैधर्म्यमितरस्य तत् ॥२९॥**

---

**मुक्तावली : आत्मान इति । पृथिव्यप्तेजोवाय्वाकाशात्मनां विशेषगुणवत्त्वमित्यर्थः । यदुक्तमिति । ज्ञेयत्वादिकं विहायेति बोध्यम् । तत्तु न कस्यापि वैधर्म्यं केवलान्वयित्वात् ।**

---

**મુક્તાવલી : પૃથ્વ્યાદિ છનું સાધર્મ્ય : विशेषगुणवत्त्वम् ।** પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ, આત્મા - આ છમાં જ વિશેષગુણ હોય છે, અન્યમાં નથી હોતા.

અહીં મુક્તાવલીકાર કહે છે કે જે જેનું સાધર્મ્ય હોય તે બીજાનું વૈધર્મ્ય બની જાય. દા.ત. પૃથ્વ્યાદિ ત્રણનું સાધર્મ્ય પ્રત્યક્ષવિષયત્વ છે, તો તે પ્રત્યક્ષવિષયત્વ વાયુ આદિનું વૈધર્મ્ય કહેવાય. પણ અહીં જ્ઞેયત્વાદિ સિવાયના બધા સાધર્મ્યો બીજાના વૈધર્મ્ય બને છે એમ સમજવું, કેમકે જ્ઞેયત્વ-અભિધેયત્વ-પ્રમેયત્વ તો કેવલાન્વયી છે. તેમનો અભાવ ક્યાંય ન મળે એટલે તેમનું વૈધર્મ્ય પણ ન મળે.

---

**कारिकावली : स्पर्शादयोऽष्टौ वेगाख्यः संस्कारो मरुतो गुणाः ।**
**स्पर्शाद्यष्टौ रूपवेगौ द्रवत्वं तेजसो गुणाः ॥३०॥**

---

**મુક્તાવલી** : સ્પર્શ, સંખ્યા, પરિમાણ, પૃથક્ત્વ, સંયોગ, વિભાગ, પરત્વ, અપરત્વ, વેગાત્મક સંસ્કાર-આ નવ વાયુના ગુણ છે. તેમાં સ્પર્શ એ વિશેષગુણ છે, શેષ સામાન્યગુણ છે.

સ્પર્શ, સંખ્યા, પરિમાણ, પૃથક્ત્વ, વિભાગ, પરત્વ, અપરત્વ, રૂપ, વેગાત્મક સંસ્કાર, નૈમિત્તિકદ્રવત્વ-આ અગ્યાર તેજના ગુણ છે. તેમાં સ્પર્શ, રૂપ, વિશેષગુણ છે,

શેષ સામાન્ય ગુણ છે.

**कारिकावली : स्पर्शादयोऽष्टौ वेगश्च गुरुत्वं च द्रवत्वकम् ।**

**रूपं रसस्तथा स्नेहो वारिण्येते चतुर्दश ॥३१॥**

**મુક્તાવલી :** સ્પર્શ, સંખ્યા, પરિમાણ, પૃથકત્વ, સંયોગ, વિભાગ, પરત્વ, અપરત્વ, વેગ, સાંસિદ્ધિકદ્રવત્વ, ગુરુત્વ, રૂપ, રસ, સ્નેહ - આ ચૌદ જલના ગુણ છે. તેમાં સ્પર્શ, સાંસિદ્ધિકદ્રવત્વ, રૂપ, રસ, સ્નેહ એ વિશેષગુણો છે, શેષ સામાન્ય ગુણો છે.

**कारिकावली : स्नेहहीना गन्धयुताः क्षितावेते चतुर्दश ।**

**बुद्ध्यादिषट्कं संख्यादिपञ्चकं भावना तथा ॥३२॥**

**धर्माधर्मौ गुणा एते ह्यात्मनः स्युश्चतुर्दश ।**

**सङ्ख्यादिपञ्चकं कालदिशोः शब्दश्च ते च खे ॥३३॥**

**मुक्तावली : ते च खे = आकाशे ॥**

**મુક્તાવલી :** સ્પર્શ, સંખ્યા, પરિમાણ, પૃથક્ત્વ, સંયોગ, વિભાગ, પરત્વ, અપરત્વ, વેગ, નૈમિત્તિકદ્રવત્વ, ગુરુત્વ, રૂપ, રસ, ગન્ધ - આ ચૌદ પૃથ્વીના ગુણ છે. તેમાં રૂપ, રસ, ગંધ, સ્પર્શ એ વિશેષગુણો છે, શેષ સામાન્ય ગુણો છે.

બુદ્ધિ, સુખ, દુઃખ, ઈચ્છા, દ્વેષ, પ્રયત્ન, સંખ્યા, પરિમાણ, પૃથક્ત્વ; સંયોગ, વિભાગ, ભાવના, ધર્મ, અધર્મ - આ ચૌદ આત્માના ગુણ છે. તેમાં બુદ્ધિ, સુખ, દુઃખ, ઈચ્છા, દ્વેષ, પ્રયત્ન, ભાવના, ધર્મ, અધર્મ એ વિશેષગુણ છે, શેષ સામાન્યગુણ છે.

સંખ્યા, પરિમાણ, પૃથક્ત્વ, સંયોગ, વિભાગ- આ પાંચ કાળ અને દિશાના ગુણ છે. આ સામાન્ય ગુણ છે.

સંખ્યા, પરિમાણ, પૃથક્ત્વ, સંયોગ, વિભાગ, શબ્દ - આ છ આકાશના ગુણ છે. તેમાં શબ્દ વિશેષગુણ છે, શેષ સામાન્યગુણ છે.

**कारिकावली : संख्यादयः पञ्च बुद्धिरिच्छा यत्नोऽपि चेश्वरे ।**

**परापरत्वे सङ्ख्याद्याः पञ्च वेगश्च मानसे ॥३४॥**

**મુક્તાવલી :** સંખ્યા, પરિમાણ, પૃથક્ત્વ, સંયોગ, વિભાગ, બુદ્ધિ, ઈચ્છા, પ્રયત્ન - આ આઠ ઈશ્વરના ગુણ છે. તેમાં બુદ્ધિ, ઈચ્છા, પ્રયત્ન એ વિશેષગુણ છે, શેષ સામાન્યગુણ છે.


પરત્વ, અપરત્વ, સંખ્યા, પરિમાણ, પૃથક્ત્વ, સંયોગ, વિભાગ, વેગ - આ આઠ મનના ગુણ છે. આ સામાન્ય ગુણ છે.

कारिकावली : तत्र क्षितिर्गन्धहेतुर्नानारूपवती मता ।
षड्विधस्तु रसस्तत्र गन्धस्तु द्विविधो मतः ॥३५॥

मुक्तावली : साधर्म्यवैधर्म्ये निरूप्य सम्प्रति प्रत्येकं पृथिव्यादिकं निरूपयति-तत्रेति । गन्धहेतुरिति । गन्धसमवायिकारणमित्यर्थः । यद्यपि गन्धवत्त्वमात्रं पृथिव्या लक्षणमुचितं तथापि पृथिवीत्वजातौ प्रमाणोपन्यासाय कारणत्वमुपन्यस्तम्, तथाहि-पृथिवीत्वं हि गन्धसमवायिकारणतावच्छेदकतया सिद्ध्यति, अन्यथा गन्धत्वावच्छिन्नस्याकस्मिकत्वापत्तेः ।

**મુક્તાવલી :** સાધર્મ્ય-વૈધર્મ્યનું નિરૂપણ કરીને હવે પૃથ્વ્યાદિ પ્રત્યેક દ્રવ્યનું નિરૂપણ કરે છે.

ગંધનું સમવાયિકારણ પૃથ્વી છે. ગંધ એ કાર્ય છે. તે સમવાયસંબંધથી પૃથ્વીમાં રહે છે એટલે પૃથ્વીમાં સમવાયિકારણતા રહી. તે સમવાયિકારણતાનો અવચ્છેદક ધર્મ કોઈક હોવો જ જોઈએ, કેમકે જે સમવાયિકારણતા હોય છે તેનો અવચ્છેદક ધર્મ હોય જ છે. કપાલમાં ઘટની સમવાયિકારણતા છે તો તેનો અવચ્છેદક ધર્મ કપાલત્વ બને જ છે. તેમ ગંધની સમવાયિકારણતાનો અવચ્છેદક ધર્મ પૃથ્વીત્વ સિદ્ધ થઈ જાય છે. આ રીતે અનુમાનથી પૃથ્વીમાં પૃથ્વીત્વ જાતિની સિદ્ધિ થાય છે.




गन्धनिष्ठसमवायसम्बन्धावच्छिन्नगन्धत्वावच्छिन्नकार्यतानिरूपिततादात्म्यसम्बन्धावच्छिन्नसमवायिकारणता किञ्चिद्धर्मावच्छिन्ना कारणतात्वात् कपालनिष्ठघटसमवायिकारणतावत् । स च धर्मः पृथ्वीत्वम् ।

આ રીતે અનુમાનથી પૃથ્વીમાં પૃથ્વીત્વ જાતિની સિદ્ધિ થઈ જાય છે.

**પ્રશ્ન :** ઘટાદિમાં પૃથ્વીત્વ જાતિ તો પ્રત્યક્ષથી સિદ્ધ છે, પછી પૃથ્વીત્વ જાતિની

સિદ્ધિ માટે અનુમાન કરવાની શી જરૂર છે ?

**ઉત્તર :** ઘટાદિમાં પૃથ્વીત્વ જાતિ પ્રત્યક્ષ સિદ્ધ હોવા છતાં કેળા, શાક, લાકડું, ઘી, ફળ, ફુલાદિ, પરમાણુ વગેરેમાં પૃથ્વીત્વ જાતિ પ્રત્યક્ષ સિદ્ધ નથી, માટે ત્યાં પણ પૃથ્વીત્વ સિદ્ધ કરવા માટે અનુમાન કરવું જરૂરી છે.

**પ્રશ્ન : गन्धसमवायिकारणत्वं पृथ्वीत्वम्** - અહીં ગુરુભૂત પૃથ્વી-લક્ષણ કરવા કરતાં '**गन्धवत्त्वं पृथ्वीत्वम्**' એવું લક્ષણ કરો ને ? અહીં શરીરકૃત લાઘવ છે.

**ઉત્તર :** યદ્યપિ '**गन्धवत्त्वं पृथ्वीत्वम्**' એટલું જ પૃથ્વી-લક્ષણ ઉચિત છે તથાપિ પૃથ્વીત્વ જાતિમાં પ્રમાણ બતાવવા માટે પૂર્વોક્ત ગુરુભૂત લક્ષણ લીધું છે.

આપણે જાણીએ છીએ કે પ્રતિપાદ્યતા કારણતાદિનો અવચ્છેદક ધર્મ જે બને તે જાતિ બને. એટલે અહીં પણ કારણતાવચ્છેદક ધર્મ પૃથ્વીત્વને બનાવી તેને જાતિ તરીકે સિદ્ધ કરવા માટે ગંધના સમવાયિકારણ તરીકે પૃથ્વી કહી છે.

જો '**गन्धवत्त्वं पृथ्वीत्वम्**' લક્ષણ કરવામાં આવે તો આ હેતુ સરે નહિ, કેમકે **गन्धवत्त्वम्** એટલે **गन्धाश्रयत्वम्** એટલું જ. અહીં પૃથ્વી એ ગન્ધાશ્રયમાત્ર સિદ્ધ થાય પણ ગન્ધસમવાયિકારણ તરીકે સિદ્ધ ન થાય. તેથી ગન્ધસમવાયિકારણતાવચ્છેદક તરીકે પૃથ્વીત્વ સિદ્ધ ન થતાં તે જાતિ તરીકે સિદ્ધ થાય નહિ.

**પ્રશ્ન :** '**समवायेन गन्धं प्रति तादात्म्येन पृथ्वी कारणं**' આવો જે તમે ગન્ધ-પૃથ્વીનો કાર્ય-કારણભાવ બનાવ્યો તે જ અપ્રામાણિક છે, તો પછી તેને અવલંબીને તમે **गन्धसमवायिकारणतावच्छेदकतया** પૃથ્વીત્વ જાતિની સિદ્ધિ પણ શી રીતે કરી શકો?

**ઉત્તર :** જો આ કાર્યકારણભાવ અપ્રામાણિક હોય, અર્થાત્ ગન્ધનું સમવાયિકારણ પૃથ્વી ન હોય તો તો પછી ગન્ધ અકસ્માત્ (**न कस्मात् = अहेतुक एव**) જલાદિમાં પણ ઉત્પન્ન થઈ જવાની આપત્તિ આવશે, અર્થાત્ ગન્ધત્વાવચ્છિન્ન ગન્ધ આકસ્મિક બની જવાની આપત્તિ આવશે. એટલે ગન્ધત્વાવચ્છિન્ન ગન્ધ અને પૃથ્વીનો પૂર્વોક્ત કાર્યકારણભાવ તો માનવો જ જોઈએ. સમવાયેન ગન્ધ પ્રતિ તાદાત્મ્યેન પૃથ્વી કારણ બની.

---

**मुक्तावली : न च पाषाणादौ गन्धाभावात् गन्धवत्त्वमव्याप्तमिति वाच्यम्, तत्रापि गन्धसत्त्वात् । अनुपलब्धिस्त्वनुत्कटत्वेनाप्युपपद्यते, कथमन्यथा तद्भस्मनि गन्ध उपलभ्यते ? भस्मनो हि पाषाणध्वंसजन्यत्वात्**

**पाषाणोपादानोपादेयत्वं सिद्ध्यति । यद्द्रव्यं यद्द्रव्यध्वंसजन्यं तत्तदुपादानोपादेयमिति व्याप्तेः, दृष्टं चैतत् खण्डपटे महापटध्वंसजन्ये । इत्थं च पाषाणपरमाणोः पृथिवीत्वात्तज्जन्यस्य पाषाणस्यापि पृथिवीत्वं । तथा च तस्यापि गन्धवत्त्वे बाधकाभावः ।**

---

**મુક્તાવલી : પ્રશ્ન :** પાષાણ પૃથ્વીમાં ગન્ધ નથી તો ગન્ધવત્ત્વની અવ્યાપ્તિ થશે.

**ઉત્તર :** ના, ત્યાં પણ ગન્ધ છે જ. માત્ર તે અનુત્કટ-અપ્રગટ હોવાથી જણાતી નથી.

**પ્રશ્ન :** પાષાણમાં ગન્ધ જ નથી એવું અમારૂં તો માનવું છે.

**ઉત્તર : पाषाणः गन्धवान् पृथ्वीत्वात् ।** જ્યાં પૃથ્વીત્વ હોય ત્યાં ગન્ધ હોય જ. આ અનુમાનથી પાષાણમાં ગન્ધ સિદ્ધ થઈ જાય છે.

**પ્રશ્ન :** પાષાણમાં પૃથ્વીત્વ હેતુ જ અસિદ્ધ છે. જ્યાં પૃથ્વીત્વ ન હોય ત્યાં ગન્ધ પણ શેની હોય ?


**ઉત્તર :** જો પાષાણમાં પૃથ્વીત્વ જ ન હોય તો તેની જ બનેલી ભસ્મમાં ય પૃથ્વીત્વ નહિ રહે. તો પછી તે ભસ્મમાં ગન્ધ ક્યાંથી આવી ? **यदि पाषाणो न पृथ्वी, तदा पाषाणभस्माऽपि न पृथ्वी ।** હવે ભસ્મમાં ગન્ધ તો પ્રત્યક્ષસિદ્ધ છે, માટે ભસ્મમાં પૃથ્વીત્વ પણ સિદ્ધ થઈ ગયું, માટે પાષાણમાં પણ ગન્ધ સિદ્ધ થઈ, કેમકે જ્યાં પૃથ્વીત્વ હોય ત્યાં ગન્ધ હોય જ.

**પ્રશ્ન :** ભસ્મમાં ગન્ધ ઉપલબ્ધ થાય છે માટે ભલે તે ભસ્મમાં પૃથ્વીત્વ હોય, પણ પાષાણમાં પૃથ્વીત્વ કેમ મનાય ?

**ઉત્તર :** ભસ્મમાં પૃથ્વીત્વ છે માટે ભસ્મના આરંભક અવયવમાં પૃથ્વીત્વ સિદ્ધ થાય અને ભસ્મારંભક અવયવમાં પૃથ્વીત્વ સિદ્ધ થાય એટલે ભસ્મારંભક અવયવના અવયવીરૂપ પાષાણમાં પણ પૃથ્વીત્વ સિદ્ધ થઈ જાય અને તેથી પાષાણમાં ગન્ધ પણ સિદ્ધ થઈ જાય. ભસ્મ એ પાષાણના ધ્વંસથી ઉત્પન્ન થયેલ છે, અર્થાત્ ભસ્મ પ્રત્યે પાષાણધ્વંસ કારણ છે. પાષાણનો ધ્વંસ થાય એટલે પાષાણના ઉત્પાદક પાર્થિવ પરમાણુઓ=પાષાણનું ઉપાદાન બાકી રહે. એ જ પાર્થિવ પરમાણુઓની ભસ્મ થઈ જાય.

આમ અહીં સ્પષ્ટ દેખાય છે કે એક દ્રવ્યનો ધ્વંસ થતાં જે દ્રવ્ય ઉપસ્થિત થયું તેમાં

બીજું કાર્ય ઉત્પન્ન થયું. ન્યાયની ભાષામાં આ જ વાતને આવી રીતે કહેવાય કે જે દ્રવ્ય જે દ્રવ્યના ધ્વંસથી ઉત્પન્ન થાય તે દ્રવ્ય તે દ્રવ્યના ઉપાદાનનું ઉપાદેય હોય. ભસ્મ-દ્રવ્ય એ પાષાણ-દ્રવ્યના ધ્વંસથી ઉત્પન્ન થાય છે માટે ભસ્મ દ્રવ્ય એ પાષાણના ઉપાદાન (પાર્થિવ પરમાણુઓ)નું ઉપાદેય (કાર્ય) કહેવાય.




**यद् द्रव्यं यद्द्रव्यध्वंसजन्यं तत्तदुपादानोपादेयं, भस्मद्रव्यं पाषाणद्रव्यध्वंसजन्यं (अत:) भस्मद्रव्यं पाषाणोपादानोपादेयम् ।**

આ વાતને દૃષ્ટાન્તથી સમજીએ.

એક મહાપટ છે. તેના એક હજાર તન્તુઓ છે. આ બધા તન્તુઓ મહાપટનું ઉપાદાન-કારણ કહેવાય. હવે જ્યારે મહાપટના બે-પાંચ આદિ તંતુઓ કાઢી લેવામાં આવે ત્યારે તે મહાપટનો ધ્વંસ થયો કહેવાય અને ખંડપટની ઉત્પત્તિ થઈ કહેવાય. આ ખંડપટ ક્યાં ઉત્પન્ન થયો ? તેનો ઉત્તર એ જ છે કે મહાપટના ઉપાદાન જે તંતુઓ હતા તેમાં જ તે ઉત્પન્ન થયો. આમ મહાપટના ધ્વંસથી જે ખંડપટ ઉત્પન્ન થયો તે ખંડપટ મહાપટના ઉપાદાનનું ઉપાદેય=કાર્ય બન્યો.

એ જ વાત પ્રસ્તુતમાં સમજવી.

હવે પાષાણ-પરમાણુઓ તો પૃથ્વી છે જ, અને તેમાં જ પાષાણ ઉત્પન્ન થયો. તેમાં પણ પૃથ્વીત્વ હોય જ. અને જ્યાં પૃથ્વીત્વ હોય ત્યાં ગંધ હોય જ. તેમાં કોઈ બાધક નથી.

આ રીતે પાષાણમાં પૃથ્વીત્વની અને તે પૃથ્વીત્વથી ગન્ધની સિદ્ધિ થઈ જાય છે.

---

**मुक्तावली : नानारूपेति । शुक्लनीलादिभेदेन नानाजातीयं रूपं पृथिव्यामेव वर्तते न तु जलादौ, तत्र शुक्लस्यैव सत्त्वात् । पृथिव्यां**

**त्वेकस्मिन्नपि धर्मिणि पाकवशेन नानारूपसंभवात् । न च यत्र नानारूपं नोत्पन्नं तत्राव्याप्तिरिति वाच्यम्, रूपद्वयवद्वृत्तिद्रव्यत्वव्याप्यजातिमत्त्वस्य विवक्षितत्वात् रूपनाशवद्वृत्तिद्रव्यत्वव्याप्यजातिमत्त्वस्य वा वाच्यत्वात् । वैशेषिकनये पृथिवीपरमाणौ रूपनाशस्य रूपान्तरस्य च सत्त्वात्, न्यायनये घटादावपि तत्सत्त्वाल्लक्षणसमन्वयः ।**

---

**મુક્તાવલી : (૧) પૃથ્વીનું રૂપ :** હવે મુક્તાવલીકાર પૃથ્વીના રૂપનો વિચાર કરે છે.

પૃથ્વીમાં શુકલ-નીલાદિ રૂપ છે માટે **नानारूपवत्त्वं पृथ्वीत्वम्** એ પૃથ્વીનું લક્ષણ થાય.

**પ્રશ્ન :** જલાદિમાં પણ અનેક જાતના શુક્લરૂપ હોય છે, તો પછી અનેકરૂપવત્ત્વ (નાનારુપવત્ત્વ) પૃથ્વીનું લક્ષણ જલાદિમાં અતિવ્યાપ્ત થશે ને ?

**ઉત્તર :** ના, જલાદિમાં જે અનેક શુક્લરૂપ છે તે એક જ ધર્મીમાં નથી પણ જુદા જુદા જલાદિ ધર્મીમાં છે, જ્યારે પૃથ્વીમાં જે અનેકરૂપવત્ત્વ છે તે તો એક જ ધર્મીમાં (ઘટમાં) **पाकवशात्** મળે છે તેમ કહ્યું છે. એક જ ઘટમાં રક્ત, શ્યામાદિ અનેક રૂપ જોવા મળે છે. આવું એકધર્મિક અનેકરૂપવત્ત્વ તો પૃથ્વીમાં જ છે, જલાદિમાં નહિ. જલાદિમાં તો અનેકધર્મિક અનેકરૂપવત્ત્વ છે, માટે અતિવ્યાપ્તિ નહિ આવે.

આથી જ મુક્તાવલીકારે નાનાજાતીય (શુક્લ-નીલાદિ નાનાજાતીય) રૂપ પૃથ્વીમાં કહ્યું છે. જલમાં તો એક શુક્લ જાતીય જ અનેક શુક્લરૂપ છે.

**પ્રશ્ન :** જે ઘટાદિ પૃથ્વીમાં નાનારૂપ ઉત્પન્ન થયા નથી તે ઘટાદિમાં નાનારૂપવત્ત્વ લક્ષણ અવ્યાપ્ત થશે.

**ઉત્તર : रूपद्वयवद्वृत्तिद्रव्यत्वव्याप्यजातिमत्त्वम्** કહીશું. જે રૂપદ્વયવદ્વૃત્તિ એવી દ્રવ્યત્વવ્યાપ્યજાતિ પૃથ્વીત્વ છે, તે વાળો રૂપદ્વય વિનાનો ઘટ પણ છે જ.

**પ્રશ્ન :** આ સાધર્મ્યમાં રહેલા (ઘટકીભૂત) 'રૂપદ્વયવદ્' પદનો પરિષ્કાર કરવો પડે તેમ છે, અને તેમ કરતાં આ સાધર્મ્ય ગૌરવગ્રસ્ત થઈ જાય છે. તો 'રૂપદ્વયવદ્'ના નિવેશ વિનાનું લઘુભૂત સાધર્મ્ય ન થઈ શકે ?

**ઉત્તર :** જરૂર થઈ શકે. **रूपनाशवद्वृत्तिद्रव्यत्वव्याप्यजातिमत्त्वं पृथ्वीत्वम्** કહી શકાય. પૃથ્વીમાં રૂપનાશ થાય છે.

વૈશેષિક-મતે પૃથ્વી-પરમાણુમાં જ રૂપનાશ અને રૂપાન્તરોત્પત્તિ માની છે. જ્યારે ન્યાય-મતે પૃથ્વી-પરમાણુમાં તથા ઘટાદિ દ્રવ્યોમાં પણ રૂપનાશ અને રૂપાન્તરોત્પત્તિ માની છે. એટલે રૂપનાશવદ્ બધા પરમાણુ આદિ દ્રવ્યો બન્યા, તેમાં રહેનારી દ્રવ્યત્વવ્યાપ્ય જાતિ પૃથ્વીત્વ, તે વાળી બધી પૃથ્વી બની. આ રીતે લક્ષણ-સમન્વય થઈ જાય છે.

---

**मुक्तावली : षड्विध इति । मधुरादिभेदेन यः षड्विधो रसः स पृथिव्यामेव । जले च मधुर एव रसः । अत्रापि पूर्ववद्रसद्वयवद्वृत्तिद्रव्यत्वव्याप्यजातिमत्त्वं लक्षणार्थोऽवसेयः । गन्धस्त्विति । द्विविध इति वस्तुस्थितिमात्रं, न तु द्विविधगन्धवत्त्वं लक्षणं, द्विविधत्वस्य व्यर्थत्वात् । द्वैविध्यं च सौरभासौरभ-भेदेन बोध्यम् ॥**

---

**મુક્તાવલી : (૨) પૃથ્વીનો રસ :** મધુરાદિ છયે ભેદના રસ પૃથ્વીમાં જ છે માટે **षड्विधरसवत्त्वम्** લક્ષણ થાય. છ રસના નામો આ પ્રમાણે છે : મધુર, આમ્લ, ખારો, કટુ, તૂરો, તીખો. જલમાં માત્ર મધુર રસ છે.

**પ્રશ્ન :** અહીં **षड्विधरसवत्त्वम् पृथ्वीत्वम्** એવું જે પૃથ્વીનું લક્ષણ કર્યું તે લક્ષણ શર્કરાદિ પૃથ્વીમાં અવ્યાપ્ત થશે, કેમકે ત્યાં ષડ્વિધ રસો ઉત્પન્ન થયા નથી. અને જો માત્ર **रसवत्त्वं पृथ्वीत्वम्** કહો તો આ અવ્યાપ્તિ તો નહિ રહે પણ જલાદિમાં અતિવ્યાપ્તિ થશે, કેમકે જલમાં રસવત્ત્વ તો છે જ.

**ઉત્તર : रसद्वयवद्वृत्तिद्रव्यत्वव्याप्यजातिमत्त्वम्** કહીશું. જ્યાં બે રસ ઉત્પન્ન થયા છે તેમાં દ્રવ્યત્વવ્યાપ્યજાતિ પૃથ્વીત્વ જ મળે, તે વાળા શર્કરાદિ દ્રવ્યો બને અને જલાદિ ન જ બને. આ રીતે અતિવ્યાપ્તિ-અવ્યાપ્તિ દોષનું નિવારણ થઈ જાય છે.

આ સાધર્મ્યમાં પણ ગૌરવગ્રસ્ત 'રસદ્વયવદ્' પદ પડેલું છે માટે અહીં પણ પૂર્વવત્ લઘુભૂત સાધર્મ્ય કહીશું કે : **रसनाशवद्वृत्तिद्रव्यत्वव्याप्यजातिमत्त्वम् ।**

**(૩) પૃથ્વીની ગંધ :** સૌરભ અને અસૌરભ એમ બે પ્રકારની ગંધ પૃથ્વીમાં છે. કારિકાવલીમાં '**गन्धस्तु द्विविधो मतः**' પાઠ છે એ ઉપરથી **द्विविधगन्धवत्त्वं पृथ्वीत्वम्** એ પૃથ્વીનું લક્ષણ થયું.

**પ્રશ્ન :** જલાદિમાં ક્યાંય એકવિધ ગન્ધ પણ નથી તો પછી શેના વ્યવચ્છેદ માટે 'દ્વિવિધ' વિશેષણ મૂક્યું છે ?

ઉત્તર : **गन्धवत्त्वं पृथ्वीत्वम्** એટલું જ કહીએ તો ય ચાલે, છતાં 'દ્વિવિધ' પદ મૂક્યું છે તે સ્વરૂપ વિશેષણ છે, અર્થાત્ પૃથ્વીની વસ્તુસ્થિતિ માત્ર જણાવી છે. એટલે વસ્તુતઃ **द्विविधगन्धवत्त्वम् पृथ्वीत्वम्** લક્ષણ ન કરાય, કેમકે લક્ષણમાં એકપણ પદ નિરર્થક ન હોવું જોઈએ. 'દ્વિવિધ' વિશેષણ તો અહીં વ્યભિચારવારક ન હોવાથી નિરર્થક છે. માટે **द्विविधगन्धवत्त्वम्** એ માત્ર પૃથ્વીની વસ્તુસ્થિતિ જણાવે છે એટલું જ સમજવું, અર્થાત્ પૃથ્વીની ગંધ સૌરભ-અસૌરભ ભેદથી બે પ્રકારની છે એટલું જ જણાવવું છે, નહિ કે આ વિશેષણથી કોઈનો વ્યવચ્છેદ કરવો છે.

અહીં તાત્પર્ય એ છે કે એક તો વ્યભિચાર-પ્રસંગ નિવારવા માટે વ્યવચ્છેદક વિશેષણ હોય છે, તેમ બીજું માત્ર વિશેષ્યના સ્વરૂપને જણાવનાર=જ્ઞાપક=સ્વરૂપદર્શક વિશેષણ હોય છે. 'જ્ઞાની આત્મા મુક્તિ પામે છે.' આ સ્થાને અજ્ઞાનીનો વ્યવચ્છેદ થાય છે માટે 'જ્ઞાની' વિશેષણ વ્યભિચારવારક છે. જ્યારે 'ચેતનાવાળો આત્મા કર્તૃત્વાદિ ધર્મવાળો હોય છે.' અહીં ચેતના વિનાનો કોઈ આત્મા હોય તો તેનો વ્યવચ્છેદ ચેતના વિશેષણથી થાત, પણ તેમ તો છે નહિ. તમામ આત્મા ચેતનાવાળા જ હોય છે. એટલે અહીં જે 'ચેતના' વિશેષણ છે તે આત્માના સ્વરૂપને જ વિશેષિત કરે છે, નહિ કે વ્યભિચારનું વારણ.

તે જ રીતે પ્રસ્તુતમાં પણ 'દ્વિવિધ' વિશેષણ પણ સ્વરૂપદર્શક વિશેષણ છે એમ સમજવું. માટે તેને લક્ષણ ન કહેવાય, કેમકે લક્ષણમાં તો વ્યભિચારવારક - સાર્થક વિશેષણનો જ ઉપયોગ થાય છે.

---

**कारिकावली : स्पर्शस्तस्यास्तु विज्ञेयो ह्यनुष्णाशीतपाकजः ।**
**नित्यानित्या च सा द्वेधा नित्या स्यादणुलक्षणा ॥३६॥**

---

**मुक्तावली : स्पर्श इति । तस्याः = पृथिव्याः । अनुष्णाशीतस्पर्शवत्त्वं वायावपि वर्तत इत्युक्तं पाकज इति । इत्थं च पृथिव्याः स्पर्शोऽनुष्णाशीत इति ज्ञापनार्थं तदुक्तं । वस्तुतस्तु पाकजस्पर्शवत्त्वमात्रं लक्षणं, अधिकस्य वैयर्थ्यात् । यद्यपि पाकजस्पर्शः पटादौ नास्ति तथापि पाकजस्पर्शवद्वृत्ति-द्रव्यत्वव्याप्यजातिमत्त्वमर्थो बोध्यः ।**

---

મુક્તાવલી : (૪) **પૃથ્વીનો સ્પર્શ** : પૃથ્વીનો સ્પર્શ ઉષ્ણ નથી તેમ શીત પણ નથી,

અર્થાત્ અનુષ્ણાશીત છે.

**પ્રશ્ન :** વાયુનો પણ અનુષ્ણાશીત સ્પર્શ છે, તો **अनुष्णाशीतस्पर्शवत्त्वं पृथ्वीत्वम्** એવું લક્ષણ વાયુમાં અતિવ્યાપ્ત નહિ થાય ?

**ઉત્તર :** બરાબર છે. તો પછી **अनुष्णाशीतपाकजस्पर्शवत्त्वम् पृथ्वीत्वम्** એવું લક્ષણ કરીશું. વાયુનો સ્પર્શ અનુષ્ણાશીત હોવા છતાં પાકજ એટલે કે અગ્નિસંયોગ(પાક)થી જન્ય નથી.

**પ્રશ્ન :** તો પછી **पाकजस्पर्शवत्त्वं पृथ्वीत्वम्** એટલું જ કહો ને ? **अनुष्णाशीत-पाकजस्पर्शवत्त्वम्** શા માટે કહ્યું ? 'અનુષ્ણાશીત' પદથી કોઈનો વ્યવચ્છેદ તો થતો નથી. છતાં જો આ વિશેષણ મૂકો તો વ્યભિચાર-અવારક એવું વિશેષણ યોજવાથી વ્યાપ્યત્વાસિદ્ધિ દોષ આવશે.

**ઉત્તર :** તમારી વાત તદ્દન બરાબર છે. માટે જ વસ્તુતઃ તો **पाकजस्पर्शवत्त्वम् पृथ्वीत्वम्** કહેવું જોઈએ, કેમકે **अनुष्णाशीत** અંશ અધિક હોઈને વ્યર્થ જ છે.

**પ્રશ્ન :** જે પટાદિમાં પાકજ સ્પર્શવત્ત્વ નથી ત્યાં લક્ષણ અવ્યાપ્ત થશે.

**ઉત્તર :** તો હવે અમે **पाकजस्पर्शवद्वृत्तिद्रव्यत्वव्याप्यजातिमत्त्वम्** કહીશું. જે પાકજસ્પર્શવત્ હોય, તેમાં રહેનારી દ્રવ્યત્વવ્યાપ્યજાતિ પૃથ્વીત્વ જ મળે અને તે વાળા તો પાકજ સ્પર્શ વિનાના પટાદિ પણ બની જાય તેથી અવ્યાપ્તિ આવશે નહિ.

---

**कारिकावली : अनित्या तु तदन्या स्यात्सैवावयवयोगिनी ।**
**सा च त्रिधा भवेद्देहमिन्द्रियं विषयस्तथा ॥३७॥**

---

**मुक्तावली : नित्येति । सा पृथिवी द्विविधा, नित्याऽनित्या चेत्यर्थः । अणुलक्षणा परमाणुरूपा पृथिवी नित्या ॥ अनित्येति । तदन्या = परमाणुभिन्ना पृथिवी द्व्यणुकादिरूपा सर्वाऽप्यनित्येत्यर्थः । सैवाऽनित्या पृथिव्येवावयववतीत्यर्थः । नन्ववयविनि किं मानं ? परमाणुपुञ्जैरेवोपपत्तेः । न च परमाणूनामतीन्द्रियत्वात् घटादीनां प्रत्यक्षं न स्यादिति वाच्यम्, एकस्य परमाणोरप्रत्यक्षत्वेऽपि तत्समूहस्य प्रत्यक्षत्वसम्भवात्, यथैकस्य केशस्य दूरेऽप्रत्यक्षत्वेऽपि तत्समूहस्य प्रत्यक्षत्वम् । न चैको घटः स्थूल इति**

**बुद्धेरनुपपत्तिरिति वाच्यम्, एको महान् धान्यराशिरितिवदुपपत्तेः । मैवम्, परमाणोरतीन्द्रियत्वेन तत्समूहस्यापि प्रत्यक्षत्वायोगात्, दूरस्थकेशस्तु नातीन्द्रियः, सन्निधाने तस्यैव प्रत्यक्षत्वात् ।**

---

**મુક્તાવલી :** **પૃથ્વી બે પ્રકારે છે :** (૧) નિત્ય = પરમાણુરૂપા. (૨) અનિત્ય = પરમાણુભિન્ના, દ્વ્યણુકાદિરૂપા.

આમાં અનિત્ય પૃથ્વી અવયવીરૂપ છે.

અહીં નૈયાયિકોની સામે બૌદ્ધો ઊભા થાય છે. તેઓ અવયવી જેવી કોઈ ચીજ માનતા નથી. તેમનું કહેવું એવું છે કે ઘટ એટલે એક સ્વતંત્ર અવયવી નથી પરન્તુ પરમાણુઓનો પુંજ જ છે. એ જ રીતે કપાલ પણ પરમાણુઓનો પુંજ છે. એટલે કપાલમાંથી ઘટ ઉત્પન્ન નથી થતો પરંતુ પુંજમાંથી પુંજ ઉત્પન્ન થાય છે. **पुञ्जात्पुञ्जोत्पत्तिः ।**

**નૈયાયિક :** જો પરમાણુના પુંજરૂપ ઘટાદિ હોય, અર્થાત્ તે સ્વતંત્ર અવયવી તરીકે ન હોય તો પરમાણુ અતીન્દ્રિય હોવાથી તેના જ પુંજરૂપ બનેલો ઘટ પણ અતીન્દ્રિય બની જવાની આપત્તિ આવશે.

**બૌદ્ધ :** ના, તેમ નહિ થાય, કેમકે જેમ એક જ વાળ દૂર હોય ત્યારે તેનું પ્રત્યક્ષ ન થવા છતાં ઘણા વાળનું=વાળના જથ્થાનું દૂરથી પણ પ્રત્યક્ષ થાય જ છે, તેમ એક પરમાણુ અતીન્દ્રિય હોવાથી તેનું અપ્રત્યક્ષ હોવા છતાં તેના સમૂહનું પ્રત્યક્ષ થવામાં કોઈ બાધ નથી.

**નૈયાયિક :** જો ઘટ એ પરમાણુનો પુંજ જ હોય તો **एको घटः स च स्थूलः** એવી બુદ્ધિની અનુપપત્તિ થઇ જશે, કેમકે ઘટ તો અનેક પરમાણુનો સમૂહ છે. તે એક કેમ કહેવાય ? વળી તે સૂક્ષ્મ પરમાણુઓનો સમૂહ છે. તે સ્થૂલ કેમ કહેવાય ?

**બૌદ્ધ :** તેમ કહેવામાં કોઈ વાંધો નથી. તમે શું ધાન્યના રાશિને **एको महान् धान्यराशिः** નથી કહેતા ? અહીં પણ શું છે ? ધાન્યના અનેક દાણા હોવા છતાં '**एकः**' કહેવાય છે ને ? વળી ધાન્યના દાણાનું અપકૃષ્ટ પરિમાણ હોવા છતાં તેનો રાશિ મહાન્ કહેવાય જ છે ને ? એ જ રીતે પ્રસ્તુતમાં પણ કેમ ન કહેવાય ?

**નૈયાયિક :** ના, આ વાત તો બરાબર નથી. પરમાણુ અતીન્દ્રિય છે એટલે જો તેનું પ્રત્યક્ષ ન થાય તો તેના સમૂહનું પણ પ્રત્યક્ષ ન જ થાય. અહીં તમે દૂરસ્થ કેશનું દૃષ્ટાંત

આપ્યું કે એક વાળનું અપ્રત્યક્ષ છતાં તત્સમૂહનું પ્રત્યક્ષ થાય છે તે દૃષ્ટાંત બરાબર નથી. એક વાળ પણ માત્ર દૂરત્વ દોષને લીધે અપ્રત્યક્ષ છે. બાકી જો તેને નજીકમાં લાવવામાં આવે તો તે એક વાળનું પણ પ્રત્યક્ષ થાય છે. જ્યારે એક પરમાણુને નજીક લાવવામાં આવે તો પણ તેનું પ્રત્યક્ષ થતું નથી. માટે તત્સમૂહનું પણ પ્રત્યક્ષ થઈ શકે જ નહિ.

---

**मुक्तावली : न च तदानीमदृश्यपरमाणुपुञ्जाद् दृश्यपरमाणुपुञ्जस्योत्पन्नत्वान्न प्रत्यक्षत्वेऽपि विरोध इति वाच्यम्, अदृश्यस्य दृश्यानुपादानत्वात्, अन्यथा चक्षुरूष्मादिसन्ततेरपि कदाचिद् दृश्यत्वप्रसङ्गात् । न चातितप्ततैलादौ कथमदृश्यदहनसन्ततेर्दृश्यदहनोत्पत्तिरिति वाच्यम्, तत्र तदन्तःपातिभिर्दृश्यदहनावयवैः स्थूलदहनोत्पत्तेरुपगमात् । न चादृश्येन द्व्यणुकेन कथं दृश्यत्रसरेणोरुत्पत्तिरिति वाच्यम्, यतो न दृश्यत्वमदृश्यत्वं वा कस्यचित्स्वभावादाचक्ष्महे, किन्तु महत्त्वोद्भूतरूपादिकारणसमुदायवशात् दृश्यत्वं, तदभावे चादृश्यत्वम् । तथा च त्रसरेणोर्महत्त्वात्प्रत्यक्षत्वं, न तु द्व्यणुकादेस्तदभावात् । न हि त्वन्मतेऽपि सम्भवतीदं, परमाणौ महत्त्वाभावात् । इत्थं चावयविसिद्धौ तेषामुत्पादविनाशयोः प्रत्यक्षसिद्धत्वादनित्यत्वम् ।**

---

**મુક્તાવલી : બૌદ્ધ :** અદૃશ્ય પરમાણુપુંજમાંથી દૃશ્ય પરમાણુપુંજ(ઘટ)ની ઉત્પત્તિ થઈ, એથી એનું પ્રત્યક્ષ થયું તેમ કેમ ન કહેવાય ?

**નૈયાયિક :** નહિ, અદૃશ્ય એ દૃશ્યનું ઉપાદાન બની શકે જ નહિ, અર્થાત્ અદૃશ્યમાંથી દૃશ્યની ઉત્પત્તિ થઈ શકે નહિ અને જો અદૃશ્યમાંથી દૃશ્યની ઉત્પત્તિ થઈ જાય તો તો જે અદૃશ્ય ચક્ષુસન્તતિ કે ઉષ્માની સન્તતિ પ્રતિક્ષણ ઉત્પન્ન થઈ રહી છે તેમાંથી ક્યારેક દૃશ્ય ચક્ષુસન્તતિ કે દૃશ્ય ઉષ્માસંતતિ ઉત્પન્ન થવાની આપત્તિ આવશે.

**બૌદ્ધ :** 'અદૃશ્યમાંથી દૃશ્યની ઉત્પત્તિ ન થાય' એ વાત બરાબર નથી. તપેલા તેલમાં અદૃશ્ય દહન છે. જ્યારે પાણીનું ટીપું તે તપ્તતેલમાં નાંખવામાં આવે છે ત્યારે તરત જ ભડકો થાય છે. આમ અહીં અદૃશ્ય દહનમાંથી દૃશ્ય દહનોત્પત્તિ થઈ કે નહિ?

**નૈયાયિક :** નહિ, તે વાત બરાબર નથી. ત્યાં તે ચૂલામાં રહેલ અગ્નિના જે દૃશ્ય કણ છે તે જ તપ્ત તેલમાં પ્રવેશેલા હોય છે અને તેમાંથી જ ભડકો થાય છે. આમ દૃશ્ય

દહનમાંથી જ દૃશ્ય દહનની ઉત્પત્તિ થાય છે.

**બૌદ્ધ :** ભલે, પણ દ્વ્યણુક અદૃશ્ય છે અને ત્ર્યણુક દૃશ્ય છે. તો અદૃશ્ય દ્વ્યણુકમાંથી દૃશ્યત્ર્યણુકની ઉત્પત્તિ શી રીતે થઈ ? એટલે હવે અદૃશ્યમાંથી દૃશ્ય ઉત્પન્ન ન જ થાય, દૃશ્યમાંથી જ દૃશ્ય ઉત્પન્ન થાય એ નિયમ ન રહ્યો, એટલે પ્રસ્તુતમાં પણ અદૃશ્ય પરમાણુમાંથી દૃશ્ય પરમાણુપુંજની ઉત્પત્તિ પણ થઈ શકે છે. અને તેથી પરમાણુપુંજથી અતિરિક્ત કોઈ ઘટાદિ અવયવીની કલ્પના કરવાની કશી જરૂર નથી.

**નૈયાયિક :** કોઈ પદાર્થ દૃશ્ય છે અને કોઈ પદાર્થ અદૃશ્ય છે તે કાંઈ તેમના તેવા તેવા સ્વભાવથી નથી, અથવા તો ઉપાદાન દૃશ્ય હોય તો ઉપાદેય દૃશ્ય અને ઉપાદાન અદૃશ્ય હોય તો ઉપાદેય પણ અદૃશ્ય હોય એવું પણ અમારૂં કહેવું નથી. પરંતુ જે પદાર્થમાં મહત્ત્વ, ઉદ્ભૂતરૂપ, આલોકસંયોગ, ચક્ષુસંયોગ આદિ હોય ત્યાં દૃશ્યત્વ હોય, અર્થાત્ એ પદાર્થ દૃશ્ય બને. મહત્ત્વાદિ વિનાના પદાર્થ અદૃશ્ય હોય. એટલે દ્વ્યણુકમાં (ત્ર્યણુકમાં) મહત્ત્વાદિ નથી માટે તે અદૃશ્ય બને છે અને ત્ર્યણુકમાં મહત્ત્વાદિ છે માટે તે દૃશ્ય બને છે. આ વાતમાં તો તમારો ય વિરોધ ન જ હોઈ શકે.

એટલે હવે પરમાણુપુંજ રૂપ કપાલમાં મહત્ત્વ નથી માટે તે પરમાણુપુંજ રૂપ કપાલ અદૃશ્ય બનવો જોઈએ. અને તેથી જ તેમાંથી ઉત્પન્ન થયેલ પરમાણુપુંજરૂપ ઘટની અપ્રત્યક્ષત્વાપત્તિ આવશે. તેને નિવારવા માટે પરમાણુના પુંજરૂપ ઘટ ન માનતાં પરમાણુમાંથી દ્વ્યણુક, દ્વ્યણુકમાંથી ત્ર્યણુક, યાવત્ કપાલિકામાંથી કપાલ અને કપાલમાંથી મહત્પરિમાણવાળો ઘટ એક સ્વતંત્ર અવયવી માનવો જ જોઈએ. આ રીતે અવયવીની સિદ્ધિ થાય છે. આ ઘટાદિ અવયવીના ઉત્પાદ-વિનાશ તો પ્રત્યક્ષથી જ સિદ્ધ છે માટે તે અવયવી અનિત્ય કહેવાય.

---

**मुक्तावली : तेषां चावयवावयवधाराया अनन्तत्वे मेरुसर्षपयोरपि साम्यप्रसङ्गः, अतः क्वचिद्विश्रामो वाच्यः, यत्र तु विश्रामस्तस्याऽनित्यत्वेऽसमवेत( भाव )कार्योत्पत्तिप्रसङ्ग इति तस्य नित्यत्वम् । महत्परिमाणतारतम्यस्य गगनादौ विश्रान्तत्वमिवाणुपरिमाणतारतम्यस्यापि क्वचिद्विश्रान्तत्वमस्तीति तस्य परमाणुत्वसिद्धिः ।**

---

**મુક્તાવલી : પરમાણુસિદ્ધિ :** હવે અવયવીનો અવયવ, એ અવયવનો પણ અવયવ, એનો પણ અવયવ, એનો પણ પાછો અવયવ, એમ જો અવયવધારા ચાલે તો મેરૂની

ય અનંતાનંત અવયવધારા ચાલે અને સરસવની ય અનંતાનંત અવયવધારા ચાલે. આમ બે ય ની અનંતાનંત અવયવધારા ચાલવાથી મેરૂ અને સરસવ બે ય સમાન થઈ જવાની આપત્તિ આવે. એટલે અવયવધારાનો ક્યાંક અંત-વિશ્રામ માનવો જોઈએ.

હવે જ્યાં વિશ્રામ માનીએ તે છેલ્લો અવયવ નિત્ય માનવો કે અનિત્ય ? જો અનિત્ય = જન્ય માનીએ તો તેનો કોઈ અવયવ તો છે નહિ, કેમકે આ જ છેલ્લો અવયવ છે, એટલે તે ઉત્પન્ન શેમાં થયો ? અર્થાત્ કોનામાં સમવાયસંબંધથી આ છેલ્લો અવયવ ઉત્પન્ન થયો? કોઈમાં નહિ. તો પછી 'અસમવેતભાવકાર્યોત્પત્તિ થઈ' એમ જ કહેવું પડે જે બિલકુલ યોગ્ય નથી, કેમકે જગતમાં જેટલા ઘટાદિ ભાવકાર્યો છે તે બધા કપાલાદિમાં સમવેત જ છે, જ્યારે આ છેલ્લો અવયવ ભાવકાર્ય અનિત્ય=જન્ય હોવા છતાં અસમવેત બને છે એટલે આ છેલ્લો અવયવ અનિત્ય તો ન મનાય. એટલે હવે તેને નિત્ય જ માનવો રહ્યો.

વળી જેમ મહત્પરિમાણનો આકાશમાં વિશ્રામ દેખાય છે; મહત્, મહત્તર, એથી પણ મહત્તર, એથી પણ મહત્તર... યાવત્ આકાશમાં મહત્તમ પરિમાણ મળે છે અને અહીં જ એ મહત્તમ પરિમાણનો અંત આવે છે તેમ અણુપરિમાણ, અણુતરપરિમાણનો પણ છેવટે વિશ્રામ માનવો જ જોઈએ. જ્યાં આ વિશ્રામ આવે તેને જ પરમાણુ કહેવાય. આ રીતે નિત્ય પરમાણુની સિદ્ધિ થઈ જાય છે.

---

**मुक्तावली : न च त्रसरेणावेव विश्रामोऽस्त्विति वाच्यम्, त्रसरेणुः सावयवः चाक्षुषद्रव्यत्वात् घटवदित्यनुमानेन तदवयवसिद्धौ, त्रसरेणोरवयवाः सावयवाः महदारम्भकत्वात् कपालवदित्यनुमानेन तदवयवसिद्धेः । न चेदमप्रयोजकं, अपकृष्टमहत्त्वं प्रत्यनेकद्रव्यवत्त्वस्य प्रयोजकत्वात् । न चैवं क्रमेण तदवयवधाराऽपि सिद्ध्येदिति वाच्यम्, अनवस्थाभयेन तद-सिद्धेरिति ।**

---

**મુક્તાવલી : પ્રશ્ન :** છેલ્લામાં છેલ્લો અવયવ ત્રસરેણુ તો આંખેથી દેખાય છે, તો તેને જ અંતિમ અવયવ કેમ ન મનાય ? તેને જ પરમાણુ કહો ને ?

**ઉત્તર :** ના, ત્રસરેણુના પણ અવયવ છે જ, અર્થાત્ ત્રસરેણુ અંતિમ અવયવ નથી કિન્તુ સાવયવ છે, કેમકે તે ચાક્ષુષ દ્રવ્ય છે. (ચક્ષુથી પ્રત્યક્ષ થતું દ્રવ્ય છે.) જે જે ઘટાદિ ચાક્ષુષ દ્રવ્યો છે તે બધા કપાલાદિ અવયવવાળા જોવા મળે છે. માટે ત્રસરેણુ પણ ચાક્ષુષ દ્રવ્ય હોવાથી સાવયવ છે. '**त्रसरेणुः सावयवः चाक्षुषद्रव्यत्वात् घटवत् ।**' આ

અનુમાનથી ત્રસરેણુની પણ નીચે અવયવ છે તે સિદ્ધ થયું.

**પ્રશ્ન** : સારૂં, તો ત્રસરેણુના અવયવરૂપ દ્વ્યણુકને છેલ્લો અવયવ માનો. તે અવયવનો પણ અવયવ માનવાની શી જરૂર છે ? અર્થાત્ ત્રસરેણુના અવયવનો પણ અવયવ કેમ માનો છો ?

**ઉત્તર** : એમ માન્યા વિના છૂટકો નથી. ત્રસરેણુના અવયવ = દ્વ્યણુક. દ્વ્યણુકમાંથી ત્રસરેણુ સ્વરૂપ મહત્‌ની ઉત્પત્તિ થાય છે એટલે ત્ર્યણુકના અવયવ દ્વ્યણુક એ મહદારંભક કહેવાય. જગતમાં જે કોઈ મહદારંભક છે તે સાવયવ છે. જેમકે કપાલ એ ઘટસ્વરૂપ મહત્‌નો આરંભક છે તો તે કપાલ સાવયવ (કપાલિકારૂપ અવયવવાળો) છે જ. તેમ ત્રસરેણુના અવયવ (દ્વ્યણુક) પણ મહદ્‌ના (ત્રસરેણુના) આરંભક છે માટે તે સાવયવ છે.

**'त्रसरेणोः अवयवाः (द्व्यणुकाः) सावयवाः महदारम्भकत्वात् कपालवत्'**

આમ આ અનુમાનથી ત્રસરેણુના અવયવ=દ્વ્યણુકના પણ અવયવ પરમાણુ સિદ્ધ થયા.

**પ્રશ્ન** : તમે ઉપર જે બે અનુમાનથી દ્વ્યણુક અને પરમાણુની સિદ્ધિ કરી તેમાંના પહેલા અનુમાનને અમે અપ્રયોજક કહીશું, અર્થાત્ **त्रसरेणुः सावयवः चाक्षुषद्रव्यत्वात् ।** એ અનુમાનનો ચાક્ષુષદ્રવ્યત્વ હેતુ અપ્રયોજક=સાધ્યાસાધક કહીશું. **अस्तु चाक्षुषद्रव्यत्वम् माऽस्तु सावयवत्वम् ।** ત્રસરેણુ ભલે ચાક્ષુષ દ્રવ્ય જરૂર છે પણ તેથી તેને સાવયવ શા માટે માની લેવો ?

**ઉત્તર** : નહિ, ચાક્ષુષદ્રવ્યત્વ હેતુ અપ્રયોજક નથી.

એટલે કે ચાક્ષુષદ્રવ્યત્વ હેતુ અવ્યાપ્ત નથી.

એટલે કે ચાક્ષુષદ્રવ્યત્વ હેતુ સાધ્યાસાધક નથી.

એટલે કે ચાક્ષુષદ્રવ્યત્વ હેતુ વ્યભિચાર-શંકા નિવર્ત્તક છે.

એટલે કે ચાક્ષુષદ્રવ્યત્વ હેતુ તર્કશૂન્ય નથી.

અર્થાત્ ચાક્ષુષદ્રવ્યત્વ હેતુ વ્યાપ્ય છે, સાધ્યસાધક છે, વ્યભિચાર-શંકા નિવર્ત્તક અને તર્કયુક્ત છે. આ રહ્યો; તે (વ્યાપ્યારોપથી વ્યાપકારોપરૂપ) તર્ક :

જે ચાક્ષુષદ્રવ્ય હોય તે અપકૃષ્ટ મહત્‌પરિમાણવાળું હોય, જે અપકૃષ્ટ મહત્પરિમાણવાળું હોય તે અનેકદ્રવ્યવત્ હોય અને જે અનેકદ્રવ્યવત્ હોય તે સાવયવ હોય. આથી 'ચાક્ષુષ' વ્યાપક અપકૃષ્ટ પરિમાણવત્ત્વ તથા અપકૃષ્ટપરિમાણ એ વ્યાપ્ય અને તેનું વ્યાપક અનેકદ્રવ્યવત્ત્વ તથા અનેકદ્રવ્યવત્ત્વ એ વ્યાપ્ય અને તેનું વ્યાપક સાવયવત્વ છે એમ કહેવાય, અર્થાત્ ચાક્ષુષદ્રવ્યત્વનું પરંપરયા વ્યાપક સાવયવત્વ હોય,

કેમકે સાવયવત્વ એ ચાક્ષુષદ્રવ્યત્વના વ્યાપકના વ્યાપકનો વ્યાપક છે.

ટૂંકમાં, ઉપર બતાવેલ ચાર વ્યાપ્ય-વ્યાપકભાવમાં ચાક્ષુષ-દ્રવ્યત્વવ્યાપક સાવયવત્વ છે એ એક વાત અને બીજી વાત અપકૃષ્ટ મહત્ત્વનું વ્યાપક અનેકદ્રવ્યવત્ત્વ છે એમ સિદ્ધ થાય છે.

આ જ વાતને બીજી રીતે કહીએ તો એમ કહેવાય કે સાવયવત્વનું વ્યાપ્ય અનેકદ્રવ્યવત્ત્વ, તેનું વ્યાપ્ય અપકૃષ્ટમહત્ત્વ અને તેનું વ્યાપ્ય ચાક્ષુષ દ્રવ્યત્વ છે.

જ્યાં અપકૃષ્ટમહત્ત્વ (વ્યાપ્ય) હોય ત્યાં તેનો વ્યાપક અનેકદ્રવ્યવત્ત્વ હોય જ અને જ્યાં અનેકદ્રવ્યવત્ત્વ હોય ત્યાં તેનો વ્યાપક સાવયવત્વ હોય જ. એટલે જ્યાં અપકૃષ્ટ મહત્ત્વ હોય ત્યાં સાવયવત્વ હોય જ. વળી જ્યાં ચાક્ષુષદ્રવ્યત્વ હોય ત્યાં અપકૃષ્ટ મહત્ત્વ હોય, માટે એમ કહેવાય કે જ્યાં ચાક્ષુષદ્રવ્યત્વ હોય ત્યાં સાવયવત્વ હોય જ.

આ જ વાતને મુક્તાવલીકાર જુદી રીતે કહે છે કે **त्रसरेणुः सावयवः चाक्षुष-द्रव्यत्वात्** । આ સ્થાને ચાક્ષુષદ્રવ્યત્ત્વ હેતુ અપ્રયોજક નથી, કેમકે અપકૃષ્ટમહત્ત્વનો વ્યાપક (પ્રયોજક) અનેકદ્રવ્યવત્ત્વ છે.

હેતુને અપ્રયોજક કહેવો એટલે વ્યભિચારની શંકા કરવી. **अस्तु हेतुः माऽस्तु साध्यम् । अस्तु चाक्षुषद्रव्यत्वम् माऽस्तु सावयवत्वम्** । આવો વિપક્ષ જ્યારે ઊભો થાય ત્યારે તેનો બાધક તર્ક આપવો જોઈએ. (વ્યાપ્યારોપથી) વ્યાપકારોપ સ્વરૂપતર્ક.)

**यदि चाक्षुषद्रव्यत्वं सावयवत्वव्यभिचारि स्यात् तर्हि सावयवत्वव्याप्यं (परम्परया) न स्यात् । अस्ति च सावयवत्वव्याप्यम्, अतः चाक्षुषद्रव्यत्वं सावयवत्वव्यभिचारि न ।**

આ રીતે તર્કથી વ્યભિચાર-શંકા દૂર કરવામાં આવતાં **त्रसरेणुः सावयवः चाक्षुषद्रव्यत्वात्** એ અનુમાનથી ત્ર્યણુકના અવયવ દ્વ્યણુક સિદ્ધ થયા અને **त्रसरेणोः अवयवाः सावयवाः, महदारम्भकत्वात् कपालवत्** એ અનુમાનથી ત્ર્યણુકના અવયવ (દ્વ્યણુક)ના અવયવ પરમાણુની સિદ્ધિ થઈ.

**પ્રશ્ન** : આ રીતે જો અનુમાનથી જ દ્વ્યણુક-પરમાણુની સિદ્ધિ થાય તો પરમાણુના પણ અવયવ અનુમાનથી સિદ્ધ થશે; **परमाणुः सावयवः महदारम्भकत्वात्, कपालिकावत्** ।

જેમ કપાલિકા મહત્‌ઘટના આરંભક કપાલની આરંભક છે માટે સાવયવ છે તેમ પરમાણુ પણ મહત્ ત્ર્યણુકના આરંભક દ્વ્યણુકનો આરંભક છે માટે સાવયવ છે.

ઉત્તર : જો આમ જ અનુમાન કર્યા કરીએ તો તો પરમાણુની નીચે પણ અનંત અવયવધારા ચાલે. આમ થતાં અનવસ્થા દોષ આવે. તેના નિવારણ માટે પરમાણુ આગળ જ અટકી જવું જોઈએ.

---

**मुक्तावली : सा चेति । सा कार्यरूपा पृथिवी त्रिधेत्यर्थः । शरीरेन्द्रियविषयभेदादित्यर्थः ॥**

---

મુક્તાવલી : તે કાર્યરૂપ પૃથ્વી ત્રણ પ્રકારની છે : શરીર, ઈન્દ્રિય, વિષય.

---


**कारिकावली : योनिजादिर्भवेद्देहमिन्द्रियं घ्राणलक्षणम् ।**
**विषयो द्व्यणुकादिश्च ब्रह्माण्डान्त उदाहृतः ॥३८॥**


---

**मुक्तावली : तत्र देहमुदाहरति-योनिजादिरिति । योनिजमयोनिजं चेत्यर्थः । योनिजमपि द्विविधं जरायुजमण्डजं च । जरायुजं मानुषादीनाम् । अण्डजं सर्पादीनाम् । अयोनिजं स्वेदजोद्भिज्जादिकम् । स्वेदजाः कृमिदंशाद्याः । उद्भिज्जास्तरुगुल्माद्याः । नारकिणां शरीरमप्ययोनिजम् । न च मानुषादिशरीराणां पार्थिवत्वे किं मानमिति वाच्यम्, गन्धादिमत्त्वस्यैव प्रमाणत्वात् । न च क्लेदोष्मादेरुपलम्भादाप्यत्वादिकमपि स्यादिति वाच्यम्, तथा सति जलत्वपृथिवीत्वादिना सङ्करप्रसङ्गात् ।**

---

મુક્તાવલી : (૧) શરીર-પૃથ્વી :



१. योनिजम् : शुक्रशोणितपरस्परमेलनजन्यम् ।

२. अयोनिजम् : तद्भिन्नम्, नारकिशरीरम् ।

३. जरायुजम् : गर्भवेष्टनचर्मपूरकजरायुः, तज्जन्यम्, मानुषादि ।

४. अण्डजम् : अण्डः गर्भवेष्टनशुक्तिकटाहः, तज्जन्यम्, सर्पादि ।

५. स्वेदजम् : स्वेदः शरीरनिःसृतोदबिन्दुः, तज्जन्यम्, कृमिदंशादि ।

६. उद्भिज्जम् : पृथ्व्यादिक्षेत्रं भित्त्वा यज्जायते तत्, तरुगुल्मादि ।

**પ્રશ્ન** : માનુષાદિ શરીર પાર્થિવ છે એ વાતમાં પ્રમાણ શું છે ?

**ઉત્તર** : માનુષાદિ શરીર ગંધાદિવાળા છે. માટે જેમાં ગંધ હોય તે પાર્થિવ જ કહેવાય. તેથી માનુષાદિ શરીર પણ પાર્થિવ છે.

**પ્રશ્ન** : માનુષાદિ શરીરમાં ક્લેદ (પસીનો), ઉષ્મા આદિ પણ છે, તો તેને જલીય-તૈજસ આદિ પદાર્થ પણ કેમ ન કહેવાય ?

**ઉત્તર** : જો માનુષશરીરને જલીય-તૈજસ માનીને તેમાં જલત્વ-તેજસ્ત્વાદિ માનવામાં આવે તો જલત્વ-તેજસ્ત્વ જે જાતિરૂપે પ્રસિદ્ધ છે તે હવે પૃથ્વીત્વ સાથેના સાંકર્ય દોષના લીધે જાતિ નહિ બનવાની આપત્તિ આવશે.

સાંકર્યદોષ આ રીતે આવે :

પૃથ્વીત્વાભાવવત્ નદીજલમાં જલત્વ છે, જલત્વાભાવવત્ ઘટપૃથ્વીમાં પૃથ્વીત્વ છે અને આ પાર્થિવ-જલીય શરીરમાં પૃથ્વીત્વ-જલત્વ બે ય છે.

એ જ રીતે,

પૃથ્વીત્વાભાવવત્ સૂર્યકિરણમાં તેજસ્ત્વ છે, તેજસ્ત્વાભાવવત્ ઘટાદિમાં પૃથ્વીત્વ છે અને આ પાર્થિવ-તૈજસ શરીરમાં પૃથ્વીત્વ-તેજસ્ત્વ ઉભય છે.

આમ માનુષશરીરને પાર્થિવ માનવા સાથે જલીય કે તૈજસ પણ માનીએ તો સાંકર્યદોષને લીધે પૃથ્વીત્વ-જલત્વ-તેજસ્ત્વ ધર્મો જાતિ ન બનવાની આપત્તિ આવી જાય.

---

**मुक्तावली : न च तर्हि जलीयत्वादिकमेवास्तु न तु पार्थिवत्वमिति वाच्यम्, क्लेदादीनां विनाशेऽपि शरीरत्वेन प्रत्यभिज्ञानात्, गन्धाद्युपलब्धेश्च पृथिवीत्वसिद्धेः । तेन पार्थिवादिशरीरे जलादीनां निमित्तत्वमात्रं बोध्यम् । शरीरत्वं तु न जातिः, पृथिवीत्वादिना साङ्कर्यात्, किन्तु चेष्टाश्रयत्वम् ।**

**वृक्षादीनामपि चेष्टासत्त्वान्नाव्याप्तिः । न च वृक्षादेः शरीरत्वे किं मानमिति वाच्यम्, आध्यात्मिकवायुसम्बन्धस्य प्रमाणत्वात् । तत्रैव किं मानमिति चेत् ? भग्नक्षतसंरोहणादिना तदुन्नयनात् ।**

---

**મુક્તાવલી : પ્રશ્ન :** સાંકર્યદોષના ભયને લીધે પાર્થિવ એવા શરીરને ભલે જલીય અને તૈજસ ન માનો, પણ એ શરીરને કેવળ જલીય કે કેવળ તૈજસ માનો ને ? પાર્થિવ જ શા માટે માનવું જોઈએ ?

**ઉત્તર :** મડદાંને પણ શરીર કહેવાય છે. તે વખતે ક્લેદાદિ રૂપ જલનો કે હોજરીના અગ્નિરૂપ તૈજસનો વિનાશ થઈ ગયો છે માટે જ માનુષાદિ શરીરને પાર્થિવ માનવું જોઈએ. જો જલ કે તેજ હોવાથી જ તે શરીર કહેવાતું હોય તો મડદાંમાં જલ-તેજનો વિનાશ થયો હોવાથી તેને શરીર ન કહેવાત. વળી મડદામાં ગન્ધાદિ ઉપલબ્ધ થાય છે માટે તે શરીરને પાર્થિવ જ કહેવાય.

**પ્રશ્ન :** શરીર તો પાંચ ભૂતોનું બનેલું કહેવાય છે ને ? તમે તો માત્ર પૃથ્વીનું જ બનેલું કહો છો, તે શી રીતે ?

**ઉત્તર :** ના, માનુષાદિ શરીરનું ઉપાદાન-કારણ પૃથ્વી છે. બાકીના જલાદિ ચાર ભૂતો શરીરનું નિમિત્તકારણ તો છે જ. એટલે પાર્થિવ શરીરમાં ય પાંચેય ભૂતોની કારણતા તો છે જ.

એ જ રીતે વરૂણ દેવતાના જલીય શરીરમાં જલ ઉપાદાન-કારણ, અગ્નિ દેવતાના તૈજસ શરીરમાં તેજ ઉપાદાન-કારણ અને બાકીના ચાર ભૂત નિમિત્તકારણ હોય છે ઈત્યાદિ સમજી લેવું.

**પ્રશ્ન :** 'શરીરત્વ' એ જાતિ છે કે ઉપાધિ ?

**ઉત્તર :** પૃથ્વીત્વ સાથે સાંકર્ય આવવાથી તે જાતિ નથી પરન્તુ ઉપાધિ છે. જલાદિ ત્રણ શરીરમાં પૃથ્વીત્વ નથી અને શરીરત્વ છે, ઘટાદિમાં શરીરત્વ નથી અને પૃથ્વીત્વ છે અને પાર્થિવ માનુષશરીરમાં શરીરત્વ અને પૃથ્વીત્વ ઉભય છે.

**शरीरत्वम् चेष्टाश्रयत्वम् । हिताहितप्राप्तिपरिहारानुकूला क्रिया चेष्टा ।** વૃક્ષાદિમાં પણ ચેષ્ટા છે અને વૃક્ષાદિનું પણ શરીર કહેવાય છે માટે આ લક્ષણની તેમાં અવ્યાપ્તિ નહિ થાય.

**પ્રશ્ન :** વૃક્ષાદિનું પણ શરીર કહેવાય છે તેમાં પ્રમાણ શું છે ?

**ઉત્તર :** શરીરમાં સંભવી શકે તેવા આધ્યાત્મિક વાયુ=પ્રાણ ત્યાં છે માટે વૃક્ષાદિનું પણ શરીર કહી શકાય.

**પ્રશ્ન :** વૃક્ષાદિમાં આધ્યાત્મિક વાયુ છે તે વાતમાં ય શું પ્રમાણ છે ?

**ઉત્તર :** વૃક્ષમાં કે તેની શાખામાં છેદ મૂકવામાં આવે અથવા શાખાને કાપી નાંખવામાં આવે તો ત્યાં તરત તે છેદ રૂઝાય જાય છે અને બીજી શાખા ફૂટી નીકળે છે. આ ઉપરથી અનુમાન (ઉન્નયન) થાય છે કે વૃક્ષમાં આધ્યાત્મિક વાયુ હોવો જોઈએ. (ક્ષત=તૂટેલું. સંરોહણ=ફરી ઉગવું.)

---

**मुक्तावली : यदि हस्तादौ शरीरव्यवहारो न भवति तदाऽन्त्यावयवित्वेन विशेषणीयम् । न च यत्र शरीरे चेष्टा न जाता तत्राव्याप्तिरिति वाच्यम्, तादृशे प्रमाणाभावात् । अथवा चेष्टावदन्त्यावयविवृत्तिद्रव्यत्वव्याप्य-जातिमत्त्वं, अन्त्यावयविमात्रवृत्तिचेष्टावद्वृत्तिजातिमत्त्वं वा तत् । मानुषत्वचैत्रत्वादिजातिमादाय लक्षणसमन्वयः । न च नृसिंहशरीरे कथं लक्षणसमन्वयः, तत्र नृसिंहत्वस्यैकव्यक्तिवृत्तितया जातित्वाभावात् जलीय-तैजसशरीरवृत्तितया देवत्वस्यापि जातित्वाभावादिति वाच्यम्, कल्पभेदेन नृसिंहशरीरस्य नानात्वेन नृसिंहत्वजात्या लक्षणसमन्वयात् ।**

---

**મુક્તાવલી :** હસ્તાદિ શરીરના અવયવો છે માટે તે પણ શરીર જ કહેવાય અને તેમનામાં ચેષ્ટા પણ છે એટલે ચેષ્ટાશ્રયત્વ લક્ષણ તેમનામાં જાય પણ છે. એટલે લક્ષણની અવ્યાપ્તિ થતી નથી.

**પ્રશ્ન :** ના, હસ્તાદિને કાંઈ શરીર નથી કહેવાતું, માટે હસ્તાદિમાં શરીરનું લક્ષણ ન જવું જોઈએ. તેથી **चेष्टाश्रयत्वम्** લક્ષણ તો તેમાં અતિવ્યાપ્ત થાય છે.

**ઉત્તર :** જો હસ્તાદિમાં શરીરવ્યવહાર ન થતો હોય તો તો જરૂર તેમાં શરીરલક્ષણ ન જવું જોઈએ, પરંતુ 'ચેષ્ટાશ્રયત્વ' લક્ષણ તો તેમાં જાય છે માટે એ અતિવ્યાપ્તિ દૂર કરવા **अन्त्यावयवित्वे सति चेष्टाश्रयत्वम् शरीरत्वम्** કરીશું. હવે હસ્તાદિ એ અન્ત્યાવયવી નથી માટે એમાં અતિવ્યાપ્તિ નહિ થાય.

**પ્રશ્ન :** મૂર્ચ્છિત શરીરમાં કે સુષુપ્તિકાલીન શરીરમાં તો ચેષ્ટા નથી, તો ત્યાં લક્ષણની અવ્યાપ્તિ થશે ને ?

**ઉત્તર** : ત્યાં ચેષ્ટા નથી એ વાતમાં કોઈ પ્રમાણ નથી.

**પ્રશ્ન** : મૃતદેહમાં ચેષ્ટા નથી છતાં તે શરીર તો કહેવાય જ છે ને ? તો અહીં લક્ષણની અવ્યાપ્તિ નિશ્ચિત છે.

**ઉત્તર** : તો **चेष्टावदन्त्यावयविवृत्तिद्रव्यत्वव्याप्यजातिमत्त्वं शरीरत्वम्** લક્ષણ કરીશું. ચેષ્ટાવદ્ અન્ત્યાવયવી જીવિત ચૈત્રાદિનું શરીર, તેમાં રહેલી દ્રવ્યત્વવ્યાપ્યજાતિ માનુષત્વાદિ, તે વાળું મૃત શરીર પણ બની ગયું, તેથી અવ્યાપ્તિ આવે નહિ.

**પ્રશ્ન** : ચેષ્ટાવદન્ત્ય-અવયવી માનુષ-શરીર પાર્થિવ છે માટે તેમાં દ્રવ્યત્વવ્યાપ્ય-જાતિ જેમ માનુષત્વાદિ મળે છે તેમ પૃથ્વીત્વ પણ મળે છે, તે વાળો ઘટ બની જતાં તેમાં અતિવ્યાપ્તિ થશે.

**ઉત્તર** : તો અમે આ લક્ષણમાં પરિષ્કાર કરીશું.

પૃથ્વીત્વ જાતિ તો અન્ત્યાવયવીમાં રહે છે તેમ કપાલાદિ અવયવમાં પણ રહે છે, જ્યારે માત્ર અન્ત્યાવયવીમાં તો માનુષત્વાદિ તથા ઘટત્વાદિ જાતિ રહે છે. અને તેમાં ચેષ્ટાશ્રય એવા કેવળ અન્ત્યાવયવીમાં તો માત્ર શરીરત્વ જ રહે. એટલે હવે અમે કહીશું કે **अन्त्यावयविमात्रवृत्तिचेष्टावद्वृत्तिजातिमत्त्वम् = शरीरत्वम्** । હવે ઘટત્વને લઈને અતિવ્યાપ્તિ નહિ આવે, કેમકે ઘટત્વ એ ચેષ્ટાશ્રયવદ્વૃત્તિ નથી. પૃથ્વીત્વને લઈને પણ ઘટાદિમાં અતિવ્યાપ્તિ નહિ આવે, કેમકે પૃથ્વીત્વ એ અન્ત્યાવયવીમાત્રવૃત્તિ નથી. (અન્ત્યાવયવી સિવાયના કપાલાદિમાં પણ તે વૃત્તિ છે).

**પ્રશ્ન** : તમે આ જે છેલ્લો પરિષ્કાર કર્યો તેમાં ય નૃસિંહ-શરીરમાં અવ્યાપ્તિ થશે, કેમકે નૃસિંહમાં નૃસિંહત્વ એ એકવ્યક્તિવૃત્તિ ધર્મ હોવાથી જાતિ બનતી નથી તો પછી 'અન્ત્યાવયવિમાત્રવૃત્તિચેષ્ટાશ્રયવદ્વૃત્તિજાતિમત્ત્વ' તેમાં શી રીતે જશે ?

**ઉત્તર** : નૃસિંહમાં દેવત્વ જાતિ છે, તેને લઈને અવ્યાપ્તિ નહિ આવે.

**પ્રશ્ન** : ના, દેવત્વ જાતિ નહિ લેવાય, કેમકે દેવત્વનું જલત્વ-તેજસ્ત્વ સાથે સાંકર્ય આવે છે. તે આ રીતે :

નદીજલમાં દેવત્વ નથી, જલત્વ છે; સૂર્યાદિ દેવોમાં જલત્વ નથી, દેવત્વ છે અને જલીય દેવ-શરીરમાં જલત્વ-દેવત્વ બે ય છે.

એ જ રીતે,

સુવર્ણમાં દેવત્વ નથી, તેજસ્ત્વ છે; જલીય દેવોમાં દેવત્વ છે, તેજસ્ત્વ નથી અને તૈજસ દેવ-શરીરમાં દેવત્વ-તેજસ્ત્વ બે ય છે.

આમ દેવત્વ ધર્મ સાંકર્યદોષ-દુષ્ટ હોવાથી તે પણ જાતિરૂપ નથી તો પછી નૃસિંહ-શરીરમાં પરિષ્કૃત લક્ષણની અવ્યાપ્તિ થશે.

**ઉત્તર** : ના, કલ્પભેદથી નૃસિંહ અનેક છે માટે નૃસિંહત્વ અનેકવ્યક્તિવૃત્તિજાતિ જ છે. માટે તેને લઈને લક્ષણનો સમન્વય થઈ જાય છે.

---

**मुक्तावली : इन्द्रियमिति । घ्राणेन्द्रियं पार्थिवमित्यर्थः । पार्थिवत्वं कथमिति चेत् ? इत्थम्, घ्राणेन्द्रियं पार्थिवं रूपादिषु मध्ये गन्धस्यैवाभिव्यञ्जकत्वात्, कुङ्कुमगन्धाभिव्यञ्जकगोघृतवत् । न च दृष्टान्ते स्वीयरूपादिव्यञ्जकत्वाद-सिद्धिरिति वाच्यम्, परकीयरूपाद्यव्यञ्जकत्वस्य तदर्थत्वात् । न चैवं नवशरावगन्धव्यञ्जकजलेऽनैकान्तिकत्वमिति वाच्यम्, तस्य सक्तुरसाभि-व्यञ्जकत्वात् ।**

---

**મુક્તાવલી** : (૨) **ઇન્દ્રિય** : ઘ્રાણેન્દ્રિય પાર્થિવ છે.

**પ્રશ્ન** : ઘ્રાણેન્દ્રિય પાર્થિવ છે તેમાં પ્રમાણ શું છે ?

**ઉત્તર** : અહીં અનુમાન પ્રમાણ છે. તે આ પ્રમાણે : **घ्राणेन्द्रियं पार्थिवं रूपादिषु मध्ये गन्धस्यैवाभिव्यञ्जकत्वात् कुङ्कुमगन्धाभिव्यञ्जकगोघृतवत्** । ઘ્રાણેન્દ્રિય એ રૂપ, રસ, ગન્ધ, સ્પર્શમાંથી ગંધની જ અભિવ્યંજક છે માટે તે પાર્થિવ છે. જે જે રૂપાદિમાંથી ગંધના જ અભિવ્યંજક હોય તે તે પાર્થિવ હોય. જેમકે ગાયનું ઘી. તે જ્યારે કુંકુમમાં નાંખવામાં આવે ત્યારે તરત કુંકુમની ગંધ અભિવ્યક્ત થઈ જાય છે. આમ ગાયનું ઘી કુંકુમના રૂપાદિમાંથી ગંધનું જ વ્યંજક હોવાથી જેમ પાર્થિવ છે તેમ ઘ્રાણેન્દ્રિય પણ આમ્ર વગેરેના રૂપાદિમાંથી ગંધની જ વ્યંજક હોવાથી તે પાર્થિવ છે એમ અનુમાનથી સિદ્ધ થઈ જાય છે.

**પ્રશ્ન** : દૃષ્ટાંતમાં તમે જે ગોઘૃત લીધું છે તે ભલે કુંકુમના રૂપાદિમાંથી તો ગંધનું જ વ્યંજક છે, પણ તે ગોઘૃત પોતાના તો રૂપાદિનું પણ વ્યંજક છે જ ને ? આમ **रूपादिज्ञानाजनकत्वे सति गन्धज्ञानजनकत्वम्** હેતુમાં સત્યંતદલ રૂપ વિશેષણ દૃષ્ટાંતમાં અસિદ્ધ થાય છે.

**ઉત્તર** : **परकीयरूपादिषु मध्ये गन्धस्यैवाभिव्यञ्जकत्वम्** હેતુ કરીશું. ગોઘૃત ભલે સ્વીય રૂપાદિનું વ્યંજક છે, પણ પરકીય કુંકુમના તો રૂપાદિનું અવ્યંજક હોઈને માત્ર ગંધનું જ વ્યંજક છે.

**પ્રશ્ન :** જ્યારે નવા ઘડામાં પાણી નાંખવામાં આવે છે ત્યારે ઘટની ગંધ એકદમ વ્યક્ત થાય છે. આમ જલ પણ ઘટના રૂપાદિમાંથી ગંધનો જ અભિવ્યંજક બનવાથી હેતુ વ્યભિચારી થાય છે.

**ઉત્તર :** ના, જલ જેમ ગંધનો વ્યંજક છે તેમ સક્તુ(આટા)ના રસનો પણ વ્યંજક છે, માટે જલમાં ગન્ધનું જ વ્યંજકત્વ નથી. તેથી હેતુ વ્યભિચારી બનતો નથી.

---

**मुक्तावली : यद्वा परकीयेति न देयं वायूपनीतसुरभिभागस्य दृष्टान्तत्व-सम्भवात् । न च घ्राणेन्द्रियसन्निकर्षस्य गन्धमात्राभिव्यञ्जकत्वात्तत्र व्यभिचार इति वाच्यम्, द्रव्यत्वे सतीति विशेषणात् ।**

---

**મુક્તાવલી :** અથવા તો એમ સમજો કે કુંકુમનું અભિવ્યંજક ગોઘૃત સ્વીય રૂપાદિનું વ્યંજક હતું માટે જ 'પરકીય' વિશેષણ મૂકવું પડ્યું. અને આમ પરકીય પદના નિવેશથી હેતુમાં ગૌરવ આવ્યું. એટલે હવે અમે દૃષ્ટાન્ત જ બદલી નાંખીશું કે જે દૃષ્ટાન્તમાં સ્વીય રૂપાદિ-વ્યંજકતા જ ન મળે અને 'પરકીય' પદના નિવેશની જરૂર ન રહે.

હવે વાયુ-ઉપનીત સુરભિ-ભાગને દૃષ્ટાંત બનાવીશું. તે આ રીતે :

વાયુમાં ખેંચાઈ આવેલા સુગંધના કણીયા દેખાતા નથી એટલે સ્વીય રૂપાદિના વ્યંજક નથી, માત્ર સ્વીય ગંધના જ વ્યંજક બને છે. પરકીય પણ રૂપાદિના તે વ્યંજક નથી જ. આમ આ દૃષ્ટાંતમાં **रूपादिषु मध्ये गन्धस्यैव व्यञ्जकत्वम्** મળી જાય છે. ઘ્રાણેન્દ્રિય પણ સ્વ-પર રૂપાદિ મધ્યે પર-ગંધની જ વ્યંજક છે માટે પાર્થિવ છે.

**પ્રશ્ન :** જેમ ઘ્રાણેન્દ્રિય રૂપાદિની મધ્યમાં ગન્ધની જ વ્યંજક છે તેમ ઘ્રાણેન્દ્રિયનો સંનિકર્ષ પણ **रूपादिषु मध्ये गन्धस्यैव** વ્યંજક છે. તો ઘ્રાણેન્દ્રિયના સન્નિકર્ષમાં પણ હેતુ ચાલ્યો જશે અને ત્યાં પાર્થિવત્વ રૂપ સાધ્ય નહિ જાય, કેમકે સંનિકર્ષ તો ઘ્રાણસંયુક્ત સમવાય છે. (ઘ્રાણસંયુક્ત આમ્રાદિ, તેમાં રહેલ ગંધ સાથે સમવાયસંબંધ થયો.) આ સમવાય તો છઠ્ઠો પદાર્થ છે.

**ઉત્તર :** બરોબર છે. આ વ્યભિચાર દોષ નિવારવા **द्रव्यत्वे सति रूपादिषु मध्ये गन्धस्यैव व्यञ्जकत्वात्** કરીશું. ઘ્રાણેન્દ્રિયમાં **रूपादिषु मध्ये गन्धस्यैव व्यञ्जकत्वम्** છે, અને તે દ્રવ્ય પણ છે. ઘ્રાણેન્દ્રિય સંનિકર્ષ દ્રવ્ય નથી પણ સમવાય પદાર્થ છે.

---

**मुक्तावली : विषयमाह - विषय इति । उपभोगसाधनं विषयः । सर्वमेव हि**

कार्यजातमदृष्टाधीनम् । यत्कार्यं यददृष्टाधीनं तत्तदुपभोगं साक्षात् परम्परया वा जनयत्येव न हि बीजप्रयोजनाभ्यां विना कस्यचिदुत्पत्तिरस्ति, तेन द्व्यणुकादि ब्रह्माण्डान्तं सर्वमेव विषयो भवति । शरीरेन्द्रिययोर्विषयत्वेऽपि प्रकारान्तरेणोपन्यासः शिष्यबुद्धिवैशद्यार्थः ॥

**મુક્તાવલી :** (૩) **વિષય :** ઉપભોગનું સાધન વિષય કહેવાય, અર્થાત્ સુખનો કે દુઃખનો સાક્ષાત્કાર કરવો તે ઉપભોગ કહેવાય. અને તે સુખદુઃખાનુભવમાં સાક્ષાત્ કે પરંપરયા હેતુ (પ્રયોજક) બનનારા બધા પદાર્થ વિષય કહેવાય.

હવે મુક્તાવલીકાર કાર્ય અને અદૃષ્ટનો કાર્ય-કારણભાવ બતાવીને વિષયનું ઉપપાદન કરે છે.

જગતના તમામ કાર્યો અદૃષ્ટથી જન્ય (આધીન) છે. જે કાર્ય જે વ્યક્તિના અદૃષ્ટથી ઉત્પન્ન થાય તે કાર્ય (વિષય) તે વ્યક્તિના ઉપભોગમાં આવે, અર્થાત્ સાક્ષાત્ કે પરંપરયા તે કાર્ય તે વ્યક્તિના ઉપભોગનું સાધન (વિષય) બને જ.

કોઈપણ કાર્યની ઉત્પત્તિ બીજ (કારણ) અને પ્રયોજન (સુખાદિ ફળ) વિના થઈ શકતી જ નથી. એટલે દ્વ્યણુકથી માંડીને બ્રહ્માંડ સુધીના તમામ કાર્યો તે તે વ્યક્તિના તે તે અદૃષ્ટરૂપ કારણને લીધે તથા તે તે વ્યક્તિના સુખાદિ ફળને લીધે જ ઉત્પન્ન થાય છે તેમ માનવું જોઈએ. આમ દ્વ્યણુકાદિ બધા ય કાર્યો તે તે વ્યક્તિના ઉપભોગનું સાધન=વિષય બને છે.


**પ્રશ્ન :** તમે શરીર, ઈન્દ્રિય અને વિષય એમ ત્રણ પ્રકારની પૃથ્વી કેમ બતાવી ? શરીર અને ઈન્દ્રિય પણ એક પ્રકારના વિષય જ છે, તો વિષયમાં જ તેનો સમાવેશ ન કરી લેવાય?

**ઉત્તર :** હા, છતાં શિષ્યમતિવૈશદ્યાર્થે ત્રણ પ્રકારની પૃથ્વી કહી છે.

कारिकावली : वर्णः शुक्लो रसस्पर्शौ जले मधुरशीतलौ ।
स्नेहस्तत्र द्रवत्वं तु सांसिद्धिकमुदाहृतम् ॥३९॥

मुक्तावली : जलं निरूपयति - वर्णः शुक्ल इति । स्नेहसमवायिकारणतावच्छेदकतया जलत्वजातिः सिद्ध्यति । यद्यपि स्नेहत्वं नित्यानित्यवृत्तितया न कार्यतावच्छेदकं तथापि जन्यस्नेहत्वं तथा बोध्यम् । अथ परमाणौ जलत्वं न स्यात्तत्र जन्यस्नेहाभावात् तस्य च नित्यस्य स्वरूपयोग्यत्वे फलावश्यम्भावनियमादिति चेत् ? न, जन्यस्नेहजनकतावच्छेदकतया जन्यजलत्वजातेः सिद्धौ, तदवच्छिन्नजनकतावच्छेदकतया जलत्वजातिसिद्धेः ।

**મુક્તાવલી : જલત્વ-જાતિ સિદ્ધિ :** સ્નેહસમવાયિકારણતાવચ્છેદકતયા જલત્વની જાતિ તરીકે સિદ્ધિ થાય.





**समवायसम्बन्धावच्छिन्नस्नेहत्वावच्छिन्नकार्यतानिरूपिता तादात्म्यसम्बन्धावच्छिन्ना समवायिकारणता किञ्चिद्धर्मावच्छिन्ना कारणतात्वात् । इत्यादि...स च धर्मः जलत्वम् ।**

**પ્રશ્ન :** સ્નેહત્વાવચ્છિન્ન કાર્યતા ત્યારે જ બને કે જ્યાં સ્નેહત્વ હોય ત્યાં કાર્યતા હોય. પણ આવું તો બનતું નથી, કેમકે સ્નેહત્વ તો નિત્યસ્નેહમાં પણ રહે છે, પરંતુ ત્યાં કાર્યતા તો નથી.

**ઉત્તર :** તમારી વાત બરોબર છે. માટે અમે સ્નેહસામાન્યની સમવાયિકારણતા ન લેતાં જન્યસ્નેહની સમવાયિકારણતા કિઞ્ચિદ્ધર્માવચ્છિન્ના કહીશું.

**પ્રશ્ન :** અરે, આમ કરશો તો જન્યજલમાં જ જન્યજલત્વ સિદ્ધ થશે, જલીય પરમાણુમાં જલત્વ સિદ્ધ નહિ થાય, કેમકે ત્યાં તો જન્યસ્નેહ જ નથી.





**ઉત્તર :** જેમ અરણ્યસ્થ દંડ ઘટરૂપી ફલનો ઉત્પાદક ન હોવા છતાં તે દંડમાં ઘટકારણતાવચ્છેદકરૂપ દંડત્વ મનાય છે તેમ પ્રસ્તુતમાં પણ જલીય પરમાણુમાં સ્નેહ ઉત્પન્ન થતો ન હોવા છતાં જન્યસ્નેહકારણતાવચ્છેદક જલત્વ કેમ સિદ્ધ ન થાય? અર્થાત્ ઘટની સ્વરૂપયોગ્યતા જેમ અરણ્યસ્થ દંડમાં છે તેમ જન્યસ્નેહની સ્વરૂપયોગ્યતા રૂપ કારણતા જલીય પરમાણુમાં છે, તેનો અવચ્છેદક જલત્વ બની જાય. આમ જલીય પરમાણુમાં પણ જલત્વ સિદ્ધ થઈ જાય.

**પ્રશ્ન :** નહિ, આ વાત તો બરોબર નથી. અરણ્યસ્થ દંડ તો અનિત્ય છે, એટલે તેનામાં ઘટોત્પત્તિની સ્વરૂપયોગ્યતા હોવા છતાં 'તે દંડથી ગમે ત્યારે ઘટ થવો જ જોઈએ' એમ ન કહેવાય, કેમકે તે દંડ ક્વચિત્ નાશ પણ પામી જાય તો શી રીતે ઘટોત્પત્તિ કરે? પણ જો જલીય પરમાણુમાં જન્યસ્નેહસ્વરૂપયોગ્યતા હોય તો તે જલીય પરમાણુમાં ગમે ત્યારે પણ સ્નેહ ઉત્પન્ન થવો જ જોઈએ. જલીય પરમાણુ તો દંડની જેમ ક્યારેય પણ નાશ પામવાનો નથી અને તેનામાં સ્નેહોત્પત્તિની સ્વરૂપયોગ્યતા છે તો ગમે ત્યારે પણ અવશ્ય સ્નેહરૂપ કાર્ય ઉત્પન્ન કરવું જ પડશે, પણ આવું તો બનતું નથી. માટે જન્યસ્નેહની સ્વરૂપયોગ્યતા જલીય પરમાણુમાં ન મનાય. અને તેથી જન્યસ્નેહની સમવાયિકારણતાના અવચ્છેદક તરીકે જન્યજલમાં જલત્વ સિદ્ધ થાય પણ નિત્યજલમાં જલત્વની સિદ્ધિ નહિ થાય.

**ઉત્તર :** બે અનુમાન કરવા દ્વારા અમે જન્યાજન્ય ઉભય જલમાં જલત્વ સિદ્ધ કરી દઈશું. તે આ પ્રમાણે :

**પહેલું અનુમાન :** જ્યાં સમવાયેન જન્યસ્નેહ કાર્ય છે ત્યાં તાદાત્મ્યેન જન્યજલ કારણ છે. એટલે :

**समवायसम्बन्धावच्छिन्ना जन्यस्नेहत्वावच्छिन्ना या कार्यता तन्निरूपिता तादात्म्य-सम्बन्धावच्छिन्ना समवायिकारणता किञ्चिद्धर्मावच्छिन्ना कारणतात्वात् । स च धर्मः जन्यजलत्वम् ।**




આ રીતે જન્યજલમાં જન્યસ્નેહની કારણતાના અવચ્છેદક તરીકે જન્યજલત્વની સિદ્ધિ થઈ.

**બીજું અનુમાન :** હવે નિત્યજલમાં જલત્વ સિદ્ધ કરીએ.

એવો નિયમ છે કે જ્યાં સમવાયેન જન્યજલ હોય ત્યાં તાદાત્મ્યેન જલ હોય. સમવાયેન ચતુરણુક જલ પ્રતિ તાદાત્મ્યેન ત્ર્યણુક જલ કારણ છે. (ત્ર્યણુક જલમાંથી ચતુરણુક જલ ઉત્પન્ન થાય.) એ જ રીતે સમવાયેન જ્યાં ત્ર્યણુક જલ ઉત્પન્ન થાય છે ત્યાં તાદાત્મ્યેન દ્વ્યણુક જલ કારણ છે. અને એ જ રીતે જ્યાં સમવાયેન દ્વ્યણુક જલ ઉત્પન્ન થાય છે ત્યાં તાદાત્મ્યેન પરમાણુ જલ કારણ છે. આમ થતાં દ્વ્યણુક જલની કારણતાનો અવચ્છેદક પરમાણુજલનિષ્ઠ જલત્વ સિદ્ધ થઈ ગયું.

**समवायसम्बन्धावच्छिन्नजन्यस्नेहत्वावच्छिन्नकार्यतानिरूपिततादात्म्यसम्बन्धावच्छिन्ना समवायिकारणता किञ्चिद्धर्मावच्छिन्ना कारणतात्वात् । स च धर्मः जलत्वम् ।**

આ બે અનુમાનથી જન્યાજન્ય ઉભય જલમાં જલત્વ જાતિ સિદ્ધ થઈ.

---

**मुक्तावली : शुक्लरूपमेव जलस्येति दर्शयितुमुक्तं वर्णः शुक्ल इति, न तु शुक्लरूपवत्त्वं लक्षणम् । अथवा नैमित्तिकद्रवत्ववदवृत्तिरूपवद्वृत्तिद्रव्यत्वसाक्षाद्व्याप्यजातिमत्त्वम्, अभास्वरशुक्लेतररूपासमानाधिकरणरूपवद्वृत्तिद्रव्यत्वसाक्षाद्व्याप्यजातिमत्त्वं वा तदर्थः । तेन स्फटिकादौ नातिव्याप्तिः ।**

---

**મુક્તાવલી : (૧) જલનું રૂપ :** જલનો વર્ણ શુક્લ છે. આ ઉપરથી **शुक्लरूपवत्त्वम्** એવું લક્ષણ ન થાય, કેમકે તેમ કરતાં તે લક્ષણ પૃથ્વ્યાદિમાં અતિવ્યાપ્ત થઈ જાય, કેમકે

પૃથ્વ્યાદિમાં પણ શુક્લ રૂપ તો છે જ. અથવા 'શુક્લરૂપવત્ત્વ'ને જલનું લક્ષણ કરવું હોય તો પૃથ્વ્યાદિમાં તેની અતિવ્યાપ્તિ ન થાય તે માટે તે લક્ષણનો આવો પરિષ્કાર કરવો જોઈએ : '**नैमित्तिकद्रवत्ववदवृत्तिरूपवद्वृत्तिद्रव्यत्वसाक्षाद्व्याप्यजातिमत्त्वम् ।**'

પૃથ્વ્યાદિ ત્રણેય રૂપવદ્ છે. તેમાં પૃથ્વી અને તેજનું નૈમિત્તિકદ્રવત્વ છે. નૈમિત્તિક દ્રવત્વવદ્‌માં ન રહેનારી જાતિ કહી એટલે પૃથ્વીત્વ અને તેજસ્ત્વ જાતિ ન લેવાય. જલનું તો સાંસિદ્ધિક દ્રવત્વ છે. એટલે નૈમિત્તિક દ્રવત્વવદ્‌માં અવૃત્તિ અને રૂપવદ્‌માં વૃત્તિ એવી દ્રવ્યત્વસાક્ષાત્‌વ્યાપ્યજાતિ જલત્વ જ બને, તે વાળા બધા જલ બને. હવે આ પરિષ્કૃત લક્ષણની પૃથ્વ્યાદિમાં અતિવ્યાપ્તિ નહિ થાય.

**પ્રશ્ન :** '**शुक्लरूपवत्त्वं जलत्वम्**' નો આ તે કેવો પરિષ્કાર કે જેમાં શુક્લનું નામ પણ ન આવે અને નૈમિત્તિકદ્રવત્વ જેવી અપ્રસ્તુત વસ્તુ ઉમેરાઈ જાય ? આ તો અનુપસ્થિત નૈમિત્તિકદ્રવત્વને ઉપસ્થિત કરવાથી ઉપસ્થિતિકૃત ગૌરવ દોષ છે.

**ઉત્તર :** સારૂં, તો હવે અમે બીજો પરિષ્કાર લઈશું : '**अभास्वरशुक्लेतररूपासमानाधिकरणरूपवद्वृत्तिद्रव्यत्वसाक्षाद्व्याप्यजातिमत्त्वम् ।**' રૂપવદ્‌વૃત્તિ પૃથ્વીત્વાદિ ત્રણ જાતિ છે, પણ તેમાં અભાસ્વરશુક્લેતરરૂપ-અસમાનાધિકરણ જાતિ તો જલત્વ જ છે, કેમકે પૃથ્વીત્વ તો અભાસ્વરશુક્લથી ઈતર જે નીલપીતાદિ રૂપો, તત્ સમાનાધિકરણ જાતિ છે. અને તેજસ્ત્વ જાતિ પણ અભાસ્વરશુક્લેતર એવું જે ભાસ્વરશુક્લ, તત્સમાનાધિકરણ જાતિ છે. જલમાં તો અભાસ્વરશુક્લ રૂપ જ છે, એટલે અભાસ્વરશુક્લેતર નીલ-પીતાદિ કે ભાસ્વરશુક્લાદિ રૂપની તે સમાનાધિકરણ જાતિ નથી જ. આ પરિષ્કારમાં ઉપસ્થિત એવા 'શુક્લ' પદનો નિવેશ પણ છે. જો માત્ર રૂપવદ્‌વૃત્તિ-દ્રવ્યત્વસાક્ષાત્‌વ્યાપ્ય જાતિ કહેત તો સ્ફટિક વગેરે રૂપ પૃથ્વીમાં અતિવ્યાપ્તિ થાત. હવે તે અતિવ્યાપ્તિ નહિ થાય.

---

**मुक्तावली : रसस्पर्शाविति । जलस्य मधुर एव रसः, शीत एव स्पर्शः । तिक्तरसवदवृत्तिमधुरवद्वृत्तिद्रव्यत्वसाक्षाद्व्याप्यजातिमत्त्वं तदर्थः । तेन शर्करादौ नातिव्याप्तिः । शीतेतरस्पर्शवदवृत्तिस्पर्शवद्वृत्तिद्रव्यत्वसाक्षाद्व्याप्यजातिमत्त्वं तदर्थः ।**

---

**મુક્તાવલી :** (૨) (૩) **જલના રસ-સ્પર્શ :** જલનો રસ મધુર જ છે. જલનો સ્પર્શ શીત જ છે.

**પ્રશ્ન : मधुररसवत्त्वं जलत्वम्** લક્ષણની શર્કરાદિ પૃથ્વીમાં અતિવ્યાપ્તિ થશે, કેમકે શર્કરા પણ મધુર રસવાળી છે.

**ઉત્તર** : ના, '**तिक्तरसवदवृत्तिमधुररसवद्वृत्तिद्रव्यत्वसाक्षाद्व्याप्यजातिमत्त्वम् जलत्वम्**' એમ લક્ષણનો પરિષ્કાર કરીશું, એટલે હવે તે અતિવ્યાપ્તિ દોષ આવશે નહિ.

મધુર રસ પૃથ્વી અને જલ બેમાં છે, એટલે મધુરવદ્વૃત્તિ જાતિ પૃથ્વીત્વ-જલત્વ બે બને, પણ તેમાં તિક્તરસવદવૃત્તિ તો જલત્વ જાતિ જ બને, કેમકે પૃથ્વીત્વ જાતિ તો તિક્તરસવદ્ પૃથ્વીમાં વૃત્તિ જાતિ છે. એટલે તિક્તરસવદ્માં ન રહેનારી અને મધુરવદ્માં રહેનારી દ્રવ્યત્વસાક્ષાત્વ્યાપ્યજાતિ તો જલત્વ જ બને. તે વાળા બધા જલ બને અને શર્કરાદિ ન બને માટે અતિવ્યાપ્તિ નહિ થાય.

**પ્રશ્ન** : જલનો શીત સ્પર્શ કહીને તમે **शीतस्पर्शवत्त्वम्** એવું જલનું લક્ષણ કર્યું, પણ ઉત્પત્તિકાલીન જલ સ્પર્શાદિ ગુણશૂન્ય હોવાથી આ લક્ષણ તે ઉત્પત્તિકાલીન જલમાં અવ્યાપ્ત થશે.

**ઉત્તર** : તો હવે અમે 'શીતસ્પર્શવત્ત્વ'નો પરિષ્કાર કરીશું : '**शीतेतरस्पर्शवदवृत्ति-स्पर्शवद्वृत्तिद्रव्यत्वसाक्षाद्व्याप्यजातिमत्त्वम्**' પૃથ્વ્યાદિ ચાર સ્પર્શવદ્ છે માટે સ્પર્શવદ્વૃત્તિ જાતિ પૃથ્વીત્વાદિ ચાર બને. પણ તેમાં શીતેતર સ્પર્શ એટલે અનુષ્ણાશીત, ઉષ્ણ વગેરે જે સ્પર્શ, તે વાળા પૃથ્વી, તેજ અને વાયુ છે. (પૃથ્વી-વાયુનો અનુષ્ણાશીત અને તેજનો ઉષ્ણ સ્પર્શ છે.) એટલે શીતેતરસ્પર્શવદવૃત્તિ તો પૃથ્વીત્વાદિ ચારમાંથી જલત્વ જાતિ જ બને. તે વાળું ઉત્પત્તિકાલીન જલ પણ છે જ માટે તેમાં અવ્યાપ્તિ નહિ આવે.

---

**मुक्तावली : ननु शुक्लरूपमेवेति कुतः, कालिन्दीजलादौ नीलिमोपलब्धेरिति चेत् ? न, नीलजनकतावच्छेदिकायाः पृथिवीत्वजातेरभावाज्जले नीलरूपासम्भवात् । कालिन्दीजले नीलत्वप्रतीतिस्त्वाश्रयौपाधिकी, अत एव वियति विक्षेपे धवलिमोपलब्धिः ।**

---

**મુક્તાવલી : પ્રશ્ન** : જલનું રૂપ શુક્લ જ હોય એ વાતમાં કોઈ પ્રમાણ નથી. યમુનાનું કે નવા મેઘ વગેરેનું જલ કાળું પ્રત્યક્ષસિદ્ધ છે.

**ઉત્તર** : સમવાયેન નીલકાર્ય પ્રતિ તાદાત્મ્યેન પૃથ્વી જ કારણ છે, અર્થાત્ નીલની

કારણતાનો અવચ્છેદક પૃથ્વીત્વ જાતિ જ છે. તે જલમાં તો છે જ નહિ. જ્યાં પૃથ્વીત્વ જાતિ હોય તે પૃથ્વીમાં જ નીલરૂપ હોય. જલમાં નીલજનકતાવચ્છેદક પૃથ્વીત્વ જાતિ નથી માટે ત્યાં નીલરૂપ પણ નથી જ.

**પ્રશ્ન** : તો પછી યમુનાદિના જલમાં નીલરૂપ પ્રતીત થાય છે તેનું શું ?

**ઉત્તર** : યમુનાદિના જલમાં જે નીચે નીલ પૃથ્વી છે તેની પ્રતીતિ જલમાં થાય છે, અર્થાત્ જલનો જે શ્યામ પૃથ્વી આશ્રય બનેલ છે તે શ્યામ પૃથ્વીરૂપ ઉપાધિને કારણે જલમાં નીલવત્તાની પ્રતીતિ થાય છે. (જેમ સ્ફટિકમાં જપાકુસુમરૂપ ઉપાધિથી રક્તવર્ણની ઔપાધિકી પ્રતીતિ થાય છે તેમ.)

**પ્રશ્ન** : આ હકીકતમાં પ્રમાણ શું છે ?

**ઉત્તર** : પ્રમાણ એ જ કે તે જ યમુના-જલને આકાશમાં અદ્ધર ઉછાળવામાં આવે તો તે શુક્લ દેખાય છે, કેમકે તે વખતે શ્યામ પૃથ્વીરૂપ આશ્રયનો સંબંધ રહેતો નથી.

---

**मुक्तावली : अथ जले माधुर्ये किं मानम् ? न हि प्रत्यक्षेण कोऽपि रसस्तत्रानुभूयते । न च नारिकेलजलादौ माधुर्यमुपलभ्यत एवेति वाच्यम्, तस्याश्रयौपाधिकत्वात् । अन्यथा जम्बीररसादावाम्लादिरसोपलब्धे-राम्लादिमत्त्वमपि स्यादिति चेत् ?**

---

**મુક્તાવલી : પ્રશ્ન** : જલમાં માધુર્ય છે તેમાં શું પ્રમાણ છે ? કેમકે પ્રત્યક્ષથી તો જલમાં કોઈપણ રસની પ્રતીતિ થતી જ નથી.

**ઉત્તર** : નાળિયેરના જલમાં પ્રત્યક્ષથી જ માધુર્ય ઉપલબ્ધ થાય છે.

**પ્રશ્ન** : ના, એ કાંઈ જલનું માધુર્ય નથી કિન્તુ એ જલના આશ્રયભૂત નાળિયેર ફળરૂપ પૃથ્વીનું માધુર્ય જલમાં પ્રતીત થાય છે. અને જો આમ છતાં એ માધુર્ય જલનું જ કહેવું હોય તો 'જલનો મધુર જ રસ છે' એમ નહિ કહેવાય, કેમકે પછી તો લીંબુના પાણીમાં ખટાશ હોવાથી જલનો આમ્લરસ પણ કહેવો પડશે. પરંતુ તે આમ્લરસ પણ લીંબુ રૂપ આશ્રયાત્મક ઉપાધિથી છે. વસ્તુતઃ તે ખટાશ જલની નથી અને નાળિયેરના જલમાં માધુર્ય પણ જલનું પોતાનું નથી. તો પછી જલનો મધુર રસ છે તેમાં પ્રમાણ શું છે ?

---

**मुक्तावली : न, हरितक्यादिभक्षणस्य जलरसव्यञ्जकत्वात् । न च**

हरीतक्यामेव जलोष्मसंयोगाद्रसान्तरोत्पत्तिरिति वाच्यम्, कल्पनागौरवात् । पृथिवीत्वस्याम्लादिजनकतावच्छेदकत्वाच्च जले नाम्लादिकम् । जम्बीर-रसादौ त्वाश्रयौपाधिकी तथा प्रतीतिः । एवं जन्यशीतस्पर्शजनकतावच्छेदकं जन्यजलत्वं तदवच्छिन्नजनकतावच्छेदकं जलत्वं बोध्यम् ।

---

**મુક્તાવલી : ઉત્તર :** હરડે ખાધા પછી જો પાણી પીવામાં આવે તો તે પાણીમાં માધુર્યની પ્રતીતિ થાય છે. આ માધુર્યને હરડે અભિવ્યક્ત કરે છે. વળી હરડે તો તૂરી છે, એટલે હરડેનું માધુર્ય પાણીમાં આવ્યું તેમ તો કહેવાશે નહિ.

**પ્રશ્ન :** આ વાત તો બરાબર નથી. પરંતુ હરડે ખાધા પછી પાણી અને મોઢાની ઉષ્મા બે નો સંયોગ થવાથી હરડેમાં જ નવો મધુર રસ ઉત્પન્ન થાય છે. એટલે પાણીમાં તો મધુર રસની સિદ્ધિ થતી જ નથી.

**નૈયાયિક :** નહિ, આ કલ્પના તો ગૌરવગ્રસ્ત છે. એ કરતાં જલમાં જ મધુર રસ માની લેવામાં લાઘવ છે.

**પ્રશ્ન :** તો પછી જલમાં લીંબુનો આમ્લરસ પણ કેમ ન મનાય ?

**નૈયાયિક :** આમ્લરસનો જનક પૃથ્વી છે, અર્થાત્ આમ્લજનકતાવચ્છેદક પૃથ્વીત્વ છે. જ્યાં પૃથ્વીત્વ હોય ત્યાં જ આમ્લરસ હોય. લીંબુમાં પૃથ્વીત્વ છે તો ત્યાં આમ્લરસ પણ છે જ. જલમાં આમ્લજનકતાવચ્છેદક પૃથ્વીત્વ નથી માટે જલમાં આમ્લરસ પણ નથી. લીંબુના જલમાં જે ખટાશ છે તે તેના આશ્રયરૂપ ઉપાધિથી જણાય છે, અર્થાત્ જલની પોતાની તે ખટાશ નથી.

જેમ જન્યસ્નેહ સમવાયિકારણતાવચ્છેદકતયા જન્યજલત્વની અને જન્યજલત્વાવચ્છિન્ન જન્યજલની સમવાયિકારણતાના અવચ્છેદક તરીકે જલત્વની સિદ્ધિ પૂર્વે કરી હતી તેમ અહીં પણ જન્યશીતસ્પર્શની સમવાયિકારણતાના અવચ્છેદક તરીકે જન્યજલત્વની અને જન્યજલત્વાવચ્છિન્ન જન્યજલની સમવાયિકારણતાના અવચ્છેદક તરીકે જલત્વની સિદ્ધિ જાણવી.

---

**मुक्तावली :** घृष्टचन्दनादौ तु शैत्योपलब्धिश्चन्दनान्तर्वर्तिशीततरसलिलस्यैव। तेजःसंयोगाज्जले उष्णप्रतीतिरौपाधिकी स्फुटैव, तत्र पाकासम्भवात् । स्नेहस्तत्रेति । घृतादावपि तदन्तर्वर्तिजलस्यैव स्नेहः, जलस्य स्नेहसमवायि-

कारणत्वात् । तेन जल एव स्नेह इति मन्तव्यम् ।

**મુક્તાવલી : પ્રશ્ન :** ઘસેલું ચંદન પૃથ્વી છે, તેમાં શીતસ્પર્શ ક્યાંથી આવ્યો ? પૃથ્વીનો તો અનુષ્ણાશીત સ્પર્શ છે ને ?

**ઉત્તર :** એ ચંદનમાં જે જલીયાંશ છે તેનો જ એ શીતસ્પર્શ છે. એ જ રીતે ઉકળેલા પાણીમાં ઉષ્ણતા લાગે છે તે પણ તેજના સંયોગથી જણાય છે, અર્થાત્ એ ઉષ્ણતા જલની પોતાની નથી પણ તેજ-સંયોગને લીધે ઔપાધિકી છે. જલમાં પાક સંભવી શકતો નથી. **तेजःसंयोगसत्त्वे जले उष्णत्वम् तेजःसंयोगाभावे जले उष्णताभावः ।**

**(૪) જલમાં સ્નેહ :** સ્નેહ જલમાં જ હોય છે.

**પ્રશ્ન :** તો પછી પૃથ્વી સ્વરૂપ ઘીમાં સ્નેહ દેખાય છે તેનું શું ?

**ઉત્તર :** ઘીમાં જે જલીયાંશ છે તેનો સ્નેહ ઘીમાં પ્રતીત થાય છે, કેમકે સ્નેહનું સમવાયિકારણ તો જલ જ છે.

**मुक्तावली : द्रवत्वमिति । सांसिद्धिकद्रवत्वत्वं जातिविशेषः प्रत्यक्षसिद्धः । तदवच्छिन्नजनकतावच्छेदकमपि तदेवेति भावः । तैलादावपि जलस्यैव द्रवत्वं, स्नेहप्रकर्षेण च दहनानुकूल्यमिति वक्ष्यति ॥**

**મુક્તાવલી : (૫) જલમાં સાંસિદ્ધિક દ્રવત્વ :** જલમાં સાંસિદ્ધિક = સ્વાભાવિક દ્રવત્વ ગુણ છે. એમાં રહેનાર દ્રવત્વત્વ ધર્મ જાતિ છે જે પ્રત્યક્ષસિદ્ધ છે. દ્રવત્વત્વાવચ્છિન્ન-દ્રવત્વનું જનક જલ છે માટે દ્રવત્વત્વાવચ્છિન્ન દ્રવત્વની જનકતા જલમાં છે, માટે દ્રવત્વત્વાવચ્છિન્નદ્રવત્વ જનકતાવચ્છેદક જલત્વ છે. તેલમાં જે દ્રવત્વ છે તે તેમાં રહેલા જલીયાંશનું જ છે.

**પ્રશ્ન :** તેલમાં જો જલીયાંશ હોય તો પછી તેલમાંથી જે ભડકો થાય છે તે શી રીતે થયો ? કેમકે જલીયાંશ તો ભડકાનો-દહનનો પ્રતિબંધક છે ને ?


**ઉત્તર :** પ્રકૃષ્ટસ્નેહવિશિષ્ટ જલ દહનનો પ્રતિબંધક નથી કિન્તુ દહનનો જનક છે. આ વાત ૧૫૭મી કારિકાના વ્યાખ્યાનમાં કહેવામાં આવશે.

ટૂંકમાં એટલું જ સમજવાનું કે તેલમાં જે સ્નેહ ઉપલબ્ધ થાય છે તે તેમાંના જલીયાંશનો જ સ્નેહ છે. જ્યાં સુધી પ્રમાણસર જલીયાંશ હોય ત્યાં સુધી ભડકો ન થાય. પણ જો તે ઉકળેલા તેલમાં પાણીનું એક ટીપું વધુ નાંખવામાં આવે તો તે ટીપાનો સ્નેહ

તેલના સ્નેહમાં વધતાં તે પ્રકૃષ્ટ સ્નેહ તરત જ દહનને અનુકૂળ બને, અર્થાત્ ભડકો કરે.

**कारिकावली : नित्यतादि प्रथमवत्किन्तु देहमयोनिजम् ।**
**इन्द्रियं रसनं सिन्धुहिमादिर्विषयो मतः ॥४०॥**

**मुक्तावली : प्रथमवदिति । पृथिव्या इवेत्यर्थः । तथाहि-जलं द्विविधं नित्यमनित्यं च, परमाणुरूपं नित्यं, द्व्यणुकादिकं सर्वमनित्यमवयवसमवेतं च । अनित्यमपि त्रिविधं शरीरेन्द्रियविषयभेदात् । पृथिवीतो यो विशेषस्तमाह - किन्त्विति । देहमयोनिजम्, अयोनिजमेवेत्यर्थः । जलीयं शरीरम् वरुणलोके प्रसिद्धम् । इन्द्रियमिति । जलीयमित्यर्थः । तथाहि-रसनं जलीयं गन्धाद्यव्यञ्जकत्वे सति रसव्यञ्जकत्वात् सक्तुरसाभिव्यञ्जकोदकवत् । रसनेन्द्रियसन्निकर्षे व्यभिचारवारणाय द्रव्यत्वं देयम् । विषयं दर्शयति-सिन्धुहिमादिरिति । सिन्धुः समुद्रः। हिमं तुषारः । आदिपदात्सरित्कासार-करकादिः सर्वोऽपि ग्राह्यः ।**




આ અંગેનું નિરૂપણ પૃથ્વીવત્ સમજવું. વિશેષ આ પ્રમાણે :

શરીર : જલીય દેહ માત્ર અયોનિજ છે. જલીય દેહ વરૂણ લોકમાં હોય.

ઇન્દ્રિય : **रसनं जलीयं, गन्धाद्यव्यञ्जकत्वे सति रसव्यञ्जकत्वात्, सक्तुरसाभिव्यञ्जकोदकवत् ।** અહીં પણ પૂર્વવત્ રસનેન્દ્રિય સંનિકર્ષમાં વ્યભિચાર નિવારવા '**द्रव्यत्वे सति**' વિશેષણ લગાડવું. (**द्रव्यत्वे सति गन्धाद्यव्यञ्जकत्वे सति रसव्यञ्जकत्वात् ।**)

**વિષય :** સમુદ્ર, હિમ, નદી, તળાવ, કરા વગેરે જળના વિષય=જળસ્વરૂપ છે.

**मुक्तावली : न च हिमकरकयोः कठिनत्वात् पार्थिवत्वमिति वाच्यम्, ऊष्मणा विलीनस्य तस्य जलत्वस्य प्रत्यक्षसिद्धत्वात् । यद्द्रव्यं यद्द्रव्यध्वंसजन्यमिति व्याप्तेर्जलोपादानोपादेयत्वसिद्धेः । अदृष्टविशेषेण द्रवत्वप्रतिरोधात्, करकादीनां काठिन्यप्रत्ययस्य भ्रान्तित्वात् ॥**

**મુક્તાવલી : પ્રશ્ન :** હિમ અને કરામાં તો કઠિનત્વ છે અને કઠિનત્વ ધર્મ તો પૃથ્વીનો છે, તો પછી હિમ, કરાને જલીય કેમ કહેવાય ?

**ઉત્તર :** હિમ, કરાને અગ્નિસંયોગ આપવામાં આવે તો તે ઓગળી જઈને પાણી બની જાય છે, અર્થાત્ હિમ, કરાનો ધ્વંસ થઈને હિમ, કરાના ઉપાદાન રૂપ પરમાણુનું પાણી થાય છે, માટે **यद् द्रव्यं यद्द्रव्यध्वंसजन्यं तद् तदुपादानोपादेयम्** એ નિયમથી જલ-પરમાણુના ઉપાદાનવાળા હિમ, કરા જલીય જ સિદ્ધ થાય.

**પ્રશ્ન :** જો હિમ, કરા જલસ્વરૂપ હોય તો તેમાં દ્રવત્વ કેમ નથી ?

**ઉત્તર :** જીવોના અદૃષ્ટ વિશેષને લીધે તેમાં દ્રવત્વ આવૃત થઈ ગયું છે. જે જીવો તે હિમાદિને ભોગવે તેમના અદૃષ્ટને કારણે તે હિમાદિનું દ્રવત્વ આવૃત થઈ જાય છે. (નષ્ટ થતું નથી.)

**પ્રશ્ન :** ગમે તેમ હો, પણ હિમ, કરામાં કઠિનત્વની પ્રતીતિ થાય છે માટે તો તેને પાર્થિવ જ માનવા જોઈએ.

**ઉત્તર :** ના, હિમ, કરામાં વસ્તુતઃ કાઠિન્ય છે જ નહિ. આપણને તેનામાં કાઠિન્યનો ભ્રમ થાય છે.

कारिकावली : उष्णः स्पर्शस्तेजसस्तु स्याद्रूपं शुक्लभास्वरम् ।
नैमित्तिकं द्रवत्वं तु नित्यतादि च पूर्ववत् ॥४१॥

मुक्तावली : तेजो निरूपयति - उष्ण इति । उष्णत्वं स्पर्शनिष्ठो जातिविशेषः प्रत्यक्षसिद्धः । इत्थं च जन्योष्णस्पर्शसमवायिकारणतावच्छेदकं तेजस्त्वं जातिविशेषः । तस्य परमाणुवृत्तित्वं तु जलत्वस्येवानुसन्धेयम् । न चोष्णस्पर्शवत्त्वं चन्द्रकिरणादावव्याप्तमिति वाच्यम्, तत्राप्युष्णत्वस्य सत्त्वात्, किन्तु तदन्तःपातिजलस्पर्शेनाभिभवादग्रहः । एवं रत्नकिरणादौ पार्थिवस्पर्शेनाभिभवात् चक्षुरादौ चानुद्भूतत्वादग्रहः ।

**મુક્તાવલી :** તેજનો સ્પર્શ ઉષ્ણ છે, રૂપ ભાસ્વરશુક્લ છે, દ્રવત્વ નૈમિત્તિક છે અને નિત્યાદિ પૂર્વવત્ સમજી લેવું. ઉષ્ણ સ્પર્શમાં ઉષ્ણત્વ જાતિ રહેલી છે જે પ્રત્યક્ષથી જ સિદ્ધ છે.

પૂર્વવત્ - **जन्योष्णस्पर्शसमवायिकारणतावच्छेदकतया जन्यतेजस्त्वसिद्धिः** અને **जन्यतेजस्त्वावच्छिन्नजन्यतेजःसमवायिकारणतावच्छेदकतया तेजस्त्वसिद्धिः** (નિત્ય તૈજસ પરમાણુમાં) કરી લેવી.

**પ્રશ્ન :** ચન્દ્રકિરણ તૈજસ છે અને તેમાં ઉષ્ણસ્પર્શવત્ત્વ તો અવ્યાપ્ત થાય છે ?

**ઉત્તર :** નહિ, ચન્દ્રકિરણમાં પણ ઉષ્ણત્વ તો છે જ, પણ ચન્દ્રકિરણના જલીયાંશથી તેનો અભિભવ થઈ જવાથી તેનો ઉષ્ણ સ્પર્શ લાગતો નથી. એ જ રીતે રત્નકિરણોમાં પાર્થિવ સ્પર્શથી ઉષ્ણ સ્પર્શનો અભિભવ થાય છે. અને ચક્ષુનો ઉષ્ણ સ્પર્શ તો અનુદ્ભૂત છે માટે તેની ઉષ્ણતા જણાતી નથી.

मुक्तावली : रूपमित्यादि । वैश्वानरे मरकतकिरणादौ च पार्थिवरूपेणाभिभवात् शुक्लरूपाग्रहः । अथ तद्रूपाग्रहे धर्मिणोऽपि चाक्षुषत्वं न स्यादिति चेत्? न, अन्यदीयरूपेणाऽपि धर्मिणो ग्रहसम्भवात् शङ्खस्येव पित्तपीतिम्ना । वह्नेस्तु शुक्लरूपं नाभिभूतं किन्तु तदीयं शुक्लत्वमभिभूतमित्यन्ये ।

**મુક્તાવલી : પ્રશ્ન :** તેજનું ભાસ્વરશુક્લ રૂપ કહ્યું પણ અગ્નિમાં તો ભાસ્વરશુક્લ

નથી કિન્તુ પીત રૂપ છે. અને મરકતમણિના કિરણો સ્વરૂપ તેજમાં તો લાલ રૂપ છે ને ?

**ઉત્તર :** અગ્નિ તથા મરકતમણિમાં જે પાર્થિવાંશ છે તેના જ પીળા કે લાલ રૂપથી ભાસ્વરશુક્લ રૂપ અભિભૂત થઈ જાય છે, માટે ત્યાં ભાસ્વરશુક્લ રૂપનું ગ્રહણ (દર્શન) થતું નથી.

**પ્રશ્ન :** જો અગ્નિ આદિના ભાસ્વરશુક્લ રૂપનું ગ્રહણ ન થાય તો રૂપના ગ્રહણ વિના અગ્નિ આદિનું જ્ઞાન શી રીતે થાય ? કેમકે રૂપ વિના રૂપીનું જ્ઞાન સંભવિત નથી.

**ઉત્તર :** અન્યના રૂપથી પણ વસ્તુનું જ્ઞાન થઈ શકે છે. ભલે અગ્નિ આદિના ભાસ્વરશુક્લ રૂપનું જ્ઞાન થતું નથી, પણ તેમાં રહેલા પાર્થિવાંશના પીત-રક્તાદિ રૂપનું જ્ઞાન તો થાય છે ને ? એ રૂપ દ્વારા અગ્નિ આદિનું રૂપી તરીકે જ્ઞાન થઈ જશે. જેમ શંખના શ્વેત રૂપનો પિત્તદોષ (કમળા)વાળાને ગ્રહ થતો નથી, છતાં પિત્તની પીળાશમાંથી શંખરૂપી ધર્મી દેખાય જ છે.

અહીં કેટલાક એમ કહે છે કે પાર્થિવાંશથી વહ્નિનું શુક્લ રૂપ અભિભૂત થયું નથી પણ શુક્લત્વ અભિભૂત થયું છે.

---

**मुक्तावली : नैमित्तिकमिति । सुवर्णादिरूपे तेजसि तत्सत्त्वात् । न च नैमित्तिकद्रवत्वं लक्षणं दहनादावव्याप्तं घृतादावतिव्याप्तं चेति वाच्यम्, पृथिव्यवृत्तिनैमित्तिकद्रवत्ववद्वृत्तिद्रव्यत्वसाक्षाद्व्याप्यजातिमत्त्वस्य विवक्षितत्वात् । पूर्ववदिति । जलस्येवेत्यर्थः । तथाहि-तद् द्विविधं-नित्यमनित्यं च । नित्यं परमाणुरूपम् तदन्यदनित्यमवयवि च । तच्च त्रिधा-शरीरेन्द्रियविषयभेदात् । शरीरमयोनिजमेव । तच्च सूर्यलोकादौ प्रसिद्धम् ॥**

---

**મુક્તાવલી :** સુવર્ણાદિ તેજમાં નૈમિત્તિક દ્રવત્વ દેખાય છે માટે તૈજસનું દ્રવત્વ નૈમિત્તિક ગણાય.


**પ્રશ્ન :** '**नैमित्तिकद्रवत्ववत्त्वं तेजस्त्वं**' લક્ષણ કરો તો તે અગ્નિમાં અવ્યાપ્ત થશે તેમજ ઘી વગેરે પદાર્થમાં અતિવ્યાપ્ત પણ થશે.

**ઉત્તર :** **पृथ्व्यवृत्तिनैमित्तिकद्रवत्ववद्वृत्तिद्रव्यत्वसाक्षाद्व्याप्यजातिमत्त्वम्**' એવો

પરિષ્કાર કરીશું.

નૈમિત્તિકદ્રવત્વવદ્વૃત્તિ જાતિ પૃથ્વીત્વ-તેજસ્ત્વ બે જ છે. તેમાં પૃથ્વી-અવૃત્તિ જાતિ તો તેજસ્ત્વ જ છે. તે વાળો અગ્નિ છે અને ઘી આદિ નથી. માટે લક્ષણના પરિષ્કારથી હવે અવ્યાપ્તિ-અતિવ્યાપ્તિ બે ય દોષ ટળી જાય છે.

**નિત્યાદિ પૂર્વવત્ સમજી લેવું.**




**શરીર : शरीरमयोनिजमेव सूर्यलोकादौ प्रसिद्धम् ।**

---

**कारिकावली : इन्द्रियं नयनं, वह्निस्वर्णादिर्विषयो मतः ।**

---

**मुक्तावली : अत्र यो विशेषस्तमाह - इन्द्रियमिति । ननु चक्षुषस्तैजसत्वे किं मानमिति चेत् ? चक्षुस्तैजसं परकीयस्पर्शाद्यव्यञ्जकत्वे सति परकीयरूपव्यञ्जकत्वात् प्रदीपवत्, प्रदीपस्य स्वीयस्पर्शव्यञ्जकत्वादत्र दृष्टान्तेऽव्याप्तिवारणाय प्रथमं परकीयेति । घटादेः स्वीयरूपव्यञ्जकत्वाद्-व्यभिचारवारणाय द्वितीयं परकीयेति । अथवा प्रभाया दृष्टान्तत्वसम्भवादाद्यं परकीयेति न देयम्, चक्षुःसन्निकर्षे व्यभिचारवारणाय द्रव्यत्वं देयम् ।**

---

**મુક્તાવલી :** અહીં જે વિશેષ છે તે કહે છે.

**ઈન્દ્રિય :** ચક્ષુરિન્દ્રિય તૈજસ છે એ માટે આ અનુમાન પ્રમાણ છે :

**चक्षुः तैजसं परकीयस्पर्शाद्यव्यञ्जकत्वे सति परकीयरूपव्यञ્जकत्वात् प्रदीपवत् ।**

આ લક્ષણમાં જો પ્રથમ 'પરકીય' પદ ન કહીએ તો દૃષ્ટાંતમાં જ અવ્યાપ્તિ આવે, કેમકે પ્રદીપ તો સ્વીય સ્પર્શાદિનો વ્યંજક છે એટલે **स्पर्शाद्यव्यञ्जकत्वे सति** અંશ તેમાં જાય નહિ. હવે **परकीयस्पर्शाद्यव्यञ्जकत्वे सति** કહ્યું એટલે આ અંશ પ્રદીપમાં જાય,

કેમકે પ્રદીપ સ્વીય સ્પર્શાદિવ્યંજક હોવા છતાં પરકીય સ્પર્શાદિનો તો અવ્યંજક જ છે. તે માત્ર પરકીય રૂપનો જ વ્યંજક છે.

દ્વિતીય 'પરકીય' પદ ન કહે તો, અર્થાત્ **परकीयस्पर्शाद्यव्यञ्जकत्वे सति रूपादिव्यञ्जकत्वात्** એટલું જ કહે તો આ હેતુ ઘટાદિમાં ચાલી જાય જ્યાં સાધ્ય તૈજસત્વ નથી. ઘટાદિ પણ 'પરકીય' સ્પર્શાદિના અવ્યંજક હોઈને સ્વીય રૂપાદિના વ્યંજક તો છે જ. હવે પરકીય પદના નિવેશથી આ હેતુ ઘટાદિમાં નહિ જાય, કેમકે ઘટાદિ પરકીય રૂપના વ્યંજક નથી.

અથવા તો લાઘવ કરવા માટે આદ્ય પરકીય પદ દૂર કરી શકાય, પણ તે વખતે પ્રભાને દૃષ્ટાંત રૂપે લેવી જોઈએ. પ્રભા એ સ્વીય સ્પર્શાદિની પણ વ્યંજક નથી એટલે આદ્ય પરકીય પદ ન હોય તો પણ ચાલે. પ્રભા જેમ સ્પર્શાદિ-અવ્યંજક હોઈને પરકીયરૂપવ્યંજક છે માટે તે તૈજસ છે તેમ ચક્ષુ પણ તૈજસ છે, કેમકે તે પણ સ્પર્શાદિ-અવ્યંજક હોઈને પરકીયરૂપવ્યંજક છે.

ચક્ષુ-સન્નિકર્ષમાં પણ હેતુ ચાલી ન જાય તે માટે લક્ષણના હેતુ-અંશમાં '**द्रव्यत्वे सति**' વિશેષણ લગાડી દેવું.

---

**मुक्तावली : विषयं दर्शयति-वह्नीति । ननु सुवर्णस्य तैजसत्वे किं मानमिति चेत् ? न, सुवर्णं तैजसं असति प्रतिबन्धकेऽत्यन्तानलसंयोगेऽप्यनुच्छिद्यमान-जन्यद्रवत्वात्, यन्नैवं तन्नैवं, यथा पृथिवीति । न चेदमप्रयोजकं, पृथिवीद्रवत्वस्य जन्यजलद्रवत्वस्य चात्यन्ताग्निसंयोगनाश्यत्वात् । ननु पीतिमगुरुत्वाश्रयस्य पार्थिवभागस्यापि तदानीं द्रुतत्वात्तेन व्यभिचार इति चेत् ? न, जलमध्यस्थमषीक्षोदवत्तस्याद्रुतत्वात् ।**

---

**મુક્તાવલી : વિષય :** તેજના વિષય અગ્નિ, સુવર્ણ વગેરે છે.

**સુવર્ણની તેજસ્ત્વ સિદ્ધિ : सुवर्णं तैजसं, असति प्रतिबन्धके अत्यन्तानलसंयोगेऽपि अनुच्छिद्यमानजन्यद्रवत्वात्, यन्नैवं तन्नैवं, यथा पृथ्वी ।**

કોઈ પ્રતિબંધક ન હોય તો સુવર્ણને અત્યંત અગ્નિસંયોગ આપવા છતાં પણ તેનું દ્રવત્વ નષ્ટ થતું નથી (સુવર્ણને ગમે તેટલું ગરમ કરવામાં આવે તો ય તે દ્રવસ્વરૂપમાં જ રહે, તેનું દ્રવત્વ નષ્ટ ન થઈ જાય.) માટે સુવર્ણ તૈજસ છે.

અહીં અન્વયી (જ્યાં હેતુ અને સાધ્ય બે ય મળે તેવું) દૃષ્ટાંત મળતું નથી એટલે વ્યતિરેકી દૃષ્ટાંત આપે છે. (જ્યાં સાધ્ય નહિ ત્યાં હેતુ પણ નહિ. આ વાત **यन्नैवं तन्नैवं** પદથી કહેવાય છે.) જે તૈજસ નહિ તે **असति प्रतिबन्धके अत्यन्तानलसंयोगेऽनुच्छिद्यमानजन्यद्रवत्ववान्** પણ નહિ. જેમકે, પૃથ્વી. પૃથ્વી તૈજસ નથી માટે તેનું દ્રવત્વ અત્યંતાનલસંયોગમાં ઉચ્છિન્ન થઈ જાય છે.

**પ્રશ્ન :** '**असति प्रतिबन्धके**' કેમ કહ્યું ?

**ઉત્તર :** અગ્નિ અને સુવર્ણ વચ્ચે કોઈ પ્રતિબંધક ન હોય તો પણ અગ્નિનો સુવર્ણ સાથે સીધો સંબંધ થવા છતાં તેનું દ્રવત્વ અનુચ્છિન્ન રહે છે.

જો '**असति प्रतिबन्धके**' પદ ન મૂકે તો પાણીની વચ્ચે ઘી મૂક્યું હોય તો તેને અત્યંત અગ્નિસંયોગ આપવા છતાં ઘીનું દ્રવત્વ નષ્ટ થઈ જતું નથી. આમ હોવાથી ઘીમાં હેતુ ચાલી જતાં હેતુ વ્યભિચારી બને. **असति प्रतिबन्धके** કહેવાથી આ વ્યભિચાર ન આવે, કેમકે ઘીનું દ્રવત્વ અનુચ્છિદ્યમાન જરૂર છે પણ તેમાં કારણ તો અગ્નિ અને ઘી વચ્ચે રહેલું પ્રતિબંધક જલ છે.

કોઈ પ્રતિબંધક ન હોય અને અત્યંતાગ્નિસંયોગ આપતાં જેનું દ્રવત્વ અનુચ્છિદ્યમાન રહે તે જ તૈજસ કહેવાય.

ઘીને જો જલનો પ્રતિબંધ ન હોય તો અત્યંત અગ્નિસંયોગ થતાં તેનું દ્રવત્વ ઉચ્છિન્ન થઈ જ જાય છે.

**પ્રશ્ન :** તમારો હેતુ અપ્રયોજક છે. **अस्तु हेतुः माऽस्तु साध्यम्** । અર્થાત્ સુવર્ણમાં હેતુ ભલે રહે પણ સાધ્ય કેમ રહી શકે ?

**ઉત્તર :** પૃથ્વી અને જન્યજલનું દ્રવત્વ અગ્નિના સંયોગમાં નાશ પામી જાય છે અને સુવર્ણનું દ્રવત્વ નાશ પામતું નથી માટે તેમાં તેજસ્ત્વ સાધ્ય માનવું જ જોઈએ, કેમકે જો તે દ્રવત્વ પૃથ્વી કે જલનું હોત તો અગ્નિસંયોગથી નાશ પામી જાત.

**તર્ક : असति प्रतिबन्धकेऽत्यन्तानलसंयोगे सति अनुच्छिद्यमानजन्यद्रवत्वं यदि तैजसत्वव्यभिचारी स्यात् तदा असति प्रतिबन्धकेऽत्यन्तानलसंयोगे सति नाश्यं स्यात्, यतो न तथा नाश्यं अतो न व्यभिचारी ।**

**પ્રશ્ન :** તમારા અનુમાનનો હેતુ વ્યભિચારી છે. તે આ રીતે :

સુવર્ણમાં જે પીળાશ દેખાય છે તે સુવર્ણરૂપ તૈજસમાં મિશ્રિત થયેલા પાર્થિવાંશોને

લીધે છે તેમ તમે પૂર્વે કહી ચૂક્યા છો. વળી સુવર્ણ એ તૈજસ છે એટલે તૈજસનું તો વજન પણ ન જ હોય. છતાં સુવર્ણનું જે ગુરૂત્વ જણાય છે તે પણ તેમાં મિશ્રિત થયેલા પાર્થિવાંશનું જ ગુરૂત્વ માનવું રહ્યું. હવે જ્યારે સુવર્ણને અત્યન્તાનલસંયોગ આપવામાં આવે છે ત્યારે જેમ સુવર્ણ દ્રવિત થાય છે તેમ તેમાં મિશ્રિત રહેલા પીતિમા અને ગુરૂત્વના આશ્રયભૂત પાર્થિવાંશ પણ દ્રવિત થાય જ છે. અને તે પાર્થિવાંશનું દ્રવત્વ ઉચ્છિન્ન થઈ જતું નથી. આમ **अत्यन्तानलसंयोगेऽनुच्छिद्यमानजन्यद्रवत्व** રૂપ હેતુ તે પાર્થિવાંશમાં ગયો અને ત્યાં તૈજસત્વ તો નથી. આમ હેતુ વ્યભિચારી બન્યો.

**ઉત્તર :** ના, પાર્થિવાંશોનું અગ્નિસંયોગથી દ્રવણ થાય છે એ વાત જ ખોટી છે, અર્થાત્ સુવર્ણગત પાર્થિવાંશ તો પીગળતા જ નથી. જેમ પાણીમાં સહીની ભૂકી નાંખવામાં આવે તો તે ભૂકી પાણીમાં ગમે તેટલું ઉકળે છતાં પીગળતી નથી તેમ સુવર્ણગત પાર્થિવાંશનું પણ સમજી લેવું.

---

**मुक्तावली : अपरे तु पीतिमाश्रयस्यात्यन्ताग्निसंयोगेऽपि पूर्वरूपापरावृत्ति-दर्शनात्तत्प्रतिबन्धकं विजातीयद्रवद्रव्यं कल्प्यते । तथाहि-अत्यन्ताग्निसंयोगी पीतिमगुरुत्वाश्रयः विजातीयरूपप्रतिबन्धकद्रवद्रव्यसंयुक्तः, अत्यन्ताग्नि-संयोगे सत्यपि पूर्वरूपविजातीयरूपानधिकरणत्वात्, जलमध्यस्थपीतपटवत् । तस्य च पृथिवीजलभिन्नस्य तेजस्त्वनियमात् ।**

---

**મુક્તાવલી : પ્રકારાન્તરેણ સુવર્ણની તેજસ્ત્વ-સિદ્ધિ :** સુવર્ણમાં જે પાર્થિવાંશ છે તેનું પીળું રૂપ પરાવર્તન પામતું નથી. સામાન્ય રીતે તો ઘટાદિને અગ્નિસંયોગ આપતાં તેનું શ્યામ રૂપ નષ્ટ થઈને રક્ત રૂપ ઉત્પન્ન થાય છે, પણ સુવર્ણને અગ્નિસંયોગ આપવા સાથે તેમાં રહેલા પીતિમાના આશ્રયભૂત પાર્થિવ દ્રવ્યોને પણ અગ્નિસંયોગ થઈ જાય છે છતાં તેમનું રૂપ પરાવર્તન પામતું નથી એ હકીકત છે. એટલે હવે અહીં કોઈ વિજાતીય દ્રવદ્રવ્ય હોવું જોઈએ કે જે પાર્થિવાંશનું રૂપ પરાવર્તન થવામાં પ્રતિબંધક બને છે. અહીં અનુમાન આવું થાય :

**अत्यन्ताग्निसंयोगे पीतिमगुरुत्वाश्रयः विजातीयरूपप्रतिबन्धकद्रवद्रव्यसंयुक्तः, अत्यन्ताग्निसंयोगेऽपि पूर्वरूपविजातीयरूपानधिकरणत्वात्, जलमध्यस्थपीतपटवत् ।**

જેમ જલની વચ્ચે રહેલો પીળો પટ અત્યન્ત અગ્નિસંયોગ આપવા છતાં પૂર્વરૂપ

(પીત રૂપ)થી વિજાતીય(રક્તાદિ રૂપ)નું અધિકરણ બનતો નથી, તો તે પીતપટ રક્તાદિ વિજાતીય રૂપમાં પ્રતિબંધક દ્રવદ્રવ્યત્વ જલથી યુક્ત છે જ તેમ પાર્થિવાંશ પણ પૂર્વરૂપથી વિજાતીય રૂપનું અધિકરણ બનતા નથી માટે રૂપ-પરાવર્તનમાં પ્રતિબંધકીભૂત કોઈ દ્રવદ્રવ્યથી સંયુક્ત હોવા જ જોઈએ. આ દ્રવદ્રવ્ય કયું હોઈ શકે ? પૃથ્વી, જલ કે તેજ? પૃથ્વી અને જલ તો સંભવે નહિ, કેમકે તેમનું દ્રવત્વ તો અત્યંત અગ્નિસંયોગમાં ઉચ્છિન્ન થઈ જાય છે. એટલે પરિશેષાત્ પૃથ્વી-જલથી ભિન્ન તેજ દ્રવ્યને જ ત્યાં રૂપપરાવૃત્તિમાં પ્રતિબંધક દ્રવદ્રવ્ય તરીકે માનવું રહ્યું.

**कारिकावली : अपाकजोऽनुष्णाशीतस्पर्शस्तु पवने मतः ॥४२॥**

**मुक्तावली : वायुं निरूपयति - अपाकज इति । अनुष्णाशीतस्पर्शस्य पृथिव्यामपि सत्त्वादुक्तमपाकज इति । अपाकजस्पर्शस्य जलादावपि सत्त्वादुक्तमनुष्णाशीतेति । एतेन वायवीयो विजातीयः स्पर्शो दर्शितः । तज्जनकतावच्छेदकं वायुत्वमिति भावः ॥**

**कारिकावली : तिर्यग्गमनवानेष ज्ञेयः स्पर्शादिलिङ्गकः ।**
**पूर्ववन्नित्यताद्युक्तं देहव्यापि त्वगिन्द्रियम् ॥४३॥**

**मुक्तावली : एष वायुः स्पर्शादिलिङ्गकः। वायुर्हि स्पर्शशब्दधृतिकम्पैरनुमीयते, विजातीयस्पर्शेन विलक्षणशब्देन तृणादीनां धृत्या शाखादीनां कम्पनेन च वायोरनुमानात् । यथा च वायुर्न प्रत्यक्षस्तथाऽग्रे वक्ष्यते ।**

**મુક્તાવલી :** વાયુનો સ્પર્શ અનુષ્ણાશીત કહી શકાય પણ અનુષ્ણાશીત સ્પર્શ તો પૃથ્વીનો પણ છે માટે **अपाकज-अनुष्णाशीतस्पर्शवत्त्वं वायुत्वम्** કહેવાય.

માત્ર **अपाकजस्पर्शवत्त्वं वायुत्वम्** લક્ષણ કરે તો જલમાં અતિવ્યાપ્ત થાય. આમ વાયુનો સ્પર્શ કેવળ અનુષ્ણાશીત નથી તેમ કેવળ અપાકજ પણ નથી કિન્તુ વિજાતીય = અપાકજ અનુષ્ણાશીત સ્પર્શ છે.

વાયુત્વ જાતિની સિદ્ધિ જલત્વ-તેજસ્ત્વ જાતિની સિદ્ધિની જેમ કરવી. અપાકજ અનુષ્ણાશીત સ્પર્શનું સમવાયિકારણ (જનક) વાયુ છે માટે અપાકજ-અનુષ્ણાશીતસ્પર્શ-જનકતાવચ્છેદકતયા વાયુત્વ જાતિની સિદ્ધિ થાય. જો કે પૂર્વવત્ આ રીતે જન્યવાયુત્વની જ સિદ્ધિ થાય પરંતુ જન્યવાયુત્વાવચ્છિન્નજન્યવાયુજનકતાવચ્છેદકતયા નિત્યવાયુ-પરમાણુગત વાયુત્વની પણ સિદ્ધિ થઈ જાય છે.

પ્રાચીનો વાયુનું પ્રત્યક્ષ માનતા નથી પણ વાયુના સ્પર્શનું પ્રત્યક્ષ માને છે. નવ્યો તો વાયુનું પણ પ્રત્યક્ષ માને છે.

નવ્યોની સામે પ્રાચીનોનું એ કહેવું છે કે જે વસ્તુનું બહિરિન્દ્રિયથી પ્રત્યક્ષ થાય તે વસ્તુમાં ઉદ્ભૂત રૂપ હોવું જોઈએ. વાયુમાં ઉદ્ભૂત રૂપ નથી માટે તેનું બહિરિન્દ્રિય ત્વચાથી પ્રત્યક્ષ થઈ શકે નહિ એટલે વાયુના અનુમાન જ થાય.

વિજાતીય સ્પર્શ, વિલક્ષણ શબ્દ, તૃણાદિની ધૃતિ અને શાખાદિનું કંપન - એમ ચાર હેતુથી વાયુનું અનુમાન થઈ શકે છે, અર્થાત્ આ વાયુના અનુમાનમાં સ્પર્શાદિ ચાર લિંગ બને છે.

**(૧) સ્પર્શથી વાયુનું અનુમાન :** વાયુ રૂપવદ્ દ્રવ્ય નથી. જ્યારે વાયુનો સ્પર્શ થાય છે ત્યારે એ સ્પર્શથી અનુમાન થાય છે કે રૂપવદ્ દ્રવ્યમાં અસમવેત આ સ્પર્શ ક્યાંય ને ક્યાંય આશ્રિત હોવો જોઈએ. જેમ પૃથ્વીમાં સમવેત સ્પર્શ પૃથ્વીમાં આશ્રિત છે તેમ.

**योऽयं रूपवद्द्रव्यासमवेतः स्पर्शः** (પક્ષ) **सः क्वचित् आश्रितः** (સાધ્ય), **स्पर्शत्वात्** (હેતુ), **पृथ्वीसमवेतस्पर्शवत्** (ઉદા.) । આ અનુમાનથી સ્પર્શના આશ્રય તરીકે વાયુ સિદ્ધ થાય છે.

**(૨) વિલક્ષણ શબ્દથી વાયુનું અનુમાન :** કોઈપણ રૂપી દ્રવ્યના અભિઘાત થયા વિના પણ પર્ણાદિમાં ખડખડ અવાજ (શબ્દ) ઉત્પન્ન થાય છે. એ જોઈને અનુમાન થાય છે કે એ અવાજ સ્પર્શવત્-વેગવત્ કોઈ દ્રવ્યના સંયોગથી ઉત્પન્ન થયો છે. હા, જો એ પાંદડા વગેરે ફાટતા હોય, તૂટતા હોય, અર્થાત્ તેમના અવયવોમાં વિભાગ થતો હોય તો તો બીજા કોઈ દ્રવ્યના સંયોગથી એ ખડખડ શબ્દોત્પત્તિ માનવાની જરૂર નથી, કેમકે એ વિભાગાદિ જ શબ્દોત્પત્તિના કારણ ગણી શકાય. પણ જ્યારે આવું કાંઈ જ નથી છતાં પાંદડાઓમાં (પવનથી) અવાજ થાય છે એટલે ત્યાં તેમની સાથે કોઈ સ્પર્શવદ્-વેગવદ્ દ્રવ્યસંયોગ માનવો જ રહ્યો. જેમ ભેરીમાં શબ્દની પરંપરા ઉત્પન્ન થાય છે તો ત્યાં હેતુ તરીકે દંડનો અભિઘાત ભેરી ઉપર થયેલો જોવા મળે જ છે. અનુમાન આ પ્રમાણે :

**असति रूपवद्द्रव्याभिघाते योऽयं पर्णादिषु शब्दसन्तानः** (પક્ષ) **स स्पर्शवद्-वेगवद्द्रव्यसंयोगजन्यः** (સાધ્ય), **अविभज्यमानावयवद्रव्यसम्बन्धिशब्दसन्तानत्वात्** (હેતુ) **दण्डाभिहतभेरीशब्दसन्तानवत्** (ઉદા.)।

**(૩) તૃણાદિની ધૃતિથી વાયુનું અનુમાન :** આકાશમાં ઘાસ, રૂ, મેઘ (સ્તનયિત્નુ), વિમાન આદિનું અદ્ધર ધારણ = અવસ્થાન કોઈ સ્પર્શવદ્-વેગવદ્ દ્રવ્યના સંયોગને કારણે જ હોવું જોઈએ, કેમકે આપણે તો તે વસ્તુઓને પકડી રાખી નથી. જેમ નૌકાને જલ ધારણ કરે છે તેમ તૃણાદિને કોઈ દ્રવ્ય જરૂર ધારણ કરે છે. તે દ્રવ્ય તે જ વાયુ. અનુમાન આ પ્રમાણે :

**नभसि तृणरूतस्तनयित्नुविमानादीनां धृतिः** (પક્ષ) **स्पर्शवद्वेगवद्द्रव्य-**

**संयोगहेतुका** (સાધ્ય), **अस्मदाद्यनधिष्ठितधृतित्वात्** (હેતુ), **नौकाधृतिवत्** (ઉદા.)।

**(૪) શાખાદિના કંપનથી વાયુનું અનુમાન :** કોઈપણ રૂપવદ્ દ્રવ્યના અભિઘાત વિના વૃક્ષોના પાંદડા કંપતા-હાલતાં જોવા મળે છે એટલે ત્યાં અનુમાન થાય છે કે પાંદડાનું એ વિજાતીય કર્મ કોઈ સ્પર્શવદ્-વેગવદ્ દ્રવ્યના અભિઘાતથી ઉત્પન્ન થયું હોવું જોઈએ. જેમકે, નદીના પાણીમાં વહી જતું તણખલું કંપે છે તો ત્યાં જલનો અભિઘાત જોવા મળે છે, તેમ અહીં તૃણાદિના કંપનમાં વાયુનો અભિઘાત માનવો જોઈએ. અનુમાન આ પ્રમાણે :

**रूपवदद्रव्याभिघातमन्तरेण तृणे कर्म** (પક્ષ) **स्पर्शवद्वेगवद्द्रव्याभिघातजन्यं** (સાધ્ય), **विजातीयकर्मत्वात्** (હેતુ) **प्रवाहाहतकाशकर्मवत्** (ઉદા.)।


આ રીતે ચાર અનુમાનથી વાયુની સિદ્ધિ થઈ શકે છે. વાયુનું પ્રત્યક્ષ કેમ થતું નથી? એ વાત આગળ કહેવામાં આવશે.

---

**मुक्तावली : पूर्ववदिति । वायुर्द्विविधो नित्योऽनित्यश्च । परमाणुरूपो नित्यस्तदन्योऽनित्योऽवयवसमवेतश्च । सोऽपि त्रिविधः शरीरेन्द्रियविषय-भेदात् । तत्र शरीरमयोनिजं पिशाचादीनाम् परन्तु जलीयतैजसवायवीय-शरीराणां पार्थिवभागोपष्टम्भादुपभोगक्षमत्वं, जलादीनां प्राधान्याज्जलीय-त्वादिकमिति । अत्र यो विशेषस्तमाह - देहव्यापीति । शरीरव्यापकं स्पर्शग्राहकमिन्द्रियं त्वक् । तच्च वायवीयं, रूपादिषु मध्ये स्पर्शस्यैवाभि-व्यञ्जकत्वात्, अङ्गसङ्गिसलिलशैत्याभिव्यञ्जकव्यजनपवनवत् ॥**

---

**મુક્તાવલી :** નિત્યાદિ પૂર્વવત્ સમજી લેવું.



**શરીર :** વાયુથી બનેલું શરીર પિશાચ વગેરેનું હોય છે.

**પ્રશ્ન :** પિશાચાદિનું શરીર જો વાયુનું જ હોય અથવા તો પૂર્વે જે જલીય કે તૈજસ શરીરો કહ્યા છે તે માત્ર જલ કે તેજના જ બનેલા હોય તો તે શરીરથી તે આત્મા વિષયોનો ઉપભોગ શી રીતે કરી શકે ?

**ઉત્તર :** જલીય, તૈજસ કે વાયવીય શરીરોમાં પાર્થિવાદિ ભાગો પણ હોય જ છે, તેમાં માત્ર જલાદિનું પ્રાધાન્ય હોય છે. એટલે પાર્થિવ ભાગના ઉપષ્ટંભને લીધે (સહાયને લીધે) તે શરીરો ઉપભોગ-સામર્થ્યવાળા હોય છે. તે જ રીતે વરૂણલોકના જલીય, સૂર્યલોકના તૈજસ શરીરમાં તે તે દ્રવ્યની પ્રધાનતા સમજવી.

**ઇન્દ્રિય :** ત્વગ્ ઇન્દ્રિય રૂપાદિમાંથી સ્પર્શની જ વ્યંજક હોવાથી વાયવીય છે. જેમ શરીરને પાણી લાગેલ હોય, તે પછી જે પંખાનો પવન વાય તે પવન અંગસંગી-જલના રૂપાદિમાંથી માત્ર સ્પર્શનો જ વ્યંજક છે માટે તે પવન વાયવીય છે, તેમ ત્વગ્ ઇન્દ્રિય પણ રૂપાદિમાંથી સ્પર્શની જ વ્યંજક છે માટે તે પણ વાયવીય છે.

**त्वगिन्द्रियम्** (પક્ષ) **वायवीयम्** (સાધ્ય), **रूपादिमध्ये स्पर्शस्यैवाभिव्यञ्जकत्वात्** (હેતુ), **अङ्गसङ्गिसलिलशैत्याभिव्यञ्जकव्यजनपवनवत्** (ઉદા.)।

---

**कारिकावली : प्राणादिस्तु महावायुपर्यन्तो विषयो मतः ।**

---

**मुक्तावली : विषयं दर्शयति - प्राणादिरिति । यद्यप्यनित्यो वायुश्चतुर्विधः, तस्य चतुर्थी विधा प्राणादिरित्युक्तमाकरे तथापि संक्षेपादत्र त्रैविध्यमुक्तम् । प्राणस्त्वेक एव हृदादिनानास्थानवशान्मुखनिर्गमादिनानाक्रियाभेदाच्च नानासंज्ञां लभत इति ।**

---

**મુક્તાવલી : વિષય :** પ્રાણાદિથી લઈને જે મહાવાયુ વાય છે તે બધા ય વાયુના વિષય છે. જો કે અનિત્ય વાયુ ચાર પ્રકારનો છે. (પૂર્વોક્ત શરીર, ઇન્દ્રિય અને વિષય એમ ત્રણ + પ્રાણાદિ) વૈશેષિક સૂત્રના પ્રશસ્તપાદ ભાષ્યમાં આ પ્રમાણે કહ્યું છે છતાં અહીં તો સંક્ષેપથી ત્રણ પ્રકારના વાયુ કહ્યા છે, અર્થાત્ પ્રાણાદિ ચોથા પ્રકારનો વાયુ ત્રીજા વિષય-પ્રકારમાં સમાવી લીધેલ છે.

વસ્તુતઃ 'પ્રાણ' નામનો એક જ વાયુ ક્રિયાદિ ભેદથી પાંચ પ્રકારનો બને છે.

૧. ઉર્ધ્વગામી પ્રાણ **પ્રાણ** કહેવાય.

૨. અધોગામી પ્રાણ **અપાન** કહેવાય.

૩. કંઠસ્થ પ્રાણ **ઉદાન** કહેવાય.

૪. શરીરવ્યાપી પ્રાણ **વ્યાન** કહેવાય.

૫. નાભિસ્થ પ્રાણ **સમાન** કહેવાય.

**हृदि प्राणो गुदेऽपानः समानो नाभिसंस्थितः ।**
**उदानः कण्ठदेशस्थो व्यानः सर्वशरीरगः ॥**

कारिकावली : आकाशस्य तु विज्ञेयः शब्दो वैशेषिको गुणः ॥४४॥

मुक्तावली : आकाशं निरूपयति-आकाशस्येति । आकाशकालदिशामेकैकव्यक्तित्वादाकाशत्वादिकं न जातिः, किन्तु आकाशत्वं शब्दाश्रयत्वम्। वैशेषिक इति कथनं तु विशेषगुणान्तरव्यवच्छेदाय । एतेन प्रमाणमपि दर्शितम् । तथाहि-शब्दो विशेषगुणः चक्षुर्ग्रहणायोग्यबहिरिन्द्रियग्राह्यजातिमत्त्वात् स्पर्शवत् । शब्दो द्रव्यसमवेतो गुणत्वात् रूपवद् इत्यनुमानेन शब्दस्य द्रव्यसमवेतत्वे सिद्धे, शब्दो न स्पर्शवद्विशेषगुणः, अग्निसंयोगासमवायिकारणकत्वाभावे सति अकारणगुणपूर्वकप्रत्यक्षत्वात्, सुखवत् । पाकजरूपादौ व्यभिचारवारणाय सत्यन्तम् । पटरूपादौ व्यभिचारवारणाय अकारणगुणपूर्वकेति । जलपरमाणुरूपादौ व्यभिचारवारणाय प्रत्यक्षेति । शब्दो न दिक्कालमनसां गुणः, विशेषगुणत्वात् रूपवत् । नात्मविशेषगुणो बहिरिन्द्रियग्राह्यत्वात् रूपवत् । इत्थं च शब्दाधिकरणं नवमं द्रव्यं गगनात्मकं सिध्यति । न च वाय्ववयवेषु सूक्ष्मशब्दक्रमेण वायौ कारणगुणपूर्वकः शब्द उत्पद्यतामिति वाच्यम्, अयावद्द्रव्यभावित्वेन वायोर्विशेषगुणत्वाभावात् ॥

**मुक्तावली** : આકાશ, કાળ, દિશા જગતમાં એક એક જ હોવાથી '**एकव्यक्तिवृत्तिस्तु न जातिः**' એ પહેલાં જાતિબાધકને લીધે આકાશત્વ, કાલત્વ, દિક્ત્વ જાતિ નથી પરન્તુ ઉપાધિ છે. **आकाशत्वं शब्दाश्रयत्वम् ।**

કારિકાવલીમાં '**आकाशस्य तु विज्ञेयः शब्दो वैशेषिको गुणः**' કહ્યું છે. અહીં 'વૈશેષિક' પદ કહેવામાં તાત્પર્ય એ છે કે આકાશમાં શબ્દ સિવાય બીજો કોઈ વિશેષ ગુણ રહેતો નથી. વળી આમ કહીને શબ્દ દ્વારા આકાશના અસ્તિત્વમાં અનુમાન પ્રમાણ પણ સૂચિત કરી દીધું છે.

હવે આપણે શબ્દ દ્વારા ક્રમશઃ પાંચ અનુમાનની સહાયથી નવમા દ્રવ્ય તરીકે આકાશની સિદ્ધિ કેવી રીતે થાય તે જોઈએ.

(૧) પહેલું અનુમાન : **शब्दो विशेषगुणः, चक्षुर्ग्रहणायोग्यबहिरिन्द्रियग्राह्य-जातीयत्वात् स्पर्शवत्** । જેમ સ્પર્શ એ ચક્ષુગ્રહણને અયોગ્ય એવો બહિરિન્દ્રિયગ્રાહ્ય જાતિવાળો હોવાથી વિશેષગુણ છે તેમ શબ્દ પણ ચક્ષુગ્રહણને અયોગ્ય બહિરિન્દ્રિયગ્રાહ્ય જાતિવાળો છે માટે વિશેષગુણ છે. આમ આ અનુમાન દ્વારા શબ્દ એ વિશેષગુણ સિદ્ધ થયો.

(૨) **બીજું અનુમાન** : હવે શબ્દ એ વિશેષગુણ સિદ્ધ થયો એટલે તે શબ્દ દ્રવ્યમાં સમવેત હોય જ, કેમકે સંયોગ એ ગુણ હોવાથી જેમ દ્રવ્યસમવેત છે તેમ શબ્દ પણ ગુણ હોવાથી દ્રવ્યસમવેત હોય જ. **शब्दः द्रव्यसमवेतः, गुणत्वात् संयोगवत्** ।

(૩) **ત્રીજું અનુમાન** : હવે શબ્દ દ્રવ્યસમવેત એવો વિશેષગુણ સિદ્ધ થયો તો ક્યા દ્રવ્યમાં સમવેત તે વિશેષગુણ સમજવો ? સ્પર્શવદ્ જે પૃથિવ્યાદિ ચાર છે તેમાં સમવેત છે ? તેનો ઉત્તર 'ન'કારમાં આવે છે, કેમકે પૃથિવ્યાદિ ચારના જે વિશેષગુણો છે તે બધા કાં તો કારણગુણપૂર્વક હોય છે અથવા તો અગ્નિસંયોગથી ઉત્પન્ન થયા હોય છે. પટમાં જે રૂપ છે તે તંતુના રૂપ (કારણગુણ) પૂર્વક ઉત્પન્ન થયેલ છે, જ્યારે ઘટમાં જે રૂપ છે તે અગ્નિસંયોગથી ઉત્પન્ન થયેલ છે, અર્થાત્ ઘટરૂપનું અસમવાયિકારણ અગ્નિસંયોગ બને છે.

આ શબ્દ તો નથી કારણગુણપૂર્વક (કેમકે આકાશ કોઈમાં સમવેત હોત તો તે કારણના ગુણપૂર્વક શબ્દ ગુણ ઉત્પન્ન થાત) કે નથી તો અગ્નિસંયોગથી જન્ય, એટલે સ્પર્શવદ્ ચાર દ્રવ્યનો વિશેષગુણ શબ્દ તો ન જ મનાય. અનુમાન આ પ્રમાણે :

**शब्दो न स्पर्शवद्विशेषगुणः, अग्निसंयोगासमवायिकारणकत्वाभावे सति अकारणगुणपूर्वकप्रत्यक्षत्वात् सुखवत्** । જેમ આત્માનો વિશેષગુણ સુખ અગ્નિસંયોગ-અસમવાયિકારણક નથી (અગ્નિસંયોગ એનું અસમવાયિકારણ નથી) અને અકારણગુણપૂર્વક છે (આત્મા કોઈમાં સમવેત હોત તો તે સમવાયિકારણના ગુણમાંથી આત્મામાં સુખ ગુણ ઉત્પન્ન થાત, પણ તેમ તો બનતું નથી.) માટે આત્માનો વિશેષગુણ સુખ એ સ્પર્શવદ્ પૃથ્વ્યાદિ ચારનો ગુણ નથી તેમ શબ્દ પણ અગ્નિસંયોગ-અસમવાયિકારણક ન હોઈને અકારણગુણપૂર્વક છે માટે સ્પર્શવદ્નો વિશેષગુણ નથી. જે જે અગ્નિસંયોગ-અસમવાયિકારણક ન હોય અને કારણગુણપૂર્વક ન હોય તે સ્પર્શવદ્ના વિશેષગુણ ન હોય.

હવે અહીં હેતુવાક્યનું પદકૃત્ય કરીએ :

જો **अग्निसंयोग-असमवायिकारणकत्वाभावे सति** એટલું સત્યંત દલ ન કહે તો

વ્યાપ્તિ એ બને કે જે અકારણગુણપૂર્વક હોય તે સ્પર્શવદ્‌ના (પૃથ્વ્યાદિ ચાર) વિશેષગુણ ન હોય. આ વ્યાપ્તિ તો વ્યભિચરિત બને, કેમકે ઘટાદિના પાકજ રૂપાદિ અકારણ-ગુણપૂર્વક છે જ છતાં સ્પર્શવદ્ પૃથ્વીના વિશેષગુણ છે. હવે સત્યંત દલ લેવાથી પાકજ રૂપાદિને લઈને વ્યભિચાર નહિ આવે, કેમકે પાકજ રૂપાદિમાં અગ્નિસંયોગા-સમવાયિકારણકત્વાભાવ નથી.

હવે જો 'અકારણગુણપૂર્વકત્વ' વિશેષ્યાંશને હેતુમાં ન લે તો વ્યાપ્તિ એ બને કે જે અગ્નિસંયોગાસમવાયિકારણકત્વાભાવવત્ હોય તે સ્પર્શવદ્‌નો વિશેષ ગુણ ન હોય. આ વ્યાપ્તિમાં ય પટરૂપાદિને લઈને વ્યભિચાર આવે, કેમકે પટરૂપાદિ 'અગ્નિસંયોગા-સમવાયિકારણકત્વાભાવવત્' છે છતાં સ્પર્શવદ્‌ના વિશેષગુણ તો છે જ.

હવે 'અકારણગુણપૂર્વકપ્રત્યક્ષત્વાત્' જે કહ્યું છે તેમાં જો 'પ્રત્યક્ષ' શબ્દ ન મૂકવામાં આવે તો શું થાય ? તે જોઈએ. જલીય પરમાણુના રૂપાદિ પ્રતિ અગ્નિસંયોગ-અસમવાયિકારણ નથી તેમજ તે રૂપાદિ અકારણગુણપૂર્વક પણ છે જ. (કેમકે પરમાણુ કોઈમાં સમવેત હોત તો તે સમવાયિકારણના ગુણપૂર્વક પરમાણુના રૂપાદિ હોત.) આમ હેતુ ગયો અને જલીય પરમાણુના રૂપાદિ તો સ્પર્શવદ્‌ના વિશેષગુણ તો છે જ, એટલે સાધ્ય ન ગયું માટે વ્યભિચાર આવ્યો. હવે 'અકારણગુણપૂર્વકપ્રત્યક્ષત્વાત્' કહ્યું એટલે જલીય પરમાણુના રૂપાદિમાં હેતુ જ નહિ જાય, કેમકે તે અકારણગુણપૂર્વક હોવા છતાં પ્રત્યક્ષ તો નથી જ.

**પ્રશ્ન :** આમ આ અનુમાનથી શબ્દ એ પૃથ્વ્યાદિ ચાર(સ્પર્શવદ્)નો વિશેષગુણ નથી એ સિદ્ધ થયું. તો શું એ દિક્, કાળ કે મનમાંના કોઈનો પણ વિશેષગુણ બની શકે?

**ઉત્તર :** ના.

**ચોથું અનુમાન : शब्दो न दिक्कालमनसां गुणः, विशेषगुणत्वात् रूपवद् ।** દિગાદિના ગુણો સામાન્ય ગુણો છે, જ્યારે શબ્દ તો વિશેષગુણ છે માટે શબ્દ દિગાદિ ત્રણનો ગુણ બની શકે નહિ.

**પ્રશ્ન :** તો શું શબ્દ આત્માનો વિશેષગુણ બની શકે ?

**ઉત્તર :** ના.

**પાંચમું અનુમાન : शब्दो न आत्मविशेषगुणः, बहिरिन्द्रियग्राह्यत्वात् रूपवत् ।** આત્માના વિશેષગુણો જ્ઞાન-સુખાદિ શ્રોત્રાદિ કોઈપણ બહિરિન્દ્રિયથી ગ્રાહ્ય નથી,

જ્યારે શબ્દ તો બહિરિન્દ્રિય શ્રોત્રથી ગ્રાહ્ય છે માટે તે આત્માનો વિશેષગુણ બની શકે નહિ.

એટલે પરિશેષાત્ શબ્દ સ્વરૂપ વિશેષગુણનું કોઈ અધિકરણ માનવું જોઈએ, કેમકે ગુણી વિના ગુણ રહી શકે નહિ. માટે નવમું આકાશ નામનું દ્રવ્ય શબ્દના અધિકરણ તરીકે સિદ્ધ થઈ જાય છે.

**પ્રશ્ન :** શબ્દને વાયુનો જ ગુણ ન મનાય ? કેમકે વાયુના અવયવોમાં સૂક્ષ્મ શબ્દ ઉત્પન્ન થાય અને પછી તે સૂક્ષ્મ શબ્દ વાયુરૂપી અવયવીમાં ઉત્પન્ન થાય. આમ કારણગુણપૂર્વકતા આવી જાય એટલે વાયુનો ગુણ સિદ્ધ થઈ જાય.

**ઉત્તર :** ના, શબ્દ એ પોતાના આશ્રયમાં સર્વત્ર રહેનાર નથી. જ્યારે વાયુના સ્પર્શાદિ ગુણો તો વાયુરૂપ યાવદ્આશ્રયમાં રહેનારા છે માટે અયાવદ્દ્રવ્યભાવી શબ્દને વાયુનો વિશેષગુણ માની શકાય નહિ.

---

**कारिकावली : इन्द्रियं तु भवेच्छ्रोत्रमेकः सन्नप्युपाधितः ।**

---

**मुक्तावली : तत्र च शरीरस्य विषयस्य चाभावादिन्द्रियं दर्शयति-इन्द्रियमिति । नन्वाकाशं लाघवादेकं सिद्धं श्रोत्रं तु पुरुषभेदेन भिन्नं कथमाकाशं स्यादिति चेत्तत्राह - एकः सन्नपीत्यादि । आकाश एक एव सन्नपि उपाधेः कर्णशष्कुल्यादेर्भेदाद्भिन्नं श्रोत्रात्मकं भवतीत्यर्थः ।**

---

**મુક્તાવલી :** આકાશના પૂર્વવત્ શરીર અને વિષય એ બે ભેદ પડતા નથી. આકાશસ્વરૂપ માત્ર ઈન્દ્રિય જ છે માટે તેનો એક જ પ્રકાર છે.

**ઈન્દ્રિય :** શ્રોત્રેન્દ્રિય એ આકાશસ્વરૂપ છે. જો કે આકાશ તો એક જ છે તો પણ ઉપાધિના ભેદથી ભિન્ન ભિન્ન આકાશ કહેવાય છે.

**પ્રશ્ન :** લાઘવાત્ આકાશ એક જ સિદ્ધ થાય છે. અને શ્રોત્ર એ જો આકાશસ્વરૂપ હોય તો દરેક પુરુષ દીઠ શ્રોત્રરૂપ આકાશ ભિન્ન ભિન્ન થઈ જતાં અનેક આકાશ થઈ જશે.

**ઉત્તર :** હા, આકાશ એક જ હોવા છતાં કર્ણશષ્કુલી (બહારનો કાન તરીકે દેખાતો આકાર) આદિ ઉપાધિઓના ભેદથી ભિન્ન ભિન્ન શ્રોત્રરૂપ આકાશ અનેક કહેવાય છે.

**कारिकावली : जन्यानां जनकः कालो जगतामाश्रयो मतः ॥४५॥**

**मुक्तावली : कालं निरूपयति - जन्यानामिति । तत्र प्रमाणं दर्शयितुमाह - जगतामिति । तथाहि-'इदानीं घट' इत्यादिप्रतीतिः सूर्यपरिस्पन्दादिकं यदा विषयीकरोति तदा सूर्यपरिस्पन्दादिना घटादेः सम्बन्धो वाच्यः, स च सम्बन्धः संयोगादिर्न सम्भवतीति काल एव तत्सम्बन्धघटकः कल्प्यते । इत्थं च तस्याश्रयत्वमपि सम्यक् ॥**

**મુક્તાવલી :** જગતમાં જેટલા પદાર્થો ઉત્પન્ન થાય છે તે બધા પદાર્થો પ્રત્યે કાળ નિમિત્તકારણ છે. ના, એવો એક પણ પદાર્થ ઉત્પન્ન થતો નથી કે જે વખતે કોઈ ને કોઈ કાળ ન હોય, અર્થાત્ કાળ વિના કોઈપણ પદાર્થની ઉત્પત્તિ શક્ય જ નથી. માટે ઉત્પન્ન થતાં તમામ પદાર્થો પ્રત્યે કાળ નિમિત્તકારણ બને છે. એટલું જ નહિ પણ '**कालः सर्ववान्**' એવી પ્રતીતિ થાય છે માટે કાળ એ સમગ્ર જગતનો આધાર પણ છે જ.

**કાળની સિદ્ધિ : अद्य घटः भविष्यति श्वः पटो भविता इति प्रत्ययेन कालः विषयी क्रियते । 'इदानीं घटः अस्ति'** આવી જે પ્રતીતિ આપણને થાય છે તે પ્રતીતિ શું છે? 'હમણાં ઘટ છે' એનો અર્થ એ જ કે વર્ત્તમાનમાં જે સૂર્યક્રિયા (ગતિ) થઈ રહી છે તેની સાથે ઘટનો સંબંધ છે માટે જ તે ઘટ 'હમણાં છે' એમ કહેવાય છે.

હવે અહીં પ્રશ્ન થાય કે સૂર્યની ગતિ તો સૂર્યમાં રહી અને ઘટ રહ્યો પૃથ્વી ઉપર અથવા તો કપાલમાં, તો આ બે વચ્ચે કયો સંબંધ માનવો ? કે જેથી '**इदानीं घटः**' એવી પ્રતીતિ થાય છે. સંયોગ સંબંધ તો માની શકાય નહિ, કેમકે '**द्रव्यद्रव्ययोरेव संयोगः**' એ નિયમ છે. ક્રિયા અને દ્રવ્યનો સંયોગ તો સંભવે નહિ. સમવાયસંબંધ પણ ન મનાય, કેમકે સૂર્યક્રિયાનો સમવાય સૂર્યમાં રહે, પરકીય ઘટમાં ન જ રહે. તો પછી સૂર્યક્રિયા અને પૃથ્વીસ્થ ઘટ વચ્ચે કયો સંબંધ માનવો? એ પ્રશ્ન ઊભો જ રહે છે.

એનો ઉત્તર આપતાં મુક્તાવલીકાર કહે છે કે સ્વાશ્રયતપનસંયોગિસંયોગ એ જ એ બે વચ્ચેનો સંબંધ છે. 'સ્વ' એટલે સૂર્યક્રિયા, તેનો આશ્રય જે તપન (સૂર્ય), તે તપનનો સંયોગી કાળ, અને તે કાળનો સંયોગ ઘટમાં છે. આમ સૂર્યક્રિયા અને પૃથ્વીસ્થ ઘટ વચ્ચેનો સંબંધ જોડી આપનાર તે બેની વચ્ચે કોઈ દ્રવ્ય માનવું જ રહ્યું કે જે દ્રવ્યનો સૂર્ય

સાથે અને ઘટ સાથે સંયોગ હોય. એ દ્રવ્ય તે જ કાળ.

આમ સૂર્યક્રિયા અને ઘટ વચ્ચે જે સંબંધ ઉત્પન્ન થાય છે તેમાં ઘટકતયા (સંબંધની કુક્ષિમાં રહેવારૂપે) કાળની સિદ્ધિ થઈ જાય છે.

આ રીતે સર્વવ્યાપી કાળનો બધા પદાર્થો સાથે સંયોગ (સંબંધ) છે માટે તે 'જગતનો આશ્રય કહેવાય છે' એ વાત તદ્દન સાચી છે.

---

**कारिकावली : परापरत्वधीहेतुः क्षणादिः स्यादुपाधितः ।**

---

**मुक्तावली : प्रमाणान्तरं दर्शयति - परापरत्वेति । परत्वापरत्वबुद्धेरसाधारणं निमित्तं काल एव । परत्वापरत्वयोरसमवायिकारणसंयोगाश्रयो लाघवादतिरिक्तः काल एकः कल्प्यत इति भावः । नन्वेकस्य कालस्य सिद्धौ क्षणदिनमासवर्षादिसमयभेदो न स्यादित्यत आह - क्षणादिरिति । कालस्त्वेकोऽप्युपाधिभेदात्क्षणादिव्यवहारविषयः ।**

---

**મુક્તાવલી :** બીજી રીતે પણ (અનુમાનથી) કાળની સિદ્ધિ થાય છે.

લક્ષ્મણની અપેક્ષાએ રામ 'પર' (મોટો=પ્રથમ) છે અને રામની અપેક્ષાએ લક્ષ્મણ 'અપર' છે. આવી જે રામ-લક્ષ્મણમાં પરત્વ-અપરત્વની બુદ્ધિ થાય છે તે કાલિક પરત્વાપરત્વની બુદ્ધિ કહેવાય. આ કાલિક પરત્વાપરત્વનું કોઈ અસમવાયિકારણ તો હોવું જ જોઈએ, કેમકે જે ભાવકાર્ય હોય તેનું અસમવાયિકારણ હોય જ (ઘટવત્). તો કાલિક પરત્વાપરત્વનું અસમવાયિકારણ કોણ ? એના ઉત્તરમાં કાલ અને પિણ્ડ(રામ-લક્ષ્મણના દેહરૂપ પિણ્ડ)નો સંયોગ એ જ પરત્વાપરત્વનું અસમવાયિકારણ બને એ વાત નક્કી થાય છે. આ કાલ-પિંડસંયોગનો એક આશ્રય જેમ પિંડ છે તેમ બીજો આશ્રય કાળ પણ છે જ. આમ પરત્વાપરત્વના અસમવાયિકારણ કાલપિંડસંયોગના આશ્રય તરીકે કાળની સિદ્ધિ થાય છે.

**પ્રશ્ન :** કાલપિંડસંયોગને પરત્વાપરત્વનું અસમવાયિકારણ માનવા કરતાં આકાશપિંડસંયોગ કે દિક્પિંડસંયોગ કે આત્મપિંડસંયોગાદિને અસમવાયિકારણ માનો ને ?

**ઉત્તર :** આમાં વિનિગમકના વિરહ હોવાથી તે બધા યને અસમવાયિકારણ

માનવા પડે અને પછી તાદૃશસંયોગાશ્રયતયા આકાશાદિ બધાને માનવામાં ગૌરવ છે. તેના કરતાં લાઘવાત્ એક અતિરિક્ત કાળને જ તાદૃશસંયોગાશ્રય માનવો ઉચિત છે.

**પ્રશ્ન :** જો કાળ એક જ હોય તો ક્ષણ, માસ, વર્ષાદિ અનેક કાળવ્યવહાર શી રીતે ઉપપન્ન થશે ?

**ઉત્તર :** કાળ એક જ હોવા છતાં જુદી જુદી ઉપાધિઓના ભેદથી અનેક કાળનો વ્યવહાર થઈ શકે છે.

---

**मुक्तावली : उपाधिस्तु स्वजन्यविभागप्रागभावावच्छिन्नं कर्म, पूर्वसंयोगावच्छिन्नविभागो वा, पूर्वसंयोगनाशावच्छिन्नोत्तरसंयोगप्रागभावो वा, उत्तरसंयोगावच्छिन्नं कर्म वा । न चोत्तरसंयोगानन्तरं क्षणव्यवहारो न स्यादिति वाच्यम्, कर्मान्तरस्यापि सत्त्वादिति । महाप्रलये क्षणादिव्यवहारो यद्यस्ति तदाऽनायत्या ध्वंसेनोपपादनीय इति । दिनादिव्यवहारस्तु तत्तत्क्षणकूटैरेवेति ।**

---

**મુક્તાવલી :** ક્ષણની ઉપાધિના ચાર લક્ષણો છે. તે આ પ્રમાણે : (ઉપાધિ તરીકે ક્રિયા લેવી.)

**પહેલી ક્ષણ :** કોઈપણ પરમાણુ આદિમાં સર્વ પ્રથમ ક્રિયા ઉત્પન્ન થાય છે. આ ક્રિયા વધુમાં વધુ ચાર ક્ષણ સુધી રહે છે. પાંચમી ક્ષણે નવી ક્રિયા ઉત્પન્ન થઈ જાય છે.

હવે પ્રથમ ક્ષણ એટલે શું ?

એનો જવાબ એ છે કે 'ક્રિયાવાળી ક્ષણ તે પ્રથમ ક્ષણ' એમ કહીએ તો ક્રિયાવાળી ચાર ક્ષણ છે તેની એક જ પ્રથમ ક્ષણ બની જાય. માટે પ્રથમ ક્ષણ એટલે 'ક્રિયાવાળી ક્ષણ' એટલું જ ન કહેવાય કિન્તુ બીજી ક્ષણમાં (ક્રિયાને લીધે) જે વિભાગ ઉત્પન્ન થવાનો છે તેનો પ્રાગભાવ જયાં છે અને ક્રિયા જયાં છે તેટલો જે સમય તે પ્રથમ ક્ષણ, અર્થાત્ 'વિભાગપ્રાગભાવથી અવચ્છિન્ન કર્મ' જયાં સુધી રહે તે પ્રથમ ક્ષણ કહેવાય. **स्वजन्यविभागप्रागभावावच्छिन्नं कर्म ।**

**બીજી ક્ષણ :** પહેલી ક્ષણે તો ક્રિયા અને ક્રિયાની સાથે બીજી ક્ષણમાં ઉત્પન્ન થનાર વિભાગનો પ્રાગભાવ હતો. પણ આ ક્ષણે તો હવે એ વિભાગ ઉત્પન્ન થઈ ચૂક્યો છે.

વળી વિભાગ ઉત્પન્ન થાય ત્યારે પૂર્વદેશ સાથે જે સંયોગ હોય તેનો નાશ થાય, એટલે પૂર્વસંયોગનાશમાં વિભાગ કારણ છે. કારણ હંમેશા પ્રાક્ક્ષણવૃત્તિ હોય. જે બીજી ક્ષણમાં વિભાગ છે તે જ બીજી ક્ષણમાં વિભાગથી થનારૂં પૂર્વસંયોગનાશનું કાર્ય ન જ થઈ શકે, અર્થાત્ પૂર્વસંયોગનાશ તો ત્રીજી ક્ષણે જ થાય, એટલે બીજી ક્ષણે તો પૂર્વસંયોગ જ હોય. આમ એ વાત સ્થિર થઈ કે જે સમયોમાં વિભાગ હોય અને પૂર્વસંયોગ હોય તે સમયોની એક ક્ષણ કહેવાય જેને બીજી ક્ષણ કહીશું. **पूर्वसंयोगावच्छिन्नविभागः ।**

**ત્રીજી ક્ષણ :** હમણાં જ કહ્યું તેમ આ ક્ષણે પૂર્વસંયોગનો નાશ થાય છે. પૂર્વસંયોગનો નાશ એ ઉત્તરસંયોગનું કારણ છે, એટલે પૂર્વસંયોગનો નાશ થાય ત્યાર પછી તેનું કાર્ય ઉત્તરસંયોગ થાય. જ્યારે પૂર્વસંયોગનાશ હોય ત્યારે જ ઉત્તરસંયોગ ન હોય કિન્તુ ઉત્તરસંયોગનો પ્રાગભાવ હોય. એટલે આ ત્રીજી ક્ષણ એટલે તે સમયોની ક્ષણ કહેવાય કે જે સમયોમાં પૂર્વસંયોગનાશ છે અને ઉત્તરસંયોગનો પ્રાગભાવ છે. **पूर्वसंयोगनाशावच्छिन्नोत्तरसंयोगप्रागभावः ।**

**ચોથી ક્ષણ :** હવે અહીં પહેલી ક્ષણે જે ક્રિયા ઉત્પન્ન થઈ તેની છેલ્લી ક્ષણ છે, કેમકે ઉત્પન્ન ક્રિયાનો પાંચમી ક્ષણે નાશ થઈ જાય છે. વળી અહીં ઉત્તર(દેશ)સંયોગ પણ છે જ. આમ આ તે સમયોની ક્ષણ છે જેમાં ક્રિયા છે અને ઉત્તરદેશસંયોગ છે. **उत्तरसंयोगावच्छिन्नं कर्म ।**

**પ્રશ્ન :** હવે આગળ વધી શકાય ખરું ? અર્થાત્ પાંચમી ક્ષણ કહી શકાય ખરી ? અમને તો લાગે છે કે પાંચમી ક્ષણનું નિર્વચન નહિ થઈ શકે, કેમકે ચોથી ક્ષણમાં ઉત્તરસંયોગ ઉત્પન્ન થઈ ગયો. હવે ક્રિયાનો નાશ થઈ ગયો પછી પાંચમી ક્ષણનો વ્યવહાર કેમ થશે ?

**ઉત્તર :** ના, પાંચમી ક્ષણે નવી ક્રિયા ઉત્પન્ન થઈ જશે. વળી તે વખતે વિભાગનો પ્રાગભાવ પણ છે જ. માટે જેને આપણે પ્રથમ ક્ષણ કહી હતી તે ફરી અહીં લાગુ થશે. એ રીતે બીજી આદિ ક્ષણોનું પણ પછીની ક્ષણોમાં નિર્વચન થઈ શકે.

**પ્રશ્ન :** જ્યારે મહાપ્રલય થાય છે ત્યારે પરમાણુમાં ક્રિયા થતી નથી. વળી ત્યાં ક્ષણવ્યવહાર થાય છે. તો તે ક્ષણવ્યવહાર ઉપરની ક્રિયાવાળી ક્ષણોના નિર્વચનથી શી રીતે થશે ?

**ઉત્તર :** જો મહાપ્રલયમાં ક્ષણાદિ વ્યવહાર થતો હોય (અમે તો માનતા નથી.)

તો પછી બીજો કોઈ રસ્તો નથી. એટલે સર્ગકાળની છેલ્લી ક્ષણે જે દ્વ્યણુકાદિનો ધ્વંસ થયો તે ધ્વંસથી લગાવીને પહેલી, બીજી, ત્રીજી વગેરે ક્ષણ કહેવી.

એવી ક્ષણોના સમૂહને કલાક, દિન, માસ તરીકે કહેવા.

**ક્ષણ-પ્રક્રિયા**

૧. ક્રિયાવાન્ પરમાણુ + વિભાગપ્રાગભાવ.

૨. વિભાગવાન્ પરમાણુ + પૂર્વસંયોગ.

૩. પૂર્વસંયોગનાશવાન્ પરમાણુ + ઉત્તરસંયોગપ્રાગભાવ.

૪. ઉત્તરદેશસંયોગવાન્ પરમાણુ + ક્રિયા.

कारिकावली : दूरान्तिकादिधीहेतुरेका नित्या दिगुच्यते ॥४६॥
उपाधिभेदादेकाऽपि प्राच्यादिव्यपदेशभाक् ।

मुक्तावली : दिशं निरूपयति - दूरान्तिकेति । दूरत्वमन्तिकत्वं च दैशिकं परत्वमपरत्वं बोध्यम् । तद्बुद्धेरसाधारणं बीजं दिगेव । दैशिकपरत्वापरत्वयो-रसमवायिकारणसंयोगाश्रयतया लाघवादेका दिक् सिध्यतीति भावः ॥

ननु यदि एकैव दिक् तदा प्राचीप्रतीच्यादिव्यवहारः कथमुपपद्यत इत्यत आह-उपाधीति । यत्पुरुषस्योदयगिरिसन्निहिता या दिक् सा तस्य प्राची । एवमुदयगिरिव्यवहिता या दिक् सा प्रतीची । एवं यत्पुरुषस्य सुमेरुसन्निहिता या दिक् सोदीची । तद्व्यवहिता त्ववाची । 'सर्वेषामेव वर्षाणां मेरुरुत्तरतः स्थितः' इति नियमात् ।

**મુક્તાવલી :** અહીંથી અમેરિકા દૂર છે, કાશ્મીર નજદીક (અદૂર) છે ઈત્યાદિ જે દૂરત્વ-અદૂરત્વ બુદ્ધિ ઉત્પન્ન થાય છે તેને 'દૈશિક' દૂરત્વ-અદૂરત્વ 'બુદ્ધિ' કહેવાય છે. આવી બુદ્ધિના અસાધારણ કારણ તરીકે 'દિક્' દ્રવ્યની સિદ્ધિ થાય છે.

દૈશિક પરત્વાદિનું અસમવાયિકારણ દિક્ અને પિંડનો સંયોગ છે. તે સંયોગનો આશ્રય જેમ પિંડ છે તેમ દિક્ પણ છે. તેથી કાળ-નિરૂપણમાં કહ્યા મુજબ લાઘવથી એક દિક્ સિદ્ધ થાય છે.

**પ્રશ્ન :** જો દિશા એક જ હોય તો પૂર્વ(પ્રાચી), પશ્ચિમ (પ્રતીચી) ઈત્યાદિ અનેક દિગ્વ્યવહાર કેમ થાય છે ?

**ઉત્તર :** ઉપાધિભેદથી. ઉદયગિરિ પૂર્વમાં છે અને સુમેરૂ ઉત્તરમાં છે. એટલે જે પુરૂષની જે દિશા ઉદયગિરિની નજદીકમાં છે તે તેની પૂર્વદિક્ છે અને જે દિશા તે ઉદયગિરિથી ખૂબ દૂર છે તે તે પુરૂષની પશ્ચિમ દિશા છે.

એ જ રીતે સુમેરૂની નજદીકની દિશા તે ઉત્તર દિશા અને સુમેરૂથી દૂર રહેલી દિશા તે દક્ષિણ દિશા સમજવી, કેમકે 'સઘળા દેશની ઉત્તરમાં સુમેરૂ રહેલો છે' એવો નિયમ છે.

**कारिकावली : आत्मेन्द्रियाद्यधिष्ठाता करणं हि सकर्तृकम् ॥४७॥**

**मुक्तावली : आत्मानं निरूपयति - आत्मेन्द्रियेति । आत्मत्वजातिस्तु सुखदुःखादिसमवायिकारणतावच्छेदकतया सिध्यति । ईश्वरेऽपि सा जातिरस्त्येव, अदृष्टादिरूपकारणाभावान्न सुखदुःखाद्युत्पत्तिः । 'नित्यस्य स्वरूपयोग्यत्वे फलावश्यम्भावनियम' इत्यस्याप्रयोजकत्वात् ।**

**મુક્તાવલી :** આત્મત્વ જાતિ અનુમાન પ્રમાણથી સિદ્ધ થાય છે.

**પ્રશ્ન :** આત્મત્વ જાતિ તો આત્માનું માનસપ્રત્યક્ષ (**अहं सुखी इत्याद्याकारकः**) થવાથી પ્રત્યક્ષ સિદ્ધ જ છે તો પછી અનુમાનથી સિદ્ધ કરવાની શી જરૂર ?

**ઉત્તર :** આત્માનું માનસપ્રત્યક્ષ થતું હોવાથી સ્વાત્મનિષ્ઠ આત્મત્વ જાતિ જરૂર પ્રત્યક્ષ સિદ્ધ છે, તથાપિ સર્વ પરાત્મગત આત્મત્વ જાતિ તો પ્રત્યક્ષ સિદ્ધ નથી. માટે સકલાત્મસાધારણ આત્મત્વ જાતિ તો અનુમાનથી જ સિદ્ધ થાય.

સુખદુઃખાદિનું સમવાયિકારણ આત્મા છે માટે સુખાદિની સમવાયિકારણતાના અવચ્છેદક તરીકે આત્મત્વ જાતિ સિદ્ધ થાય. આ અંગેના અનુમાનનો આકાર પૃથ્વીત્વાદિ જાતિની સિદ્ધિવત્ સમજી લેવો. (સુખ, દુઃખ, જ્ઞાન, ઈચ્છા, દ્વેષ, પ્રયત્ન, ધર્મ, અધર્મ, ભાવના)

**પ્રશ્ન :** ઈશ્વર-આત્મામાં તો સુખાદિ નથી જ, કેમકે ત્યાં સુખાદ્યુત્પાદક અદૃષ્ટ નથી. આમ ઈશ્વરાત્મા સુખાદિનું સમવાયિકારણ નહિ બને તો તેનામાં તાદૃશ સમવાયિકારણતાના અવચ્છેદક તરીકે આત્મત્વ જાતિ શી રીતે સિદ્ધ થશે ?

**ઉત્તર :** ઈશ્વરાત્મામાં પણ આત્મત્વ જાતિ છે જ, કેમકે ઈશ્વરાત્મામાં પણ જો અદૃષ્ટ હોત તો જરૂર સુખાદિ કાર્યો ઉત્પન્ન થાત. આમ ઈશ્વરાત્મામાં સુખાદિની ફલોપધાયક કારણતા ન હોવા છતાં સ્વરૂપયોગ્યતારૂપ કારણતા તો છે જ. તેનો અવચ્છેદક આત્મત્વ બનતાં તે જાતિ બની રહેશે.

**પ્રશ્ન :** જે નિત્ય હોય અને અમુક કાર્યની સ્વરૂપયોગ્યતાવાળું હોય તેનામાં ક્યારેક પણ ફળ અવશ્ય થવું જ જોઈએ. (આ વાત જલનિરૂપણમાં વિચારાઈ ગઈ છે.) માટે ઈશ્વરાત્મા જો સુખાદિ કાર્યની સ્વરૂપયોગ્યતાવાળો હોય તો તેનામાં ક્યારેક પણ સુખાદિ ફળની ઉત્પત્તિ થવી જ જોઈએ જે ઈષ્ટ નથી.

**नित्यस्य स्वरूपयोग्यत्वे फलावश्यम्भावनियमः ।**

**ઉત્તર** : અમે આવા નિયમને અપ્રયોજક માનીએ છીએ, અર્થાત્ આવા નિયમને પ્રામાણિક માનતા નથી.

---

**मुक्तावली : परे त्वीश्वरे सा जातिर्नास्त्येव, प्रमाणाभावात् । न च दशमद्रव्यत्वापत्तिः, ज्ञानवत्त्वेन विभजनादित्याहुः ।**

---

**મુક્તાવલી** : બીજા કેટલાક નૈયાયિકો તો કહે છે કે ઈશ્વરાત્મામાં (ઉક્ત કારણસર) આત્મત્વ જાતિ છે જ નહિ.

**પ્રશ્ન** : તો પછી નવ દ્રવ્યમાં ઈશ્વરાત્માનો ક્યાં સમાવેશ થશે ? આઠમા આત્મદ્રવ્યમાં પણ આત્મત્વ જાતિ વિનાના ઈશ્વરાત્માનો સમાવેશ થઈ શકે નહિ માટે હવે તમારે ઈશ્વરાત્માને દસમું દ્રવ્ય માનવાની આપત્તિ આવશે.

**ઉત્તર** : ના, તે આપત્તિ નહિ આવે. અમે આઠમું 'આત્મા' નામનું દ્રવ્ય નહિ કહીએ પણ 'જ્ઞાનવાન્' નામનું આઠમું દ્રવ્ય કહીશું. તેના બે વિભાગ કરીશું : નિત્ય જ્ઞાનવાન્ અને અનિત્ય જ્ઞાનવાન્. નિત્ય જ્ઞાનવાન્ ઈશ્વરાત્મા અને અનિત્ય જ્ઞાનવાન્ સકલ સંસારી આત્મા. આ મતને જણાવીને **इत्याहुः** એવું પદ મુક્તાવલીકારે મૂક્યું છે.

'આમ કેટલાક કહે છે' આનો અર્થ એ થયો કે અમને તો આ વાતમાં રૂચિ નથી. (અસ્વરસ છે) તેનું કારણ એ છે કે વેદમાં પણ ઈશ્વરાત્માને આત્મદ્રવ્ય તરીકે જ કહેલ છે. હવે એ 'આત્મ'પદની નિત્ય જ્ઞાનવાન્માં લક્ષણા કરવાની આવે જે ઉચિત નથી.

---

**मुक्तावली : इन्द्रियाद्यधिष्ठातेति । इन्द्रियाणां शरीरस्य च परम्परया चैतन्यसम्पादकः। यद्यप्यात्मनि 'अहं जाने, अहं सुखी' इत्यादिप्रत्यक्ष-विषयत्वमस्त्येव तथापि विप्रतिपन्नं प्रति प्रथमत एव 'शरीरादिभिन्न-स्तत्तत्प्रतीतिगोचर' इति प्रतिपादयितुं न शक्यत इत्यतः प्रमाणान्तरं दर्शयति - करणमिति । वास्यादीनां छिदाकरणानां कर्तारमन्तरेण फलानुपधानं दृष्टम् । एवं चक्षुरादीनां ज्ञानकरणानामपि फलोपधानं कर्तारमन्तरेण नोपपद्यत इत्यतिरिक्तः कर्ता कल्प्यते ॥**

---

**મુક્તાવલી** : ચાર્વાકમત-ખંડન : આત્મસિદ્ધિ : ઈન્દ્રિયો જ્ઞાનની (ચૈતન્યની) જનક

છે. એથી ઇન્દ્રિયોમાં જનકતા-સંબંધથી ચૈતન્યનો સંપાદક આત્મા છે. એ જ રીતે શરીર એ આત્માનો અવચ્છેદક છે માટે અવચ્છેદકતા-સંબંધથી આત્મા શરીરમાં ચૈતન્યનો સંપાદક બને છે. આમ આત્મા એ વિભિન્ન સંબંધોથી ઇન્દ્રિય અને શરીરના ચૈતન્યનો સંપાદક બને છે. **(यदचेतनं तत् चेतनाधिष्ठितं कार्यकारि इति व्याप्तिः)**

જો કે 'હું જાણું છું', 'હું કરું છું', 'હું સુખી છું', 'હું દુઃખી છું' ઇત્યાદિ રૂપથી આત્માનું (પૂર્વે કહ્યા મુજબ) માનસપ્રત્યક્ષ થાય છે એટલે આત્માની સિદ્ધિ માટે અનુમાનાદિ પ્રમાણાન્તર શોધવા જવાની જરૂર નથી તથાપિ શરીરથી ભિન્ન એવા આત્માનું અસ્તિત્વ જેઓ સ્વીકારતા નથી, અર્થાત્ જેઓ શરીરભિન્નાત્મવાદ વિરૂદ્ધ કોટિ 'શરીર એ જ આત્મા' એ માન્યતામાં સ્થિર છે, (વિપ્રતિપન્ન) વિરૂદ્ધ મતિવાળા = મતભેદ રાખનાર છે તેઓ તો આત્માને આ રીતે પ્રત્યક્ષ પ્રમાણથી શરીરથી ભિન્ન માનવાના જ નથી. તેઓ તો એવી પ્રતીતિ શરીરસ્વરૂપ આત્માની જ કહેવાના, એટલે તેમને શરીરભિન્ન આત્મા સિદ્ધ કરી આપવા અનુમાન પ્રમાણનો આશ્રય લેવો જ પડશે.

કાષ્ઠ કાપવાનું કરણ (સાધન) કુઠાર છે. કુઠાર એ કર્તા વિના કાષ્ઠ છેદન કાર્ય (ફલ) ઉત્પન્ન કરી શકતી નથી. એ જ રીતે નેત્રાદિ ઇન્દ્રિયો જ્ઞાનકાર્ય ઉત્પન્ન કરે છે, અર્થાત્ જ્ઞાનોત્પત્તિનું કરણ છે તો તેમનો કોઈ કર્તા હોવો જ જોઈએ, કેમકે કર્તા વિના નેત્રાદિ કરણો જ્ઞાન-ફળને ઉત્પન્ન કરી શકે નહિ. આમ તે કર્તા તરીકે શરીરથી ભિન્ન આત્મા સિદ્ધ થઈ જાય છે. **इन्द्रियं सकर्तृकं, करणत्वात् कुठारवत् ।**

---

**कारिकावली : शरीरस्य न चैतन्यं मृतेषु व्यभिचारतः ।**

---

**मुक्तावली : ननु शरीरस्य कर्तृत्वमस्त्वत आह - शरीरस्येति । ननु चैतन्यं ज्ञानादिकमेव, मुक्तात्मनां त्वन्मत इव मृतशरीराणामपि तदभावे का क्षतिः, प्राणाभावेन ज्ञानाभावस्य सिद्धेरिति चेत् ?**

---

### શરીર એ જ આત્મા

**મુક્તાવલી : ચાર્વાક :** તમે શરીરથી ભિન્ન આત્મામાં ચૈતન્ય સિદ્ધ કરો છો, અર્થાત્ **समवायेन ज्ञानकार्यं प्रति तादात्म्येन आत्मा कारणम्** એવો જે કાર્ય-કારણભાવ કરો છો તે બરાબર નથી. શરીર જ ચેતન કેમ ન કહેવાય ? શરીરમાં જ ચૈતન્ય-જ્ઞાનાદિ ઉત્પન્ન થાય છે એમ કેમ ન કહેવાય ? અર્થાત્ **समवायेन ज्ञानकार्यं प्रति शरीरं कारणम्** એવો

શરીર-જ્ઞાનનો કાર્ય-કારણભાવ કેમ ન થાય?

**નૈયાયિક :** આવા કાર્ય-કારણભાવમાં મૃત શરીરને લઈને વ્યભિચાર આવે છે, કેમકે ત્યાં કારણ શરીર છે પણ કાર્ય જ્ઞાન નથી. આમ અન્વય-વ્યભિચાર આવવાથી શરીર-જ્ઞાનનો કાર્ય-કારણભાવ ન મનાય.

**ચાર્વાક :** આ વાત તો બરાબર નથી. તમારા મતે જે જ્ઞાન-આત્માનો કાર્ય-કારણભાવ છે તેમાં પણ અન્વય-વ્યભિચાર આવે જ છે. મુક્તાત્મામાં તાદાત્મ્યેન આત્મા કારણ છે પણ તેમનામાં જ્ઞાન-કાર્ય નથી. (નૈયાયિકો મુક્તાત્મામાં જ્ઞાનાદિ ગુણો માનતા નથી.)

**નૈયાયિક :** તમારી વાત બરોબર છે, પણ આ અન્વય-વ્યભિચાર દોષ દૂર કરવા અમે જ્ઞાનકાર્ય પ્રતિ કેવળ આત્માને જ કારણ ન કહેતાં શરીરવિશિષ્ટમનઃસંયોગાવચ્છિન્ન આત્માને કારણ કહીશું.

**ચાર્વાક :** તો અમે પણ જ્ઞાન-શરીરના કાર્ય-કારણભાવમાં મૃત શરીરને લઈને જે અન્વય-વ્યભિચાર આવ્યો તેને દૂર કરવા જ્ઞાનકાર્ય પ્રતિ કેવળ શરીરને કારણ ન કહેતાં પ્રાણવિશિષ્ટ શરીરને કારણ કહીશું. હવે અન્વય-વ્યભિચાર નહિ આવે, કેમકે મૃત શરીર પ્રાણવિશિષ્ટ નથી માટે ત્યાં જ્ઞાન પણ નથી. આમ હવે જ્ઞાન-શરીરનો જ કાર્ય-કારણભાવ માનવો જોઈએ, અર્થાત્ શરીરને જ આત્મા માનવો જોઈએ.

---

**मुक्तावली : न, शरीरस्य चैतन्ये बाल्ये विलोकितस्य स्थाविरे स्मरणानुपपत्तेः, शरीराणामवयवोपचयापचयैरुत्पादविनाशशालित्वात् ।**

---

**મુક્તાવલી : નૈયાયિક :** જો શરીર જ આત્મા હોય તો બાલ્યકાળમાં અનુભવેલી કંદુકક્રીડાદિનું સ્થવિરાવસ્થામાં સ્મરણ નહિ થવાની આપત્તિ આવશે, કેમકે શરીરના માંસપિંડાદિ જે અવયવો છે તેમનામાં સતત ચયાપચય (વૃદ્ધિ-હ્રાસ) થયા જ કરે છે. આમ શરીરના અવયવો ઉત્પાદ-વિનાશવાળા છે એટલે બાલ્યકાળના શરીરસ્વરૂપ જે આત્મા હતો તે નષ્ટ થયો અને કાલાંતરે સ્થવિરકાળમાં શરીરસ્વરૂપ આત્મા ઉત્પન્ન થયો. હવે બાલ્યકાળના શરીરાત્માએ જે કન્દુકક્રીડાદિ અનુભવ્યા તેના સંસ્કાર તે આત્મામાં પડ્યા, પણ હવે જ્યારે તે આત્મા જ નથી ત્યારે તે આત્મામાં પડેલા સંસ્કાર પણ હવે નથી જ. આશ્રયનો નાશ થતાં આશ્રિતનો પણ નાશ થઈ જ જાય. હવે જો તે સંસ્કારો નથી, તો પછી (સંસ્કાર વિના) સ્મરણ શી રીતે થશે ? જ્યારે ખરેખર તો

બાલ્યકાલીન અનુભવોનું સ્મરણ સ્થવિરાદિ કાળમાં થાય જ છે. એટલે માનવું જ પડે કે શરીર એ જ આત્મા નથી કિન્તુ તદતિરિક્ત શરીરાન્તર્ગત આત્મા છે. તે તે અનુભવોથી જન્ય સંસ્કારોનો આશ્રય છે.

---

**मुक्तावली : न च पूर्वशरीरोत्पन्नसंस्कारेण द्वितीयशरीरे संस्कार उत्पाद्यत इति वाच्यम्, अनन्तसंस्कारकल्पने गौरवात् । एवं शरीरस्य चैतन्ये बालकस्य स्तन्यपाने प्रवृत्तिर्न स्यात्, इष्टसाधनताज्ञानस्य तद्धेतुत्वात् तदानीमिष्ट-साधनतास्मारकाभावात् । मन्मते तु जन्मान्तरानुभूतेष्टसाधनत्वस्य तदानीं स्मरणादेव प्रवृत्तिः । न च जन्मान्तरानुभूतमन्यदपि स्मर्यतामिति वाच्यम्, उद्बोधकाभावात् । अत्र त्वनायत्या जीवनादृष्टमेवोद्बोधकं कल्प्यते । इत्थं च संसारस्यानादितया आत्मनोऽनादित्वसिद्धावनादिभावस्य नाशासम्भवा-न्नित्यत्वं सम्भवतीति बोध्यम् ।**

---

**મુક્તાવલી : ચાર્વાક :** પૂર્વપૂર્વના જે શરીરો નષ્ટ થતાં જાય છે તે ઉત્તરોત્તર ઉત્પન્ન થતાં નવા શરીરમાં પોતાનો સંસ્કાર મૂકતાં જાય છે. એટલે બાલ્યશરીરાત્મામાં રહેલા સંસ્કારો યુવાદિ શરીરાત્મામાં ઉત્પન્ન થઈ જતાં હોવાથી બાલ્યકાલીન અનુભવોનું યુવાદિ કાળમાં સ્મરણ ઉત્પન્ન થઈ જશે. એટલે હવે શરીરને જ આત્મા માનવો જોઈએ.

**નૈયાયિક :** આવી રીતે એક એક પૂર્વપૂર્વ શરીરના અનંત સંસ્કારોની ઉત્તરોત્તર ઉત્પન્ન થતાં પ્રત્યેક શરીરમાં ઉત્પત્તિ માનવી અને પૂર્વપૂર્વ શરીરના અનંત સંસ્કારોનો નાશ માનવો એમાં મહાગૌરવ છે. એના કરતાં એક જ સ્થાયી આત્મામાં અનન્ત સંસ્કાર માનવામાં લાઘવ છે.

વળી જો શરીર જ આત્મા હોય તો બાળકની સ્તન્યપાનમાં જે પ્રવૃત્તિ થાય છે તે હવે નહિ થાય. તે આ રીતે :

બાળક સ્તન્યપાનમાં પ્રવૃત્તિ કરે છે તેમાં '**इदं दुग्धपानं मदिष्टस्य जीवनस्य साधनम् ।**' એવું સ્મરણાત્મક જ્ઞાન કારણ છે. હવે સ્મરણ તો અનુભવપૂર્વક હોય. બાળકને જન્મતાંની સાથે જ આ સ્મરણ થયું અને સ્તન્યપાનમાં પ્રવૃત્તિ થઈ છે એટલે એ વાત તો નક્કી છે કે આ સ્મરણ પૂર્વે તેણે સ્તન્યપાનનો અનુભવ તો નથી જ કર્યો. હવે જો બાળકને સ્તન્યપાનનો અનુભવ નથી તો પછી તેવા અનુભવ વિના તેનું સ્મરણ

પણ ન જ થાય અને તેવા સ્મરણ વિના પ્રથમ સ્તન્યપાનમાં પ્રવૃત્તિ પણ ન જ થાય. હવે જયારે પ્રથમ સ્તન્યપાન-પ્રવૃત્તિ પ્રત્યક્ષ સિદ્ધ છે ત્યારે તજ્જનકસ્મરણજનક સ્તન્યપાનાનુભવ પૂર્વે માનવો જ જોઈએ. એવો અનુભવ આ બાળકને તો જણાતો નથી માટે બાળકના શરીરથી અતિરિક્ત એક આત્મા માનવો જ જોઈએ જેણે જન્માન્તરમાં સ્તન્યપાનનો ઈષ્ટસાધન તરીકે અનુભવ કર્યો હતો જેના સંસ્કાર તે આત્મામાં પડ્યા હતા. એ સંસ્કારોનું અહીં ઉદ્‌બોધન થવાથી સ્મરણ થયું અને તેથી સ્તન્યપાનમાં પ્રવૃત્તિ થઈ. **जन्मान्तरानुभूतेष्टसाधनत्वस्य स्मरणादेव बालस्य प्रथमस्तन्यपाने प्रवृत्तिः ।**

**ચાર્વાક** : અરે, જન્માન્તરમાં કંઈ સ્તન્યપાનનો જ અનુભવ કર્યો હતો ? બીજા કામભોગાદિના અનુભવ પણ ક્યાં નથી કર્યા ? તો પછી તે બીજા અનુભવોના સંસ્કારોનું ઉદ્‌બોધન કેમ ન થયું અને સ્તન્યપાનના સંસ્કારોનું જ ઉદ્‌બોધન કેમ થયું ?

**નૈયાયિક** : કામભોગાદિના સંસ્કારો પણ તે બાળકના આત્મામાં છે જ. પરંતુ બાલ્યકાળમાં તે સંસ્કારો અનુદ્‌બુદ્ધ રહે છે, કેમકે બાલ્યકાળમાં કામભોગાદિ સંસ્કારોનો ઉદ્‌બોધક હાજર નથી. કામભોગાદિ સંસ્કારોને જાગ્રત કરનાર યુવાકાળ છે. આથી કામભોગાદિના સંસ્કારો હોવા છતાં તે વખતે ઉદ્‌બુદ્ધ ન હોવાથી તેનું સ્મરણ થતું નથી. **स्मरणं प्रति उद्बुद्धसंस्काराणामेव हेतुत्वनियमात् ।**

**પ્રશ્ન** : '**स्तन्यपानं मदिष्टसाधनम्**' એવું બાળકને જે ઈષ્ટસાધનતાનું સ્મરણાત્મક જ્ઞાન થાય છે તેના જનક જે સંસ્કારો છે તેને ઉદ્‌બુદ્ધ કોણે કર્યા ? તે સંસ્કારોનો ઉદ્‌બોધક કોણ ?

**ઉત્તર** : સંસ્કારથી સ્મરણાત્મક જ્ઞાન ત્યારે ઉત્પન્ન થાય જયારે કોઈ ઉદ્‌બોધક મળે. કામાદિ સંસ્કારોનો ઉદ્‌બોધક યુવાકાળ છે તેમ સ્તન્યપાનના સંસ્કારનો ઉદ્‌બોધક જીવનાદૃષ્ટ છે. 'જીવનાદૃષ્ટ' એટલે જૈન પરિભાષામાં આયુષ્યકર્મ કહેવાય. 'જીવન' એટલે શરીરમાં પ્રાણની સ્થિતિ રહેવી તે. તેમાં હેતુભૂત જે અદૃષ્ટ તે જીવનાદૃષ્ટ કહેવાય. અહીં બીજો કોઈ ઉદ્‌બોધક સંભવતો નથી એટલે અનાયત્યા-અગત્યા (બીજો કોઈ રસ્તો ન હોવાથી) જીવનાદૃષ્ટને જ ઉદ્‌બોધક માનવો જોઈએ.

આ રીતે શરીરથી ભિન્ન આત્માની સિદ્ધિ થાય છે. એથી જ આ આત્મા નિત્ય પણ સિદ્ધ થાય છે, કેમકે આ જન્મના સ્તન્યપાનમાં પૂર્વજન્મના સ્તન્યપાનનો અનુભવ હેતુ બન્યો તેમ તે પૂર્વજન્મના સ્તન્યપાનમાં પ્રપૂર્વજન્મના સ્તન્યપાનનો અનુભવ હેતુ બને... એ રીતે જન્મપ્રવાહ અનાદિ બની જાય. આમ સંસાર અનાદિ સિદ્ધ થતાં આત્મા પણ અનાદિ સિદ્ધ થયો. જે અનાદિ ભાવપદાર્થ હોય (પ્રાગભાવ એ અનાદિ અભાવ

પદાર્થ છે માટે તેનો નાશ થઈ શકે.) તેનો નાશ થાય નહિ. માટે આત્મા અનાદિ-અનંત નિત્ય સિદ્ધ થઈ જાય છે.

---

**कारिकावली : तथात्वं चेदिन्द्रियाणामुपघाते कथं स्मृतिः ॥४८॥**

---

**मुक्तावली : ननु चक्षुरादीनामेव ज्ञानादिकं प्रति करणत्वं कर्तृत्वं चास्तु, विरोधे साधकाभावादत आह - तथात्वमिति । चैतन्यमित्यर्थः, उपघाते = नाशे सति, अर्थाच्चक्षुरादीनामेव, कथं स्मृतिरिति । पूर्वं चक्षुषा साक्षात्कृतानां चक्षुषोऽभावे स्मरणं न स्यात्, अनुभवितुरभावात्, अन्यदृष्टस्याऽन्येन स्मरणासम्भवात्, अनुभवस्मरणयोः सामानाधिकरण्येन कार्यकारण-भावादिति भावः ॥**

---

**મુક્તાવલી : ચક્ષુરાત્મવાદ : પૂર્વપક્ષ :** ચક્ષુ આદિ ઈન્દ્રિયોને જ આત્મા માનો ને? ચક્ષુ આદિ ઈન્દ્રિયો જ્ઞાનાદિનું કરણ છે તેમ જ્ઞાનાદિના કર્તા પણ કેમ ન બને ? જે કરણ હોય તે કર્તા પણ કેમ ન હોય ? કર્તૃત્વ-કરણત્વનો વિરોધ હોવામાં કોઈ સાધક પ્રમાણ નથી માટે ચક્ષુ આદિ ઈન્દ્રિયોને જ આત્મા કેમ ન મનાય ? સર્પ પોતે જ પોતાનાથી વીંટળાય છે તેમાં સર્પ પોતે જ કરણ અને કર્તા ઉભય બને છે ને ?

**નૈયાયિક :** ના, ઈન્દ્રિયો અનિત્ય છે, કેમકે તેનો નાશ થતો જોવા મળે છે. વળી ઈન્દ્રિયને જો આત્મા માનીએ તો બાલ્યકાળમાં ઈન્દ્રિયસ્વરૂપ આત્માએ જે અનુભવ કર્યો અને જે સંસ્કાર પડ્યા તેનું સ્મરણ યુવાદિ અવસ્થામાં ઈન્દ્રિયનો નાશ થયા પછી નહિ થાય. જે ચક્ષુ જેનો અનુભવ કરે તે ચક્ષુ જ તેનું સ્મરણ કરે એવો નિયમ છે. હવે જો અનુભવ કરનાર ચક્ષુનો નાશ થાય તો તેના અનુભવનું સ્મરણ બીજો કોઈ કરી શકે જ નહિ. બાકી જો તેમ થાય તો દેવદત્તના અનુભવનું ચૈત્રને સ્મરણ થવાની આપત્તિ આવે.

'જ્યાં અનુભવ હોય ત્યાં જ સ્મરણ હોય' આવો અનુભવ અને સ્મરણનો સામાનાધિકરણ્યેન કાર્ય-કારણભાવ છે.

હવે ચક્ષુનો નાશ થયા પછી પણ ચક્ષુએ અનુભવેલાનું તે અંધને સ્મરણ થાય છે માટે ચક્ષુ આદિ ઈન્દ્રિયને જ આત્મા ન મનાય કિન્તુ તદતિરિક્ત આત્મા માનવો જોઈએ.

**कारिकावली : मनोऽपि न तथा ज्ञानाद्यनध्यक्षं तदा भवेत् ।**

**मुक्तावली : ननु चक्षुरादीनां चैतन्यं माऽस्तु, मनसस्तु नित्यस्य चैतन्यं स्यादत आह - मनोऽपीति । न तथा = न चेतनम् । ज्ञानादीति । मनसोऽणुत्वात्प्रत्यक्षे च महत्त्वस्य हेतुत्वात् मनसि ज्ञानसुखादिसत्त्वे तत्प्रत्यक्षानुपपत्तिरित्यर्थः । यथा च मनसोऽणुत्वं तथाऽग्रे वक्ष्यते ।**

**મુક્તાવલી : પૂર્વપક્ષ :** ચક્ષુ આદિ અનિત્ય છે માટે તેમને આત્મસ્વરૂપ ભલે ન માનો પણ મન તો નિત્ય છે, તો તેને જ આત્મા માનવામાં શો વાંધો આવે ? ચક્ષુનો ઉપઘાત થઈ જાય છે માટે તેણે અનુભવેલા સ્મરણની અનુપપત્તિ થઈ જાય, એટલે ચક્ષુ ભલે આત્મા ન બને પણ મનના તો ઉપઘાતાદિ થવાના નથી એટલે નિત્ય મનને જ આત્મા માની લેવો જોઈએ, (અહીં **उपघाते सति स्मरणानुपपत्तिः** દોષ લાગુ પડતો નથી.) અર્થાત્ જ્ઞાનાદિ પ્રત્યે મનને જ કરણ અને કર્તા બે ય માની લેવા જોઈએ.

**ઉત્તરપક્ષ :** નહિ, મન તો અણુ છે. પ્રત્યક્ષ પ્રત્યે મહત્પરિમાણ કારણ છે. હવે જો મન જ આત્મા બને તો મનમાં જ્ઞાનાદિ ગુણો રહે. હવે અણુ એવા મનનું જ પ્રત્યક્ષ નથી થતું એટલે અણુ એવા મનમાં રહેલા જ્ઞાનાદિ ગુણોનું પણ પ્રત્યક્ષ નહિ થવાની આપત્તિ આવશે.

મન એ અણુ કેમ છે એ વાત અમે આગળ જણાવીશું.

**मुक्तावली : नन्वस्तु क्षणिकविज्ञानमेवात्मा, तस्य स्वतः प्रकाशरूपत्वात् चेतनत्वम्, ज्ञानसुखादिकं तु तस्यैवाकारविशेषः, तस्यापि भावत्वादेव क्षणिकत्वं, पूर्वपूर्वविज्ञानस्योत्तरोत्तरविज्ञाने हेतुत्वात् सुषुप्त्यवस्थायामप्या-लयविज्ञानधारा निराबाधैव, मृगमदवासनावासितवसन इव पूर्वपूर्वविज्ञान-जनितसंस्काराणामुत्तरोत्तरविज्ञाने संक्रान्तत्वान्नानुपपत्तिः स्मरणादेरिति चेत् ?**

**મુક્તાવલી : બૌદ્ધમત-નિરૂપણ :** હવે યોગાચાર-બૌદ્ધના મતનું સ્થાપન કરીને નૈયાયિક તેનું ખંડન કેવી રીતે કરે છે તે જોઈએ.

**બૌદ્ધ** : ક્ષણિક વિજ્ઞાન એ જ આત્મા છે.

**નૈયાયિક** : ક્ષણિક વિજ્ઞાન તો બુદ્ધિરૂપ છે અને બુદ્ધિ તો જડ છે. જડ બુદ્ધિ આત્મા શી રીતે બની શકે. વળી વિજ્ઞાનનો કોઈ આકાર પણ જોઈએ ને ?

**બૌદ્ધ** : વિજ્ઞાન પોતે સ્વતઃ પ્રકાશરૂપ છે માટે તેનામાં ચૈતન્ય ઉપપન્ન થઈ જાય છે. વળી જે જ્ઞાન-સુખાદિને તમે આત્માના વિશેષગુણ માનો છો તે બધા તે ક્ષણિક વિજ્ઞાનના જ જુદા જુદા આકારો છે, અર્થાત્ **'अहं जानामि' 'अहं सुखी'** ઈત્યાદિ અનેકાકાર વિજ્ઞાન જ જ્ઞાન-સુખાદિ આકારથી ભાસે છે. હવે આ વિજ્ઞાનરૂપ આત્મા પણ ભાવ(સત્)પદાર્થ છે માટે **'यत् सत् तत् क्षणिकम्'** એ વ્યાપ્તિથી આ વિજ્ઞાન પણ ક્ષણિક સિદ્ધ થાય છે. **( क्षणिकत्वं द्वितीयक्षणवृत्तिध्वंसप्रतियोगित्वम् ।)**

**નૈયાયિક** : જો વિજ્ઞાન જ આત્મા હોય તો સુષુપ્તિ અવસ્થામાં વિજ્ઞાન ન હોવાથી તે વખતે આત્માનો અભાવ થઈ જવાની આપત્તિ આવશે.

**બૌદ્ધ** : ના, વિજ્ઞાન બે પ્રકારના છે : પ્રવૃત્તિવિજ્ઞાન અને આલયવિજ્ઞાન. તેમાં જાગ્રત અવસ્થાનું છેલ્લું પ્રવૃત્તિવિજ્ઞાન સુષુપ્તિ અવસ્થાના પહેલા આલયવિજ્ઞાનને **('अहम्' इति विषयकम्)** ઉત્પન્ન કરી દે છે, કેમકે પૂર્વપૂર્વ વિજ્ઞાન ઉત્તરોત્તર વિજ્ઞાનને ઉત્પન્ન કરવા દ્વારા હેતુ છે. વળી દરેક ક્ષણિક વિજ્ઞાનાત્મા ઉત્તરોત્તર ક્ષણિક વિજ્ઞાનાત્મામાં પોતાનામાં ઉત્પન્ન થયેલા સંસ્કારોને મૂકતું જાય છે. જેમ કપડાના તાકામાં મૂકેલી કસ્તૂરીની વાસનાની તે તાકાના દરેક પડમાં ઉત્તરોત્તર સંક્રાન્તિ થતી જાય છે તેવું અહીં પણ બને છે. આથી હવે પ્રતિક્ષણ વિજ્ઞાનાત્મા નષ્ટ થાય તો ય તેણે અનુભવેલાનું સ્મરણ થવાની અનુપપત્તિ નહિ થાય.

---

**ટિપ્પણ** : મુક્તાવલીકારે જે ક્ષણિક વિજ્ઞાનાત્મવાદનો પૂર્વપક્ષ સ્થાપ્યો છે તે બૌદ્ધમતના બીજા યોગાચાર-બૌદ્ધનો મત છે. બૌદ્ધોના મુખ્યત્વે ચાર દાર્શનિક સંપ્રદાય છે : (૧) માધ્યમિક (૨) યોગાચાર (૩) સૌત્રાન્તિક અને (૪) વૈભાષિક. આમાંના બીજા યોગાચારને 'વિજ્ઞાનવાદી' પણ કહેવાય છે તથા પહેલા માધ્યમિકને 'શૂન્યવાદી' પણ કહેવાય છે.

આ ચારમાં પહેલા બે તો જગતમાં કોઈપણ ઘટ-પટાદિ બાહ્ય પદાર્થોનું અસ્તિત્વ જ માનતા નથી, જ્યારે છેલ્લા બે મત ઘટાદિ પદાર્થોનું અસ્તિત્વ માને છે. તે બે ની માન્યતામાં ફરક એ છે કે ચોથો વૈભાષિક મત બાહ્ય પદાર્થોને પ્રત્યક્ષ સિદ્ધ માને છે, જ્યારે ત્રીજો સૌત્રાન્તિક મત સાકાર જ્ઞાનવાદને સ્વીકારીને જ્ઞાનમાં ઘટાદિ અર્થોનો

આકાર માનીને તે ઉપરથી અર્થનું અનુમાન કરે છે. આમ આ મત ઘટાદિનું પ્રત્યક્ષ માનતો નથી. હવે દરેકને ક્રમશઃ વિચારીએ.

**(૧) માધ્યમિક :** આ બૌદ્ધ સંપ્રદાય 'શૂન્યવાદી' નામથી પણ ઓળખાય છે. આના મતે સમગ્ર બાહ્ય જગત શૂન્યસ્વરૂપ છે. સદાને માટે નિરાકાર, નિરુપપ્લવ(રૂપ-રંગાદિ રહિત શુદ્ધ અવસ્થાનું જ્ઞાન), સ્વચ્છ, ક્ષણિક સંવિત્ (જ્ઞાન) એ જ તત્ત્વ છે. એ જ સત્ છે. તે સિવાયનું બધું શૂન્ય છે, અસત્ છે.

**(૨) યોગાચાર :** મુક્તાવલીકારે આ વિજ્ઞાનવાદની ચર્ચા કરી છે. આના મતે ક્ષણિક વિજ્ઞાન એ જ સત્ છે, અર્થાત્ બાહ્ય ઘટાદિ પદાર્થો અસત્ છે, મિથ્યા છે. **अयं घटः, अयं पटः** ઇત્યાદિ ઘટ-પટાદિની જે પ્રતીતિ થાય છે તે સ્વપ્નના પદાર્થોની પ્રતીતિ જેવી ભ્રાન્ત અને કલ્પિત છે. જેમ સ્વપ્નમાં કોઈ ઘટાદિ અર્થનું અસ્તિત્વ ન હોવા છતાં તે બધાની ભ્રાન્ત પ્રતીતિ થયા કરે છે તેવું જ જાગ્રત અવસ્થામાં પણ ભ્રાન્ત જ્ઞાન થયા કરે છે. આમ જાગ્રત કાળમાં પણ જે કંઈ વ્યવહાર થાય છે તે બધો ઘટાદિ અર્થ વિના, માત્ર વિજ્ઞાનથી જ ચાલ્યા કરે છે, કેમકે જ્ઞાન એ એક જ યથાર્થ વસ્તુ છે.

આ મતનો કહેવાનો આશય એ છે કે પદાર્થ માત્ર વિજ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાન દ્વારા પદાર્થોનો અનુભવ થાય છે. જ્ઞાન હોવાથી જ 'આ વૃક્ષ છે', 'આ જલ છે', 'આ પુસ્તક છે' એવો વ્યવહાર થાય છે. જો જ્ઞાન જ ન હોત તો વૃક્ષાદિની પ્રતીતિ થાત નહિ. જ્ઞાન હોય તો વૃક્ષાદિની પ્રતીતિ હોય. જ્ઞાન જ ન હોય તો વૃક્ષાદિની પ્રતીતિ પણ ન જ હોય. આથી સિદ્ધ થાય છે કે પદાર્થો જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાનથી અતિરિક્ત પદાર્થ જેવી કોઈ સ્વતન્ત્ર વસ્તુ નથી. આમ છતાં અમુક વખતે ઘટનું, અમુક વખતે પટનું વગેરે જે જ્ઞાન થાય છે તે પૂર્વના સંસ્કારોને લીધે બને છે. વિજ્ઞાનમાં પૂર્વપૂર્વના સંસ્કાર ચાલ્યા આવે છે અને પૂર્વપૂર્વની વાસના તેવા તેવા જ્ઞાનના આકાર બનાવે છે.

વિજ્ઞાનવાદી યોગાચાર કહે છે કે જ્યાં સુધી ક્ષણિકમાં સ્થિરત્વની ભાવના રાખો છો અને બાહ્ય અસત્ પદાર્થોને સત્ સ્વરૂપે જુઓ છો ત્યાં સુધી સંસાર છે. વિજ્ઞાનાત્માને ક્ષણિક માનો અને બાહ્ય ઘટાદિને અસત્ માનો તો અહંકારની વાસના નષ્ટ થાય. એમ થતાં નિરૂપપ્લવ, નિરાકાર વિજ્ઞાનની ધારા ચાલે. આવી ધારા ચાલવી તે જ મોક્ષાવસ્થા છે. ટૂંકમાં સાકાર વિજ્ઞાનસ્વરૂપ આત્મા સંસાર છે, નિરાકાર વિજ્ઞાનસ્વરૂપ આત્મા મોક્ષ છે.

**(૩) સૌત્રાન્તિક :** પૂર્વે કહ્યા મુજબ આ મત બાહ્ય પદાર્થોનું અસ્તિત્વ સ્વીકારે છે. યોગાચાર-બૌદ્ધની સામે તેની દલીલ એ છે કે જો બાહ્ય પદાર્થ જેવું કંઈ હોય જ નહિ

તો ઘટ લાવ્યા ત્યારે ઘટાકારની વાસના જ કેમ જાગી ? પટાકારની વાસના કેમ ન જાગી? માટે બાહ્ય પદાર્થની સત્તા માનવી જ જોઈએ.

પણ આ સૌત્રાન્તિક બૌદ્ધ કહે છે કે બાહ્ય પદાર્થનું અસ્તિત્વ હોવા છતાં તેનું પ્રત્યક્ષ થતું નથી. તમને જ્યારે એમ લાગે છે કે મેં ઘટ જોયો ત્યારે વસ્તુતઃ તમે ઘટનું પ્રત્યક્ષ નથી કર્યું પણ ઘટના જ્ઞાનનું જ પ્રત્યક્ષ કર્યું છે. જેમ શુક્તિમાં જ્યારે રજતનું જ્ઞાન થાય છે ત્યારે ત્યાં **रजतं मम प्रत्यक्षं** એવું રજતનું પ્રત્યક્ષ થાય છે તેમ લાગે છે. પણ સામે રજત તો છે જ નહિ, પછી રજતનું પ્રત્યક્ષ થયું જ શી રીતે ? એટલે જેમ અહીં રજતનું જ્ઞાન જ પ્રત્યક્ષ બને છે તેમ બાહ્ય પદાર્થોનું જ્ઞાન જ પ્રત્યક્ષ બને છે, બાહ્ય પદાર્થોનું તો પ્રત્યક્ષ થતું જ નથી. જ્ઞાનનું પ્રત્યક્ષ થતાં તેમાં ઘટાદ્યાકાર જણાય છે માટે 'બહાર ઘટાદિ હોવા જોઈએ' એવું અનુમાન થાય છે.

**પ્રશ્ન** : બાહ્ય પદાર્થનું પ્રત્યક્ષ થવામાં શો વાંધો આવે ?

**ઉત્તર** : પદાર્થ જડ, અચિદ્રૂપ છે માટે ચિદ્વિજ્ઞાનની જેમ એનું સ્વતઃ પ્રત્યક્ષ થાય નહિ. દા.ત. દીવો એ સ્વતઃ પ્રકાશ છે, જ્યારે ઘડો એ સ્વતઃ પ્રકાશ નથી. ઘડો પોતાની જાતને બતાવે નહિ માટે તે 'પરતઃ પ્રકાશ્ય' બન્યો. એટલે 'મેં ઘડો જોયો' એવો ભાસ ભલે થતો હોય પણ વસ્તુતઃ ઘટનું નહિ કિન્તુ ઘટ-જ્ઞાનનું જ પ્રત્યક્ષ થાય છે, કેમકે જ્ઞાન જ સ્વતઃ સંવેદ્ય છે.

ઘટાકાર-વિજ્ઞાન અને ઘટ પરસ્પર હેતુ છે. ઘટથી ઘટાકાર-વિજ્ઞાન ઉત્પન્ન થાય છે, માટે ઘટાકાર-વિજ્ઞાન પ્રત્યે ઘટ એ કારક હેતુ બને અને ઘટાકાર-વિજ્ઞાનથી ઘટ જણાય છે માટે ઘટ પ્રત્યે ઘટાકાર-વિજ્ઞાન એ જ્ઞાપક હેતુ બને. દા.ત. ધૂમ-વહ્નિ પરસ્પર હેતુ છે. વહ્નિમાંથી ધૂમ ઉત્પન્ન થાય છે માટે વહ્નિ એ ધૂમ પ્રત્યે કારક હેતુ છે. ધૂમ (પર્વતમાં) વહ્નિનું જ્ઞાપન કરે છે માટે વહ્નિ પ્રત્યે ધૂમ જ્ઞાપક હેતુ બન્યો.

બૌદ્ધમતે બાહ્ય પદાર્થમાંથી બે ધારા ચાલે છે. પૂર્વક્ષણનો ઘટ ઉત્તરક્ષણના ઘટને ઉત્પન્ન કરે છે અને ઉત્તરક્ષણના ઘટવિજ્ઞાનને પણ ઉત્પન્ન કરે છે. (બૌદ્ધમતે નિર્વિકલ્પક જ્ઞાન જ પ્રમાણભૂત મનાય છે, પ્રકાશાદિથી કલુષિત વિકલ્પાત્મક જ્ઞાન પ્રમાણભૂત મનાતું નથી.)

**પ્રશ્ન** : 'પૂર્વક્ષણનો ઘટ એ ઉત્તરક્ષણમાં ઘટવિજ્ઞાનને ઉત્પન્ન કરે છે' એવું જે તમે કહ્યું તેમાં કોઈ નિયમ લાગુ પડે છે ?

**ઉત્તર** : હા, પૂર્વક્ષણીય ઘટ ઉત્તરક્ષણીય વિજ્ઞાનનો જનક-કારણ બને તો જ તે

વિષય બની શકે એવો નિયમ છે. **नाकारणं विषयः** । જે આ રીતે જનક ન બને તે વિષય પણ બની શકે નહિ.

(૪) **વૈભાષિક** : આ મત બાહ્ય પદાર્થનું પણ પ્રત્યક્ષ માને છે, અન્યથા જગતના ઘટાદિ-દર્શનાદિ વ્યવહારનું ઉન્મૂલન થઈ જાય. 'મને ઘટનું પ્રત્યક્ષ થયું' એવો વ્યવહાર થતો જોવા મળે છે માટે ઘટાદિ પદાર્થનું પ્રત્યક્ષ માનવું જોઈએ. ઘટ પદાર્થ ક્ષણિક છે. પૂર્વપૂર્વના ઘટ ઉત્તરોત્તર ક્ષણિક ઘટને ઉત્પન્ન કરે છે તથા ઘટવિજ્ઞાનને પણ ઉત્પન્ન કરે છે.

**પ્રશ્ન** : ઘટાદિ પદાર્થ ક્ષણિક કેમ છે ?

**ઉત્તર** : ઘટાદિ પદાર્થ સત્ છે. 'જે સત્ હોય તે ક્ષણિક હોય' એવો નિયમ છે. વન્ધ્યાપુત્રાદિ સત્ નથી માટે તેની ક્ષણિકતાનો પ્રશ્ન પણ નથી.

**પ્રશ્ન** : ઘટાદિ પદાર્થ સત્ છે અને વન્ધ્યાપુત્રાદિ અસત્ છે એવો ભેદ શાથી પડ્યો ?

**ઉત્તર** : જે વસ્તુ અર્થક્રિયાકારી (કાર્યકારી) હોય તે સત્ કહેવાય, નહિતર અસત્ કહેવાય. ઘટાદિ પદાર્થો ઉત્તરોત્તર ક્ષણમાં નવા નવા ઘટ તથા ઘટવિજ્ઞાન ઉત્પન્ન કરવાનું કાર્ય કરે છે માટે ઘટાદિ પદાર્થ અર્થક્રિયાકારી હોઈને સત્ છે. વન્ધ્યાપુત્ર આવું કોઈ કાર્ય કરતો નથી માટે તે અસત્ છે.

કંઈ ને કંઈ કાર્ય કરે તે સત્. **यदर्थक्रियाकारी तत् सत्** । હવે જે સત્ છે તે જે અનેક કાર્યો કરે છે તે ક્રમશઃ કરે છે કે યુગપદ્ કરે છે ? જો ક્રમશઃ કરે છે તો તે બધા કાર્યો માટે એ સમર્થ છે કે નહિ ? પ્રથમ ક્ષણે પંદરે ય ક્ષણના કાર્યો કરવા માટે સમર્થ છે કે નહિ ?

### ચાર રીતે ક્ષણિકત્વ-સિદ્ધિ

(૧) ચાક ઉપર ચડાવેલી માટીમાં ક્ષણે ક્ષણે નવા રૂપકો - સ્થાસ, કોશ, કુશુલ વગેરે થયા કરે છે તે બધા યનું સામર્થ્ય પ્રથમ ક્ષણની માટીમાં છે ? જો હોય તો નિયમ છે કે **यत् समर्थं तत्करोत्येव** । માટે પોતાની બીજી જ ક્ષણે સર્વ કાર્ય કેમ ન કરે ? 'જેમ જેમ સહકારી મળે તેમ તેમ કરે' એમ માનો તો એનો અર્થ એ છે કે સહકારી ન મળ્યા ત્યાં સુધી કાર્ય ન કર્યું, માટે અસમર્થ બન્યું : અર્થક્રિયાકારી ન બન્યું. માટે જ્યારે એ કાર્ય થાય છે તે વખતનો સમર્થ પદાર્થ જુદો અને પૂર્વક્ષણોમાં કાર્ય ન કરી શકે તેવો અસમર્થ પદાર્થ જુદો, માટે તે ક્ષણિક સિદ્ધ થયો.

(૨) હવે જો એમ કહો કે પૂર્વક્ષણે પણ સમર્થ તો છે જ, અર્થાત્ પૂર્વક્ષણમાં પણ તેનો કાર્ય ઉત્પન્ન કરવાનો સ્વભાવ તો છે જ, પરંતુ સહકારીને સાથે લઈને કાર્ય ઉત્પન્ન કરવાનો સ્વભાવ છે, તો પછી એનો અર્થ એ થયો કે વસ્તુમાત્ર સહકારીને સાથે લઈને જ હંમેશા ફરે છે. પણ આવું તો બનતું નથી, કેમકે સહકારી તો તેના કાળે જ ઉપસ્થિત થાય છે. હવે જો સહકારી પોતાના કાળે આવી જાય પછી જ વસ્તુ કાર્ય કરે એમ કહો તો પ્રશ્ન થાય કે કાર્ય કોણે કર્યું ? વસ્તુએ કે સહકારીએ? જો સહકારીએ કાર્ય કર્યું તો વસ્તુમાં કાર્યકારિત્વ ન રહ્યું એટલે વસ્તુ અસત્ થઈ ગઈ. (**कार्यकारित्वमेव सतो लक्षणम् ।**)

**પ્રશ્ન :** સહકારી કાર્ય કરતું નથી પરંતુ સહકારીના આવવાથી એવી એક વિશેષતા વસ્તુમાં ઉત્પન્ન થાય છે કે જેને લીધે વસ્તુ જ કાર્ય કરે છે.

**બૌદ્ધ :** તો પછી વસ્તુ એક ન રહી પણ બે થઈ : વિશેષતા વિનાની વસ્તુ અને સહકારી-જનિત વિશેષતાવાળી વસ્તુ. અર્થાત્ સ્થિર એવી એક વસ્તુ ન રહેતાં ક્ષણિક વસ્તુ સિદ્ધ થઈ. આમ વસ્તુમાં ક્ષણિકત્વ સિદ્ધ થઈ ગયું.

(૩) વળી આ રીતે પણ વસ્તુમાં ક્ષણિકત્વ સિદ્ધ થઈ શકે છે : વસ્તુનો પહેલી ક્ષણ સાથે સંબંધ થવાનું કાર્ય પહેલી ક્ષણની વસ્તુ જ કરે છે. બીજી ક્ષણ સાથે સંબંધ થવાનું કાર્ય બીજી ક્ષણની વસ્તુ જ કરે છે. ત્રીજી ક્ષણ સાથે સંબંધ થવાનું કાર્ય ત્રીજી ક્ષણની વસ્તુ જ કરે છે. આમ ક્ષણ-ક્ષણના જુદા જુદા કાર્ય થાય છે. અહીં જે કાર્ય પાંચમી ક્ષણમાં થયું તે તદન્ય કોઈ ક્ષણમાં ન થયું માટે પ્રતિક્ષણના કાર્યભેદે પ્રતિક્ષણની વસ્તુનો પણ ભેદ પડી ગયો.

(૪) વળી આ રીતે પણ વસ્તુમાં ક્ષણિકતા સિદ્ધ થાય : ધારો કે વસ્તુને દશ ક્ષણનો સંબંધ થાય છે. હવે જો દશે ય ક્ષણના સંબંધરૂપ દશ કાર્ય કરવાનું સામર્થ્ય પ્રથમ ક્ષણે જ છે તો પ્રથમ ક્ષણના સંબંધની જેમ બાકીની નવ ક્ષણના સંબંધરૂપ કાર્ય પ્રથમ ક્ષણે જ એકીસાથે કેમ ન કરે ? કેમકે **यत् समर्थं तत् करोत्येव ।** અને પહેલી ક્ષણની વસ્તુ યુગપદ્ સર્વ ક્ષણનો સંબંધ નથી કરતી એ હકીકત છે એ જ સૂચવે છે કે પ્રથમ ક્ષણે અન્ય ક્ષણોના સંબંધ કરવાનું તેનામાં સામર્થ્ય નથી, અર્થાત્ પ્રથમ ક્ષણની વસ્તુ દશમી ક્ષણના સંબંધને માટે અસમર્થ છે. નવમી ક્ષણની વસ્તુ જ દશમી ક્ષણના સંબંધ માટે સમર્થ છે.

સામર્થ્ય અને અસામર્થ્ય પરસ્પર વિરોધી ધર્મ હોઈને તેમનું સહાવસ્થાન અસંભવિત છે. એટલે સામર્થ્યવાળી વસ્તુ જુદી અને અસામર્થ્યવાળી વસ્તુ જુદી એ નક્કી થયું.

જ્યારે પ્રથમ ક્ષણના સંબંધ માટે સમર્થ વસ્તુ જુદી થઈ, દ્વિતીય ક્ષણના સંબંધ માટે સમર્થ વસ્તુ જુદી થઈ, યાવત્ પ્રત્યેક ક્ષણના સંબંધ માટે સમર્થ વસ્તુ જુદી થઈ ત્યારે એનો અર્થ એ જ થયો કે વસ્તુ ક્ષણિક છે.

**वस्तु क्षणिकम्, क्रमयौगपद्याभ्यां स्थिरे कार्यानुपपत्तेः (अर्थक्रिया-कारित्वानुपपत्तेः ।)**

**અર્થ :** સ્થિર વસ્તુ અનેક કાર્યો યુગપદ્ કરી શકતી નથી એ હકીકત છે, તેમજ ક્રમથી પણ કરી શકતી નથી, કેમકે પાછલી ક્ષણોના કાર્યો પ્રથમ ક્ષણમાં ન કરી શકવાના હિસાબે તે વખતે વસ્તુમાં અસામર્થ્ય આવશે અને જ્યારે કરશે ત્યારે સામર્થ્ય આવશે. આથી વસ્તુ ક્ષણિક સિદ્ધ થાય.

હવે યોગાચાર-બૌદ્ધ મતનું પ્રતિપાદન કરતાં મુક્તાવલીકારે કહ્યું કે આત્મા વિજ્ઞાનરૂપ જ છે અને તે સ્વતઃ પ્રકાશરૂપ હોવાથી ચેતન છે. અહીં 'સ્વતઃ પ્રકાશ' એટલે 'સ્વતઃ પ્રત્યક્ષ' સમજવું. બહારના ઘટાદિ પદાર્થોમાં જે દશ્યતા આવે છે તે દીપકની સહાયથી આવે છે, પણ દીપકમાં દશ્યતા લાવવા દીપકાન્તરની જરૂર રહેતી નથી. એ જ રીતે ઘટાદિ પદાર્થોમાં પ્રકાશ્યતા લાવવા માટે બીજા જ્ઞાનની જરૂર પડતી નથી. ઘટનો પ્રકાશ જ્ઞાનથી થાય અને જ્ઞાનનો પ્રકાશ સ્વતઃ થાય.

**પ્રશ્ન :** જો વિજ્ઞાન પણ ભાવાત્મક પદાર્થ (સત્) હોઈને ક્ષણિક છે, તો પછી એક જ ક્ષણમાં વિજ્ઞાન નષ્ટ થઈ ગયું એટલે જગત શૂન્ય બની જશે.

**ઉત્તર :** ના, પૂર્વપૂર્વનું વિજ્ઞાન ઉત્તરોત્તર વિજ્ઞાનને ઉત્પન્ન કરતું જાય છે, અર્થાત્ પૂર્વોત્તર વિજ્ઞાનનો પરસ્પર કાર્ય-કારણભાવ છે. આમ ક્ષણિક વિજ્ઞાનની ધારા ચાલ્યા કરતી હોવાથી જગત શૂન્ય બનવાની આપત્તિ આવશે નહિ.

આ ધારા બે પ્રકારે છે :

(૧) પ્રવૃત્તિ-વિજ્ઞાનધારા.

(૨) આલય-વિજ્ઞાનધારા.

જાગ્રતાવસ્થાની વિજ્ઞાનધારાને પ્રવૃત્તિ-વિજ્ઞાનધારા કહેવાય છે. સુષુપ્તિકાલીન વિજ્ઞાનધારાને આલય-વિજ્ઞાનધારા કહેવાય છે. આલય-વિજ્ઞાનધારામાં અવ્યક્ત અહંત્વનું જ ભાન હોય છે; નીલાકાર, પીતાકાર આદિનું નહિ.

વિજ્ઞાનધારા બીજી રીતે પણ બે પ્રકારે છે :

૧. સભાગ ક્ષણસન્તતિ (સજાતીય વિજ્ઞાનધારા).

૨. વિસભાગ ક્ષણસન્તતિ (વિજાતીય વિજ્ઞાનધારા).

પ્રથમ ક્ષણના ઘટમાંથી ઉત્તરોત્તર ઘટ-ઘટ-ઘટ એવી ધારા ચાલવી તે સભાગ-ક્ષણસંતતિ અને ઘટ ફૂટી જતાં કપાલ કે ઠીકરાંની ક્ષણની ધારા ચાલવી તે બીજી વિસભાગ-ક્ષણસંતતિ કહેવાય. ટૂંકમાં જ્યાં સુધી વસ્તુ એક જ રૂપે દેખાય ત્યાં સુધી તેની સભાગ-ક્ષણસંતતિ કહેવાય અને તેમાં રૂપાન્તર થાય ત્યારે વિસભાગ-ક્ષણસંતતિ કહેવાય.

મુક્તાવલીકારે બૌદ્ધમતનું પ્રતિપાદન કરતાં તેમના તરફથી કહ્યું કે વિજ્ઞાનરૂપ આત્મા ક્ષણિક છે માટે તેનો નાશ થતાં તેની સાથે જ સંસ્કારોનો પણ નાશ થવાથી સ્મરણની અનુપપત્તિ નહિ આવે, કેમકે પૂર્વપૂર્વનું વિજ્ઞાન ઉત્તરોત્તર વિજ્ઞાનમાં સંસ્કારોને મૂકતું જાય છે.

બૌદ્ધના આ પ્રતિપાદનની સામે એ પ્રશ્ન ઊઠે છે કે આમ થતાં તો સંસ્કાર ક્ષણિક ન રહ્યા પરંતુ ઘણાં વિજ્ઞાનોમાં પસાર થતાં તેઓ સ્થિર બની ગયા. તેથી **सर्वं क्षणिकम्** એ સિદ્ધાંતનો વ્યાઘાત થઈ જશે. આની સામે બૌદ્ધો એમ કહે છે કે પૂર્વપૂર્વ વિજ્ઞાનના સંસ્કારો પોતે જ ઉત્તરોત્તર વિજ્ઞાનમાં જતા નથી, તે સંસ્કારો તો નાશ પામી જાય છે પરંતુ પૂર્વપૂર્વનું વિજ્ઞાન ઉત્તરોત્તર વિજ્ઞાનમાં સજાતીય નવા સંસ્કારોને ઉત્પન્ન કરી દે છે. જ્યારે જે સંસ્કારને ઉદ્‌બોધક મળે ત્યારે તે સંસ્કારથી ઉત્તરક્ષણમાં સ્મરણાત્મક વિજ્ઞાન ઉત્પન્ન થાય અને જે ક્ષણોમાં ઉદ્‌બોધક ન મળે તે ક્ષણોમાં ઉત્પન્ન થયેલા સંસ્કારો કાંઈ કર્યા વિના નાશ પામી જાય છે.

આની સામે અનંત સંસ્કારોની વારંવાર ઉત્પત્તિ, નાશની કલ્પનામાં ગૌરવ દોષ આવ્યો ત્યારે બૌદ્ધો કહે છે કે ભલે પૂર્વપૂર્વનું દરેક વિજ્ઞાન ઉત્તરોત્તરના દરેક વિજ્ઞાનમાં સંસ્કાર ઉત્પન્ન ન કરે. માત્ર જે ક્ષણે સ્મરણ-વિજ્ઞાન ઉત્પન્ન થવાનું હોય તેની પૂર્વક્ષણમાં જ સંસ્કાર ઉત્પન્ન થાય એમ અમે કહીશું.

**નૈયાયિકો :** જો આમ કહો તો પહેલી ક્ષણે સંસ્કાર ઉત્પન્ન થયા પછી અનેક ક્ષણો સંસ્કાર વિનાની ગઈ અને સ્મરણની પૂર્વક્ષણે ફરી સંસ્કારો ઉત્પન્ન થયા. તે શી રીતે બને ? વચ્ચે કડી તો તૂટી ગઈ ?

**બૌદ્ધો :** અમે એમ કહીશું કે સંસ્કાર ક્ષણની પૂર્વક્ષણે જે વિજ્ઞાન ઉત્પન્ન થાય છે તેમાં એક 'કુર્વદ્રૂપત્વ' નામનો એવો ધર્મ છે કે જે ઉત્તરવિજ્ઞાનને સંસ્કારસહિત ઉત્પન્ન કરે. વળી એ સંસ્કારસહિત વિજ્ઞાનમાં પણ એવો વિલક્ષણ 'કુર્વદ્રૂપત્વ' ધર્મ ઉત્પન્ન થાય છે કે જે ઉત્તરક્ષણે સ્મરણાત્મક વિજ્ઞાન ઉત્પન્ન કરે.

**નૈયાયિક :** આવું અતીન્દ્રિય કુર્વદ્રૂપત્વ હોવામાં પ્રમાણ શું છે ?

**બૌદ્ધ :** ઉત્તરક્ષણે ઉત્પન્ન થતું વિલક્ષણ કાર્ય એ જ પ્રમાણ છે. જેમ મીમાંસક કહે છે કે તે તે કાર્ય થવા માટે તે તે કારણમાં તેવી તેવી શક્તિ હોય છે તેમ બૌદ્ધ કહે છે કે તે તે વિજ્ઞાન-કાર્ય ઉત્પન્ન થવા માટે પૂર્વપૂર્વ ક્ષણોમાં તેવું તેવું કુર્વદ્રૂપત્વ હોય છે.

**પ્રશ્ન :** શક્તિ અને કુર્વદ્રૂપત્વમાં ફેર શું છે ?

**ઉત્તર :** શક્તિ એ ભાવાત્મક પદાર્થ છે, જ્યારે કુર્વદ્રૂપત્વ એ અપોહરૂપ ધર્મ છે. અપોહ=ઈતર વ્યાવૃત્તિ=બીજાઓથી તદ્દન જુદા પડવું તે. દરેક વિજ્ઞાન ક્ષણ એ બીજી બધી ક્ષણો કરતાં કાંઈક ને કાંઈક જુદા સ્વરૂપવાળી છે, એટલે દરેક ક્ષણમાં બીજી બધી ક્ષણોની=ઈતરની=વ્યાવૃત્તિરૂપ કુર્વદ્રૂપત્વ છે.

બૌદ્ધો ઘટત્વ, પટત્વ આદિ ભાવાત્મક સામાન્યને માનતા નથી, કેમકે તેમ માનવા જતાં તેમના સ્થિરત્વની આપત્તિ આવે. એટલે તેમના મતે ઘટત્વ એટલે ઘટાપોહ= ઘટેતર વ્યાવૃત્તિ. ઘટથી ઈતર પટાદિ તમામ પદાર્થોની ઘટમાં જે વ્યાવૃત્તિ (અભાવ) છે તે જ ઘટત્વ=ઘટાપોહ છે. એ જ રીતે પટમાં પટાપોહ (પટેતરવ્યાવૃત્તિ) છે, નીલમાં નીલાપોહ છે. આ ઘટાપોહાદિ અભાવાત્મક ધર્મોને લીધે જ ઘટાદિ વ્યવહાર ઉત્પન્ન થાય છે.

બૌદ્ધ મતે જગતમાં બે જ પદાર્થ છે : નામ પદાર્થ અને રૂપ પદાર્થ. નામ પદાર્થના ચાર ભેદ છે : ૧. વિજ્ઞાન ૨. વેદના ૩. સંસ્કાર અને ૪. સંજ્ઞા.

પૃથ્વી આદિ રૂપ-પદાર્થ છે. રૂપનો સમૂહ તે જ પૃથ્વ્યાદિ પદાર્થ છે. તે જ દ્રવ્ય છે. રૂપના સમૂહના એકેક ધર્મને દ્રવ્યનો ગુણ કહે છે. રૂપ-રસાદિ પરસ્પર ભિન્ન ધર્મો છે. એ જ રીતે જ્ઞાન પણ રૂપાદિથી ભિન્ન છે. સુખ, ઈચ્છાદિ જ્ઞાનના જ રૂપાન્તર છે. જ્ઞાનાદિનો સમૂહ તે જ આત્મા છે. આત્મા એ જ્ઞાનાદિથી ભિન્ન કોઈ વસ્તુ નથી. ટૂંકમાં રૂપાદિના સમૂહસ્વરૂપ પૃથ્વી આદિ છે અને જ્ઞાનાદિના સમૂહસ્વરૂપ આત્મા છે. જ્ઞાન એ જ જ્ઞાતા છે. એ જુદી વસ્તુ નથી.

---

**मुक्तावली : न, तस्य जगद्विषयकत्वे सर्वज्ञत्वापत्तिः, यत्किञ्चिद्विषयकत्वे विनिगमनाविरहः, सुषुप्तावपि विषयावभासप्रसङ्गाच्च, ज्ञानस्य सविषयत्वात् । तदानीं निराकारा चित्सन्ततिरनुवर्तत इति चेत् ? न, तस्याः स्वप्रकाशत्वे प्रमाणाभावात् अन्यथा घटादीनामपि ज्ञानत्वापत्तिः । न चेष्टापत्तिर्विज्ञानव्य-**

तिरिक्तवस्तुनोऽभावादिति वाच्यं, घटादेरनुभूयमानस्यापलपितुमशक्यत्वात् ।

---

**મુક્તાવલી : નૈયાયિક :** અરે બૌદ્ધો ! જો આત્મા જ્ઞાનસ્વરૂપ જ હોય તો 'જ્ઞાન સવિષયક જ હોય' એ નિયમથી અમે તમને પૂછીએ છીએ કે વિજ્ઞાન (આત્મા) કિંવિષયક છે ? જો જગતવિષયક હોય તો દરેક વિજ્ઞાન આત્મા સર્વજ્ઞ બની જવાની આપત્તિ આવશે અને જો એમ કહો કે તે વિજ્ઞાન (આત્મા) યત્કિંચિદ્‌વિષયક છે તો વિનિગમનાવિરહ આવશે, અર્થાત્ જો વિજ્ઞાન ઘટવિષયક હોય તો પટવિષયક કેમ નહિ? પટવિષયક હોય તો ઘટવિષયક કેમ નહિ ?

**બૌદ્ધ :** ભાઈ, જે વખતે વિજ્ઞાનમાં જેવો અનુભવ થાય તે વખતે તે વિજ્ઞાન તત્ તત્ ઘટાદિ-વિષયક બને.

**નૈયાયિક :** સારું, જો વિજ્ઞાનસ્વરૂપ જ આત્મા હોય તો હવે સુષુપ્તિકાળમાં પણ વિજ્ઞાનાત્મા હોવાથી તે આત્માને કોઈ ને કોઈ વિષયનો અવભાસ થયા જ કરવાની આપત્તિ આવશે, કેમકે જ્ઞાન હંમેશા સવિષયક જ હોય. વસ્તુતઃ સુષુપ્તિ અવસ્થામાં બાહ્ય કોઈ વિષયનું ભાન હોતું નથી.

**બૌદ્ધ :** એ વખતે નિરાકાર વિજ્ઞાનધારા ચાલે છે એમ અમે કહીશું, અર્થાત્ સુષુપ્તિ અવસ્થામાં જે વિજ્ઞાનધારા ચાલે છે તે વિષયાકાર રહિત હોય છે. એટલે હવે સુષુપ્તિમાં વિષયાવભાસ થવાની આપત્તિ નહિ આવે.

**નૈયાયિક :** જેનો કોઈ વિષય ન હોય તે વિજ્ઞાન (સ્વપ્રકાશ) કહેવાય નહિ. એટલે જો સુષુપ્તિગત વિજ્ઞાન નિર્વિષયક હોય તો તેને વિજ્ઞાન કહેવામાં કોઈ પ્રમાણ નથી. નિર્વિષયક હોય તેને વિજ્ઞાન કેમ કહેવાય ? અને જો વિષય વિનાનાને પણ વિજ્ઞાન કહેવાય તો ઘટાદિને પણ વિજ્ઞાન કેમ ન કહેવાય ? કેમકે ઘટાદિનો કોઈ વિષય નથી (વિષય જ્ઞાન-સુખાદિનો જ હોય છે.) અને વિષય ન હોવા છતાં વિજ્ઞાન કહેવામાં તમને વાંધો નથી.

**બૌદ્ધ :** ઘટાદિને વિજ્ઞાન કહેવામાં અમને ઈષ્ટાપત્તિ જ છે, કેમકે અમે તો '**सर्वं प्रमेयं विज्ञानम्**' એવા સિદ્ધાન્તવાળા છીએ. એટલે અમારા મતે તો વિજ્ઞાનથી જુદી કોઈ ઘટાદિ વસ્તુ છે જ નહિ.

**નૈયાયિક :** આમ ઘટાદિને વિજ્ઞાનસ્વરૂપ કહેવાની તમે ઈષ્ટાપત્તિ નહિ કહી શકો, કેમકે વિજ્ઞાનથી વ્યતિરિક્તરૂપે ઘટાદિનો પ્રત્યક્ષ અનુભવ થાય છે, તેનો તમે અપલાપ કરી શકો નહિ.

मुक्तावली : आकारविशेष एवायं विज्ञानस्येति चेत् ? किमयमाकारोऽतिरिच्यते विज्ञानात् ? तर्हि समायातं विज्ञानव्यतिरिक्तेन । नातिरिच्यते चेत् ? तर्हि समूहालम्बने नीलाकारोऽपि पीताकारः स्यात्, स्वरूपतो विज्ञानस्याविशेषात् । अपोहरूपो नीलत्वादिर्विज्ञानधर्म इति चेत् ? न, नीलत्वादीनां विरुद्धानामेकस्मिन्नसमावेशात् । इतरथा विरोधावधारणस्यैव दुरुपपादत्वात् ।

**મુક્તાવલી : બૌદ્ધ :** જે ઘટાદિ પદાર્થ છે તે ક્ષણિક વિજ્ઞાનના જુદા જુદા આકારવિશેષ છે. જેમ પટ એ તન્તુનું જ સ્વરૂપ વિશેષ છે, આથી પટ એ તન્તુથી અતિરિક્ત સત્તાવાન્ નથી તેમ ઘટાદિ પદાર્થ પણ વિજ્ઞાનના સ્વરૂપ વિશેષ જ છે, માટે વિજ્ઞાનથી અતિરિક્ત સત્તાવાન્ નથી. એટલે આમાં ઘટાદિનો અપલાપ નથી તેમ વિજ્ઞાનથી તે અતિરિક્ત પણ નથી.

**નૈયાયિક :** ભલે, વિજ્ઞાનના જ આકારવિશેષ ઘટાદિ હોય તો અમે તમને પૂછીએ છીએ કે તે આકારવિશેષ વિજ્ઞાનથી ભિન્ન છે કે અભિન્ન છે ? જો વિજ્ઞાનના ઘટાદિ આકારવિશેષ વિજ્ઞાનથી ભિન્ન હોય તો તો વિજ્ઞાનથી જુદા તે સાબિત થઈ જ ગયા. અને જો વિજ્ઞાનથી તે ઘટાદિ આકારવિશેષ અભિન્ન હોય તો '**इमे नीलपीते**' એવું એક સમૂહાલંબન જ્ઞાન થયું.

હવે અહીં આ વિજ્ઞાનના નીલ અને પીત-બે વિષયો વિજ્ઞાનથી અભિન્ન છે, અર્થાત્ નીલ એ વિજ્ઞાનસ્વરૂપ છે, પીત પણ વિજ્ઞાનસ્વરૂપ છે. માટે હવે નીલ પણ પીતસ્વરૂપ અથવા પીત એ નીલસ્વરૂપ બની જશે. એટલે '**इमे नीलपीते**' સ્થાને '**इमे नीले**' અથવા '**इमे पीते**' એવો જ પ્રત્યય પણ થવાની આપત્તિ આવી જશે. **तदभिन्नाभिन्नस्य तदभिन्नत्वनियमात्** । નીલ - અભિન્ન વિજ્ઞાન; વિજ્ઞાન - અભિન્ન પીત, એટલે નીલ = પીત.

**બૌદ્ધ :** નીલાકાર અને પીતાકાર (નીલ અને પીત) અભિન્ન જ છે, પરન્તુ નીલમાં નીલેતરવ્યાવૃત્તિ = નીલાપોહ = નીલત્વ ધર્મ છે અને પીતમાં પીતેતરવ્યાવૃત્તિ= પીતાપોહ=પીતત્વ ધર્મ છે. આ બે નીલાપોહ, પીતાપોહ ધર્મો ભિન્ન હોવાથી એક એવા પણ નીલ અને પીતમાં ભેદની પ્રતીતિ થાય છે, અર્થાત્ નીલાકાર-પીતાકારસ્વરૂપ

વિજ્ઞાનમાં નીલાપોહ - પીતાપોહ ભિન્ન ધર્મો રહ્યા છે માટે નીલ-પીતના ભેદની પ્રતીતિ થાય છે એવું અમારૂં કહેવું છે. **अपोह्यते-व्यावर्त्यत इति अपोहः-अतद्व्यावृत्तिरूपः नीलादौ नीलत्वादिरूपो धर्मविशेषः ।**

**નૈયાયિક :** એક જ વિજ્ઞાનમાં નીલાપોહ-પીતાપોહાદિ વિરૂદ્ધ ધર્મોનો સમાવેશ થઈ શકે નહિ. નીલાપોહ એટલે 'નીલેતરપીતાદિ' સર્વની વ્યાવૃત્તિ અને પીતાપોહ એટલે 'પીતેતરનીલાદિ' સર્વની વ્યાવૃત્તિ. આમ નીલાપોહ એ નીલેતરનું વ્યવચ્છેદક છે. નીલેતર તો પીત પણ છે માટે પીતનું પણ વ્યવચ્છેદક છે. તે જ રીતે પીતાપોહ એ પીતેતરનું વ્યવચ્છેદક છે. પીતેતર તો નીલ પણ છે માટે નીલનું પણ વ્યવચ્છેદક છે. હવે જે પીતનો વ્યવચ્છેદક છે અને નીલનો વ્યવચ્છેદક નથી તે નીલાપોહ અને જે નીલનો વ્યવચ્છેદક છે અને પીતનો વ્યવચ્છેદક નથી તે પીતાપોહ. આ બે ય પરસ્પર વિરોધી ધર્મો બન્યા. આ બે ય નો એક જ વિજ્ઞાનમાં સમાવેશ ન જ થઈ શકે માટે નીલાપોહ = નીલત્વના તથા પીતાપોહ = પીતત્વના અધિકરણ ભિન્ન ભિન્ન પદાર્થ માનવા જોઈએ, એક જ વિજ્ઞાન નહિ. આમ થતાં ન્યાયમતની સિદ્ધિ થઈ ગઈ. અને છતાં જો વિરૂદ્ધ ધર્મોનું પણ તમે એક અધિકરણ માની લેશો તો નીલત્વ-પીતત્વ એ બે પરસ્પર વિરોધી છે એવો જે અભ્રાન્ત અનુભવ છે તે પ્રમા તરીકેનો અનુભવ કહી શકાશે નહિ.

એટલે, (૧) નીલત્વાદિ ધર્મવાળા પદાર્થો વિજ્ઞાનથી ભિન્ન માનવા જોઈએ. (૨) જ્ઞાનને સવિષયક માનવું જોઈએ. તેથી સુષુપ્તિમાં વિષય ન હોવાથી વિજ્ઞાનસ્વરૂપ આત્મા સંભવે નહિ, માટે વિજ્ઞાનાતિરિક્ત આત્મા માનવો જોઈએ.

---

**मुक्तावली : न वा वासनासंक्रमः सम्भवति, मातृपुत्रयोरपि वासनासंक्रमप्रसङ्गात् । न चोपादानोपादेयभावो नियामक इति वाच्यम्, वासनायाः संक्रमासम्भवात् । उत्तरस्मिन्नुत्पत्तिरेव संक्रम इति चेत् ? न, तदुत्पादकाभावात् । चितामेवोत्पादकत्वे संस्कारानन्त्यप्रसङ्गः ।**

---

**મુક્તાવલી :** વળી તમે પૂર્વે મૃગમદ વાસનાના દૃષ્ટાંતથી પૂર્વપૂર્વ વિજ્ઞાનથી ઉત્તરોત્તર વિજ્ઞાનમાં વાસનાનો સંક્રમ કહ્યો હતો અને તેથી સ્મરણની ઉત્પત્તિ કરી હતી, પરન્તુ વાસનાસંક્રમ જ સંભવતો નથી, કેમકે જો તેમ થાય તો માતાની વાસના(સંસ્કાર) નો સંક્રમ પુત્રમાં થઈ જાય અને તેમ થતાં માતાએ અનુભવેલાનું પુત્રને સ્મરણ થવાની

આપત્તિ આવે.

**બૌદ્ધ :** ઉપાદાને અનુભવેલાનું ઉપાદેયને સ્મરણ થાય. માતૃ-પુત્રનો ઉપાદાન-ઉપાદેયભાવ નથી, કેમકે પુત્ર પ્રત્યે માતા તો નિમિત્તકારણ જ છે. એટલે માતાએ અનુભવેલાનું પુત્રને સ્મરણ થવાની આપત્તિ આવતી નથી. અને ઉત્તરોત્તર વિજ્ઞાનનું પૂર્વપૂર્વ વિજ્ઞાન ઉપાદાન-કારણ છે માટે તેના સંસ્કારનો ઉપાદેયરૂપ ઉત્તર-વિજ્ઞાનમાં સંક્રમ થશે.

**નૈયાયિક :** ઉપાદાનની વાસનાનો ઉપાદેયમાં પણ સંક્રમ સંભવિત નથી, કેમકે વાસના એટલે ભાવનાત્મક સંસ્કાર. સંસ્કાર એ તો ગુણ છે અને ગુણ કાંઈ બીજે જવાની ક્રિયા (સંક્રમ) કરી શકે નહિ, કેમકે ગુણમાં ક્રિયા રહી શકતી નથી. વળી જેમ વિજ્ઞાન ક્ષણિક છે તેમ તમારા મતે વાસના પણ ક્ષણિક જ છે. એટલે ઉત્તર-વિજ્ઞાનમાં પૂર્વ-વિજ્ઞાનની વાસનાનો સંક્રમ થશે જ શી રીતે ? જેમ પૂર્વ-વિજ્ઞાન એક ક્ષણમાં નષ્ટ થઈ ગયું તેમ તેની સાથે જ તેમાં રહેલી વાસના પણ નષ્ટ જ થઈ જશે, પછી ઉત્તર-વિજ્ઞાનમાં તે વાસનાના સંક્રમની વાત જ ક્યાં રહી ?

**બૌદ્ધ :** પૂર્વ-વિજ્ઞાનની વાસનાનો ઉત્તર-વિજ્ઞાનમાં સંક્રમ એટલે ઉત્તર-વિજ્ઞાનમાં નવી વાસનાની ઉત્પત્તિ થવી તે જ છે. ઉત્તર-વિજ્ઞાનના ઉત્પત્તિ-કાળમાં જ પૂર્વ વિજ્ઞાનસ્થ સંસ્કારથી ઉત્તર-વિજ્ઞાનમાં સંસ્કાર પણ ઉત્પન્ન કરી દેવાય.

**નૈયાયિક :** સંસ્કાર પ્રત્યે સંસ્કાર હેતુ બની શકે નહિ અને ઉત્તર-વિજ્ઞાનના સંસ્કારોની ઉત્પત્તિ પ્રત્યે બીજો તો કોઈ ઉત્પાદક હેતુ છે નહિ, એટલે ઉત્તર-વિજ્ઞાનમાં સંસ્કારોત્પત્તિ જ અસંભવિત બની જાય છે.

**બૌદ્ધ :** સંસ્કાર પ્રત્યે જ્ઞાન (ચિત્) હેતુ છે.

**નૈયાયિક :** તો પછી જ્ઞાન તો પ્રતિક્ષણ ભિન્ન હોઈને અનન્ત છે એટલે તેનાથી ઉત્પન્ન થતાં સંસ્કાર પણ અનંત થઈ જવાની આપત્તિ આવશે.

---

**मुक्तावली : क्षणिकविज्ञानेष्वतिशयविशेषः कल्प्यत इति चेत् ? न, मानाभावात् कल्पनागौरवाच्च । एतेन क्षणिकशरीरेष्वेव चैतन्यमिति प्रत्युक्तं, गौरवादतिशये मानाभावाच्च । बीजादावपि सहकारिसमवधानासमवधाना-भ्यामेवोपपत्तेः कुर्वद्रूपत्वाकल्पनात् ।**

---

**મુક્તાવલી : બૌદ્ધ :** દરેક પૂર્વવિજ્ઞાન ઉત્તરવિજ્ઞાનને સાતિશય (અતિશય સહિત)

ઉત્પન્ન કરે છે, એટલે કે દરેક વિજ્ઞાન પોતે વિલક્ષણ અતિશયવાળું છે, અને તેથી દરેક ઉત્તર-વિજ્ઞાનમાં પણ વિલક્ષણ અતિશય ઉત્પન્ન થાય છે. **विलक्षणम् उत्तरविज्ञानम्, विलक्षणपूर्वविज्ञानजन्यम्, विलक्षणकार्यत्वात्** । હવે જે જ્ઞાન-વ્યક્તિ પછી સ્મરણ અનુભવસિદ્ધ બનતું હોય તે જ્ઞાન-વ્યક્તિની પૂર્વની જ્ઞાન-વ્યક્તિમાં સંસ્કારાનુકૂલ કોઈ શક્તિ (અતિશયવિશેષ : કુર્વદ્રૂપત્વ) અમે માનીશું. પહેલી જ્ઞાન-વ્યક્તિમાં સંસ્કારાનુકૂલ કુર્વદ્રૂપત્વ, બીજી જ્ઞાન-વ્યક્તિમાં સંસ્કાર અને ત્રીજી જ્ઞાન-વ્યક્તિમાં સ્મરણ. આમ હવે પ્રત્યેક જ્ઞાન-વ્યક્તિમાં સંસ્કાર માનવાની જરૂર રહેશે નહિ. તેથી સંસ્કારાનન્ત્યાપત્તિ નહિ આવે.

**નૈયાયિક :** આવા અતીન્દ્રિય કુર્વદ્રૂપત્વમાં કોઈ પ્રમાણ નથી, અર્થાત્ કાર્યાનુકૂલ આવી શક્તિ માનવામાં કોઈ પ્રમાણ નથી.

**બૌદ્ધ :** ભાઈ, અનન્ત સંસ્કારોની અકલ્પના એ જ અહીં લાઘવ પ્રમાણ છે.

**નૈયાયિક :** કશું ય લાઘવ નથી. એ શક્તિ પણ ભાવાત્મક પદાર્થ (સત્) જ છે ને? તમારા મતે તો જે સત્ હોય તે ક્ષણિક હોય, એટલે શક્તિ પણ ક્ષણિક સિદ્ધ થઈ. એટલે હવે તેના પણ અનન્ત પ્રાગભાવ-ઉત્પત્તિ-ધ્વંસાદિની કલ્પના કરવી જ પડશે. એટલે આ ગૌરવ તો ઉભયત્ર તુલ્ય છે. એટલે ક્ષણિક વિજ્ઞાન તો કોઈ રીતે આત્મસ્વરૂપ બની શકતું નથી.

હવે બૌદ્ધનો જ એક અવાન્તર મત ઉપસ્થિત થાય છે. તેનું કહેવું એ છે કે ક્ષણિક વિજ્ઞાન એ આત્મા નથી કિન્તુ ક્ષણિક શરીર એ જ આત્મા છે. આની સામે નૈયાયિક કહે છે કે આ મત પણ ક્ષણિક વિજ્ઞાનાત્માના ખંડનથી જ ખંડિત થઈ જાય છે, કેમકે અહીં પણ જો શરીરરૂપ આત્મા પ્રતિક્ષણ વિનાશી હોય તો કાલાન્તરમાં થતાં સ્મરણનું શું કરશો ? તેના ઉત્તરમાં પૂર્વવત્ પૂર્વભવના શરીરના સંસ્કારોનો ઉત્તરોત્તર શરીરમાં સંક્રમ કહેવો પડશે. આમ એ જ અનંત સંસ્કારોની કલ્પનાનું ગૌરવ આવી રહેશે. આ ગૌરવ દૂર કરવા ક્ષણિક વિજ્ઞાનાત્મવાદીની જેમ કોઈ શક્તિની (અતિશયની) કલ્પના કરશો તો તેવા અતિશયમાં કોઈ પ્રમાણ નથી.

**પૂર્વપક્ષ :** જ્યાં સુધી બીજ કુસુલસ્થ છે ત્યાં સુધી તેમાંથી અંકુરોત્પત્તિ થતી નથી. જ્યારે તે જ બીજ ક્ષેત્રસ્થ બને છે ત્યારે અંકુરોત્પત્તિ થાય છે. માટે અહીં માનવું જ પડશે કે ક્ષેત્રસ્થ બીજમાં અંકુરજનન શક્તિ છે અને કુસુલસ્થ બીજમાં તે શક્તિ નથી. આ શક્તિનું જ બીજું નામ છે; 'કુર્વદ્રૂપત્વ.'

**कुर्वत् फलोन्मुखं रूपं यस्य, तस्य भावः कुर्वद्रूपत्वम् । ( अङ्कुरजनकतावच्छेदकतया सिद्धो जातिविशेषः ।)**

આમ ક્ષણિક વિજ્ઞાનમાં જેમ કુર્વદ્રૂપત્વેન સંસ્કારોત્પાદકતા કહી હતી તેમ ક્ષણિક શરીરમાં પણ કુર્વદ્રૂપત્વેન સંસ્કારોત્પાદકતા કહીશું. એટલે હવે અનંત સંસ્કારાદિ કલ્પનાગૌરવ નહિ આવે.

**નૈયાયિક** : ક્ષેત્રસ્થ બીજમાંથી અંકુરજનન કાર્ય થયું, કેમકે તેના સહકારિકારણો ધરણી, સલિલ સંયોગાદિ ત્યાં ઉપસ્થિત હતા. આ કારણો કુસુલસ્થ બીજને ઉપસ્થિત ન હતા માટે તેમાંથી અંકુરજનન કાર્ય ન થયું. આમ કુર્વદ્રૂપત્વની કલ્પના કર્યા વિના પણ અંકુરજનનાજનનની વ્યવસ્થા થઈ જાય છે માટે કુર્વદ્રૂપત્વની તથા ક્ષણિક શરીરની કલ્પના નિરર્થક = અપ્રામાણિક છે. એટલે વાસનાસંક્રમની અનુપપત્તિનો દોષ હજી ઊભો જ રહ્યો, માટે ક્ષણિક શરીરાત્મવાદ પણ અયુક્ત છે.

---

**ટીપ્પણ** : ક્ષણિક વિજ્ઞાન માનવામાં જેમ અનંત વિજ્ઞાન અને અનંત વાસના માનવાનું ગૌરવ આવે છે તેમ (૧) કાર્ય-કારણભાવનો લોપ (૨) કૃતનાશ-અકૃતાગમની આપત્તિ (૩) બંધ-મોક્ષની વ્યવસ્થાની અનુપપત્તિ (૪) જગત્પ્રસિદ્ધ વ્યવહારોનો અપલાપ (૫) શાસ્ત્ર-નૈરર્થક્ય (૬) પરલોકગમનની અસંગતિ ઇત્યાદિ ઘણાં દોષો ઊભા થાય છે.

ઉક્ત દોષોને હવે ક્રમશઃ વિચારીએ.

**(૧) કાર્ય-કારણભાવનો લોપ** : દરેક કાર્ય પ્રત્યે ઉપાદાન અને નિમિત્ત એમ બે પ્રકારના કારણો હોય છે. ઉપાદાન-કારણ એટલે **यदुपादाय कार्यं सिद्धं भवति तदुपादानम् ।** ઉપાદાન-કારણ પૂર્વક્ષણમાં હોય છે, કાર્ય ઉત્તરક્ષણે થાય છે. હવે ક્ષણિકવાદના હિસાબે પૂર્વક્ષણમાં રહેલું ઉપાદાન તો નષ્ટ થયું તો ઉત્તરક્ષણમાં કાર્ય શી રીતે થઈ શકે ? આ તો એવું બન્યું કે માટી કોઈ ચોરી ગયું અને પછી કુંભારે ઘડો બનાવ્યો ! જો એમ કહો કે કારણ કાર્યને ઉત્પન્ન કરતું ગયું અને જાતે નષ્ટ થઈ ગયું તો તે પણ બરોબર નથી, કેમકે કાર્યનું જે દલ તે ઉપાદાન કારણ છે.

**यदुपादीयते कार्येण तदुपादानम् ।** તો કારણ નષ્ટ થયા બાદ તેને કાર્ય શી રીતે ગ્રહણ કરે? અથવા કાર્યના ઉપાદાન-કારણ રૂપ દલ પણ ઉત્તરક્ષણે છે, તો પછી કારણ દ્વિક્ષણસ્થાયી બન્યું એટલે ક્ષણિકત્વ-સિદ્ધાન્ત નાશ પામ્યો.

નિમિત્તકારણની વ્યવસ્થા પણ ક્ષણિકવાદના મતે ઘટતી નથી. ઘટ પ્રત્યે દંડ

નિમિત્તકારણ છે, પણ દંડ આવીને ઘટ બનાવવા જાય તે પૂર્વે તો દંડ નાશ પામી ગયો. એટલે આ તો એવું થયું કે કુંભાર મરી ગયો અને ઘટ બની ગયો ! કાર્યમાં દલ ઉપર પ્રયોગ કરનાર નિમિત્તકારણ છે, જેથી દલ કાર્યમાં પરિણમે છે. હવે જો દલ જ ક્ષણિક છે તો નિમિત્તને પ્રયોગ કોની ઉપર કરવાનો ? નિમિત્ત પણ ક્ષણિક છે તો પ્રયોગ શી રીતે કરે ? જ્યાં સુધી ચૂલા ઉપર દૂધ સારી અવસ્થામાં છે ત્યાં સુધી માવા રૂપે તૈયાર થવાની શક્યતાવાળું છે. એની ઉપર અગ્નિસંયોગ, ચમચો વગેરેથી કોઈ પ્રયોગ કરે તો તે દૂધ માવામાં પરાવર્ત્તન પામી જાય છે. ક્ષણિકવાદમાં તો દૂધ, ચમચો હલાવનાર વગેરે બધા નષ્ટ થઈ ગયા અને માવો તૈયાર થઈ ગયો ! આ શી રીતે બને ?

આમ ક્ષણિકવાદમાં કાર્ય-કારણભાવની વ્યવસ્થા ઘટી શકતી નથી.

વળી અમુક કાર્યનું આ કારણ છે એની ખબર પણ શી રીતે પડે ? ક્યાંક એ કારણથી એ કાર્ય થતું જોઈએ છીએ તો એ ઉપરથી તે બે નો કાર્ય-કારણભાવ નક્કી કરી શકીએ છીએ. જેમ વહ્નિમાંથી ધૂમ નીકળતો જોઈને વહ્નિ-ધૂમનો કાર્ય-કારણભાવ નક્કી કર્યો હતો તો ધૂમાર્થી વહ્નિમાં પ્રવૃત્તિ કરે છે. ક્ષણિકવાદમાં તો કારણ જોયા પછીની ક્ષણે કાર્ય પણ જોયું. પણ આ કારણથી આ કાર્ય થયું એવું અનુસંધાન કોણ કરી આપે ? કેમકે પૂર્વક્ષણનું વિજ્ઞાન અને ઉત્તરક્ષણનું વિજ્ઞાન બે ય જુદા છે. પૂર્વક્ષણના વિજ્ઞાનને ભલે કારણની ખબર પડી, કારણના સંસ્કાર ભલે ઉત્તરક્ષણના વિજ્ઞાનમાં આવ્યા અને ઉત્તરક્ષણના વિજ્ઞાનને કાર્યની પણ ખબર પડી પરન્તુ એ જ કારણથી આ કાર્ય થયું એવું અનુસંધાન શી રીતે થાય ? માટે કાર્ય-કારણભાવનો લોપ થઈ જાય છે.

વળી પૂર્વક્ષણે માટી, તન્તુ, અગ્નિ હતા અને ઉત્તરક્ષણે ઘડો, વસ્ત્ર, ધૂમ થયા. અહીં શામાંથી કોણ ઉત્પન્ન થયું એની શી રીતે ખબર પડે ? કેમકે પૂર્વના કારણોનો તો સંપૂર્ણ (નિરન્વય) નાશ થઈ ગયો છે. જો એમ કહો કે કારણનું સજાતીય જે કાર્ય હોય તે કાર્યનું તે તે કારણ માનવું, તો તે પણ બરોબર નથી, કેમકે કેટલીક વાર તદ્દન વિલક્ષણ કાર્ય થાય છે. આટો, પાણી, ગોળમાંથી રાબ બને છે, દારૂ પણ બને છે. તો કયા કારણોમાંથી કયું કાર્ય બને ? વળી માટીની સજાતીયતા ઘટમાં માનશો તો તે જાતિ સ્થિર બની જતાં ક્ષણવાદ નષ્ટ થઈ જશે. જો જાતિને બદલે 'અપોહ' (તદિતરવ્યાવૃત્તિ-સ્વરૂપ) માનશો તો તે અપોહ તો અભાવાત્મક - અસત્ - અર્થક્રિયાકારિત્વશૂન્ય છે માટે કશું ય કાર્ય કરી શકે નહિ. ન તો કોઈ તેનાથી વ્યવસ્થા થાય કે ન કોઈ જ્ઞાન થાય.

વર્તમાનક્ષણે ધારો કે બે આત્મા મરી ગયા, પછી ક્યાંક ઉત્પન્ન થયા તો કયા આત્મામાંથી કયો આત્મા ઉત્પન્ન થયો સમજવો ? જો એમ કહો કે જેની વાસના પૂર્વને

મળતી હોય તેમાંથી તે ઉત્પન્ન થયો, તો વળી સાદૃશ્ય = સામાન્ય સ્થિર થઈ જતાં સિદ્ધાન્તભંગ થશે.

(૨) (A) **કૃતનાશ :** ક્ષણિકવાદના હિસાબે જેણે પાપ કર્યું તે મરી ગયો અને ફળ ભોગવનાર બીજો જ બન્યો. અનુભવ કરનાર ગયો અને સ્મરણ કરનાર બીજો જ આવ્યો. કોળિયો ઉપાડનાર બીજો અને ખાનાર બીજો બન્યો. એકે સુકૃત કર્યું તેનું ફળ બીજો ભોગવશે. એટલે જેણે જે કર્યું તેની તે વસ્તુનો નાશ થયો માટે કૃતનાશની આપત્તિ આવે.

વળી અહીં એક શબ્દ પણ સીધો નહિ બોલાય. દે, વ, દ, ત્ત - દરેક અક્ષર બોલનાર જુદી જુદી વ્યક્તિ થઈ જશે. જો એમ કહો કે 'દે'ના સંસ્કારવાળો 'વ' બોલે છે, 'દેવ'ના સંસ્કારવાળો 'દ' બોલે છે, 'દેવદ'ના સંસ્કારવાળો 'દેવદત્ત' બોલે છે, તો પ્રશ્ન થાય કે કોને કોના સંસ્કાર મળે છે ? 'દે' બોલ્યો તે જ ક્ષણે બીજો કોઈ 'ય' બોલ્યો તો અહીં 'દે' બોલનારની પછી ઉત્પન્ન થયેલ વિજ્ઞાન, તે જ 'ય' બોલનારની પછી પણ ઉત્પન્ન થયેલું છે. તો એને 'દે'ના જ સંસ્કાર મળ્યા અને 'ય'ના કેમ ન મળ્યા ?

(૨) (B) **અકૃતાગમ :** 'કર્યું નથી અને ફળ મળવું' : 'ભોગવવું' તે અકૃતાગમ દોષ કહેવાય. અનુભવ કર્યા વિના સ્મરણ થાય છે. પાપ કર્યા વિના દુઃખ ભોગવાય છે. પુણ્ય કર્યા વિના સુખ ભોગવાય છે. પાપ કર્યું નથી અને નરક મળે છે. ઘટનું જ્ઞાન નથી અને ઘટની ઈચ્છા છે. ઘટની ઈચ્છા નથી અને ઘટમાં પ્રવૃત્તિ કરે છે. જગતમાં તો દેખાય છે કે **'यो जानाति स एव इच्छति । य इच्छति स एव यतते ।'** આ કેમ બનશે ? ક્ષણિકવાદમાં તો **'यः' 'सः'** નો પ્રયોગ જ થાય તેમ નથી. જો એમ કહો કે **'यो जानाति'**ના સંસ્કારવાળો **सः** કહેવાય તો કોને તે સંસ્કાર મળે ? કેમકે **यो जानाति** ની ઉત્તરક્ષણમાં તો આખું જગત છે.

ધારો કે પચાસ પચાસ મોતીઓની દસ ઢગલીઓમાંથી માળાઓ બનાવી. મોતી બધા સરખા છે, તો કઈ ઢગલીમાંથી કઈ માળા બની ? કેમકે ઢગલી તો બધી ખતમ થઈ ગઈ. માટે આ ક્ષણવાદમાં અકૃતાગમ દોષ આવે છે.

(૩) **બંધ-મોક્ષની વ્યવસ્થાની અનુપપત્તિ :** એવો નિયમ છે કે **'यो बध्यते स हि मुच्यते ।'** ક્ષણવાદમાં જે બંધાય છે તે તો નષ્ટ થઈ ગયો તો હવે છૂટવાનું કોણે ? છૂટનાર જુદો અને બાંધનાર જુદો. 'જે બાંધે તે છોડે' એ વાત ક્ષણવાદમાં નહિ ઘટે. વળી બંધ પણ નહિ ઘટે. કોણ બંધ કરે છે ? દુષ્કૃત કરનાર તો નષ્ટ થઈ ગયો. દુષ્કૃત કોઈક કરે,

કર્મ કોઈ બીજો જ બાંધે અને છોડે વળી કો'ક ત્રીજો જ. આમ અહીં બંધ, મુક્તિ વગેરે ઘટી શકે નહિ.

(૪) **જગત્પ્રસિદ્ધવ્યવહારોનો લોપ :** આ પ્રત્યક્ષસિદ્ધ વ્યવહાર છે કે છોકરો કહે છે 'આ મારા બાપ છે.' બાપ કહે છે : 'આ મારો છોકરો છે.' ક્ષણવાદમાં આ વાત નહિ ઘટે, કેમકે બાપ તો ક્ષણમાં જ મરી ગયો. છોકરો પણ ક્ષણમાં નષ્ટ થઈ ગયો. ખોવાયેલો છોકરો ઘણી ક્ષણ બાદ મળ્યો પછી બાપ તેને પોતાનો છોકરો કહે છે. આ વાત આ ક્ષણિકવાદમાં શી રીતે ઘટી શકે ? જો સજાતીય ધારાની વાત કરો તો તે શી રીતે બની શકે ? કેમકે છોકરાનો તો નિરન્વય નાશ થયો છે. વક્તા જે પર્ષદાને સંભળાવે છે તે પર્ષદા તો સાંભળતાં જ નષ્ટ થઈ. હવે બોધ તો બીજી જ પર્ષદાને થયો કે જેણે સાંભળ્યું જ નથી. આ બધું તો પ્રત્યક્ષ વ્યવહાર-વિરૂદ્ધ છે. વક્તા અને શ્રોતા થોડીવારમાં તો હજારો થઈ જશે.

'આ આજે બન્યું, આ કાલે બન્યું' એમ પણ આ વાદમાં નહિ કહેવાય, કેમકે બધું ક્ષણિક છે. જો એમ કહો કે વસ્તુની વિજ્ઞાનધારા આજથી-કાલથી શરૂ થઈ તો તે ય બરોબર નથી, કેમકે એ બધો મેળ કોણ મેળવે ? કોઈ જોનાર તો છે નહિ. ક્ષણવાદમાં તો જોનાર પણ ક્ષણિક જ છે.

કોઈએ પૈસા ધીર્યા પછી લેવા આવશે ત્યારે પેલો ના પાડશે, કેમકે ધીરનાર તો ગયો. હવે લેનાર પાસે પૈસા માંગવા શેં જવાય ?

પાણી પીવાથી તરસ મટે, ભોજન લેવાથી પેટ ભરાય ઈત્યાદિ વ્યવહાર પણ અહીં નહિ થાય.

(૫) **શાસ્ત્ર-નૈરર્થક્ય :** આત્મશુદ્ધિનું સાધન શાસ્ત્ર છે. ક્ષણવાદમાં તો બગડેલો આત્મા નિરન્વય નાશ પામ્યો. નવો તો શુદ્ધ જ છે. શુદ્ધને શાસ્ત્રની શી જરૂર ? પાપ કરનાર નાશ પામ્યો તો પ્રાયશ્ચિત્ત કોણ કરે ?

શાસ્ત્રવચન છે કે 'દીર્ઘકાળ સુધી અધ્યયન-મનન-ચિંતન કરો' તો દીર્ઘકાળ સુધી અધ્યયનાદિ કોણ કરે ? જો એમ કહો કે અમારી ચિત્સન્તતિ અધ્યયનાદિ કરવાની છે, તો 'અમારી' એટલે કોની ? જેની કહો છો તે સ્થિર થઈ જશે. પાંચસો મોતીની વચ્ચે એક દોરો છે. તે દોરો કહેશે કે આ મારા મોતી. પણ દોરો જ નહિ હોય તો કોણ કહેશે કે, 'આ મારા મોતી છે.' શાસ્ત્ર કહે છે કે, 'ઘોર આરંભ કરનાર નરકે જશે.' આ વાત ક્ષણવાદમાં નહિ ઘટે.

બૌદ્ધ કહે છે કે ક્ષણિકત્વ ભાવનાના બળથી રાગાદિ નાશ પામે છે. તો ભાવનાનો

અભ્યાસ વારંવાર કોણ કરે ? કરનાર એક જ હોય તો તે કરે ને ? જો એક કરનાર માનો તો ક્ષણવાદ નષ્ટ થયો, જો ન માનો તો ભાવના અનુપપન્ન થઈ !

**(૬) પરલોકગમનની અસંગતિ :** વિજ્ઞાન ક્ષણિક જ છે તો પરલોકમાં કોણ જશે ? અહીંનું વિજ્ઞાન નષ્ટ થયું, ત્યાં નવું ઉત્પન્ન થયું. ધારો કે ચાર વિજ્ઞાનાત્મા મૃત્યુ પામ્યા. ચારેય ગતિમાં આ એકેક વિજ્ઞાન ગયું, તો અહીં કયું વિજ્ઞાન ક્યાં ગયું ? શું માનવું ? આમ પરલોક ઉપપન્ન થતો નથી, જ્યારે બીજી બાજુ બુદ્ધે પોતે જ આનંદને કહ્યું છે કે આજથી ૯૧મા કલ્પમાં મેં જે દુષ્કૃત કરેલ તેના પાપથી મને આજે કાંટો વાગ્યો છે. તો અહીં 'મને' એટલે કોને ? ૯૧ ભવ ? ક્ષણિકના ૯૧ ભવ થાય શી રીતે ? જો ચિત્સન્તતિના હિસાબે તે ભવ કહો તો કોની ચિત્સંતતિ ? બુદ્ધની જ છે એ શાથી ? ક્ષણિકની ચિત્સન્તતિ નષ્ટ થઈ નવી ઉત્પન્ન થઈ તો એ વખતની જે ચિત્સન્તતિ છે તેની ઉત્તરોત્તર આવેલી જ આ ચિત્સન્તતિ છે એમ શાથી કહેવાય ? આમ ક્ષણવાદ અનેક-દોષદુષ્ટ છે.

---

**मुक्तावली : अस्तु तर्हि क्षणिकविज्ञाने गौरवात् नित्यविज्ञानमेवात्मा, 'अविनाशी वाऽरेऽयमात्मा' बृ०५ ब्रा-१४ कं० 'सत्यं ज्ञानमनन्तं ब्रह्म (तैत्ति०आ०व०अनु० १) इत्यादिश्रुतेरिति चेत् ? न, तस्य सविषयकत्वासम्भवस्य दर्शितत्वात्, निर्विषयकस्य ज्ञानत्वे मानाभावात्, सविषयकत्वस्याप्यननुभवात् । अतो ज्ञानादिभिन्नो नित्य आत्मेति सिद्धम् । 'सत्यं ज्ञानमि'ति तु ब्रह्मपरं जीवे तु नोपयुज्यते । ज्ञानाज्ञानसुखित्वादिभि-र्जीवानां भेदसिद्धौ सुतरामीश्वरभेदः । अन्यथा बन्धमोक्षव्यवस्थानुपपत्तेः ।**

---

**મુક્તાવલી : વેદાન્ત-મત :** ક્ષણવાદ ઉક્ત દોષોથી ભરપૂર હોવાથી હવે આત્માને નિત્ય વિજ્ઞાનસ્વરૂપ જ માનો એમ વેદાન્ત કહે છે. યાજ્ઞવલ્ક્ય ઋષિ મૈત્રેયી નામની પોતાની પત્નીને કહે છે કે, '**अविनाशी वाऽरेऽयमात्मा सत्यं ज्ञानमनन्तं ब्रह्म ।**' શું મૂંઝાય છે માટીની કાયામાં ? આત્મા અવિનાશી છે.

વેદાન્તની મુખ્ય માન્યતા છે '**ब्रह्म सत्यं जगन्मिथ्या ।**' સ્વપ્નમાં ઘણો વ્યવહાર થાય છે. સ્વપ્નમાં વ્યવહારથી યથાવસ્થિત દેખાય છે, છતાં સ્વપ્ન પછી કાંઈ જ નહિ. પદાર્થ મિથ્યા છે, એથી જગતમાં પણ પદાર્થમાત્ર મિથ્યા છે, અસત્ છે. તે અસત્ પદાર્થ

બે જાતના છે : (૧) પારમાર્થિક અસત્ અને (૨) ઉભયાસત્.

સત્ ત્રણ પ્રકારે છે : (૧) વ્યાવહારિક સત્ (૨) પ્રાતિભાસિક સત્ અને (૩) પારમાર્થિક સત્.

૧. પારમાર્થિક સત્ = શુદ્ધ બ્રહ્મ.

૨. વ્યાવહારિક સત્ = ઘટ-પટાદિ.

૩. પ્રાતિભાસિક સત્ = શુક્તિમાં રજતની બુદ્ધિ.

૪. ઉભયાસત્ = આકાશકુસુમ.

૫. પારમાર્થિક અસત્ = ઘટ-પટાદિ.

---

**ટિપ્પણ : પારમાર્થિક સત્ :** એક, અદ્વિતીય, નિર્ગુણ, નિર્ધર્મક, સજાતીય-વિજાતીયભેદશૂન્ય એવું બ્રહ્મ અદ્વિતીય છે. એટલે કે બ્રહ્મ જેવું બીજું કોઈ છે તો નહિ પણ બ્રહ્મથી વિલક્ષણ પણ કોઈ ચીજ નથી. માટે જ કહ્યું છે કે સજાતીય-વિજાતીયભેદશૂન્ય. પોતાનાથી બીજું કોઈ સજાતીય હોય તો તેમાં સાજાત્યનો ભેદ હોય. પોતાનાથી બીજું કોઈ વિજાતીય આવે ત્યારે બીજા વિજાતીયનો ભેદ થાય. પણ આવું કશું જ નથી. વળી તે નિર્ગુણ, નિર્ધર્મક છે. ગુણ અને ધર્મને રાખવા માટે અનેક આપત્તિઓ આવે છે, ભેદ પડી જાય છે. આ વેદાન્તીની માન્યતા છે. માત્ર વિજ્ઞાન સ્વરૂપ, આનન્દસ્વરૂપ આત્મા છે. જે દેખાય છે તે બધું વ્યાવહારિક સત્ છે. પિતા-પુત્ર, ગુરૂ-શિષ્ય જે કંઈ દેખાય છે તે બધું વ્યાવહારિક સત્ છે. બ્રહ્મ જ્ઞાનાત્મક છે. એનો કોઈ વિષય જગતમાં નથી, કેમકે કોઈ ચીજ જગતમાં છે જ નહિ. (પારમાર્થિક સત્, બ્રહ્મ સિવાય) આત્મા શુદ્ધ, બ્રહ્મરૂપ, જ્ઞાનરૂપ છે.

એક શુદ્ધ પરમ બ્રહ્મ આત્મા વેદાન્ત-દર્શનમાં માન્યો છે. તેમનું કહેવું એ છે કે એક જ આત્મા માનવાથી જગત-વ્યવસ્થા થઈ જાય છે માટે અનેક આત્મા માનવાની જરૂર નથી.

**પ્રશ્ન :** જગતમાં આત્મા તો અનેક દેખાય છે તેનું શું ?

**ઉત્તર :** આત્મા અનેક દેખાવા છતાં વસ્તુતઃ આત્મા એક જ છે. સરોવરમાં ચન્દ્રના પ્રતિબિંબ અનેક દેખાવા છતાં ચન્દ્ર તો એક જ છે. તે જ રીતે એક જ બ્રહ્માત્માના પ્રતિબિંબ રૂપે અનેક જીવાત્માઓ દેખાય છે.

**પ્રશ્ન :** એકમાંથી અનેકનો ભાસ શાથી થયો ?

**ઉત્તર :** બ્રહ્મ એ પારમાર્થિક તત્ત્વ છે. એને અનાદિકાળથી અવિદ્યા અને માયાના

આવરણ લાગ્યા છે, તેથી તે ઘેટાંના ટોળામાં ઘણા વખત સુધી રહેલા સિંહના બચ્ચાંની જેમ પોતાનું સ્વરૂપ ભૂલી ગયેલ છે. શુદ્ધસ્વરૂપ એવા બ્રહ્મને આવરણ લાગ્યું હોવાથી તેને એમ થાય છે કે હું સુખી છું, દુઃખી છું ઇત્યાદિ. જ્યારે બ્રહ્મ માયાવચ્છિન્ન બને છે ત્યારે તે ઈશ્વરાત્મા બને છે અને તે ઈશ્વરાત્મા પંચભૂત તથા શબ્દાદિ ગુણનું અને તેની સૃષ્ટિનું સર્જન કરે છે.

અવિદ્યાવચ્છિન્ન બ્રહ્મ એ જીવાત્મા છે.

**પ્રશ્ન :** ઈશ્વરાત્મા જો એક છે તો જીવાત્મા પણ એક જ કેમ ન હોય ?

**ઉત્તર :** ઈશ્વરાત્મા બ્રહ્મ ઉપાધિ વિના હોય ત્યારે તો એક જ છે, પરંતુ તે સોપાધિક બને છે, અર્થાત્ '**तत् तत् अन्तःकरणावच्छिन्न**' બને છે ત્યારે તે અનેક જીવાત્મારૂપ બને છે. જેવી રીતે માયાવચ્છિન્ન ચૈતન્ય ઈશ્વર છે અને એમાંથી પંચભૂતાદિ સૃષ્ટિનું સર્જન થાય છે તેવી રીતે અવિદ્યાવચ્છિન્ન બ્રહ્મમાંથી **तत् तत् अन्तःकरणावच्छिन्न** અનેક પ્રકારના જીવાત્માઓ થાય છે.

અહીં શુદ્ધ નિરૂપાધિક બ્રહ્મ એ જ પારમાર્થિક સત્ છે. સોપાધિક બ્રહ્મસ્વરૂપ જીવાત્માદિ પારમાર્થિક અસત્ છે, માત્ર વ્યાવહારિક સત્ છે. **चैत्रः सत्, मैत्रः सत्, आकाशोऽपि सत्, वायुरपि सत् ।** આમ બધે સત્‌ની જે અનુગત પ્રતીતિ થાય છે તે સત્ જ બ્રહ્મસ્વરૂપ છે, અને તે જ પારમાર્થિક સત્ છે. ચૈત્ર-મૈત્રાદિ વ્યાવહારિક સત્ છે.

જ્યાં સુધી અવિદ્યાનું આવરણ છે ત્યાં સુધી ચૈત્રાદિ સત્‌રૂપે લાગે છે. વસ્તુતઃ ચૈત્ર-મૈત્ર, પાણીથી તૃષા મટે, પૈસાથી દરિદ્રતા ટળે ઇત્યાદિ વ્યવહારો અસત્ છે. પરંતુ આ બધા જગતના સિદ્ધ વ્યવહારો છે માટે તેમને વ્યવહારથી સત્ કહેવાય. છતાં આ બધું સ્થિર નથી, પરિવર્તનશીલ છે માટે તે ચૈત્રાદિ પરમાર્થથી તો અસત્ જ કહેવાય. જે અક્ષય-અવ્યાબાધ બ્રહ્મ છે તે જ પરમાર્થતઃ સત્ કહેવાય.

અહીં પારમાર્થિક સત્, વ્યાવહારિક સત્ તથા પારમાર્થિક અસત્‌ની ટૂંકી સમજણ પૂર્ણ થાય છે. હવે ઉભયાસત્ અને પ્રાતિભાસિક સત્ શું છે તે જોઈએ.

**ઉભયાસત્ :** આકાશકુસુમ એ ઉભયાસત્ કહેવાય, કેમકે તે પરમાર્થતઃ સત્ તો નથી જ અને વ્યવહારથી પણ ઘટ-પટાદિની જેમ સત્ નથી.

**પ્રાતિભાસિક સત્ :** પ્રતિભાસ પૂરતું જ જે સત્ હોય તે પ્રાતિભાસિક સત્ કહેવાય. દોરડામાં સર્પનો પ્રતિભાસ (ભ્રમ) થયો તો ત્યાં પ્રતિભાસ પૂરતી સર્પની સત્તા આવી પણ ત્યાં તેનો સર્પ તરીકે વ્યવહાર ન થાય. શુક્તિમાં રજતનો ભાસ થયો. જ્યાં સુધી

આ ભાસ છે ત્યાં સુધી તે શુક્તિ ચાંદીરૂપ લાગે છે, પણ બજારમાં જતાં તેનો વ્યવહાર ચાંદીરૂપે થઈ શકતો નથી. માટે શુક્તિમાં રજત એ પ્રતિભાસ પૂરતું જ સત્ છે, પરમાર્થતઃ તો અસત્ છે.

વ્યાવહારિક સત્ અને પ્રાતિભાસિક સત્‌ની બુદ્ધિ આત્મામાંથી જ્યારે દૂર થાય ત્યારે પારમાર્થિક સત્ સ્વરૂપ બ્રહ્મની પ્રાપ્તિ થાય. પ્રાતિભાસિક સત્‌ની બુદ્ધિ (ભ્રમ) પ્રમાત્મક જ્ઞાનથી દૂર થાય અને વ્યાવહારિક સત્‌ની બુદ્ધિ અવિદ્યાના આવરણને લીધે થઈ છે માટે તે આવરણ દૂર થતાં વ્યાવહારિક સત્‌ની બુદ્ધિ દૂર થાય.

**પ્રશ્ન :** અવિદ્યાનું આવરણ શેનાથી દૂર થાય ?

**ઉત્તર : तत्** (પરમશુદ્ધ બ્રહ્મ) **त्वम् असि, अहं ब्रह्माऽस्मि, सोऽहं** વગેરે સ્વરૂપ-ચિંતનથી અવિદ્યાનું આવરણ દૂર થાય.

યાજ્ઞવલ્કય મૈત્રેયી નામની પોતાની પત્નીને આત્માને અવિદ્યાના આવરણથી મુક્ત કરવા માટે કહે છે કે, **'आत्मा वाऽरे द्रष्टव्यः श्रोतव्यः मन्तव्यः निदिध्यासितव्यश्च ।'** અહીં 'મનન' એટલે તર્ક અને અનુમાનથી સિદ્ધિ કરવી. તથા 'નિદિધ્યાસન' એટલે 'આત્મા શુદ્ધ છે, નિર્વિકાર છે, નિરંજન-નિર્ધર્મક છે' એવો ધ્યાનાભ્યાસ કરવો તે.

વળી આત્મજ્ઞાન માટે **'नेति'** નો પ્રયોગ પણ જરૂરી છે. તે આ રીતે :

– શું શરીર એ આત્મા છે ? ઉત્તર : ન ઇતિ.

– શું મન એ આત્મા છે ? ઉત્તર : ન ઇતિ.

– શું ઈન્દ્રિય એ આત્મા છે ? ઉત્તર : ન ઇતિ.

– શું ધન એ આત્મા છે ? ઉત્તર : ન ઈતિ.

આમ 'નેતિ' 'નેતિ' કરતો જાય અને જગતનું વિસ્મરણ કરતો જાય. જ્યાં સુધી જગતના વ્યાવહારિક કે પ્રાતિભાસિક સત્ સ્વરૂપ એક પણ પદાર્થનું ભાન રહ્યા કરે ત્યાં સુધી બ્રહ્મનો સાક્ષાત્કાર થાય નહિ.

**પ્રશ્ન :** જેને લીધે ચૈતન્ય (બ્રહ્મ) જીવાત્મા સ્વરૂપ કહેવાય છે તે અવિદ્યા શું છે? સત્ છે કે અસત્ ?

**ઉત્તર :** અવિદ્યા અનિર્વચનીયા છે : સત્ પણ નથી અને અસત્ પણ નથી, તેમજ સદસત્ પણ નહિ.

આમ વેદાન્ત-મતે અદ્વિતીય, નિરંજન, નિરાકાર, પરમબ્રહ્મ આત્મા જ સત્ છે. આ સત્‌ને વળગેલી અવિદ્યામાંથી જ અનેક અંતઃકરણો ઊભા થાય છે. આ

અંતઃકરણમાંથી અહંકાર ઉત્પન્ન થાય છે. એને લીધે જ અંતઃકરણ પોતાને જ્ઞાતા, ભોક્તા, સુખી, દુઃખી વગેરે માનવા કલ્પના કરે છે. સઘળા અંતઃકરણમાં ચૈતન્ય ઓતપ્રોત હોય છે, અર્થાત્ અનુસ્યૂત હોય છે, એવું ચૈતન્ય જ વિશ્વના જુદા જુદા ભાવોનો અનુભવ કરે છે. પણ આ અનુભવગમ્ય બધા ય પદાર્થો ભ્રાન્ત છે. અવિદ્યાના કારણે જ આવો ભ્રાન્ત અનુભવ થાય છે. અવિદ્યા પણ સત્ નથી, કેમકે તેનું સ્વરૂપ સતત ફર્યા જ કરે છે. ભાવાવ્યય નિત્ય એ જ સત્ કહેવાય છે.

આમ વેદાન્તીઓએ સત્નો નિત્યાંશ પકડ્યો અને નિત્યને સત્ કહ્યું. જ્યારે જૈનો 'ઉત્પાદવ્યય' અંશને પણ સત્ના અંશ ગણીને **'उत्पादव्ययध्रौव्ययुक्तं सत्'** એમ કહે છે. જેમ સ્વપ્નમાં કાંઈક દેખાવા છતાં વસ્તુતઃ કાંઈ નથી, અર્થાત્ બધું અસત્ છે તેમ સત્ની છાયાને લીધે ઘટ-પટાદિ અસત્ પણ સત્વત્ ભાસે છે. અવિદ્યાના આવરણને લીધે જ આવું બધું બને છે.

**પ્રશ્ન :** અવિદ્યાનું આવરણ શા માટે માનવું પડે છે ?

**ઉત્તર :** વિચિત્ર કાર્યો દેખાય છે તે ઉપરથી કારણની શક્તિ કલ્પાય છે. અવિદ્યાની બે શક્તિ છે : (૧) પોતાના શુદ્ધ સ્વરૂપને ભુલાવવાની અને (૨) અસત્ ઘટાદિનું સત્ રૂપે ભાન કરાવવાની. હું એટલે મનુષ્ય સુખી, દુઃખી, જ્ઞાની, અજ્ઞાની ઈત્યાદિ કલ્પનાઓ આ અવિદ્યાને લીધે થાય છે.

---

**અદ્વૈતવાદનું ખંડન : નૈયાયિક :** ઉપરોક્ત જણાવેલી વેદાન્તીની જે માન્યતા છે તે બરોબર નથી, કેમકે આત્મા બ્રહ્મરૂપ હોય તો તેનો કોઈ ધર્મ કે વિષય છે જ નહિ, કેમકે બ્રહ્મનું સ્વરૂપ નિર્ગુણ કે નિર્ધર્મક વગેરે માન્યું છે, તેથી આત્મા સવિષયક નથી. જે જ્ઞાન હોય તે નિર્વિષયક હોય નહિ. જે વંધ્યા હોય તેનામાં માતૃત્વ હોય નહિ. જો માતૃત્વ હોય તો ત્યાં વંધ્યાત્વ ન હોય. તેમ જ્ઞાન હોય તો તેમાં વિષયત્વ હોય. જો સવિષયત્વ ન હોય તો ત્યાં જ્ઞાનત્વ હોય જ નહિ, અર્થાત્ તે જ્ઞાન કહેવાય જ નહિ. પરમ બ્રહ્મમાં વિષય નથી માટે તેમાં જ્ઞાનત્વ રહે નહિ.

વળી આત્માનો સવિષયકપણે અનુભવ પણ નથી, કેમકે **अहं घटविषयकः** ઈત્યાદિ આત્માનો અનુભવ થતો નથી. **'अस्मत्'** પદ વાચ્ય આત્મા સવિષયક નથી, અર્થાત્ **अस्मत्** પદ વાચ્ય આત્માનો સવિષયકત્વેન અનુભવ નથી. જો આત્મા નિત્ય વિજ્ઞાનરૂપ હોત તો તેનો આ રીતે સવિષયકત્વેન અનુભવ થાત, પણ તેમ બનતું નથી. માટે આત્મા નિત્ય વિજ્ઞાનરૂપે સિદ્ધ થતો નથી પરંતુ જ્ઞાનાદિથી ભિન્ન નિત્ય આત્મા સિદ્ધ

થાય છે.

**પ્રશ્ન :** વેદમાં '**सत्यं ज्ञानमनन्तं ब्रह्म**' કહીને બ્રહ્મસ્વરૂપ આત્માને જ્ઞાનસ્વરૂપ તો કહ્યો છે ?

**જવાબ :** એ બ્રહ્મસ્વરૂપ ઈશ્વરાત્માને લઈને કહ્યું છે, જીવાત્માને ઉદ્દેશીને આ વાક્ય સમજવાનું નથી.

જો શુદ્ધ બ્રહ્મ જ સત્ હોય અને બીજું બધું કાલ્પનિક-અસત્ હોય તો હું જ્ઞાની, અજ્ઞાની, સુખી, દુઃખી, પિતા, પુત્ર, ગુરૂ, શિષ્ય વગેરે જે ભેદ દેખાય છે તે શી રીતે બને ? અસત્માં વળી ભેદ શું ?

ઈશ્વર પોતે સુખી-દુઃખી નથી તો પછી સુખી-દુઃખી જીવાત્મા સાથે તેનો અભેદ શી રીતે ? અગ્નિ-પાણી વચ્ચે અભેદ ન હોય, કેમકે વિભિન્ન ધર્મવાળી વસ્તુમાં અભેદ ન હોઈ શકે.

જો પાણીથી અભિન્ન બ્રહ્મ છે અને બ્રહ્મથી અભિન્ન અગ્નિ છે તો પાણીથી અભિન્ન અગ્નિ બની જશે. **तदभिन्नाभिन्नस्य तदभिन्नत्वनियमात् ।**

ન્યાય-મતે યદ્યપિ પાણી અને અગ્નિ બે ય સત્ છે તથાપિ પાણી અને અગ્નિ અભિન્ન બની જવાની આપત્તિ નથી, કેમકે **सत् = सत्ताजातिमान् ।** આમ સત્તા જાતિ એક થઈ તેથી કાંઈ સત્તાના આધાર એક ન થઈ જાય. જ્યારે તમને તો એક શુદ્ધ બ્રહ્મના જ પાણી, અગ્નિ વગેરે જુદા જુદા રૂપકો માન્ય છે. એટલે પાણી, અગ્નિ વગેરેનો અભેદ થઈ જવાની આપત્તિ દુર્વાર છે.

**બંધ-મોક્ષ વ્યવસ્થા-અનુપપત્તિ :**

(૧) ઈશ્વરાત્મા સાથે જો જીવાત્માનો ભેદ માનવામાં ન આવે તો ઈશ્વરાત્મા એ મુક્ત છે માટે જીવાત્મા પણ મુક્ત સિદ્ધ થઈ જશે, કેમકે ઈશ્વરાત્મા અને જીવાત્મા એક જ છે તો પછી હવે બંધાવાનું કોણ ?

(૨) એક કસાઈનો આત્મા અને એક દયાળુ આત્મા એ બે જુદા નહિ કહેવાય, કેમકે તેઓ બ્રહ્મસ્વરૂપ છે.

જીવાત્માઓ તત્ તત્ અંતઃકરણાવચ્છિન્ન છે. એમાંથી યદ્ અન્તઃકરણાવચ્છિન્ન જીવાત્મા '**तत् त्वम् असि**' ઇત્યાદિ વાક્યોથી તત્ત્વજ્ઞાન કરે તે મુક્ત થાય. પણ અન્ય અંતઃકરણાવચ્છિન્ન જીવાત્મા તો બદ્ધ જ છે. તો પૂરેપૂરી મુક્તિ તો થઈ જ ન કહેવાય.

શરીરના અવયવ હાથ, પગ, મસ્તક વગેરે બાંધેલા હોય, તેમાંથી એક હાથ છૂટો

કરે તો આખું શરીર મુક્ત થયું ન કહેવાય. સર્વ અંતઃકરણાવચ્છિન્ન આત્માની (જીવાત્મા માત્રની) મુક્તિ થાય, અર્થાત્ જીવાત્મા સ્વરૂપે કોઈ જ ન રહે ત્યારે મુક્તિ થઈ કહેવાય. એ તો શક્ય નથી, તો પછી એકાદ આત્મા મુક્તિ માટે શું કામ પુરૂષાર્થ કરે ?

(૩) વળી જગત તો આખું અસત્ છે, તો પછી અસત્‌થી છૂટવાનું પણ શું ?

(૪) વળી બંધ કોને થાય ? ચેતનને કે જડને ? જો જડને પણ બંધ થતો હોય તો ઘટ-પટાદિ પણ બંધ કરે. અને જો ચેતન બંધ કરતો હોય તો તે એક જ બ્રહ્મસ્વરૂપ ચેતન એક સમયે સ્વર્ગ-નરકનું કર્મ-વિરોધી કર્મ-શી રીતે બાંધે ? એક જ સમયે તેનામાં દયાળુતા, ક્રૂરતા વગેરે કર્મ-વિરોધી ધર્મો-શી રીતે સંભવે ? પરસ્પર અત્યંત વિરૂદ્ધ ધર્મવાળો કોઈ એક સ્વરૂપ હોઈ શકે જ નહિ માટે વિરૂદ્ધ ધર્મોના આધારરૂપ ચેતન જુદા જુદા માનવા જોઈએ.

---

**मुक्तावली : योऽपीश्वराभेदबोधको वेदः सोऽपि तदभेदेन तदीयत्वं प्रतिपादयन् स्तौति, अभेदभावनयैव यतितव्यमिति वदति । अत एव 'सर्व एव आत्मनि समर्पिताः इति श्रूयते । मोक्षदशायामज्ञाननिवृत्तावभेदो जायत इत्यपि न, भेदस्य नित्यत्वेन नाशाऽसम्भवात्, भेदनाशेऽपि व्यक्तिद्वयं स्थास्यत्येव । न च द्वित्वमपि नश्यतीति वाच्यम्, तव निर्धर्मके ब्रह्मणि सत्यत्वाभावेऽपि सत्यस्वरूपं तदितिवत् द्वित्वाभावेऽपि व्यक्तिद्वयात्मकौ ताविति सुवचत्वात् । मिथ्यात्वाभावोऽधिकरणात्मकस्तत्र सत्यत्वमिति चेत् ? एकत्वाभावो व्यक्तिद्वयात्मको द्वित्वमित्यप्युच्यताम् । प्रत्येकमेकत्वेऽपि पृथिवीजलयोर्न गन्ध इतिवदुभयं नैकमित्यस्य सर्वजनसिद्धत्वात् । योऽपि तदानीमभेदप्रतिपादको वेदः सोऽपि निर्दुःखत्वादिना साम्यं प्रतिपादयति, सम्पदाधिक्ये पुरोहितोऽयं राजा संवृत्त इतिवत् । अत एव 'निरञ्जनः परमं साम्यमुपैति' इति श्रूयते । ईश्वरोऽपि न ज्ञानसुखात्मा, किन्तु ज्ञानाद्याश्रयः, 'नित्यं विज्ञानमानन्दं ब्रह्म' इत्यादौ विज्ञानपदेन ज्ञानाश्रय एवोक्तः 'यः सर्वज्ञः स सर्ववित्' इत्याद्यनुरोधात् ।**

---

મુક્તાવલી : પ્રશ્ન : તો પછી तत्त्वमसि, अहं ब्रह्माऽस्मि ઇત્યાદિ વાક્યો જીવ-

બ્રહ્મના અભેદને જણાવે છે તેનું શું ?

**ઉત્તર :** એ સર્વ સ્તુતિવાદ છે. ઈશ્વરથી ભિન્ન જીવાત્માનો ઈશ્વર સાથે અભેદ દર્શાવી જીવાત્માની સ્તુતિ કરે છે. વસ્તુતઃ તો બે ય ભિન્ન છે પણ જીવાત્મામાં પરમાત્મા = સજાતીય જ્ઞાનાદિ છે માટે જીવાત્માને પરમાત્મતુલ્ય કહ્યા. એટલો ભેદ હોવા છતાં અભેદ ભાવનાથી યત્ન કરવો એ આ શ્રુતિનો ઉપદેશ છે.

જીવ-બ્રહ્મ એ બેનો ભેદ છે માટે જ '**सर्व एव आत्मनि समर्पिताः**' કહ્યું છે. જે ભિન્ન હોય તેને જ બીજાને સમર્પિત થવાનું હોય. અભિન્નને સમર્પણ શું ?

**પ્રશ્ન :** (વેદાન્તી) બ્રહ્મથી ભિન્ન બીજું કાંઈ છે જ નહિ, એટલે બ્રહ્મનો જીવાત્મામાં ભેદ પ્રતીત થતો હોય તો તે જીવાત્માના અજ્ઞાનને લીધે છે. મોક્ષકાળમાં તો જીવાત્માનો બ્રહ્મ સાથે અભેદ જ થાય છે. માટે બ્રહ્મ એક જ છે, બીજું કંઈ નથી.

**નૈયાયિક :** જો અજ્ઞાનકાળમાં બ્રહ્મથી જીવાત્માનો ભેદ છે તો મોક્ષકાળમાં પણ તે ભેદ રહેવાનો જ, કેમકે ભેદ નિત્ય હોવાથી તેનો નાશ થતો નથી. કદાચ ભેદનો નાશ થાય તો પણ જીવાત્મા અને પરમાત્મારૂપ બે વ્યક્તિ તો રહેશે જ.

**વેદાન્તી :** મોક્ષકાળે બેમાં રહેલા દ્વિત્વનો પણ નાશ થઈ જાય છે, એટલે હવે દ્વિત્વાભાવે વ્યક્તિદ્વય પણ કેવી રીતે રહેશે ?

**નૈયાયિક :** તમે બ્રહ્મને નિર્ધર્મક માનો છો એટલે તેનામાં સત્યત્વ ધર્મનો પણ અભાવ મળે છે. આમ બ્રહ્મમાં સત્યત્વાભાવ હોવા છતાં બ્રહ્મ સત્યસ્વરૂપ કહેવાય છે, તેવી જ રીતે જીવાત્મા અને બ્રહ્મમાં દ્વિત્વાભાવ હોવા છતાં તે બે વ્યક્તિરૂપ કેમ ન કહેવાય ?

**વેદાન્તી :** બ્રહ્મમાં મિથ્યાત્વનો અભાવ છે તેનો અર્થ એ છે કે અધિકરણ બ્રહ્મ એ જ મિથ્યાત્વાભાવ સ્વરૂપ છે. આ મિથ્યાત્વાભાવને જ સત્યત્વ કહીએ છીએ.

**નૈયાયિક :** તો ભલે, જીવાત્મા અને બ્રહ્માત્મા ઉભયમાં તો એકત્વ નથી જ, માટે તે એકત્વાભાવ અધિકરણસ્વરૂપ વ્યક્તિદ્વયાત્મક બને. એ જ એકત્વાભાવ દ્વિત્વ એવા વ્યવહારનો વિષય કેમ ન બને ? પ્રત્યેક જીવાત્મા અને બ્રહ્મમાં એકત્વ યદ્યપિ છે, તથાપિ પૃથ્વીમાં ગન્ધ હોવા છતાં પૃથ્વી-જલ એ તદુભયમાં ગન્ધ નથી, એ જે રીતે કહેવાય છે તે જ રીતે **उभयम् न एकम्** એમ કહી શકાય. એટલે જીવાત્મા અને બ્રહ્મ ઉભયમાં અવશ્યમેવ એકત્વાભાવ છે અને તેથી જ જીવાત્મા અને બ્રહ્મ એમ બે જ વ્યક્તિ તરીકેનો વ્યવહાર કરવો જ જોઈએ.

**વેદાન્તી :** કહ્યું છે કે, '**ब्रह्मविद् ब्रह्मैव भवेत् ।**' જો બ્રહ્મને જાણનારો જીવાત્મા બ્રહ્મ

જ બની જાય તો પછી તે બેમાં ભેદ ક્યાં રહ્યો ?

**નૈયાયિક :** બ્રહ્મને જાણનારો નિર્દુ:ખત્વ વગેરેથી વિશિષ્ટ બને છે, બ્રહ્મ પણ નિર્દુ:ખત્વાદિથી વિશિષ્ટ છે માટે બ્રહ્મને જાણનારો બ્રહ્મની જેમ નિર્દુ:ખત્વાદિ સમાન ધર્મવાળો = બ્રહ્મ જેવો બને છે એ એનો અર્થ છે. જગતમાં પણ જે પુરોહિત પાસે રાજા જેટલી લક્ષ્મીનું આધિક્ય થઈ જાય તે પુરોહિતને રાજા કહેવાય છે. આવું જ પ્રસ્તુતમાં પણ સમજવું.

આથી જ શ્રુતિમાં કહ્યું છે કે, '**निरञ्जनः ( अविद्यारहितः ) परमं साम्यमुपैति ।**' એટલે જીવાત્મા અને બ્રહ્મનો ભેદ માનવો જ જોઈએ. આમ જીવાત્મા એ માત્ર નિત્ય વિજ્ઞાન સ્વરૂપ નથી એ વાત સ્થિર થાય છે. ઈશ્વરાત્મા (બ્રહ્મ) પણ જ્ઞાનાદ્યાત્મક નથી, સુખાત્મક નથી કિન્તુ જ્ઞાન-સુખાશ્રય છે.

**વેદાન્તી :** તો પછી '**नित्यं विज्ञानमानन्दं ब्रह्म**' પંક્તિમાં 'વિજ્ઞાન' પદથી વિજ્ઞાન લઈને 'વિજ્ઞાનસ્વરૂપ બ્રહ્મ' કહ્યું તેનું શું ?

**નૈયાયિક :** ત્યાં 'વિજ્ઞાન' પદથી વિજ્ઞાનનો આશ્રય જ લેવાનું કહ્યું છે, કેમકે મુંડક શ્રુતિમાં પણ કહ્યું છે કે **यः सर्वज्ञः स सर्ववित् ।**

---

**मुक्तावली : आनन्दमित्यस्याप्यानन्दवदित्यर्थः । अर्श-आदित्वान्मत्वर्थीयाऽच् प्रत्ययात्, अन्यथा पुँल्लिङ्गत्वापत्तिः । आनन्दोऽपि दुःखाभावे उपचर्यते, भाराद्यपगमे सुखी संवृत्तोऽहमितिवत्, अस्तु वा तस्मिन्नानन्दो न त्वसावानन्दः, 'असुखम्'इति श्रुतेः । न विद्यते सुखं यस्येति कुतो नार्थ इति चेद् ? न, क्लिष्टकल्पनापत्तेः, प्रकरणविरोधात्, आनन्दमित्यत्र मत्वर्थीयाऽच्प्रत्ययविरोधाच्चेति संक्षेपः ।**

---

**મુક્તાવલી :** વળી **आनन्दम्** એ પદનો અર્થ પણ **आनन्दवत्** કરવાનો છે, કેમકે '**आनन्द**' પદને મત્વર્થીય '**अच्**' પ્રત્યય લાગે ત્યારે જ તે '**आनन्द**' પદ નપુંસકલિંગ બની શકે છે. **आनन्दः अस्य अस्तीति आनन्दम् ।** જો આનંદ પદ માત્ર સુખાર્થક હોત તો તે પુલ્લિંગમાં જ હોઈ શકે.

**પ્રશ્ન :** તમે પરમેશ્વરને 'આનંદવાન્' કહ્યો, પરંતુ પરમેશ્વર તો આનંદ આદિ ગુણથી રહિત છે ને ?

**નૈયાયિક :** બરાબર છે. અહીં 'આનન્દ' શબ્દનો દુ:ખાભાવમાં ઉપચાર કરવાનો છે. એટલે કે પરમેશ્વર દુ:ખાભાવવાન્ છે, અર્થાત્ આનંદવાન્ છે. જેમ ભારશૂન્ય માણસ ભાર ઉપાડીને બધો ભાર જમીન ઉપર મૂકી દે ત્યારે તે કહે છે કે હવે હું સુખી થયો. વસ્તુતઃ તો તે કાંઈ નવું સુખ પ્રાપ્ત કરતો નથી, માત્ર વહન કરેલા ભારનો અપગમ જ થાય છે અને તે ભારાપગમમાં સુખી તરીકેનો ઉપચાર કરે છે. પ્રસ્તુતમાં પણ આવું સમજવું.

**પ્રશ્ન :** જો દુ:ખાભાવમાં આનંદ શબ્દનો પ્રયોગ થાય તો દુ:ખાભાવવાળા ઘટાદિ પણ આનંદવાળા કહેવાશે ને ?

**નૈયાયિક :** તો ભલે, અમે દુ:ખાભાવમાં આનંદ શબ્દનો પ્રયોગ નહિ કરીએ પણ અમે કહીશું કે ઈશ્વરમાં આનંદ નામનો ગુણ રહે છે, અર્થાત્ પોતે જેમ નિત્ય જ્ઞાનવાન્ છે તેમ નિત્ય આનંદવાન્ છે. પરંતુ આનંદસ્વરૂપ તો ઈશ્વર નથી જ, કેમકે **असुखम्** એવી શ્રુતિ પણ મળે છે જેનો અર્થ છે; પરમાત્મા સુખસ્વરૂપ નથી, અર્થાત્ પરમાત્મા સુખભિન્ન છે : સુખાધિકરણ છે.

**વેદાન્તી : न सुखम् इति असुखम्** એવો તત્પુરુષ સમાસ શા માટે લેવો ? **न विद्यते सुखं यस्य इति असुखम्** એવો બહુવ્રીહિ સમાસ શા માટે ન લેવો ?

**નૈયાયિક :** નહિ, એ સમાસ લેવામાં ક્લિષ્ટની કલ્પના થાય છે. વળી **अशरीरम्, अस्थूलम्, असुखम्** એ વાક્યમાં **अशरीरम्** અને **अस्थूलम्** પદને **नञ्** તત્પુરૂષ સમાસ તરીકે લીધા છે તેથી જ તેમની સાથે રહેલા **असुखम्** પદનો પણ **नञ्** તત્પુરૂષ સમાસ લેવો જોઈએ. એટલે પરમાત્મા સુખ નથી પરંતુ સુખાધિકરણ છે એ નક્કી થયું. તેથી પરમાત્મા આનંદસ્વરૂપ નહિ પણ આનંદભિન્ન એવા આનંદાધિકરણ સિદ્ધ થાય.

વળી જો આનંદ પદને મત્વર્થીય **अच्** પ્રત્યયાંત ન ગણીએ અને તેથી 'આનંદ- સ્વરૂપ પરમાત્મા' એવો અર્થ કરીએ તો **आनन्दम्** એવો પ્રયોગ બની શકે જ નહિ, કેમકે પછી તો મત્વર્થીય **अच्** પ્રત્યયરહિત આનંદ પદ પુલ્લિંગમાં જ આવે, જ્યારે શ્રુતિમાં **आनन्दम्** એવો નપુંસકલિંગ પ્રયોગ છે માટે ત્યાં મત્વર્થીય **अच्** પ્રત્યય માનવો જ જોઈએ અને તેથી તેનો અર્થ 'આનંદવાળા' એવો જ કરવો જોઈએ. તે જ રીતે '**विज्ञान**' પદનો 'વિજ્ઞાનવાળા' એ જ અર્થ કરવો જોઈએ પણ 'વિજ્ઞાનસ્વરૂપ પરમાત્મા' એવો અર્થ કરી શકાય નહિ.

આમ નિત્ય વિજ્ઞાનસ્વરૂપ પણ ઈશ્વરાત્મા નથી એ વાત સ્થિર થઈ જાય છે.

**मुक्तावली : एतेन-प्रकृतिः कर्त्री पुरुषस्तु पुष्करपलाशवत् निर्लेपः, किन्तु चेतनः, कार्यकारणयोरभेदात् कार्यनाशे सति कार्यरूपतया तन्नाशोऽपि न स्यादित्यकारणत्वं तस्य । बुद्धिगतचैतन्याभिमानान्यथानुपपत्त्या तत्कल्पनम् ।**

**મુક્તાવલી :** સાંખ્ય-મતના પ્રણેતા કપિલમુનિ છે. હવે નૈયાયિકો '**एतेन**' પદ દ્વારા જણાવે છે કે,"અદ્વૈતવાદના ખંડનમાં વિજ્ઞાનસ્વરૂપ આત્મા ન કહેતાં અમે 'જ્ઞાનવાન્ આત્મા છે' એવું સિદ્ધ કર્યું, એથી પુરૂષને જ્ઞાનરહિત માનનાર સાંખ્ય-મતનું પણ ખંડન થઈ જાય છે."

**સાંખ્યોની માન્યતા :** પ્રકૃતિ કર્ત્રી (માત્ર કારણ) છે અને પુરૂષ તો કમળપત્રની જેમ નિર્લેપ છે, માત્ર ચેતનસ્વરૂપ છે. (પુરૂષમાં ચેતનત્વ એટલે જ્ઞાનાશ્રયત્વ નહિ પરંતુ આત્મત્વ માત્ર સમજવું, કેમકે સાંખ્યો પુરૂષને જ્ઞાનરહિત માને છે.) આ પુરૂષ કોઈનું કારણ નથી, અર્થાત્ અકારણ છે, કેમકે જો તેનું કોઈ કાર્ય માનીએ તો કાર્યના નાશે પુરૂષરૂપ કારણનો પણ નાશ થઈ જાય, કેમકે સાંખ્યો કાર્ય-કારણનો અભેદ માને છે. એટલે જ ઘટ નાશ થતાં તેના કારણભૂત કપાલાદિનો પણ નાશ થઈ જાય છે એમ તેમનું કહેવું છે.

**પ્રશ્ન :** આવા કોઈપણ વિશેષતા વિનાના પુરૂષ-તત્ત્વને માનવાની શી જરૂર છે? એને માનવામાં કોઈ પ્રમાણ છે ?

**સાંખ્ય :** પ્રકૃતિમાંથી જે જડ બુદ્ધિ ઉત્પન્ન થાય છે તેને ચૈતન્યનું અભિમાન (ભ્રમ) થાય છે કે હું ચેતન છું. (**चेतनोऽहम्** ।) હવે વસ્તુતઃ તો બુદ્ધિમાં ચૈતન્ય છે તો નહિ. ભ્રમ પણ અન્યત્ર વિદ્યમાન વસ્તુનો જ થાય. સર્પ અન્યત્ર વિદ્યમાન છે માટે જ તેનો રજ્જુમાં ભ્રમ થાય છે. જો જગતમાં ચૈતન્ય ક્યાંય પણ વિદ્યમાન ન હોત તો બુદ્ધિમાં ચૈતન્યનો ભ્રમ ઉપપન્ન ન થાત, એટલે બુદ્ધિમાં ચૈતન્યના ભ્રમની અન્યથાનુપપત્ત્યા પુરૂષ જેવો એક પદાર્થ માનવો પડે છે કે જેમાં ચૈતન્ય છે.

**मुक्तावली : बुद्धिश्च प्रकृतेः परिणामः । सैव महत्तत्त्वम् अन्तःकरणमित्युच्यते । तत्सत्त्वासत्त्वाभ्यां पुरुषस्य संसारापवर्गौ । तस्या एवेन्द्रियप्रणालिकया परिणतिर्ज्ञानरूपा घटादिना सम्बन्धः । पुरुषे कर्तृत्वाभिमानो बुद्धौ चैतन्याभिमानश्च भेदाग्रहात् ।**

**મુક્તાવલી :** બુદ્ધિ એ જડ પ્રકૃતિનો પરિણામ છે. તે 'મહત્તત્ત્વ' તથા 'અંતઃકરણ' એવા પર્યાયવાચી નામથી પણ ઓળખાય છે. એનો ચેતન સાથે સંયોગ (સત્ત્વ) જ ચેતનનો સંસારપર્યાય છે. જ્યારે ચેતન સાથે સંયોગનો અભાવ થઈ જાય ત્યારે પુરૂષનો અપવર્ગ (મોક્ષ) થાય. સાંખ્યમતે જ્ઞાન એ પુરૂષનો ગુણ નથી.

**પ્રશ્ન :** તો જ્ઞાન શું છે ?

**ઉત્તર :** જડ બુદ્ધિ જ ઈન્દ્રિયરૂપી નાલિકા દ્વારા ઘટાદિ પદાર્થો સાથે જે સંબંધ કરે છે, અર્થાત્ ઘટાદિ આકારરૂપ જે પરિણામ પામે છે તે જ 'જ્ઞાન' કહેવાય. કહેવાનો આશય એ છે કે તૈજસ પ્રવાહી જેવી બુદ્ધિ ઈન્દ્રિયો દ્વારા બહાર નીકળીને વિષયમાં પરિણામ પામી જાય છે, અર્થાત્ વિષયાકાર થઈ જાય છે. આ વિષયાકાર જે પરિણતિ તે જ જ્ઞાન છે. આ જ્ઞાન જડ બુદ્ધિનો ગુણ છે. વળી કર્તૃત્વ પણ બુદ્ધિનો ધર્મ છે અને ચૈતન્ય એ પુરૂષનો ધર્મ છે. છતાં ચેતનને પોતાનામાં કર્તૃત્વનો જે ભ્રમ થાય છે અને બુદ્ધિને પોતાનામાં ચૈતન્યનો જે ભ્રમ થાય છે તે બુદ્ધિ-ચેતનના ભેદાગ્રહને (અભેદગ્રહને) લઈને થાય છે. બંને એકબીજાને પોતાનાથી અભિન્ન માની લે છે માટે જ આ ભ્રમ થાય છે. બન્નેના ભેદનું જ્ઞાન થઈ જાય ત્યારે પ્રકૃતિનો મોક્ષ થાય છે.

---

**ટિપ્પણ :** સાંખ્યમતના અનુસારે જગતમાં પચ્ચીસ તત્ત્વો છે : એક ચેતન-તત્ત્વ પુરૂષ અને ચોવીસ પ્રકૃતિ આદિ જડ તત્ત્વો છે. તે ચોવીસ જડ તત્વોના નામો તથા ઉત્પત્તિ ક્રમ આ પ્રમાણે છે :

એક પ્રકૃતિ (પ્રધાન-અવ્યક્ત),

તેમાંથી એક બુદ્ધિ (મહત્તત્ત્વ-અંતઃકરણ) ઉત્પન્ન થાય.

તેમાંથી એક અહંકાર ઉત્પન્ન થાય.

તેમાંથી સોળ ષોડશ ગણ (પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય, પાંચ શબ્દાદિ તન્માત્રા અને એક મન = ૧૬), તન્માત્રામાંથી પાંચ ભૂત થાય.

આ ચોવીસ જડતત્ત્વો તથા એક ચેતન પુરૂષતત્ત્વ - આ બધા મળીને પચ્ચીસ તત્ત્વો થયા.

પચ્ચીસ તત્ત્વવાદી સાંખ્ય ઈશ્વરને માનતા નથી માટે તેમને 'નિરીશ્વર સાંખ્ય' કહે છે.

ઈશ્વરને માનતા સેશ્વર સાંખ્યના મતે ઈશ્વરસહિત છવ્વીસ તત્ત્વો થાય છે.

ચોવીસ જડતત્ત્વમાં બધા ય તત્ત્વોનું કારણ પહેલું જડતત્ત્વ પ્રકૃતિ કહેવાય છે. પ્રકૃતિ

નિત્ય છે માટે તેનું કોઈ કારણ નથી. આ પ્રકૃતિ ત્રિગુણાત્મક છે : સત્ત્વ, રજસ્ અને તમસ્. એ ત્રણ ગુણોની સામ્યાવસ્થા એ જ પ્રકૃતિ છે. જ્યારે એ જ ગુણો વિષમાવસ્થાપન્ન બને છે ત્યારે તેને 'પ્રકૃતિ' ન કહેતાં બુદ્ધિ કહેવાય છે.

પ્રકૃતિ નિશ્ચેતન છે, જ્યારે પુરૂષ ચેતન છે. પુરૂષ કમળપત્રની જેમ સર્વથા નિર્લેપ છે. નિર્લેપ એટલે પુરૂષમાં જ્ઞાન, ઈચ્છા, કૃતિ, અદૃષ્ટ, કર્તૃત્વ, ભોક્તૃત્વ, બદ્ધતા કે મુક્તિ વગેરે કશું જ નથી. તે તો સદાને માટે અવિકાર્ય, અપરિવર્તનશીલ, કૂટસ્થ નિત્ય છે. પ્રકૃતિ પણ નિત્ય તો છે પરંતુ તે પુરૂષની જેમ કૂટસ્થ નિત્ય નથી કિન્તુ પરિણામી નિત્ય છે, અર્થાત્ તે તે બુદ્ધિ વગેરે પદાર્થો રૂપે પરિણમવાનો તેનો સ્વભાવ છે.

અહીં પ્રશ્ન થાય કે ચેતન પુરૂષમાંથી જ બધું જડતત્ત્વ ઉત્પન્ન કેમ ન થયું ? શા માટે પ્રકૃતિને કલ્પીને તેમાંથી જડતત્ત્વની ઉત્પત્તિ કહી ? એનો ઉત્તર આપતાં સાંખ્યો કહે છે કે જડનું કારણ ચેતન હોઈ શકે જ નહિ. પુરૂષ ચેતન છે અને પ્રકૃતિ જડ છે. તે બે વચ્ચે કાર્ય-કારણભાવ ન બને, કેમકે અમારા મતે તો ઉપાદાન-કારણ અને કાર્ય વચ્ચે અભેદ છે. ઉપાદાન પોતે જ કાર્યરૂપે પરિણામ પામે છે, એટલે અમે નૈયાયિકોની જેમ માટીમાંથી ઘટ બને એમ નથી કહેતા, પરન્તુ માટી જ ઘટ બને એમ કહીએ છીએ.

આ મતે ઘડો બનવા પહેલાં પણ માટીમાં ઘડો સત્ હતો જ પરંતુ તે તિરોહિત (ઢંકાયેલો) હતો. ઘડો બન્યા પછી ઘડો ઉત્પન્ન થયો એમ ન કહેવાય, પણ માટીમાંથી આર્વિભૂત થયો એમ કહેવાય. તાત્પર્ય એ છે કે સાંખ્ય **સત્કાર્યવાદી** છે. અર્થાત્ ઉપાદાનમાં સત્ હોય તે જ કાર્યરૂપે પરિણમે, અસત્માંથી સત્ની ઉત્પત્તિ થાય નહિ. માટીમાં ઘડો સત્ હતો જ માટે પ્રગટ થયો. જો માટીમાં ઘડો અસત્ હતો અને પછી પ્રગટ (સત્) થયો એમ કહો તો પછી 'અસત્' એવું આકાશકુસુમ પણ 'સત્' બની જવાની આપત્તિ આવશે.

---

**मुक्तावली : ममेदं कर्तव्यमिति मदंशः पुरुषोपरागो बुद्धेः स्वच्छतया तत्प्रतिबिम्बादतात्त्विको दर्पणस्येव मुखोपरागः । इदमिति विषयोपरागः, इन्द्रियप्रणालिकया परिणतिभेदस्तात्त्विको निःश्वासाभिहतदर्पणस्येव मलिनिमा । कर्तव्यमिति व्यापारांशः, तेनांशत्रयवती बुद्धिः ।**

---

**મુક્તાવલી :** નૈયાયિક-મતે '**मम इदं कर्तव्यम्**' એ વાક્યમાં '**मम**' થી સ્વામિત્વ, '**इदम्**' થી વિષયત્વ અને '**कर्तव्यम्**' પદથી વ્યાપાર ભાસે છે. અહીં સ્વામિતા એ

આત્માની હોવાથી વાસ્તવિક છે, વિષયત્વ વિષયમાં હોવાથી વાસ્તવિક છે અને ક્રિયા વિષયમાં હોવાથી વાસ્તવિક જ છે. આમ નૈયાયિક-મતે તો ત્રણેય અંશો વાસ્તવિક છે, અર્થાત્ કોઈ અંશ ભ્રમાત્મક નથી. હવે આ જ વાતને સાંખ્યમતે વિચારીએ.

**मम इदं कर्तव्यम् ।** મારું આ કર્તવ્ય છે, અર્થાત્ 'અમુક વિષય તરફ મારે પ્રવૃત્ત થવું છે.' આ વાક્યમાં ત્રણ અંશ છે.

**मम** એ પુરૂષની પ્રતીતિ છે. બુદ્ધિ સ્વચ્છ હોવાને લીધે તેનામાં પુરૂષનું પ્રતિબિંબ પડે છે અને તેથી બુદ્ધિને 'મારૂં' (**मम**) એવું ભાન થાય છે. વસ્તુતઃ મદંશ એ અસ્મચ્છબ્દાર્થ પુરૂષ છે, પણ બુદ્ધિમાં તો પુરૂષનું પ્રતિબિંબ પડવાથી બુદ્ધિને મદંશની પ્રતીતિ થાય છે. આ પ્રતીતિ અવાસ્તવિક છે. જેમ દર્પણમાં થતી મુખની પ્રતીતિ (ઉપરાગ) અવાસ્તવિક છે તેમ અહીં સમજવું.

**इदम्** અંશ એ વિષયનો ઉપરાગ (પ્રતીતિ) છે. જેમ નિઃશ્વાસથી આહત દર્પણમાં જે મલિનતા ઉત્પન્ન થાય છે તે વાસ્તવિક છે તેમ ઈન્દ્રિયો દ્વારા બુદ્ધિ વિષયાકાર બને છે તે પણ વાસ્તવિક છે.

**कर्तव्यम्** (વિષય તરફ પ્રવૃત્તિ) આ વ્યાપારાંશ છે.

આમ ત્રણ અંશથી યુક્ત જ્ઞાન (**मम इदं कर्तव्यम् इत्याकारकम्**) એ બુદ્ધિનો ધર્મ છે. આ ઉપરથી આપણે જોઈ શકીએ છીએ કે બુદ્ધિ, જ્ઞાન અને ઉપલબ્ધિને જેમ નૈયાયિકો પર્યાયવાચક શબ્દો માને છે તેમ સાંખ્યો નથી માનતા, અર્થાત્ તેઓ તો આ ત્રણેયના જુદા જુદા સ્વરૂપો માને છે. આ મતે બુદ્ધિ એ જ જ્ઞાન નથી પણ બુદ્ધિની જે વિષયાકાર પરિણતિ છે એ જ્ઞાન છે.

---

**मुक्तावली : तत्परिणामेन ज्ञानेन पुरुषस्यातात्त्विकः सम्बन्धो दर्पणमलिनिम्नेव मुखस्योपलब्धिरुच्यते । ज्ञानवत्सुखदुःखेच्छाद्वेषधर्माधर्मा अपि बुद्धेरेव, कृतिसामानाधिकरण्येन प्रतीतेः । न च बुद्धिश्चेतना, परिणामित्वात्, इति मतमपास्तम् ।**

---

**મુક્તાવલી** : હવે સાંખ્યમતે ઉપલબ્ધિ શું છે ? તે જોઈએ.

બુદ્ધિની વિષયાકાર પરિણતિરૂપ જે જ્ઞાન છે તે તો બુદ્ધિનો ધર્મ છે તે આપણે જોઈ ગયા. બુદ્ધિમાં પુરૂષ પ્રતિબિંબિત થાય છે અને તેથી પુરૂષ અને બુદ્ધિ બે ય પોતાની

વચ્ચેના ભેદનો અગ્રહ કરે છે તે પણ જોયું. હવે બુદ્ધિમાં પુરૂષ એકાકાર બનેલો છે અને એ બુદ્ધિમાં જ જ્ઞાન છે, એટલે આ જ્ઞાનનો પુરૂષ સાથે સંબંધ થઈ જાય છે, અર્થાત્ બુદ્ધિથી પોતાને અભિન્ન જોતો પુરૂષ બુદ્ધિના જ્ઞાનને પોતાનામાં માની લે છે. આ જ્ઞાન સાથેનો પુરૂષનો સંબંધ વાસ્તવિક તો નથી જ. બસ, આ જ્ઞાન સાથેનો પુરૂષનો જે સંબંધ તેને જ સાંખ્યો 'ઉપલબ્ધિ' કહે છે. જેમ દર્પણની ઉપર મલિનતા છાઈ ગઈ હોય તો તે દર્પણમાં કોઈ પોતાનું સ્વચ્છ મોં જુએ તો પણ તેને મોં પર મલિનતા જ દેખાય. વસ્તુતઃ મોં ઉપર મલિનતા છે જ નહિ છતાં દેખાય છે માટે તે અવાસ્તવિક છે તેમ પુરૂષનો જ્ઞાન સાથેનો સંબંધ (ઉપલબ્ધિ) પણ અવાસ્તવિક છે.

આમ, ટૂંકમાં આ પ્રક્રિયા આ રીતે સમજાવી શકાય :

(૧) બુદ્ધિ વિષયાકાર પરિણતિવાળી = જ્ઞાનરૂપ બને છે.

(૨) બુદ્ધિ સાથે પુરૂષનો સંબંધ થાય છે.

(૩) તેની સાથે અહંકાર જોડાય છે.

(૪) ઘટાદિ જ્ઞાનનો પુરૂષ સાથે સંબંધ (ઉપલબ્ધિ) થાય છે એટલે પુરૂષને એમ લાગે છે કે, **'चेतनोऽहं घटमुपलभे ।'**

હવે જ્ઞાન એ બુદ્ધિનો ધર્મ છે તેથી સુખ, દુઃખ, ઈચ્છા, દ્વેષ, ધર્મ, અધર્મ આદિ પણ બુદ્ધિના જ ધર્મો છે, કેમકે આ બધા ધર્મો કૃતિની સાથે જ રહેનારા છે એવી પ્રતીતિ થાય છે.

બુદ્ધિ જ ઘટજ્ઞાનવાળી છે માટે બુદ્ધિ જ ઘટની કૃતિવાળી છે. જ્યાં ઘટનું જ્ઞાન હોય ત્યાં જ ઘટની ઈચ્છા હોય અને ત્યાં જ ઘટની કૃતિ હોય. અને જ્યાં કૃતિ હોય ત્યાં જ સુખાદિ હોય. એટલે પુરૂષમાં નથી તો જ્ઞાન કે નથી કૃતિ કે નથી સુખાદિ. તેનામાં તો માત્ર ચૈતન્ય છે.

**પ્રશ્ન** : તો પછી પુરૂષમાં ચૈતન્ય પણ શા માટે માનવું ? બુદ્ધિમાં જ ચૈતન્યને પણ માની લો ને ?

**ઉત્તર : बुद्धिः न चेतना, परिणामित्वात् घटादिवत् ।** બુદ્ધિ એ પરિણામી છે માટે તેનામાં ચૈતન્ય હોઈ શકે નહિ, કેમકે ચૈતન્ય તો અજર, અમર, અવ્યય, અપરાવર્તમાન = અપરિણામી છે.

---

**मुक्तावली : कृत्यदृष्टभोगानामिव चैतन्यस्यापि सामानाधिकरण्यप्रतीतेः,**

तद्भिन्ने मानाभावाच्च । चेतनोऽहं करोमीति प्रतीतिश्चैतन्यांशे भ्रम इति चेत् ? कृत्यंशेऽपि किं नेष्यते । अन्यथा बुद्धेर्नित्यत्वे मोक्षाऽभावोऽनित्यत्वे तत्पूर्वमसंसारापत्तिः । नन्वचेतनायाः प्रकृतेः कार्यत्वात् बुद्धेरचैतन्यं कार्यकारणयोस्तादात्म्यादिति चेत् ? न, असिद्धेः, कर्तुर्जन्यत्वे मानाभावात् । वीतरागजन्मादर्शनादनादित्वं, अनादिभावस्य नाशासम्भवान्नित्यत्वं, तत्किं प्रकृत्यादिकल्पनेन ? न च 'प्रकृतेः क्रियमाणानि गुणैः कर्माणि सर्वशः । अहङ्कारविमूढात्मा कर्ताऽहमिति मन्यते' इत्यनेन विरोध इति वाच्यम्, प्रकृतेः = अदृष्टस्य, गुणैः = अदृष्टजन्यैरिच्छादिभिः, कर्ताऽहमेवेत्यस्य तदर्थत्वात् । 'तत्रैवं सति कर्तारमात्मानं केवलं तु यः' इत्यादि वदता भगवता प्रकटीकृतोऽयमुपरिष्टादाशय इति संक्षेपः ।

---

**મુક્તાવલી :** હવે મુક્તાવલીકાર સાંખ્યમતનું ખંડન કરે છે. તેઓ કહે છે કે જેમ કૃતિ સુખાદિ ભોગ તથા અદૃષ્ટ વગેરે એક જ સ્થાને રહેનારા છે એવી પ્રતીતિ થાય છે તેમ ચૈતન્ય પણ તે બધાની સાથે જ રહે છે એવી પ્રતીતિ પણ થાય છે. **चेतनोऽहं करोमि, चैतन्यवान् अहं कृतिमान्** એવી પ્રતીતિ સર્વત્ર પ્રસિદ્ધ છે. માટે કૃત્યાદિનું અધિકરણ બુદ્ધિને માનવું અને ચૈતન્યનું અધિકરણ બુદ્ધિભિન્ન પુરૂષને માનવું એ વાત પ્રમાણાતીત છે.

**સાંખ્ય :** **चेतनोऽहं करोमि** એવી જે પ્રતીતિ બુદ્ધિને થાય છે તેમાં બુદ્ધિને જે લાગ્યું કે **चेतनोऽहं,** અર્થાત્ **मयि चैतन्यं** એ તેનો ભ્રમ છે અને **करोमि** એવું બુદ્ધિને જે થયું તે તો પ્રમા છે, કેમકે બુદ્ધિમાં કૃતિધર્મ તો છે જ. એટલે **चेतनोऽहं करोमि** એવી પ્રતીતિથી 'બુદ્ધિમાં ચૈતન્ય છે' એમ તમે સિદ્ધ કરી ન શકો.

**નૈયાયિક :** ઓહો ! તો પછી અમે તમને પૂછીશું કે **करोमि** અંશ(કૃત્યંશ)માં પણ બુદ્ધિને ભ્રમ છે એમ પણ કેમ ન મનાય ? અર્થાત્ વસ્તુતઃ પુરૂષનો જ કૃતિધર્મ કેમ ન મનાય ? અને તેથી બુદ્ધિને કૃત્યંશ જો પોતાનામાં લાગતો હોય તો તેને ય ભ્રમ કેમ ન કહેવાય ? અને જો આ વાત તમને કબૂલ હોય તો ચૈતન્ય અને કૃતિનો આશ્રય પુરૂષ થઈ ગયો એ સિદ્ધ થશે. અને તમે પૂર્વે કહ્યું છે કે જ્યાં કૃતિ હોય ત્યાં જ અદૃષ્ટ તથા સુખાદિ ભોગ હોય, એટલે હવે પુરૂષમાં કૃતિ આવતાં તે પુરૂષમાં જ અદૃષ્ટાદિ ધર્મો

પણ માનવા પડશે. આમ થતાં પુરૂષ અપરિણામી - કૂટસ્થ નિત્ય ન રહેતાં પરિણામી બની જશે. એથી ન્યાયમત સિદ્ધ થશે.

વળી જો તમે પુરૂષને કૃતિનો આશ્રય ન માનો અને માત્ર ચૈતન્યનો જ આશ્રય માનો અને બુદ્ધિને જ કૃતિનો આશ્રય માનો તો અમારો પ્રશ્ન છે કે તે બુદ્ધિ નિત્ય છે કે અનિત્ય ? જો બુદ્ધિ નિત્ય હોય તો બુદ્ધિમાં નિત્ય પુરૂષનું પ્રતિબિંબ પણ નિત્ય રહેવાનું અને તેથી બુદ્ધિગત સુખાદિનો અનુભવ પુરૂષને સદા રહ્યા કરશે. આમ થતાં પુરૂષનો મોક્ષ કદાપિ થશે નહિ, કેમકે તમારા મતે બુદ્ધિનો પુરૂષ સાથેનો સંયોગ એ જ પુરૂષનો સંસાર છે.

હવે જો બુદ્ધિને અનિત્ય કહેશો તો બુદ્ધિનો નાશ થતાં પુરૂષનો બુદ્ધિ સાથેનો સંબંધ છૂટતાં મોક્ષ જ થઈ જશે. પણ અનિત્ય બુદ્ધિ જયારે ઉત્પન્ન જ થઈ ન હતી ત્યારે તે વખતે પુરુષનો સંસારભાવ ન હોવાની આપત્તિ આવશે.

માટે ચૈતન્ય અને કૃતિનો આશ્રય એક જ માનવો જોઈએ અને ચૈતન્ય એ જ બુદ્ધિ છે, આત્મનિષ્ઠ ધર્મ છે એમ પણ માનવું જોઈએ.

**સાંખ્ય :** પ્રકૃતિ અચેતન છે માટે તેનાથી ઉત્પન્ન થયેલી બુદ્ધિ પણ અચેતન છે, કેમકે કાર્ય અને કારણનું અમે તાદાત્મ્ય માનીએ છીએ. માટે બુદ્ધિને પુરૂષનો ગુણ માની શકાય નહિ. પ્રકૃતિ નિત્ય હોઈને અનાદિ છે, માટે તેનાથી પ્રયુક્ત બુદ્ધિ દ્વારા સંસારની પણ અનાદિતા સિદ્ધ થઈ જાય છે. પ્રકૃતિ જડ છે માટે બુદ્ધિ પણ જડ સિદ્ધ થાય છે, માટે ચૈતન્ય એ બુદ્ધિ નથી કે જેથી બુદ્ધિને કૃત્યાદિ સામાનાધિકરણ્યેન આત્મામાં માની શકાય.

**बुद्धिः अचेतना, प्रकृतिजन्यत्वात् । संसारः अनादिः, अनादिकारणीभूतप्रकृति-प्रयुक्तत्वात् ।**

**નૈયાયિક :** આ બે ય અનુમાન સ્વરૂપાસિદ્ધિ દોષગ્રસ્ત છે, કેમકે તમે જે પ્રકૃતિ કહો છો તેના હોવામાં જ કોઈ પ્રમાણ નથી, માટે પ્રકૃતિજન્યત્વ અને તાદૃશપ્રકૃતિપ્રયુક્તત્વ એ બે ય હેતુઓ અસિદ્ધ છે. વળી તમે બુદ્ધિને **कृतिमती=कर्त्री** માની છે અને વળી જન્ય કહો છો. જે કૃતિમત્ હોય તે જન્ય હોય તેમાં કોઈ પ્રમાણ નથી, કેમકે કૃતિમત્ત્વ તો નિત્યત્વનું વ્યાપ્ય જ હોય છે. માટે નિત્ય કર્તા આત્મા જ છે, બુદ્ધિ નહિ. કર્તા નિત્ય કેમ છે ? તે આ રીતે :

ન્યાયસૂત્રમાં એક સૂત્ર છે; '**वीतरागजन्मादर्शनात् ।**' જે વીતરાગ છે તેને

જન્મ હોય નહિ, સરાગને જ જન્મ હોય. વળી સ્તન્યપાનમાં બાળકની પ્રવૃત્તિ ઈષ્ટસાધનતાના જ્ઞાન વિના સંભવે નહિ. ઈષ્ટસાધનતાનું સ્મરણાત્મક જ્ઞાન સંસ્કાર વિના સંભવે નહિ. એ સંસ્કાર પૂર્વાનુભવ વિના ન સંભવે. એ પૂર્વાનુભવ પૂર્વજન્મ વિના ક્યાંય શક્ય નથી. પૂર્વજન્મનો સ્તન્યપાનાનુભવ પ્રપૂર્વજન્મ વિના શક્ય નથી. આમ જન્મપ્રવાહની અનાદિતા સિદ્ધ થતાં પુરૂષની પણ અનાદિતા સિદ્ધ થઈ જાય છે. અને જે અનાદિ હોય છે તેનો નાશ થતો નથી, તેથી તે નિત્ય છે. એટલે એ આત્મામાં જ બુદ્ધિ, કૃતિ આદિ ધર્મો ચૈતન્યની જેમ માનવા જોઈએ. એટલે જડ બુદ્ધિને ઉત્પન્ન કરવા માટે કલ્પેલી જડ પ્રકૃતિની કલ્પના કરવાની કશી જરૂર નથી.

**સાંખ્ય** : તો પછી **प्रकृतेः क्रियमाणानि** ઈત્યાદિ કહ્યું છે તેનું શું ? ત્યાં તો પ્રકૃતિને માની જ છે ને ? અને તેના જ ધર્માધર્માદિ માન્યા છે ને ?

**નૈયાયિક** : અહીં પ્રકૃતિ એટલે અદૃષ્ટ સમજવાનું છે. તેનો ગુણ એટલે અદૃષ્ટથી જન્ય ઈચ્છાદિ લેવાના છે.

**સાંખ્ય** : પણ ત્યાં કહ્યું છે કે, '**अहङ्कारविमूढात्मा कर्ताऽहमिति मन्यते ।**' આ વાક્યથી તો નક્કી થાય છે કે વસ્તુતઃ આત્મામાં કર્તૃત્વ નથી પણ અહંકારજનિત મૂઢતાથી તે પોતાનામાં કર્તૃત્વ માને છે. તમે તો આત્મામાં વસ્તુતઃ કર્તૃત્વ માનો છો.

**નૈયાયિક** : '**कर्ताऽहमिति मन्यते**' એટલે હું જ કર્તા છું, બીજો કોઈ કર્તા નથી એવું આત્માનું જે માનવું છે તે તેની અહંકારમૂઢતાને લીધે છે. આત્મા જરૂર કર્તા છે, પરન્તુ બીજા પણ ચાર અદૃષ્ટ અધિષ્ઠાનાદિને ગીતામાં કર્તા માન્યા છે. એટલે આત્મા પણ તેમાંનો એક કર્તા (**कृतिमान्**) છે જ, પણ મૂઢતાથી તે પોતાને એકને જ કર્તા માની લે છે એ ખોટું છે. શ્રીકૃષ્ણે આગળ ઉપર '**तत्रैवं सति कर्तारमात्मानं केवलं तु यः ।**' ઈત્યાદિ પંક્તિથી ઉપર્યુક્ત વાતને સ્પષ્ટ કરી જ છે. માટે પ્રકૃતિ જેવું બીજું કોઈ તત્ત્વ માનવાની જરૂર નથી. આત્મામાં જ ચૈતન્યની જેમ બુદ્ધિ, કૃત્યાદિ માની લેવા તે જ ઉચિત છે.

---

**कारिकावली : धर्माधर्माश्रयोऽध्यक्षो विशेषगुणयोगतः ॥४९॥**

---

**मुक्तावली : धर्माधर्माश्रय इति । आत्मेत्यनुषज्यते । शरीरस्य तदाश्रयत्वे देहान्तरकृतकर्मणां देहान्तरेण भोगानुपपत्तेः । विशेषगुणयोगत इति ।**

योग्यविशेषगुणस्य ज्ञानसुखादेः सम्बन्धेनात्मनः प्रत्यक्षत्वं सम्भवति, न त्वन्यथा, अहं जाने अहं करोमीत्यादिप्रतीतेः ॥

**મુક્તાવલી :** જ્ઞાનાદિમાન્ આ આત્મા ધર્મ-અધર્મવાન્ પણ છે. જો શરીરને ધર્માધર્મનો આશ્રય માની લેવામાં આવે તો પૂર્વજન્મમાં કરેલા કર્મોનો અપરજન્મના દેહમાં ભોગ નહિ થવાની આપત્તિ આવે.

પ્રત્યક્ષયોગ્ય વિશેષગુણ જ્ઞાન-સુખાદિના સંબંધને લીધે સ્વ-આત્માનું પ્રત્યક્ષ થાય છે. (અન્યથા નહિ.) 'હું જાણું છું', 'હું કરૂં છું' એવી પ્રતીતિ થાય છે તે જ આ વાતનો પુરાવો છે.

**कारिकावली :** प्रवृत्त्याद्यनुमेयोऽयं रथगत्येव सारथिः ।
अहङ्कारस्याश्रयोऽयं मनोमात्रस्य गोचरः ॥५०॥

**मुक्तावली :** प्रवृत्त्येति । अयमात्मा परदेहादौ प्रवृत्त्यादिनाऽनुमीयते । प्रवृत्तिरत्र चेष्टा, ज्ञानेच्छाप्रयत्नादीनां देहेऽभावस्योक्तप्रायत्वात् चेष्टायाश्च प्रयत्नसाध्यत्वाच्चेष्टया प्रयत्नवानात्माऽनुमीयत इति भावः । अत्र दृष्टान्तमाह - रथेति । यद्यपि रथकर्म चेष्टा न भवति, तथापि तेन कर्मणा सारथिर्यथाऽनुमीयते तथा चेष्टात्मकेन कर्मणा परात्माऽनुमीयत इति भावः ।

**મુક્તાવલી :** પણ પર-આત્માનું પ્રત્યક્ષ થતું નથી. જેમ દૂરથી રથ ચાલતો જોઈને તેની અંદર બેઠેલા સારથિનું અનુમાન થાય છે તેમ બીજાના દેહમાં પ્રવૃત્તિ (ચેષ્ટા) આદિ જોઈને તેની અંદર રહેલા આત્માનું અનુમાન થાય છે.

જ્ઞાન, ઈચ્છાદિ તો દેહમાં સંભવિત નથી એ વાત પૂર્વે કહેવાઈ ગઈ છે. દેહમાં તો ચેષ્ટા હોય છે. અને તે ચેષ્ટા કોઈ પ્રયત્નથી જ સાધ્ય છે. એટલે ચેષ્ટા ઉપરથી ચેષ્ટાપ્રયોજક પ્રયત્નનું અનુમાન થાય અને તેથી પ્રયત્નવાન્ આત્માનું અનુમાન થાય. યદ્યપિ રથની ક્રિયાનું જે દૃષ્ટાન્ત લીધું તેમાં રથક્રિયા એ ચેષ્ટા તો નથી જ, કેમકે ચેષ્ટા તો શરીરમાં જ રહે છે તથાપિ આ દૃષ્ટાંતમાં એટલું જ સમજવાનું કે જેમ રથકર્મથી સારથિનું અનુમાન થાય છે તેમ ચેષ્ટાત્મક કર્મથી આત્માનું અનુમાન થાય છે.

**मुक्तावली : अहङ्कारस्येति । अहङ्कारोऽहमिति प्रत्ययस्तस्याश्रयो विषयः आत्मा, न शरीरादिरिति भावः । मन इति । मनोभिन्नेन्द्रियजन्यप्रत्यक्षाविषयो मानसप्रत्यक्षविषयश्चेत्यर्थः। रूपाद्यभावेनेन्द्रियान्तरायोग्यत्वात् ॥**

**મુક્તાવલી : 'अहम्'** એવી પ્રતીતિનો વિષય આત્મા છે, શરીર નહિ. જો શરીરને **अहम्** પ્રતીતિનો વિષય માનીએ તો **ममेदं शरीरम्** એવી પ્રતીતિ કોણ કરે ? 'મારો આત્મા' એવો પ્રયોગ થાય છે ત્યાં શરીરને 'હું' સમજીને એ પ્રયોગ કરવામાં આવે છે.

આત્માનું માત્ર મનથી જ પ્રત્યક્ષ થાય છે, શેષ ઈન્દ્રિયોથી નહિ; કેમકે બીજી ઈન્દ્રિયોથી જાણવા માટે રૂપાદિ યોગ્ય ગુણો જોઈએ. તે આત્મામાં નથી, માટે ઈન્દ્રિયાન્તરથી આત્માનું પ્રત્યક્ષ થતું નથી.

**कारिकावली :** विभुर्बुद्ध्यादिगुणवान् बुद्धिस्तु द्विविधा मता ।
अनुभूतिः स्मृतिश्च स्यादनुभूतिश्चतुर्विधा ॥५१॥

**मुक्तावली :** विभुरिति । विभुत्वं परममहत्परिमाणवत्त्वम् । तच्च पूर्वमुक्तमपि स्पष्टार्थमुक्तम् । बुद्ध्यादिगुणवानिति । बुद्धिसुखदुःखेच्छादयश्चतुर्दशगुणाः पूर्वमुक्ता वेदितव्याः । अत्रैव प्रसङ्गात् बुद्धेः कतिपयं प्रपञ्चं दर्शयति - बुद्धिस्त्विति । द्वैविध्यं व्युत्पादयति - अनुभूतिरिति । अनुभूतिश्चतुर्विधेति एतासां चतसृणां करणानि चत्वारि 'प्रत्यक्षानुमानोपमानशब्दाः प्रमाणानीति' सूत्रोक्तानि वेदितव्यानि ॥

**મુક્તાવલી :** આત્મા વિભુ છે, એટલે કે પરમમહત્પરિમાણવાળો છે. તે પૂર્વે કહેવાઈ ગયું હોવા છતાં સ્પષ્ટતા માટે ફરી અહીં કહ્યું છે. આત્માના બુદ્ધિ, સુખ, દુઃખ, ઈચ્છા વગેરે ચૌદ ગુણો છે. તે પૂર્વે કહ્યા છે તે મુજબ જાણવા.

અહીં પ્રસંગ પામી બુદ્ધિનું વિસ્તારથી નિરૂપણ કરે છે.

જ્ઞાન (બુદ્ધિ) બે પ્રકારે છે : અનુભૂતિ (અનુભવ) અને સ્મૃતિ (સ્મરણ).

અનુભવ ચાર પ્રકારે છે : પ્રત્યક્ષ, અનુમિતિ, ઉપમિતિ, શાબ્દબોધ. એમાં છ ઈન્દ્રિયોથી થતું ઘ્રાણજાદિ પ્રત્યક્ષ છ પ્રકારે છે.

પ્રત્યક્ષ, અનુમિતિ, ઉપમિતિ, શાબ્દબોધ એ પ્રમા છે. પ્રમાના કરણને 'પ્રમાણ' કહેવાય. એટલે –

પ્રત્યક્ષનું કરણ પ્રત્યક્ષ પ્રમાણ ઈન્દ્રિય છે.

અનુમિતિનું કરણ અનુમાન પ્રમાણ વ્યાપ્તિજ્ઞાન છે.

ઉપમિતિનું કરણ ઉપમાન પ્રમાણ સાદશ્યજ્ઞાન છે.

શાબ્દબોધનું કરણ શબ્દ પ્રમાણ પદજ્ઞાન છે.

**ટિપ્પણ :** અનુભવના અંગે દાર્શનિકોમાં જુદી જુદી માન્યતાઓ છે :

(૧) ચાર્વાક પ્રત્યક્ષ એક જ પ્રમાણ માને છે.

(૨) કણાદ (વૈશેષિક) અને બૌદ્ધ પ્રત્યક્ષ અને અનુમાન એમ બે જ પ્રમાણ માને છે.

(૩) અન્યતાર્કિક (સાંખ્ય-યોગ) પ્રત્યક્ષ, અનુમાન અને ઉપમાન એમ ત્રણ જ પ્રમાણ માને છે.

(૪) ગૌતમ (નૈયાયિક) ઉપરોક્ત ત્રણ + શબ્દ = ચાર જ પ્રમાણ માને છે.

(૫) પ્રભાકર (મીમાંસક) ચાર + અર્થાપત્તિ = પાંચ પ્રમાણ માને છે.

(૬) કુમારિલ ભટ્ટ (મીમાંસક તથા વેદાન્તી) પાંચ + અનુપલબ્ધિ = છ પ્રમાણ માને છે.

(૭) પૌરાણિક છ + સંભવ અને ઐતિહ્ય = આઠ પ્રમાણ માને છે.

આગળ ન્યાયસૂત્રનું પ્રત્યક્ષનું લક્ષણ આપ્યું છે. ન્યાયદર્શન અને તેની ઉપર રચાયેલા ભાષ્ય વગેરેના રચયિતાઓ આ પ્રમાણે છે :

(૧) ન્યાયદર્શન - ગૌતમ મુનિ.

(૨) ન્યાયભાષ્ય - વાત્સ્યાયન.

(૩) ન્યાયવાર્તિક - ઉદ્યોતકર.

(૪) ન્યાયતાત્પર્ય ટીકા - વાચસ્પતિમિશ્ર.

(૫) ન્યાયપરિશુદ્ધ - ઉદયનાચાર્ય.

(૬) મુક્તાવલિ (પ્રસ્તુત) - વિશ્વનાથ પંચાનન. (ન્યાયસૂત્ર ઉપર વૃત્તિરૂપે)

---

**कारिकावली : प्रत्यक्षमप्यनुमितिस्तथोपमितिशब्दजे ।**

---

**मुक्तावली : प्रत्यक्षेति इन्द्रियजन्यं ज्ञानं प्रत्यक्षम् । यद्यपि मनोरूपेन्द्रियजन्यं सर्वमेव ज्ञानं, तथाऽपीन्द्रियत्वेन रूपेणेन्द्रियाणां यत्र ज्ञाने करणत्वं तत्प्रत्यक्षमिति विवक्षितम् ।**

---

**મુક્તાવલી :** ઈન્દ્રિયથી ઉત્પન્ન થતું જ્ઞાન એ પ્રત્યક્ષ કહેવાય છે.

**પ્રશ્ન :** અનુમિત્યાદિ જ્ઞાન પણ હવે તો પ્રત્યક્ષાત્મક બની જવાની આપત્તિ આવશે, કેમકે તે અનુમિત્યાદિ જ્ઞાન પણ મનરૂપી ઈન્દ્રિયથી જ ઉત્પન્ન થાય છે, કેમકે જ્ઞાનાવચ્છિન્નજ્ઞાન એ આત્મમનઃસંયોગ વિના તો આત્મામાં ઉત્પન્ન થઈ શકે જ નહિ. એટલે અનુમિત્યાદિ જ્ઞાનમાં પણ મનસ્વરૂપ ઈન્દ્રિય કારણ બને જ છે તેથી તે પણ ઈન્દ્રિયજન્ય જ્ઞાન બની જ જાય છે.

**નૈયાયિક :** તમારી વાત બરોબર છે. એટલે હવે અમે એમ કહીશું કે ઈન્દ્રિયત્વેન

રૂપેણ ઈન્દ્રિય જે જ્ઞાન પ્રત્યે કારણ બને તે જ્ઞાન જ પ્રત્યક્ષ કહેવાય. હવે અનુમિત્યાદિ જ્ઞાન પ્રત્યક્ષ બનવાની આપત્તિ નહિ આવે, કેમકે તે બધા પ્રતિ જે મનરૂપી ઈન્દ્રિય કારણ બને છે તે **इन्द्रियत्वेन रूपेण** નહિ કિન્તુ **मनस्त्वेन रूपेण** કારણ બને છે. મનમાં ઈન્દ્રિયત્વ અને મનસ્ત્વ એમ બે ધર્મો રહે છે. ત્યાં જ્ઞાનત્વાવચ્છિન્ન (બધા) જ્ઞાન પ્રત્યે મન એ **मनस्त्वेन रूपेण** કારણ છે. પ્રત્યક્ષ પ્રમા પ્રત્યે જ તે મન **इन्द्रियत्वेन रूपेण** કારણ છે. એટલે **इन्द्रियत्वावच्छिन्नजनकतानिरूपितजन्यतावज्ज्ञानं प्रत्यक्षम्** એવું પ્રત્યક્ષનું લક્ષણ કરવાથી અનુમિત્યાદિ જ્ઞાનોમાં આ લક્ષણની અતિવ્યાપ્તિ આવશે નહિ.

---

**मुक्तावली : ईश्वरप्रत्यक्षं तु न लक्ष्यम् । 'इन्द्रियार्थसन्निकर्षोत्पन्नं ज्ञानमव्यपदेश्यमव्यभिचारि व्यवसायात्मकं प्रत्यक्षमि'ति सूत्रे तथैवोक्तत्वात् ।**

---

**મુક્તાવલી : પ્રશ્ન :** ઈશ્વરીય જ્ઞાન તો પ્રત્યક્ષાત્મક જ છે. તેમાં પ્રત્યક્ષનું આ લક્ષણ અવ્યાપ્ત થશે, કેમકે તેનું તો નિત્યજ્ઞાન છે. તે ઈન્દ્રિયજન્ય શી રીતે હોઈ શકે ?

**ઉત્તર :** અમારૂં લક્ષ્ય અનિત્ય જ્ઞાન જ છે. ઈશ્વરીય જ્ઞાન આ લક્ષણનું લક્ષ્ય જ નથી, એટલે ત્યાં લક્ષણ ન જાય તો તેથી અવ્યાપ્તિ દોષ ન આવે. અમારી આ વાત તદ્દન બરાબર છે, કેમકે ન્યાયસૂત્રમાં પ્રત્યક્ષનું જે લક્ષણ કર્યું છે તે લક્ષણ પણ ઈશ્વરના જ્ઞાનને અલક્ષ્ય બનાવીને જ કર્યું છે. તે ન્યાયસૂત્ર આ પ્રમાણે છે :

**इन्द्रियार्थसन्निकर्षोत्पन्नं ज्ञानमव्यपदेश्यमव्यभिचारि व्यवसायात्मकं प्रत्यक्षम् ।**

---

**ટિપ્પણ :** મુક્તાવલીકારે **इन्द्रियजन्यं ज्ञानं प्रत्यक्षम्** એવું પ્રત્યક્ષનું લક્ષણ કર્યું, જ્યારે મહર્ષિ ગૌતમે **इन्द्रियार्थसन्निकर्षोत्पन्नं ज्ञानम्, अव्यपदेश्यम्, अव्यभिचारि, व्यवसायात्मकं प्रत्यक्षम्** એવું પ્રત્યક્ષનું લક્ષણ કર્યું છે. આ બે લક્ષણો વચ્ચેનો ભેદ આપણે સમજી લઈએ.

મુક્તાવલીકારે જ્ઞાનના જ બે ભેદ કર્યા : અનુભવ અને સ્મરણ. હવે જ્ઞાન તો ભ્રમાત્મક હોય અને પ્રમાત્મક પણ હોય. એટલે જો ઈન્દ્રિયજન્ય જ્ઞાન પ્રત્યક્ષ કહેવું હોય તો ઈન્દ્રિયજન્ય પ્રમાત્મક જ્ઞાન અને ઈન્દ્રિયજન્ય ભ્રમાત્મક જ્ઞાન પણ પ્રત્યક્ષ કહેવું જ પડે, અર્થાત્ હવે 'પ્રમાત્મક જ્ઞાન જ પ્રત્યક્ષ કહેવાય અને ભ્રમાત્મક જ્ઞાનને પ્રત્યક્ષ ન કહેવાય' એમ ન રહ્યું. જો ઈન્દ્રિયજન્ય ભ્રમાત્મક જ્ઞાનને પ્રત્યક્ષ ન કહેવું હોત તો મુક્તાવલીકાર '**भ्रमभिन्नम्**' એવો નિવેશ આ લક્ષણમાં કરી દેત. પણ તેમણે તેમ કર્યું

નથી એટલે એમ જ કહેવું રહ્યું કે તેમને ભ્રમ અને પ્રમા ઉભય જ્ઞાનને જ પ્રત્યક્ષાત્મક કહેવાની ઈચ્છા છે, માટે જ તેમણે આવું લક્ષણ કર્યું છે.

જ્યારે ન્યાયસૂત્રકાર પ્રમાત્મક પ્રત્યક્ષ(જ્ઞાન)નું લક્ષણ કરવા ઈચ્છે છે એટલે તેઓ એટલું જ કહી દે કે **इन्द्रियजन्यं ( इन्द्रियार्थसन्निकर्षोत्पन्नं ) ज्ञानं प्रत्यक्षम्** તો ન ચાલે. આથી જ તેમણે **अव्यभिचारि=भ्रमभिन्नम्** (વ્યભિચાર=અપ્રમા=ભ્રમ) એવો નિવેશ લક્ષણમાં કર્યો. એટલે 'ઈન્દ્રિય અને અર્થના સંનિકર્ષથી ઉત્પન્ન થયેલું ભ્રમભિન્ન જે જ્ઞાન તે પ્રત્યક્ષ કહેવાય' એવો અર્થ થયો.

હવે આ પ્રત્યક્ષ જ્ઞાનના નિર્વિકલ્પક અને સવિકલ્પક એમ બે ભેદ છે તેનો પણ તેમણે લક્ષણમાં જ સમાવેશ કરી લીધો છે. '**अव्यपदेश्यम्**' એટલે નિર્વિકલ્પ અને '**व्यवसायात्मकम्**' એટલે સવિકલ્પક.

હવે અહીં પ્રસંગતઃ પ્રમા (અવ્યભિચારી) અને ભ્રમનું (વ્યભિચારીનું) સ્વરૂપ સમજી લઈએ.

**तद्वत् विशेष्यकं तत्प्रकारकं ज्ञानं प्रमा ।** અથવા **तद्वति तत्प्रकारकं ज्ञानं प्रमा ।**

**तदभाववति तत्प्रकारकं ज्ञानं भ्रमः ।**

---

**मुक्तावली : अथवा ज्ञानाकरणकं ज्ञानं प्रत्यक्षम् । अनुमितौ व्याप्तिज्ञानस्य उपमितौ सादृश्यज्ञानस्य शाब्दबोधे पदज्ञानस्य स्मृतावनुभवस्य करणत्वात्तत्र तत्र नातिव्याप्तिः । इदं लक्षणमीश्वरप्रत्यक्षसाधारणम् ।**

---

**મુક્તાવલી : પ્રશ્ન :** ઈશ્વરીય જ્ઞાન પણ લક્ષ્ય બને તેવું જ પ્રત્યક્ષનું લક્ષણ ન બનાવી શકાય ?

**નૈયાયિક :** જરૂર બનાવી શકાય, '**ज्ञानाकरणकं ज्ञानं प्रत्यक्षम् ।**' જે જ્ઞાનમાં જ્ઞાન એ કરણ ન બને તે જ્ઞાન પ્રત્યક્ષ કહેવાય.. આપણું અનિત્ય જ્ઞાન ઈન્દ્રિયકરણક છે, એટલે તેમાં જ્ઞાન તો કરણ બનતું જ નથી. વળી ઈશ્વરનું નિત્ય જ્ઞાન પણ જેમ ઈન્દ્રિયકરણક નથી તેમ જ્ઞાનકરણક પણ નથી. માટે બે ય જ્ઞાનાકરણક જ્ઞાન છે માટે પ્રત્યક્ષરૂપ છે.

અનુમિત્યાદિ ત્રણ જ્ઞાનોમાં અનુક્રમે વ્યાપ્તિજ્ઞાન, સાદશ્યજ્ઞાન અને પદજ્ઞાન એમ જુદા જુદા જ્ઞાન જ કરણ છે માટે તે બધા યમાં આ લક્ષણની અતિવ્યાપ્તિ પણ નહિ થાય. વળી સ્મૃતિરૂપ જ્ઞાન પ્રત્યે પણ અનુભવજ્ઞાન કરણ છે, એટલે ત્યાં પણ લક્ષણની

અતિવ્યાપ્તિ થશે નહિ. આમ અવ્યાપ્તિ આદિ દોષથી નિર્દુષ્ટ પ્રત્યક્ષલક્ષણ ઈશ્વરપ્રત્યક્ષ-સાધારણ બની જાય છે.

---

**ટિપ્પણ :** પુરોવર્તી ઘટમાં **अयं घटः** એવું જે જ્ઞાન થાય છે તે પ્રમા છે, કેમકે આ **अयं घटः** જ્ઞાન **घटत्ववद्घटविशेष्यक** છે અને **घटत्वप्रकारक** છે. **घटत्व** (પ્રકાર), **घट** (વિશેષ્ય).

જે વસ્તુને જે રૂપે જોઈએ તે રૂપ જો તે વસ્તુમાં હોય તો તે વસ્તુનું જ્ઞાન પ્રમા કહેવાય. ઘટને ઘટત્વરૂપથી જોઈએ છીએ અને ઘટમાં તે ઘટત્વરૂપ છે જ, માટે **अयं घटः** એવું જ્ઞાન પ્રમા કહેવાય.

જો પુરોવર્તી વસ્તુને રજતત્વરૂપથી જોઈએ અને તે રજતત્વરૂપ પુરોવર્તી વસ્તુમાં હોય તો પુરોવર્તીમાં થતું **इदं रजतम्** એ જ્ઞાન પ્રમા કહેવાય. પણ પુરોવર્તીમાં તે રજતત્વરૂપ ન હોય અને આપણે તેને રજતત્વરૂપથી જોઈએ તો પુરોવર્તીમાં **इदं रजतम्** એવું થતું જ્ઞાન ભ્રમ કહેવાય, કેમકે આ રજતત્વાભાવવતિ રજતત્વપ્રકારક ( **तदभाववति तत्प्रकारकं** ) જ્ઞાન છે માટે ભ્રમરૂપ છે.

ટૂંકમાં એટલું જ કહેવાનું કે જે રૂપથી પુરોવર્તી વસ્તુને જોવામાં આવે તે રૂપ જો પુરોવર્તી વસ્તુમાં હોય તો તેનું જ્ઞાન 'પ્રમા' કહેવાય અને જો તે રૂપ પુરોવર્તી વસ્તુમાં ન હોય તો તેનું જ્ઞાન 'ભ્રમ' કહેવાય.

હવે આપણને થતાં જ્ઞાનમાં પ્રામાણ્ય છે કે અપ્રામાણ્ય છે એનો નિર્ણય સંવાદી-વિસંવાદી પ્રવૃત્તિ ઉપરથી થાય, અર્થાત્ જે જ્ઞાન થયા પછી સંવાદી પ્રવૃત્તિ થાય તે જ્ઞાનમાં પ્રામાણ્ય કહેવાય અને જે જ્ઞાન થયા બાદ વિસંવાદી પ્રવૃત્તિ થાય તે જ્ઞાનમાં અપ્રામાણ્ય કહેવાય.

**संवादिप्रवृत्तिजनकं ज्ञानं प्रमा ।**

**विसंवादिप्रवृत्तिजनकं ज्ञानम् अप्रमा ।**

જ્ઞાન રજતત્વેન રૂપેણ રજતનું કર્યું. પછી રજતને હાથમાં લેવાની પ્રવૃત્તિ કરી. એ વખતે જો તે ચાંદી જ હોય તો તે જ્ઞાન પ્રમા કહેવાય અને જો શુક્તિ હોય તો તે જ્ઞાન ભ્રમાત્મક કહેવાય. જ્ઞાનનો પ્રવૃત્તિ સાથે સંવાદ એટલે જ્ઞાન '**यद्धर्मावच्छिन्न**' નું કર્યું અને પ્રવૃત્તિ કરતાં પણ '**तद्धर्मावच्छिन्न**' વસ્તુ હાથમાં આવે તો તે સંવાદ કહેવાય. જો તેમ ન થાય તો વિસંવાદ કહેવાય. રજતત્વધર્માવચ્છિન્ન '**इदं रजतम्**' જ્ઞાન કર્યું. પછી

તેને હાથમાં લેવાની પ્રવૃત્તિ કરતાં જો રજતત્વાવચ્છિન્ન રજત જ હાથમાં આવે તો તે જ્ઞાનમાં પ્રામાણ્ય કહેવાય, અને જો રજતત્વાનવચ્છિન્ન શુક્તિ હાથમાં આવે તો તે **इदं रजतम्** જ્ઞાનમાં અપ્રામાણ્ય કહેવાય. આના અંગેનો વિસ્તાર ગુણનિરૂપણમાં આપણને જોવા મળશે.

---

**मुक्तावली : परामर्शजन्यं ज्ञानमनुमितिः । यद्यपि परामर्शप्रत्यक्षादिकं परामर्शजन्यं तथापि परामर्शजन्यं हेत्वविषयकं ज्ञानमनुमितिः । न च कादाचित्कहेतुविषयकानुमितावव्याप्तिरिति वाच्यम्, तादृशज्ञानवृत्त्यनुभवत्वव्याप्यजातिमत्त्वस्य विवक्षितत्वात् ।**

---

**મુક્તાવલી : परामर्शजन्यं ज्ञानमनुमितिः ।** જે જ્ઞાન પરામર્શથી ઉત્પન્ન થયેલું હોય તે જ્ઞાન અનુમિતિ કહેવાય. પ્રત્યક્ષાદિ જ્ઞાનો ઈન્દ્રિયાદિથી ઉત્પન્ન થયેલા છે, પરામર્શથી ઉત્પન્ન થતાં નથી માટે તેમાં અનુમિતિના આ લક્ષણની અતિવ્યાપ્તિ નહિ આવે.

**પ્રશ્ન :** પરામર્શથી ઉત્પન્ન થતું જ્ઞાન જો અનુમિતિ કહેવાય તો તો પરામર્શથી જે પ્રત્યક્ષ ઉત્પન્ન થાય છે તેમાં પણ અનુમિતિત્વ આવી જશે, અર્થાત્ અનુમિતિના આ લક્ષણની ત્યાં અતિવ્યાપ્તિ થશે.

**वह्निव्याप्यधूमवान् पर्वतः** આવું પરામર્શાત્મક જ્ઞાન થયા પછી 'તેવા જ્ઞાનવાળો હું છું' એવું અનુવ્યવસાયાત્મક જ્ઞાન થયું. જેમ ઘટના પ્રત્યક્ષમાં વિષયવિધયા ઘટ કારણ છે તેમ પરામર્શ પ્રત્યક્ષમાં (અનુવ્યવસાયમાં) વિષયવિધયા પરામર્શ પણ કારણ છે જ, અર્થાત્ **'परामर्शं जानामि' ( परामर्शज्ञानवानहम् )** એવા અનુવ્યવસાયાત્મક પ્રત્યક્ષનું જનક પરામર્શ બન્યો. આમ આ અનુવ્યવસાયાત્મક પ્રત્યક્ષ જ્ઞાન પણ પરામર્શજન્ય બન્યું. એટલે **परामर्शजन्यज्ञानम् अनुमितिः** એ લક્ષણની અહીં અતિવ્યાપ્તિ થઈ.

**નૈયાયિક :** સારું, તો હવે અમે આ રીતે લક્ષણ કરીશું : **परामर्शजन्यं हेत्वविषयकं ज्ञानमनुमितिः ।** અર્થાત્ તે જ્ઞાન અનુમિતિ કહેવાય કે જે પરામર્શથી ઉત્પન્ન થયું હોય અને જે જ્ઞાનમાં હેતુ વિષય ન બનતો હોય.

હવે **वह्निव्याप्यधूमवान् पर्वतः** એવા પરામર્શથી **पर्वतो वह्निमान्** એવું જે જ્ઞાન થાય છે તે જરૂર અનુમિતિરૂપ જ્ઞાન કહેવાશે, કેમકે આ જ્ઞાનમાં પર્વત અને વહ્નિ-બે જ વિષય બન્યા છે પણ ધૂમ-હેતુ વિષય નથી બન્યો, જ્યારે **वह्निव्याप्यधूमवान् पर्वतः** એવા

પરામર્શથી **वह्निव्याप्यधूमवान् पर्वत इत्याकारकज्ञानवानहम्** એવું જે અનુવ્યવસાયાત્મક જ્ઞાન થાય છે તે જ્ઞાનમાં તો વહ્નિ અને પર્વત વિષય બન્યા છે તેમ ધૂમ-હેતુ પણ વિષય બનેલો છે. એટલે આ જ્ઞાન પરામર્શજન્ય હોવા છતાં હેત્વવિષયક નથી કિન્તુ હેતુવિષયક છે, માટે આ જ્ઞાનમાં અનુમિતિનું લક્ષણ જશે જ નહિ.

**પ્રશ્ન** : કેટલીક વાર **वह्निव्याप्यधूमवान् पर्वतः** એવો પરામર્શ થયા પછી **पर्वतो वह्निमान्** એટલું જ જ્ઞાન થવાને બદલે **धूमवान् पर्वतो वह्निमान्** એવું પણ જ્ઞાન થાય છે. હવે આ જ્ઞાનને પણ અનુમિતિ-જ્ઞાન જ કહેવાય છે. અને તમારું અનુમિતિનું લક્ષણ તો અહીં અવ્યાપ્ત થાય છે, કેમકે આ જ્ઞાન પરામર્શજન્ય તો છે જ, પણ હેતુ અવિષયક નથી, કેમકે **धूमवान् पर्वतो वह्निमान्** જ્ઞાનમાં હેતુ ધૂમ પણ વિષય બનેલો જ છે. એટલે અહીં તો '**परामर्शजन्यं हेत्वविषयकं ज्ञानम् अनुमितिः ।**' એ લક્ષણની અવ્યાપ્તિ જ થશે.

**નૈયાયિક** : તો આ અવ્યાપ્તિ દૂર કરવા અમે એમ કહીશું કે જે જ્ઞાન પરામર્શજન્ય હોય અને હેત્વવિષયક હોય તેવા **पर्वतो वह्निमान्** જ્ઞાનમાં રહેનારી અનુભવત્વવ્યાપ્ય જે જાતિ, તે જાતિવાળા જે જ્ઞાન તે બધા અનુમિતિ સ્વરૂપ કહેવાય.

અનુભવ ચાર પ્રકારના છે માટે અનુભવત્વની વ્યાપ્યજાતિ પ્રત્યક્ષત્વ, અનુમિતિત્વ, ઉપમિતિત્વ અને શબ્દત્વ છે. હવે પરામર્શજન્ય-હેત્વવિષયક **पर्वतो वह्निमान्** જ્ઞાનમાં તો અનુભવત્વવ્યાપ્ય જાતિ તો અનુમિતિત્વ જાતિ જ મળે. આ જાતિવાળું **धूमवान् पर्वतो वह्निमान्** જ્ઞાન પણ છે જ.

એટલે હવે અનુમિતિનું લક્ષણ આ થયું : **परामर्शजन्यहेत्वविषयकज्ञानवृत्ति-अनुभवत्वव्याप्यजातिमत्त्वं अनुमितित्वम् ।**

અનુમિતિનું આ લક્ષણ ઘણું ગુરુભૂત છે માટે એ અસ્વરસને લીધે હવે મુક્તાવલિકાર લઘુલક્ષણ બનાવે છે.

---


**ટિપ્પણ : व्याप्तिविशिष्टपक्षधर्मताज्ञानं परामर्शः** હેતુમાં બે વસ્તુ રહે છે :

(૧) સાધ્યની વ્યાપ્તિ.

(૨) પક્ષધર્મતા.

**वह्निमान् धूमात्** સ્થળે **यत्र धूमः तत्र वह्निः** એવી વ્યાપ્તિ મળે છે, એટલે વહ્નિ એ વ્યાપક છે, ધૂમ એ વ્યાપ્ય છે. ધૂમમાં વ્યાપ્યતા છે. આ વ્યાપ્યતા એ જ વ્યાપ્તિ કહેવાય. ધૂમમાં જે વ્યાપ્યતા (વ્યાપ્તિ) છે તે વહ્નિના (વ્યાપકના) હિસાબે છે માટે વહ્નિનિરૂપિત-

વ્યાપ્તિ ધૂમમાં કહેવાય, અર્થાત્ ધૂમમાં વહ્નિની વ્યાપ્તિ કહેવાય.




વળી ધૂમ એ પક્ષ=પર્વતમાં રહેનાર ધર્મ છે માટે ધૂમમાં પક્ષધર્મતા પણ છે. એટલે આ વ્યાપ્તિવિશિષ્ટ પક્ષધર્મતાનું જે જ્ઞાન તે પરામર્શ કહેવાય. જ્યારે આવું જ્ઞાન થાય, અર્થાત્ 'જ્યાં ધૂમ ત્યાં વહ્નિ છે અને ધૂમ પર્વતમાં છે' એ બે જ્ઞાન થાય ત્યારે તરત જ એમ થાય કે તો પછી પર્વત વહ્નિમાન્ છે. આમ પરામર્શથી ઉત્પન્ન થતું જ્ઞાન અનુમિતિ કહેવાય.

---

**मुक्तावली : अथवा व्याप्तिज्ञानकरणकं ज्ञानमनुमितिः । एवं सादृश्यज्ञानकरणकं ज्ञानमुपमितिः । पदज्ञानकरणकं ज्ञानं शाब्दबोधः ।**

---

**મુક્તાવલી : व्याप्तिज्ञानकरणकं ज्ञानमनुमितिः ।**

એ જ રીતે ઉપમિતિ આદિના લક્ષણો પણ જણાવે છે કે,

**सादृश्यज्ञानकरणकं ज्ञानम् उपमितिः ।**

**पदज्ञानकरणकं ज्ञानं शाब्दबोधः ।**

---

**मुक्तावली : वस्तुतस्तु यां काञ्चिदनुमितिव्यक्तिमादाय तद्व्यक्तिवृत्ति-प्रत्यक्षावृत्तिजातिमत्त्वमनुमितित्वम् । एवं यत्किञ्चित्प्रत्यक्षादिकमादाय तद्व्यक्तिवृत्त्यनुमित्यवृत्तिजातिमत्त्वं प्रत्यक्षत्वादिकं वाच्यमिति ।**

---

**મુક્તાવલી : પ્રશ્ન :** અનુમિતિ, ઉપમિતિ કે શાબ્દબોધ એ બધા જ્ઞાન છે. તેમના પ્રત્યે જ્ઞાનત્વેન જ્ઞાન જ કારણ છે અને મનસ્ત્વેન મન જ કારણ છે. અનુમિતિ પ્રત્યે તમે વ્યાપ્તિજ્ઞાનત્વેન જ્ઞાનને, ઉપમિતિ પ્રત્યે સાદશ્યજ્ઞાનત્વેન જ્ઞાનને, શાબ્દબોધ પ્રત્યે પદજ્ઞાનત્વેન જ્ઞાનને કારણ કહ્યા તે બિલકુલ બરોબર નથી. અનુમિતિ આદિ ત્રણેય જ્ઞાનો પ્રત્યે જ્ઞાનત્વેન જ્ઞાન અને મનસ્ત્વેન મન કારણ છે એટલું જ કહેવું બરોબર છે.

**નૈયાયિક :** જો જ્ઞાનત્વેન જ્ઞાન જ અનુમિત્યાદિ જ્ઞાનો પ્રત્યે કારણ હોય તો વ્યાપ્તિજ્ઞાનથી ઉપમિતિ જ્ઞાન કે શાબ્દ જ્ઞાન કેમ થતું નથી ? તમારે તો થવું જોઈએ, કેમકે તમારે તો ઉપમિતિ જ્ઞાન પ્રત્યે જ્ઞાનત્વેન જ્ઞાનને જ કારણ કહેવું છે. તો જ્ઞાન તો અહીં હાજર જ છે.

આનું સમાધાન એ જ થાય કે વ્યાપ્તિજ્ઞાનથી ઉપમિતિ જ્ઞાન ન જ થાય, કેમકે ઉપમિતિ જ્ઞાન પ્રત્યે જ્ઞાનત્વેન જ્ઞાન માત્ર કારણ નથી કિન્તુ સાદૃશ્યજ્ઞાનત્વેન જ્ઞાન કારણ છે. એ જ રીતે સાદૃશ્યજ્ઞાનથી અનુમિતિ જ્ઞાન ન થાય, કેમકે અનુમિતિ જ્ઞાન પ્રત્યે જ્ઞાનત્વેન કોઈપણ જ્ઞાન કારણ નથી કિન્તુ વ્યાપ્તિજ્ઞાનત્વેન વ્યાપ્તિજ્ઞાન જ કારણ છે. આમ કહ્યા સિવાય તમારો નિસ્તાર નથી.

**પૂર્વપક્ષ :** ના, જ્ઞાનત્વેન જ્ઞાનને જ અનુમિત્યાદિ ત્રણેય જ્ઞાન પ્રત્યે કારણ કહેવા છતાં કશી આપત્તિ નથી. તે આ પ્રમાણે : વ્યાપ્તિજ્ઞાનથી ઉપમિતિ જ્ઞાન કેમ ન થાય એ તમારો પ્રશ્ન છે. તેનો જવાબ એ છે કે અહીં જ્ઞાનત્વેન જ્ઞાન હાજર હોવા છતાં ઉપમિતિ જ્ઞાન માટે જરૂરી બીજી સામગ્રીઓ હાજર નથી માટે ઉપમિતિ જ્ઞાન ન થાય. એટલે હવે નક્કી થયું કે જ્ઞાનત્વેન જ્ઞાન અને મનસ્ત્વેન મન જ અનુમિત્યાદિ જ્ઞાનોના કારણ છે. માટે તમે '**व्याप्तिज्ञानकरणकं ज्ञानम् अनुमितिः ।**' ઇત્યાદિ જે લક્ષણો કર્યા તે અસંભવ દોષદુષ્ટ છે, કેમકે અનુમિત્યાદિ એ જ્ઞાનત્વેન જ્ઞાનકરણક છે, વ્યાપ્તિજ્ઞાનત્વેન વ્યાપ્તિજ્ઞાનકરણક છે જ નહિ.

**नैयायिक :** તો મૂકો હવે બધી પંચાત. પ્રત્યક્ષાદિ ચારેયના તદ્દન નવા સીધાસાદા લક્ષણ બનાવી દઈશું. **पर्वतो वह्निमान्** એવી એક અનુમિતિવ્યક્તિ લો અને તેમાં રહેનારી અને પ્રત્યક્ષમાં ન રહેનારી એવી જાતિ કહો. આ અનુમિતિવ્યક્તિમાં અનુભવત્વ અને અનુમિતિત્વ એ બે જાતિ રહે છે. એમાંથી અનુભવત્વ જાતિ તો પ્રત્યક્ષમાં પણ રહે છે, એટલે પ્રત્યક્ષમાં ન રહેનારી એવી જાતિ તો અનુમિતિત્વ જ બને. એ જાતિવાળા બીજા બધા જ્ઞાનો અનુમિતિ જ્ઞાન કહેવાય. એટલે લક્ષણ આવું થયું કે: **अनुमितिव्यक्तिवृत्तिप्रत्यक्षावृत्तिजातिमत्त्वं अनुमितित्वम् ।**

એ જ રીતે પ્રત્યક્ષનું લક્ષણ આ રીતે બનાવી દેવું કે એક કોઈ **अयं घटः** એવું પ્રત્યક્ષ લો. એમાં રહેનારી અને અનુમિતિમાં ન રહેનારી એવી જાતિ પકડો. ઉપર કહ્યું તેમ પ્રત્યક્ષમાં રહેનારી તો બે જાતિ છે : પ્રત્યક્ષત્વ અને અનુભવત્વ. એમાંથી અનુમિતિમાં ન રહેનારી તો પ્રત્યક્ષત્વ જાતિ જ છે. આ પ્રત્યક્ષત્વ જાતિવાળા બધા જ્ઞાન પ્રત્યક્ષ કહેવાય. પ્રત્યક્ષનું લક્ષણ આ પ્રમાણે : **प्रत्यक्षव्यक्तिवृत्ति-अनुमित्यवृत्तिजातिमत्त्वम् प्रत्यक्षत्वम् ।**

આ રીતે શાબ્દબોધ અને ઉપમિતિનું પણ લક્ષણ કરી લેવું.

कारिकावली : घ्राणजादिप्रभेदेन प्रत्यक्षं षड्विधं मतम् ॥५२॥

मुक्तावली : जन्यप्रत्यक्षं विभजते - घ्राणजादीति । घ्राणजं रासनं चाक्षुषं स्पार्शनं श्रोत्रं मानसमिति षड्विधं प्रत्यक्षम् । न चेश्वरप्रत्यक्षस्याविभजनान्न्यूनत्वं, जन्यप्रत्यक्षस्यैव निरूपणीयत्वादुक्तसूत्रानुसारात् ॥

**મુક્તાવલી :** હવે મુક્તાવલીકાર પ્રત્યક્ષનિરૂપણ વિસ્તારથી કરે છે.

પ્રત્યક્ષ બે જાતના છે : (૧) લૌકિકસંનિકર્ષજન્ય, (૨) અલૌકિકસંનિકર્ષજન્ય.

લૌકિકસંનિકર્ષજન્ય પ્રત્યક્ષ ઘ્રાણજાદિ ભેદથી છ પ્રકારનું છે, જયારે અલૌકિકસંનિકર્ષજન્ય પ્રત્યક્ષ ત્રણ પ્રકારનું છે.

**લૌકિકસંનિકર્ષજન્ય ષડ્વિધ પ્રત્યક્ષ :**

૧. ઘ્રાણેન્દ્રિયથી થતું પ્રત્યક્ષ ઘ્રાણજ પ્રત્યક્ષ કહેવાય.

૨. રસનેન્દ્રિયથી થતું પ્રત્યક્ષ રાસન પ્રત્યક્ષ કહેવાય.

૩. ચક્ષુરિન્દ્રિયથી થતું પ્રત્યક્ષ ચાક્ષુષ પ્રત્યક્ષ કહેવાય.

૪. સ્પર્શેન્દ્રિયથી થતું પ્રત્યક્ષ સ્પાર્શન પ્રત્યક્ષ કહેવાય.

૫. શ્રોત્રેન્દ્રિયથી થતું પ્રત્યક્ષ શ્રૌત્ર પ્રત્યક્ષ કહેવાય.

૬. મન ઇન્દ્રિયથી થતું પ્રત્યક્ષ માનસ પ્રત્યક્ષ કહેવાય.

**પ્રશ્ન :** આ ૬ પ્રકારના જ પ્રત્યક્ષ કેમ કહ્યા ? ઈશ્વરનું નિત્ય પ્રમાત્મક પ્રત્યક્ષ આ ૬માં ક્યાંય સમાય નહિ, એટલે તેને સાતમા પ્રકારનું પ્રત્યક્ષ કહેવું જોઈએ ને ?

**ઉત્તર :** અહીં અનિત્ય પ્રત્યક્ષ જ અમારૂં લક્ષ્ય છે. એટલે અનિત્ય પ્રત્યક્ષનું જ અમે વિભાજન કર્યું છે. માટે અમારા આ નિરૂપણમાં કશી ન્યૂનતા નથી. ગૌતમીય પ્રત્યક્ષસૂત્રમાં પણ જન્ય પ્રત્યક્ષને જ લક્ષ્ય કરવામાં આવ્યું છે એ વાત પૂર્વે કહેવાઈ ગઈ છે.

कारिकावली : घ्राणस्य गोचरो गन्धो गन्धत्वादिरपि स्मृतः ।
तथा रसो रसज्ञायाः तथा शब्दोऽपि च श्रुतेः ॥५३॥

मुक्तावली : गोचर इति । ग्राह्य इत्यर्थः । गन्धत्वादिरिति । आदिपदात्

सुरभित्वादिपरिग्रहः । गन्धस्य प्रत्यक्षत्वात् तद्वृत्तिजातिरपि प्रत्यक्षा, गन्धाश्रयग्रहणे तु घ्राणस्यासामर्थ्यमिति बोध्यम् । तथा रस इति । रसत्वादिसहित इत्यर्थः । तथा शब्दोऽपि शब्दत्वादिसहितः । गन्धो रसश्चोद्भूतो बोध्यः ॥

---

**मुक्तावली :** હવે કઈ ઈન્દ્રિયથી કોનું કોનું પ્રત્યક્ષ થાય ? અર્થાત્ કઈ ઈન્દ્રિયનો કોણ વિષય (ગોચર) બને છે ? અર્થાત્ કઈ ઈન્દ્રિયથી કોણ ગ્રાહ્ય (પ્રત્યક્ષવિષય) બને છે ? તે જોઈએ.

**(૧) ઘ્રાણેન્દ્રિય : વિષય :** સુરભિત્વ, અસુરભિત્વ, ગન્ધ, ગન્ધત્વ, (આદિથી) ગન્ધાભાવ, ગન્ધત્વાભાવ.

**જે ઈન્દ્રિય જેનું પ્રત્યક્ષ કરે તેની જાતિનું અને તેના અભાવનું પણ તે જ ઈન્દ્રિય પ્રત્યક્ષ કરે** એવો નિયમ છે. આ ઘ્રાણેન્દ્રિય ગન્ધનું અને તે પણ ગન્ધત્વસહિત ગન્ધનું જ પ્રત્યક્ષ કરે છે, પ્રત્યક્ષ કરી શકવા સમર્થ છે. ગન્ધાશ્રય પુષ્પાદિનું પ્રત્યક્ષ કરવામાં તેનું સામર્થ્ય નથી. **गन्धाश्रयस्य पृथ्वीरूपद्रव्यस्य ग्रहणे घ्राणस्य सामर्थ्यं नास्ति ।**

**(૨) રસનેન્દ્રિય : વિષય :** રસ, રસત્વ, (આદિથી) મધુરત્વ, તિક્તત્વ, કટુત્વાદિ; રસાભાવ, રસત્વાદ્યભાવ.

રસનેન્દ્રિય રસત્વસહિત રસનું પ્રત્યક્ષ કરે છે. આમ દરેક ઈન્દ્રિય જેનું પ્રત્યક્ષ કરે છે તે તેની જાતિ સહિત એવા જ તેનું પ્રત્યક્ષ કરે એમ સમજવું.

**(૩) શ્રોત્રેન્દ્રિય : વિષય :** શબ્દ, શબ્દત્વ, (આદિથી) કવત્ત્વ, ખવત્ત્વાદિ, શબ્દાભાવ, શબ્દત્વાભાવ.

ઘ્રાણેન્દ્રિય અને રસનેન્દ્રિય જે ગન્ધ અને રસનું ગ્રહણ કરે તે ઉદ્ભૂત જ હોવા જોઈએ, કેમકે અનુદ્ભૂત ગન્ધાદિનું ગ્રહણ થઈ શકતું નથી.

---

**कारिकावली :** उद्भूतरूपं नयनस्य गोचरो द्रव्याणि तद्वन्ति पृथक्त्वसंख्ये ।
विभागसंयोगपरापरत्वस्नेहद्रवत्वं परिमाणयुक्तम् ॥५४॥
क्रिया जातिर्योग्यवृत्तिः समवायश्च तादृशः ।
गृह्णाति चक्षुः सम्बन्धादालोकोद्भूतरूपयोः ॥५५॥

---

**मुक्तावली : उद्भूतरूपमिति । ग्रीष्मोष्मादावनुद्भूतरूपमिति न तत्प्रत्यक्षम् । तद्वन्ति=उद्भूतरूपवन्ति । योग्येति । पृथक्त्वादिकमपि योग्यव्यक्तिवृत्तितया बोध्यम् । तादृशः=योग्यव्यक्तिवृत्तिरित्यर्थः । चक्षुर्योग्यत्वमेव कथं तदाह - गृह्णातीति । आलोकसंयोग उद्भूतरूपं च चाक्षुषप्रत्यक्षे कारणम् ।**

---

**મુક્તાવલી : (૪) ચક્ષુરિન્દ્રિય : વિષય :** (૧) ઉદ્‌ભૂત રૂપ, રૂપત્વ, રૂપાભાવ, રૂપત્વાભાવ (૨) ઉદ્‌ભૂત રૂપવાળા દ્રવ્યો (પૃથ્વી, જલ, તેજ) (૩) પૃથક્ત્વ, સંખ્યા, વિભાગ, સંયોગ, પરત્વ, અપરત્વ, સ્નેહ, દ્રવત્વ, પરિમાણ, ક્રિયા, સમવાય તથા આ બધામાં રહેતી પૃથક્ત્વાદિ જાતિઓ, પૃથક્ત્વાદિના અભાવ.

આ બધાનું ચક્ષુરિન્દ્રિયથી ત્યારે જ પ્રત્યક્ષ થાય જ્યારે એ બધા એવા અધિકરણમાં રહેતા હોય કે જે અધિકરણનું ચક્ષુથી પ્રત્યક્ષ થઈ શકતું હોય. ઘટાદિમાં આ બધા હોય તો જરૂર એમનું પ્રત્યક્ષ થાય, કેમકે ઘટસ્વરૂપ અધિકરણનું ચાક્ષુષ પ્રત્યક્ષ થઈ શકે છે. પણ પરમાણુમાં રહેલા પૃથક્ત્વાદિનું પ્રત્યક્ષ ન થાય, કેમકે ચક્ષુથી પરમાણુનું પ્રત્યક્ષ થઈ શકતું નથી. ટૂંકમાં, યોગ્ય (ચક્ષુ પ્રત્યક્ષ યોગ્ય)માં વૃત્તિ એવા પૃથક્ત્વાદિનું ચક્ષુથી પ્રત્યક્ષ થાય.

**પ્રશ્ન :** ઘટ એ યોગ્ય વ્યક્તિ હોવા છતાં અંધકારમાં ઘટમાં રહેલા રૂપાદિનું ચક્ષુથી ક્યાં પ્રત્યક્ષ થાય છે ? તમે તો કહો છો કે યોગ્યમાં રહેલા રૂપાદિનું ચક્ષુથી પ્રત્યક્ષ થાય ?

**ઉત્તર :** તો એટલું ઉમેરો કે વ્યક્તિ યોગ્ય હોય અને જેનું પ્રત્યક્ષ કરવું હોય ત્યાં આલોકસંયોગ હોય તો જ તેનું ચક્ષુથી પ્રત્યક્ષ થાય.

**પ્રશ્ન :** સારું, તો ગ્રીષ્મોષ્માનું તથા તેના પૃથક્ત્વાદિનું ચક્ષુથી પ્રત્યક્ષ કેમ થતું નથી ? ત્યાં આલોકસંયોગ તો છે જ.

**ઉત્તર :** તો વળી એટલું ઉમેરો કે જેનું ચક્ષુથી પ્રત્યક્ષ કરવું હોય ત્યાં આલોકસંયોગ અને ઉદ્‌ભૂતરૂપ બે ય હોવા જોઈએ. ગ્રીષ્મોષ્મામાં ઉદ્‌ભૂતરૂપ નથી માટે તેનું ચાક્ષુષ પ્રત્યક્ષ ન થાય.

આમ હવે એ નિયમ થયો કે ચક્ષુથી તેનું જ પ્રત્યક્ષ થઈ શકે જે વસ્તુ :

(૧) યોગ્ય (ઘટ) હોય અથવા યોગ્યવૃત્તિ (પૃથક્ત્વાદિ) હોય.

(૨) સાક્ષાત્ કે પરંપરા સંબંધથી આલોકસંયોગવાળી હોય અને

(૩) ઉદ્ભૂતરૂપવાળી હોય.

● પરમાણુ અને પરમાણુગત પૃથક્ત્વને આલોકસંયોગ અને ઉદ્ભૂતરૂપ હોવા છતાં તે બે અનુક્રમે યોગ્ય અને યોગ્યવૃત્તિ નથી માટે તેમનું ચાક્ષુષપ્રત્યક્ષ થતું નથી.

● અંધકારસ્થ ઘટ યોગ્ય અને ઉદ્ભૂતરૂપવાળો હોવા છતાં આલોકસંયોગવાળો ન હોવાથી તેનું ચાક્ષુષપ્રત્યક્ષ થતું નથી.

● ગ્રીષ્મોષ્માદિ યોગ્ય અને આલોકસંયોગવાળા હોવા છતાં તેમાં ઉદ્ભૂતરૂપ નથી માટે તેનું ચાક્ષુષપ્રત્યક્ષ થતું નથી.

---

**मुक्तावली : तत्र द्रव्यचाक्षुषं प्रति तयोः समवायसम्बन्धेन कारणत्वम् । द्रव्यसमवेतरूपादिप्रत्यक्षे स्वाश्रयसमवायसम्बन्धेन, द्रव्यसमवेतसमवेतस्य रूपत्वादेः प्रत्यक्षे स्वाश्रयसमवेतसमवायसम्बन्धेनेति ॥**

---

**મુક્તાવલી** : હવે ક્યાં ક્યાં, કયા કયા સંબંધથી આલોકસંયોગાદિ કારણ બને છે ? તે જોઈએ, કેમકે કાર્ય-કારણભાવ ત્યારે જ જામે જ્યારે બે ય એકાધિકરણક હોય.

ઘટ-પટાદિ દ્રવ્યનું ચક્ષુથી પ્રત્યક્ષ થાય છે ત્યારે ઘટ-પટાદિ એ વિષય બને છે એટલે વિષયતા ઘટ-પટાદિમાં રહી. એટલે વિષયતાસંબંધથી ચાક્ષુષપ્રત્યક્ષાત્મક કાર્ય ઘટાદિમાં રહ્યું. ત્યાં જ આલોકસંયોગ અને ઉદ્ભૂતરૂપાત્મક ગુણો સમવાયસંબંધથી રહ્યા. એટલે એમ કહેવાય કે : **विषयतासम्बन्धेन द्रव्यविषयकप्रत्यक्षं कार्यं प्रति समवायसम्बन्धेन आलोकसंयोगोद्भूतरूपयोः कारणत्वम् ।**

હવે દ્રવ્યમાં રહેલા રૂપ-રસાદિનું ચક્ષુથી પ્રત્યક્ષ કાર્ય થાય ત્યારે ચક્ષુના વિષય રૂપ-રસાદિ બને એટલે રૂપાદિમાં વિષયતા રહી. એટલે વિષયતાસંબંધથી રૂપાદિમાં ચાક્ષુષ પ્રત્યક્ષાત્મક કાર્ય રહ્યું. ત્યાં આલોકસંયોગાદિ કારણ સ્વાશ્રયસમવાયસંબંધથી રહે. સ્વ = આલોકસંયોગાદિ, એનો આશ્રય ઘટાદિ દ્રવ્ય, એમાં રૂપ-રસાદિનો સમવાય છે. માટે એ સ્વાશ્રયસમવાયસંબંધથી સ્વ = આલોકસંયોગાદિ રૂપાદિમાં જાય. એટલે એમ કહેવાય કે : **विषयतासम्बन्धेन द्रव्यसमवेतरूपादिप्रत्यक्षकार्यं प्रति स्वाश्रयसमवाय-(स्वाश्रयसमवेतत्व) सम्बन्धेन आलोकसंयोगोद्भूतरूपयोः कारणत्वम् ।**

હવે દ્રવ્યમાં સમવેત જે રૂપાદિ, તેમાં સમવેત જે રૂપત્વાદિનું ચક્ષુથી પ્રત્યક્ષ કાર્ય થાય ત્યારે તે રૂપત્વાદિ ચક્ષુના વિષય બન્યા, માટે રૂપત્વાદિમાં વિષયતા રહી. માટે વિષયતાસંબંધથી રૂપત્વાદિ પ્રત્યક્ષ કાર્ય રૂપત્વમાં રહ્યું. હવે ત્યાં સ્વાશ્રયસમવેત-

સમવેતત્વ સંબંધથી આલોકસંયોગાદિ કારણો જાય. સ્વ=આલોકસંયોગાદિ, એનો આશ્રય ઘટાદિ, એમાં સમવેત રૂપાદિ, એમાં સમવેત રૂપત્વાદિ. એટલે એમ કહેવાય કે : **विषयतासम्बन्धेन द्रव्यसमवेतसमवेतप्रत्यक्षकार्यं प्रति स्वाश्रयसमवेतसमवेतत्वसम्बन्धेन आलोकसंयोगोद्भूतरूपयोः कारणत्वम् ।**

આ રીતે અન્યત્ર પણ પ્રત્યક્ષ કાર્ય અને આલોકસંયોગાદિ કારણને એકાધિકરણ બનાવીને તેમનો કાર્ય-કારણભાવ જમાવવો.

---

**कारिकावली : उद्भूतस्पर्शवद्द्रव्यं गोचरः सोऽपि च त्वचः ।**
**रूपान्यच्चक्षुषो योग्यं रूपमत्रापि कारणम् ॥५६॥**

---

**मुक्तावली : उद्भूतेति । उद्भूतस्पर्शवद्द्रव्यं त्वचो गोचरः । सोऽपि = उद्भूतस्पर्शोऽपि स्पर्शत्वादिसहितः । रूपान्यदिति । रूपभिन्नं रूपत्वादिभिन्नं च यच्चक्षुषो योग्यं तत् त्वगिन्द्रियस्यापि ग्राह्यम् । तथा च पृथक्त्वसङ्ख्यादयो ये चक्षुर्ग्राह्या गुणा उक्ताः, एवं क्रियाजातयो योग्यवृत्तयश्च, ते त्वचो ग्राह्या इत्यर्थः । अत्रापि = त्वगिन्द्रियजन्येऽपि द्रव्यप्रत्यक्षे रूपं कारणम् । तथा च बहिरिन्द्रियजन्यद्रव्यप्रत्यक्षे रूपं कारणम् ।**

---

**મુક્તાવલી : (૫) સ્પર્શનેન્દ્રિય : વિષય** : ઉદ્ભૂતસ્પર્શવાળું દ્રવ્ય, ઉદ્ભૂત સ્પર્શ, ઉદ્ભૂતસ્પર્શત્વ, ઉદ્ભૂતસ્પર્શાભાવાદિ. વળી ચક્ષુથી જેનું જેનું પ્રત્યક્ષ થઈ શકે છે તેમાંથી રૂપને છોડીને બાકીના બધા યોગ્યવૃત્તિ પૃથક્ત્વાદિનું સ્પર્શનેન્દ્રિયથી પણ પ્રત્યક્ષ થાય.

જેમ ચક્ષુરિન્દ્રિયજન્ય પ્રત્યક્ષ પ્રત્યે રૂપ કારણ છે તેમ ત્વગિન્દ્રિયજન્ય પ્રત્યક્ષ પ્રત્યે પણ રૂપ જ કારણ છે. આ બે જ બાહ્ય ઈન્દ્રિયથી દ્રવ્યનું પ્રત્યક્ષ થઈ શકે છે, માટે ટૂંકમાં એમ કહેવાય કે બહિરિન્દ્રિયજન્યદ્રવ્યપ્રત્યક્ષ પ્રત્યે રૂપ કારણ છે. આ બે ઈન્દ્રિયો પૃથ્વી, જલ, તેજ દ્રવ્યનું પ્રત્યક્ષ કરે છે. આ ત્રણેય પૃથિવ્યાદિ દ્રવ્યો રૂપવાન્ છે અને સ્પર્શવાન્ પણ છે. એટલે ચાક્ષુષપ્રત્યક્ષ પ્રત્યે રૂપને અને ત્વાચપ્રત્યક્ષ પ્રત્યે સ્પર્શને કારણ કહેવામાં ગૌરવ છે. માટે લાઘવાત્ બે ય ઈન્દ્રિયોથી થતાં પ્રત્યક્ષ પ્રત્યે રૂપને જ કારણ કહેવું યોગ્ય છે.

**मुक्तावली :** नवीनास्तु बहिरिन्द्रियजन्यद्रव्यप्रत्यक्षमात्रे न रूपं न वा स्पर्शः कारणं, प्रमाणाभावात्। किन्तु चाक्षुषप्रत्यक्षे रूपं स्पार्शनप्रत्यक्षे स्पर्शः कारणम्, अन्वयव्यतिरेकात् । बहिरिन्द्रियजन्यद्रव्यप्रत्यक्षमात्रे किं कारणमिति चेत् ? न किञ्चित्, आत्माऽवृत्तिशब्दभिन्नविशेषगुणवत्त्वं वा प्रयोजकमस्तु । रूपस्य कारणत्वे लाघवमिति चेत् ? न, वायोस्त्वगिन्द्रियेणाग्रहणप्रसङ्गात् । इष्टापत्तिरिति चेत् ? उद्भूतस्पर्श एव लाघवात्कारणमस्तु । प्रभाया अप्रत्यक्षत्वे तु इष्टापत्तिरेव किं नेष्यते ? तस्मात् प्रभां पश्यामीतिवत् वायुं स्पृशामीति प्रत्ययस्य सम्भवात् वायोरपि प्रत्यक्षत्वं सम्भवत्येव । बहिरिन्द्रियजन्य-द्रव्यप्रत्यक्षमात्रे न रूपस्य न वा स्पर्शस्य हेतुत्वम् । वायुप्रभयोरेकत्वं गृह्यत एव, क्वचिद् द्वित्वादिकमपि, क्वचित् संख्यापरिमाणाद्यग्रहो दोषादित्याहुः ॥

**મુક્તાવલી :** હવે પ્રાચીનોના આ મતની સામે નવ્ય નૈયાયિકો વાંધો ઉઠાવે છે. એમના મતે વાયુનું ત્વાચપ્રત્યક્ષ થાય છે. હવે જો ત્વાચપ્રત્યક્ષ પ્રત્યે રૂપ જ કારણ હોય તો વાયુમાં રૂપ તો નથી, એટલે તેનું ત્વાચપ્રત્યક્ષ અનુપપન્ન થઈ જાય. એથી તેઓ કહે છે કે બહિરિન્દ્રિયજન્યદ્રવ્યપ્રત્યક્ષ પ્રત્યે એકલું રૂપ કારણ નથી તેમ એકલો સ્પર્શ પણ કારણ નથી, કેમકે આવી એમની કારણતા માનવામાં કોઈ પ્રમાણ નથી. એટલે ચક્ષુરિન્દ્રિયજન્યદ્રવ્યપ્રત્યક્ષ પ્રત્યે રૂપને કારણ કહેવું જોઈએ અને ત્વગિન્દ્રિયજન્યપ્રત્યક્ષ પ્રત્યે સ્પર્શને કારણ કહેવું જોઈએ, કેમકે **रूपसत्त्वे चाक्षुषप्रत्यक्षम्, रूपाभावे चाक्षुष प्रत्यक्षाभावः** અને **स्पर्शसत्त्वे त्वाचप्रत्यक्षम्, स्पर्शाभावे त्वाचप्रत्यक्षाभावः** એવો અન્વય-વ્યતિરેક મળે છે.

**પ્રાચીનો :** આ તો બે કાર્ય-કારણભાવ બનાવ્યા. અમે તમને પૂછીએ છીએ કે બહિરિન્દ્રિય(ચક્ષુ-ત્વક્)જન્યદ્રવ્યપ્રત્યક્ષ પ્રત્યે એક જ કારણ કયું કહો છો ?

**નવ્યો :** એકેય નહિ. અથવા તો જો તમને ચાક્ષુષ અને ત્વાચ - બે ય પ્રત્યક્ષ પ્રત્યે એક અનુગત કારણ જોઈતું જ હોય તો અમે કહીશું કે આત્મામાં ન રહેનાર એવા શબ્દથી ભિન્ન જે વિશેષગુણ, તે પ્રત્યક્ષ પ્રત્યે પ્રયોજક છે. અહીં 'શબ્દભિન્ન' ન કહેત તો આત્મામાં ન રહેનારો વિશેષગુણ શબ્દ છે. એટલે એ વાળા આકાશનું પણ ચાક્ષુષ કે

ત્વાચપ્રત્યક્ષ થઈ જવાની આપત્તિ આવશે. જ્યારે હવે કોઈ વાંધો નહિ આવે. આત્મામાં ન રહેનારા શબ્દભિન્ન વિશેષગુણ રૂપાદિ છે, એ વાળા પૃથ્વ્યાદિ ચાર છે માટે તેમનું ચાક્ષુષ કે ત્વાચપ્રત્યક્ષ થઈ જાય.

**પ્રાચીનો** : ચાક્ષુષ-ત્વાચપ્રત્યક્ષ કાર્ય પ્રત્યે આત્માऽવૃત્તિશબ્દભિન્ન વિશેષ ગુણને કારણ કહેવા કરતાં રૂપને જ કારણ કહેવામાં શરીરકૃત લાઘવ છે. જ્યાં રૂપ હોય ત્યાં ચાક્ષુષ કે ત્વાચપ્રત્યક્ષ થાય, અન્યત્ર નહિ.

**નવ્યો** : તો પછી વાયુમાં રૂપ નથી એટલે તેનું ત્વાચપ્રત્યક્ષ નહિ થવાની આપત્તિ આવશે.

**પ્રાચીનો** : એ તો અમને ઈષ્ટાપત્તિ જ છે. અમે વાયુનું ત્વાચપ્રત્યક્ષ પણ માનતા જ નથી, માત્ર વાયુના સ્પર્શનું જ ત્વાચપ્રત્યક્ષ માનીએ છીએ. વાયુ તો અનુમેય જ છે.

**નવ્યો** : તો પછી એમ કરો કે ચાક્ષુષ અને ત્વાચપ્રત્યક્ષ પ્રત્યે રૂપને બદલે સ્પર્શ (ઉદ્ભૂત)ને જ કારણ કહો ને ? એમાં ય લાઘવ તો છે જ ને ?

**પ્રાચીનો** : અરે, તો તો પછી પ્રભાનું પ્રત્યક્ષ નહિ થવાની આપત્તિ આવી જાય, કેમકે પ્રભામાં ઉદ્ભૂતસ્પર્શ નથી.

**નવ્યો** : અરે, વાયુના અપ્રત્યક્ષમાં ઈષ્ટાપત્તિ કરી તો પ્રભાના અપ્રત્યક્ષમાં પણ ઈષ્ટાપત્તિ જ કરી લો ને ? હવે અમુકમાં જ ઈષ્ટાપત્તિ કરવામાં છે કોઈ તમારી પાસે વિનિગમક ?

માટે બધી જીદ જવા દો. જેમ **प्रभां पश्यामि (चक्षुषा प्रत्यक्षीकरोमि ।** )એવી પ્રતીતિ થાય છે તેમ **वायुं स्पृशामि ( त्वचा प्रत्यक्षीकरोमि ।)** એવી પણ પ્રતીતિ થાય જ છે. માટે ચાક્ષુષ-ત્વાચ બે ય પ્રકારના બહિરિન્દ્રિયજન્યદ્રવ્યપ્રત્યક્ષ પ્રત્યે એકલા રૂપને કે એકલા સ્પર્શને કારણ ન કહેવાય, કિન્તુ ચાક્ષુષપ્રત્યક્ષ પ્રત્યે રૂપને અને ત્વાચપ્રત્યક્ષ પ્રત્યે સ્પર્શને એમ પૃથક્ પૃથક્ કારણો કહેવા જોઈએ.

વળી બીજી પણ યુક્તિ આપીશું કે જેમ પ્રભાના એકત્વાદિનું ચાક્ષુષપ્રત્યક્ષ થાય છે, **( इयमेका सौरी प्रभा, इमे द्वे प्रभे ।)** તેથી એકત્વવતી પ્રભાનું પણ ચાક્ષુષપ્રત્યક્ષ તમે માનો છો તેમ વાયુગત એકત્વાદિનું પણ ત્વાચપ્રત્યક્ષ થાય છે. **( अयमेकः पौरस्त्यो वायुः, इमौ द्वौ दक्षिणोत्तरानिलौ ।)** તેથી **एकत्ववान्** વાયુનું પણ ત્વાચપ્રત્યક્ષ માનવું જોઈએ, કેમકે ગુણીના પ્રત્યક્ષ વિના ગુણનું પ્રત્યક્ષ થાય જ નહિ. આ જ રીતે ક્યારેક

દ્વિત્વાદિનું પણ પ્રત્યક્ષ થાય છે. (**अयमेको वायुः, अयमेको वायुः इति अपेक्षाबुद्धिजन्यम् । इमौ द्वौ वायू इत्याकारकज्ञानविषयीभूतवायुगतद्वित्वम् ।**) હા, ક્યારેક સજાતીય વાયુ એકબીજામાં મળી જાય છે ત્યારે તે સાજાત્ય દોષને લીધે વાયુમાં દ્વિત્વાદિનો ગ્રહ થતો નથી.

નવીનોનો આ મત પૂર્ણ કરીને '**आहुः**' પદ મૂકવા દ્વારા મુક્તાવલીકાર પોતાનો અસ્વરસ સૂચિત કરે છે. આ અસ્વરસનું બીજ આ છે કે વાયુના પ્રત્યક્ષ સંબંધમાં બે વિરોધી મત પડ્યા એટલે ત્રીજા મધ્યસ્થીને તો હવે વાયુની પ્રત્યક્ષતામાં સંદેહ જ પડી જાય. એટલે રૂપ અને સ્પર્શને જુદા જુદા કારણો માનવાની બધી ખટપટ જવા દઈને લાઘવાત્ મૂર્તદ્રવ્યપ્રત્યક્ષ પ્રત્યે રૂપને જ કારણ માની લેવું જોઈએ. આમ થતાં વાયુમાં રૂપ નથી એટલે તેનું પ્રત્યક્ષ નહિ થાય એ જ વાત સ્થિર થઈ જાય છે.

---

**कारिकावली : द्रव्याध्यक्षे त्वचो योगो मनसा ज्ञानकारणम् ।**

---

**मुक्तावली : त्वचो योग इति । त्वङ्मनःसंयोगो ज्ञानसामान्ये कारणमित्यर्थः। किं तत्र प्रमाणं ? सुषुप्तिकाले त्वचं त्यक्त्वा पुरीतति वर्तमानेन मनसा ज्ञानाजननमिति ।**

---

**મુક્તાવલી** : ચાક્ષુષાદિ જન્યજ્ઞાન પ્રત્યે ચક્ષુમનઃસંયોગાદિનો વિશિષ્ય કાર્ય-કારણભાવ છે, પણ જન્યજ્ઞાનસામાન્ય પ્રત્યે કોણ કારણ છે ? તેના ઉત્તરમાં હવે મુક્તાવલીકાર કહે છે કે ચાક્ષુષાદિ પ્રત્યક્ષાત્મક જ્ઞાન પ્રત્યે સાધારણ કારણ ત્વઙ્મનઃસંયોગ છે, અર્થાત્ ચાક્ષુષ પ્રત્યક્ષાત્મક જ્ઞાન પ્રત્યે ચક્ષુમનઃસંયોગ એ વિશેષ કારણ છે, જ્યારે ત્વઙ્મનઃસંયોગ એ સામાન્ય કારણ છે. એ જ રીતે રાસનપ્રત્યક્ષ પ્રત્યે રસનામનઃસંયોગ એ વિશેષ કારણ છે અને ત્વઙ્મનઃસંયોગ એ સામાન્ય કારણ છે. ત્વાચપ્રત્યક્ષ પ્રત્યે તો સામાન્ય કે વિશેષ, જે કહો તે, એક ત્વઙ્મનઃસંયોગ જ કારણ છે.

ટૂંકમાં, જન્યજ્ઞાન સામાન્ય પ્રત્યે (બધા જન્યજ્ઞાન પ્રત્યે) ત્વઙ્મનઃસંયોગ કારણ છે.

**પ્રશ્ન** : એમાં પ્રમાણ શું છે ?

**ઉત્તર** : પ્રગાઢ નિદ્રારૂપ સુષુપ્તિના કાળમાં મન 'પુરીતતિ' નામની ગાઢ નિદ્રાનાડીમાં ચાલ્યું જાય છે. સુષુપ્તિકાળમાં જ્ઞાન હોતું નથી એટલે જ્ઞાનાભાવમાં

કારણની શોધ કરવા જતાં એમ લાગ્યું કે સુષુપ્તિકાળમાં મન પુરીતતિ નાડીમાં ચાલી ગયું એટલે તે મનનો ત્વગિન્દ્રિય સાથે સંયોગ ન રહ્યો. આમ ત્વઙ્મનઃસંયોગનો અભાવ થઈ જવાથી ત્યાં જ્ઞાનાભાવ છે એમ નક્કી થયું.

આ ઉપરથી એમ પણ નક્કી થાય છે કે જો ત્વઙ્મનઃસંયોગ હોય તો જ જ્ઞાન થાય. આમ જ્ઞાનસામાન્ય પ્રત્યે ત્વઙ્મનઃસંયોગની કારણતા સિદ્ધ થાય છે.

---

**मुक्तावली : ननु सुषुप्तिकाले किं ज्ञानं भविष्यति ? अनुभवरूपं स्मरणरूपं वा ? नाऽऽद्यः, अनुभवसामग्र्यभावात् । तथाहि-प्रत्यक्षे चक्षुरादिना मनःसंयोगस्य हेतुत्वात्तदभावादेव न चाक्षुषादिप्रत्यक्षम् । ज्ञानादेरभावादेव न मानसं प्रत्यक्षं, ज्ञानाद्यभावे च आत्मनोऽपि न प्रत्यक्षमिति ।**

---

**મુક્તાવલી : પ્રશ્ન :** સુષુપ્તિમાં જ્ઞાનસામાન્યની અનુભૂતિ છે તે કંઈ ત્વઙ્મનઃસંયોગના અભાવને લીધે છે તે વાત બરોબર નથી. જ્યાં તે તે બધા જ્ઞાનવિશેષનો અભાવ હોય ત્યાં જ્ઞાનસામાન્યનો અભાવ હોય જ. હવે સુષુપ્તિમાં તે તે બધા જ્ઞાનવિશેષનો અભાવ છે, કેમકે તે તે દરેક જ્ઞાનવિશેષની જે સામગ્રી છે તે બધી ત્યાં નથી. તે આ રીતે :

જ્ઞાન બે જાતના છે : (૧) અનુભૂતિરૂપ અને (૨) સ્મૃતિરૂપ. અનુભૂતિ પણ પ્રત્યક્ષાદિ ચાર પ્રકારની છે. હવે જુઓ, સુષુપ્તિકાળમાં ચાક્ષુષપ્રત્યક્ષ ન થાય, કેમકે ચક્ષુમનઃસંયોગરૂપ તેની સામગ્રી હાજર નથી. ત્વાચપ્રત્યક્ષ ન થાય, કેમકે ત્વઙ્મનઃસંયોગરૂપ તેની વિશેષ સામગ્રી હાજર નથી. એમ રાસનાદિ પ્રત્યક્ષો પણ ન થાય, કેમકે રસનામનઃસંયોગાદિરૂપ તેમની તે તે સામગ્રીવિશેષ હાજર નથી. આ રીતે સુષુપ્તિમાં કોઈપણ બાહ્ય પ્રત્યક્ષ તો નહિ જ થાય. વળી આત્માનું કે આત્માના જ્ઞાનાદિ ગુણોનું માનસપ્રત્યક્ષ પણ ત્યાં નહિ થાય, કેમકે સુષુપ્તિમાં કોઈ જ્ઞાન જ નથી.

આમ બાહ્ય કે માનસ એકેય જાતનું પ્રત્યક્ષ સુષુપ્તિમાં થઈ શકે તેમ નથી.

---

**मुक्तावली : एवं व्याप्तिज्ञानाभावादेव नानुमितिः, सादृश्यज्ञानाभावान्नोपमितिः, पदज्ञानाभावान्न शाब्दबोधः । इत्यनुभवसामग्र्यभावान्नानुभवः। उद्बोधकाभावाच्च न स्मरणम् ।**

---

**મુક્તાવલી :** વળી વ્યાપ્તિજ્ઞાનરૂપ સામગ્રીવિશેષના અભાવને લીધે ત્યાં અનુમિતિ નહિ થાય, સાદૃશ્યજ્ઞાનરૂપ સામગ્રીવિશેષના અભાવને લીધે ત્યાં ઉપમિતિ જ્ઞાન પણ થઈ શકશે નહિ અને પદજ્ઞાનરૂપ સામગ્રીવિશેષના અભાવને લીધે ત્યાં શાબ્દબોધ પણ થઈ શકે તેમ નથી. આમ તે તે સામગ્રીવિશેષના અભાવને લીધે જ કોઈપણ પ્રકારની અનુભૂતિ ત્યાં સંભવિત નથી. વળી ત્યાં ઉદ્‌બોધકરૂપ સામગ્રી નથી એટલે સ્મૃતિજ્ઞાન પણ સંભવિત નથી.

આમ તે તે સામગ્રી વિશેષના અભાવને લીધે જ તે તે જ્ઞાનવિશેષનો પણ અભાવ ત્યાં મળે છે. હવે જ્યાં યાવદ્‌સામગ્રીવિશેષના અભાવને લીધે યાવદ્‌જ્ઞાનવિશેષનો અભાવ છે ત્યાં જ્ઞાનસામાન્યનો પણ અભાવ થઈ જ ગયો.

આમ સુષુપ્તિમાં જન્યજ્ઞાન સામાન્યનો અભાવ કેમ છે ? તેનો ઉત્તર એ જ છે કે ત્યાં યાવદ્‌સામગ્રીવિશેષનો અભાવ છે માટે જન્યજ્ઞાનસામાન્યનો અભાવ છે. હવે અહીં 'ત્વઙ્‌મનઃસંયોગના અભાવને લીધે જ્ઞાનસામાન્યનો અભાવ છે' એવું કહેવાની જરૂર જ ક્યાં છે ?

---

**मुक्तावली : मैवम् । सुषुप्तिप्राक्कालोत्पन्नेच्छादिव्यक्तेस्तत्सम्बन्धेनात्मनश्च प्रत्यक्षत्वप्रसङ्गात्, तदतीन्द्रियत्वे मानाभावात्, सुषुप्तिप्राक्काले निर्विकल्पकमेव नियमेन जायत इत्यत्रापि प्रमाणाभावात् ।**

---

**મુક્તાવલી : નૈયાયિક :** જો તે તે બધી સામગ્રીવિશેષના અભાવને લીધે જ સુષુપ્તિમાં જ્ઞાનસામાન્યનો અભાવ તમે કહેશો તો એક મોટી આપત્તિ આવશે. સુષુપ્તિકાળની આદ્ય ક્ષણની અવ્યવહિત પૂર્વક્ષણમાં (સ્વપ્નાવસ્થાની અંતિમ ક્ષણમાં) જે **अयं घटः** ઇત્યાદિ જ્ઞાન ઉત્પન્ન થાય તેની સુષુપ્તિની પ્રથમ ક્ષણ એ સ્થિતિક્ષણ બને. હવે આ જ્ઞાન-વ્યક્તિ એ આત્માના પ્રત્યક્ષમાં કારણીભૂત વિશેષ સામગ્રી છે, એટલે સુષુપ્તિની દ્વિતીય ક્ષણે આ સામગ્રીથી **'अहं ज्ञानी'** ઇત્યાકારક આત્મપ્રત્યક્ષ થઈ જવું જોઈએ.

હવે અમે તો જ્ઞાનસામાન્ય પ્રત્યે ત્વઙ્‌મનઃસંયોગને કારણ માનીએ છીએ. એટલે સ્વપ્નાવસ્થાની અંતિમ ક્ષણ સુધી તો ત્વઙ્‌મનઃસંયોગ હતો પરન્તુ સુષુપ્તિની પ્રથમ ક્ષણે તો મન પુરીતતિ નાડીમાં ચાલ્યું ગયું છે એટલે ત્યાં ત્વઙ્‌મનઃસંયોગ નથી. એટલે

આત્મપ્રત્યક્ષની વિશેષ સામગ્રી (**अयं घटः** ઇત્યાકારક જ્ઞાન રૂપ) ત્યાં હોવા છતાં જ્ઞાનસામાન્યની જે ત્વઙ્મનઃસંયોગરૂપ સામગ્રી છે તે ત્યાં ન હોવાથી '**अहं ज्ञानी**' ઇત્યાકારક આત્મપ્રત્યક્ષ થવાની આપત્તિ આવતી નથી.

**પ્રશ્ન :** સુષુપ્તિની અવ્યવહિત પૂર્વક્ષણમાં જે **अयं घटः** ઇત્યાદિ જ્ઞાન થાય છે તે અતીન્દ્રિય છે એમ કહીશું. એટલે હવે તેનાથી સુષુપ્તિકાળમાં આત્માનું માનસપ્રત્યક્ષ થવાની આપત્તિ નહિ આવે.

**નૈયાયિક :** સુષુપ્તિપ્રાક્કાલીન જ્ઞાન અતીન્દ્રિય છે એવી વાતમાં કોઈ પ્રમાણ નથી.

**પ્રશ્ન :** સુષુપ્તિની અવ્યવહિત પૂર્વક્ષણમાં જે જ્ઞાન થાય તે નિર્વિકલ્પક જ જ્ઞાન થાય પરન્તુ **अयं घटः** ઇત્યાદિ સવિકલ્પક જ્ઞાન થાય જ નહિ. હવે નિર્વિકલ્પક જ્ઞાન તો અતીન્દ્રિય છે, એટલે તેનાથી સુષુપ્તિકાળમાં આત્મામાં માનસપ્રત્યક્ષ થવાની આપત્તિ પણ આવશે જ નહિ.

**નૈયાયિક :** સુષુપ્તિપ્રાક્કાળનું જ્ઞાન નિર્વિકલ્પક જ હોય એ બાબતમાં ય કોઈ પ્રમાણ નથી. એટલે સુષુપ્તિમાં ત્વઙ્મનઃસંયોગાભાવને લીધે જ્ઞાનસામાન્યાભાવ છે. માટે જ્ઞાનસામાન્ય પ્રત્યે ત્વઙ્મનઃસંયોગને જ કારણ માનવું જોઈએ એ વાત સ્થિર થઈ જાય છે.

---

**मुक्तावली : अथ ज्ञानमात्रे त्वङ्मनःसंयोगस्य यदि कारणत्वं तदा रासनचाक्षुषादिप्रत्यक्षकाले त्वाचप्रत्यक्षं स्यात्, विषयत्वक्संयोगस्य त्वङ्मनःसंयोगस्य च सत्त्वात्, परस्परप्रतिबन्धादेकमपि वा न स्यादिति ।**

---

**મુક્તાવલી : પ્રશ્ન :** તમારું કહેવું એ જ થાય છે કે જ્ઞાનસામાન્ય પ્રત્યે ત્વઙ્મનઃસંયોગ કારણ છે. તો સાંભળો; એક ભારે આપત્તિ આવે છે. જ્યારે રસના અને આમ્રનો મધુરરસસંયોગ થાય છે ત્યારે આમ્રનો ત્વગિન્દ્રિય સાથે પણ સંયોગ થાય જ છે. હવે રસનાથી મધુરરસનું પ્રત્યક્ષ કરવા માટેની વિશેષ સામગ્રી રસનામનઃસંયોગ છે અને સામાન્ય સામગ્રી ત્વઙ્મનઃસંયોગ પણ હાજર છે.

વળી બીજી બાજુ આમ્રનો ત્વગિન્દ્રિય સાથે સંયોગ થતાં જે આમ્રના સ્પર્શનું ત્વાચપ્રત્યક્ષ થાય તેની જે વિશેષ સામગ્રી કે સામાન્ય સામગ્રી ત્વઙ્મનઃસંયોગ છે તે પણ હાજર છે. તો હવે આમ્રના રસનું રાસન પ્રત્યક્ષ અને આમ્રનું ત્વાચપ્રત્યક્ષ-એમ

બે ય પ્રત્યક્ષની સામગ્રીઓ હાજર છે, તો કયું પ્રત્યક્ષ થશે ? તે કહો.

એ જ રીતે એવું જ બીજું દૃષ્ટાન્ત આપીએ કે આમ્રના રૂપ સાથે ચક્ષુનો સંયોગ થાય છે અને એ આમ્ર સાથે (આમ્ર હાથમાં હોવાથી) ત્વગિન્દ્રિયનો પણ સંયોગ છે. હવે આમ્રના રૂપનું ચાક્ષુષપ્રત્યક્ષ કરવા માટેની વિશેષ સામગ્રી ચક્ષુમનઃસંયોગ અને સામાન્ય સામગ્રી ત્વઙ્મનઃસંયોગ - બે ય હાજર છે. અને બીજી બાજુ આમ્રનું સ્પાર્શનપ્રત્યક્ષ કરવાની સામાન્ય કે વિશેષ સામગ્રી ત્વઙ્મનઃસંયોગ પણ હાજર છે. તો હવે આમ્રના રૂપનું ચાક્ષુષપ્રત્યક્ષ થશે કે આમ્રનું સ્પાર્શનપ્રત્યક્ષ થશે ? તે કહો. વસ્તુતઃ તો તે વખતે પહેલા દૃષ્ટાન્તમાં આમ્રના રસનું રાસનપ્રત્યક્ષ થાય છે અને બીજા દૃષ્ટાન્તમાં આમ્રના રૂપનું ચાક્ષુષપ્રત્યક્ષ થાય છે.

પણ હવે અમારો પ્રશ્ન એ છે કે અહીં સ્પાર્શનપ્રત્યક્ષની સામગ્રી ત્વઙ્મનઃસંયોગ પણ છે જ, તો સ્પાર્શનપ્રત્યક્ષ જ કેમ ન થાય ? અથવા તો એકબીજાની સામગ્રીથી એકબીજા પ્રત્યક્ષનો પ્રતિબંધ કેમ થઈ ન જાય ? અર્થાત્ એ વખતે એકેય પ્રત્યક્ષ ન થાય એવું કેમ ન બને ?

---

**मुक्तावली : अत्र केचित् - पूर्वोक्तयुक्त्या त्वङ्मनःसंयोगस्य ज्ञानहेतुत्वे सिद्धे चाक्षुषादिसामग्र्याः स्पार्शनादिप्रतिबन्धकत्वमनुभवानुरोधात् कल्प्यत इति । अन्ये तु सुषुप्त्यनुरोधाच्चर्ममनःसंयोगस्य ज्ञानहेतुत्वं कल्प्यते, चाक्षुषादिप्रत्यक्षकाले त्वङ्मनःसंयोगाभावान्न स्पार्शनप्रत्यक्षमिति वदन्ति ।**

---

**મુક્તાવલી :** આ જટિલ પ્રશ્નનો ઉત્તર આપતા કેટલાક નૈયાયિકો એમ કહે છે કે સુષુપ્તિમાં જ્ઞાનસામાન્યના અભાવમાં ત્વઙ્મનઃસંયોગાભાવને કારણ તરીકે નક્કી કર્યું તે ઉપરથી જ્ઞાનસામાન્ય પ્રત્યે ત્વઙ્મનઃસંયોગને કારણ તરીકે નક્કી કર્યું છે. એટલે હવે અહીં એ રીતનું જ સમાધાન આપી શકાય કે ચાક્ષુષપ્રત્યક્ષની કે રાસનપ્રત્યક્ષની સામગ્રી સ્પાર્શનપ્રત્યક્ષની સામગ્રીની પ્રતિબંધક બની જાય છે. અને તેથી જ તે વખતે ત્યાં ચાક્ષુષ કે રાસન પ્રત્યક્ષ જ થાય છે. આમ આવા અનુભવને લીધે આ રીતે જ કલ્પના કરવી જોઈએ.

જ્યારે બીજા કેટલાક નૈયાયિકો જુદી જ વાત કરે છે. તેમનું કહેવું એમ છે કે સુષુપ્તિકાળમાં જ્ઞાનસામાન્યાભાવ છે એનું કારણ ત્યાં ચર્મમનઃસંયોગનો જે અભાવ છે

તે છે. યદ્યપિ ત્યાં ત્વઙ્મનઃસંયોગનો પણ અભાવ છે તથાપિ તેને જ્ઞાનસામાન્યાભાવનું કારણ માનવા જતાં ચાક્ષુષ કે રાસનપ્રત્યક્ષકાળે સ્પાર્શનપ્રત્યક્ષ થઈ જવાની આપત્તિ આવે છે. માટે તેને જ્ઞાનસામાન્યાભાવ પ્રત્યે કારણ ન કહેતાં ચર્મમનઃસંયોગાભાવને જ કારણ કહેવું જોઈએ. એ ઉપરથી નક્કી થાય છે કે જ્ઞાનસામાન્ય પ્રત્યે ચર્મમનઃસંયોગ કારણ છે.

હવે જ્યારે આમ્રના રૂપ સાથે ચક્ષુનો સંયોગ છે તે વખતે આમ્ર સાથે ત્વગિન્દ્રિયનો સંયોગ પણ છે. વળી ચર્મમનઃસંયોગ રૂપ જ્ઞાનસામાન્યની સામગ્રી તો અહીં છે જ. એટલે ચાક્ષુષપ્રત્યક્ષની વિશેષ અને સામાન્ય એમ બે ય સામગ્રી છે, જ્યારે આમ્રના સ્પાર્શનપ્રત્યક્ષની સામગ્રી જે ત્વઙ્મનઃ સંયોગ છે તે અહીં નથી માટે સ્પાર્શનપ્રત્યક્ષ તો નહિ જ થાય અને ચાક્ષુષપ્રત્યક્ષ થઈ જશે. આ જ રીતે રાસન અને સ્પાર્શનપ્રત્યક્ષના સંબંધમાં પણ રાસનપ્રત્યક્ષ જ થશે.

ત્વઙ્મનઃસંયોગને જ્ઞાનસામાન્ય પ્રત્યે કારણ માનનારાઓને ચાક્ષુષપ્રત્યક્ષ જ્ઞાન પ્રત્યે પણ એની હાજરી તો અનિવાર્ય જ હોય, અન્યથા ચાક્ષુષપ્રત્યક્ષ પણ ન થાય. પણ આ રીતે ત્વઙ્મનઃસંયોગની હાજરી આવી જવાથી તે જ ત્વઙ્મનઃસંયોગ સ્પાર્શનપ્રત્યક્ષની પણ સામગ્રી તરીકે છે એટલે સ્પાર્શનપ્રત્યક્ષની આપત્તિ આવી જાય. અમારે તો જ્ઞાન સામાન્ય પ્રત્યે ચર્મમનઃસંયોગની હાજરી જોઈએ. એટલે ચાક્ષુષપ્રત્યક્ષ વખતે તે સંયોગની હાજરી છે પણ ત્વઙ્મનઃસંયોગની હાજરી નથી, કેમકે મન તો ચક્ષુઃસંયુક્ત બન્યું છે એટલે તે જ વખતે ત્વગિન્દ્રિય સાથે તેનો સંયોગ હોઈ શકે નહિ. એટલે સ્પાર્શનપ્રત્યક્ષની સામગ્રી ત્વઙ્મનઃસંયોગ હાજર ન હોવાથી સ્પાર્શનપ્રત્યક્ષની આપત્તિ આવે જ નહિ.

આમ અમારે કેટલાક નૈયાયિકોની જેમ આવા સ્થાને ચાક્ષુષ કે રાસનાદિ સામગ્રીને સ્પાર્શનપ્રત્યક્ષની સામગ્રીની પ્રતિબંધિકા કલ્પવાની જરૂર રહેતી નથી.

આ બે ય નૈયાયિકોના મતમાં મુક્તાવલીકારને અરુચિ છે એટલે જ તેઓ બે યના મત મૂકીને '**વદન્તિ**' કહે છે. (કેટલાક 'અન્યો' આમ કહે છે, અર્થાત્ મને આમાં રૂચિ = સ્વરસ નથી.) આ અસ્વરસનું બીજ એ છે કે કેટલાકો ચાક્ષુષાદિ પ્રત્યક્ષની સામગ્રીને સ્પાર્શનપ્રત્યક્ષની સામગ્રી પ્રત્યે પ્રતિબંધિકા તરીકે કલ્પે છે તેમાં ગૌરવ છે અને 'અન્યો' એક પણ ઈન્દ્રિય પ્રત્યે જે વિશેષ સામગ્રીરૂપ નથી તેવા ચર્મમનઃસંયોગને જ્ઞાન સામાન્ય પ્રત્યે કારણ કલ્પે છે તેમાં ય ગૌરવ છે.

વસ્તુતઃ જ્ઞાનસામાન્ય પ્રત્યે ત્વઙ્મનઃસંયોગ પણ કારણ નથી અને ચર્મમનઃસંયોગ પણ કારણ નથી કિન્તુ આત્મમનઃસંયોગ કારણ છે. સુષુપ્તિમાં મન પુરીતતિ નાડીમાં જતું રહે છે એટલે ત્યાં આત્મમનઃસંયોગનો અભાવ હોવાથી જ્ઞાનસામાન્યનો અભાવ છે. અને ચાક્ષુષપ્રત્યક્ષકાળે સ્પાર્શનપ્રત્યક્ષની પણ આપત્તિ આવે તેમ નથી, કેમકે તે વખતે ચાક્ષુષપ્રત્યક્ષની વિશેષ સામગ્રી ચક્ષુમનઃસંયોગ જ છે પણ સ્પાર્શનપ્રત્યક્ષની વિશેષ સામગ્રી ત્વઙ્મનઃસંયોગ ત્યાં નથી.

---

**कारिकावली : मनोग्राह्यं सुखं दुःखमिच्छा द्वेषो मतिः कृतिः ॥५७॥**

---

**मुक्तावली : मनोग्राह्यमिति । मनोजन्यप्रत्यक्षविषय इत्यर्थः । मतिर्ज्ञानम् । कृतिः प्रयत्नः । एवं सुखत्वदुःखत्वादिकमपि मनोग्राह्यम् । एवमात्माऽपि मनोग्राह्यः, किन्तु 'मनोमात्रस्य गोचर' इत्यनेन पूर्वमुक्तत्वादत्र नोक्तः ॥**

---

**મુક્તાવલી : (૬) મન-ઈન્દ્રિય : વિષય** : સુખાદિ (તથા આત્મા)

મુક્તાવલીકારે મનથી ગ્રાહ્ય સુખાદિને કહ્યા પણ આત્માને નથી કહ્યો એ શંકાનું સમાધાન કરતાં તેઓ કહે છે કે આત્મા મનોમાત્રથી ગ્રાહ્ય છે. આ વાત ૫૦મી કારિકામાં કહેવાઈ ગઈ છે માટે પુનરુક્તિના ભયથી અહીં ફરી કરેલ નથી.

---

**कारिकावली : ज्ञानं यन्निर्विकल्पाख्यं तदतीन्द्रियमिष्यते ।**

---

**मुक्तावली : चक्षुःसंयोगाद्यनन्तरं 'घट' इत्याकारकं घटत्वादिविशिष्टं ज्ञानं न सम्भवति, पूर्वं विशेषणस्य घटत्वादेर्ज्ञानाभावात्, विशिष्टबुद्धौ विशेषणज्ञानस्य कारणत्वात् ।**

---

**મુક્તાવલી** : હવે મુક્તાવલીકાર જે ચર્ચા ઉપાડે છે તે આખી ચર્ચા 'નિર્વિકલ્પક જ્ઞાન અતીન્દ્રિય છે' એ સિદ્ધાન્તને સ્થિર કરવાની દૃષ્ટિએ કરેલી છે.

જ્ઞાન બે જાતના છે : નિર્વિકલ્પક અને સવિકલ્પક. એમાં નિર્વિકલ્પક જ્ઞાનનું જ્ઞાન થઈ શકતું નથી પણ સવિકલ્પક જ્ઞાનનું જ્ઞાન થઈ શકે છે, અર્થાત્ નિર્વિકલ્પક જ્ઞાનનું જ્ઞાન એટલે નિર્વિકલ્પક જ્ઞાનનું પ્રત્યક્ષ થઈ શકતું નથી, કિન્તુ સવિકલ્પક જ્ઞાનનું પ્રત્યક્ષ થઈ શકે છે. જ્ઞાનનું પ્રત્યક્ષ (જ્ઞાન) એનું નામ અનુવ્યવસાય જ્ઞાન, એટલે કે નિર્વિકલ્પક

જ્ઞાનનું જ્ઞાન=પ્રત્યક્ષ=અનુવ્યવસાય જ્ઞાન થઈ શકતું નથી, કિન્તુ સવિકલ્પક જ્ઞાનનું જ્ઞાન=પ્રત્યક્ષ=અનુવ્યવસાય જ્ઞાન થઈ શકે છે. એટલે ટૂંકમાં એ વાત નક્કી થઈ કે નિર્વિકલ્પક જ્ઞાનનું પ્રત્યક્ષ થઈ શકતું નથી માટે તે અતીન્દ્રિય છે.

હવે આ વાતને મુક્તાવલીકાર કેવી રીતે સિદ્ધ કરે છે ? તે જોઈએ.

સૌપ્રથમ ઘટ સાથે ચક્ષુ:સંયોગ થાય છે, ત્યાર પછી તરત જ **अयं घटः** ઈત્યાકારક ઘટત્વવિશિષ્ટ ઘટનું જ્ઞાન થઈ શકે નહિ, કેમકે **अयं घटः** એ ઘટત્વવિશિષ્ટ ઘટનું જ્ઞાન છે અને વિશિષ્ટજ્ઞાન એ વિશેષણજ્ઞાન વિના થાય નહિ. એટલે ઘટ સાથેના ચક્ષુ:સંયોગ પછી હજી વિશેષણ ઘટત્વનું જ્ઞાન તો થયું નથી તો વિશેષણવિશિષ્ટ **घटत्वविशिष्टो घटः** - **अयं घटः** એવું જ્ઞાન શી રીતે થઈ જાય ?

---

**मुक्तावली : तथा च प्रथमतो घटघटत्वयोर्वैशिष्ट्यानवगाह्येव ज्ञानं जायते । तदेव निर्विकल्पकम् । तच्च न प्रत्यक्षम् । तथाहि-वैशिष्ट्यानवगाहिज्ञानस्य प्रत्यक्षं न भवति, 'घटमहं जानामि' इति प्रत्ययात् । तत्रात्मनि ज्ञानं प्रकारीभूय भासते, ज्ञाने घटस्तत्र घटत्वम् । यः प्रकारः स एव विशेषणमित्युच्यते । विशेषणे यद्विशेषणं तद्विशेषणतावच्छेदकमित्युच्यते । विशेषणतावच्छेदकप्रकारकं ज्ञानं विशिष्टवैशिष्ट्यज्ञाने कारणम् । निर्विकल्पके च घटत्वादिकं न प्रकारस्तेन घटत्वादिविशिष्टघटादि-वैशिष्ट्यभानं ज्ञाने न सम्भवति ।**

---

**મુક્તાવલી :** એટલે એ વાત નક્કી થઈ કે ઘટ સાથે ચક્ષુ:સંયોગ થયા પછીની પ્રથમ ક્ષણે **घट-घटत्वे** એવું વૈશિષ્ટ્યાનવગાહિ જ્ઞાન થાય છે. વૈશિષ્ટ્ય એટલે સમ્બન્ધ, અર્થાત્ ઘટ-ઘટત્વ એ બે વચ્ચે વિશેષ્ય-વિશેષણભાવ સંબંધ છે. એનું અહીં અવગાહન નથી માટે આ જ્ઞાન વૈશિષ્ટ્યાનવગાહિ જ્ઞાન કહેવાય. આ જ્ઞાનમાં ઘટત્વ(વિશેષણ)નું જ્ઞાન થાય છે. આ જ્ઞાનને જ નિર્વિકલ્પક જ્ઞાન કહેવાય છે. વિકલ્પ એટલે વિશેષણવિશેષ્યભાવ. એ જે જ્ઞાનમાં નથી તે નિર્વિકલ્પક જ્ઞાન કહેવાય. આ નિર્વિકલ્પક જ્ઞાનનું પ્રત્યક્ષ (અનુવ્યવસાયાત્મક જ્ઞાન) થતું નથી.

**પ્રશ્ન :** નિર્વિકલ્પક જ્ઞાનનું પ્રત્યક્ષ કેમ થતું નથી ?

**ઉત્તર :** નિર્વિકલ્પક જ્ઞાન વૈશિષ્ટ્યાનવગાહિ (સંબન્ધાનવગાહિ) જ્ઞાન છે માટે તેનું

પ્રત્યક્ષ થાય નહિ. આમ કહેવાનું કારણ એ છે કે જે જ્ઞાનનું પ્રત્યક્ષ થાય છે, અર્થાત્ જે જ્ઞાનનું અનુવ્યવસાયાત્મક જ્ઞાન થાય છે તે વિશિષ્ટજ્ઞાન કહેવાય. '**अयं घटः**' એ વિશિષ્ટજ્ઞાન છે, અર્થાત્ વૈશિષ્ટ્યાવગાહિ જ્ઞાન છે, અને આ જ્ઞાનનું જ્ઞાન '**अयं घटः**' **इत्याकारकज्ञानवान् अहम्** એવું જ્ઞાન થાય છે. **घटज्ञानवान् अहम्** એવું જે અનુવ્યવસાયાત્મક જ્ઞાન (જ્ઞાનનું જ્ઞાન=જ્ઞાનનું પ્રત્યક્ષ) છે તે વિશિષ્ટવૈશિષ્ટ્યાવગાહિ જ્ઞાન કહેવાય છે.

**अयं घटः** એ વિશિષ્ટજ્ઞાન છે. આ વિશિષ્ટજ્ઞાનથી વિશિષ્ટ **घटज्ञानवानहम्** એવું અનુવ્યવસાય જ્ઞાન છે, એટલે અનુવ્યવસાય જ્ઞાનમાં વિશિષ્ટનું વૈશિષ્ટ્ય રહ્યું માટે અનુવ્યવસાય જ્ઞાનને વિશિષ્ટવૈશિષ્ટ્યાવગાહિ જ્ઞાન કહેવાય. હવે આ વિશિષ્ટવૈશિષ્ટ્યાવગાહિ જ્ઞાન એટલે વિશિષ્ટજ્ઞાનનું જ્ઞાન, અર્થાત્ વૈશિષ્ટ્યાવગાહિ જ્ઞાનનું આ પ્રત્યક્ષ કહેવાય.

આવી જ જગતમાં પ્રતીતિ થાય છે માટે એવો નિયમ થાય છે કે વૈશિષ્ટ્યાવગાહિ (**अयं घटः** ઇત્યાદિ સવિકલ્પક) જે જ્ઞાન હોય તેનું પ્રત્યક્ષ થાય છે. માટે જે જ્ઞાનો વૈશિષ્ટ્યાનવગાહિ હોય તેમનું પ્રત્યક્ષ (અનુવ્યવસાય જ્ઞાન) ન થાય. ઘટ-ઘટત્વ ઇત્યાકારક નિર્વિકલ્પક જ્ઞાન વૈશિષ્ટ્યાનવગાહિ છે માટે તેનું પ્રત્યક્ષ ન થાય, અર્થાત્ નિર્વિકલ્પક જ્ઞાન અતીન્દ્રિય છે એ વાત સિદ્ધ થાય છે.

હજી આ વાતને વધુ સારી રીતે નિયમબદ્ધ કરીએ.

'**अयं घटः**' **इत्याकारकज्ञानवान् आत्मा (अहम्)** આ જ્ઞાન વિશિષ્ટવૈશિષ્ટ્યાવગાહિ જ્ઞાન છે. અહીં આત્મા વિશેષ્ય છે. એમાં 'જ્ઞાન' પ્રકાર તરીકે ભાસે છે. એ જ્ઞાનમાં 'ઘટ' પ્રકાર તરીકે ભાસે છે અને એ ઘટમાં 'ઘટત્વ' પ્રકાર તરીકે ભાસે છે. આમ ઘટ અને ઘટત્વ એ પ્રકાર તરીકે ભાસ્યા. પ્રકારને વિશેષણ પણ કહેવાય છે. હવે **अयं घटः** ઇત્યાકારક જ્ઞાનમાં ઘટ એ વિશેષણ છે અને ઘટસ્વરૂપ વિશેષણમાં ઘટત્વ એ વિશેષણ છે, અર્થાત્ ઘટત્વ એ વિશેષણમાં વિશેષણ બન્યું. વિશેષણમાં જે વિશેષણ હોય તે વિશેષણતાનો અવચ્છેદક કહેવાય. **दण्डवत्पुरुषवान् देशः ।** અહીં પુરુષનિષ્ઠ વિશેષણતાનો અવચ્છેદક પુરૂષત્વ છે તેમ વિશેષણ દંડ પણ છે. આ વાત આપણે ન્યાયપ્રવેશિકામાં વિચારી ગયા છીએ. એટલે ઘટ વિશેષણમાં વિશેષણરૂપ ઘટત્વ એ વિશેષણતાવચ્છેદક બને છે. વળી **अयं घटः** ઇત્યાકારક જ્ઞાનમાં ઘટત્વ એ પ્રકાર પણ છે એટલે **अयं घटः** એ જ્ઞાન વિશેષણતાવચ્છેદકપ્રકારક (વિશેષણતાવચ્છેદક છે પ્રકાર

જેમાં તે) જ્ઞાન બન્યું.

મુક્તાવલીકાર કહે છે કે વિશિષ્ટવૈશિષ્ટ્યાવગાહિ જ્ઞાન (જ્ઞાનનું જ્ઞાન=જ્ઞાનનું પ્રત્યક્ષ=અનુવ્યવસાયાત્મક જ્ઞાન.) થવામાં વિશેષણતાવચ્છેદકપ્રકારક જ્ઞાન એ જ કારણ છે. **अयं घटः** એ જ્ઞાન વિશેષણતાવચ્છેદકપ્રકારક જ્ઞાન છે માટે તેનાથી '**अयं घटः इत्याकारकज्ञानवानहम्**' એવું વિશિષ્ટવૈશિષ્ટ્યાવગાહિ જ્ઞાન થઈ જાય, અર્થાત્ **अयं घटः** એવા સવિકલ્પક જ્ઞાનનું અનુવ્યવસાયાત્મક જ્ઞાન થઈ શકે, કેમકે સવિકલ્પક જ્ઞાન એ વિશેષણતાવચ્છેદકપ્રકારક જ્ઞાન છે.

હવે આપણે જોઈએ કે નિર્વિકલ્પક જ્ઞાનનું અનુવ્યવસાયાત્મક જ્ઞાન (નિર્વિકલ્પક જ્ઞાનનું પ્રત્યક્ષ) થઈ શકે કે નહિ ? આને માટે આપણે એ જ વાત પહેલી વિચારવી પડશે કે નિર્વિકલ્પક જ્ઞાન વિશેષણતાવચ્છેદકપ્રકારક જ્ઞાન છે કે નહિ ? કેમકે વિશેષણતાવચ્છેદકપ્રકારક જ્ઞાનનું જ જ્ઞાન (વિશિષ્ટવૈશિષ્ટ્યાવગાહિ જ્ઞાન=જ્ઞાનનું પ્રત્યક્ષ) થઈ શકે છે.

આનો ઉત્તર 'ન'કારમાં આવી જાય છે. નિર્વિકલ્પક જ્ઞાન વિશેષણતાવચ્છેદકપ્રકારક જ્ઞાન નથી, કેમકે નિર્વિકલ્પક જ્ઞાન એટલે '**घट-घटत्व**' ઇત્યાકારક જ્ઞાન. અહીં વિશેષણતાવચ્છેદક ઘટત્વ જરૂર છે, પણ ઘટના પ્રકાર તરીકે તે ઘટત્વ ભાસમાન નથી જ, કેમકે અહીં વિશેષ્ય-વિશેષણભાવ સંબંધનું અવગાહન થયું નથી.

હવે અહીં જ્યારે ઘટત્વ એ પ્રકાર તરીકે ભાસમાન નથી ત્યારે ઘટત્વવિશિષ્ટ એવો ઘટ પણ ભાસમાન નથી અને તેથી વિશિષ્ટ ઘટજ્ઞાનથી વિશિષ્ટ બીજું જ્ઞાન (ઘટજ્ઞાનનું જ્ઞાન) પણ સંભવી શકતું જ નથી, અર્થાત્ '**घट-घटत्वे**' જ્ઞાનનું જ્ઞાન (પ્રત્યક્ષ) સંભવી શકતું નથી.

---

**मुक्तावली : घटत्वाद्यप्रकारकं च घटादिविशिष्टज्ञानं न सम्भवति, जात्यखण्डोपाध्यतिरिक्तपदार्थज्ञानस्य किञ्चिद्धर्मप्रकारकत्वनियमात् ।**

---

**પ્રશ્ન :** '**घट-घटत्वे**' ઇત્યાકારક નિર્વિકલ્પક જ્ઞાનનું પ્રત્યક્ષ કેમ ન થાય ?

સાંભળો; યદ્યપિ '**घट-घटत्वे**' ઇત્યાકારક જ્ઞાનમાં ઘટમાં ઘટત્વનો પ્રકાર તરીકે ભાસ થતો નથી એટલે ઘટત્વપ્રકારકઘટવિશિષ્ટ આ જ્ઞાન તો નથી જ, તથાપિ આ જ્ઞાન ઘટવિશિષ્ટ તો છે જ ને ? (જ્ઞાનમાં ઘટ અને ઘટત્વ વિશેષણ છે માટે ઘટાદિથી જ્ઞાન વિશિષ્ટ બન્યું.) એટલે આ નિર્વિકલ્પક જ્ઞાન પણ ઘટવિશિષ્ટ જ્ઞાન બની ગયું અને આ

વિશિષ્ટજ્ઞાનથી વિશિષ્ટ '**घट-घटत्वे इत्याकारकज्ञानवानहम्**' એવું જ્ઞાન બન્યું, અર્થાત્ આ જ્ઞાન વિશિષ્ટવૈશિષ્ટ્યાવગાહિ જ્ઞાન બન્યું. આમ '**घट-घटत्वे**' ઈત્યાકારક ઘટવિશિષ્ટ જ્ઞાનનું જ્ઞાન (પ્રત્યક્ષ) થઈ જાય છે.

**ઉત્તર** : નહિ, ઘટત્વ જેમાં પ્રકાર ન હોય તેવું ઘટવિશિષ્ટ જ્ઞાન સંભવી શકે જ નહિ, કેમકે એવો નિયમ છે કે જાતિ અને અખંડ ઉપાધિ(પ્રતિયોગિત્વ, ગગનત્વાદિ)ને જ કોઈ પ્રકાર ન હોય. તે સિવાયના બધા ય પદાર્થના જ્ઞાનમાં તે પદાર્થનો પ્રકાર હોવો જ જોઈએ. 'ઘટ' એ તો જાતિ નથી કે અખંડ ઉપાધિ પણ નથી, એટલે તેનું વિશિષ્ટ જ્ઞાન હોય અને ત્યાં ઘટ ઘટત્વાપ્રકારક હોય એ સંભવિત જ નથી. ત્યાં ઘટ એ કોઈ ને કોઈ (ઘટત્વ) ધર્મપ્રકારક હોવો જ જોઈએ.

**जात्यखण्डोपाधि-अतिरिक्तपदार्थज्ञानस्य किञ्चिद्धर्मप्रकारकत्वनियमात् ।**

એટલે હવે તમે ઘટત્વાપ્રકારક ઘટ લઈને **ઘટ-ઘટત્વે** જ્ઞાનને વિશિષ્ટજ્ઞાન કહી શકો જ નહિ, માટે તેનું વિશિષ્ટવૈશિષ્ટ્યાવગાહિ જ્ઞાન (પ્રત્યક્ષ) સંભવી શકે નહિ. એટલે નિર્વિકલ્પક જ્ઞાનનું પ્રત્યક્ષ થઈ શકતું નથી, કેમકે ત્યાં વિશેષણતાવચ્છેદક ઘટત્વ એ પ્રકાર બનતો નથી, તેથી તે વિશેષણતાવચ્છેદકપ્રકારક એવું વિશિષ્ટજ્ઞાન બનતું નથી. પ્રત્યક્ષ તો તે જ (સવિકલ્પક) જ્ઞાનનું થાય જે વિશેષણતાવચ્છેદકપ્રકારક વિશિષ્ટજ્ઞાન હોય.

એટલે 'નિર્વિકલ્પક જ્ઞાન અતીન્દ્રિય છે' એ વાત વજ્રલેપ જેવી બની જાય છે.

---

**कारिकावली : महत्त्वं षड्विधे हेतुः इन्द्रियं करणं मतम् ॥५८॥**

---

**मुक्तावली : महत्त्वमिति । द्रव्यप्रत्यक्षे महत्त्वं समवायसम्बन्धेन कारणम् । द्रव्यसमवेतानां गुणकर्मसामान्यानां प्रत्यक्षे स्वाश्रयसमवायसम्बन्धेन कारणम् । द्रव्यसमवेतसमवेतानां गुणत्वकर्मत्वादीनां प्रत्यक्षे स्वाश्रयसमवेतसमवायसम्बन्धेन कारणमिति ।**

---

**મુક્તાવલી** : દ્રવ્યાદિ-પ્રત્યક્ષ પ્રત્યે મહત્ત્વ (દ્રવ્યગતમહત્પરિમાણ) સાક્ષાત્ કે પરંપરા સંબંધથી કારણ છે. પરમાણુનું પ્રત્યક્ષ થાય નહિ, કેમકે તેમાં મહત્ત્વ નથી.

હવે તે તે દ્રવ્ય, દ્રવ્યસમવેતગુણ, દ્રવ્યસમવેતસમવેતરૂપત્વાદિ જાતિના પ્રત્યક્ષ પ્રત્યે મહત્ત્વ કારણ ત્યારે જ બને જ્યારે પ્રત્યક્ષ કાર્ય અને મહત્ત્વ કારણ બે ય એકાધિકરણક

બને. જેનું પ્રત્યક્ષ કરીએ તે વિષય બને, તેમાં વિષયતા રહે, એટલે વિષયતાસંબંધથી પ્રત્યક્ષ-કાર્ય વિષયમાં જાય અને ત્યાં મહત્વ-કારણ જુદા જુદા સંબંધથી જાય.

- જો વિષય દ્રવ્ય હોય તો ત્યાં મહત્ત્વ સમવાયસંબંધથી જાય.
- જો વિષય દ્રવ્યસમવેતગુણ હોય તો મહત્ત્વ સ્વાશ્રયસમવાયસંબંધથી જાય.
- જો વિષય દ્રવ્યસમવેતસમવેતજાતિ હોય તો ત્યાં મહત્ત્વ સ્વાશ્રયસમવેતસમવાય સંબંધથી જાય.

- **यत्र विषयतासम्बन्धेन द्रव्यप्रत्यक्षं तत्र समवायेन महत्त्वं कारणम् ।**
- **यत्र विषयतासम्बन्धेन द्रव्यसमवेतप्रत्यक्षं तत्र स्वाश्रयसमवायेन महत्त्वं कारणम् ।**
- **यत्र विषयतासम्बन्धेन द्रव्यसमवेतसमवेतप्रत्यक्षं तत्र स्वाश्रयसमवेतसमवाय-सम्बन्धेन महत्त्वं कारणम् ।**

---

**मुक्तावली : इन्द्रियमिति । अत्रापि 'षड्विध' इत्यनुषज्यते । इन्द्रियत्वं तु न जातिः, पृथिवीत्वादिना साङ्कर्यप्रसङ्गात् । किन्तु शब्देतरोद्भूतविशेषगुणानाश्रयत्वे सति ज्ञानकारणमनःसंयोगाश्रयत्वमिन्द्रियत्वम् ।**

---

**મુક્તાવલી :** છયે પ્રકારની ઈન્દ્રિયમાં ઈન્દ્રિયત્વ છે. આ ઈન્દ્રિયત્વ જાતિ નથી, કેમકે પૃથ્વીત્વાદિ સાથે તેનું સાંકર્ય આવે છે.

પૃથ્વીત્વને છોડીને ઈન્દ્રિયત્વ ચક્ષુરાદિમાં રહે છે. ઈન્દ્રિયત્વને છોડીને પૃથ્વીત્વ ઘટાદિમાં રહે છે. ઈન્દ્રિયત્વ અને પૃથ્વીત્વ બે ય ઘ્રાણેન્દ્રિયમાં રહે છે, એટલે ઈન્દ્રિયત્વ એ ઉપાધિ છે. તેનું લક્ષણ આ છે :

**शब्देतरोद्भूतविशेषगुणानाश्रयत्वे सति ज्ञानकारणमनःसंयोगाश्रयत्वम् इन्द्रियत्वम् ।**

અર્થાત્ જે શબ્દથી ઇતર ઉદ્ભૂત ગુણો(રૂપ, રસ, ગન્ધ, સ્પર્શ તથા જ્ઞાનાદિ)નો અનાશ્રય હોય અને જ્ઞાનમાં કારણીભૂત મનઃસંયોગનો આશ્રય હોય તે ઈન્દ્રિય કહેવાય.

ઈન્દ્રિયોમાં રૂપાદિ છે પણ તે અનુદ્ભૂત છે, એટલે ઇન્દ્રિયો ઉદ્ભૂત ગુણોનો અનાશ્રય છે જ. વળી જ્ઞાનમાં કારણીભૂત મનનો ઇન્દ્રિયો સાથે સંયોગ તો આવશ્યક છે જ, માટે તેવા સંયોગનો તે ઈન્દ્રિયો આશ્રય પણ છે જ.

**मुक्तावली : आत्मादिवारणाय सत्यन्तम् । उद्भूतविशेषगुणस्य शब्दस्य श्रोत्रे सत्त्वाच्छब्देतरेति । विशेषगुणस्य रूपादेश्चक्षुरादावपि सत्त्वादुद्भूतेति ।**

**મુક્તાવલી :** હવે એનું પદકૃત્ય કરીએ.

જો સત્યન્ત દલ ન કહે અને **ज्ञानकारणमनःसंयोगाश्रयत्वम् इन्द्रियत्वम्** એટલું જ કહે તો જ્ઞાનમાં કારણીભૂત 'આત્મમનઃસંયોગ' તો આત્મામાં છે જ. એટલે તેવા સંયોગનો આશ્રય આત્મા બની જતાં આત્મામાં આ લક્ષણની અતિવ્યાપ્તિ થાત. હવે તેમ નહિ થાય, કેમકે શબ્દેતર ઉદ્ભૂત ગુણો જ્ઞાનાદિ ગુણો છે. તેનો તો આત્મા અનાશ્રય નથી કિન્તુ આશ્રય જ છે.

હવે 'શબ્દેતર' ન કહે તો શ્રોત્રેન્દ્રિયમાં આ લક્ષણની અવ્યાપ્તિ થાય, કેમકે હવે લક્ષણ આવું બન્યું કે : **उद्भूतविशेषगुणानाश्रयत्वे सति ज्ञानकारणमनःसंयोगाश्रयत्वम्।** શ્રોત્રેન્દ્રિય તો ઉદ્ભૂતવિશેષગુણનો અનાશ્રય નથી, કેમકે શ્રોત્રેન્દ્રિય ઉદ્ભૂતવિશેષગુણ શબ્દનો આશ્રય જ છે. હવે 'શબ્દેતર' પદ મૂકવાથી આ દોષ નહિ આવે, કેમકે શબ્દેતર ઉદ્ભૂતવિશેષગુણ રૂપાદિનો તો શ્રોત્રેન્દ્રિય અનાશ્રય છે જ અને જ્ઞાનકારણ-મનઃસંયોગનો આશ્રય પણ છે.

જો 'ઉદ્ભૂત' પદ ન મૂકે તો ચક્ષુરાદિ ઈન્દ્રિયોમાં લક્ષણની અવ્યાપ્તિ થાય, કેમકે હવે લક્ષણ આવું બન્યું કે : **शब्देतरविशेषगुणानाश्रयत्वे सति ज्ञानकारणमनःसंयोगा-श्रयत्वम् ।**

ચક્ષુરાદિ ઈન્દ્રિયો શબ્દેતર જે વિશેષગુણ રૂપાદિ, તેનો અનાશ્રય નથી કિન્તુ આશ્રય છે. હવે 'ઉદ્ભૂત' પદના નિવેશથી આ અવ્યાપ્તિ નહિ આવે, કેમકે ચક્ષુરાદિ ઈન્દ્રિયો રૂપાદિનો આશ્રય હોવા છતાં તે રૂપાદિ ઉદ્ભૂત નથી. એટલે ઉદ્ભૂત રૂપાદિનો તો તે ઈન્દ્રિયો અનાશ્રય છે જ અને જ્ઞાનકારણમનઃસંયોગનો આશ્રય પણ છે.

**मुक्तावली : उद्भूतत्वं न जातिः, शुक्लत्वादिना साङ्कर्यात् । न च शुक्लत्वादिव्याप्यं नानैवोद्भूतत्वमिति वाच्यम्, उद्भूतरूपत्वादिना चाक्षुषादौ जनकत्वानुपपत्तेः, किन्तु शुक्लत्वादिव्याप्यं नानैवानुद्भूतत्वं, तदभावकूटश्चोद्भूतत्वं, तच्च संयोगादावप्यस्ति, तथा च शब्देतरोद्भूतगुणः**

संयोगादिश्चक्षुरादेरप्यस्त्यतो विशेषेति ।

**મુક્તાવલી :** હવે મુક્તાવલીકાર 'વિશેષ' પદના નિવેશનું ફળ કહેવા માંગે છે. જો 'વિશેષ' પદ ન મૂકે તો લક્ષણ આવું બને કે : શબ્દેતરઉદ્ભૂતગુણનો જે અનાશ્રય હોય અને જ્ઞાનકારણમનઃસંયોગનો જે આશ્રય હોય તે ઈન્દ્રિય કહેવાય. આ લક્ષણની ચક્ષુરાદિમાં અવ્યાપ્તિ થઈ જાય છે. તે આ રીતે :

શબ્દેતર ઉદ્ભૂત ગુણ સંયોગ ગુણ છે. તે સંયોગનો ચક્ષુરાદિ ઈન્દ્રિયો તો અનાશ્રય નથી કિન્તુ આશ્રય જ છે. આમ લક્ષણની અવ્યાપ્તિ થાય છે.

હવે અહીં એક વિચાર ઊભો થાય છે કે 'ઉદ્ભૂત એવો સંયોગ' કહ્યો એનો અર્થ એ થયો કે સંયોગમાં ઉદ્ભૂતત્વ છે. હવે જો આ ઉદ્ભૂતત્વ જાતિ હોય તો સંયોગ ગુણમાં તે જાતિ ન જ રહી શકે, કેમકે સંયોગમાં ઉદ્ભૂતત્વ રહે તે વાતમાં કોઈ પ્રમાણ નથી. એટલે હવે સંયોગ એ ઉદ્ભૂત કહેવાય નહિ, અને તેથી શબ્દેતર જે ઉદ્ભૂત ગુણ, તે સંયોગ (કે વિભાગ) તો લઈ શકાય તેમ નથી, એટલે શબ્દેતર ઉદ્ભૂત ગુણ રૂપાદિ જ લેવાય, તેનો તો ચક્ષુરાદિ અનાશ્રય છે જ. એટલે 'વિશેષ' પદનો નિવેશ ન કરવામાં આવે તો પણ ચક્ષુરાદિમાં અવ્યાપ્તિ થઈ જતી નથી, પછી કેમ 'વિશેષ' પદ મૂક્યું ?

આના ઉત્તરમાં મુક્તાવલીકાર કહે છે કે ઉદ્ભૂતત્વ જો જાતિ હોય તો તે સંયોગમાં ન રહે અને તો જ ઉદ્ભૂત એવો સંયોગ ન બનતાં તેને લઈને અવ્યાપ્તિ ન આવે અને તેથી 'વિશેષ' પદની જરૂર ન રહે. પણ ઉદ્ભૂતત્વ એ જાતિ નથી કિન્તુ ઉપાધિ છે. અને તેથી ઉપાધિ તો સંયોગમાં રહી શકે છે. માટે ઉદ્ભૂત એવો સંયોગ બની શકે છે, એટલે તે ઉદ્ભૂત સંયોગ ચક્ષુરાદિનો અનાશ્રય નથી જ, માટે અવ્યાપ્તિ આવે અને તેને દૂર કરવા 'વિશેષ' પદ મૂકવું જ પડે. ઉદ્ભૂત સંયોગ એ વિશેષગુણ નથી માટે તેને હવે લેવાય જ નહિ. ઉદ્ભૂત વિશેષગુણ તો રૂપાદિ છે. તેનો તો ચક્ષુરાદિ ઈન્દ્રિયો અનાશ્રય છે જ, એટલે હવે એ અવ્યાપ્તિ ન આવે.

હવે આ વાતના મૂળમાં એ વિચારણા પડેલી છે કે ઉદ્ભૂતત્વ એ જાતિ છે કે ઉપાધિ?

આની સામે મુક્તાવલીકાર કહે છે કે ઉદ્ભૂતત્વ એ જાતિ નથી, કેમકે શુક્લત્વ સાથે તેનું સાંકર્ય આવે છે. શુક્લત્વને છોડીને ઉદ્ભૂતત્વ પ્રત્યક્ષ-ગન્ધમાં રહે છે. ઉદ્ભૂતત્વને છોડીને શુક્લત્વ પરમાણુના અનુદ્ભૂત શુક્લમાં રહે છે. અને ઉદ્ભૂતત્વ તથા શુક્લત્વ બે ય ઉદ્ભૂત શુક્લમાં રહે છે માટે ઉદ્ભૂતત્વ એ ઉપાધિ છે.

**પ્રશ્ન** : શુક્લત્વવ્યાપ્ય=ઉદ્ભૂતત્વ, નીલત્વવ્યાપ્ય-ઉદ્ભૂતત્વ, રક્તત્વવ્યાપ્ય-ઉદ્ભૂતત્વ એમ અનેક પ્રકારના ઉદ્ભૂતત્વ છે માટે અનેક ઉદ્ભૂતત્વ ઉપાધિઓ થશે ને ?

**ઉત્તર** : ના, તેમ માનવામાં 'ચાક્ષુષપ્રત્યક્ષ પ્રત્યે ઉદ્ભૂત રૂપ ઉદ્ભૂતરૂપત્વેન કારણ છે' એ નિયમ અનુપપન્ન થઈ જશે. **यत्र यत्र चाक्षुषप्रत्यक्षं तत्र तत्र उद्भूतरूपत्वेन एकेन धर्मेण उद्भूतरूपं कारणम् ।** અર્થાત્ જ્યાં ચાક્ષુષપ્રત્યક્ષ થાય છે ત્યાં જે ઉદ્ભૂત રૂપ કારણ છે તેની કારણતાનો અવચ્છેદક ધર્મ એક જ ઉદ્ભૂતરૂપત્વ છે. હવે જો શુક્લત્વાદિ વ્યાપ્ય અનેક ઉદ્ભૂતત્વ હોય તો સામાન્યતઃ ચાક્ષુષપ્રત્યક્ષ પ્રત્યે શુક્લત્વવ્યાપ્ય-ઉદ્ભૂતરૂપત્વેન ઉદ્ભૂત રૂપ કારણ બને, તો તે કારણ ઉદ્ભૂત નીલરૂપના ચાક્ષુષપ્રત્યક્ષમાં હાજર નહિ મળે અને ઉદ્ભૂત નીલરૂપનું ચાક્ષુષપ્રત્યક્ષ થઈ જતાં વ્યતિરેક-વ્યભિચાર આવશે. અને જો ઉદ્ભૂત નીલના ચાક્ષુષપ્રત્યક્ષ પ્રત્યે નીલત્વ-વ્યાપ્યોદ્ભૂતત્વેન રૂપેણ ઉદ્ભૂત નીલરૂપ કારણ બને તો તેની ઉદ્ભૂત શુક્લના ચાક્ષુષપ્રત્યક્ષ સ્થાને હાજરી નહિ મળતાં વ્યતિરેક-વ્યભિચાર આવશે.

એટલે એકેક તત્ તત્ ઉદ્ભૂતત્વને કારણતાવચ્છેદક કહી શકાય નહિ અને શુક્લત્વ-નીલત્વાદિ બધા યના વ્યાપ્ય એવા ઉદ્ભૂતત્વોનો કૂટ તો ક્યાંય મળી શકે જ નહિ, એટલે યાવદ્-ઉદ્ભૂતત્વકૂટ કારણતાવચ્છેદક બની શકે નહિ. અને તેથી કારણતાવચ્છેદક ન મળતાં શુક્લાદિ રૂપ ચાક્ષુષપ્રત્યક્ષનું કારણ જ ન બને, એટલે પછી ત્યાં ય ચાક્ષુષપ્રત્યક્ષ થાય જ નહિ. માટે શુક્લત્વાદિ-વ્યાપ્ય નાના ઉદ્ભૂતત્વરૂપ અનેક ઉપાધિઓ માની શકાય નહિ.

**પ્રશ્ન** : તો પછી ઉદ્ભૂતત્વ શું છે ?

**ઉત્તર** : શુક્લત્વાદિ વ્યાપ્ય નાના અનુદ્ભૂતત્વ છે અને તે બધા અનુદ્ભૂતત્વના અભાવનો કૂટ તે જ ઉદ્ભૂતત્વ છે. બધા અનુદ્ભૂતત્વના અભાવનો કૂટ તો સંયોગાદિમાં પણ છે જ, માટે અનુદ્ભૂતત્વના અભાવના કૂટરૂપ ઉદ્ભૂતત્વ સંયોગાદિમાં (આદિથી વિભાગ) મળી જાય એટલે સંયોગ ઉદ્ભૂત બની શકે છે.

જ્યારે આ રીતે સંયોગ એ ઉદ્ભૂત ગુણ બની શકે છે, એટલે હવે જો લક્ષણમાં 'વિશેષ' પદનો નિવેશ ન કરીએ તો શબ્દેતરોદ્ભૂત ગુણ=સંયોગ ગુણ, તેનો તો ચક્ષુરાદિ ઈન્દ્રિય આશ્રય જ છે, અનાશ્રય નથી. એટલે લક્ષણની અવ્યાપ્તિ આવે. 'વિશેષ' પદના નિવેશથી સંયોગરૂપ સામાન્ય ગુણ પકડાય નહિ. શબ્દેતર ઉદ્ભૂત વિશેષગુણ રૂપાદિ છે, તેનો ચક્ષુરાદિ અનાશ્રય છે જ. આમ લક્ષણની અવ્યાપ્તિ દૂર થઈ જાય છે.

**मुक्तावली : कालादिवारणाय विशेष्यदलम् । इन्द्रियावयवविषयसंयोग-स्यापि प्राचां मते प्रत्यक्षजनकत्वादिन्द्रियावयववारणाय, नवीनमते कालादौ रूपाभावप्रत्यक्षे सन्निकर्षघटकतया कारणीभूतचक्षुःसंयोगाश्रयस्य कालादेश्च वारणाय मनःपदम् ।**

**મુક્તાવલી :** હવે જો '**शब्देतरोद्भूतविशेषगुणानाश्रयत्वं इन्द्रियत्वम्**' એટલું જ કહે, અર્થાત્ 'જ્ઞાનકારણમનઃસંયોગાશ્રયત્વ' રૂપ વિશેષ્યદલનો લક્ષણમાં નિવેશ ન કરે તો ઈન્દ્રિયનું આ લક્ષણ કાલાદિમાં અતિવ્યાપ્ત થઈ જાય, કેમકે કાલાદિ પણ શબ્દેતરોદ્‌ભૂત વિશેષ ગુણ રૂપાદિના અનાશ્રય છે જ. વિશેષ્યદલના નિવેશથી આ અતિવ્યાપ્તિ નહિ આવે, કેમકે જ્ઞાનકારણમનઃસંયોગના આશ્રયરૂપ કાલાદિ નથી.

હવે 'મન' પદ ન મૂકે તો શું થાય ? તે વાત મુક્તાવલીકાર કહે છે. અહીં પ્રાચીનોના મતે 'મન' પદના અનિવેશથી આવતી આપત્તિ અને નવીનોના મતે આવતી આપત્તિ - એમ બે આપત્તિ આવે છે.

પ્રાચીનો ઈન્દ્રિયને જેમ પ્રત્યક્ષ(જ્ઞાન)જનક માને છે તેમ ઈન્દ્રિયાવયવોને પણ જ્ઞાનજનક માને છે, અર્થાત્ ઈન્દ્રિયાવયવો વિષયસંયોગ દ્વારા પ્રત્યક્ષ જ્ઞાન ઉત્પન્ન કરે છે એવી પણ તેમની માન્યતા છે. (નવીનો આમ માનતા નથી.) એટલે હવે જો 'મન' પદનો નિવેશ ન કરે અને 'જ્ઞાનકારણસંયોગાશ્રયત્વ' એટલું જ વિશેષ્યદલ લે તો ઈન્દ્રિયાવયવ પણ જ્ઞાનકારણસંયોગ = ઈન્દ્રિયાવયવવિષયસંયોગનો આશ્રય છે જ. એટલે આ રીતે ઈન્દ્રિયાવયવમાં લક્ષણની અતિવ્યાપ્તિ થઈ જાય. (ઈન્દ્રિયાવયવ એ કંઈ ઈન્દ્રિય નથી.) 'મન' પદના નિવેશથી આ અતિવ્યાપ્તિ દૂર થઈ જાય છે. જ્ઞાનકારણીભૂત જે મન, તેનો સંયોગ તો ઈન્દ્રિય સાથે છે, અવયવો સાથે નહિ. માટે તે ઈન્દ્રિયાવયવો જ્ઞાનકારણીભૂત મનઃસંયોગનો આશ્રય નથી જ.

નવીન-મતે 'મન' પદના અનિવેશથી કાલાદિમાં લક્ષણની અતિવ્યાપ્તિ થઈ જાય છે. કાલમાં રૂપ રહેતું નથી એટલે કાલમાં રૂપાભાવનું પ્રત્યક્ષ થઈ શકે છે. હવે **कालो रूपाभाववान्** એવા કાલમાં રૂપાભાવના પ્રત્યક્ષની વિચારણા કરીએ તો ત્યાં ચક્ષુઃસંયુક્ત કાલ છે, તેમાં વિશેષણ રૂપાભાવ છે એટલે રૂપાભાવમાં વિશેષણતા રહી.

આમ ચક્ષુ:સંયુક્તવિશેષણતાસંનિકર્ષથી કાલમાં રૂપાભાવનું પ્રત્યક્ષ થાય. આ સંનિકર્ષમાં ઘટકતયા ચક્ષુ:સંયોગ છે. એ ચક્ષુ:સંયોગ કાલ સાથે છે માટે એ ચક્ષુ:સંયોગનો આશ્રય કાલ બન્યો. આમ **कालो रूपाभाववान्** એવા જ્ઞાનમાં કારણીભૂત જે ચક્ષુ:સંયોગ, તેનો આશ્રય કાલ બની જતાં લક્ષણનું વિશેષ્યદલ કાલમાં ગયું અને સત્યન્ત દલ તો કાલમાં જાય છે **જ**, એટલે લક્ષણની અતિવ્યાપ્તિ થઈ. 'મન' પદના નિવેશથી આ અતિવ્યાપ્તિ દૂર થઈ જાય છે, કેમકે કાલ એ જ્ઞાનકારણચક્ષુ:સંયોગનો આશ્રય હોવા છતાં જ્ઞાનકારણ જે મન, તેના સંયોગનો આશ્રય તો નથી જ. મનનો સંયોગ તો આત્મા સાથે છે.

---

**मुक्तावली : ज्ञानकारणमित्यपि तद्वारणाय । करणमिति । असाधारणं कारणं करणम् । असाधारणत्वं व्यापारवत्त्वम् ॥**

---

**મુક્તાવલી :** હવે જો **જ્ઞાનકારણ** પદનો નિવેશ ન કરે તો ફરી કાલમાં જ લક્ષણની અતિવ્યાપ્તિ આવે, કેમકે હવે 'મન:સંયોગાશ્રયત્વ' એટલું જ વિશેષ્યદલ રહ્યું. કાલ એ મન:સંયોગનો તો આશ્રય છે જ, કેમકે કાલ વિભુ છે અને સત્યન્ત દલ તો કાલમાં જાય છે જ. એટલે લક્ષણની અતિવ્યાપ્તિ આવી. હવે જ્ઞાનકારણીભૂત એવા મન:સંયોગનો આશ્રય કહ્યો એટલે આ અતિવ્યાપ્તિ નહિ આવે, કેમકે કાલ એ મન:સંયોગનો આશ્રય હોવા છતાં જ્ઞાનમાં કારણીભૂત મન:સંયોગનો તો તે આશ્રય નથી જ. જ્ઞાનકારણીભૂત મન:સંયોગ તે આત્મમન:સંયોગ છે, તેનો આશ્રય તો મન અને આત્મા જ છે. આમ હવે લક્ષણની અતિવ્યાપ્તિ આવતી નથી.

અસાધારણ કારણને કરણ કહેવાય છે. જે કારણ વ્યાપારવત્ હોય તે કારણ અસાધારણ કહેવાય છે. પ્રત્યક્ષ કાર્ય પ્રત્યે ઇન્દ્રિયરૂપ કારણને કરણ કહેવાય, કેમકે ઈન્દ્રિય એ સંનિકર્ષ દ્વારા પ્રત્યક્ષ કાર્ય કરે છે, માટે સંનિકર્ષ એ વ્યાપાર થયો. આ વ્યાપારવાળું ઈન્દ્રિય-કારણ છે. માટે તે અસાધારણ કારણ કહેવાય અને તેથી તે કરણ કહેવાય.

સંનિકર્ષ એ કારણ જ કહેવાય પણ કરણ ન કહેવાય, કેમકે સંનિકર્ષ પોતે જ વ્યાપાર છે, એનો વળી કોઈ વ્યાપાર નથી. જો તેમ હોત તો તે વ્યાપારવત્ બનીને અસાધારણ કારણ બનત. તેથી તેને પણ કરણ કહેવાત. પણ તેવું નથી.

कारिकावली : विषयेन्द्रियसम्बन्धो व्यापारः सोऽपि षड्विधः ।
द्रव्यग्रहस्तु संयोगात्संयुक्तसमवायतः ॥५९॥
द्रव्येषु समवेतानां तथा तत्समवायतः ।
तत्रापि समवेतानां शब्दस्य समवायतः ॥६०॥
तद्वृत्तीनां समवेतसमवायेन तु ग्रहः ।
प्रत्यक्षं समवायस्य विशेषणतया भवेत् ॥६१॥
विशेषणतया तद्वदभावानां ग्रहो भवेत् ।

मुक्तावली : विषयेन्द्रियेति । व्यापारः सन्निकर्षः । षड्विधं सन्निकर्षमुदाहरणद्वारा प्रदर्शयति - द्रव्यग्रह इति । द्रव्यप्रत्यक्षमिन्द्रियसंयोगजन्यम् । द्रव्यसमवेतप्रत्यक्षमिन्द्रियसंयुक्तसमवायजन्यम् । एवमग्रेऽपि ।

**મુક્તાવલી :** વિષય અને ઈન્દ્રિયનો સંબંધ એ વ્યાપાર છે. એ પણ છ પ્રકારે છે.

(૧) દ્રવ્યનું પ્રત્યક્ષ ઈન્દ્રિયસંયોગસંબંધથી થાય.

(૨) દ્રવ્યસમવેતનું પ્રત્યક્ષ ઈન્દ્રિયસંયુક્તસમવાયસંબંધથી થાય.

(૩) દ્રવ્યસમવેતસમવેતનું પ્રત્યક્ષ ઈન્દ્રિયસંયુક્તસમવેતસમવાયસંબંધથી થાય.

(૪) શબ્દનું પ્રત્યક્ષ ઈન્દ્રિયસમવાયસંબંધથી થાય.

(૫) શબ્દસમવેતનું પ્રત્યક્ષ ઈન્દ્રિયસમવેતસમવાયસંબંધથી થાય.

(૬) સમવાય અને અભાવનું પ્રત્યક્ષ વિશેષણતાસંબંધથી થાય.

આમ છ પ્રકારના સંનિકર્ષ છે જેની મદદથી ઈન્દ્રિયો પ્રત્યક્ષ જ્ઞાન કરે છે.

मुक्तावली : वस्तुतस्तु द्रव्यचाक्षुषं प्रति चक्षुःसंयोगः कारणं, द्रव्यसमवेतचाक्षुषं प्रति चक्षुःसंयुक्तसमवायः कारणं, द्रव्यसमवेतसमवेतचाक्षुषं प्रति चक्षुःसंयुक्तसमवेतसमवायः । एवमन्यत्रापि विशिष्यैव कार्यकारणभावः ।

**મુક્તાવલી : પ્રશ્ન :** તમે કહ્યું કે ઈન્દ્રિયના સંયોગથી દ્રવ્યનું પ્રત્યક્ષ થાય ઈત્યાદિ. તો પછી અંધકારમાં સ્પર્શનેન્દ્રિય અને ઘટનો સંયોગ થતાં ઘટદ્રવ્યનું ચાક્ષુષપ્રત્યક્ષ પણ

થઈ જશે, કેમકે દ્રવ્યપ્રત્યક્ષમાં ઈન્દ્રિયસંયોગને તમે કારણ કહ્યો છે. અહીં ઘટ અને સ્પર્શનેન્દ્રિયના સંયોગ સ્વરૂપ કારણ મોજૂદ છે એટલે તેનાથી ચાક્ષુષ દ્રવ્યપ્રત્યક્ષ કેમ ન થાય ? અહીં અન્વય-વ્યભિચાર આવ્યો.

**ઉત્તર :** સારું, તો હવે અમે વિશેષરૂપથી દરેક ઈન્દ્રિયના પ્રત્યક્ષના કારણો કહીશું.

૧. દ્રવ્યચાક્ષુષ પ્રત્યે ચક્ષુઃસંયોગ કારણ છે.

૨. દ્રવ્યસમવેતચાક્ષુષ પ્રત્યે ચક્ષુસંયુક્તસમવાયસંબંધ કારણ છે.

૩. દ્રવ્યસમવેતસમવેતચાક્ષુષ પ્રત્યે ચક્ષુસંયુક્તસમવેતસમવાય કારણ છે.

આ જ રીતે સ્પાર્શનાદિ પ્રત્યક્ષમાં પણ સમજી લેવું.

---

**मुक्तावली : परन्तु पृथिवीपरमाणुनीले नीलत्वं पृथिवीपरमाणौ पृथ्वीत्वं च चक्षुषा कथं न गृह्यते ? तत्र परम्परयोद्भूतरूपसम्बन्धस्य महत्त्वसम्बन्धस्य च सत्त्वात् । तथाहि-नीले नीलत्वजातिरेकैव घटनीले परमाणुनीले च वर्तते, तथा च महत्त्वसम्बन्धो घटनीलमादाय वर्तते, उद्भूतरूपसम्बन्धस्तू-भयमादायैव वर्तते । एवं पृथिवीपरमाणौ पृथिवीत्वेऽपि घटादिकमादाय महत्त्वसम्बन्धो बोध्यः । एवं वायौ तदीयस्पर्शादौ च सत्तायाश्चाक्षुषप्रत्यक्षं स्यात् ।**

---

**મુક્તાવલી : પ્રશ્ન :** (૧) પરમાણુના નીલરૂપમાં જે નીલત્વ જાતિ છે તેનું ચાક્ષુષપ્રત્યક્ષ કેમ ન થાય ? તમે કદાચ કહેશો કે ચાક્ષુષપ્રત્યક્ષ જેનું કરવું હોય ત્યાં ઉદ્‌ભૂત રૂપ અને મહત્ત્વ પણ સાક્ષાત્ કે પરંપરયા સંબંધથી જવું જોઈએ, તો અમે કહીશું કે પરમાણુના નીલરૂપમાં જે નીલત્વ છે ત્યાં મહત્ત્વ અને ઉદ્‌ભૂત રૂપ બે ય પરંપરાસંબંધથી જાય છે જ. માટે પરમાણુના નીલરૂપમાં રહેલા નીલત્વનું ચાક્ષુષપ્રત્યક્ષ કેમ ન થાય ?

પરમાણુના નીલરૂપના નીલત્વમાં મહત્ત્વ અને ઉદ્‌ભૂત રૂપ પરંપરયા પણ શી રીતે જાય છે ? એવું જો તમે પૂછો તો એનું સમાધાન એ છે કે પરમાણુનીલમાં જે નીલત્વ છે તે જ નીલત્વ ઘટનીલમાં છે, કેમકે નીલત્વ જાતિ તો એક જ છે. હવે જે ઘટના નીલમાં નીલત્વ છે તે ઘટમાં મહત્ત્વ છે જ. તે મહત્ત્વ સ્વસમવાયિ(ઘટ)સમવેત(નીલરૂપ) સમવેતત્વ(નીલત્વ) સંબંધથી ઘટનીલમાં રહેલા નીલત્વમાં પહોંચી ગયું. આ જ નીલત્વ

પરમાણુનીલમાં છે એટલે ત્યાં પણ મહત્ત્વ પહોંચી ગયું. આમ અમે ઘટનીલને લઈને મહત્ત્વને ઘટનીલના કે પરમાણુનીલના નીલત્વમાં પહોંચાડી દીધું.

હવે ઉદ્ભૂત રૂપ પણ પરમાણુનીલના નીલત્વમાં પહોંચી જાય છે તે જોઈએ. અહીં તો ઘટમાં જેમ ઉદ્ભૂત રૂપ છે તેમ પરમાણુમાં પણ ઉદ્ભૂત રૂપ છે જ. એટલે ઘટના કે પરમાણુના કોઈના પણ ઉદ્ભૂત રૂપને લઈને સ્વ(ઉદ્ભૂત રૂપ)સમવાયિ(ઘટ-પરમાણુ) સમવેત(નીલ)સમવેતત્વ(નીલત્વમાં)સંબંધથી ઉદ્ભૂત રૂપ નીલત્વમાં પહોંચી જાય છે.

આમ મહત્ત્વ અને ઉદ્ભૂત રૂપ બે ય પરમાણુનીલના નીલત્વમાં પહોંચી જાય છે તો પરમાણુનીલના નીલત્વનું પ્રત્યક્ષ કેમ ન થાય ?

(૨) હવે એ જ રીતે પૃથ્વી-પરમાણુમાં જે પૃથ્વીત્વ છે તેનું પણ પ્રત્યક્ષ કેમ ન થાય? કેમકે જે પૃથ્વીત્વ ઘટપૃથ્વીમાં છે તે જ પૃથ્વીત્વ પરમાણુપૃથ્વીમાં છે, કેમકે પૃથ્વીત્વ જાતિ તો એક જ છે. એટલે ઘટમાં જે મહત્ત્વ છે કે ઉદ્ભૂત રૂપ છે તે બે ય સ્વ(મહત્ત્વ કે ઉદ્ભૂત રૂપ)આશ્રય (ઘટ પૃથ્વી) સમવેતત્વ(પૃથ્વીત્વમાં)સંબંધથી ઘટ-પૃથ્વીના પૃથ્વીત્વમાં ગયા, અર્થાત્ પરમાણુપૃથ્વીના પૃથ્વીત્વમાં ગયા, તો પછી હવે પરમાણુપૃથ્વીના પૃથ્વીત્વનું પ્રત્યક્ષ કેમ ન થાય ?

(૩) વળી આ જ રીતે વાયુમાં રહેલી સત્તાનું પણ ચાક્ષુષપ્રત્યક્ષ થઈ જવું જોઈએ, કેમકે ઘટગત-સત્તા અને વાયુગત-સત્તા એક જ છે. મહત્ત્વ અને ઉદ્ભૂત રૂપ બે ય ઘટમાં છે. તે બે ય સ્વ(મહત્ત્વ-ઉદ્ભૂત રૂપ)આશ્રય(ઘટ)સમવેતત્વ સંબંધથી સત્તામાં પહોંચી જાય છે. ઘટનિષ્ઠ સત્તા અને વાયુનિષ્ઠ સત્તા એક જ છે એટલે વાયુની સત્તાનું પણ ચાક્ષુષપ્રત્યક્ષ થવાની શક્યતા છે. એ જ રીતે વાયુના સ્પર્શમાં રહેલી સત્તાનું પણ ચાક્ષુષપ્રત્યક્ષ થઈ જવું જોઈએ, કેમકે ઘટસ્પર્શગત સત્તા અને વાયુસ્પર્શગત સત્તા એક જ છે. એટલે ઘટગત મહત્ત્વ અને ઉદ્ભૂત રૂપ જો સ્વાશ્રયસમવેતસમવાયસંબંધથી ઘટસ્પર્શનિષ્ઠ સત્તામાં પહોંચે છે તો વાયુસ્પર્શનિષ્ઠ સત્તામાં પણ પહોંચી જ જાય છે. માટે વાયુસ્પર્શનિષ્ઠ સત્તાનું પણ ચાક્ષુષપ્રત્યક્ષ થવું જોઈએ.

---

**मुक्तावली : तस्मादुद्भूतरूपावच्छिन्नमहत्त्वावच्छिन्नचक्षुःसंयुक्तसमवायस्य द्रव्यसमवेतचाक्षुषप्रत्यक्षे, तादृशचक्षुःसंयुक्तसमवेतसमवायस्य द्रव्यसमवेतसमवेतचाक्षुषे कारणत्वं वाच्यम् । इत्थं च परमाणुनीलादौ न नीलत्वादिग्रहः, परमाणौ चक्षुःसंयोगस्य महत्त्वावच्छिन्नत्वाभावात् ।**

---

**મુક્તાવલી :** ઉત્તર : આ આપત્તિ દૂર કરવા માટે હવે અમે એમ નહિ કહીએ કે, 'દ્રવ્યસમવેતના પ્રત્યક્ષમાં ચક્ષુસંયુક્તસમવાયસંબંધ કારણ છે અને મહત્ત્વ તથા ઉદ્ભૂત રૂપ પણ કારણ છે.' આ રીતે મહત્ત્વાદિને જુદા કારણ તરીકે કહીએ તો જ ઉપરની આપત્તિ આવે. એટલે હવે અમે એમ કહીશું કે ઉદ્ભૂતરૂપાવચ્છિન્ન+મહત્ત્વાવચ્છિન્ન જે ચક્ષુસંયુક્તસમવાયસંબંધ તે દ્રવ્યસમવેતના ચાક્ષુષપ્રત્યક્ષમાં કારણ છે. એ જ રીતે ઉદ્ભૂતરૂપાવચ્છિન્ન+મહત્ત્વાવચ્છિન્ન જે ચક્ષુસંયુકતસમવેતસમવાય સંબંધ તે જ દ્રવ્યસમવેતસમવેતના ચાક્ષુષ-પ્રત્યક્ષમાં કારણ છે.

હવે ઉપરની આપત્તિઓ નહિ આવે. મહત્ત્વ અને ઉદ્ભૂત રૂપ ચક્ષુસંયુક્ત ઘટમાં જ છે, પરમાણુમાં નથી. માટે ઘટસમવેતરૂપાદિ ગુણનું પ્રત્યક્ષ થાય, કેમકે ત્યાં મહત્ત્વ-ઉદ્ભૂતરૂપાવચ્છિન્ન એવો ઘટસંયુકતસમવાયસંબંધ કારણ તરીકે હાજર છે. પણ પરમાણુમાં સમવેત રૂપનું પ્રત્યક્ષ નહિ થાય, કેમકે પરમાણુ એ મહત્ત્વ-ઉદ્ભૂતરૂપાવચ્છિન્ન એવો નથી, એટલે મહત્ત્વ-ઉદ્ભૂતરૂપાવચ્છિન્ન એવો ચક્ષુસંયુક્ત-સમવાયસંબંધ જ અહીં નથી.

એ જ રીતે ઘટસમવેતનીલસમવેતનીલત્વાદિનું પ્રત્યક્ષ થાય, કેમકે ઘટ એ મહત્ત્વ-ઉદ્ભૂતરૂપાવચ્છિન્ન એવું ચક્ષુસંયુક્ત દ્રવ્ય છે. એટલે ત્યાં મહત્વ-ઉદ્ભૂતરૂપાવચ્છિન્ન ચક્ષુસંયુકતદ્રવ્યસમવેતસમવેતત્વરૂપ સંબંધ નીલત્વમાં મળી જાય છે. પણ પરમાણુનીલગત નીલત્વનું પ્રત્યક્ષ નહિ થાય, કેમકે ત્યાં પરમાણુ એ મહત્ત્વ-ઉદ્ભૂત-રૂપાવચ્છિન્ન એવું ચક્ષુસંયુક્ત દ્રવ્ય નથી. તેથી ત્યાં મહત્ત્વ-ઉદ્ભૂતરૂપાવચ્છિન્ન ચક્ષુસંયુક્તસમવેતસમવેતત્વ સંબંધ નીલત્વમાં મળતો જ નથી.

---

**मुक्तावली : एवं वाय्वादौ न सत्तादिचाक्षुषं, तत्र चक्षुःसंयोगस्य रूपावच्छिन्नत्वाभावात् । एवं यत्र घटस्य मध्यावच्छेदेनालोकसंयोगः, चक्षुसंयोगस्तु बाह्यावच्छेदेन तत्र घटप्रत्यक्षाभावादालोकसंयोगावच्छिन्नत्वं चक्षुःसंयोगे विशेषणं देयम् ।**

---

**મુક્તાવલી :** એ જ રીતે વાયુમાં સત્તાનું ચાક્ષુષપ્રત્યક્ષ નહિ થાય, કેમકે ઘટ એ મહત્ત્વ-ઉદ્ભૂત-રૂપાવચ્છિન્ન ચક્ષુસંયુક્ત દ્રવ્ય છે, માટે ઘટગતસત્તામાં મહત્ત્વ-ઉદ્ભૂતરૂપાવચ્છિન્ન ચક્ષુસંયુક્તસમવાયસંબંધ મળી રહે છે. પણ વાયુ એ મહત્ત્વ-ઉદ્ભૂતરૂપાવચ્છિન્ન ચક્ષુસંયુકત દ્રવ્ય નથી, માટે વાયુનિષ્ઠસત્તામાં મહત્ત્વ-

ઉદ્ભૂતરૂપાવચ્છિન્નદ્રવ્ય સમવેતત્વ સ્વરૂપ સંબંધ નથી, એટલે વાયુની સત્તાનું પ્રત્યક્ષ નહિ જ થાય.

આ જ રીતે વાયુગત-સ્પર્શગત સત્તાનું પણ સમજી લેવું.

પણ આટલું જ કહેવાથી કામ પૂર્ણ થતું નથી, અર્થાત્ **महत्त्व-उद्भूतरूपावच्छिन्न-चक्षु:संयोगः द्रव्यप्रत्यक्षं प्रति कारणम् । महत्त्वोद्भूतरूपावच्छिन्नचक्षु:संयुक्तसमवायः द्रव्यसमवेतप्रत्यक्षं प्रति कारणम् । महत्त्वोद्भूतरूपावच्छिन्नचक्षु:संयुक्तसमवेत-समवायसम्बन्धः द्रव्यसमवेतसमवेतप्रत्यक्षं प्रति कारणम् ।** એટલું કહેવાથી પણ એક આપત્તિ આવે છે. તે આ રીતે:

ઘટને અંદરના ભાગમાં આલોકસંયોગ છે અને આગલા ભાગમાં આલોકસંયોગ નથી, માત્ર ચક્ષુ:સંયોગ છે. હવે અહીં આ જે ચક્ષુ:સંયોગ છે તે મહત્ત્વ-ઉદ્ભૂત-રૂપાવચ્છિન્ન ચક્ષુ:સંયોગ છે છતાં ઘટનું પ્રત્યક્ષ થતું નથી. એટલે આ અન્વય-વ્યભિચાર દોષ દૂર કરવા માટે 'જ્યાં ચક્ષુ:સંયોગ હોય ત્યાં જ આલોકસંયોગ હોવો જોઈએ' એમ પણ કહેવું જોઈએ. એટલે હવે **महत्त्व-उद्भूतरूपालोकसंयोगावच्छिन्नचक्षु:संयोगः द्रव्यप्रत्यक्षं प्रति कारणम् । महत्त्वोद्भूतरूपालोकसंयोगावच्छिन्नचक्षु:संयुक्तसमवायः द्रव्यसमवेतप्रत्यक्षं प्रति कारणम् । महत्त्वोद्भूतरूपालोकसंयोगावच्छिन्नचक्षु:संयुक्त-समवेतसमवायसम्बन्धः द्रव्यसमवेतसमवेतप्रत्यक्षं प्रति कारणम् ।** એમ કહેવું જોઈએ.

---

**मुक्तावली : एवं द्रव्यस्पार्शनप्रत्यक्षे त्वक्संयोगः कारणम्, द्रव्यसमवेत-स्पार्शनप्रत्यक्षे त्वक्संयुक्तसमवायः कारणम्, द्रव्यसमवेतसमवेतस्पार्शन-प्रत्यक्षे त्वक्संयुक्तसमवेतसमवायः कारणम् । अत्रापि महत्त्वावच्छिन्नत्व-मुद्भूतस्पर्शावच्छिन्नत्वं च पूर्ववदेव बोध्यम् ।**

---

**મુક્તાવલી :** આપણે અહીં જેમ જુદા જુદા ચાક્ષુષપ્રત્યક્ષ પ્રત્યે જુદા જુદા સંનિકર્ષોની કારણતા જોઈ તેમ દ્રવ્ય-સ્પાર્શનપ્રત્યક્ષાદિ પ્રત્યેની તે તે સંનિકર્ષની કારણતા પણ વિચારીએ. તે આ રીતે :

**द्रव्यस्पार्शनप्रत्यक्षे त्वक्संयोगः कारणम् ।**

**द्रव्यसमवेतस्पार्शनप्रत्यक्षे त्वक्संयुक्तसमवायः कारणम् ।**

**द्रव्यसमवेतसमवेतस्पार्शनप्रत्यक्षे त्वक्संयुक्तसमवेतसमवायसम्बन्धः कारणम् ।**

અહીં પણ કારણરૂપ સંબંધમાં મહત્ત્વાવચ્છિન્નત્વ અને ઉદ્ભૂતરૂપાવચ્છિન્નત્વ ઉમેરવું. સ્પાર્શનપ્રત્યક્ષમાં આલોકસંયોગની જરૂર નથી માટે આલોકસંયોગાવચ્છિન્નત્વ ઉમેરવાની જરૂર નથી.

---

**मुक्तावली : एवं गन्धप्रत्यक्षे घ्राणसंयुक्तसमवायः । गन्धसमवेतस्य घ्राणजन्यप्रत्यक्षे घ्राणसंयुक्तसमवेतसमवायः कारणम् । एवं रसप्रत्यक्षे रसनासंयुक्तसमवायः । रससमवेतरासनप्रत्यक्षे रसनासंयुक्तसमवेतसमवायः कारणम् ।**

---

**મુક્તાવલી :** આ જ રીતે (ઉપર પ્રમાણે) ગન્ધ અને રસના પ્રત્યક્ષમાં સમજી લેવું.

---

**मुक्तावली : शब्दप्रत्यक्षे श्रोत्रावच्छिन्नसमवायः कारणम्, शब्दसमवेत-श्रावणप्रत्यक्षे श्रोत्रावच्छिन्नसमवेतसमवायः कारणम् । अत्र सर्वं प्रत्यक्षं लौकिकं बोध्यम् । वक्ष्यमाणमलौकिकप्रत्यक्षमिन्द्रियसंयोगादिकं विनापि भवति । एवमात्मप्रत्यक्षे मनःसंयोगः, आत्मसमवेतमानसप्रत्यक्षे मनःसंयुक्त-समवायः, आत्मसमवेतसमवेतमानसप्रत्यक्षे मनःसंयुक्तसमवेतसमवायः कारणम् ।**

---

**મુક્તાવલી :** હવે શબ્દપ્રત્યક્ષમાં વિચારીએ.

આકાશસ્વરૂપ શ્રોત્રેન્દ્રિયમાં શબ્દ સમવાયસંબંધથી રહે છે માટે **शब्दश्रावणप्रत्यक्षे श्रोत्रसमवायः कारणम् । शब्दसमवेत( शब्दत्वादि )श्रावणप्रत्यक्षे श्रोत्रसमवेत-समवायः कारणम् ।**

આ બધા પ્રત્યક્ષ લૌકિક જાણવા, કેમકે આગળ જે અલૌકિક પ્રત્યક્ષ કહેવાના છીએ તે તો ઈન્દ્રિયસંયોગાદિ વિના પણ થઈ જાય છે.

**आत्मनः मानसप्रत्यक्षे मनःसंयोगः कारणम् । आत्मसमवेत( ज्ञानादि )-मानसप्रत्यक्षं प्रति मनःसंयुक्तसमवायः कारणम् । आत्मसमवेतसमवेत( ज्ञानत्वादि ) मानसप्रत्यक्षं प्रति मनःसंयुक्तसमवेतसमवायसम्बन्धः कारणम् ।**

---

**मुक्तावली : अभावप्रत्यक्षे समवायप्रत्यक्षे चेन्द्रियसम्बद्धविशेषणता हेतुः ।**

वैशेषिकमते तु समवायो न प्रत्यक्षः । अत्र यद्यपि विशेषणता नानाविधा । तथाहि-भूतलादौ घटाद्यभावः स्वसंयुक्तविशेषणतया गृह्यते । संख्यादौ रूपाद्यभावः स्वसंयुक्तसमवेतविशेषणतया, संख्यात्वादौ रूपाद्यभावः स्वसंयुक्तसमवेतसमवेतविशेषणतया, शब्दाभावः केवलश्रोत्रावच्छिन्न-विशेषणतया, कादौ खत्वाद्यभावः श्रोत्रावच्छिन्नसमवेतविशेषणतया, एवं कत्वाद्यवच्छिन्नाभावे गत्वाभावादिकं श्रोत्रावच्छिन्नविशेषणविशेषणतया, एवं घटाभावादौ पटाभावः चक्षुःसंयुक्तविशेषणविशेषणतया, एवमन्यत्राऽप्यूह्यम् । तथापि विशेषणतात्वेन रूपेण एकैव सा गण्यते । अन्यथा षोढा सन्निकर्ष इति प्राचां प्रवादो व्याहन्येतेति ॥

---

**મુક્તાવલી : વિશેષણતા સંન્નિકર્ષ :** અભાવ અને સમવાયના પ્રત્યક્ષમાં ઈન્દ્રિયસંબદ્ધ(દ્રવ્ય)વિશેષણતા સંબંધ કારણ છે.

(૧) <u>તન્તુસમવાય</u>વાન્ પટઃ । વિશેષણ

(૨) <u>ઘટાભાવ</u>વદ્ ભૂતલમ્ । વિશેષણ

આ બે ય સ્થાને ઈન્દ્રિય પટ કે ભૂતલને સમ્બદ્ધ બને છે. પટ તથા ભૂતલમાં અનુક્રમે તન્તુસમવાય તથા ઘટાભાવ વિશેષણ છે, માટે તન્તુસમવાયમાં અને ઘટાભાવમાં વિશેષણતા રહી. એટલે ઈન્દ્રિયસમ્બદ્ધ(પટ-ભૂતલ)વિશેષણતા સંબંધથી તન્તુસમવાયનું તથા ઘટાભાવનું પ્રત્યક્ષ થાય.

વૈશેષિક મતે સમવાયનું પ્રત્યક્ષ મનાતું નથી.

વિશેષણતાઓ=વિશેષણતા-સંબંધો અનેક પ્રકારના છે છતાં તે બધા યનો એક જ વિશેષણતા-સંબંધમાં સમાવેશ કરી લેવામાં આવે છે. એટલે વિશેષણતા-સંબંધ એક જ છે એમ કહેવાય.

વિશેષણતા-સંબંધ અનેક પ્રકારના શી રીતે છે ? તે બતાવે છે :

(૧) ભૂતલમાં ઘટાભાવ — ઈન્દ્રિય સ્વ<u>સંયુક્તવિશેષણતા</u> સંબંધથી ઘટાભાવમાં રહે.

<u>ઘટાભાવ</u>વદ્ ભૂતલમ્ ।

વિશેષણ

(૨) સંખ્યામાં રૂપાભાવ — ઈન્દ્રિય સ્વ<u>સંયુક્તસમવેતવિશેષણતા</u> સંબંધથી

| | |
|---|---|
| **<u>रूपाभाव</u>वती संख्या ।** | રૂપાભાવમાં રહે. |
| વિશેષણ | |
| (૩) સંખ્યાત્વમાં રૂપાભાવ | ઈન્દ્રિય સ્વ<u>સંયુક્તસમવેતસમવેતવિશેષણતા</u> |
| **<u>रूपाभाव</u>वत् संख्यात्वम् ।** | સંબંધથી રૂપાભાવમાં રહે. |
| વિશેષણ | |
| (૪) શબ્દાભાવ | ઈન્દ્રિય <u>શ્રોત્રાવ</u>ચ્છિન્ન<u>વિશેષણતા</u> સંબંધથી |
| **<u>शब्दाभाव</u>वत् आकाशम् ।** | શબ્દાભાવમાં રહે. |
| વિશેષણ | |
| (૫) **क** માં '**ख**' ત્વાભાવ | ઈન્દ્રિય શ્રોત્રાવચ્છિન્ન<u>સમવેતવિશેષણતા</u> |
| **<u>खत्वाभाव</u>वत् कम् ।** | સંબંધથી **ख** ત્વાભાવમાં રહે. |
| વિશેષણ | |
| (૬) '**क**' અભાવમાં '**ग**'ત્વાભાવ | ઈન્દ્રિય શ્રોત્રાવચ્છિન્નવિશેષણવિશેષણતા |
| **<u>गत्वाभाव</u>वान् क-अभावः ।** | સંબંધથી ગત્વાભાવમાં રહે. |
| વિશેષણ | |
| **( <u>काभाव</u>वत् आकाशम् ।)** | (આકાશમાં **क** નો અભાવ છે, અને **क** ના |
| વિશેષણ | અભાવમાં **गत्व** નો અભાવ છે.) |
| (૭) ઘટાભાવમાં પટાભાવ | ઈન્દ્રિય સ્વ<u>સંયુક્તવિશેષણવિશેષણતા</u> |
| **<u>पटाभाव</u>वान् घटाभावः ।** | સંબંધથી પટાભાવમાં રહે. |
| વિશેષણ | ભૂતલમાં ઘટાભાવ છે, તે ઘટાભાવમાં પટ નથી, અર્થાત્ ઘટાભાવમાં પટાભાવ છે. |

આમ અનેક પ્રકારના વિશેષણતા-સંનિકર્ષ થાય છે. પણ તે બધા યનો એક જ વિશેષણતા-સંનિકર્ષમાં સમાવેશ કરી લેવો જોઈએ. જો આમ ન કરીએ અને સાત વિશેષણતા-સંનિકર્ષ માનીએ તો 'સંનિકર્ષો છ પ્રકારના છે' એવો પ્રાચીનોનો મત ખંડિત થઈ જાય. સાતેય વિશેષણતાને એક જ વિશેષણતા-સંનિકર્ષ માનીએ તો જ આ મતનું રક્ષણ થાય, કેમકે પાંચ સંયોગાદિ સંનિકર્ષ અને છઠ્ઠો વિશેષણ સંનિકર્ષ-એમ કુલ છ સંનિકર્ષ થઈ જાય.

कारिकावली : यदि स्यादुपलभ्येतेत्येवं यत्र प्रसज्यते ॥६२॥


मुक्तावली : यदि स्यादुपलभ्येत इति । अत्राभावप्रत्यक्षे योग्यानुपलब्धिः कारणम् । तथाहि-भूतलादौ घटादिज्ञाने जाते घटाभावादिकं न ज्ञायते, तेनाभावोपलम्भे प्रतियोग्युपलम्भाभावः कारणम् ।

**મુક્તાવલી : યોગ્યાનુપલબ્ધિ :** મીમાંસકો સમવાય નામનો પદાર્થ માનતા જ નથી અને 'અભાવનું જ્ઞાન પ્રત્યક્ષાત્મક છે' તે વાત પણ માનતા નથી. જ્યારે તેમના મતે ઘટાભાવ-જ્ઞાન એ પ્રત્યક્ષાત્મક નથી ત્યારે ઘટાભાવના જ્ઞાનમાં વિશેષણતા-સંનિકર્ષ પણ તેઓ ન જ માને એ સહજ છે અને ઈન્દ્રિયને ઘટાભાવ-જ્ઞાનમાં કરણ ન માને તે પણ સહજ છે, કેમકે ઇન્દ્રિય તો પ્રત્યક્ષાત્મક જ્ઞાન પ્રત્યે કરણ બને છે.

એમના મતે તો ભૂતલમાં ઘટાભાવનું જે જ્ઞાન થાય છે તેમાં કરણ તરીકે ઘટની અનુપલબ્ધિ છે, અર્થાત્ ભૂતલ ઉપર ઘટના ઉપલંભ(જ્ઞાન)નો જે અભાવ, તેનાથી ભૂતલ ઉપર ઘટના અભાવનું જ્ઞાન થાય છે, અર્થાત્ ભૂતલ ઉપર ઘટનો જે અનુપલંભ તે જ ઘટાભાવનું જ્ઞાન છે અને તે અનુપલબ્ધિરૂપ કરણથી થાય છે. કરણ એટલે પ્રમાણ. આમ તેમણે અનુપલબ્ધિ નામનું પાંચમું પ્રમાણ માન્યું છે કે જેથી અભાવની પ્રમા થાય છે.

આની સામે નૈયાયિકો કહે છે કે આ રીતે અનુપલબ્ધિને પાંચમું પ્રમાણ માનવામાં ગૌરવ છે, કેમકે ભૂતલ ઉપર ઘટાભાવાદિ ઈન્દ્રિયથી જ્યારે દેખાય છે જ ત્યારે શા માટે તે ઘટાભાવાદિનું જ્ઞાન ઇન્દ્રિયપ્રત્યક્ષાત્મક ન માનવું ? અને ઘટની અનુપલબ્ધિ, એને સ્વતંત્ર પ્રમાણ માનવા કરતાં ઘટાભાવપ્રત્યક્ષ પ્રત્યે સહકારિકારણ કેમ માની ન લેવું ?

આ રીતે મીમાંસકો અભાવ પ્રત્યે અનુપલબ્ધિને (અતિરિક્ત) પ્રમાણ માને છે અને નૈયાયિકો સહકારિકારણ માને છે.



હવે આ અનુપલબ્ધિ શું છે ? અને શા માટે તેને નૈયાયિકો અભાવપ્રત્યક્ષ પ્રત્યે સહકારિકારણ તરીકે માને છે ? તે પંક્તિપૂર્વક વિચારીએ.

'ભૂતલ ઉપર ઘટ છે' એવું જ્ઞાન જ્યાં સુધી રહે ત્યાં સુધી ભૂતલ ઉપર ઘટાભાવનું પ્રત્યક્ષ ચક્ષુરિન્દ્રિયથી થઈ શકતું નથી. એટલે અભાવપ્રત્યક્ષમાં જો માત્ર ચક્ષુરિન્દ્રિય કારણ હોત તો ભૂતલઘટનું જ્ઞાન હોવા છતાં ભૂતલ ઉપર ઘટાભાવનું પ્રત્યક્ષ થઈ જાત. પણ તેમ નથી, કેમકે ઈન્દ્રિય અને તેના ભૂતલ સાથેના સંબંધ માત્રથી ઘટાભાવનું પ્રત્યક્ષ થતું નથી એ બતાવી આપે છે કે ઘટાભાવનું પ્રત્યક્ષ થવામાં હજી કોઈ સામગ્રી ખૂટે છે. તે સામગ્રી છે; ઘટાનુપલબ્ધિ. તે આ રીતે:

'ભૂતલ ઉપર ઘટ છે' એવું જ્ઞાન હોય તો ભૂતલ ઉપર ઘટાભાવનું પ્રત્યક્ષ થતું નથી, માટે માનવું જોઈએ કે મનમાં ઘટજ્ઞાનાભાવ હોય તો જ ઘટાભાવનું પ્રત્યક્ષ થાય. ઘટજ્ઞાનાભાવ એટલે ઘટના ઉપલંભ(જ્ઞાન)નો અભાવ, એટલે ઘટાનુપલબ્ધિ.

જે વ્યક્તિને ભૂતલ ઉપર ઘટજ્ઞાનાભાવ=ઘટાનુપલબ્ધિ=ઘટોપલંભાભાવ હોય તેને અવશ્ય ભૂતલ ઉપર ઘટાભાવનું પ્રત્યક્ષ થાય. આ ઉપરથી સાબિત થયું કે ઘટાભાવના પ્રત્યક્ષમાં ઘટોપલંભાભાવ=ઘટાનુપલબ્ધિ એ સહકારિકારણ છે.

અહીં આપણે એ વાતને બરોબર ખ્યાલમાં લઈ લઈએ કે જે કાર્ય છે તે ઘટાભાવના પ્રત્યક્ષરૂપ છે અને જે કારણ છે તે ઘટના ઉપલંભના અભાવરૂપ છે, એટલે કે કાર્યગત ઘટાભાવનો પ્રતિયોગી ઘટ છે અને કારણરૂપ અભાવનો પ્રતિયોગી ઉપલંભ છે.

ઘટાભાવ-પ્રત્યક્ષ = ઘટપ્રતિયોગિક અભાવ પ્રત્યક્ષ = કાર્ય.

ઘટોપલંભાભાવ = ઘટોપલંભપ્રતિયોગિક અભાવ = કારણ.

આમ પહેલા અભાવનો પ્રતિયોગી ઘટ છે, જ્યારે બીજા કારણીભૂત **અભાવ**નો પ્રતિયોગી ઘટોપલંભ છે.

**અભાવ**ના પ્રત્યક્ષમાં **અભાવ** કારણ છે.

| | |
|---|---|
| ઘટાભાવ | ઘટોપલંભાભાવ |
| પ્રતિયોગી = ઘટ | પ્રતિયોગી = ઘટોપલંભ. |

હવે આપણે આગળ ચાલીએ.

આપણે એ વાત નક્કી કરી કે જેના જ્ઞાનનો અભાવ હોય તેના અભાવનું પ્રત્યક્ષ થઈ શકે. ભૂતલ ઉપર જો ઘટજ્ઞાનનો અભાવ (ઘટાનુપલબ્ધિ) હોય તો ભૂતલ ઉપર ઘટાભાવનું પ્રત્યક્ષ થઈ શકે. જો ભૂતલ ઉપર ઘટનું જ્ઞાન હોત (ભૂતલ ઉપર ઘટ છે ઈત્યાકારક.) તો ભૂતલ ઉપર ઘટાભાવનું પ્રત્યક્ષ ન થાત.

**मुक्तावली : तत्र योग्यताप्यपेक्षिता, सा च प्रतियोगिसत्त्वप्रसञ्जनप्रसञ्जित-प्रतियोगिकत्वरूपा । तदर्थश्च प्रतियोगिनो घटादेः सत्त्वप्रसक्त्या प्रसञ्जित उपलम्भरूपः प्रतियोगी यस्य सोऽभावप्रत्यक्षे हेतुः ।**

**મુક્તાવલી : પ્રશ્ન :** ભૂતલ ઉપર ઘટાનુપલબ્ધિ હોય તો ભૂતલ ઉપર ઘટાભાવનું પ્રત્યક્ષ થાય છે, તો પછી ભૂતલ ઉપર પરમાણુની અનુપલબ્ધિ (પરમાણુના જ્ઞાનનો અભાવ) છે તો ભૂતલ ઉપર પરમાણુના અભાવનું પ્રત્યક્ષ કેમ થતું નથી. એ જ રીતે ભૂતલ ઉપર પિશાચના જ્ઞાનનો અભાવ = પિશાચાનુપલબ્ધિ છે તો '**भूतले पिशाचाभावः**' એવું પ્રત્યક્ષ કેમ થતું નથી ?

**ઉત્તર :** અભાવના પ્રત્યક્ષમાં અમે અનુપલબ્ધિને (ઉપલંભાભાવને) કારણ કહ્યું પણ તે અનુપલબ્ધિ યોગ્ય હોવી જોઈએ, અર્થાત્ યોગ્ય એવી અનુપલબ્ધિ (યોગ્ય એવો ઉપલંભાભાવ) એ જ અભાવપ્રત્યક્ષમાં કારણ છે. અયોગ્ય એવી અનુપલબ્ધિથી અભાવનું પ્રત્યક્ષ થાય નહિ.

**પ્રશ્ન :** અનુપલબ્ધિ યોગ્ય હોવી જોઈએ એટલે શું ? અર્થાત્ અનુપલબ્ધિમાં યોગ્યતા એ શું વસ્તુ છે ? કઈ અનુપલબ્ધિને યોગ્ય કહેવાય અને કઈ અનુપલબ્ધિને અયોગ્ય કહેવાય ?

**ઉત્તર :** 'જો અહીં પ્રતિયોગી (ઘટ) હોત તો જરૂર તેનું જ્ઞાન (ઉપલબ્ધ) થાત' એવું જ્યાં બને ત્યાં તે ઘટજ્ઞાનનો અભાવ યોગ્ય કહેવાય. દા.ત. જો ભૂતલ ઉપર ઘટ હોત તો જરૂર તેનું જ્ઞાન થાત એવું બોલી શકાય છે. અહીં ઘટાભાવનું પ્રત્યક્ષ કરવું છે માટે ઘટાભાવનો પ્રતિયોગી ઘટ બન્યો. આ પ્રતિયોગી એવા ઘટની સત્તાનો આરોપ કર્યો કે જો અહીં (પ્રતિયોગી) હોત (**यदि अत्र घटः स्यात्**) તો અહીં ઘટનું જ્ઞાન થાત, એ બીજો આરોપ થયો. આ જ વાતને ન્યાયની ભાષામાં આમ કહેવાય કે પ્રતિયોગીની સત્તાના આપાદનથી=પ્રસંજનથી આપાદ્ય=પ્રસંજિત બન્યું.

ઘટપ્રત્યક્ષ=ઘટજ્ઞાન. તત્પ્રતિયોગિક અભાવ = ઘટજ્ઞાનાભાવ = ઘટાનુપલબ્ધિ એ યોગ્ય કહેવાય.

**यदि अत्र घटः स्यात् तर्हि उपलभ्येत ।**

**यदि अत्र घटः स्यात् तर्हि तज्ज्ञानं स्यात् ।**

**यदि अत्र घटः स्यात् तर्हि तदुपलम्भः स्यात् ।**

પણ ભૂતલ ઉપર હકીકતે ઘટનું જ્ઞાન નથી, અર્થાત્ ઘટજ્ઞાનાભાવ છે, એટલે કે ઘટોપલંભાભાવ છે માટે ભૂતલ ઉપર ઘટાભાવનું પ્રત્યક્ષ થાય છે.

જ્યાં આ રીતે **यदि स्यात् तर्हि उपलभ्येत** એવું ભાન થાય ત્યાં **यदि स्यात्** એટલે **यदि घटाभावप्रतियोगी घटः स्यात्** અને **तर्हि उपलभ्येत** એટલે **तर्हि घटज्ञानं स्यात् ।**

**अस्ति च घटज्ञानाभावः, तस्मात् भवति घटाभावप्रत्यक्षम् ।**

આમ અહીં પ્રતિયોગી ઘટની સત્તાના આરોપથી આરોપિત બન્યું ઘટજ્ઞાન...

એ ઘટજ્ઞાન છે પ્રતિયોગી જેનો તે ઘટજ્ઞાનાભાવ ઘટજ્ઞાનપ્રતિયોગિક કહેવાય.

**प्रतियोगिसत्त्वप्रसञ्जनप्रसञ्जितप्रतियोगी = घटज्ञानम् ।** અને **प्रतियोगिसत्त्व-प्रसञ्जनप्रसञ्जितप्रतियोगिकः = घटज्ञानाभावः = घटानुपलब्धिः = घटोपलम्भाभावः ।** પ્રતિયોગિસત્વપ્રસઞ્જનપ્રસઞ્જિતપ્રતિયોગિકત્વ ઘટાનુપલબ્ધિમાં = ઘટજ્ઞાનાભાવમાં = ઘટોપલંભાભાવમાં રહ્યું. આ પ્રતિયોગિસત્ત્વપ્રસંજનપ્રસંજિતપ્રતિયોગિકત્વ એ જ યોગ્યતા પદાર્થ છે. તે ઘટાનુપલબ્ધિમાં રહી.

ટૂંકમાં પ્રતિયોગી-સત્તાના આપાદનથી આપાદ્ય બનતું જ્ઞાન એ છે પ્રતિયોગી જેનો એવો જે અભાવ તે યોગ્ય કહેવાય અને તેમાં યોગ્યતા રહે.

જો અહીં ઘટ હોત તો તેનું જ્ઞાન થાત એવું બોલી શકાય છે માટે ઘટજ્ઞાનાભાવ = ઘટાનુપલબ્ધિ એ યોગ્ય કહેવાય અને તે યોગ્ય ઘટાનુપલબ્ધિથી ઘટાભાવનું પ્રત્યક્ષ થાય. પણ એ રીતે 'ભૂતલ ઉપર જો પરમાણુ કે પિશાચ હોત તો તેનું જ્ઞાન થાત' એવું બોલી શકાતું નથી, કેમકે પરમાણુમાં મહત્ત્વ નથી, પિશાચમાં ઉદ્‌ભૂત રૂપ નથી. માટે તે હોય તો પણ તેનું જ્ઞાન થઈ શકે તેમ નથી. માટે પિશાચની કે પરમાણુની અનુપલબ્ધિ (જ્ઞાનાભાવ) એ અયોગ્યાનુપલબ્ધિ કહેવાય. તેના હોવાથી પરમાણુ કે પિશાચના અભાવનું પ્રત્યક્ષ થઈ શકે નહિ.

હવે આપણે જે કહ્યું કે યોગ્યતા એ પ્રતિયોગિસત્ત્વપ્રસંજનપ્રસંજિતપ્રતિયોગિકત્વ રૂપ છે એમાં પહેલો પ્રતિયોગી એટલે પ્રત્યક્ષવિષયીભૂત ઘટાભાવનો પ્રતિયોગી ઘટ લેવાનો છે, જ્યારે બીજો પ્રતિયોગી (ઘટોપલંભાભાવ કે જે અભાવપ્રત્યક્ષમાં કારણ છે તેનો પ્રતિયોગી) ઘટોપલંભ લેવાનો છે.

---

**मुक्तावली : तथाहि-यत्रालोकसंयोगादिकं वर्तते तत्र 'यद्यत्र घटः स्यात्तर्हि उपलभ्येते'त्यापादयितुं शक्यते, तत्र घटाभावादेः प्रत्यक्षं भवति । अन्धकारे**

**तु नापादयितुं शक्यते, तेन घटाभावादेरन्धकारे न चाक्षुषप्रत्यक्षम्, स्पार्शनप्रत्यक्षं तु भवत्येव, आलोकसंयोगं विनापि स्पार्शनप्रत्यक्षस्यापादयितुं शक्यत्वात् । गुरुत्वादिकं यदयोग्यं तदभावस्तु न प्रत्यक्षः, तत्र गुरुत्वादिप्रत्यक्षस्यापादयितुमशक्यत्वात् ।**

---

**મુક્તાવલી :** જ્યાં ભૂતલ ઉપર આલોકસંયોગાદિ છે ત્યાં એમ જરૂર કહી શકાય કે '**यदि अत्र घटः स्यात् तर्हि चक्षुषा उपलभ्येत ।**' માટે અહીં જે ઘટાનુપલબ્ધિ છે તે યોગ્ય ઘટાનુપલબ્ધિ છે, માટે તેનાથી ભૂતલ ઉપર ઘટાભાવનું પ્રત્યક્ષ થઈ શકે. પણ અંધકારમાં '**यदि अत्र घटः स्यात् तर्हि चक्षुषा उपलभ्येत**' એવું બોલી શકાતું નથી, માટે અહીં જે ઘટાનુપલબ્ધિ છે તે અયોગ્ય છે, માટે અંધકારમાં ઘટાનુપલબ્ધિ (કારણ) હોવા છતાં ચક્ષુથી ઘટાભાવનું પ્રત્યક્ષ ન થાય. પણ અંધકારમાં '**यदि अत्र घटः स्यात् तर्हि त्वचा उपलभ्येत**' એવું જરૂર બોલી શકાય છે, માટે ત્યાં જે ઘટાનુપલબ્ધિ છે તે યોગ્ય છે, માટે તેવી ઘટાનુપલબ્ધિથી ઘટાભાવનું સ્પાર્શનપ્રત્યક્ષ જરૂર થઈ શકે.

આ જ રીતે ઘટમાં ગુરૂત્વ છે તે તો તુલાથી જ અનુમેય છે. ઘટાદિગત ગુરૂત્વનું ચાક્ષુષપ્રત્યક્ષ થતું જ નથી એટલે ગુરૂત્વને અતીન્દ્રિય માન્યું છે. હવે '**यदि घटे गुरुत्वं स्यात् तर्हि उपलभ्येत**' એવું આપાદન કરી શકાય તેમ નથી માટે ગુરૂત્વાનુપલબ્ધિ એ અયોગ્યાનુપલબ્ધિ છે. તેના હોવા છતાં ય ગુરુત્વાભાવનું પ્રત્યક્ષ થઈ શકે નહિ.

---

**मुक्तावली : वायावुद्भूतरूपाभावः, पाषाणे सौरभाभावः, गुडे तिक्ताभावः, श्रोत्रे शब्दाभावः, आत्मनि सुखाभावः, एवमादयस्तत्तदिन्द्रियैर्गृह्यन्ते, तत्तत्प्रत्यक्षस्यापादयितुं शक्यत्वात् ।**

---

**મુક્તાવલી :** (૧) પણ વાયુમાં ઉદ્ભૂતરૂપાભાવનું પ્રત્યક્ષ થઈ શકે છે, કેમકે ઘટાદિમાં ઉદ્ભૂત રૂપ છે તો તેનું પ્રત્યક્ષ થઈ શકે છે. એટલે એમ જરૂર આપાદાન કરી શકાય કે **यदि वायौ उद्भूतरूपं स्यात् तर्हि उपलभ्येत ।** આમ ઉદ્ભૂતરૂપજ્ઞાનાભાવ એ યોગ્યાનુપલબ્ધિ બને છે માટે તેનાથી વાયુમાં ઉદ્ભૂત રૂપના અભાવનું પ્રત્યક્ષ જરૂર થઈ શકે.

(૨) એ જ રીતે પાષાણમાં સૌરભાભાવનું પ્રત્યક્ષ જરૂર થઈ શકે, કેમકે પુષ્પમાં

સૌરભ છે તો તેનું પ્રત્યક્ષ થાય છે. માટે એવું આપાદાન જરૂર કરી શકાય કે **यदि पाषाणे सौरभं स्यात् तर्हि उपलभ्येत ।** આમ પાષાણમાં સૌરભની અનુપલબ્ધિ એ યોગ્યાનુપલબ્ધિ છે માટે તેનાથી પાષાણમાં સૌરભાભાવનું પ્રત્યક્ષ થઈ શકે છે.

(૩) એ જ રીતે ગોળમાં તિક્તાભાવનું પણ પ્રત્યક્ષ થઈ શકે છે, કેમકે મરચામાં તિક્તરસ છે તો તેનું પ્રત્યક્ષ થાય છે. માટે એવું આપાદાન કરી શકાય છે કે **यदि गुडे तिक्तरसः स्यात् तर्हि उपलभ्येत ।** આમ ગુડમાં તિક્તાનુપલબ્ધિ એ યોગ્યાનુપલબ્ધિ છે માટે તેનાથી ગુડમાં તિક્તાભાવ(તિક્તરસાભાવ)નું પ્રત્યક્ષ થઈ શકે છે.

(૪) એ જ રીતે શ્રોત્રમાં શબ્દાભાવનું પ્રત્યક્ષ થઈ શકે, કેમકે અમુક શ્રોત્રમાં શબ્દ હોય છે ત્યારે તેનું પ્રત્યક્ષ થાય છે. માટે એવું આપાદાન થઈ શકે છે કે **यदि श्रोत्रे शब्दः स्यात् तर्हि उपलभ्येत ।** આમ શ્રોત્રમાં શબ્દાનુપલબ્ધિ એ યોગ્યાનુપલબ્ધિ છે માટે તેનાથી શ્રોત્રમાં શબ્દાભાવનું પ્રત્યક્ષ થઈ શકે છે.

(૫) એ જ રીતે અમુક આત્મામાં સુખ હોય છે તો તેનું તેને માનસપ્રત્યક્ષ થાય છે, એટલે ક્યારેક દુ:ખી બનેલા આત્મામાં સુખાભાવનું પ્રત્યક્ષ થઈ શકે, કેમકે એવું આપાદાન કરી શકાય છે કે **यदि आत्मनि सुखं स्यात् तर्हि उपलभ्येत ।** આમ સુખાનુપલબ્ધિ એ યોગ્યાનુપલબ્ધિ બને છે માટે તેનાથી તે આત્મામાં સુખાભાવનું પ્રત્યક્ષ થઈ શકે.

આમ જે જે ઈન્દ્રિયથી જેનું જેનું પ્રત્યક્ષ થવાનું આપાદાન થઈ શકે તે તે ઈન્દ્રિયથી યોગ્યાનુપલબ્ધિની સહાયથી તેના તેના અભાવનું પ્રત્યક્ષ પણ થઈ શકે છે.

---

**मुक्तावली : संसर्गाभावप्रत्यक्षे प्रतियोगिनो योग्यता, अन्योन्याभावप्रत्यक्षे त्वधिकरणयोग्यताऽपेक्षिता । अतः स्तम्भादौ पिशाचादिभेदोऽपि चक्षुषा गृह्यत एव । एवं प्रत्यक्षं लौकिकालौकिकभेदेन द्विविधम् । तत्र लौकिकप्रत्यक्षे षोढा सन्निकर्षो वर्णितः ॥**

---

**મુક્તાવલી :** અહીં બધે આપણે સંસર્ગાભાવનું પ્રત્યક્ષ જોયું, અર્થાત્ સંસર્ગાભાવના પ્રત્યક્ષમાં યોગ્યાનુપલબ્ધિની સહકારિકારણતા જોઈ. (**वायौ रूपाभावादि, भूतले घटाभावः** વગેરે સંસર્ગાભાવ છે.) મુક્તાવલીકાર કહે છે કે સંસર્ગાભાવનું પ્રત્યક્ષ થવામાં જે પ્રતિયોગી હોય તે યોગ્ય હોવો જોઈએ, અર્થાત્ પ્રત્યક્ષયોગ્ય હોવો જોઈએ.

સ્તંભમાં પિશાચાભાવ કે ભૂતલમાં પરમાણુનો અભાવ સ્થાને પિશાચ, પરમાણુ વગેરે પ્રતિયોગીઓ પ્રત્યક્ષયોગ્ય નથી માટે તેમના અભાવના પ્રત્યક્ષ ન થાય. **संसर्गाभावे प्रतियोगिनो योग्यता अपेक्षिता ।**

પણ અન્યોન્યાભાવનું પ્રત્યક્ષ કરવું હોય તો ત્યાં પ્રતિયોગીની યોગ્યતા (પ્રત્યક્ષવિષયતા) અપેક્ષિત નથી કિન્તુ અધિકરણની યોગ્યતા અપેક્ષિત છે, અર્થાત્ અધિકરણ પ્રત્યક્ષવિષય બનવું જોઈએ. દા.ત. **स्तम्भः पिशाचो न ।** અહીં પિશાચભેદ(અન્યોન્યાભાવ)નું અધિકરણ સ્તંભ છે. તે ચાક્ષુષપ્રત્યક્ષવિષય = યોગ્ય છે જ. માટે સ્તંભમાં પિશાચના અન્યોન્યાભાવનું ચાક્ષુષપ્રત્યક્ષ જરૂર થાય.

પણ **'स्तम्भे पिशाचो नास्ति'** એવું સ્તંભમાં પિશાચાભાવનું ચાક્ષુષપ્રત્યક્ષ ન થાય, કેમકે આ સંસર્ગાભાવનું પ્રત્યક્ષ કરવાનું છે માટે અહીં પ્રતિયોગીની યોગ્યતા (પ્રત્યક્ષવિષયતા) જોવાની છે. અહીં પિશાચ પ્રતિયોગી છે જે પ્રત્યક્ષવિષય નથી, અર્થાત્ અયોગ્ય છે. માટે સ્તંભમાં પિશાચાભાવનું ચાક્ષુષપ્રત્યક્ષ ન થાય.

અહીં ષડ્વિધ સંનિકર્ષના નિરૂપણની સમાપ્તિ થતાં લૌકિક પ્રત્યક્ષનું નિરૂપણ પૂર્ણ થાય છે. હવે ત્રણ પ્રકારના અલૌકિક સંનિકર્ષ જોઈએ.

**कारिकावली : अलौकिकस्तु व्यापारस्त्रिविधः परिकीर्तितः ।**
**सामान्यलक्षणो ज्ञानलक्षणो योगजस्तथा ॥६३॥**

**मुक्तावली : अलौकिकसन्निकर्षस्त्विदानीमुच्यते - अलौकिकस्त्विति । व्यापारः = संनिकर्षः । सामान्यलक्षण इति । सामान्यं लक्षणं यस्येत्यर्थः । तत्र लक्षणपदेन यदि स्वरूपमुच्यते, तदा सामान्यस्वरूपा प्रत्यासत्तिरित्यर्थो लभ्यते ।**

**મુક્તાવલી :** અલૌકિક સંનિકર્ષ ત્રણ પ્રકારના છે : સામાન્યલક્ષણા, જ્ઞાનલક્ષણા અને યોગજ.

સંનિકર્ષ = વ્યાપાર = પ્રત્યાસત્તિ એ ત્રણેય એકાર્થક નામો છે.

**(૧) સામાન્યલક્ષણા પ્રત્યાસત્તિ : सामान्यं लक्षणं यस्याः सा सामान्यलक्षणा प्रत्यासत्तिः ।**

લક્ષણ પદના બે અર્થ છે : (૧) સ્વરૂપ અને (૨) વિષય.

પહેલાં સ્વરૂપ અર્થ લઈએ તો સામાન્યલક્ષણા પ્રત્યાસત્તિ એટલે સામાન્યસ્વરૂપા પ્રત્યાસત્તિ અર્થ થાય, અર્થાત્ સામાન્ય એ જ પ્રત્યાસત્તિ.

નવીનો લક્ષણનો અર્થ વિષય કરે છે, જ્યારે પ્રાચીનો લક્ષણનો અર્થ સ્વરૂપ કરે છે. મુક્તાવલીકાર નવીનોના પક્ષે છે, પણ પહેલાં પ્રાચીનોનો અભિપ્રાય મૂકીને તેઓ તેનું ખંડન કરીને નવીનોનો અભિપ્રાય મૂકવાના છે. એટલે અહીં પ્રથમ પ્રાચીનોને માન્ય લક્ષણનો અર્થ લઈને તેમની માન્યતા જોઈએ.

**मुक्तावली : तच्चेन्द्रियसम्बद्धविशेष्यकज्ञानप्रकारीभूतं बोध्यम् । तथाहि-यत्रेन्द्रियसंयुक्तो धूमादिस्तद्विशेष्यकं धूम इति ज्ञानं यत्र जातं, तत्र ज्ञाने धूमत्वं प्रकारः, तत्र धूमत्वेन सन्निकर्षेण धूमा इत्येवं रूपं सकलधूमविषयकं ज्ञानं जायते ।**

**મુક્તાવલી :** સામાન્ય એ જ (સ્વરૂપ) પ્રત્યાસત્તિ એટલે શું ? તેના ઉત્તરમાં કહે છે કે **इन्द्रियसम्बद्धविशेष्यकज्ञानप्रकारीभूतं सामान्यम् । तदेव प्रत्यासत्तिः ।** મહાનસમાં

ધૂમ અને વહ્નિનું ચાક્ષુષપ્રત્યક્ષ થાય છે. ત્યાર પછી તે ઉપરથી એવી વ્યાપ્તિ તૈયાર થાય છે કે જ્યાં જ્યાં ધૂમ હોય ત્યાં ત્યાં વહ્નિ હોય. આ વ્યાપ્તિ ત્યારે જ બની શકે કે મહાનસના ધૂમ-વહ્નિના પ્રત્યક્ષની જેમ સકળ ધૂમ-વહ્નિનું પ્રત્યક્ષ થયું હોય, કેમકે સકળ ધૂમ-વહ્નિના પ્રત્યક્ષ વિના 'જ્યાં ધૂમ છે ત્યાં વહ્નિ છે' એવી વ્યાપ્તિ થાય જ શી રીતે? આ વ્યાપ્તિ ઉપરથી કલ્પના થાય છે કે મહાનસના ધૂમ-વહ્નિમાં જે ધૂમત્વ અને વહ્નિત્વ સામાન્ય છે તેના દ્વારા સકળ ધૂમ-વહ્નિનું અલૌકિક પ્રત્યક્ષ થઈ જાય છે, અર્થાત્ ધૂમત્વસામાન્યથી ધૂમત્વાશ્રય સકળ ધૂમનું અને વહ્નિત્વસામાન્યથી વહ્નિત્વાશ્રય સકળ વહ્નિનું પ્રત્યક્ષ થઈ જાય છે અને તેથી જ 'જ્યાં ધૂમ છે ત્યાં વહ્નિ છે' એવું વ્યાપ્તિજ્ઞાન ઉપપન્ન થઈ જાય છે.

એટલે અહીં ઈન્દ્રિયસમ્બદ્ધ ધૂમાદિ બન્યા. તે છે વિશેષ્ય જેમાં એવું જ્ઞાન - **अयं धूमः** ઈત્યાદિ જ્ઞાન. તેમાં પ્રકારીભૂત જે ધૂમત્વ એ જ સામાન્યલક્ષણા પ્રત્યાસત્તિ છે. આ ધૂમત્વ-સંબંધથી સકળ ધૂમની **धूमाः** એવી ઉપસ્થિતિ-અલૌકિક પ્રત્યક્ષ થઈ જાય. એ જ રીતે ઈન્દ્રિયસમ્બદ્ધ વહ્નિ બને છે. તે છે વિશેષ્ય જેમાં એવું જ્ઞાન - **अयं वह्निः** જ્ઞાન, તેમાં પ્રકારીભૂત વહ્નિત્વ એ સામાન્યસ્વરૂપા પ્રત્યાસત્તિ બને. એ વહ્નિત્વરૂપ સંબંધથી સકળ વહ્નિનું **वह्नयः** એવું અલૌકિક પ્રત્યક્ષ થઈ જાય.

આમ ઈન્દ્રિયસંબદ્ધવિશેષ્યકજ્ઞાનપ્રકારીભૂત જે સામાન્ય તે જ પ્રત્યાસત્તિ બને અને તેના દ્વારા સામાન્યના સર્વ આશ્રયોનું અલૌકિક પ્રત્યક્ષ થાય એ વાત નક્કી થઈ.

---

**मुक्तावली : अत्र यदीन्द्रियसम्बद्धमित्येवोच्यते, तदा यत्र धूलीपटले धूमत्वभ्रमानन्तरं सकलधूमविषयकं ज्ञानं न स्यात्, तत्र धूमत्वेन सह इन्द्रिय-सम्बन्धाभावात् । मन्मते त्विन्द्रियसम्बद्धं धूलीपटलं, तद्विशेष्यकं धूम इति ज्ञानं, तत्र प्रकारीभूतं धूमत्वं प्रत्यासत्तिः । इन्द्रियसम्बन्धश्च लौकिको ग्राह्यः । इदं च बहिरिन्द्रियस्थले, मानसस्थले तु ज्ञानप्रकारीभूतं सामान्यमात्रं प्रत्यासत्तिः ॥**

---

મુક્તાવલી : પ્રશ્ન : '**इन्द्रियसम्बद्धं सामान्यम् ।**' એટલું જ કહો તો લાઘવ થઈ જાય ને? 'વિશેષ્ કજ્ઞાનપ્રકારીભૂતત્વ'નો નિવેશ કરવાની શી જરૂર છે? મહાનસમાં ઈન્દ્રિયસમ્બદ્ધ ધૂમ-વહ્નિ છે, તેમાં રહેલું સામાન્ય ધૂમત્વ-વહ્નિત્વ છે, એ જ પ્રત્યાસત્તિ.

ઉત્તર : જો '**इन्द्रियसम्बद्धं सामान्यम् ।**' એટલું જ કહીએ તો ધૂલીપટલને જોઈને સકળ ધૂમનું જે (ભ્રાન્ત) અલૌકિક પ્રત્યક્ષ થાય છે તે અનુપપન્ન થઈ જશે, કેમકે ઈન્દ્રિયસમ્બદ્ધ ધૂલીપટલ છે (ધૂમ નથી), તેમાં સામાન્ય ધૂલીપટલત્વ છે. હવે ધૂલીપટલત્વાત્મક સામાન્યથી કંઈ સકળ ધૂમનું અલૌકિક પ્રત્યક્ષ ન જ થઈ શકે.

ઈન્દ્રિયસમ્બદ્ધવિશેષ્યકજ્ઞાનપ્રકારીભૂત સામાન્યને જો પ્રત્યાસત્તિ કહીએ તો ધૂલિપટલના પ્રત્યક્ષથી સકળ ધૂમનું (ભ્રાન્ત) અલૌકિક પ્રત્યક્ષ ઉપપન્ન થઈ જશે. તે આ રીતે :

ઈન્દ્રિયસંબદ્ધ = ધૂલિપટલ, એ છે વિશેષ્ય જેમાં તેવું જ્ઞાન = **धूमत्वेन धूलिपटलं ज्ञानम् ।** તેમાં પ્રકારીભૂત ધર્મ = ધૂમત્વ ધર્મ. આ ધૂમત્વથી સકળ ધૂમનું અલૌકિક પ્રત્યક્ષ થઈ જાય છે.

અહીં જે ઇન્દ્રિયસંબંધ કહ્યો છે તે લૌકિક લેવો, તથા આ બધી વાત બહિરિન્દ્રિય સ્થળે સમજવાની છે. માનસસ્થળે તો 'ઈન્દ્રિયસંબદ્ધવિશેષ્યક' ન કહીએ અને '**ज्ञानप्रकारीभूतम् सामान्यं प्रत्यासत्तिः ।**' એટલું જ કહીએ તો પણ ચાલે, કેમકે ત્યાં મન-ઈન્દ્રિય સાથે વિષયના સંબંધની આવશ્યકતા નથી. અણુત્વેન યત્કિંચિત્ અણુની ઉપસ્થિતિ થઈ જતાં '**अयमणुः**' એવા જ્ઞાનમાં પ્રકારીભૂત અણુત્વ સામાન્યથી સકળ અણુનું **अणवः** એવું માનસ અલૌકિક પ્રત્યક્ષ થઈ જાય છે. એ જ રીતે શબ્દથી પિશાચવિશેષનું જ્ઞાન થઈ જતાં તેમાં પ્રકારીભૂત પિશાચત્વ દ્વારા **पिशाचाः** એવું સકળ પિશાચવિષયક અલૌકિક માનસપ્રત્યક્ષ પણ થઈ જાય છે. માટે અલૌકિક માનસ-પ્રત્યક્ષમાં 'જ્ઞાનપ્રકારીભૂતસામાન્ય એ પ્રત્યાસત્તિ છે' એટલું જ કહીએ તો ચાલે, અર્થાત્ ઈન્દ્રિયસમ્બદ્ધવિશેષ્યકજ્ઞાનપ્રકારીભૂતસામાન્યને પ્રત્યાસત્તિ કહેવાની ત્યાં જરૂર નથી.

---

**मुक्तावली : परन्तु समानानां भावः सामान्यं, तच्च क्वचिन्नित्यं धूमत्वादि, क्वचिच्चानित्यं घटादि । यत्रैको घटः संयोगेन भूतले, समवायेन कपाले ज्ञातस्तदनन्तरं सर्वेषामेव तद्धटवतां भूतलादीनां कपालादीनां वा ज्ञानं भवति । तत्रेदं बोध्यम् । परन्तु सामान्यं येन सम्बन्धेन ज्ञायते तेन सम्बन्धेनाधिकरणानां प्रत्यासत्तिः ।**

---

**મુક્તાવલી :** જેમ ધૂમત્વ-સામાન્યથી ધૂમત્વાશ્રય સકળ ધૂમનું અલૌકિક પ્રત્યક્ષ થાય

છે તેમ '**घटवद्भूतलम्**' એવું ચાક્ષુષપ્રત્યક્ષ થયા પછી તદ્‌ઘટવત્ સકળ ભૂતલનું અલૌકિક પ્રત્યક્ષ પણ થાય છે, અર્થાત્ જેમ ધૂમત્વથી ધૂમત્વાશ્રય સકળ ધૂમનું અલૌકિક પ્રત્યક્ષ થાય છે તેમ તદ્‌ઘટાશ્રય સકળ ભૂતલનું પણ અલૌકિક પ્રત્યક્ષ થાય છે. હવે અહીં ઘટ એ સામાન્ય = પ્રકારભૂત વસ્તુ છે જેનાથી સકળ તદ્‌ઘટાશ્રય ભૂતલોનું પ્રત્યક્ષ થાય છે. હવે જો **इन्द्रियसम्बद्धविशेष्यकज्ञानप्रकारीभूतसामान्यं प्रत्यासत्तिः** સ્થાને સામાન્ય પદથી જાતિનું જ ગ્રહણ થતું હોય તો ઘટવદ્‌ભૂતલ સ્થાને ઘટ એ સામાન્ય = સાધારણ છે પણ જાત્યાત્મક સામાન્ય નથી, એટલે તે ઘટ એ સામાન્ય = જાતિસ્વરૂપા પ્રત્યાસત્તિ તો ન જ બને અને તેથી તેનાથી તદ્‌ઘટવત્ સકળ ભૂતલોનું જે અલૌકિક પ્રત્યક્ષ થાય છે તેની અનુપપત્તિ થઈ જાય.

આ આપત્તિ દૂર કરવા માટે પ્રાચીનો કહે છે કે સામાન્ય બે ય પ્રકારના લેવા : ધૂમત્વાદિસ્વરૂપ નિત્ય સામાન્ય અને ઘટાદિસ્વરૂપ અનિત્ય સામાન્ય.

હવે ઉપરની આપત્તિ નહિ રહે, કેમકે સંયોગેન ઘટ ભૂતલ ઉપર જોતાં અથવા સમવાયેન ઘટ કપાલમાં જોતાં ઘટાત્મક સામાન્યથી ઘટાશ્રય સકળ ભૂતલનું કે સકળ કપાલનું અલૌકિક પ્રત્યક્ષ થઈ જશે, કેમકે આવા સ્થળે 'સામાન્ય' એટલે જાતિ ન લેતાં '**समानानां भावः सामान्यम्**' એવો સામાન્ય પદનો યૌગિક અર્થ જ લીધો છે. અહીં ઈન્દ્રિયસંબદ્ધ ભૂતલ છે. એ છે વિશેષ્ય જેમાં એવું જે જ્ઞાન તે **घटवद्भूतलं** જ્ઞાન, એમાં પ્રકારીભૂત જે સામાન્ય તે ઘટાત્મક સામાન્ય. એ જ પ્રત્યાસત્તિ બને. એનાથી તદ્‌ઘટવત્ સકળ ભૂતલની (ઘટસામાન્યાશ્રયની) ઉપસ્થિતિ (અલૌકિક પ્રત્યક્ષ) થઈ જાય. એ જ રીતે સમવાયેન તદ્‌ઘટરૂપ સામાન્યથી તદ્‌ઘટવત્ સકળ કપાલની પણ ઉપસ્થિતિ થઈ જાય.

**પ્રશ્ન** : '**संयोगेन घटवद्भूतलम्**' એવું ચાક્ષુષ લૌકિક પ્રત્યક્ષ થયા પછી તદ્‌ઘટવત્ સકળ ભૂતલની જ કેમ ઉપસ્થિતિ થાય ? કાલિકેન પટ પણ ઘટવાન્ છે, કાળ પણ છે, તો જેમ ઘટાશ્રયયાવદ્‌ભૂતલની ઉપસ્થિતિ થાય તેમ ઘટાશ્રયયાવદ્‌પટની કે ઘટાશ્રય કાળની પણ ઉપસ્થિતિ કેમ ન થાય ?

**ઉત્તર** : જે સંબંધથી સામાન્ય (ધૂમત્વ કે ઘટાદિ) હોય તે જ સંબંધથી તે સામાન્યના અધિકરણ(આશ્રય)નું અલૌકિક પ્રત્યક્ષ થાય. સંયોગેન ઘટસામાન્યનું ભૂતલમાં પ્રત્યક્ષ થયું માટે હવે સંયોગેન ઘટના યાવદાશ્રય ભૂતલનું જ અલૌકિક પ્રત્યક્ષ થાય. એટલે કાલિકેન ઘટના યાવદાશ્રય પટાદિનું અલૌકિક પ્રત્યક્ષ થવાની આપત્તિ આવે નહિ.

આ રીતે 'સામાન્યલક્ષણા પ્રત્યાસત્તિ' એટલે સામાન્યસ્વરૂપા પ્રત્યાસત્તિ અર્થ કરીને પ્રાચીનોએ પોતાનો મત સ્થાપિત કર્યો.

**मुक्तावली : किन्तु यत्र तद्धटनाशानन्तरं तद्धटवतः स्मरणं जातं, तत्र सामान्यलक्षणया सर्वेषां तद्धटवतां भानं न स्यात्, सामान्यस्य तदानीमभावात् ।**

**મુક્તાવલી** : હવે મુક્તાવલીકાર પ્રાચીનોના આ અભિપ્રાયમાં દૂષણો આપે છે. તેઓ કહે છે કે જો સામાન્ય એ જ (સ્વરૂપ) પ્રત્યાસત્તિ માનવામાં આવે તો વ્યતિરેક અને અન્વય એમ બે ય વ્યભિચાર આવે. તે આ રીતે :

**વ્યતિરેક વ્યભિચાર : (અનિત્ય ઘટાત્મક સામાન્યને લઈને)** દેવદત્તને **तद्घटवद्भूतलम्** એવું લૌકિક ચાક્ષુષપ્રત્યક્ષ થયું. હવે અહીં જે તદ્ઘટરૂપ સામાન્ય છે તેનો નાશ થઈ ગયો. ત્યાર પછી દેવદત્તને તદ્ઘટનું સ્મરણ થયું અને તે તદ્ઘટરૂપ સામાન્યના સ્મરણાત્મક જ્ઞાનથી તેને તદ્ઘટવત્ યાવદ્ભૂતલનું અલૌકિક પ્રત્યક્ષ થઈ ગયું. હવે અહીં અલૌકિક પ્રત્યક્ષમાં કારણીભૂત જે તદ્ઘટાત્મક સામાન્ય પ્રત્યાસત્તિ, તેનો તો નાશ થઈ ગયો છે અને છતાં અલૌકિક પ્રત્યક્ષરૂપ કાર્ય તો થઈ જાય છે.

પ્રાચીનોના મતે આવું કાર્ય આવા સ્થાને ન થવું જોઈએ, પણ કાર્ય તો થઈ જાય છે માટે અહીં વ્યતિરેક વ્યભિચાર દોષ આવી જાય છે.

**मुक्तावली : किञ्चेन्द्रियसम्बद्धविशेष्यकं घट इति ज्ञानं यत्र जातं, तत्र परदिने इन्द्रियसम्बन्धं विनापि तादृशज्ञानप्रकारीभूतसामान्यस्य सत्त्वात् तादृशज्ञानं कुतो न जायते ? तस्मात्सामान्यविषयकं ज्ञानं प्रत्यासत्तिर्न तु सामान्यमित्याह - आसत्तिरिति ॥**

**મુક્તાવલી : અન્વય વ્યભિચાર : (નિત્ય ઘટત્વાત્મક સામાન્યને લઈને)** દેવદત્તને એક ઘટ સાથે ઇન્દ્રિય-સંબંધ થયો. એથી ઇન્દ્રિયસંબદ્ધ જે ઘટ, એ છે વિશેષ્ય જેમાં એવું જે **अयं घटः** જ્ઞાન, તેમાં પ્રકારીભૂત ઘટત્વસામાન્ય બન્યું. હવે બીજે દિવસે તે ઘટ સાથે ઇન્દ્રિય-સંબંધ નથી પણ ઇન્દ્રિયસંબદ્ધવિશેષ્યકજ્ઞાનમાં પ્રકારીભૂત ઘટત્વ તો છે જ. આમ ઘટત્વરૂપ સામાન્ય-પ્રત્યાસત્તિ હાજર છે છતાં દેવદત્તને બીજે દિવસે **घटः** એવું અલૌકિક પ્રત્યક્ષરૂપ કાર્ય થતું નથી. અહીં ઘટત્વાત્મક સામાન્ય-પ્રત્યાસત્તિરૂપ કારણ હોવા છતાં અલૌકિક પ્રત્યક્ષસ્વરૂપ કાર્ય નથી થયું માટે અન્વય વ્યભિચાર દોષ આવ્યો.

**कारिकावली : आसत्तिराश्रयाणां तु सामान्यज्ञानमिष्यते ।**
**तदिन्द्रियजतद्धर्मबोधसामग्र्यपेक्ष्यते ॥६४॥**

**मुक्तावली : आसत्तिः प्रत्यासत्तिरित्यर्थः । तथा च सामान्यलक्षण इत्यत्र लक्षणशब्दस्य विषयोऽर्थः । तेन सामान्यविषयकं ज्ञानं प्रत्यासत्तिरित्यर्थो लभ्यते ।**

**મુક્તાવલી :** આ બે ય દોષ દૂર કરવા માટે સામાન્યને પ્રત્યાસત્તિ ન કહેતાં સામાન્યના જ્ઞાનને જ પ્રત્યાસત્તિ કહેવી જોઈએ. વ્યતિરેક-વ્યભિચારના સ્થાને ભલે સામાન્યાત્મક તદ્ઘટનો નાશ થઈ ગયો, પરંતુ તદ્ઘટસ્વરૂપ સામાન્યનું જ્ઞાન તો છે જ. એટલે ત્યાં તદ્ઘટાશ્રય યાવદ્ભૂતલનું અલૌકિક પ્રત્યક્ષ કાર્ય થઈ જાય.

અન્વય-વ્યભિચાર સ્થળે ભલે ઘટત્વાત્મક સામાન્ય છે, પરંતુ ઘટત્વાત્મક સામાન્યનું જ્ઞાન નથી માટે ત્યાં **घटाः** એવું અલૌકિક પ્રત્યક્ષ ન થયું. આમ **सामान्यज्ञानसत्त्वे अलौकिकप्रत्यक्षं, सामान्यज्ञानाभावे अलौकिकप्रत्यक्षाभावः** એવો અન્વય-વ્યતિરેક હોવાથી સામાન્યને પ્રત્યાસત્તિ ન કહેતાં સામાન્યના જ્ઞાનને જ પ્રત્યાસત્તિ કહેવી જોઈએ. એટલે આ નવીનોના મતે 'સામાન્યલક્ષણા પ્રત્યાસત્તિ'માં લક્ષણ પદનો અર્થ વિષય કરવો જોઈએ. સામાન્ય છે વિષય જેમાં એવું જે જ્ઞાન તે પ્રત્યાસત્તિ, અર્થાત્ સામાન્યનું જ્ઞાન પ્રત્યાસત્તિ છે.

**मुक्तावली : ननु चक्षुःसंयोगादिकं विनापि सामान्यज्ञानं यत्र वर्तते तत्र सकलघटादीनां चाक्षुषप्रत्यक्षं स्यादत आह - तदिति । अस्यार्थः - यदा बहिरिन्द्रियेण सामान्यलक्षणया ज्ञानं जननीयं तदा यत्किञ्चिद्धर्मिणि तत्सामान्यस्य तदिन्द्रियजन्यज्ञानस्य सामग्र्यपेक्षिता । सा च सामग्री चक्षुःसंयोगालोकसंयोगादिकं, तेनान्धकारादौ चक्षुरादिना तादृशज्ञानं न जायते ॥**

**મુક્તાવલી :** પ્રશ્ન : સામાન્યનું જ્ઞાન એ પ્રત્યાસત્તિ છે, અર્થાત્ સામાન્યનું જ્ઞાન

એ જો અલૌકિક પ્રત્યક્ષમાં કારણ છે, તો કોઈ એક ઘટવદ્ભૂતલ સાથે ચક્ષુ:સંયોગાદિ ન થાય છતાં પણ જો તે વખતે ઘટનું સ્મરણાત્મક જ્ઞાન કે અન્ય સ્થળે અનુમિત્યાત્મક જ્ઞાન થઈ જાય તો તે ઘટાત્મક સામાન્યના જ્ઞાનરૂપ પ્રત્યાસત્તિથી તદ્દઘટવત્ સકળ ભૂતલનું અલૌકિક પ્રત્યક્ષ થઈ જવાની આપત્તિ આવશે. ટૂંકમાં ચક્ષુ:સંયોગાદિ વિના પણ અલૌકિક પ્રત્યક્ષ થવાની આપત્તિ આવશે.

કહેવાનો આશય એ છે કે સામાન્યજ્ઞાનાત્મક સંનિકર્ષ એ તો અલૌકિક સંનિકર્ષ છે. એટલે ઈન્દ્રિયસંબંધ વિના પણ એ અલૌકિક સંનિકર્ષથી અલૌકિક ચાક્ષુષપ્રત્યક્ષ (સામાન્યાશ્રય સકલવ્યક્તિસાક્ષાત્કાર) કેમ ન થઈ જાય ? વસ્તુતઃ અલૌકિક ચાક્ષુષપ્રત્યક્ષ પ્રત્યે વિશેષણ(ધૂમત્વ કે ઘટાદિ)નું લૌકિક પ્રત્યક્ષ જ અલૌકિક સંનિકર્ષ દ્વારા કારણ છે. અને ઈન્દ્રિયસંયોગ વિના વિશેષણનું લૌકિક પ્રત્યક્ષ થઈ શકે નહિ, માટે આ પ્રશ્ન ઉઠાવાયો છે. હા, અલૌકિક માનસપ્રત્યક્ષ માટે લૌકિક પ્રત્યક્ષ પૂર્વમાં ન હોય તો ચાલે, પણ અલૌકિક ચાક્ષુષપ્રત્યક્ષ માટે તેમ ન ચાલે.

**ઉત્તર :** જ્યારે ચક્ષુરાદિ બહિરિન્દ્રિયથી અલૌકિક સંનિકર્ષ દ્વારા ઘટવદ્યાવદ્ભૂતલનું અલૌકિક ચાક્ષુષપ્રત્યક્ષ ઉત્પન્ન કરવું હોય ત્યારે યત્કિંચિત્ ભૂતલાદિ ધર્મીમાં રહેલા ઘટના ચાક્ષુષપ્રત્યક્ષરૂપ જ્ઞાનની સામગ્રી અપેક્ષિત રહે છે. આ સામગ્રી એટલે મહત્ત્વાવચ્છિન્ન-ઉદ્ભૂતરૂપાવચ્છિન્નાલોકસંયોગાવચ્છિન્ન-ચક્ષુ:સંયોગ રૂપ સમજવી. આ સામગ્રી હોય તો જ ભૂતલવૃત્તિ ઘટનું ચાક્ષુષપ્રત્યક્ષ થાય અને જ્યારે આ રીતે ઘટનું લૌકિક ચાક્ષુષપ્રત્યક્ષ થાય ત્યારે તે ઘટાત્મક સામાન્યના જ્ઞાન દ્વારા સકલ તદ્દઘટાશ્રય ભૂતલનું અલૌકિક પ્રત્યક્ષ થાય. આમ હવે ચક્ષુ:સંયોગાદિ વિના અલૌકિક પ્રત્યક્ષ થવાની આપત્તિ ન રહી, કેમકે ચક્ષુ:સંયોગ એ અલૌકિક પ્રત્યક્ષરૂપ કાર્યમાં પરંપરયા સામગ્રી બની છે.

હવે જ્યારે 'આ ચક્ષુ:સંયોગ પણ મહત્ત્વોદ્ભૂતરૂપ-આલોકસંયોગથી અવચ્છિન્ન હોવો જોઈએ' એમ કહ્યું એટલે અંધકારમાં આલોકસંયોગ ન હોવાથી, ઉત્પત્તિ-ક્ષણમાં ઘટાદિમાં ઉદ્ભૂત રૂપ ન હોવાથી, દેશાન્તરમાં ચક્ષુ:સંયોગ ન હોવાથી ચક્ષુરિન્દ્રિય દ્વારા ઘટનું પ્રત્યક્ષાત્મક જ્ઞાન ન થાય. અને તેથી ઘટજ્ઞાનાત્મક સંનિકર્ષના અભાવે અલૌકિક પ્રત્યક્ષ પણ ન જ થાય.

ઘટ સાથે ચક્ષુ:સંયોગાદિ હોય તો જ ઘટ-પ્રત્યક્ષ (ઘટજ્ઞાન) થાય અને તો જ તે ઘટાત્મક સામાન્યના જ્ઞાન દ્વારા તદ્દઘટવત્ યાવદ્ભૂતલનું અલૌકિક પ્રત્યક્ષ થાય.

कारिकावली : विषयी यस्य तस्यैव व्यापारो ज्ञानलक्षणः ।

मुक्तावली : ननु ज्ञानलक्षणा प्रत्यासत्तिः यदि ज्ञानरूपा, सामान्यलक्षणाऽपि ज्ञानरूपा, तदा तयोर्भेदो न स्यादत आह-विषयीति । सामान्यलक्षणा प्रत्यासत्तिर्हि तदाश्रयस्य ज्ञानं जनयति । ज्ञानलक्षणा प्रत्यासत्तिस्तु यद्विषयकं ज्ञानं तस्यैव प्रत्यासत्तिरिति ।

મુક્તાવલી : (૨) જ્ઞાનલક્ષણા પ્રત્યાસત્તિ :

**પ્રશ્ન :** સામાન્યનું **જ્ઞાન** એ જો સામાન્યલક્ષણા **પ્રત્યાસત્તિ** હોય તો જ્ઞાનલક્ષણા પ્રત્યાસત્તિ પણ જ્ઞાનસ્વરૂપ જ છે. આમ બે ય પ્રત્યાસત્તિ જ્ઞાનરૂપ છે, તો તે બેમાં ભેદ શું છે ?

**ઉત્તર :** સામાન્યલક્ષણા પ્રત્યાસત્તિ ધૂમત્વાદિ સામાન્યના આશ્રય સકળ ધૂમાદિનું અલૌકિક પ્રત્યક્ષ કરાવે છે, જ્યારે જ્ઞાનલક્ષણા પ્રત્યાસત્તિ તો જેનું જ્ઞાન થાય તેનું જ અલૌકિક પ્રત્યક્ષ કરાવે છે. મહાનસમાં ધૂમ-વહ્નિનું લૌકિક પ્રત્યક્ષ થયા બાદ ધૂમત્વ-વહ્નિત્વાત્મક સામાન્યથી ધૂમત્વ-વહ્નિત્વાશ્રય સકળ ધૂમ-વહ્નિનું પ્રત્યક્ષ થાય છે. એથી આ સામાન્યલક્ષણા પ્રત્યાસત્તિ કહેવાય છે, જ્યારે **'सुरभि चन्दनम्'** સ્થાને ગઈકાલે ચંદનની જે સૌરભનું જ્ઞાન કર્યું તે સૌરભનું જ સ્મરણાત્મક જ્ઞાન એ જ્ઞાનલક્ષણા પ્રત્યાસત્તિ બને છે અને તેનાથી સૌરભનું જ જ્ઞાન થાય છે. સૌરભાશ્રય ચંદનનું તો ચાક્ષુષપ્રત્યક્ષ થઈ જ ગયું છે એટલે સૌરભાશ્રયનું અલૌકિક પ્રત્યક્ષ કરવાની અહીં જરૂર જ નથી.

मुक्तावली : अत्रायमर्थः । प्रत्यक्षे सन्निकर्षं विना भानं न सम्भवति । तथा च सामान्यलक्षणां विना धूमत्वेन सकलधूमानां वह्नित्वेन सकलवह्नीनां च भानं कथं भवेत् ? तदर्थं सामान्यलक्षणा स्वीक्रियते । न च सकलवह्निधूमभानाभावे का क्षतिरिति वाच्यम्, प्रत्यक्षधूमे वह्निसम्बन्धस्य गृहीतत्वादन्यधूमस्य चानुपस्थितत्वात् 'धूमो वह्निव्याप्यो न वे'ति संशयानुपपत्तेः । मन्मते तु सामान्यलक्षणया सकलधूमोपस्थितौ

**कालान्तरीयदेशान्तरीयधूमे वह्निव्याप्यत्वसन्देहः सम्भवति ।**

**મુક્તાવલી : પ્રશ્ન** : સામાન્યલક્ષણા સંનિકર્ષ શા માટે માનવો પડે છે ?

**ઉત્તર** : જો સામાન્યલક્ષણા સંનિકર્ષ ન માનીએ તો **धूमो वह्निव्याप्यो न वा** એવો જે સંશય થાય છે તે અનુપપન્ન થઈ જાય. મહાનસમાં એક ધૂમ-વહ્નિનું ચાક્ષુષપ્રત્યક્ષ કર્યું ત્યાર પછી **धूमो वह्निव्याप्यो न वा** એવો સંદેહ થાય છે. હવે અહીં મહાનસીય ધૂમમાં તો વહ્નિવ્યાપ્યત્વનો નિશ્ચય છે જ એટલે આ સંદેહનો વિષય મહાનસીય ધૂમ તો નથી જ, તો પછી આ પ્રશ્ન થાય કે કયા ધૂમમાં વહ્નિવ્યાપ્યતાનો સંદેહ થાય છે? જો બીજા ધૂમમાં વહ્નિવ્યાપ્યતાનો સંદેહ થતો હોય તો તે બીજા ધૂમોનું પ્રત્યક્ષ થવું જોઈએ, કેમકે જે વહ્નિવ્યાપ્યત્વ ધર્મનો સંદેહ પડ્યો છે તે વહ્નિવ્યાપ્યત્વના આશ્રયભૂત ધર્મીનું પ્રત્યક્ષ આવશ્યક છે. હવે બીજા ધૂમોનું ચાક્ષુષપ્રત્યક્ષ તો થયું નથી, એટલે હવે આ સંદેહને ઉપપન્ન કરવા માટે એમ માનવું જ જોઈએ કે સામે દેખાતા મહાનસીય ધૂમમાં રહેલા ધૂમત્વ-સામાન્યથી ધૂમત્વાશ્રય યાવદ્ધૂમનું અલૌકિક પ્રત્યક્ષ થાય છે, તે જ રીતે વહ્નિત્વ-સામાન્યથી યાવદ્વહ્નિનું પણ અલૌકિક પ્રત્યક્ષ થાય છે અને તેથી બીજા ધૂમોમાં બીજા વહ્નિઓની વ્યાપ્યતાનો સંદેહ પડે છે.

**मुक्तावली : न च सामान्यलक्षणायाः स्वीकारे प्रमेयत्वेन सकलप्रमेयज्ञाने जाते सार्वज्ञ्यापत्तिरिति वाच्यम्, प्रमेयत्वेन सकलप्रमेयज्ञाने जातेऽपि विशिष्य सकलपदार्थानामज्ञातत्वेन सार्वज्ञ्याभावात् ।**

**મુક્તાવલી : પ્રશ્ન** : જો ધૂમત્વાદિ સામાન્યથી સકળ ધૂમાદિનું અલૌકિક પ્રત્યક્ષ થઈ જાય તો પછી પ્રમેયત્વ સામાન્યથી દરેકને સકળ પ્રમેયનું અલૌકિક પ્રત્યક્ષ થઈ જશે. એમ થતાં દરેક વ્યક્તિ સર્વજ્ઞ બની જવાની આપત્તિ આવશે.

**ઉત્તર** : બરોબર છે. પણ પ્રમેયત્વેન સકળ પ્રમેયનું જ્ઞાન થવા છતાં સર્વજ્ઞત્વાપત્તિ નહિ આવે, કેમકે તત્ તત્ પ્રમેયનું વિશેષરૂપથી તો જ્ઞાન થયું જ નથી. અસ્તુ.

આ રીતે '**धूमो वह्निव्याप्यो न वा**' એવા સંદેહની ઉપપત્તિ માટે સામાન્યલક્ષણા સંનિકર્ષ માનવો જ જોઈએ.

**मुक्तावली : एवं ज्ञानलक्षणाया अस्वीकारे सुरभि चन्दनमिति ज्ञाने सौरभस्य भानं कथं स्यात् ? यद्यपि सामान्यलक्षणयाऽपि सौरभभानं सम्भवति, तथापि सौरभत्वस्य भानं ज्ञानलक्षणया । एवं यत्र धूमत्वेन धूलीपटलं ज्ञातं, तत्र धूलीपटलस्यानुव्यवसाये भानं ज्ञानलक्षणया ।**

**મુક્તાવલી : પ્રશ્ન :** જ્ઞાનલક્ષણા સંનિકર્ષ માનવાની શી જરૂર છે ?

**ઉત્તર :** જો જ્ઞાનલક્ષણા સંનિકર્ષ ન માનીએ તો '**सुरभि चन्दनम्**' એવું જે જ્ઞાન થાય છે તેમાં સૌરભાંશનું જ્ઞાન અનુપપન્ન થઈ જાય. તે આ રીતે :

ગઈકાલે ચન્દનનો ટૂકડો હાથમાં લઈ, નાકેથી સૂંઘીને નિર્ણય કર્યો કે, **चन्दनं सुरभि** હવે આજે એ જ ચંદનનો ટૂકડો દૂરથી જોયો અને તરત કહ્યું કે **चन्दनं सुरभि।** અહીં ચંદન અને ચંદનત્વ જોડે તો ચક્ષુ:સંયોગ છે એટલે ચન્દનનું ચાક્ષુષપ્રત્યક્ષ તો થઈ શકે છે. પણ ચંદનની સૌરભ સાથે ઘ્રાણેન્દ્રિયસંયોગ તો છે નહિ, તો પછી ચન્દન એ સુરભિ છે તે શી રીતે જાણ્યું ? સંનિકર્ષ વિના વસ્તુનું પ્રત્યક્ષ થઈ શકે નહિ. આનું સમાધાન એ જ છે કે અહીં ગઈકાલના સુરભિના ઘ્રાણજ પ્રત્યક્ષથી આત્મામાં જે સંસ્કાર પડ્યા હતા તેનો ઉદ્બોધ થયો અને હમણાં આત્મામાં સૌરભનું સ્મરણાત્મક જ્ઞાન થયું. આ સ્મરણાત્મક જ્ઞાન તે જ જ્ઞાનલક્ષણા સંનિકર્ષ કહેવાય. અર્થાત્ સ્વસંયુક્તસંયુક્તસમવાય સંનિકર્ષ સ્વરૂપ જ્ઞાનલક્ષણા સંનિકર્ષથી સૌરભનું પ્રત્યક્ષ થયું એમ કહેવું જ પડે. સ્વ = ચક્ષુ, સંયુક્ત = મન, સંયુક્ત = આત્મા, એમાં સમવાય છે જ્ઞાનનો.

આ રીતે જ્ઞાનના ચન્દનાંશમાં લૌકિક સંનિકર્ષ અને સૌરભાંશમાં અલૌકિક સંનિકર્ષ કારણ બન્યા છે એમ માનવું જ જોઈએ.

**પ્રશ્ન :** '**सुरभि चन्दनम्**' જ્ઞાનમાં સૌરભાંશનું ભાન તમે જ્ઞાનલક્ષણા સંનિકર્ષથી કહ્યું પણ એ ભાન તો સામાન્યલક્ષણા સંનિકર્ષથી પણ કેમ ન થઈ શકે ? સૌરભત્વ સામાન્યથી સકળ સૌરભનું અલૌકિક પ્રત્યક્ષ થઈ જ શકે છે ને ? તો હવે જ્ઞાનલક્ષણા સંનિકર્ષ માનવાની શી જરૂર છે ?

**ઉત્તર :** હા, આ રીતે તો સૌરભનું અલૌકિક પ્રત્યક્ષ સામાન્યલક્ષણાથી પણ થઈ શકે છે. પરન્તુ સૌરભત્વ સામાન્યનું જ્ઞાન તો જ્ઞાનલક્ષણા સંનિકર્ષ વિના શક્ય જ નથી. કેમકે સૌરભત્વનું તો અહીં લૌકિક પ્રત્યક્ષ છે જ નહિ. (સૌરભનું લૌકિક પ્રત્યક્ષ હોત

તો જ સૌરભત્વનું પણ લૌકિક પ્રત્યક્ષ થાત.) અને સૌરભત્વનું ભાન સામાન્યલક્ષણાથી થઈ શકે તેમ નથી. કેમકે સૌરભત્વ એ જાત્યાત્મક પદાર્થ છે. માટે તેનું તો સ્વરૂપતઃ જ ભાન થાય. અર્થાત્ તેનો અવચ્છેદક કોઈ પ્રકારાત્મક ધર્મ બનવો જોઈએ તેવું નથી. આથી સૌરભત્વત્વેન ધર્મેણ સૌરભત્વનું સામાન્યલક્ષણાથી ભાન થાય એમ બોલાય નહિ. એટલે સૌરભત્વના ભાન માટે તો તેના કારણ તરીકે સૌરભત્વના સ્મરણાત્મક જ્ઞાન સ્વરૂપ જ્ઞાનલક્ષણા સંનિકર્ષ માનવો જ પડે. આથી સિદ્ધ થયું કે જ્ઞાનલક્ષણા સંનિકર્ષ માન્યા વિના ચાલે તેમ નથી.

વળી, સામે ધૂલિપટલને જોઈને તેમાં કોઈને ધૂમનો ભ્રમ થાય છે. અર્થાત્ ધૂમત્વેન ધૂલિપટલનું જ્ઞાન **अयं धूमः** ઈત્યાકારક થાય છે. ત્યારબાદ **धूमत्वेन धूलिपटलज्ञान-( भ्रमात्मक ) वान् अहम्** = **धूमं पश्यामि** = એવો અનુવ્યવસાય થાય છે. અહીં ધૂમત્વેન જે પુરોવર્તી પદાર્થનું ભાન છે તે અલૌકિક ભ્રાન્ત પ્રત્યક્ષ સ્વરૂપ છે, તે શી રીતે થયું? સામે પુરોવર્તી પદાર્થમાં ધૂમત્વ તો છે નહિ, નહિ તો ધૂમત્વેન ધૂમનું સામાન્યલક્ષણા સંનિકર્ષથી જ્ઞાન થાત. અનુવ્યવસાય જ્ઞાનમાં ધૂલિપટલનું જે ભાન (ભ્રમાત્મક જ્ઞાન) છે તે જ્ઞાનલક્ષણા સંનિકર્ષ સિવાય થઈ શકતું જ નથી. અર્થાત્ ધૂમત્વેન પુરોવર્તી પદાર્થનું ભાન એ ધૂમત્વેન ધૂલિપટલના જ્ઞાનરૂપ જ્ઞાનલક્ષણા સંનિકર્ષ વિના શક્ય નથી. માટે જ્ઞાનલક્ષણા સંનિકર્ષ માનવો જ જોઈએ. અહીં પણ જ્ઞાનલક્ષણા સંનિકર્ષ = મનઃસંયુક્તાત્મસમવેતજ્ઞાનલક્ષણા સંનિકર્ષ સમજવો.

---

**कारिकावली : योगजो द्विविधः प्रोक्तो युक्तयुञ्जानभेदतः ॥६५॥**

**युक्तस्य सर्वदा भानं चिन्तासहकृतोऽपरः ।**

---

**मुक्तावली : योगज इति । योगाभ्यासजनितो धर्मविशेषः श्रुतिस्मृति-पुराणादिप्रतिपाद्य इत्यर्थः । युक्तयुञ्जानभेदत इति । युक्तयुञ्जानरूप-योगिद्वैविध्याद्धर्मस्याऽपि द्वैविध्यमिति भावः ॥**

**युक्तस्येति । युक्तस्य तावद्योगजधर्मसहायेन मनसा आकाश-परमाण्वादिनिखिलपदार्थगोचरं ज्ञानं सर्वदैव भवितुमर्हति । द्वितीयस्य चिन्ताविशेषोऽपि सहकारीति ॥**

---

इति श्रीविश्वनाथपञ्चाननभट्टाचार्यविरचितायां सिद्धान्तमुक्तावल्यां प्रत्यक्षपरिच्छेदः ।

**મુક્તાવલી : (૩) યોગજ સંનિકર્ષ :** યોગાભ્યાસથી ઉત્પન્ન થયેલો ધર્મવિશેષ તે જ યોગજ (સમાધિ) સંનિકર્ષ છે. આ ધર્મવિશેષનું શ્રુતિ-સ્મૃતિ-પુરાણાદિ ગ્રન્થોમાં પ્રતિપાદન કર્યું છે. આ ધર્મવિશેષ એટલે તેમના મતે ઉત્કૃષ્ટ પુણ્ય સમજવું અથવા ઈશ્વરાનુગ્રહથી યુક્ત એવું સ્વચ્છ જ્ઞાન સમજવું. જેમને યોગથી ઈશ્વરાનુગ્રહોપેત સ્વચ્છજ્ઞાન સ્વરૂપ ધર્મવિશેષ = યોગજ સંનિકર્ષ પ્રાપ્ત થાય તેમને ચિન્તા (ઉપયોગ) વિના પણ સકળ પદાર્થનું સર્વદા ભાન થયા કરે. આવા યોગીને 'યુક્તયોગી' કહેવામાં આવે છે અને તેથી તેમના તે સંનિકર્ષને યુક્ત યોગજ સંનિકર્ષ કહેવામાં આવે છે. જેને યોગથી ઉત્કૃષ્ટ પુણ્યાત્મક ધર્મવિશેષ = યોગજ સંનિકર્ષ પ્રાપ્ત થાય તેને તે સંનિકર્ષથી તથા ચિન્તા(ઉપયોગ)થી કાલાન્તરીય - દેશાન્તરીય સકળ પદાર્થનું યોગજ પ્રત્યક્ષ થાય. આ યોગીને 'યુંજાન યોગી' કહેવાય છે. અને તેથી જ તેમના તે સંનિકર્ષને યુંજાન યોગજ સંનિકર્ષ કહેવાય છે.

**॥ પ્રથમ ખંડ સમાપ્ત ॥**